અધ્યાત્મસાર

(ભાવાર્થ તથા વિશેષાર્થ સહિત.)



શા. મોહનલાલ ઝમનાથ
જૈન બુકસેલર—પાલીતાણા.

શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય વિરચિત

અધ્યાત્મસાર

(ભાવાર્થ તથા વિશેષાર્થ સહિત.)

વેચનાર—

શા મોહનલાલ રૂગનાથ

જૈન બુકસેલર—પાલીતાણા.

પાલીતાણા—શ્રી બહાદુરસિંહજી પ્રીં. પ્રેસમાં
શા. અમરચંદ મહેચરદાસે છાપ્યું.

કિંમત રૂા. ૪-૦-૦.

विषयानुक्रमणिका.

प्रथम प्रबंध

	मंगळाचरण.	१
१	अध्यात्म प्रशंसाधिकार....	५
२	अध्यात्म स्वरूपाधिकार.	२१
३	द्वंभ त्यागाधिकार	४३
४	भवस्वरूप चिंताधिकार	६१

द्वितीय प्रबंध

५	वैराग्य संभवाधिकार	९६
६	वैराग्य लेहाधिकार	१२३
७	वैराग्य विषयाधिकार.	१५४

तृतीय प्रबंध.

८	ममता त्यागाधिकार.	१७७
९	समताधिकार.	१९७
१०	सद्दनुष्ठानाधिकार.	२१९
११	मनःशुद्धि अधिकार	२४६

चतुर्थ प्रबंध.

१२	सम्यक्त्वाधिकार.	२६५
१३	मिथ्यात्व त्यागाधिकार.	२९८
१४	कदाग्रह त्यागाधिकार.	३५६

पंचम प्रबंध.

૧૫ યોગાધિકાર. ૩૭૩
૧૬ ધ્યાનાધિકાર. ૪૨૨
૧૭ ધ્યાનસ્તુત્યધિકાર ૪૬૭

षष्ठ प्रबंध

૧૮ આત્મનિશ્ચયાધિકાર ૪૭૮

सप्तम प्रबंध

૧૯ જૈન મત સ્તુત્યધિકાર. ૫૯૨
૨૦ અનુભવાધિકાર..... .... ૬૦૭
૨૧ સજ્જન સ્તુત્યધિકાર ૬૩૧

समाप्त.





અધ્યાત્મ સાર



વિવેચન સહિત.



શ્લોક.

શ્રી ઋષભજિનસ્તુતિ.

ऐंद्रश्रेणिनतः श्रीमान् नंदतान्नाभिनंदनः।
उद्धार युगादौ यो जगदज्ञानपंकतः ॥ १ ॥

ભાવાર્થ–ઇંદ્રોની પંક્તિએ નમસ્કાર કરેલા અને અષ્ટ પ્રાતિહાર્ય રૂપ લક્ષ્મીથી યુક્ત એવા શ્રી નાભિરાજાના પુત્ર શ્રી ઋષભદેવ ભગવાન જયવંત થાઓ. જે પ્રભુએ યુગની આદિમાં આ જગતનો અજ્ઞાન રૂપ કાદવમાંથી ઉદ્ધાર કરેલો છે. ૧

વિશેષાર્થ–ગ્રંથકાર શ્રી યશોવિજયજી મહારાજ આ ગ્રંથના આરંભમાં શ્રી ઋષભદેવ ભગવાન્‌ની સ્તુતિરૂપ મંગળાચરણ કરેછે. આ શ્લોકથી ગ્રંથકાર એવી સૂચના કરે છે કે, જે પુરૂષ આ જગતનો ઉદ્ધાર કરવાને સમર્થ હોય, તે પુરૂષ જયવંત થાય છે. જગત્‌ના ઉપકારનો પ્રભાવ દિવ્ય છે. શ્રી ઋષભદેવ ભગવાને પોતાની દિવ્ય વાણી વડે ઉપદેશ આપી આ જગત્‌નો અજ્ઞાનતામાંથી ઉદ્ધાર કર્યો, તેથી તેઓ ઇંદ્રોની શ્રેણીઓને નમવા યોગ્ય થયા હતા, અને અષ્ટપ્રાતિહાર્ય રૂપ લક્ષ્મીવાળા થયા હતા. ૧

શ્રી શાંતિનાથસ્તુતિ.

શ્રી શાંતિસ્તાંતિભિદ્ ભૂયાદ્ ભવિનાં મૃગલાંછનઃ।
ગાવઃ કુવલયોલ્લાસં કુર્વતે યસ્ય નિર્મલાઃ ॥ ૨ ॥

ભાવાર્થ–જેમની નિર્મલ એવી ગો–વાણી કુવલય વૃદ્ધિના મંડલને ઉલ્લાસ કરે છે, અને જેમને મૃગનું લાંછન છે, એવા શ્રી શાંતિનાથ ભગવાન્ ભવી પ્રાણીઓના સંતાપને નાશ કરનારા થાઓ. ૨

વિશેષાર્થ–અહિં ગ્રંથકારે શ્લેષાલંકાર દર્શાવ્યો છે. તે સાથે રૂપક અલંકાર પણ સૂચવ્યો છે. શ્રી શાંતિનાથ પ્રભુ અને ચંદ્ર એ બન્નેનો અર્થ ઘટે છે. જેમ મૃગલાંછન–મૃગના લાંછનવાળો ચંદ્ર પ્રાણીઓના તાપને હરે છે. અને ચંદ્રની ગો એટલે કિરણો કુવલય એટલે પોયણાને ઉલ્લસિત કરે છે–વિકાશિત કરે છે; તેમ શાંતિનાથ ભગવાન્‌ને પણ મૃગલાંછન છે, અને તેમની ગો–વાણી

કુવલય–પૃથ્વીના મંડળને ઉલ્લાસ આપે છે. અહિં શ્રી શાંતિનાથ અને ચંદ્ર બન્નેને ઉદ્દેશીને અર્થ ઘટાવ્યો છે. ૨

श्री शैवेयं जिनं स्तौमि जुवनं यशसेवयः ।
मारुतेन मुखोत्थेन पांचजन्यमपूपुरत् ॥ ३ ॥

ભાવાર્થ–જેમણે યશ વડે આ જગત્ને, જેમ મુખમાંથી ઊઠેલા પવન વડે પાંચજન્ય શંખને પૂરેલો, તેમ પૂરી દીધો છે, એવા શ્રી શિવાદેવીના પુત્ર શ્રી નેમિનાથ પ્રભુની હું સ્તુતિ કરું છું. ૩

વિશેષાર્થ.—આ શ્લોકમાં ગ્રંથકારે શ્રી નેમિનાથ ભગવાન્ની સ્તુતિ કરેલી છે. શ્રી નેમિનાથ ભગવાને શંખનો નાદ કર્યો હતો. તે ઉપર ઉત્પ્રેક્ષા કરે છે કે, તે શંખના નાદથી તેમનું યશ જગત્માં પ્રસર્યું હતું. જેમ તેમણે મુખના પવનથી શંખને પૂર્યો હતો, તેમ તેમણે પોતાના શંખના જેવા ઉજ્વલ યશથી આ જગત્ને પૂરી દીધું હતું. ૩

जीयात् फणिफणप्रांतसक्रांततनुरेकदा ।
जद्धर्तुमिव विश्वानि श्रीपार्श्वो बहुरूपमाक् ॥ ४ ॥

ભાવાર્થ–ફટારૂપ સર્પની ફણાઓમાં જેમનું શરીર સંક્રાંત થયેલું છે, એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ જય પામો. જેઓ, આ જગત્નો એકી સાથે ઉદ્ધાર કરવાને જાણે ઘણાં રૂપો ધારણ કર્યાં હોય, એવા દેખાય છે. ૪

વિશેષાર્થ–શ્રી પાર્શ્વનાથ પ્રભુના મસ્તક ઉપર સર્પની ફટા આવેલી છે. તે મણિમય હોવાથી તેનો અંદર શ્રી પાર્શ્વનાથ

પ્રભુના શરીરના પ્રતિબિંબો પડે છે. તે ઉપર કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે, તેમણે આ ત્રણ ભુવનોના જીવોનો એકી સાથે ઉદ્ધાર કરવાને ઘણાં રૂપો ધારણ કરેલા છે. કારણ કે, એક રૂપથી બધાનો સાથે ઉદ્ધાર થઇ શકે નહીં. ૪

जगदानंदनः स्वामी जयति ज्ञातनंदनः।
उपजीवंति यद्वाचमद्यापि विबुधाः सुधाम् ॥ ५ ॥

ભાવાર્થ—તે, જગતને આનંદ આપનારા શ્રી જ્ઞાતનંદન-મહાવીર સ્વામી જય પામો; કે જેમની વાણીરૂપી અમૃતને વિદ્વાનો અદ્યાપિ સેવે છે. ૫

વિશેષાર્થ—મહાનુભાવ યશોવિજયજી મહારાજ આ શ્લોકથી મહાવીર પ્રભુની સ્તુતિ કરે છે. આ શ્લોકમાં વિબુધ એ શબ્દ ઉપર શ્લેષ કરેલો છે. વિબુધ–વિદ્વાનો અદ્યાપિ તે પ્રભુની અમૃત સમાન વાણીને સેવે છે, અને વિબુધ–દેવતાઓ પણ અમૃતને સેવે છે. અર્થાત્ તેમની વાણીરૂપી અમૃતને વિદ્વાનો અને દેવતાઓ અદ્યાપિ સેવ્યા કરે છે. વીર પ્રભુએ પ્રરૂપેલા આગમને અદ્યાપિ તેઓ જાણે છે, ભણાવે છે, વાંચે છે, વંચાવે છે અને વિચારે છે. ૫

एतानन्यानपि जिनान् नमस्कृत्य गुरूनपि।
अध्यात्मसारमधुना प्रकटीकर्त्तुमुत्सहे ॥ ६ ॥

ભાવાર્થ—એ શિવાયના બીજા પણ જિન ભગવંતોને અને ગુરૂઓને નમસ્કાર કરીને હમણાં અધ્યાત્મસાર ગ્રંથને પ્રકટ કરવા ઉત્સાહ રાખું છું. ૬

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર પોતાનો ઉદ્દેશ પ્રગટ કરે છે. ૬

शास्त्रात्परिचितां सम्यक् संप्रदायाच्च धीमताम् ।
इहानुभवयोगाच्च प्रक्रियां कामपि ब्रुवे ॥ ७ ॥

ભાવાર્થ—શાસ્ત્રથી, બુદ્ધિમાન્ પુરૂષોના સારા સંપ્રદાયથી અને મારા પોતાના અનુભવથી આ અધ્યાત્મ વિષયની કોઈ પણ પ્રક્રિયાને હું કહું છું. ૭

વિશેષાર્થ—કોઇ પણ શાસ્ત્રીય વિષય કહેવો હોય તો, તેમાં ત્રણ બાબતોની આવશ્યકતા છે. શાસ્ત્ર, બુદ્ધિમાન્ પુરૂષોનો સંપ્રદાય અને સ્વાનુભવ. આ ત્રણ સાધનો હોય તોજ, શાસ્ત્રીય વિષય લખી શકાય છે. તેથી ગ્રંથકાર ઉપાધ્યાયશ્રી તે વાત આ શ્લોકથી દર્શાવે છે. તેઓ કહે છે કે, મને જૈન શાસ્ત્રનો પરિચય છે, બુદ્ધિમાન્ પુરૂષોનો સંપ્રદાયછે અને ચારિત્રને અંગે અધ્યાત્મ વિષયનો મને અનુભવ છે, તેથી હું થોડીક અધ્યાત્મ પ્રક્રિયા લખવાને ઉત્સાહિત થયો છું. ૭

અધ્યાત્મની પ્રીતિ કોને હોય છે ?

योगिनां प्रीतये पद्यमध्यात्मरसपेशलम् ।
भोगिनां भामिनीगीतं संगीतकमयं यथा ॥ ८ ॥

ભાવાર્થ—જેમ ભોગી લોકોને સ્ત્રીઓનું સંગીતમય ગીત પ્રીતિને માટે થાય છે, તેમ યોગિ લોકોને અધ્યાત્મરસથી કોમલ એવું આ પદ્ય (કાવ્ય) પ્રીતિને માટે થાય છે. ૮

વિશેષાર્થ–આ શ્લોકથી ગ્રંથકાર અધ્યાત્મ વિષય કોને પ્રિય હોય છે, એ વાત જણાવે છે. ભોગની ઇચ્છા રાખનારા પુરૂષોને જેમ સંગીતમય એવું, સ્ત્રીઓનું ગીત પ્રિય હોય છે, તેવી રીતે યોગી પુરૂષોને અધ્યાત્મ પદ્ય પ્રિય હોયછે. આ પ્રમાણે યોગીની સાથે ભોગીનું દૃષ્ટાંત આપવામાં ગ્રંથકારે ખુબી બતાવી છે કે, આનંદનો વિષય આત્માની સાથે સ્વભાવથી રહેલો છે. જેવો અધ્યાત્માનંદ આનંદ રૂપ છે, તેવો વિષયાનંદ આનંદ રૂપ છે, પણ તે આનંદમાં ઘણોજ તફાવત છે. વિષયાનંદ વિષયીને અધોગતિમાં ખેંચી જાય છે, અને અધ્યાત્મનો આનંદ તેને ઉત્તમ ગતિમાં આકર્ષે છે. વળી ગ્રંથકારે યોગી શબ્દ કહેલો છે, તે ઉપરથી અધ્યાત્મ વિદ્યાનો અધિકારી યોગીજ છે, એમ સ્પષ્ટ રીતે દર્શાવ્યું છે. અધ્યાત્મના ઉત્તમ આનંદનો સ્વાદ જેવો યોગીઓને આવેછે, તેવો બીજાઓને આવતો નથી. કારણ કે, સમાધિ વિદ્યામાં મનને વશ રાખવાની શક્તિ રહેલી છે, અને તે શક્તિ અધ્યાત્મ વિદ્યાની નજીક છે. ૮

कांताधरसुधास्वादाद्यूनां यज्जायते सुखम् ।
बिंदुः पार्श्वे तदध्यात्मशास्त्रस्वदसुखोदधेः ॥ ९ ॥

ભાવાર્થ–યુવાન પુરૂષોને સ્ત્રીના અધરામૃતના સ્વાદથી જે સુખ ઉત્પન્ન થાય છે, તે સુખ અધ્યાત્મ શાસ્ત્રના સ્વાદના સુખ સાગરની પાસે એક બિંદુ રૂપ છે. ૯

વિશેષાર્થ–સ્ત્રીના શ્રૃંગારમાં આસક્ત એવા યુવાન પુરૂષોને તેણીના અધરામૃતના પાનથી ભારે સુખ થાય છે. એટલે વસ્તુતાએ

તે ખરૂં સુખ નથી, છતાં તેને તેઓ મોહથી ભારે સુખ માને છે, પરંતુ અધ્યાત્મ શાસ્ત્રના સ્વાદમાં એટલું બધું સત્ય સુખ રહેલું છે કે, તેની પાસે એ સુખ ઘણુંજ ક્ષુદ્ર છે. તે ઉપરથી ગ્રંથકારે તરૂણોને બોધ આપ્યો છે કે, તમે સ્ત્રીના શૃંગારમાં જે સુખ માની બેઠા છો, તે સુખ અધ્યાત્મ વિદ્યાના સુખની આગળ કાંઇ બીસાતમાં નથી, માટે તમે અધ્યાત્મ વિદ્યાનું અવગાહન કરો. જો તમે એ મહાવિદ્યામાં પ્રવેશ કરી તેનો મધુર સ્વાદ ચાખશો, તો પછી તમને વિષય સુખ જરાપણ રૂચિકર લાગશે નહીં. ૯

अध्यात्मशास्त्रसंभूत संतोषसुखशालिनः ।
गणयंति न राजानं न श्रीदं नापि वासवम् ॥ १० ॥

ભાવાર્થ—અધ્યાત્મ શાસ્ત્રથી ઉત્પન્ન થયેલા સંતોષના સુખ વડે શોભનારા પુરૂષો રાજાને, કુબેરને અને ઇંદ્રને પણ ગણતા નથી. ૧૦

વિશેષાર્થ—ગ્રંથકારે આ શ્લોકથી અધ્યાત્મ શાસ્ત્રની ભારે પ્રશંસા કરી છે. આ જગતમાં સર્વ પુરૂષો રાજાની, કુબેરની અને ઇંદ્રની સ્પૃહા રાખે છે, તેમને મોટા ગણે છે, અને તેમની પાસેથી ઉત્તમ પ્રકારના સુખને મેળવવાની આકાંક્ષા રાખે છે; પરંતુ જેઓએ અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ કરી તે ઉપર મનન કરેલું છે, તેઓના હૃદયમાં એવો સંતોષ ઉત્પન્ન થાય છે કે, જેનાથી તેઓ રાજાને, ધનપતિ—કુબેરને અને ઇંદ્રને પણ ગણતા નથી. તેઓ તેમની જરા પણ દરકાર રાખતા નથી. વળી એવો પણ ભાવાર્થ નીકળે કે, અધ્યાત્મ વિદ્યાના મનનથી તેમના હૃદય-

માં એટલો બધો સંતોષ ઉત્પન્ન થાય છે કે, તેઓ રાજપદ, કુબેરપદ, અને ઇંદ્રપદ, મેળવવાની પણ ઇચ્છા રાખતા નથી. મૂળમાં કુબેરનું નામ શ્રીદ આપેલું છે, તે ઉપરથી એવો ધ્વનિ નીકળે છે કે કુબેર શ્રીદ–લક્ષ્મીને આપનાર-છે, છતાં અધ્યાત્મના સંતોષથી તૃપ્ત થયેલા પુરૂષો તેની દરકાર રાખતા નથી. ૧૦

અધ્યાત્મના શિક્ષણ વિનાનું પાંડિત્ય નકામું છે.

यः किलाशिक्षिताध्यात्मशास्त्रः पांडित्यमिच्छति ।
उत्क्षिपत्यंगुलीं पंगुः स्वर्द्रुफलप्राप्तिलिप्सया ॥ ११ ॥

ભાવાર્થ—જે પુરૂષ અધ્યાત્મ શાસ્ત્ર શીખ્યા વગર પંડિતપણાની ઇચ્છા રાખે છે, તે લંગડો પુરૂષ સ્વર્ગના વૃક્ષનું ફળ મેળવવાની ઇચ્છાથી આંગળીને ઊંચી કરે તેના સમાન છે. ૧૧

વિશેષાર્થ—અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ કર્યા વગર જે પંડિતાઈની ઇચ્છા રાખે છે, તે તદ્દન નકામું છે. અર્થાત્ જ્યાં સુધી અધ્યાત્મ વિદ્યાનો અભ્યાસ કર્યો ન હોય, ત્યાં સુધી પંડિત થવાતું નથી. તે ઉપર ગ્રંથકાર દૃષ્ટાંત આપે છે. જેમ લંગડો માણસ સ્વર્ગમાં રહેલા વૃક્ષનું ફળ મેળવવાની ઇચ્છાથી આંગળી ઉંચી કરે છે, તેના જેવું હાસ્યાસ્પદ છે. તે કદિપણ સ્વર્ગનાં વૃક્ષનાં ફળને મેળવી શકતો નથી. આ દૃષ્ટાંત આપી ગ્રંથકારે સિદ્ધ કર્યું છે કે, જેઓ અધ્યાત્મ વિદ્યાને જાણનારા છે, તેઓજ ખરેખરા પંડિત છે, તે શિવાયના અપંડિત છે. પાંડિત્યનો પ્રભાવ અધ્યાત્મ વિદ્યાથીજ મેળવી શકાય છે. ૧૧

અધ્યાત્મ શાસ્ત્રની પ્રશંસા કરે છે.

दंभपर्वतदंभोलिः सौहार्दांबुधिचंद्रमाः ।
अध्यात्मशास्त्रमुत्तालं मोहजालवनानलः ॥ १२ ॥

ભાવાર્થ—અધ્યાત્મ શાસ્ત્ર દંભ રૂપી પર્વતને છેદવામાં વજ્ર સમાન છે, મૈત્રી ભાવરૂપી સમુદ્રને વધારવામાં ચંદ્ર સમાન છે, અને વધેલા મોહજાળ રૂપ વનને બાળવામાં અગ્નિ સમાન છે. ૧૨

વિશેષાર્થ—ગ્રંથકાર અધ્યાત્મ શાસ્ત્રની પ્રશંસા કરતાં કહે છે કે, અધ્યાત્મ શાસ્ત્રના અભ્યાસથી મુખ્યત્વે કરીને ત્રણ પ્રકારના લાભ થાયછે. અધ્યાત્મના યોગથી દંભ નાશ પામેછે, મૈત્રી વધેછે, અને મોહજાળ તુટી જાય છે. તેને ગ્રંથકાર અલંકારિક ભાષાથી દર્શાવે છે. વજ્રથી જેમ પર્વત તુટી જાયછે, તેમ અધ્યાત્મ રૂપ વજ્રથી દંભ રૂપી પર્વત તુટી જાયછે. ચંદ્રથી જેમ સમુદ્ર ઉછળેછે–વધેછે, તેવી રીતે અધ્યાત્મ રૂપી ચંદ્રથી મૈત્રીભાવ વધેછે, અને અગ્નિથી જેમ વન બળી જાયછે, તેમ અધ્યાત્મ રૂપી અગ્નિથી મોહના જાળ રૂપ અગ્નિ બલી જાયછે; તેથી દંભને તોડનાર, મૈત્રીને વધારનાર અને મોહનો નાશ કરનાર અધ્યાત્મ શાસ્ત્ર અવશ્ય અધ્યયન કરવા યોગ્ય છે. ૧૨

અધ્યાત્મ શાસ્ત્રરૂપી ઉત્તમ રાજ્યમાં કોઇ જાતનો ઉપદ્રવ થતો નથી.

अध्वा धर्मस्य सुस्थः स्यात् पापचौरः पलायते ।
अध्यात्मशास्त्रसौराज्ये न स्यात्कश्चिदुपप्लवः ॥ १३ ॥

ભાવાર્થ—અધ્યાત્મ શાસ્ત્ર રૂપી સારા રાજ્યમાં ધર્મનો માર્ગ સુસ્થ થાય છે, પાપ રૂપી ચોર નાશી જાયછે, અને બીજો કોઇ ઉપદ્રવ થતો નથી. ૧૩

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી અધ્યાત્મ શાસ્ત્રને એક સારા રાજ્યની ઉપમા આપેછે. જેમ સારા રાજ્યમાં ધર્મનો માર્ગ સુસ્થ થાયછે, ચોર લોકો નાશી જાયછે, અને બીજો કોઇ જાતનો ઉપદ્રવ થતો નથી, તેવી રીતે અધ્યાત્મ શાસ્ત્રરૂપી સારા રાજ્યમાં ધર્મનો માર્ગ સુસ્થ થાયછે, પાપરૂપી ચોર પલાયન કરી જાયછે, અને બીજો કોઇ જાતનો ઉપદ્રવ થતો નથી. અર્થાત્ અધ્યાત્મ શાસ્ત્રનું અધ્યયન કરી મનન કર્યું હોય તો, ધર્મ માર્ગે ચલાયછે, પાપ કર્મ થતાં નથી, અને કામ, ક્રોધાદિક કષાયોનો ઉપદ્રવ થતો નથી. તેથી અવશ્ય અધ્યાત્મ વિદ્યા સંપાદન કરવી જોઇએ. ૧૩

અધ્યાત્મ શાસ્ત્ર હૃદયમાં પરિણમ્યું હોય તો, કષાય વિષયોનો ક્લેશ થતો નથી.

येषामध्यात्मशास्त्रार्थतत्त्वं परिणतं हृदि ।
कषायविषयावेशक्लेशस्तेषां न कर्हिचित् ॥ १४ ॥

ભાવાર્થ—જેમના હૃદયમાં અધ્યાત્મ શાસ્ત્રનું તત્ત્વ પરિણામ પામેલું છે, તે પુરૂષોને કષાય તથા વિષયોના આવેશનો કલેશ કદિપણ થતો નથી. ૧૪

વિશેષાર્થ—અધ્યાત્મ શાસ્ત્રનું તત્ત્વ હૃદયમાં પરિણામ પામવાથી પુરૂષોને કેવો લાભ થાય છે ? તે વાત ગ્રંથકાર આ શ્લોકથી દર્શાવે છે. જો હૃદયમાં અધ્યાત્મ શાસ્ત્ર પરિણમે—એટલે અધ્યાત્મનો અનુભવ હૃદયમાં થયો હોય, તો પછી તે હૃદયમાં ચાર કષાય અને વિષયોનો આવેશ થતો નથી. તેથી તે પુરૂષ સર્વદા કલેશ રહિત રહે છે. અધ્યાત્મ શાસ્ત્રના તત્ત્વનો વિચાર કરવાથી હૃદય શાંત અને આત્મવશ થઇ જાય છે. તેથી તે હૃદયને કષાય વિષયોનો આવેશ દબાવી શકતો નથી. ૧૪

અધ્યાત્મ શાસ્ત્ર રૂપ યોદ્ધાનો કૃપા ન હોય તો, કામદેવ રૂપી ચંડાળ પંડિતોને પણ પીડે છે.

निर्दयः कामचंडालः पंडितानपि पीडयेत् ।
यदि नाध्यात्मशास्त्रार्थबोधयोधकृपा भवेत् ॥ १५ ॥

ભાવાર્થ—અધ્યાત્મ શાસ્ત્રના અર્થ બોધ રૂપી યોદ્ધાની કૃપા જો ન હોય તો, કામદેવ રૂપી નિર્દય ચંડાળ પંડિતોને પણ પીડા કરે છે. ૧૫

વિશેષાર્થ—અધ્યાત્મ શાસ્ત્રના અભાવથી કેવી હાનિ થાય છે ? તે વાત ગ્રંથકાર રૂપકથી જણાવે છે. તે કહે છે કે, જો તમે

અધ્યાત્મ શાસ્ત્ર રૂપી યોદ્ધાની કૃપા નહીં મેળવો તો, કામદેવ રૂપી ચંડાળ તમને પીડા કરશે. માટે તમારે એ અધ્યાત્મરૂપ યોદ્ધાની સહાય લેવી જોઇએ. તે અધ્યાત્મ રૂપી મહાન્ યોદ્ધો કામદેવ રૂપ ચંડાળને હણી નાંખે છે. ગ્રંથકારે કામ ચંડાળને નિર્દય એ વિશેષણ આપી સૂચવ્યું છે કે, કામદેવ એવો નિર્દય છે કે, જે કોઇ તેના ઝપાટામાં આવે છે, તેને તે એટલી બધી પીડા કરે છે કે, જે પીડાને લઇને કામી અંધ થઈ દીપકમાં પતંગની જેમ ઝંપલાય છે. એ નિર્દય કામ કેવળ મૂર્ખ લોકોને પીડે છે; એમ નથી, પણ તે પંડિતોને પણ પીડે છે. પણ જો તે પંડિતોની પાસે અધ્યાત્મ શાસ્ત્ર ન હોય તો, તે વાત બને છે. કહેવાનો આશય એવો છે કે, જેઓ અધ્યાત્મ શાસ્ત્રના બોધ શિવાય પાંડિત્યનો આડંબર રાખતા હોય, તેઓની ઉપર કામદેવ રૂપ નિર્દય ચંડાળનું બળ ચાલે છે. ૧૫

હૃદય રૂપી વનમાં વધેલી તૃષ્ણા રૂપી વિષવલ્લી, અધ્યાત્મ શાસ્ત્ર રૂપ દાંતરડાથી છેદાય છે.

विषवल्लीसमां तृष्णां वर्द्धमानां मनोवने।
अध्यात्मशास्त्रदात्रेण छिंदंति परमर्षयः ॥ १६ ॥

ભાવાર્થ–મહર્ષિઓ, હૃદય રૂપી વનમાં વધતી વિષવલ્લી સમાન તૃષ્ણાને અધ્યાત્મ શાસ્ત્ર રૂપી દાતરડાથી છેદે છે. ૧૬

વિશેષાર્થ–આ શ્લોકથી ગ્રંથકાર અધ્યાત્મ શાસ્ત્રને દાતરડા-

ની ઉપમા આપી તૃષ્ણા રૂપી વિષલતાને છેદવામાં તેનો ઉપયોગ દર્શાવે છે. મોટા ઋષિઓ પણ જ્યારે પોતાના હૃદયમાં તૃષ્ણા વધે, ત્યારે તેઓ અધ્યાત્મ શાસ્ત્રનો આશ્રય લઇ તે તૃષ્ણાને છેદી નાંખે છે. વિષવલ્લીની ઉપમા આપી એમ દર્શાવ્યું છે કે, જેમ વનની અંદર વધેલી વિષવલ્લી તેની આસપાસના પ્રદેશને વિષમય કરી દેછે,અને તેનો ઉપયોગ કરનારને હણી નાખે છે,તેમ તૃષ્ણા રૂપી વિષવલ્લી જો હૃદય રૂપી વનમાં વધી હોય તો, તે હૃદયવાલા આત્માને મોહ-થી મૂર્છિત કરે છે; અને છેવટે મહાન અનર્થ કરી આત્માને અધોગતિ રૂપ મરણને પમાડે છે. તેથી તેને છેદવાને માટે અધ્યા-ત્મ શાસ્ત્ર રૂપી દાતરડાને રાખવું જોઇએ. મહર્ષિઓ પણ એ વિષવલ્લીને છેદવાને અધ્યાત્મ રૂપી દાતરડું રાખતા હતા. અર્થાત્ જો અધ્યાત્મ વિદ્યાને સંપાદન કરી હોય તો, તેનાથી આ સં-સારની તૃષ્ણા છેદાઇ જાય છે; જ્યારે તૃષ્ણાનો છેદ થયો, તો પછી આત્મ સ્વરૂપ ઓળખવામાં સુગમતા પડે છે. ૧૬

કળિયુગમાં અધ્યાત્મ શાસ્ત્રની દુર્લભતા દર્શાવે છે.

વને વેશ્મ ધનં દૌસ્થે તેજો ધ્વાંતે જલં મરૌ ।
દુરાપમાપ્યતે ધન્યૈઃ કલ્પાવધ્યાત્મવાઙ્મયમ્ ॥ ૧૭ ॥

ભાવાર્થ—જેમ વનમાં ઘર, દરિદ્રતામાં ધન, અંધકારમાં તેજ અને મરૂસ્થળમાં જળ દુર્લભ છે, તેવી રીતે કળિયુગમાં અ-ધ્યાત્મ શાસ્ત્ર દુર્લભ છે. તેને ધન્ય પુરૂષોજ પ્રાપ્ત કરી શકે છે. ૧૭

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી અધ્યાત્મ શાસ્ત્રની દુર્લ-

ભતા બતાવે છે. વનમાં ઘર, દરિદ્રતામાં ધન, અંધકારમાં તેજ અને મરૂસ્થળમાં જળ મેળવવું જેવું દુર્લભ છે, તેવું અધ્યાત્મ શાસ્ત્ર મેળવવું દુર્લભ છે. જે ધન્ય પુરૂષો છે, તેનાથીજ તે મેળવી શકાય છે. તેમાં પણ ખાસ કરીને કળિકાળમાં તે મેળવવું ઘણુંજ મુશ્કેલ છે. કળિકાળ, કુવિચાર અને દુરાચારોનું ઉત્પત્તિ સ્થાન છે, તેવા સમયમાં અધ્યાત્મ શાસ્ત્રના ઉત્તમ વિચારો પ્રગટ થવા મુશ્કેલ છે. તે છતાં જે ધન્ય પુરૂષો છે, તે કળિકાળમાં પણ અધ્યાત્મ શાસ્ત્રને મેળવી શકે છે. ૧૭

અધ્યાત્મ શાસ્ત્રનો વેત્તાજ રસ મેળવે છે, બીજા તો માત્ર ભાર વહન કરે છે.

वेदान्यशास्त्रवित् क्लेशं रसमध्यात्मशास्त्रवित् ।
भाग्यभृद् भोगमाप्नोति वहते चंदनं खरः ॥ १८ ॥

ભાવાર્થ—વેદ, તથા બીજા શાસ્ત્રનો જાણનાર કલેશ ભોગવે છે, અને અધ્યાત્મ શાસ્ત્રનો વેત્તા રસ ભોગવે છે. ગધેડો ચંદનનો ભાર વહન કરે છે, પણ તે ચંદનના ભોગને ભાગ્યવાન્ જ પ્રાપ્ત કરે છે. ૧૮

વિશેષાર્થ—જેમ ગધેડો ચંદનના કાષ્ટનો ભાર વહન કરી કલેશ ભોગવે છે, અને તે ચંદનના ભોગને ભાગ્યવાન્ પુરૂષ ભોગવે છે, તેવી રીતે વેદ તથા બીજાં શાસ્ત્રોને જાણનારો પુરૂષ તેના અભ્યાસનો કલેશ ભોગવે છે, અને જે અધ્યાત્મ શાસ્ત્રને જાણનારો છે, તે તેનો રસ ભોગવે છે. અર્થાત્ બીજાં શાસ્ત્રોનું ગમે તેટલું

જ્ઞાન હોય, પણ જો અધ્યાત્મ શાસ્ત્રનું જ્ઞાન ન હોય તો તે બોળરૂપ છે. અધ્યાત્મ શાસ્ત્રનો જાણનાર જે રસ મેળવે છે, તેવો રસ બીજા વિદ્વાનોને મળતો નથી. અધ્યાત્મ શાસ્ત્રને નહીં જાણનારા વિદ્વાનો ચંદનનો ભાર ઉપાડનારા ગધેડાના જેવા છે. ૧૮

અધ્યાત્મ શાસ્ત્રના જ્ઞાતાઓની દ્રષ્ટિમાં વિકૃતિ હોતી નથી.

ભુજાસ્ફાલનહસ્તાસ્યવિકારાન્વિનયાઃ પરે ।
અધ્યાત્મશાસ્ત્રવિજ્ઞાસ્તુ વદંત્યવિકૃતેક્ષણાઃ ॥ ૧૯ ॥

ભાવાર્થ—બીજા વિદ્વાનો ભુજાના અફળાવા વડે તથા હાથ અને મુખના વિકાર વડે અભિનય કરી બોલનારા છે અને અધ્યાત્મ શાસ્ત્રને જાણનારા પુરૂષો તો નેત્રમાં પણ વિકાર લાવ્યા વગર શાંતતાથી બોલનારા છે. ૧૯

વિશેષાર્થ—જેમને અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ નથી, એવા વિદ્વાનો જ્યારે બોલે છે, ત્યારે ભુજા ઉછાળે છે, હાથ પછાડે છે, અને મુખ ઉપર અનેક જાતની ચેષ્ટાઓના હાવભાવ કરે છે; પણ જેમને અધ્યાત્મ શાસ્ત્રનો બોધ હોય છે, તેઓ જ્યારે બોલે છે, ત્યારે તેઓનાં નેત્રમાં વિકારી ચેષ્ટા થતી નથી. અર્થાત્ કાંઇ પણ હાવભાવ કર્યા વગર શાંતતાથી બોલે છે. આ ઉપરથી ગ્રંથકારે અધ્યાત્મ શાસ્ત્રના બોધને માટે બાહ્ય ચેષ્ટાઓ દર્શાવી છે. અને અધ્યાત્મ શાસ્ત્રના બોધવાળા પુરૂષની પરીક્ષા પણ સૂચવી છે. ૧૯

અધ્યાત્મ શાસ્ત્રરૂપી હેમાચળવડે મથન કરેલા આગમરૂપ સમુદ્રમાંથી ગુણરૂપી રત્નો પ્રગટ થાય છે.

अध्यात्मशास्त्रहेमाद्रिमथितादागमोदधेः।
भूयांसि गुणरत्नानि प्राप्यंते विबुधैर्नकिम् ॥ ૨૦ ॥

ભાવાર્થ—વિબુધ-વિદ્વાનો, અધ્યાત્મ શાસ્ત્રરૂપીહેમાચળવડે મથન કરેલા આગમરૂપી સમુદ્રમાંથી ગુણરૂપી ઘણાં રત્નોને શું પ્રાપ્ત નથી કરતા ? ૨૦

વિશેષાર્થ—લૌકિકમાં એવી કથા છે કે, દેવતાઓએ સમુદ્રને મથન કરી તેમાંથી ૧૪ રત્નો પ્રાપ્ત કરેલાં હતાં. તે અર્થને ગ્રંથકાર અહિં અધ્યાત્મને વિષે ઘટાવે છે. અધ્યાત્મ શાસ્ત્રરૂપી હેમાચલવડે જો આગમરૂપી સમુદ્રનું મથન કર્યું હોય, તો તેમાંથી ગુણરૂપી ઘણાં રત્નો પ્રાપ્ત થાય છે, અર્થાત્ અધ્યાત્મ શાસ્ત્રના અભ્યાસ પૂર્વક જો આગમ—શાસ્ત્રનું અવગાહન કરવામાં આવે તો, તેમાંથી ઘણાં ગુણ-રત્નો પ્રાપ્ત થાય છે. પણ તે ગુણરત્નો વિબુધ-વિદ્વાનોથીજ પ્રાપ્ત કરી શકાય છે. બીજાથી નહીં. વિબુધ શબ્દનો અર્થ દેવ અને વિદ્વાન થાય છે. ૨૦

અધ્યાત્મ શાસ્ત્રની સેવાનો રસ નિરવધિ છે.

रसो भोगावधिः कामे सद्भक्ष्ये भोजनावधिः ।
अध्यात्मशास्त्रसेवाया रसो निरवधिः पुनः ॥ ૨૧ ॥

ભાવાર્થ—કામના રસનો અવધિ ભોગ સુધી છે, સારા ભક્ષણના રસનો અવધિ ભોજન કર્યા સુધી છે, પણ અધ્યાત્મ શાસ્ત્રની સેવાનો રસ નિરવધિ—અવધિ વગરનો છે. ૨૧

વિશેષાર્થ—આ સંસારમાં કામેંદ્રિય અને રસનેંદ્રિયનો રસ લોકોને અતિ પ્રીતિ કરનારો હોય છે. તે ઉભય રસને માટે ભોગી લોકો અનેક જાતની ઉપાધિઓ અંગીકાર કરે છે, અને તે રસ મેળવવાને માટે મહાન પ્રયત્ન કરે છે. તે રસને લોકોએ એટલો બધો ઉત્તમ માનેલો છે કે, જે પ્રાપ્ત થવાથી તેઓ પોતાના જીવનની સાર્થકતા માને છે. પણ આખરે એ રસ તેના ભોકતાને દુઃખરૂપ થાય છે. કામ અને રસનાઇંદ્રિયના ભોગીઓ રોગના ભોગ થઈ પડેછે, અને આખરે તેમના જીવનનો અંત તેમાંજ આવેછે; પણ જે અધ્યાત્મ શાસ્ત્રનો રસ છે, તે નિરવધિ છે. તે રસનો ભોકતા જે આનંદ મેળવે છે, તે આનંદ કામ અને રસનાઇંદ્રિયના ભોકતાને મળતો નથી. કામનો રસ–વિષય ભોગવ્યા પછી પૂર્ણ થાય છે,અને ભોજનનો રસ જમ્યા પછી ઉડી જાય છે. તેવી રીતે અધ્યાત્મ શાસ્ત્રના રસમાં બનતું નથી. તે રસ–અખંડ અને અવિનાશી છે. જેમ જેમ તેનો વિચાર કરવામાં આવે, તેમ તેમ તે અધિક રસ આપે છે, અને તેના ભોકતાને અદ્‌ભુત આનંદમાં મગ્ન કરી દે છે. ૨૧

અધ્યાત્મ શાસ્ત્ર રૂપ ઔષધથી દ્રષ્ટિ નિર્મળ ભાવને પામે છે.

कुतर्कग्रंथसर्वस्व गर्वज्वरविकारिणी ।
एति दृङ्निर्मलीभावमध्यात्मग्रंथभेषजात् ॥ २२ ॥

ભાવાર્થ—નઠારા તર્કોવાળા ગ્રંથોના સર્વસ્વ–સર્વ રહસ્યના ગર્વ રૂપી જ્વરથી વિકારવાળી એવી દૃષ્ટિ અધ્યાત્મ ગ્રંથ રૂપી ઔષધથી નિર્મળ ભાવને પામે છે. ૨૨

વિશેષાર્થ—માણસને જ્યારે જ્વર–તાવ આવે ત્યારે તેની દૃષ્ટિમાં વિકાર થઇ જાય છે. તેને જો સારા ઔષધનો ઉપચાર કરવામાં આવ્યો હોય તો, તે દૃષ્ટિ નિર્વિકારી થઇ નિર્મળતાને પામે છે. તેવી રીતે નઠારા તર્કવાળા ગ્રંથોનાં રહસ્ય જાણી તે જાણનાર ના હૃદયમાં તેનો ગર્વ આવી જાય છે, અને તે ગર્વને લઇને તેની કુદૃષ્ટિ થતાં તે તત્ત્વ સ્વરૂપને જોઇ શકતો નથી. તેથી ગ્રંથકારે તે કુતર્કગ્રંથના ગર્વને જ્વરની ઉપમા આપી છે. એ જ્વરને લઇને તેની દૃષ્ટિમાં વિકાર ભાવ થવાથી તે તત્ત્વ દર્શન કરી શકતો નથી. તેવા પુરૂષોને અધ્યાત્મ શાસ્ત્ર રૂપી ઔષધનો ઉપચાર કરવામાં આવે, અર્થાત્ જો તે પુરૂષો અધ્યાત્મ શાસ્ત્રનું અવલોકન કરે તો, તેમની દૃષ્ટિ શુદ્ધ થાય છે. તેથી અધ્યાત્મ શાસ્ત્ર ઘણુંજ ઉપયોગી છે, એ વાત ગ્રંથકારે સિદ્ધ કરી બતાવી છે. ૨૨

અધ્યાત્મ વગરનું શાસ્ત્ર પંડિતોને સંસારની વૃદ્ધિને માટે થાય છે.

धनिनां पुत्रदारादि यथा संसारवृद्धये ।
तथा पांडित्यदग्धानां शास्त्रमध्यात्मवर्जितम् ॥ २३ ॥

ભાવાર્થ—ધનવાન ગૃહસ્થોને જેમ પુત્ર, સ્ત્રી વગેરે સંસારની વૃદ્ધિને માટે થાય છે, તેમ પંડિતાઈથી ગર્વિષ્ટ થયેલા પુરૂષોને અધ્યાત્મ વગરનું શાસ્ત્ર સંસારની વૃદ્ધિને માટે થાય છે. ૨૩

વિશેષાર્થ—જે પુરૂષો પોતાની પંડિતાઈથી ઉદ્ધત થયેલા હોય, તેઓને અધ્યાત્મ વગરનું શાસ્ત્ર સંસારની વૃદ્ધિને માટે થાય છે, એટલે અધ્યાત્મ શાસ્ત્ર વિના તેમનું બીજાં શાસ્ત્રનું જ્ઞાન અનંત સંસારને વધારનારૂં થાય છે. તે ઉપર ગ્રંથકાર ધનાઢય પુરૂષોનું દૃષ્ટાંત આપે છે. જેમ ધનાઢય ગૃહસ્થ પોતાના વૈભવને અનુસારે સ્ત્રીઓને પરણે છે, અને તેમાંથી થયેલાં સંતાનોથી તેનો સંસાર એટલો બધો વધી પડે છે કે, જેથી પરિણામે તે અપાર ક્લેશોનું પાત્ર બને છે. ૨૩

ફલિતાર્થ કહે છે.

अध्येतव्यं तदध्यात्मशास्त्रं ज्ञाप्यं पुनः पुनः ।
अनुष्ठेयस्तदर्थश्च देयो योग्यस्य कस्यचित् ॥ २४ ॥

ભાવાર્થ—તેથી અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ કરવો, વારંવાર તેની ભાવના ભાવવી, અને તેનો અર્થ વારંવાર ચિંતવવો, અને જે યોગ્ય પુરૂષ હોય, તેને તે શીખવવું. ૨૪

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી ફલિતાર્થ કહે છે. તેથી એટલે ઉપર કહેલાં કારણોથી દરેક પુરૂષે અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ કરવો જોઇએ, અને વારંવાર તેનીજ ભાવના ભાવવી જોઇએ. તે સાથે. ગ્રંથકાર ભલામણ કરે છે કે, આ ગ્રંથના અ-

થને બરાબર વિચારવો, અને તે પ્રમાણે ચાલવું. તેમ વળી આ અધ્યાત્મ શાસ્ત્ર યોગ્ય પુરૂષનેજ શીખવવું. અયોગ્યને શીખવવું નહીં. કારણ કે, યોગ્ય પુરૂષને શીખવવાથી તે અધ્યાત્મ શાસ્ત્રનો બરાબર ઉપયોગ થાય છે, અને યોગ્ય પુરૂષના હૃદયમાં એ શાસ્ત્ર યથાર્થ રીતે પ્રરૂપાય છે. અને તેથી તેનો બરોબર અમલ થઈ શકે છે. ૨૪

इति प्रथमाधिकारः



દ્વિતીયાધિકાર.

અધ્યાત્મ કોને કહેવાય ?

ભગવન્ કિં તદધ્યાત્મં યદિત્યમુપવર્ણ્યતે ।
શ્રૃણુ વત્સ યથાશાસ્ત્રં વર્ણયામિ પુરસ્તવ ॥ ૧ ॥

ભાવાર્થ—શિષ્ય પ્રશ્ન કરે છે, "હે ભગવાન્! તમે જેનું વર્ણન કરો છો, તે અધ્યાત્મ શું કહેવાય ?" ગુરૂ ઉત્તર આપે છે, હે વત્સ ! અધ્યાત્મ શું કહેવાય તે હું શાસ્ત્ર પ્રમાણે તારી આગળ વર્ણન કરી બતાવું છું, તે સાંભળ. ૧.

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી ગુરૂ અને શિષ્યના પ્રશ્નોત્તર રૂપે અધ્યાત્મને કહી બતાવે છે. અધ્યાત્મ શું કહેવાય એવા શિષ્યના પ્રશ્નનો ગુરૂ ઉત્તર આપે છે કે, તે વિષે હું તારી આગળ સારી રીતે શાસ્ત્રને અનુસરીને વર્ણન કરી બતાવીશ. ૧

અધ્યાત્મનું લક્ષણ કહે છે.

ગતમોહાધિકારાણામાત્માનમધિકૃત્ય યા ।
પ્રવર્ત્તતે ક્રિયા શુધ્ધા તદધ્યાત્મં જગુર્જિનાઃ ॥ ૨ ॥

ભાવાર્થ—જેમનો મોહનો અધિકાર નાશ પામ્યો છે, એવા મુનિઓને આત્માને અધિકાર કરી જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે તેને જિનેશ્વરો અધ્યાત્મ કહે છે. ૨

વિશેષાર્થ—આત્માને આશ્રયીને જે શુદ્ધ ક્રિયા પ્રવર્ત્તે, તે **અધ્યાત્મ** કહેવાય છે. પણ તેવી શુદ્ધ ક્રિયા જ્યારે મોહનો નાશ થાય ત્યારે પ્રવર્ત્તી શકે છે. તે ઉપરથી સિદ્ધ થયું કે, જેમના હૃદયમાંથી મોહ નાશ પામ્યોછે એવા પુરૂષો, પછી અંતરાત્માને ઉદ્દેશીને જે શુદ્ધ ક્રિયા કરે તે અધ્યાત્મ કહેવાય છે. એટલે કે જ્યારે મોહનો નાશ થાય છે, એટલે આત્મસ્વરૂપ જ્યારે યથાર્થ ઓળખવામાં આવે છે, ત્યારે તેની ક્રિયા પણ શુદ્ધ થાય છે. એવા શુદ્ધ પ્રવર્ત્તનનેજ જિન ભગવાન્ અધ્યાત્મ કહે છે. આ ઉપરથી એમ પણ જાણવાનું છે કે, જેનામાં મોહ ન હોય, તે અધ્યાત્મનો અધિકારી છે. જ્યાં સુધી મોહનો આવેશ રહેલો હોય ત્યાં સુધી આત્મ વિચાર આવતો નથી, અને જો આત્મ વિચાર ન આવે તો પછી અધ્યાત્મ બોધ કયાંથીજ થાય? માટે અધ્યાત્મ સંપાદન કરવાને માટે પ્રથમ મોહનો નાશ કરવો જોઇએ. મોહનો નાશ થવાથી આત્મ ભાન થાય છે, અને આત્મ ભાન થવાથી શુદ્ધ ક્રિયામાં પ્રવર્ત્તાય છે. એવા પ્રવર્ત્તનનું નામજ અધ્યાત્મ છે. અહીં એમ પણ સમજવાનું છે કે, જ્યાં સુધી મોહ છે, ત્યાં સુધી આત્મ ભાન થતું નથી, અને જ્યારે આત્મ ભાન ન થાય, તો પછી શુદ્ધ ક્રિયામાં પ્રવૃત્તિ થતી નથી. અને તેમ થવાથી અધ્યાત્મનો પ્રાદુર્ભાવ થતો નથી. ૨

સર્વ યોગમાં અધ્યાત્મ અનુગત છે.

सामायिकं यथा सर्व चारित्रेष्वनुवृत्तिमत् ।
अध्यात्मं सर्वयोगेषु तथानुगतमिष्यते ॥ ३ ॥

ભાવાર્થ—જેમ સર્વ ચારિત્રોની અંદર સામાયિક અનુગત છે, તેમ સર્વ યોગોની અંદર અધ્યાત્મ અનુગત છે. ૩

વિશેષાર્થ—દ્રવ્ય ચારિત્ર, ભાવ ચારિત્ર વગેરે બધાં ચારિત્રોની અંદર સામાયિક અનુગત છે, એટલે અનુસરીને રહેલ છે; અર્થાત્ કોઇ પણ ચારિત્ર સામાયિક શિવાય કહેવાતું નથી. હરેક ચારિત્રની અંદર સામાયિક હોવું જ જોઇએ. તેવી રીતે મનોયોગ, વચોયોગ અને કાય યોગ એ ત્રણે યોગોમાં અધ્યાત્મ અનુસરીને રહેલું છે. અધ્યાત્મ શિવાય એ યોગો સાધી શકાતાંજ નથી. કારણ કે, મન, વચન અને કાયાનું સ્વરૂપ આત્મ સ્વરૂપના જ્ઞાનથી જાણી શકાય છે, અને તે અધ્યાત્મને આધીન છે. જ્યારે અધ્યાત્મ હૃદયમાં સ્ફુરે છે ત્યારે મન, વચન અને કાયાના યોગ સ્વતઃ સાધ્ય થાય છે. ૩

અધ્યાત્મમય ક્રિયા કયાં સુધી ક્રમ શુદ્ધિવાળી માનેલી છે?

अपुनर्बंधकाद्यावद्गुणस्थानं चतुर्दशम् ।
क्रमशुद्धिमती तावत् क्रियाध्यात्ममयी मता ॥ ४ ॥

ભાવાર્થ—અપુનર્બંધ-ચોથા ગુણઠાણાથી માંડીને ચૌદમા ગુણઠાણા સુધી અનુક્રમે જે આત્માની શુદ્ધિ પ્રગટ થાય છે, તે સર્વ અધ્યાત્મક્રિયા જાણવી. ૪

વિશેષાર્થ—અપુનર્બંધ એટલે જેમાં ફરીવાર સંસારનો

બંધ નથી, એવા ચોથા ગુણઠાણાથી માંડીને ચૌદમાં ગુણઠાણા સુધી અધ્યાત્મમય આત્માની શુદ્ધતા પ્રગટ થાય છે. આ ઉપરથી ગ્રંથકારે દર્શાવ્યું છે કે, જો અધ્યાત્મ શાસ્ત્રનો બોધ હોય, અને તે પ્રમાણે ક્રિયામાં પ્રવર્ત્તન થતું હોય તો, ચોથા ગુણઠાણાથી માંડીને અનુક્રમે ચૌદમાં ગુણઠાણા સુધી આત્માની જે વિશુદ્ધિ જોઇએ, તે વિશુદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે, એટલે આત્માની ખરી વિશુદ્ધતા સ્વતઃ પ્રગટ થાય છે. આવું અધ્યાત્મનું ઉત્તમ ફળ સર્વથા સંપાદન કરવા યોગ્ય છે. ૪

કેવી ક્રિયા અધ્યાત્મની વિરોધી છે ?

आहारोपधिपूजर्द्धिगौरवप्रतिबंधतः ।
भवाभिनंदी यां कुर्यात् क्रियां साध्यात्मवैरिणी ॥ ५ ॥

ભાવાર્થ—ભવાભિનંદી પુરૂષ આહાર ઉપાધિને અર્થે, પૂજા પામવાની ઋદ્ધિના ગૌરવથી બંધાઇને જે ક્રિયા કરે છે, તે ક્રિયા અધ્યાત્મ ગુણની વિરોધી છે. ૫

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર અધ્યાત્મની વિરોધિ ક્રિયા બતાવે છે. ભવાભિનંદી એટલે સંસારમાં આનંદ માનનારો પુરૂષ પોતાના આહારની ઉપાધિને માટે, એટલે આહારનાં સાધનને માટે, જગત્માં પોતાની પૂજાની ઋદ્ધિ વધે તેવા હેતુથી, અને પોતાનું ગૌરવ વધે તેવા ઇરાદાથી જે ક્રિયા કરે છે, તે ક્રિયા અધ્યાત્મને નાશ કરનારી છે, અર્થાત્ તેવી ક્રિયા કરનારો સંસારી જીવ અધ્યાત્મને મેળવી શકતો નથી. તેથી અધ્યાત્મની ઇચ્છા રાખનારે તેવી ક્રિયાથી દૂર રહેવું જોઇએ. ૫

ભવાભિનંદીની ક્રિયાનો આરંભ નિષ્ફલ થાય છે.

क्षुद्रो लोभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनंदी स्यान्निष्फलारंभसंगतः ॥ ६ ॥

ભાવાર્થ—ક્ષુદ્ર-હલકો, લોભમાં પ્રીતિવાળો, દીન, મત્સરી, બ્હીકણ, શઠ, અને અજ્ઞાની એવો ભવાભિનંદી જે ક્રિયા કરે છે, તે નિષ્ફળ થાય છે. ૬

વિશેષાર્થ—ગ્રંથકારે સાત વિશેષણો આપી ભવાભિનંદીને દર્શાવ્યો છે. ભવાભિનંદી પુરૂષ ક્ષુદ્ર—હલકો હોય છે, તેને લોભ ઉપર પ્રીતિ હોય છે, તે દીન હોય છે, તેના હૃદયમાં મત્સર-ઇર્ષ્યા ભાવ હોય છે. તે સદા બ્હીકણ હોય છે, તે છતાં શઠ-લુચ્ચો હોય છે. આવા ભવાભિનંદીની ક્રિયાનો આરંભ નિષ્ફળ છે. કારણ કે, ઉપર કહેલા નઠારા દુર્ગુણોને લઈને તેની ક્રિયા શુદ્ધ હોતી નથી, તેથી તે નિષ્ફળ થાય છે. ૬

કેવી ક્રિયા અધ્યાત્મ ગુણની વૃદ્ધિ કરે છે.

शांतो दांतः सदागुप्तो मोक्षार्थी विश्ववत्सलः ।
निर्दंभां यां क्रियां कुर्यात्साध्यात्मगुणवृद्धये ॥ ७ ॥

ભાવાર્થ—શાંત, ઇંદ્રિયોનું દમન કરનાર, સદા ગુપ્ત એટલે ત્રણ ગુપ્તિવાળો, મોક્ષનો અર્થી અને વિશ્વ ઉપર પ્રીતિવાળો પુરૂષ જે દંભ વગરની ક્રિયા કરે છે, તે ક્રિયા અધ્યાત્મ ગુણની વૃદ્ધિને માટે થાય છે. ૭

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી અધ્યાત્મ ગુણને વધારનારી ક્રિયા દર્શાવે છે. જે ક્રિયા દંભ વગરની હોય છે, તેવી ક્રિયાથી અધ્યાત્મ ગુણ વધે છે, તથાપિ તેવી ક્રિયાનો કર્ત્તા પુરૂષ પાંચ વિશેષણવાળો હોવો જોઇએ. તે શાંત એટલે શાંતિવાળો હોવો જોઇએ. તે દાંત એટલે ઇંદ્રિયોને દમન કરનારો હોવો જોઇએ. કારણ કે, ઇંદ્રિયોના દમનથી અધ્યાત્મ ગુણ પ્રાપ્ત થાય છે. તે સદા ગુપ્ત હોવો જોઇએ. અહિં ગુપ્ત એટલે ત્રણ ગુપ્તિવાળો એમ સમજવું. મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ—એ ત્રણ ગુપ્તિવાળો પુરૂષજ અધ્યાત્મ ગુણનો સંપાદક બને છે. વળી તે મોક્ષનો અર્થી હોવો જોઇએ. જે મોક્ષનો અર્થી હોય, તેના હૃદયમાં અધ્યાત્મ પ્રરૂપે છે. ભવાભિનંદીના હૃદયમાં અધ્યાત્મનો અંશ પણ હોતો નથી. તે વિશ્વવત્સલ હોવો જોઇએ, એટલે સર્વ વિશ્વને સમાન દૃષ્ટિએ જોનાર હોવો જોઇએ. એવો ઉત્તમ અધિકારી પુરૂષ જે દંભ વગરની શુદ્ધ ક્રિયા કરે છે, તે ક્રિયાથી અધ્યાત્મ ગુણની અવશ્ય વૃદ્ધિ થાય છે. ૭

એ કારણથી શુદ્ધ ક્રિયામાં રહેલો પુરૂષ સાધુની પાસે જાય છે.

अतएव जनः पृच्छोत्पन्नसंज्ञः पिपृच्छिषुः ।
साधुपार्श्वे जिगमिषुर्धर्मं पृच्छन् क्रियास्थितः ॥ ८ ॥

ભાવાર્થ—એથી પ્રશ્ન કરવાની જેને સંજ્ઞા ઉત્પન્ન થયેલી છે, એવો પુરૂષ પુછવાની ઇચ્છાથી સાધુની પાસે જવાની ઇચ્છા

કરે છે, અને ક્રિયામાં રહીને ધર્મને પુછે છે. ૮

વિશેષાર્થ—ઉપર કહેલાં વિશેષણવાળા પુરૂષના હૃદયમાં પુછવાની સંજ્ઞા ઉત્પન્ન થાય છે. પછી પુછવાની ઈચ્છાથી તે કોઇ વિદ્વાન્ ગુરૂની પાસે જવા ઇચ્છે છે. ગુરૂની પાસે આવી તત્ત્વ સાંભળવાનો ઉત્સાહ ધારણ કરી ક્રિયા યોગમાં રહી ગુરૂને તત્ત્વ વિષે પુછે છે. અર્થાત્ જ્યારે અધ્યાત્મ ગુણનો અધિકારી થાય છે, ત્યારે ગુરૂની પાસે આવી તત્ત્વ વિષે પ્રશ્ન કરે છે. ૮

તેવા અધિકારીની સ્થિતિ દર્શાવે છે.

प्रतिपित्सुः सृजनपूर्वं प्रतिपन्नश्च दर्शनम् ।
श्राद्धो यतिश्च त्रिविधोऽनंतांशक्षपकस्तथा ॥ ९ ॥
दृङ्मोह क्षपको मोहशमकः शांतमोहकः ।
क्षपकः क्षीणमोहश्च जिनोऽयोगी च केवली ॥ १० ॥

ભાવાર્થ—તત્વને અંગીકાર કરી પ્રથમ સમ્યગ્ દર્શનને પ્રાપ્ત થયેલો શ્રાવક તથા યતિ તે ત્રણ પ્રકારના (૧) ઉપશમ સમકિતિ, (૨) ક્ષયોપશમ સમકિતિ, ક્ષાયક સમકિતિ, (૩) તે અનંતાનુબંધીનો અંશ જેણે ખપાવ્યો છે, વલી દર્શન મોહનીયને ખપાવનાર, મોહનીયને ઉપશમાવનાર એવા ઉપશાંત મોહી તથા ક્ષપક શ્રેણીને વિષે વર્ત્તી જેણે મોહનો ક્ષય કરેલો છે, તેવા સયોગી કેવલી તથા અયોગીકેવલી ભગવંત જાણવા. ૯-૧૦

વિશેષાર્થ—ગ્રંથકાર આ બે શ્લોકથી અધ્યાત્મ ગુણના

અધિકારીની સ્થિતિ દર્શાવે છે. જ્યારે ગુરૂને તત્ત્વ પુછી, પુરૂષ તે તત્ત્વને અંગીકાર કરનારો થાય છે, ત્યારે તે પ્રથમ સમ્યગ્ દર્શનને પ્રાપ્ત થાય છે. પછી શ્રાવક તથા યતિ કે જે ત્રણ પ્રકારના અનંતાનુબંધીના અંશને ખપાવનાર છે. જ્યારે તે અંશને ખપાવે છે ત્યારે તેનું દર્શન મોહનીય ખપી જાય છે. અથવા મોહનીયને ઉપશાંત કરે છે. એટલે તે ઉપશાંત મોહી થઈ ક્ષપક શ્રેણીમાં વર્તે છે, પછી સયોગી કેવળી તથા અયોગીકેવળી ભગવાન બને છે. ૯-૧૦

ઉપરના ગુણ અધ્યાત્મ ગુણથી પ્રાપ્ત થાય છે, માટે અધ્યાત્મ મેળવવાને પ્રયત્ન કરવો જોઇએ.

यथाक्रममभी प्रोक्ता असंख्यगुणनिर्जराः ।
यतितव्यमतोऽध्यात्मवृद्धये कलयापि हि ॥ ११ ॥

ભાવાર્થ—અનુક્રમે જે એ ગુણો કહેવામાં આવેલા છે, તે અસંખ્યાત ગુણો નિર્જરાના કરનારા છે, તેથી એકલાથી પણ અધ્યાત્મની વૃદ્ધિને માટે પ્રયત્ન કરવો. ૧૧

વિશેષાર્થ—ઉપર જે અનુક્રમે ગુણો દર્શાવ્યા છે, તે ગુણો કર્મની નિર્જરાને કરનારા છે. તેથી એકલાથી પણ અધ્યાત્મની વૃદ્ધિને માટે પ્રયત્ન કરવો જોઇએ. એટલે જો અધ્યાત્મની વૃદ્ધિને માટે એકલાએ પણ પ્રયત્ન કરવામાં આવે તો, તે બધા ગુણો અનુક્રમે પ્રાપ્ત થાય છે; અને તેથી કર્મની નિર્જરા થાય છે. અને કર્મની નિર્જરા થવાથી મોક્ષ સુધીનો લાભ પ્રાપ્ત થાય છે. ૧૧

શુદ્ધજ્ઞાન અને શુદ્ધ ક્રિયા એ બંને અંશ અધ્યાત્મની સાથે રહેલા છે.

જ્ઞાનં શુદ્ધં ક્રિયા શુદ્ધેત્યંશૌ દ્વાવિહ સંગતૌ ।
ચક્રે મહારથસ્યેવ પક્ષાવિવ પતત્રિણઃ ॥ ૧૨ ॥

ભાવાર્થ—શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા એ બે અંશે મોટા રથના બે ચક્રની જેમ અને પક્ષીની બે પાંખોની જેમ સાથે રહેલા છે. ૧૨

વિશેષાર્થ—જેમ મોટા રથની સાથે બે ચક્રો રહેલાં છે, અને પક્ષીની સાથે બે પાંખો રહેલી છે, તેવી રીતે શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા એ અંશો અધ્યાત્મની સાથે રહેલા છે. જેમ બે ચક્ર વિના રથની ગતિ થઇ શકતી નથી, અને બે પાંખો વિના પક્ષી ઊડી શકતું નથી, તેવી રીતે શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા એ બે અંશો શિવાય અધ્યાત્મનો નિર્વાહ થઈ શકતો નથી. અર્થાત્ જ્યાં શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા છે, ત્યાંજ અધ્યાત્મ હોય છે, તે સિવાય અધ્યાત્મ હોઇ શકતું નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે, અધ્યાત્મ રૂપી રથ શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા રૂપી બે પૈડાથી ચાલે છે, અર્થાત્ અધ્યાત્મની ગતિ શુદ્ધ જ્ઞાન અને શુધ્ધ ક્રિયાને આધીન છે. ૧૨

અધ્યાત્મની પૂર્વ સ્થિતિ દર્શાવે છે.

તત્પંચમગુણસ્થાનાદારભ્યૈવૈતદિચ્છતિ ।
નિશ્ચયો વ્યવહારસ્તુ પૂર્વમપ્યુપચારતઃ ॥ ૧૩ ॥

ભાવાર્થ—પૂર્વે નિશ્ચયનય અને વ્યવહારનો આરોપ માત્ર ઉપચારથી છે, પણ પાંચમા ગુણઠાણાથી માંડીને એ નય ઇચ્છે છે. ૧૩

વિશેષાર્થ—નિશ્ચયનય અને વ્યવહારનય—એ બન્ને નયનો આરોપ માત્ર ઉપચારથીજ છે, એટલે નિશ્ચય અને વ્યવહાર બન્ને નયનો જે આરોપ કરવામાં આવે છે, તે ઉપચારને લઇને છે, અને તે નય પાંચમા ગુણઠાણાથી માંડીનેજ ઈચ્છાય છે. એ અધ્યાત્મની પૂર્વ સ્થિતિ છે. ૧૩

તે વિષે બીજી યુકિત દૃષ્ટાંતપૂર્વક દર્શાવે છે.

चतुर्थेऽपि गुणस्थाने शुश्रूषाद्या क्रियोचिता ।
अप्राप्तस्वर्णभूषाणां रजताभरणं यथा ॥ १४ ॥

ભાવાર્થ—શુશ્રૂષા—સેવા કરવી, વગેરે ક્રિયા ચોથે ગુણઠાણે પણ ઉચિત છે. જેમને સુવર્ણનું આભૂષણ મળે નહીં, તેમને રૂપાનું આભૂષણ મળે તે સારૂં ગણાય છે. ૧૪

વિશેષાર્થ—ચોથે ગુણઠાણે બીજું કાંઈ ન બને તો છેવટ સેવા વગેરે ક્રિયા કરવી ઉચિત છે, અને તેનાથી ઉત્તમ પ્રકારનો લાભ થઇ શકે છે, તે ઉપર ગ્રંથકાર દૃષ્ટાંત આપે છે. જેમને સોનાનાં આભૂષણો ન મળે, તેઓ રૂપાનાં આભૂષણથી સંતોષ માને છે. ૧૪

કેવી ક્રિયા ધર્મનાં વિઘ્નોનો ક્ષય કરે છે?

अपुनर्बंधकस्यापि या क्रिया शमसंयुता ।
चित्रा दर्शनभेदेन धर्मविघ्नक्षयाय सा ॥ १५ ॥

ભાવાર્થ—અપુનર્બંધક એટલે ચોથે ગુણઠાણે રહેલાની જે શમ સહિત ક્રિયા છે, તે દર્શનના ભેદથી વિચિત્ર છે, અને ધર્મનાં વિઘ્નનો ક્ષય કરનારી છે. ૧૫

વિશેષાર્થ—અપુનર્બંધક-ચોથે ગુણઠાણે રહેલાને દર્શનના ભેદથી વિચિત્ર એવી ક્રિયા હોય છે, તથાપિ તે ક્રિયા શમતા સહિત હોવાથી ધર્મનાં વિઘ્નોનો નાશ કરે છે. ૧૫

અશુદ્ધ ક્રિયા પણ સારા આશય વડે કરવાથી શુદ્ધ થાય છે.

अशुद्धापि हि शुद्धायाः क्रियाहेतुः सदाशयात् ।
ताम्रं रसानुवेधेन स्वर्णत्वमधिगच्छति ॥ १६ ॥

ભાવાર્થ—અશુદ્ધ એવી પણ ક્રિયા સારા આશયથી શુદ્ધ ક્રિયાની હેતુ થાય છે. તાંબું બાળી રસનો અનુવેધ કરવાથી તે સુવર્ણપણાને પામે છે. ૧૬

વિશેષાર્થ—કદિ ક્રિયા અશુદ્ધ હોય, પણ જો તે સારા આશયથી એટલે શુદ્ધ હૃદયથી કરવામાં આવી હોય તો, તે શુદ્ધ ક્રિયા-

ની હેતુ થાય છે. તાંબુ કોઇ રસના પ્રયોગથી સોનું થઇ જાયછે તેમ. કહેવાનો આશય એવો છે કે, હૃદયની શુદ્ધિ ઉપર ક્રિયાની શુદ્ધિનો આધાર છે. શુદ્ધ હૃદયનો પ્રભાવ એટલો બધો ઉત્તમ છે કે, તેનાથી ક્રિયાની અશુદ્ધિ પણ દૂર થઈ જાયછે. ૧૬

એથી શો લાભ થાયછે ?

अतो मार्ग प्रवेशाय व्रतं मिथ्यादृशामपि ।
द्रव्यसम्यक्त्वमारोप्य ददते धीरबुद्धयः ॥ १७ ॥

ભાવાર્થ—એ કારણ માટે ધીર બુદ્ધિવાલા પુરૂષો જ્ઞાન, દર્શન અને ચારિત્ર—એવા ત્રણ રત્નના માર્ગને વિષે પ્રવેશ કરવાને મિથ્યા દૃષ્ટિવાલાને પણ દ્રવ્ય સમકિતનો આરોપ કરી ચારિત્ર આપેછે. ૧૭

વિશેષાર્થ—એ કારણ માટે, એટલે શુદ્ધ હૃદયથી કરેલી ક્રિયા અશુદ્ધ હોય તોપણ, તે શુદ્ધ થઈ જાય છે, એ હેતુથી ધીરબુદ્ધિવાળા પુરૂષો જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્નના માર્ગને વિષે પ્રવેશ કરાવવાને મિથ્યાદૃષ્ટિ જીવોને પણ દ્રવ્ય સમકિતનો આરોપ કરી ચારિત્ર વ્રત આપે છે. એટલે કે જેઓ મિથ્યાદૃષ્ટિ છે, તેઓ ચારિત્રના અધિકારી નથી. તે છતાં જો તેમનામાં હૃદયની શુદ્ધિ હોય તો, તેમને પ્રથમ દ્રવ્ય સમકિત આપી, પછી ચારિત્રના અધિકારી બનાવે છે. ૧૭

* મિથ્યાદૃષ્ટિ છતાં જો તે ભવ્ય હોય તો, તેને ચારિત્ર ન આપવાથી નુકશાન થાય છે.

नो चेद्भावापरिज्ञाना त्सिद्ध्यसिद्धी पराहते ।
दीक्षादानेन भव्यानां मार्गोच्छेदः प्रसज्यते ॥ १९॥

ભાવાર્થ—કદિ કોઇ એમ કહેશે કે, ભાવ જાણ્યા શિવાય ચારિત્ર આપવાથી સિદ્ધિ અને અસિદ્ધિ હણાઇ જાય છે, તો પછી ભવ્ય જીવોને પણ દીક્ષા ન આપવો, પણ તેમ કરવાથી સમ્યગ્ માર્ગનો ઉચ્છેદ થઇ જાય છે. ૧૯

વિશેષાર્થ—અહીં કોઇ એવો શંકા કરે કે, બીજાનો ભાવ જાણ્યા વિના ચારિત્ર આપવું ન જોઇએ. જો ભાવ જાણ્યા વિના ચારિત્ર આપવામાં આવે તો, સિદ્ધિ અને અસિદ્ધિ સર્વે હણાઇ જાય છે. તે ચારિત્રની સિદ્ધિ થશે કે અસિદ્ધિ થશે, એ વાતનો નિશ્ચય થઇ શકતો નથી.

જો આ વાત માન્ય કરવામાં આવે તો ભવ્ય જીવને પણ દીક્ષા ન આપવી એમ ઠરે. કારણ કે, તેના અંતરંગની ખબર નથી. એ રીતે દીક્ષા ન આપવાથી સમ્યગ્ માર્ગનો ઉચ્છેદ થઈ જાયછે, તેથી એ વાત એકાંતે લેવી ન જોઈએ. ૧૯

તે વિષે બીજો વિચાર દર્શાવે છે.

अशुद्धानादरेऽभ्यासाद्योगान्नो दर्शनाद्यपि ।
सिद्ध्यैनैसर्गिकी मुक्ता तदप्यभ्यासिकं यतः ॥ २० ॥

ભાવાર્થ—એમ અશુદ્ધનો અનાદર કરે, અને શુદ્ધ યોગનો અભ્યાસ ન કરે, ત્યારે દર્શન જે સમકિત તે પણ શુદ્ધ ન થાય. કારણકે, એક નિસર્ગ-સ્વાભાવિક સમકિત ટાળીને શુદ્ધ કરવું, તે પણ અભ્યાસથીજ થઈ શકે છે. ૨૦

વિશેષાર્થ—દર્શન એટલે સમકિતની શુદ્ધિ બે રીતે થતી નથી. એક અશુદ્ધનો અનાદર કરે, અને બીજું શુદ્ધ યોગનો અભ્યાસ ન કરે. આમ કરવાથી દર્શન સમકિતની શુદ્ધિ થતી નથી. તેમ થવાનું કારણ દર્શાવે છે. નિસર્ગ-સ્વાભાવિક એવા સમકિતને ટાળીને શુદ્ધ કરવું, તે પણ અભ્યાસથીજ થઈ શકે છે. ૨૦

કેવી શુદ્ધતા હણાતી નથી ?

शुद्धमार्गानुरागेणा शठानां या तु शुद्धता ।
गुणवत्परतंत्राणां सा न क्वापि विहन्यते ॥ ૨૧ ॥

ભાવાર્થ—શુદ્ધ માર્ગના અનુરાગ વડે ઉત્તમ એવા અને ગુણવાન પ્રાણીને આધીન રહેનારા પુરૂષોના આત્માની જે શુધ્ધતા છે, તે ક્યારે પણ હણાતી નથી. ૨૧

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી આત્માની કેવી વિશુધ્ધતા હણાતી નથી, તે દર્શાવે છે. જે પુરૂષોનો, શુધ્ધ માર્ગ ઉપર અનુરાગ છે, તેવા પુરૂષો તે અનુરાગને લઈને ઉત્તમ હોય છે. તેઓ શઠ-લુચ્ચા હોતા નથી. વળી જે પુરૂષો ગુણવંત પ્રાણીને આધીન રહેનારા છે, એટલે ગુણી ઉપર પ્રીતિ ધરનારા છે, તેવા પુરૂષોના આત્માની જે શુધ્ધતા છે, તે કદિ પણ હણાતી નથી. કહેવાનો આશય

એવો છે કે, જેઓ શુધ્ધ માર્ગ ઉપર પ્રીતિ રાખનારા અને ગુણી જન ઉપર પ્રેમ ધરનારા છે, તેઓની શુધ્ધિ કદિ પણ નાશ પામતી નથી. તેથી સર્વ ભવી આત્માઓએ શુધ્ધ માર્ગ ઉપર પ્રીતિ અને ગુણીજન ઉપર પ્રેમ ધારણ કરવો જોઈએ. તે શિવાય કદિ પણ ઉત્તમ પ્રકારની શુધ્ધિ પ્રાપ્ત થશે નહીં. ૨૧

શુદ્ધિના ત્રણ પ્રકાર.

विषयात्मानुबंधैर्हि त्रिधाशुद्धं यथोत्तरम् ।
ब्रुवते कर्म तत्राद्यं मुक्त्यर्थं पतनाद्यपि ॥ २२ ॥

ભાવાર્થ—વિષય, આત્મા અને અનુબંધ એ ત્રણ પ્રકારે શુધ્ધિ કહેવાય છે. તે શુધ્ધિ એક એકથી વિશેષ ઉત્તમ છે. તે ત્રણે કર્મમાં જે દુઃખથી પોતાના આત્માને મુકાવાને ઝંપાપાત વગેરે કરે તે પહેલું વિષય શુદ્ધિ કર્મ કહેવાય છે. ૨૨

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી ત્રણ પ્રકારની શુદ્ધિ દર્શાવે છે. વિષયે કરીને જે શુદ્ધિ થાય, તે પહેલી વિષયશુદ્ધિ કહેવાય છે. આત્માએ કરીને જે શુદ્ધિ તે બીજી આત્મ શુદ્ધિ, અને અનુબંધ વડે કરીને જે શુદ્ધિ તે ત્રીજી અનુબંધ શુદ્ધિ કહેવાય છે. તે શુદ્ધિ ઉત્તરોત્તર એક એકથી ઉત્તમ છે—નિર્મલ છે એટલે વિષય શુદ્ધિથી આત્મ શુદ્ધિ નિર્મલ છે, અને આત્મ શુદ્ધિથી અનુબંધ શુધ્ધિ નિર્મલ છે. આ ત્રણે શુધ્ધિઓમાં આત્મશુધ્ધિ અને અનુબંધ શુધ્ધિને બાદ કરી ત્રીજી વિષય શુધ્ધિ માટે ગ્રંથકાર લખે છે કે, જે પોતાના આત્માને મુકાવાને ઝંપાપાત વગેરેથી આત્મઘાત

કરે છે, તે વિષય શુધ્ધિ કહેવાય છે; અને તે સર્વથી અધમ છે; તેથી તે શુદ્ધિ કરવાનો પ્રયત્ન કરવો ન જોઈએ. ૨૨

તે ત્રિવિધ શુધ્ધિને માટે વિશેષ જણાવે છે.

अज्ञानिनां द्वितीयं तु लोकदृष्ट्या यमादिकम् ।
तृतीयं शांतवृत्त्या तत्तत्वसंवेदनानुगम् ॥ २३ ॥

ભાવાર્થ—જે બીજી આત્મ શુદ્ધિ છે, તે અજ્ઞાનીઓને થાય છે. તે લોક દૃષ્ટિએ પાંચ યમ, ત્રણ નિયમ વગેરે પાલે છે. અને ત્રીજી અનુબંધ શુદ્ધિ છે, તે શાંત વૃત્તિવડે તત્વના સંવેદન—અનુભવને અનુસરે છે. ૨૩

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર આત્મ શુધ્ધિ અને અનુબંધ શુધ્ધિનાં લક્ષણો દર્શાવે છે. જેઓ લોક દૃષ્ટિએ પાંચ યમ અને ત્રણ નિયમ વગેરે પાળનારા અજ્ઞાનીઓછે, તેમને આત્મશુધ્ધિ હોય છે. એટલે માત્ર લોકોને બતાવવાને યમ નિયમ પાળવા, તે આત્મશુધ્ધિ કહેવાય છે. જેઓ શાંતવૃત્તિથી તત્વનું સંવેદન–અનુભવ કરે છે, તેમને ત્રીજી અનુબંધ શુધ્ધિ હોય છે, એટલે જે શાંત વૃત્તિથી તત્વાનુભવ કરવો, તે અનુભવ વિશુધ્ધિ કહેવાય છે. સારાંશ કે, અનુબંધ શુધ્ધિ સર્વોત્તમ છે. આત્મશુધ્ધિ તેનાથી ઉતરતી છે, અને વિષય શુધ્ધિ તેનાથી ઉતરતી છે. ૨૩

તે ત્રિવિધ શુધ્ધિનું ફળ દર્શાવે છે.

आद्या नाज्ञान बाहुल्या न्मोक्षसाधकबाधनम् ।
सद्भावाशयभेदेनोचितं जन्म परे जगुः ॥ २४ ॥

ભાવાર્થ—પહેલી વિષયશુધ્ધિ અજ્ઞાનના બહુપણાથી મોક્ષના સાધકને બાધ કરનારી છે, અને તેના સદ્ભાવથી શુભ આશયનો લેશ માત્ર હોય તો, તેથી જન્મ મરણ થયા કરે, એમ યોગાભ્યાસી પુરૂષો કહે છે. ૨૪

વિશેષાર્થ—ઝંપાપાત વગેરેથી આત્મઘાત કરવાની જે પહેલી વિષયશુધ્ધિ છે, તેની અંદર ઘણી અજ્ઞાનતા રહેલી છે, તેથી તે મોક્ષનાં સાધનનો બાધ કરે છે, એટલે તે શુધ્ધિમાં કદિપણ મોક્ષ થતો નથી. તેનું કારણ બતાવે છે. તે શુધ્ધિમાં શુભ આશયનો માત્ર લેશ હોય છે, તેથી જન્મમરણની પરંપરા ત્રુટી શકતી નથી. આ વાત યોગાભ્યાસી પુરૂષો જણાવે છે. ૨૪

બીજી અને ત્રીજી શુદ્ધિનું ફળ કહે છે.

द्वितीया दोषहानिः स्यात्कचिन्मंडूकचूर्णवत् ।
आत्यंतिकी तृतीया तु गुरुत्वाघवचिंतया ॥ २५ ॥

ભાવાર્થ—બીજી આત્મશુધ્ધિથી કવચિત્ દોષની હાની તો થાય, પણ દેડકાના ચૂર્ણની જેમ પરંપરાએ ઘણા દોષ થઇ જાય છે. અને ત્રીજી અનુબંધ શુધ્ધિમાં તો ગુરૂતાભાવ અને લઘુતાભાવના ચિંતવનથી કર્મની અત્યંત હાની થાય છે. ૨૫

વિશેષાર્થ—બીજી આત્મશુધ્ધિમાં દોષની હાની થઈ શકે છે, પણ તે કોઈવાર બને છે. કારણકે, તેની અંદર દેડકાના ચૂર્ણની જેમ દોષની પરંપરાએ ઘણા દોષો ઉત્પન્ન થાય છે. આ દૃષ્ટાંત આપી ગ્રંથકારે દોષની ઉત્પત્તિને બરાબર સૂચવી આપી છે. એક દેડકાનો

નાશ થયેા હેાય, પણ તે સુકાઇ ગયેલા શરીર ઉપર જ્યારે વર્ષાદનું જળ પડે છે, ત્યારે તેમાંથી અનેક દેડકાંઓ ઉત્પન્ન થાય છે, તેવી રીતે આત્મશુધ્ધિથી દેાષની હાનિ થાય છે; પણ તેમાંથી પાછા ઘણા દેાષેા ઉત્પન્ન થઇ આવે છે. ત્રીજી અનુબંધશુધ્ધિ તેનાથી ઉત્તમ છે. તેની અંદર કર્મની અત્યંત નિવૃત્તિ થાય છે, કારણકે, તે શુધ્ધિમાં ગુરૂતાભાવ અને લઘુતાભાવની વિચારણા રહેલી છે. એ વિચારણાનેા એવેા મેાટેા પ્રભાવ છે કે, તેના યેાગથી કર્મ કે દેાષની અત્યંત નિવૃત્તિ થઇ જાય છે. ૨૫

કેવી ક્રિયાથી રત્નત્રયીનું બીજ પ્રગટ થાય છે ?

अपि स्वरूपतः शुध्धा क्रिया तस्माद्विशुद्धिकृत् ।
मौनींऽव्यवहारेण मार्गबीजं दृढादरात् ॥ २६ ॥

ભાવાર્થ—જે ક્રિયા સ્વરૂપથી પણ શુધ્ધ હેાય તેા, તે આત્માને શુધ્ધતા કરનારી છે; માટે શુધ્ધક્રિયા કરવી જોઇએ. મુનીંદ્ર પરમેશ્વરે બતાવેલા વ્યવહારવડે દૃઢ આદરથી શુધ્ધ ક્રિયા કરવામાં આવે તેા, તેથી ત્રણ રત્નેાનાં માર્ગનું બીજ પ્રગટ થાય છે. ૨૬

વિશેષાર્થ—જે ક્રિયા સ્વરૂપથી શુધ્ધ હેાય, તેા તે ક્રિયા આત્માને શુધ્ધતા કરનારી છે, એટલે શુધ્ધક્રિયા કરનારનેા આત્મા શુધ્ધ થાય છે. તેથી દરેક ભવી મનુષ્યે શુધ્ધક્રિયા કરનાર થવું જોઇએ. તેવી ક્રિયા કરવાથી શું ફળ થાય ? તે ગ્રંથકાર દર્શાવે છે. મૌનીંદ્ર એટલે જિનભગવંતે જે વ્યવહાર આગમદ્વારા દર્શાવ્યેા છે, તે વ્યવહાર પ્રમાણે ચાલી જો આદરથી ક્રિયા કરવામાં આવે તેા, રત્નત્રયી

એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું બીજ પ્રગટ થાય છે. કહેવાનો આશય એવો છે કે, શ્રી જિનભગવંતે શુધ્ધક્રિયા કરવાનો વ્યવહાર દર્શાવ્યો છે, તે વ્યવહારનું સેવન કરવાથી એટલે શુધ્ધ ક્રિયા કરવાથી જ્ઞાન, દર્શન, અને ચારિત્ર એ ત્રણ રત્નોનું બીજ પ્રગટ થાય છે. પણ તે શુધ્ધક્રિયાનું સેવન સામાન્ય રીતે કરવાનું નથી; દૃઢ આદરથી એટલે બહુમાનથી કરવાનું છે. ૨૬

ગુરૂની આજ્ઞા, દ્રવ્યદીક્ષા અને વીર્યના ઉલ્લાસથી ઘણા આત્માઓ પરમપદને પામેલા છે.

गुर्वाज्ञापारतंत्र्येण द्रव्यदीक्षाग्रहादपि ।
वीर्योल्लासक्रमात्प्राप्ता बहवः परमं पदम् ॥ २७ ॥

ભાવાર્થ—ગુરૂની આજ્ઞાને આધીન રહેવાથી, દ્રવ્યદીક્ષાના ગ્રહણથી પણ અને અનુક્રમે વીર્યના ઉલ્લાસથી ઘણા જીવો પરમ પદને પામેલા છે. ૨૭

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર પરમપદ–મોક્ષને પામવાનાત્રણ ઉપાય દર્શાવે છે. ગુરૂની આજ્ઞાને આધીન રહેવું, દ્રવ્ય દીક્ષા લેવી, અને અનુક્રમે આત્મવીર્યને ફોરવવું; એ ત્રણ ઉપાયોથી પરમ પદ પ્રાપ્ત કરી શકાય છે. આ ત્રણે ઉપાયો સહચારી ભાવથી લેવાના છે. એટલે તે બધા ઉપાયો સેવ્યા હોય તોજ, મોક્ષના અધિકારી થવાય છે. તે શિવાય મોક્ષના અધિકારી થવાતું નથી. તે ત્રણ ઉપાયમાંથી એક પણ ઉપાય ઓછો ન હોવો જોઇએ. ગુરૂની આજ્ઞાને આધીન રહે, અને દ્રવ્યદીક્ષા ગ્રહણ કરે નહીં, તેમજ, અ-

નુકમે વીર્યોલ્લાસ પ્રગટ કરે નહીં, તો મોક્ષના અધિકારી થવાતું નથી. તેમ દ્રવ્ય દીક્ષા ગ્રહણ કરે, અને ગુરૂની આજ્ઞાને આધીન રહે નહીં, તેમ વીર્યોલ્લાસ પ્રગટ કરે નહીં, તો પણ મોક્ષના અધિકારી થવાતું નથી. તે ઉપરની ત્રિપુટી સંપૂર્ણ હોય તો જ, મોક્ષના અધિકારી થવાય છે. અહિં 'દ્રવ્ય દીક્ષા ગ્રહણ કરવાથી પણ' એમ જે લખેલું છે, તે હેતુ પૂર્વક છે. એટલે મુખ્ય તો ભાવ દીક્ષા ગ્રહણ કરવી જોઇએ, તે છતાં કદિ દ્રવ્ય દીક્ષા ગ્રહણ કરી હોય તો પણ મોક્ષના અધિકારી થવાય છે, એમ દર્શાવ્યું છે. વળી ગ્રંથકારે તે ત્રણ ઉપાયોને જે ક્રમસર દર્શાવ્યા છે, તેમાં ઘણોજ ઊત્તમ હેતુ રહેલો છે. પ્રથમ ગુરૂની આજ્ઞા ને આધીન રહેવાને કહ્યું, તે ઉપરથી સિધ્ધ થાય છે કે, જે ગુરૂની આજ્ઞાને આધીન રહે, તે દ્રવ્ય દીક્ષાને યથાર્થ રીતે પાળી શકે છે, અને જ્યારે દ્રવ્ય દીક્ષા યથાર્થ પાળવામાં આવે છે, ત્યારે તેનામાં અનુક્રમે વીર્યોલ્લાસ ફોરવવાનું સામર્થ્ય આવે છે, અને તેથી તે મોક્ષનો અધિકારી થઈ શકે છે. ઘણા જીવો એ ત્રણ ઉપાયોનું સેવન કરી પરમ પદને પ્રાપ્ત થયેલા છે, એ જૈન ઇતિહાસમાં પ્રખ્યાત છે. ૨૭

અધ્યાત્મના અભ્યાસ વખતે કેવી ક્રિયા અને જ્ઞાન સ્ફુરે છે.

अध्यात्माभ्यासकाले ऽपि क्रिया काप्येवमस्ति हि ।
शुभौघसंज्ञानुगतं ज्ञानमप्यस्ति किंचन ॥ २८ ॥

ભાવાર્થ—અધ્યાત્મના અભ્યાસ વખતે પણ કોઈ શેષ ભાવ ક્રિયા વર્તે છે, અને શુભકારી ઓધ સંજ્ઞાને સહચારી એવું કાંઈક જ્ઞાન પણ વર્તે છે. ૨૮

વિશેષાર્થ—જ્યારે અધિકારી પુરૂષ અધ્યાત્મ વિદ્યાનો અભ્યાસ કરવા તત્પર થાય છે, તે વખતે તેનામાં કોઈ જાતની લેશમાત્ર ક્રિયા રહેલી હોય છે. તેમજ તે કાળે શુભકારી એવું સંજ્ઞાનું સહકારી એવું કંઈક જ્ઞાન પણ રહેલું હોય છે. કહેવાનો આશય એવો છે કે, અધ્યાત્મ વિદ્યા એવી ઉજ્વલ છે કે, તેના અભ્યાસના પ્રારંભમાં ક્રિયા અને જ્ઞાન બંને તેટલે અંશે પ્રાપ્ત થાય છે. ૨૮

તે જ્ઞાન-ક્રિયા રૂપ અધ્યાત્મ કેવાં મનુષ્યોને પ્રાપ્ત થાય છે ?

अतो ज्ञानक्रियारूपमध्यात्मं नयनिश्चितं ।
एतत्प्रवर्द्धमानं स्यान्निर्दंभाचारशालिनाम् ॥ २९ ॥

ભવાર્થ—એ કારણ માટે તે અધ્યાત્મ, જ્ઞાન અને ક્રિયા રૂપે રહેલું છે. તે અધ્યાત્મ દંભ રહિત આચારથી શોભનારા મનુષ્યોને ઉત્તરોત્તર વૃધ્ધિ પામતું જાય છે. ૨૯

વિશેષાર્થ—એ કારણ માટે એટલે ઉપર કહેલાં કારણને લઈને તે અધ્યાત્મ, જ્ઞાન તથા ક્રિયા રૂપે રહેલું છે. તે અધ્યાત્મ કેવાં મનુષ્યોને ઉત્તરોત્તર વધે છે ? તે ગ્રંથકાર દર્શાવે છે. જેઓ દંભરહિત આચારને પાળનારા છે, તેઓને તે અધ્યાત્મ ઉત્તરોત્તર વધે છે. જેનામાં દંભ હોય તેવાં માણસને તે અધ્યાત્મ વૃધ્ધિ પામતું નથી. પણ તે નષ્ટ થઈ જાય છે. આ ઉપરથી એવો ઉપદેશ લેવાનો છે કે, જેમણે અધ્યાત્મ પ્રાપ્ત કરવું હોય તેમણે પોતાના આચાર વિચારમાં જરાપણ દંભ રાખવો ન જોઈએ. દંભ રહિત-શુધ્ધ આચારમાં

વર્ત્તનારા ભવી મનુષ્યો જ્ઞાનક્રિયા રૂપ અધ્યાત્મને વધારી શકે છે, અને તેથી પોતાના આત્માને અધ્યાત્મની ઉન્નતિમાં લઈ જાય છે. જેઓ દંભથી આચાર પાળી અધ્યાત્મ વિદ્યા મેળવવાને તત્પર થશે, તેઓને અધ્યાત્મની વૃધ્ધિ નહીં થાય, એટલું જ નહીં પણ તેઓ અધ્યાત્મથી તદ્દન વિમુખ થઈ અધોગતિના પાત્ર બનશે. તેથી દરેક ભવી આત્માએ જ્ઞાનક્રિયાત્મક અધ્યાત્મને મેળવવાને માટે નિર્દંભપણે આચાર પાળવો જોઇએ. ૨૯

इति अध्यात्मस्वरूपनामे बीजो अधिकार.



तृतीय–दंभत्यागाधिकार.



દંભ કેવો છે ?

दंभो मुक्तिलतावन्हिर्दंभो राहुः क्रियाविधौ ।
दौर्भाग्यकारणं दंभो दंभोऽध्यात्मसुखार्गला ।। १ ।।

ભાવાર્થ—દંભ, મુક્તિરૂપી લતામાં અગ્નિરૂપ છે. દંભ, ક્રિયારૂપી ચંદ્રમાં રાહુરૂપ છે. દંભ, દૌર્ભાગ્યનું કારણ છે, અને દંભ અધ્યાત્મ સુખની અર્ગલા—ભૂંગળ રૂપ છે. ૧

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકારે દંભના અવગુણો દર્શાવ્યા છે. જેમ અગ્નિ લતાને બાળી નાંખે છે, તેમ દંભરૂપી અગ્નિ મુક્તિરૂપી લતાને બાળી નાંખે છે. જેમ રાહુ ચંદ્રનો ગ્રાસ કરે છે, તેમ દંભરૂપી રાહુ ક્રિયારૂપી ચંદ્રનો ગ્રાસ કરી જાય છે. વળી દંભ દુર્ભાગ્યનું કારણ છે, તેમજ અધ્યાત્મ સુખની ભૂગળરૂપ છે, એટલે દંભ કરવાથી દુર્ભાગ્ય થાય છે, અને અધ્યાત્મનું સુખ અટકે છે. અર્થાત્ જેમણે મુક્તિ પ્રાપ્ત કરવી હોય, ક્રિયા સાધવી હોય, દુર્ભાગ્યને દૂર કરવું હોય, અને અધ્યાત્મ સુખ મેળવવું હોય, તેમણે સર્વથા દંભનો ત્યાગ કરવો યોગ્ય છે. ૧

દંભથી બીજી શી હાનો થાય છે ?

दंभो ज्ञानाद्रिदंभोलिर्दंभः कामानले हविः ।
व्यसनानां सुहृद्दंभो दंभश्चौरो व्रतश्रियः ॥ २ ॥

ભાવાર્થ—દંભ, જ્ઞાનરૂપી પર્વતમાં વજ્ર સમાન છે. દંભ કામરૂપી અગ્નિમાં હોમવાનું દ્રવ્ય છે, દંભ, વ્યસન—દુઃખોનો મિત્ર છે, અને દંભ વ્રતલક્ષ્મીનો ચોર છે. ૨

વિશેષાર્થ—જેમ વજ્ર પર્વતને છેદી નાંખે છે, તેમ દંભરૂપી વજ્ર જ્ઞાનરૂપી પર્વતને છેદી નાખે છે. ઘી વગેરે હોમવાનો પદાર્થ નાંખવાથી જેમ અગ્નિ વધે છે, તેમ દંભરૂપી હોમવાનો પદાર્થ નાંખવાથી કામદેવરૂપી અગ્નિ વધે છે. વળી દંભ વ્યસન—દુઃખોનો મિત્ર છે. એટલે જ્યાં દંભ હોય, ત્યાં અનેક જાતનાં દુઃખો આવી પડે છે. જેમ ચોર લક્ષ્મીને ચોરી જાય છે, તેમ દંભરૂપી ચોર વ્રતની લક્ષ્મીને ચોરી જાય છે. કહેવાનો આશય એવો છે કે, જે માણસમાં દંભ હોય, તે માણસના જ્ઞાનનો નાશ થાય છે, તેનામાં કામવિકારો વૃદ્ધિ પામે છે, તેની ઉપર અનેક જાતનાં દુઃખો આવી પડે છે, અને તેના વ્રતની લક્ષ્મીનો નાશ થાય છે, તેથી તેવા દંભનો ત્યાગ કરવો જોઈએ. ૨

દંભથી વ્રત લઈ મોક્ષ પદની ઇચ્છા રાખનારો માણસ લોઢાના વાહાણમાં બેસી સમુદ્રને પાર જવા ઇચ્છે છે.

दंभेन व्रतमास्थाय यो वांछति परं पदम् ।
लोहनावं समारुह्य सोऽब्धेः पारं यियासति ॥ ३ ॥

ભાવાર્થ—દંભથી વ્રતને ધારણ કરી જે માણસ પરમપદ–મોક્ષની ઇચ્છા રાખે છે, તે લોઢાના નાવ ઉપર બેસી સમુદ્રના પા-રને પામવાને ઇચ્છે છે. ૩

વિશેષાર્થ—દંભથી વ્રત ધારણ કરી મોક્ષની ઇચ્છા રાખ-નારો માણસ લોઢાના વાહાણ ઉપર બેસી સમુદ્ર પાર જવાને ઇ-ચ્છે છે. લોઢાના નાવમાં બેસીને જેમ સમુદ્રની પાર જવાતું નથી, તેમ દંભથી વ્રતને ધારણ કરી મોક્ષે જવાતું નથી. દંભરૂપી લોહનું નાવ તેને સંસાર સાગરમાંજ ડુબાડે છે. ૩

દંભ દૂર કર્યો ન હોય તો વ્રત અને તપ શું કામનાં છે ?

किं व्रतेन तपोभिर्वा दंभश्चेन्न निराकृतः ।
किमादर्शेन किं दीपैर्यद्यांध्यं न दृशोर्गतम् ॥ ४ ॥

ભાવાર્થ—જો દંભને દૂર કર્યો ન હોય તો, પછી વ્રત અને તપ કરવાથી શું ? જો દૃષ્ટિનું અંધપણું ન ગયું હોય, તો પછી દર્પણ કે દીવા શા કામના છે ? ૪

વિશેષાર્થ—ગમે તેવાં વ્રતો અને તપસ્યાઓ કરતો હોય, પણ જો તેનામાંથી દંભ દૂર થયો ન હોય, તો તે વ્રત તથા તપ શા કામનાં છે ? અર્થાત્ નકામાં છે. દંભથી કરેલાં વ્રતો અને તપ-સ્યાઓ તેના ફળને આપતાં નથી. તે ઉપર ગ્રંથકાર દૃષ્ટાંત આપે છે, જે માણસની દૃષ્ટિમાંથી અંધતા દૂર થઈ નથી, તેની આગળ દર્પણ અને દીવાઓ શા કામના છે ? જેવી રીતે અંધની આગળ આરસી

તથા દીવા નકામા છે, તેવી રીતે દંભી માણસે આચરેલાં વ્રત–તપ નકામાં છે. ૪

મુનિના સર્વ આચારો એક દંભથી દૂષિત થઇ જાય છે.

केशलोचधराशय्याभिक्षाब्रह्मव्रतादिकम् ।
दंभेन दूष्यते सर्वं त्रासेनैव महामणिः ॥ ५ ॥

ભાવાર્થ––કેશનો લોચ, પૃથ્વીપર શય્યા, ભિક્ષા અને બ્રહ્મચર્ય વગેરે સર્વે મુનિના આચારો, જેમ ત્રાસ (ડાઘા) થી મોટો મણિ દૂષિત થાય છે, તેમ એક દંભથી દૂષિત થઇ જાય છે. ૫

વિશેષાર્થ––કેશનો લોચ કરવો, પૃથ્વી ઉપર સુવું, ભિક્ષા માગવી, અને બ્રહ્મચર્ય વગેરે પાળવાં, એ બધા મુનિના આચાર એક દંભથી દૂષિત થઇ જાય છે. એટલે મુનિ પોતાના આચાર પાળતો હોય, પણ જો તેનામાં દંભ હોય તો, તે બધા આચાર નકામા થઈ જાય છે. મણિ ઘણો મૂલ્યવાન્ હોય, પણ જો તેનામાં ત્રાસ એટલે એક જાતનો ડાઘો હોય તો, તે મણિ દૂષિત ગણાય છે. કહેવાનો આશય એવો છે કે, મુનિ પોતાના આચાર પાળે, પણ જો તે દંભી હોય તો, તેના બધા આચારો નકામા છે. તેથી મુનિએ સર્વથા દંભનો ત્યાગ કરવો જોઇએ. ૫

સર્વથી દંભનો ત્યાગ કરવો મુશ્કેલ છે.

सुत्यजं रसवांपट्यं सुत्यजं देहभूषणम् ।
सुत्यजाः कामभोगाद्या दुस्त्यजं दंभसेवनम् ॥ ६ ॥

ભાવાર્થ—રસમાં લંપટપણું છોડી શકાય છે, દેહની શોભા ત્યજી શકાય છે, અને કામભોગ વગેરેનો ત્યાગ થઇ શકે છે, પરંતુ દંભનું સેવન ત્યજવું મુશ્કેલ છે. ૬

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર દંભના ત્યાગની મુશ્કેલી દર્શાવે છે. માણસ રસમાં લંપટ બન્યો હોય, તે કદિ પ્રયત્ન કરે તો, તે રસના લંપટપણાને છોડી શકે છે. દેહને શણગારવાનો શોખ ધરાવનાર માણસ કદિ તેનો ત્યાગ કરવા ધારે તો, કરી શકે છે. કામભોગ વગેરેમાં આશક્ત થયેલો તરૂણ પુરૂષ દૃઢતાથી કદિ તેમને છોડી શકે છે, પરંતુ જે માણસ દંભમાં આસક્ત બન્યો હોય, તે દંભને છોડી શક્તો નથી. કહેવાનો ભાવાર્થ એવો છે કે, જેનામાં દંભનો પ્રવેશ થયો હોય, તે માણસ કદિ પણ દંભને છોડી શક્તો નથી; તેથી સર્વથા દંભનું સેવન કરવું ન જોઇએ. ૬

મૂર્ખ લોકો કેવા ઇરાદાથી દંભવડે હેરાન થાયછે ?

स्वदोषनिन्हवो लोकपूजा स्याद् गौरवं तथा ।
इयतैव कदर्थ्यंते दंभेन बत बालिशाः ॥ ७ ॥

ભાવાર્થ—પોતાના દોષ ઢંકાય, લોકમાં પોતાની પૂજા થાય, અને પોતાનું ગૌરવ થાય—એટલાજ માટે મૂર્ખલોકો દંભથી હેરાન થાય છે. ૭

વિશેષાર્થ—મૂર્ખલોકો દંભ કરવામાં એવો ઇરાદો રાખે છે કે, "આપણા દોષો ઢંકાઈ રહેશે, લોકોમાં આપણી પૂજા થશે, અને

આપણું ગૌરવ વધશે—" માત્ર આટલા ઇરાદાથી તેઓ દંભને ધારણ કરે છે, અને તેથી પરિણામે તેઓ ઘણાજ હેરાન થાય છે. પોતાના દોષ ઢાંકવા, લોકોમાં પૂજાવું, અને પોતાની મહત્તા વધારવી, આવા ઇરાદાથી દંભને ધારણ કરનારા પુરૂષો ખરેખરા મૂર્ખ છે, કારણકે, તેઓ દંભથી જેટલો લાભ લેવા ધારેછે તે લાભના કરતાં તેમને પરિણામે વધારે હાનિ થાય છે, કેમકે આખરે દંભીનો દંભ લોકોમાં જાહેર થયા વિના રહેતો નથી, અને જ્યારે જાહેર થાય છે, ત્યારે તે દંભીની લોકમાં ભારે કદર્થના થાય છે. તેના છુપાવેલા દોષ પ્રગટ થાય છે, લોક પૂજા ઘટે છે, અને તેના ગૌરવનો નાશ થાયછે.

દંભીનું વ્રત અવ્રતની વૃદ્ધિને અર્થે થાય છે.

असतीनां यथा शीलमशीलस्यैव वृद्धये ।
दंभेनाव्रतसिद्ध्यर्थं व्रतं वेषभृतां तथा ॥ ८ ॥

ભાવાર્થ—જેમ અસતી-કુલટા સ્ત્રીનું શીલ તેના અશીલની વૃદ્ધિને માટે થાય છે, તેમ વેષધારી દંભીઓનું વ્રત તેના અવ્રતની વૃદ્ધિને અર્થે થાય છે. ૮

વિશેષાર્થ—કુલટા સ્ત્રી શીલ પાળવા જાય છે, તો તેનું તે શીલ તેના અશીલની વૃદ્ધિ કરે છે. કારણ કે, તેનામાં શુદ્ધ શીલ આવી શકતું નથી; એટલે તેમાંથી ઉલટો કુશીલનો વધારો થાય છે. તેવી રીતે જે વેષધારી દંભી મુનિઓ હોય છે, તેઓ વ્રત પાળવા જાય છે, પણ દંભને લઈને તેનામાં અવ્રત-અનાચારનો વધારો થાય છે. ૮

દંભના નઠારા પરિણામને જાણનારા મૂર્ખો પગલે પગલે સ્ખલના પામે છે.

जानाना अपि दंभस्य स्फुरितं बालिशा जनाः।
तत्रैव धृतविश्वासाः प्रस्खलंति पदे पदं ॥ ९ ॥

ભાવાર્થ—મૂર્ખ લોકો દંભના પરિણામને જાણતાં હોય, તો પણ તે ઉપર વિશ્વાસ ધારણ કરી પગલે પગલે સ્ખલના પામે છે. ૯

વિશેષાર્થ—કેટલાએક મૂર્ખ પુરૂષો પોતાના મનમાં સમજે છે કે, દંભ રાખવાથી તેનું પરિણામ ઘણું નઠારૂં આવે છે, તે છતાં તે દંભની ઉપર વિશ્વાસ રાખી પોતે દંભી બને છે, પછી તેઓ પગલે પગલે સ્ખલના પામે છે. એટલે તે ક્ષણે ક્ષણે તે દંભના નઠારાં ફળો ભોગવે છે. તેથી તેઓ ખરેખરા મૂર્ખ કહેવાય છે. કારણ કે, જેનાથી પોતાના આત્માને મોટી હાનિ થાય છે, તેનો તેઓ વિચાર કરતા નથી. તેથી કોઇએ વિવિધ પ્રકારની હાનીને કરનારા દંભ ઉપર વિશ્વાસ કરવો ન જોઇએ. ૯

જેઓ ભાગવતી દીક્ષાનો દંભથી લોપ કરે છે, તે મોહનું જ માહાત્મ્ય છે.

अहो मोहस्य माहात्म्यं दीक्षां भागवतीमपि।
दंभेन यद्धि लुंपंति कज्जलेनेव रूपकम् ॥ १० ॥

ભાવાર્થ—અહા ! મોહનું કેવું માહાત્મ્ય છે ? કે જેથી કાજલવડે રૂપની જેમ ભગવંતની દીક્ષાને પણ લોપી નાખેછે. ૧૦

વિશેષાર્થ—આ સંસારમાંથી આત્માનો ઉદ્ધાર કરનારી શ્રી ભગવંતની દીક્ષા છે, તેને દંભથી લોપી નાંખવી, એ મોહનું જ માહાત્મ્ય છે. આશ્ચર્યની વાત છે કે, ભગવંતની પવિત્ર દીક્ષા ધારણ કરી તેને દંભથી લોપી નાંખવી, એ કેવું અનુચિત કામ કહેવાય ? તે ઉપરથી ગ્રંથકાર દૃષ્ટાંત આપે છે–જેમ સુંદર રૂપને કાજળ લગાડી દેવું, તેવી રીતે દંભથી મહાવ્રતવતી દીક્ષાનો નાશ કરવો તે છે. આમ થવાનું કારણ માત્ર મોહનો વિલાસ છે. મોહને લઈને દંભ કરવાની ઇચ્છા થાય છે, તેથી તેમાં મોહનું માહાત્મ્ય રહેલું છે. મોહને લઈને દંભનું સેવન કરી ભાગવતી દીક્ષાનો લોપ કરનારા સાધુઓ આ જગતમાં નિંદાપાત્ર બને છે, તેથી દરેક મુનિએ પોતાની દીક્ષાને નાશ કરનારા દંભનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. ૧૦

દંભ ધર્મની અંદર ઉપદ્રવ રૂપ છે.

अब्जे हिमं तनौ रोगो वने वन्हि र्दिने निशा ।
ग्रंथे मौर्ख्यं कलिः सौख्ये धर्मे दंभ उपप्लवः ॥ ११ ॥

ભાવાર્થ—જેમ કમળમાં હિમ, શરીરમાં રોગ, વનમાં અગ્નિ, દિવસમાં રાત્રિ, ગ્રંથમાં મૂર્ખતા, અને સુખમાં કલહ ઉપદ્રવરૂપ છે, તેમ ધર્મની અંદર દંભ ઉપદ્રવ રૂપ છે. ૧૧

વિશેષાર્થ—ધર્મની અંદર દંભ ખરેખરો ઉપદ્રવ રૂપ છે.

એટલે દંભ ધર્મનો નાશકર્તા છે. તેને માટે ગ્રંથકાર તેને ઘટતાં છ દૃષ્ટાંતો આપે છે. કમળની અંદર પડેલું હિમ કમળનો નાશ કરે છે, રોગ શરીરને બગાડી નાંખે છે, અગ્નિ વનને બાળી નાંખે છે, રાત્રિ દિવસનો નાશ કરે છે, મૂર્ખતા ગ્રંથના બોધને અડકાવે છે, અને કલહથી સુખનો ઉચ્છેદ થાય છે, તેવી રીતે દંભથી ધર્મનો વિનાશ થાય છે. ૧૧

શ્રાવક રહેવું સારૂંછે, પણ દંભથી મુનિ થઇ બેસવું સારૂં નથી.

अतएव न यो धर्तुं मूलोत्तरगुणानलम्।
युक्ता सुश्राद्धता तस्य न तु दंभेन जीवनम् ॥ १२ ॥

ભાવાર્થ—એથી કરીને જે પુરૂષ મૂલ તથા ઉત્તર ગુણોને ધારણ કરવાને સમર્થ ન હોય, તેણે ઉત્તમ પ્રકારનું શ્રાવકપણું ધારણ કરવું યુક્ત છે, પણ દંભથી જીવવું યુક્ત નથી. ૧૨

વિશેષાર્થ—મૂલગુણ એટલે પાંચ મહાવ્રત અને ઉત્તર ગુણો એટલે કરણ સિત્તરી વગેરે ગુણોને ધારણ કરવાને જે સમર્થ ન હોય, અર્થાત્ મુનિ ધર્મને ધારણ કરવાને જે સમર્થ ન હોય, તે એ શ્રાવકપણામાં રહી ગૃહસ્થ-ધર્મ પાળવો તે વધારે સારો છે; પણ દંભ ધારણ કરી મુનિ બની જીવવું સારૂં નથી. કહેવાનો આશય એવો છે કે જો મુનિ ધર્મ પાલવાની પોતાનામાં શક્તિ હોય તો મુનિ થવું. નહીં તો ગૃહસ્થાવાસમાં રહી શ્રાવકધર્મ પાળવો વધારે સારો છે, પરંતુ દંભી થઈ મુનિધર્મ પાળવો, તે ઘટિત નથી. ૧૨

જો મુનિવ્રત છોડી શકાય તેમ ન હોય તો, દંભરહિત રહેવું જોઇએ.

परिहर्तुं न यो लिंगमप्यलं दृढ रागवान् ।
संविज्ञपाक्षिकः स स्यान्निर्दंभः साधुसेवकः ॥ १३ ॥

ભાવાર્થ—જે પુરૂષ વ્રત ઉપર લાગેલા દૃઢ રાગને લઇને લિંગ એટલે મુનિ વ્રત પણ મુકવાને સમર્થ ન હોય, તેણે સંવિજ્ઞ-સંવેગનો પક્ષ લઇ દંભ રહિત સાધુનો સેવક થવું. ૧૩

વિશેષાર્થ—જે પુરૂષને મુનિધર્મ ઉપર દૃઢ રાગ થયો હોય, અને તેથી કરીને તે મુનિલિંગને છોડવાને સમર્થ થઇ શકે તેમ ન હોય તો, તેણે સંવેગનો પક્ષ લેવો, અને દંભનો ત્યાગ કરી સાધુનો સેવક થવું. કહેવાનો આશય એવો છે કે, જો મુનિધર્મ ઉપર દૃઢ રાગ હોય તો, તેણે દંભનો સર્વથા ત્યાગ કરવો. દંભથી મુનિધર્મને ધારણ કરવો નહીં. ૧૩

દંભના ત્યાગીને થોડી યતના હોય તો પણ નિર્જરા થાય છે.

निर्दंभस्यावसन्नस्याप्यस्य शुद्धार्थभाषिणः ।
निर्जरां यतना दत्ते स्वल्पापि गुणरागिणः ॥ १४ ॥

ભાવાર્થ—અવસન્ન એટલે અવસેદ પામેલો હોય, પણ સિદ્ધાંતના શુદ્ધ અર્થના કહેનાર, અને દંભથી રહિત એવા ગુણ-

સામી બાજુને થોડી વંદના હોય તો પણ, તે નિર્જરાને આપે છે. ૧૪

વિશેષાર્થ—બાજુ પોતાના ધર્મમાં અવસેદ પામેલો હોય એટલે જરા શિથિલ હોય, પણ જો તે નિર્દંભી હોય તો તે થોડી વંદના કરે તો પણ, તેના કર્મની નિર્જરા થાય છે. જોકે દંભનો ત્યાગ એ મોટો ગુણ છે, તો પણ તે સાથે મુનિમાં બે બીજા ગુણો હોવા જોઇએ. એક તો તે સિદ્ધાંતના શુદ્ધ અર્થને કહેનારો હોવો જોઇએ, અને બીજો તે ગુણરાગી હોવો જોઇએ. કદિ દંભનો ત્યાગ કરનારો હોય, પણ જો તે ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારો અને ગુણનો રાગી ન હોય તો, તે કેવળ દંભનો ત્યાગ નકામો છે, અને તેથી કર્મની નિર્જરા પણ થતી નથી. ૧૪

દંભથી યતિ કહેવરાવનારનું નામ લેવું તે પણ પાપને માટે છે.

व्रतभारासहत्वं ये विदंतोऽप्यात्मनः स्फुटं ।
दंभाद्यतित्वमाख्यांति तेषां नामापि पाप्मने ॥ १५ ॥

ભાવાર્થ—જેઓ પોતે વ્રતનો ભાર સહન કરી શકે તેમ નથી, એમ જાણતાં છતાં દંભથી પોતાનું યતિપણું કહે છે, તેઓનું નામ પણ પાપને માટે થાય છે. ૧૫

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી દંભવડે યતિ નામ ધરાવનારા મુનિઓને ધિક્કારે છે. જે મુનિઓ પોતે જાણે છે કે, તેઓ મુનિના વ્રતના ભારને સહન કરી શકે તેમ નથી, તે છતાં મુનિ-

પણાનો દંભ કરી પોતાનું મુનિપણું દર્શાવે છે, એટલે 'અમે શુદ્ધ પંચ વ્રતધારી મુનિ છીએ' એમ સ્ફુટ રીતે કહે છે, તેઓ ઘણા અધમ પુરૂષો છે. તેવા દંભી મુનિનું નામ લેવાથી પણ પાપ લાગે છે. તો તેમને વંદના કરવી કે માન આપવું તેમાં કેટલું પાપ લાગે તે વિચારવા જેવું છે, અર્થાત્ તેવા દંભી મુનિનો સર્વથા અનાદર કરવો જોઈએ. ૧૫

દાંભિક પુરૂષો યતિના નામથી આ જગત્ને છેતરે છે.

कुर्वते ये न यतनां सम्यगाद्योचितामपि ।
तैरहो यतिनाम्नैव दांभिकैर्वंच्यते जगत् ।। १६ ।।

ભાવાર્થ—જે મુનિઓ સારી રીતે વિચારી યતનાને કરતા નથી, તેવા દાંભિક મુનિઓ યતિના નામથી આ જગત્ને છેતરે છે. ૧૬

વિશેષાર્થ—મુનિઓના બધા આચારોમાં યતના કરવી એ મુખ્ય આચાર છે. જે મુનિઓ સારી રીતે વિચારી એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ જોઈને યતના કરતા નથી, તેઓ ખોટા મુનિઓ છે. તેઓ મુનિનું ખોટું નામ ધારણ કરી આ જગત્ને છેતરે છે. તેથી તેવા ધૂર્ત્ત મુનિઓથી કોઈએ ઠગાવું ન જોઈએ. કહેવાનો ભાવાર્થ એવો છે કે, જેઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી વિચારી યતના કરતા નથી, તેઓ દંભી મુનિ છે, અને તેના દંભી મુનિઓને કોઈએ માન આપવું ન જોઈએ. ૧૬

દંભહીન મુનિ આ વિશ્વને તૃણ સમાન માને છે.

ધર્માતિખ્યાતિલાભેન પ્રચ્છાદિત નિજાશ્રવઃ।
તૃણાય મન્યતે વિશ્વં હીનોઽપિ ધૃતકૈતવઃ ॥ ૧૭ ॥

ભાવાર્થ—ધર્મમાં થયેલ પોતાની અતિ ખ્યાતિના લાભથી પોતાના આશ્રવને ઢાંકનારો, અને હીન છતાં પણ કપટ—દંભને ધારણ કરનારો યતિ આ વિશ્વને તૃણવત્ ગણે છે. ૧૭

વિશેષાર્થ—કેટલાએક મુનિઓ દંભથી ધર્મમાં વિખ્યાત થઈ જાય છે, એટલે તેઓ ખરા ધર્મી તરીકે પ્રખ્યાતિ પામી જાય છે. તેઓ તે પોતાની ખ્યાતિના લાભથી પોતાનામાં જે કર્મના આશ્રવો રહેલા હોય, અર્થાત્ જે દોષ રહેલા હોય, તેને ઢાંકી દે છે. પછી તેઓ આ જગતને તૃણવત્ ગણે છે. કહેવાનો આશય એવો છે કે, દંભથી જગત્માં ધર્મી તરીકે વિખ્યાત થઈ ગયેલા મુનિઓ પોતે સર્વ રીતે હીન છતાં આ જગત્ને ગણતા નથી, તેથી તેવા મુનિઓથી વધારે ચેતવાનું છે. જો કે પરિણામે તેવા મુનિઓનો દંભ પ્રગટ થયા વિના રહેતો નથી, તથાપિ વૃથા ધર્મની ખ્યાતિથી તેઓ એકવાર એટલા બધા ફાવી જાય છે કે, તેઓ આ વિશ્વને તૃણવત્ ગણે છે. ૧૭

કઠિન કર્મ શેનાથી બંધાય છે ?

આત્મોત્કર્ષાયતો દંભાત્પરેષાં ચાપવાદતઃ।
બધ્નાતિ કઠિનં કર્મ બાધકં યોગજન્મનઃ ॥ ૧૮ ॥

ભાવાર્થ—પોતાનો ઉત્કર્ષ બતાવવાથી, દંભથી અને બીજા એના અપવાદથી યોગીના જન્મને બાંધ કરનારૂં કઠિન કર્મ બાંધે છે. ૧૮

વિશેષાર્થ—આ જગતમાં યોગ જન્મવાળા એટલે મન વચન અને કાયાના યોગને, અથવા સમાધિયોગને બાંધ કરનારૂં કઠિન કર્મ ત્રણ રીતે બંધાય છે. એક તો પોતાનો ઉત્કર્ષ બતાવવો. 'હું સર્વથી ઉત્કૃષ્ટ છું' એમ દર્શાવવું, તેનાથી કઠિન કર્મ બંધાય છે, કારણ કે, તેની અંદર માન–અહંકાર રહેલો છે, એટલે ઘોર કર્મનો બંધ થાય છે. બીજું દંભ કરવાથી પણ તેવું કઠિન કર્મ બંધાય છે, અને ત્રીજું બીજાઓના અપવાદથી કઠિન કર્મ બંધાય છે. દંભને માટે તો ઘણું લખાએલું છે, પણ બીજાઓનો અપવાદ એટલે બીજાઓની નિંદા કરવાથી કઠિન કર્મ બંધાય છે, તેથી ઉત્તમ મુનિઓએ આત્મોત્કર્ષ, દંભ અને પરનિંદાનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૧૮

તેથી આત્માર્થીએ સર્વથા દંભનો ત્યાગ કરવો જોઇએ.

आत्मार्थिना ततस्त्याज्यो दंभोऽनर्थ निबंधनम् ।
शुद्धिः स्यादृजुभूतस्ये त्यागमे प्रतिपादितम् ॥ १९ ॥

ભાવાર્થ—તેથી આત્માના અર્થી એવા મુનિએ કે ગૃહસ્થે અનર્થના કારણ રૂપ એવા દંભનો ત્યાગ કરવો. કારણ કે, સરલતાવાળા પુરૂષના આત્માની શુદ્ધિ થાય છે, એમ આગમને વિષે પ્રતિપાદન કરેલું છે. ૧૯

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર દંભના ત્યાગને માટે બીજા પ્રકારથી કહે છે. દંભ અનર્થનું કારણ છે, એટલે દંભ કરવાથી અનેક જાતના અનર્થો ઉત્પન્ન થાય છે, તેથી આત્માર્થી પુરૂષે તેનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. આત્માર્થી, એ વિશેષણ આપી ગ્રંથકારે એવી સૂચના કરી છે કે, જે આત્માના અર્થી હોય; અર્થાત્ આત્માની શુદ્ધિને ઇચ્છનારા હોય, તેમણે દંભનો ત્યાગ કરવો જરૂર છે. કારણ કે, દંભ રાખવાથી અનેક જાતના અનર્થો ઉભા થાય છે, જે અનર્થો આત્માની શુદ્ધિનો પણ નાશ કરનારા છે. તે વાતને પુષ્ટિ આપવાને ગ્રંથકાર ઉત્તરાર્દ્ધથી કહે છે કે, આગમમાં ભગવાન્ જિનેશ્વરે એવું પ્રતિપાદન કરેલું છે કે, જેનામાં સરલતા હોય, તેના આત્માની શુદ્ધિ થાય છે. દંભ એ સરલતાને નાશ કરનારો છે, તેથી દંભી પુરૂષનો આત્મા શુદ્ધ થઈ શકતો નથી. આ ઉપરથી એવો સાર નીકળેછે કે, મુનિએ કે ગૃહસ્થે સર્વદા સરલ ભાવ રાખવો, અને દંભનો ત્યાગ કરવો; જેથી આત્માની શુદ્ધિ થાય છે, અને તે આત્મ શુદ્ધિના પ્રભાવથી કર્મની નિર્જરા સુગમ છે. ૧૯

દંભ કરવો નહીં એવી પરમેશ્વરની આજ્ઞા છે.

जिनैर्नानुमतं किंचिन्निषिद्धं वा न सर्वथा ।
कार्ये भाव्यमदंभेनेत्येषाज्ञा पारमेश्वरी ॥ ૨૦ ॥

ભાવાર્થ—તીર્થંકરોએ એકાંતે આજ્ઞા પણ કરી નથી, તેમ સર્વથા નિષેધ પણ કર્યો નથી, પરંતુ જે કાર્ય કરવું, તે દંભ રહિત કરવું, એવી પરમેશ્વરની આજ્ઞા છે. ૨૦

વિશેષાર્થ—અનેકાંતવાદને પ્રવર્ત્તાવનારા ભગવાન તીર્થંકરો

કોઇ વાતમાં એકાંતે આજ્ઞા કરતા નથી, તેમ એકાંતે નિષેધ કરતા નથી. તથાપિ તેમણે એવી આજ્ઞા કરેલી છે કે, કોઇ પણ કાર્ય દંભ વિના કરવું. આ ઉપરથી સમજી લેવાનું છે કે, ભગવંતે જ્યારે દરેક કાર્ય દંભ રહિત કરવાની સૂચના આપી છે, તો પછી તેમના અનુયાયીઓએ કોઇ પણ કાર્યમાં દંભ કરવો ન જોઇએ. યતિઓએ અને ગૃહસ્થોએ પોત પોતાના આચારમાં નિર્દંભપણે વર્ત્તવું જોઇએ. જેઓ દંભથી વર્ત્તનારા છે, તેઓ ભગવંતની આજ્ઞાના ઉત્થાપક છે, તેથી તેઓ ખરેખરા દૂષિત છે. ૨૦

અધ્યાત્મમાં આસક્ત હૃદયવાળા પુરૂષોને અલ્પ પણ દંભ કરવો યોગ્ય નથી.

अध्यात्मरतचित्तानां दंभः स्वल्पोपि नोचितः।
छिद्रलेशोऽपि पोतस्य सिंधुं लंघयतामिव ॥ २१ ॥

ભાવાર્થ—જેમનું ચિત્ત અધ્યાત્મને વિષે આસક્ત છે, તેવા પુરૂષોએ થોડો પણ દંભ કરવો યોગ્ય નથી. સમુદ્રને તરનારા પુરૂષોના વહાણને એક છિદ્રનો લેશ પણ યોગ્ય નથી. ૨૧

વિશેષાર્થ—જેમનું ચિત્ત અધ્યાત્મને વિષે તત્પર હોય છે, તેમણે થોડો પણ દંભ રાખવો ન જોઇએ. જો તેમનામાં થોડો પણ દંભ હશે તો, તેમને અધ્યાત્મ વિદ્યા પ્રાપ્ત નહીં થાય. એટલું જ નહીં પણ, તે સિવાય તેમને બીજી પણ મોટી હાનિ થશે. તેથી લેશ માત્ર પણ દંભ રાખવો ન જોઇએ. તે ઉપર ગ્રંથકાર બરાબર દૃષ્ટાંત આપે છે. જેઓ સમુદ્રના પારને પામવા તૈયાર થયા હોય, તેમણે પોતાના વહાણમાં જરા પણ છિદ્ર રાખવું ન જોઇએ.

જે વહાણમાં નાનું પણ છિદ્ર હોય તો તે વહાણ સમુદ્રમાંજ ડુબી જાય છે, તેવા વહાણમાં બેસનારાઓ સમુદ્રના પારને પામી શકતા નથી. તેમ અધ્યાત્મ વિદ્યા મેળવવાની ઇચ્છા રાખનારાઓ જો લેશ માત્ર દંભ ધારણ કરે તો, તેઓ અધ્યાત્મ વિદ્યા મેળવી શકતા નથી. તેથી અધ્યાત્મને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનારાઓએ સર્વથા દંભનો ત્યાગ કરવો જોઇએ. ૨૧

તે વિષે મલ્લીનાથ પ્રભુનું દૃષ્ટાંત.


दंभलेशोऽपि मल्यादेः स्त्रीत्वानर्थनिबंधनम् ।
अतस्तत्परिहाराय यतितव्यं महात्मना ॥ २२ ॥

ભાવાર્થ—મલ્લીનાથ વિગેરેને, લેશ માત્ર પણ રાખેલો દંભ સ્ત્રીવેદના અનર્થનું કારણ થયો હતો; એથી તેનો ત્યાગ કરવાને મહાત્મા પુરૂષે પ્રયત્ન કરવો જોઇએ. ૨૨


વિશેષાર્થ—મલ્લીનાથ પ્રભુ કે જેઓ મલ્લીકુમારીના નામથી ઓળખાય છે, તેમણે પૂર્વ ભવે જરા દંભ કર્યો હતો, તેથી તેઓએ સ્ત્રી વેદને બાંધ્યો હતો. લેશ માત્ર દંભ કરવાથી સ્ત્રીવેદને પ્રાપ્ત થયેલા મલ્લીનાથનો દાખલો વિચારવા જેવો છે. જેઓ તીર્થંકર પદને પામેલા હતા, છતાં માત્ર થોડા દંભને લઇને સ્ત્રીપણાને પામેલા હતા. તે ઉપરથી દંભ કેવો વિપરીત ફલ આપનાર છે, તે સર્વેએ વિચારવું જોઇએ. તેથી સામાન્ય પુરૂષની વાત તો એક તરફ રહી, પણ જેમનો આત્મા મહાન્ થયો હોય, મોટલે જે મહાત્મા હોય, તેમણે પણ લેશ માત્ર દંભનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો જોઇએ. જ્યાં સુધી અલ્પ પણ દંભ હોય, ત્યાં

બુધી આત્મા ઉત્તમ સ્થિતિ એ પહોંચ્યો હોય તોપણ, તેને પેઠવું પડે છે, માટે તે વિપરીત કૃતને આપનારા દંભનો સર્વથા ત્યાગ કરવો યોગ્ય છે. જેમ અલ્પ પણ વિષ હોનિ કર્યા વિના રહેતું નથી, તેમ અલ્પ પણ દંભ વિપરીત કૃત આપ્યા વિના રહેતો નથી. ૨૨

ઇતિ દંભત્યાગ નામે ત્રીજો અધિકાર સમાપ્ત.



અધિકાર ૪ થો.



ભવ-સ્વરૂપ ચિંતા.

શિખરિણી.

त्वदेवं निर्दंभाचरणपटुता चेतसि भव-
स्वरूपं संचित्य क्षणमपि समाधाय सुधिया ।
इयं चिंताध्यात्मप्रसरसरसीतीरलहरी
सतां वैराग्यादिप्रियपवनपीना सुखकृते ॥ १ ॥

ભાવાર્થ—એવી રીતે દંભ રહિત આચરણ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી, સારી બુદ્ધિવાળા પુરૂષે સમાધિ પ્રાપ્ત કરી, પોતાના ચિત્તને વિષે ક્ષણવાર આ સંસારનું સ્વરૂપ ચિંતવવું. એ સંસારના સ્વરૂપની ચિંતા અધ્યાત્મના પ્રદેશ રૂપી સરોવરના તીરની લહરી છે, જે વૈરાગ્ય પ્રમુખ રૂપ પ્રીતિકારી પવનથી પુષ્ટ થયેલી છે, તે સત્પુરૂષોને સુખને માટે થાય છે. ૧

વિશેષાર્થ—ગ્રંથકાર હવે ભવસ્વરૂપની ચિંતા નામે ચોથા અધિકારનો આરંભ કરેછે. ત્રીજા અધિકારમાં દંભનો ત્યાગ કરવાને કહ્યું, તે પછી આ અધિકારમાં સંસારના સ્વરૂપનું ચિંતવન કરવાનું કહે છે. અહિં ગ્રંથકાર તે ક્રમને બરાબર બતાવે છે. જ્યારે દંભનો ત્યાગ થાય, ત્યારે તે પુરૂષ આ સંસારના સ્વ-

રૂપને ચિંતવવાનો અધિકારી થઇ શકે છે. જેનામાં દંભ હોય, તે સંસારના સ્વરૂપને ચિંતવી શકતો નથી. સારી બુદ્ધિવળા પુરૂષનું જ્યારે દંભ રહિત આચરણ થાયછે, ત્યારે તેણે સમાધિથી આ સંસારના સ્વરૂપને ચિંતવવું જોઇએ. એ સંસારના સ્વરૂપની ચિંતાને ગ્રંથકાર અલંકારથી વર્ણવે છે. જેમ સુંદર સરોવરની લહરીનો શીતલ પવન આવતો હોય, તે જેવો સુખકારક થાય છે, તેવી રીતે સંસારના સ્વરૂપનું ચિંતવન સત્પુરૂષોને સુખકારી થાય છે. સંસારના સ્વરૂપનું ચિંતવન કરવાથી અધ્યાત્મરૂપ સરોવર ના તીરની લહરીમાંથી વૈરાગ્ય પ્રમુખની ભાવના રૂપી શીતળ પવન છુટે છે, જે શીતલ પવન સત્પુરૂષોને સુખકારક થાય છે. કહેવાનો આશય એવો છે કે, જે માણસ આ સંસારના સ્વરૂપનું ચિંતવન કરે છે, તેને વૈરાગ્ય વગેરે ભાવનાવાળું અધ્યાત્મ પ્રગટ થાયછે. જેથી તેનો અંતરઆત્મા અપૂર્વ આનંદને અનુભવે છે. માટે દંભનો ત્યાગ કરી, આ સંસારના અસાર સ્વરૂપનું ચિંતવન કરવું, કે જેથી વૈરાગ્ય પ્રમુખ ગુણવાલું અધ્યાત્મ પ્રાપ્ત થાયછે ૧

આ ભયંકર સંસાર સમુદ્રમાં કોને ભય થતો નથી?

इतः कामौर्वाग्निर्ज्वलति परितो दुःसह इतः
पतंति ग्रावाणो विषयगिरिकूटाच्चिघटिताः ।
इतः क्रोधावर्त्तो विकृतितटिनी संगमकृतः
समुद्रे संसारे तदिह न भयं कस्य भवति ॥ २ ॥

ભાવાર્થ—આ સંસાર રૂપ સમુદ્ર કે જેમાં એક તરફ કામ રૂપી દુઃસહ વડવાનળ સળગી રહ્યો છે. એક તરફ વિષય રૂપી

પર્વતના શિખર ઉપરથી જુદા થયેલા પાષાણો પડી રહ્યા છે અને એક તરફ વિકૃતિ (વિકાર) રૂપી નદીના સંગમથી ક્રોધ રૂપી ચકરીઓ થયા કરે છે, તેવા આ સંસાર રૂપ સમુદ્રમાં કોને ભય ન થાય ? ૨

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી સંસાર સમુદ્રનું ભયંકર સ્વરૂપ વર્ણવે છે. જેમ સમુદ્રની અંદર વડવાનળ સળગે છે, અંદર આવેલા પર્વતોના શિખરમાંથી પાષાણો પડે છે, અને તેની સાથે મળતી નદીઓના જળની ચક્રીઓ થાય છે, તેવી રીતે આ સંસાર રૂપ સમુદ્રમાં કામદેવ રૂપી વડવાનળ સળગે છે, વિષય રૂપી પર્વતોના શિખરમાંથી પાષાણો પડે છે, અને વિકૃતિ રૂપ નદીઓના જળની ચક્રીઓ ઉત્પન્ન થાય છે, તેથી તે સંસાર સમુદ્ર અતિ ભયંકર છે. કહેવાનો આશય એવો છે કે, સંસારની અંદર રહેલા પ્રાણીઓને કામદેવ બાળે છે, તેમને વિષયો પીડે છે, અને વિકારોનાં વમળો દુઃખ આપે છે. તેવા સંસારમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો યોગ્ય છે. ગ્રંથકારે સંસારને સમુદ્રનું રૂપક આપી તેના ભયંકર સ્વરૂપનું વર્ણન કરેલું છે. ૨

સંસારને અગ્નિનું રૂપક આપી વર્ણન કરે છે.

प्रियाज्वाला यत्रोल्लसति रतिसंतापतरला
कटाक्षान् धूमौघान् कुवलयदलश्यामलरुचीन्।
अथांगान्यंगाराः कृतबहुविकाराश्च विषया
दहंत्यस्मिन् कन्दौ भवकपुषि शर्म क्व खलु भम् ॥ ३ ॥

ભાવાર્થ—રતિ-વિષયના સંતાપથી ચપળ એવી પ્રિયા-સ્ત્રી રૂપી જ્વાલા જેમાંથી નીકળે છે, કમળ દળના જેવી શ્યામ કાંતિવાળા કટાક્ષ રૂપી ધૂમાડાના જથ્થા જેમાંથી પ્રગટ થાય છે. અને ઘણા વિકારોને કરનારા વિષયો રૂપી અંગારા જ્યાં અંગોને બાળે છે, એવા સંસાર રૂપી અગ્નિમાં સુખ ક્યાં સુલભ છે ? ૩

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી સંસારને અગ્નિનું રૂપક આપી વર્ણવે છે. જેમ અગ્નિમાંથી જ્વાલા નીકળે છે, ધૂમાડાના જથ્થા પ્રગટ થાય છે, અને અંગારા પડે છે, તેવી રીતે આ સંસાર એક અગ્નિરૂપ છે. પ્રિયા—સ્ત્રીરૂપી જ્વાલા એ સંસારરૂપી અગ્નિમાંથી પ્રગટ થાય છે. પ્રિયાને જ્વાલાની ઉપમા આપવાનું કારણ એ છે કે, જ્વાલામાં હમેશાં તાપ રહેલો છે, તો તે પ્રિયારૂપી જ્વાલામાં રતિ—સંભોગ રૂપી તાપ રહેલો છે. વિષય સેવવો એ કામાગ્નિનું પરિણામ છે, તેથી તેમાં તાપ થવાનો સંભવ છે. વળી તે સંસારરૂપી અગ્નિમાંથી સ્ત્રીના કટાક્ષરૂપી ધૂમાડાના જથ્થા પ્રગટ થાય છે. અગ્નિના ધૂમાડા શ્યામ હોવાથી ગ્રંથકારે કટાક્ષની સાથે સરખાવ્યા છે, કારણ કે, કમળના પત્ર જેવાં નેત્રોનાં કટાક્ષો શ્યામ છે. એટલે સંસારમાં સ્ત્રી સાથે રહેવાનું છે, અને તે સ્ત્રી પોતાનાં કટાક્ષોથી પુરૂષને મોહિત કરે છે. જેમ ધૂમાડાથી માણસ મોહિત-મુંઝાઈ જાય છે, તેમ કટાક્ષથી પુરૂષો મુંઝાઈ જાય છે,તેથી કટાક્ષને ધૂમાડાની ઉપમા બરાબર ઘટે છે. તે સંસારરૂપી અગ્નિમાં વિષય-વિકારરૂપ અંગારાઓ રહેલા છે. જેમ અગ્નિના તીવ્ર અંગારા તરત બુઝાઈ જતા નથી, તેમ વિષય વિકારો તરત શાંત થતા નથી, તે ઘણી વાર જાગ્રત રહ્યા કરે છે. તે ઉપરથી તેમને અંગારાની ઉપમા આપી છે. તેઓ અંગારાની જેમ અંગને બાળે છે, અર્થાત્

જ્યાંસુધી વિષય વિકારો શાંત થતા નથી, ત્યાંસુધી તે ઘણોજ પરિતાપ આપે છે. તેવા સંસારરૂપી અગ્નિમાં રહેલા પ્રાણીને કયાંથી સુખ સુલભ થાય ? આ પ્રલોકમાં ગ્રંથકારે સ્ત્રીને ઉદ્દેશીનેજ સંસારનું સ્વરૂપ દર્શાવ્યું છે. ૩

આ સંસાર એક કસાઇનું સ્થાન છે.

गले दत्वा पाशं तनयवनितास्नेहघटितं
निपीड्यंते यत्र प्रकृतिकृपणाः प्राणिपशवः ।
नितांतं दुःखार्त्ता विषमविषयैर्घातिकजनै-
र्भवःसूनास्थानं तदहह महासाध्वसकरं ॥ ४ ॥

ભાવાર્થ—જેમાં સ્વભાવે કૃપણ એવા પ્રાણી રૂપ પશુઓને ગળામાં પુત્ર સ્ત્રીના સ્નેહ રૂપ પાશ નાંખી વિષમ એવા વિષય રૂપ ઘાતકી માણસો અતિ દુઃખી કરી પીડે છે, તે આ સંસાર, અહા ! મોટા ભયને કરનારૂં કસાઇના સ્થાન રૂપ છે. ૪

વિશેષાર્થ—આ પ્રલોકથી ગ્રંથકાર સંસારને કસાઇના સ્થાનની ઉપમા આપે છે. કસાઇના સ્થાનમાં તેનાં ઘાતકી માણસો બીચારાં પશુઓને ગળામાં પાશ નાંખી દુઃખી કરી મારી નાંખે છે, તેવી રીતે આ સંસાર રૂપ કસાઇના સ્થાનમાં પ્રકૃતિએ કૃપણ એવા પ્રાણી રૂપ પશુઓને વિષય રૂપી ઘાતકી માણસો અત્યંત દુઃખી કરી પીડે છે. જેમ કસાઇઓ પશુઓને મારવાને તેમના ગળામાં પાશ નાંખે છે, તેમ આ સંસારમાં પ્રાણીઓના ગળાને વિષે સ્ત્રીપુત્ર રૂપ પાશ નાંખવામાં આવે છે. સંસારી જીવ પોતાનાં સ્ત્રી

પુત્ર કુટુંબમાં એટલો બધો આસક્ત થઇ જાય છે કે, જે તેને ગળામાં પાશ રૂપ થઈ પડે છે. તેથી ગ્રંથકારે સ્ત્રી–પુત્રાદિને પાશનું રૂપક યથાર્થ આપ્યું છે. સંસારી પ્રાણીઓને વિષયો એટલા બધા ખેંચે છે, કે, જે ઊપરથી ગ્રંથકારે તેને ઘાતકી નરની ઊપમા આપી છે. કુટુંબના મોહમાં લાચાર બની ગયેલાં પ્રાણીઓને પ્રકૃતિથી કૃપણ કહેલા છે, તેથી આ સંસાર ખરેખર એક ભયંકર કસાઈનું સ્થાન છે. અને તે ઊપમા પૂર્ણ રીતે ઘટાવી છે. તેથી સર્વ ભવી જીવોએ આ સંસારને એક કસાઈનું સ્થાન જાણી તેમાંથી મુક્ત થવા પ્રયત્ન કરવો જોઇએ, એ ગ્રંથકારનો આશય છે. ૪

આ સંસાર રૂપી રાક્ષસ વિશ્વાસ કરવા યોગ્ય નથી.

अविद्यायां रात्रौ चरति वहते मूर्ध्नि विषमं
कषायव्यालौघं क्षिपति विषयास्थीनि च गले ।
महादोषान् दंतान् प्रकटयति वक्रस्मरमुखो
न विश्वासार्होऽयं भवति भवनक्तंचर इति ॥ ५ ॥

ભાવાર્થ—જે આ સંસાર રૂપી રાક્ષસ અવિદ્યા રૂપી રાત્રિમાં વિચરે છે, મસ્તક ઊપર વિષમ એવા કષાય રૂપ સર્પોના સમૂહને વહન કરે છે, ગળામાં વિષય રૂપી અસ્થિઓને નાંખે છે, અને વક્ર મુખે હસતો મહા દોષ રૂપી દાંત પ્રગટ રીતે દેખાડે છે, તે આ સંસારરૂપી રાક્ષસ વિશ્વાસ કરવાને યોગ્ય નથી. ૫

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર આ સંસારને એક રાક્ષસનું રૂપક આપે છે. ભયંકર રાક્ષસ રાત્રે ફરે છે, માથા ઊપર

સર્પોનો સમૂહ ધરે છે, ગળામાં અસ્થિ નાંખે છે, અને મુખ ફાડી દાંત દેખાડી હસે છે. તેવી રીતે આ સંસાર રૂપી રાક્ષસ અવિદ્યા-અજ્ઞાનરૂપી રાત્રિમાં વિચરે છે, કષાય રૂપી સર્પોનો સમૂહ મસ્તક ઉપર વહે છે, ગળામાં વિષય રૂપ અસ્થિને ફેંકે છે, અને મહા-દોષ રૂપી દાંતને દેખાડે છે; તેવો આ સંસાર રૂપ રાક્ષસ વિશ્વાસ કરવાને યોગ્ય નથી. આ ઉપરથી સંસારનું સ્વરૂપ દર્શાવી આપ્યું છે. આ સંસારમાં અવિદ્યા—અજ્ઞાન રહેલું હોય છે. લોભ, મોહ વગેરે કષાયો વિદ્યમાન છે, વિષયો પ્રવર્ત્તે છે, અને બીજા દોષો પણ ઘણા છે. અવિદ્યા—અજ્ઞાન એ અંધકાર રૂપ હોવાથી તેને રાત્રિની ઉપમા આપી છે. કષાયો ક્રૂરી હોવાથી તેને સર્પની ઉપમા આપી છે, વિષયો અપવિત્ર અને કઠોર હોવાથી તેમને અસ્થિની ઉપમા આપી છે, અને મોટા દોષ પ્રગટ થવાના સ્વભાવવાળા છે, તેથી તેમને દાંતની ઉપમા આપી છે. આવા સંસાર રૂપી રાક્ષસનો વિશ્વાસ કરવો ન જોઇએ. જેમ રાક્ષસ વિશ્વાસને લાયક નથી, તેમ આ સંસાર વિશ્વાસને લાયક નથી, આત્માનું શુભ ઇચ્છનારા પુરૂષે તેનાથી દૂરજ રહેવું જોઇએ. ૫

આ સંસાર રૂપી અટવીમાં કામદેવ રૂપી લુંટારો લોકોને લુંટે છે.

जना लब्ध्वा धर्मऋविणव्रजिन्नां कथमपि
मयांतो वामाक्षीस्तन विषमदुर्गेस्थितिकृता ।
विलुप्यंते यस्यां कुसुमशरजिद्भेन बलिना
जवाटव्यां नास्यामुचितमसहायस्य गमनम् ॥ ६ ॥

ભાવાર્થ—જેઓ આ સંસાર રૂપી અટવીમાં ધર્મ રૂપી દ્રવ્યના થોડા અંશની ભિક્ષા માંડમાંડ મેળવી પ્રયાણ કરતા તેવા લોકોને, સુંદર નેત્રવાળી સ્ત્રીના સ્તન રૂપ વિષમ દુર્ગમાં સ્થિતિ કરીને રહેલો કામદેવ રૂપી બળવાન લુંટારો લુંટે છે, તે અટવીમાં સહાય વગર ગમન કરવું ઉચિત નથી. ૬

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકારે આ સંસારને અટવીનું રૂપક આપી તેમાં રહેલા કામદેવને એક લુંટારા તરીકે વર્ણવ્યો છે. જેમ કોઈ ભયંકર અટવીમાં લુંટારો કોઇ ગહન સ્થાનમાં રહી ત્યાંથી દ્રવ્ય લઇ પસાર થતા લોકોને લુંટે છે, તેમ આ સંસાર રૂપી અટવીમાં રહેલો કામદેવ રૂપી લુંટારો લોકોને લુંટે છે. અટવીમાં જેમ લોકોની પાસે દ્રવ્ય લુંટાય છે, તેમ આ સંસાર રૂપી અટવીમાં લોકો માંડમાંડ ધર્મના એક અંશ રૂપ દ્રવ્યને લઇ પ્રયાણ કરતા હોય, તેવામાં તેમને તે કામ લુંટારો લુંટી લે છે. ધર્મનો અંશ કહેવાનું કારણ એ છે કે, જો પૂર્ણ રીતે ધર્મની પ્રાપ્તિ થઇ હોય તો, તેની પાસેથી કામદેવ લુંટી શકતો નથી. ધર્મના પૂર્ણ બોધથી પ્રાણી કામના સ્વરૂપને સમજે છે, એટલે તે તેનો વિશ્વાસ કરતો નથી. જેમ અટવીમાં લુંટારાઓ કોઇ ગહન ભાગમાં છુપાઇ રહે છે, તેમ અહિં કામ દેવ રૂપી લુંટારો સ્ત્રીઓના સ્તન રૂપી વિષમ કિલ્લામાં છુપાઇ રહે છે. કારણ કે, કામની સ્થિતિ સ્ત્રીઓના સ્તનાદિ અંગમાં રહેલી છે. છેવટે ગ્રંથકાર જણાવે છે કે, જે સંસાર અટવીમાં કામદેવ જેવો જબરો લુંટારો રહે છે, તેમાં પ્રયાણ કરનારે કોઈની સહાય વગર જવું ન જોઈયે. કહેવાનો આશય એવો છે કે, તે અટવીમાં જનારે ધર્મની સહાય લેવી જોઇએ. આ સંસારમાં સ્ત્રીના અંગમાં રહેલો કામદેવ બહુ વિષમ છે, તેથી ભવી આત્માએ તેનાથી દૂર રહેવું જોઇએ, એ ઉપદેશ છે. ૬

આ સંસાર કપટ રચનાથી ભરેલો છે, તેમાં વિવેકી પુરૂષ આસકત થતો નથી.

धनं मे गेहं मे मम सुतकलत्रादिकमतो
विपर्यासादासादितविततदुःखा अपि मुहुः ।
जना यस्मिन् मिथ्यासुखमदभृतः कूटघटना
मयोऽयं संसारस्तदिह न विवेकी प्रसरति ॥ ७ ॥

ભાવાર્થ—મારૂં ધન, મારૂં ઘર, મારા પુત્રો અને મારી સ્ત્રી વગેરે, એવા વિપર્યાસથી જેમણે વારંવાર વિસ્તારવાળાં દુઃખ પ્રાપ્ત કરેલાં છે, એવા લોકો પણ જે સંસારમાં મિથ્યા સુખના હર્ષને ધારણ કરનારા છે, એવો આ કપટ રચનામય સંસાર છે, તેમાં વિવેકી પુરૂષ પ્રસરતો નથી. ૭

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી સંસારને એક ખોટી કપટ રચના રૂપે વર્ણવે છે. જેમ કોઈ ખોટી કપટી–કૃત્રિમ રચના કરી હોય, તેની અંદર લોકો છેતરાય છે, તેમ આ સંસાર એક કપટ રચના રૂપ છે. તેની અંદર લોકો વારંવાર ભુલાવાથી મોહ ધારણ કરી દુઃખી થાય છે. સંસારની કપટ રચનાને જોઈ લોકો કહે છે કે, "આ મારૂં ધન છે, આ મારૂં ઘર છે, આ મારા પુત્રો છે, અને આ મારી સ્ત્રી છે" આ પ્રમાણે મમતા રાખવાથી તેઓના દુઃખનો વિસ્તાર થાય છે, તે છતાં તેઓ મિથ્યા સુખના હર્ષને ધારણ કરે છે. આવા કૂટ રચના રૂપ સંસારમાં વિવેકી પુરૂષ પ્રસરતો નથી. જે અવિવેકી છે, તેઓજ તેમાં પ્રસરે છે. ૭

આ સંસાર એક કારાગૃહ છે.

प्रियास्नेहो यस्मिन्निगडसदृशो यामिकभटो
-पमः स्वीयो वर्गो धनमजिनवं बंधनमिव।
महामेध्यापूर्णं व्यसनविलसंसर्गविषमं
नवःकारागेहं तदिह न रतिः क्वापि विदुषाम् ॥ ८ ॥

ભાવાર્થ—જેની અંદર પ્રિયાનો સ્નેહ એક બેડીના જેવો છે, સ્વજન વર્ગ પહેરેગીર સુભટના જેવો છે, ધન નવીન બંધનના જેવું છે, અને વ્યસન અતિ અપવિત્ર વસ્તુથી ભરેલ બિલના સંસર્ગથી વિષમ છે, એવો આ સંસાર ખરેખર કારાગૃહ રૂપ છે, તેની અંદર વિદ્વાનોને કયારે પણ પ્રીતિ થતી નથી. ૮

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી સંસારને કારાગૃહનું રૂપક આપે છે. કારાગૃહમાં પગની અંદર બેડી પડે છે, તેમ આ સંસાર રૂપ કારાગૃહમાં પ્રિયાનો સ્નેહ બેડી રૂપ છે. પ્રિયાના પ્રેમમાં આસક્ત થયેલો પુરૂષ એટલો બધો પરતંત્ર રહેછે કે તે બેડીમાં પડેલો હોયતેવો દેખાય છે. જેમ કારાગૃહ પાસે પહેરેગીરો હોયછે, તેમ આ સંસાર રૂપ કારાગૃહમાં સંસારી જીવને પોતાનો સ્વજન વર્ગ પહેરેગીર રૂપ છે. પહેરો ભરનારો પુરૂષ તે કેદીને કયાંઈ પણ જવા દેતો નથી, તેને લઇને કેદી પરતંત્ર થઇ પડયો રહેછે, તેવી રીતે સ્વજન વર્ગના મોહમાં પડેલો સંસારી તેને આધીન થઇ વર્ત્તે-છે. કારાગૃહમાં બંધન હોય છે, તેમ સંસારરૂપ કારાગૃહમાં ધનનું બંધન છે. કારાગૃહમાં મોટા અપવિત્ર બિલ–ખાડા હોયછે, તેમ સંસાર રૂપ કારાગૃહમાં વ્યસન રૂપી અપવિત્ર- ખાડા છે. ધન મા

ણુસના મનને લોભથી બાંધી લેછે, તેથી તેને બંધનની ઉપમા આપી છે, અને અપવિત્ર વસ્તુવાલા બાંડાઓ જેમ માણુસને અંદર ખુચાવી દેછે, તેમ વ્યસનો માણુસને તેમની અંદર ખુચાવી દે છે, તેથી તેને બાંડાની ઉપમા યથાર્થ છે. આવા સંસાર રૂપી કારાગૃહમાં જે વિદ્વાન્ પુરૂષો હોય. તેમની પ્રીતિ કયારેય પણ થતી નથી, કારણ કે, કયો પ્રાજ્ઞ પુરૂષ પોતાને હાથે કારાગૃહનું દુઃખ વોહોરી લે? કહેવાનો આશય એવો છે કે, આ સંસારમાં પ્રિયાનો સ્નેહ, સ્વજન વર્ગ, દ્રવ્ય અને વ્યસનો એટલાં બધાં દુઃખ રૂપ છે કે, તેના યોગથી તે સંસાર પ્રાણીને કારાગૃહની જેમ દુઃખ આપેછે, માટે સર્વથા તેનો ત્યાગ કરવો જોઈએ. ૮

આ સંસાર એક શ્મશાનરૂપ છે.

महाक्रोधो गृध्रोऽनुपरतिशृगाली च चपला
स्मरोलूको यत्र प्रकटकटुशब्दः प्रचरति ।
प्रदीप्तः शोकाग्निस्ततमपयशो जस्म परितः
श्मशानं संसारस्तदति रमणीयत्वमिह किम् ॥ ९ ॥

ભાવાર્થ—આ સંસાર એક શ્મશાન છે, જેની અંદર મહાન્ ક્રોધરૂપી ગીધ પક્ષી છે, અરતિ રૂપી ચપલ શીયાળણી છે, કટુ શબ્દને પ્રગટ કરતો કામદેવ રૂપી ઘુવડ પક્ષી જેમાં વિચરે છે, શોક રૂપી અગ્નિ જ્યાં પ્રદીપ્ત થયેલો છે, અને જેમાં અપયશરૂપી ભસ્મ આસપાસ રહેલ છે. એવા તે સંસાર રૂપી સ્મશાનમાં શું રમણીય હોય? અર્થાત્ કાંઇ ન હોય. ૯

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી સંસારને સ્મશાનનું રૂપક આપી વર્ણવે છે. સ્મશાનમાં ગીધ પક્ષી, શીયાળ, ધુવડ, અગ્નિ અને ભસ્મ–રક્ષા હોય છે, તેવી રીતે આ સંસાર રૂપી સ્મશાનમાં તેને ઘટાવે છે. સંસાર રૂપ સ્મશાનમાં મોટા ક્રોધરૂપ ગીધ પક્ષી છે. અરતિ રૂપી શીયાળણી ચપલ થઇ તેમાં ફરે છે, કામદેવ રૂપી ધુવડ પક્ષી કટુ શબ્દ કર્યા કરે છે, શોક રૂપી અગ્નિ તેમાં બળ્યા કરે છે, અને અપયશ રૂપી રક્ષા તેમાં ચારે તરફ ઉડે છે. ક્રોધ, પ્રાણીને ઉશ્કેરનારો હોવાથી તેને ગીધ પક્ષીની ઉપમા આપી છે. અરતિ ચપલ અને અશાંતિ આપનારી છે, તેથી તેને શીયાળણીની ઉપમા આપેલી છે. કામદેવ કટુરૂપ હોવાથી તેને કટુ શબ્દ કરનાર ધુવડ પક્ષીની ઉપમા આપેલી છે. શોક–પરિતાપ કરનાર હોવાથી તેને અગ્નિની ઉપમા આપી છે, અને અપયશ ચારે તરફ ફેલાય છે, તેથી તેને ચારે તરફ ઉડનારી રક્ષાની ઉપમા આપી છે. કહેવાનો ભાવાર્થ એવો છે કે આ સંસારમાં મહા ક્રોધ, અરતિ, કામદેવ, શોક અને અપયશ રહેલા છે, અને તે સંસારી જીવને અતિશય દુઃખ આપે છે, માટે તેવા સંસાર ઉપર ભવી આત્માએ આસક્તિ ન રાખવી જોઇએ. તે વિષે છેવટના પદથી ગ્રંથકાર જણાવે છે કે, જેમ સ્મશાનમાં કોઇ પણ જાતની રમણીયતા હોય નહીં, તેમ આ સંસાર રૂપી સ્મશાનમાં કોઇ પણ જાતની રમણીયતા હોતી નથી. તેવા અરમણીય સંસારમાં મોહ રાખવો ઘટિત નથી. ૯

આ સંસાર રૂપ વિષ વૃક્ષ ઉપર આસ્થા રાખવી યુક્ત નથી.

धनाशा यच्छायाप्यतिविषममूर्छाप्रणयिनी
विलासो नारीणां गुरुविकृतये यत्स्मुमरसः ।

फलास्वादो यस्य प्रसरनरकव्याधिनिवह
स्तदास्था नो युक्ता भवविषतरावत्र सुधिया ॥१०॥

ભાવાર્થ—અતિ વિષમ મૂર્છાને વિસ્તારનારી ધનની આશા જેની છાયાછે, મોટા વિકારને માટે થનારો સ્ત્રીઓનો વિલાસ જેનો પુષ્પ રસ છે, અને નરકની વ્યાધિનો સમૂહ જેના ફલનો સ્વાદ છે, એવા આ સંસાર રૂપી વિષ વૃક્ષ ઉપર બુદ્ધિવાળા પુરૂષે આસ્થા કરવી યુક્ત નથી. ૧૦

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી સંસારને વિષવૃક્ષનું રૂપ ક આપે છે. વૃક્ષને મુખ્યત્વે કરીને છાયા, મકરંદ–પુષ્પ–રસ અને ફળ એ ત્રણ વસ્તુઓ હોયછે. તેવી રીતે આ સંસાર રૂપી વિષવૃક્ષને ત્રણ વસ્તુઓ છે. દ્રવ્યની આશા તે વૃક્ષની છાયા છે, કે જે છાયા વિષમ મૂર્છાને કરનારી છે. સ્ત્રીઓનો વિલાસ એ પુષ્પનો રસ છે, જે મોટા વિકારને કરનારો છે, અને નરકની પીડાઓનો સમૂહ, તે વિષવૃક્ષના ફળનો સ્વાદ છે. આવા વિષવૃક્ષ ઉપર સદ્બુદ્ધિ વાળા પુરૂષે આસ્થા રાખવી યુક્ત નથી. સદ્બુદ્ધિ એ વિશેષણ આપી ગ્રંથકારે એમ સૂચવ્યું કે, કદિ મૂર્ખ પુરૂષ હોય, તે તેવા સંસારને વિષે પ્રીતિ કરે, પણ જે સદ્બુદ્ધિવાળો પુરૂષ હોય, તે કદિ પણ તેમાં પ્રીતિ કરતો નથી, કારણ કે તે વિષવૃક્ષના જેવો છે. વિષ વૃક્ષના સેવનથી જેવી હાનિ થાય છે, તેવી હાન સંસારના સેવનથી થાય છે, તેથી જેવી રીતે વિષવૃક્ષ ત્યાગ કરવા યોગ્ય છે, તેવી રીતે આ સંસાર ત્યાગ કરવા યોગ્ય છે. ૧૦

આ સંસારમાં પ્રીતિ થાય તેવું શું છે ?

क्वचित् प्राज्यं राज्यं क्वचन धनलेशोऽप्यसुलभः
क्वचिज्जातिस्फातिः क्वचिदपिच नीचत्वकुयशः ।
क्वचिद्भावण्यश्री रतिशयवती क्वापि न वपुः
स्वरुपं वैषम्यं रतिकरमिदं कस्य नु भवे ॥ ११ ॥

ભાવાર્થ—કોઇને મોટું રાજ્ય હોય છે, ત્યારે કોઇને ધનનો લેશ પણ સુલભ નથી. કોઇને ઉત્તમ જાતિ હોય છે, તો કોઇને નીચપણાનો અપયશ હોય છે. કોઇને અતિશય લાવણ્યની શોભા હોય છે, તો કોઇને શરીરનું રૂપ બીલકુલ નથી, એવી રીતે આ સંસારમાં રહેલું વિષમપણું કોને પ્રીતિ કારક હોય ? ૧૧

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી આ સંસારની વિષમ સ્થિતિ દર્શાવે છે, અને તેથી તે સંસારમાં પ્રીતિ થાય તેવું કાંઇજ નથી, એમ જણાવે છે. કોઇને મોટું રાજ્ય હોય છે, તો કોઇને એક લેશ માત્ર દ્રવ્ય મળતું નથી. કોઇને સારૂં કુલ કે જાતિ હોય છે, તો કોઇને નીચતાનો અપયશ હોય છે. કોઇને અતિશય સ્વરૂપ હોય, તો કોઇ અતિશય કુરૂપી હોય છે. એવી રીતે વિષમતા વાળા આ સંસારમાં પ્રીતિ ઉપજે એવું કાંઇ નથી. કહેવાનો આશય એવો છે કે, આ સંસારમાં સર્વ રીતે કોઇ પણ સુખી હોતું નથી. જેમ એક તરફ રાજ્ય, ઉત્તમ જાતિ, અને અતિશય સૌંદર્ય હોય છે, તો બીજી તરફ નિર્ધનતા, નીચ જાતિ અને કદ્રૂપપણું હોય છે, તેથી એવા વિષમ સંસારમાં પ્રીતિ કરવી તે અયોગ્ય છે. ૧૧

આ સંસાર રૂપ ઘરમાં રહેવામાં સુખ નથી.

इहोद्दामः कामः खनति परिपंथी गुणमही-
मविश्रामः पार्श्वस्तित कुपरिणामस्य कलहः ।
बिलान्यंतः क्रामन्मदफणभृतां पामरमतं
वदामः किं नाम प्रकटजनवधामस्थितिसुखम् ॥ १२ ॥

ભાવાર્થ— પામર લોકોએ માનેલા આ સંસાર રૂપી ઘરમાં સ્થિતિ કરવામાં સુખ નથી, તેને માટે અમે શું કહીએ ? તે સંસાર રૂપી ઘરમાં કામદેવ રૂપી ઉગ્ર શત્રુ, ગુણ રૂપી પૃથ્વીને ખોદ્યા કરે છે. તેની પડોશમાં રહેલ કુપરિણામ–નઠારા પરિણામ રૂપી પાડોશીનો કલહ સતત ચાલ્યા કરે છે, અને તેની અંદર ફરતા એવા આઠ મદ રૂપી સર્પોના રાફડા છે. ૧૨

વિશેષાર્થ— ગ્રંથકાર આ શ્લોકથી આ સંસારને એક નઠારા ઘરનું રૂપક આપી તેના સ્વરૂપનું વર્ણન કરે છે. જે ઘરમાં શત્રુ પૃથ્વીને ખોદી નાંખતો હોય, જેની પડોશમાં રહેનારા પાડોશીઓ નિરંતર કજીયો કરતા હોય, અને જેની અંદર સર્પોના રાફડા રહેલા હોય, તેવા ઘરમાં રહેવાથી જેમ સુખ થતું નથી, તેવી રીતે આ સંસાર રૂપી ઘર પણ તેવું જ છે, માટે તેમાં રહેવાથી સુખ થતું નથી. સંસાર રૂપી ઘરમાં કામદેવ રૂપી શત્રુ ગુણ રૂપી પૃથ્વીને ખોદ્યા કરે છે. એટલે સંસારમાં વિષમ કામ રહેલો છે, તે સંસારી જીવના ગુણોને ખોદી નાંખે છે, તેનો નાશ કરે છે. કોઈ સામાન્ય શત્રુ હોય તો, તેનો પરાભવ થઇ શકે છે, પણ આ કામ રૂપી શત્રુ સામાન્ય નથી, પણ ઉગ્ર છે, માટે તેનો પરાભવ કર-

વો અશક્ય છે. તે સંસાર રૂપી ઘરની પાડોશમાં રહેતા નઠારા પરિણામ રૂપી પડોશીઓની જેમ હમેશાં કજીયા કર્યા કરે છે, સંસારી જીવોને સંસારના પ્રસંગને લઇને નઠારાં પરિણામો થયા કરે છે, જેથી કરીને તેને અનેક જાતની ઉપાધિઓ આવ્યા કરે છે, નઠારા પડોશ વાળા ઘરમાં રહેવું સુખકારક થતું નથી. તે સંસાર રૂપી ઘરમાં આઠ પ્રકારના મદ રૂપી સર્પોના રાફડા છે. સર્પ જેમ ભયંકર છે, તેમ મદ પણ ભયંકર છે. સંસારી જીવોને તે મદનો પ્રસંગ થયા વગર રહેતો નથી. તેથી તે સંસાર રૂપી ગૃહ ઘણું ભયંકર હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે. અહિં કોઇ પ્રશ્ન કરે કે, સંસાર રૂપી ઘર એવું નઠારૂં છે, તે છતાં કેટલાએક તેને સારૂં માને છે, તેનું કારણ શું ? તેને માટે ગ્રંથકાર લખે છે કે, તે સંસાર રૂપી ઘરને પામર લોકોજ સારૂં માને છે. જેઓ વિદ્વાન અને સુજ્ઞ છે, તેઓ તેને ઉત્તમ માનતા નથી. આવા સંસાર રૂપી ભયંકર ઘર માં સ્થિતિ કરી રહેવું, એ યોગ્ય નથી. ૧૨

સંસાર રૂપી ભયંકર ગ્રીષ્મ ઋતુમાં તાપને હરનાર શરણ શું છે ?

तृषार्त्ताः खिद्यंते विषयविवशा यत्र जविनः
कराद्यक्रोधार्काच्छमसरसि शोषं गतवति ।
स्मरस्वेदक्लेदग्लपितगुणमेदस्यनुदिनम्
जवग्रीष्मे जीष्मे किमिह शरणं तापहरणम् ॥ १३ ॥

ભાવાર્થ—જેમાં વિકરાળ ક્રોધ રૂપી સૂર્યથી શમ રૂપ સરોવર સુકાઇ જવાથી ભવી પ્રાણીઓ વિષયને વશ થઇ તૃષાની

પીડાથી ખેદ પામે છે, અને જ્યાં પ્રતિદિન કામદેવ રૂપી પસીનાને લઈને ગુણ રૂપી ચરબી ગ્લાનિ પામે છે, એવા આ સંસાર રૂપી ભયંકર ગ્રીષ્મઋતુમાં તાપને હરણ કરનારૂં શરણ શું છે? અર્થાત્ નથી. ૧૩

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી આ સંસારને ભયંકર ગ્રીષ્મઋતુની ઉપમા આપે છે. ગ્રીષ્મઋતુમાં જેમ સૂર્યના તાપથી સરોવર સુકાય છે, અને તેથી પ્રાણીઓ તૃષાથી પીડાય છે, તેમ આ સંસાર રૂપી ગ્રીષ્મઋતુમાં ક્રોધ રૂપી સૂર્યથી શમ રૂપ સરોવર સુકાય છે; એટલે વિષયની તૃષાથી પ્રાણીઓ પીડાય છે. ક્રોધથી તાપ ઉત્પન્ન થાય છે, તેથી તેને સૂર્યની ઉપમા ઘટે છે. જ્યાં ક્રોધ હોય છે, ત્યાં શમતા હોતી નથી, તેથી ક્રોધ રૂપી સૂર્યથી શમતા રૂપ સરોવર સુકાવાનું કહેલું છે. જેમ ગ્રીષ્મઋતુમાં પસીનાથી શરીરની ચરબી ગ્લાનિ પામે છે, તેમ સંસાર રૂપી ઊન્હાળામાં કામદેવ રૂપી પસીનાથી ગુણ રૂપી ચરબી ગ્લાનિ પામે છે. જે પ્રાણીને કામ ઉત્પન્ન થાય છે, તે પ્રાણીના ગુણ નાશ પામે છે, આ પ્રમાણે આ સંસાર રૂપી ગ્રીષ્મઋતુમાં રહેનારાં પ્રાણીઓને તેના તાપને હરનારૂં શું શરણ છે? અર્થાત્ કાંઇ પણ શરણ નથી. જો ભવી પ્રાણી એ સંસારના એવા સ્વરૂપને ઓળખી શકે તો, તેને તેનાથી દૂર રહી ધર્મને શરણે જવું જોઇએ. ધર્મ શિવાય બીજું કાંઇ પણ તેને શરણ નથી. ૧૩

આ સંસાર—સુખને કહેવાને કોણ રસિક થઇ શકે તેમ છે?

पिता माता भ्राता प्यमिह षितसिद्धावन्निमतो
गुणग्रामज्ञाता न खलु धनदाता च धनवान् ।

जनाः स्वार्थस्फातावनिशमवदाना शयभृतः
प्रमाता कः ख्याताविह जवसुखस्याशु रसिकः ॥ १४ ॥

ભાવાર્થ—પિતા, માતા અને ભાઇ, પોતાના ઇચ્છેલા અર્થની સિદ્ધિને વિષેજ અભિમત-સંમત થાય છે, અને ધનવાન પુરૂષ ગુણોના સમૂહને જાણનારો હોય તો પણ, તે ધનને આપી શકતો નથી. એવી રીતે સર્વ લોકો પોતાનો સ્વાર્થ સાધવાને હમેશાં પ્રવર્તે છે-એવા એ સંસારના સુખને કહેવાને કોણ રસિક સમર્થ છે? ૧૪

વિશેષાર્થ—આ સંસારમાં પ્રાણીને માતા, પિતા અને બંધુ હિતકારી ગણાય છે, પણ તેઓ પોતનો સ્વાર્થ સાધવાને તેને અનુકૂળ રહે છે. જો તેમનો સ્વાર્થ સિદ્ધ થાય તેમ ન હોય, તો તેઓ તેનાથી પ્રતિકૂલ વર્તે છે. કદિ કોઇ એમ માને કે, "આ સંસારમાં ધનવાન મનુષ્યોને સારૂં સુખ પ્રાપ્ત થતું હશે," તો એ પણ માનવું તદ્દન ખોટું છે. કારણ કે, પ્રાયઃ જે ધનવાન્ હોય છે, તે ગુણજ્ઞ હોતા નથી, તેમ છતાં કોઇ ગુણજ્ઞ હોય તો તે લોભને વશ થઇ દ્રવ્યનું દાન કરતા નથી. એટલે એકંદર આ સંસારમાં સર્વે સ્વાર્થી છે. આવા સ્વાર્થી સંસારમાં સુખનો તદ્દન અભાવ છે, તેમ કોઇ તે સંસારના સુખનો રસિઓ થઇ તેના સુખને કહેવા તૈયાર થતો હોય તો, તે તદ્દન ખોટો છે, અર્થાત્ આ સંસારમાં કોઇ પણ જાતનું સુખ નથી. ૧૪

આ દુઃખરૂપ સંસારથી ઉદ્વેગ થતો નથી, તેને માટે વધારે શું કહેવું?

पाणेः पार्णिं गृह्णात्यहह महति स्वार्थ इयान्
त्यजत्युच्चैर्लोकस्तृणवदघृणस्तानपरथा ।

विषं स्वांते वक्त्रेऽमृतमिति च विश्वासहृतिकृत्
नवादित्युद्वेगो यदि न गदितैः किं तदधिकैः ॥१५॥

ભાવાર્થ—અહો ! આ સંસારમાં જે લોક સ્વાર્થ ન હોય ત્યારે નિર્દય થઇ જેને તૃણની જેમ છોડી દે છે, તે લોક સ્વાર્થ હોય ત્યારે ચંડાળનો હાથ પકડી તેની સાથે ચાલે છે અને વળી જ્યાં હૃદયમાં વિષ હોય, છતાં મુખમાં અમૃત રાખી લોક વિશ્વાસઘાત કરે છે, એવા સંસારથી જો ઉદ્વેગ ન થાય, તો પછી વધારે કહેવાથી શું ? ૧૫

વિશેષાર્થ—આ સંસાર કેવો સ્વાર્થી છે, તેને માટે ગ્રંથકાર લખે છે કે, લોકો ચંડાળને અધમ ગણી તેનો તૃણવત ત્યાગ કરે છે, તેનો સ્પર્શ થાય તો ન્હાય છે, અને પોતાને અપવિત્ર થયેલ માને છે, પરંતુ જો તેમને એ ચંડાળની સાથે કોઈ પણ જાતનો સ્વાર્થ હોય તો, તેનો હાથ પકડીને ચાલે છે, તે વખતે તેઓ તેની તરફ કોઇ જાતનો તિરસ્કાર બતાવતા નથી, અહા! આ કેવો સ્વાર્થી! આવા સ્વાર્થને લઇનેજ આ સંસાર ઉપેક્ષા કરવા યોગ્ય છે, હવે બીજી એક તેનાથી પણ હલકી વાત જણાવે છે. આ સંસારમાં એવા લોકો છે કે, જેઓ હૃદયમાં ઝેર અને મુખમાં અમૃત રાખે છે, અને એમ કરીને વિશ્વાસનો ઘાત કરે છે; એટલે મુખે સારૂં સારૂં બોલે છે, અને હૃદયમાં દ્વેષ રાખે છે તેવા અધમ લોકના મુખના માધુર્યથી લોભાઇને બીચારા ભોળા લોકો તેમની ઉપર વિશ્વાસ રાખે છે. પછી તે અધમ તેમના વિશ્વાસનો ઘાત કરે છે. આવા સંસારથી ઉદ્વેગ પામવું જોઇએ. જો તેથી ઉદ્વેગ ન થાય, તો પછી તેવા નફટ અને નિર્લજ માણસને વધારે શું કહેવું ? આટલાથી જ્યારે

સંસારનું આવું સ્વરૂપ તેના સમજવામાં ન આવે, તો પછી તેને વિશેષ કહેવું નકામું છે. એવા સંસારથી સર્વદા દૂર રહેવું જોઈએ. ૧૫

આ સંસાર રૂપ ભવનની વિષમ રચના મોહથીજ છે.

दृशां प्रांतैः कांतैः कलयति मुदं कोपकलितै
रमीभिःखिन्नः स्याद्घनधननिधीनामपि गुणी।
उपायैस्तुत्याद्यैरपनयति रोषं कथमपी
त्यहो मोहस्येयं जवभवनवैषम्यघटना ॥ १६ ॥

ભાવાર્થ—ઘાટા મોટા દ્રવ્યના નિધિઓના ગુણવાળો માણસ, સ્ત્રીઓની દૃષ્ટિના ખૂણાઓ (કટાક્ષો) જો તે મનોહર-હર્ષકારક હોય તો, તેનાથી ખુશી થાય છે, અને જો તે કોપ યુકત હોય તો, તેનાથી ખેદ પામે છે. અને સ્તુતિ વગેરે ઉપાયોથી માંડ માંડ તે સ્ત્રીનો રોષ ઉતારે છે. અહો! મોહે કરેલી આ સંસારની વિષમ ઘટના કેવી છે ? ૧૬

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી આ સંસાર રૂપ ભવનને વિષમ રીતે રચનારા મોહનું સ્વરૂપ દર્શાવે છે. જેના દ્રવ્યના મોટા ભંડારો છે, એવો ગુણી માણસ સ્ત્રીના ખુશીનાં કટાક્ષોને જોઈ ખુશી થાય છે, અને ક્રોધનાં કટાક્ષોને જોઈ નાખુશ થાય છે, એ કેવો મોહ ? કહેવાનો તાત્પર્ય એ છે કે, માત્ર સ્ત્રીના નેત્રોના ખૂણાને આધારે તેને હર્ષ અને શોક થાય છે, વસ્તુતાએ તેમાં કાંઈ પણ છે નહીં. એટલુંજ નહીં પણ તે નાખુશ થયેલી સ્ત્રીને પછી

સ્તુતિ વગેરે ઉપાયો કરી મનાવી ખુશી કરે છે. આ કેવો મોહનો વિલાસ ! તે મૂર્ખ સમજતો નથી કે, એ સ્ત્રીમાં શું તત્ત્વ છે ? ચર્મની મઢેલી અનિત્ય પુતળી જેવી સ્ત્રીને પોતાના હર્ષનું અને શોકનું કારણ માનવું, એ કેવી મોહ દશા ? આ ઉપરથી ગ્રંથકાર દર્શાવે છે કે, સંસારમાં જે એવું જોવામાં આવે છે, તે મોહને લઇનેજ છે. સુજ્ઞ પુરૂષોએ આત્માના કલ્યાણને માટે એવા મોહને દૂર કરવો જોઇએ. ૧૫

સંસારમાં સંયોગની અંદર સુખની બુદ્ધિ રાખનારો માણસ ખરા કુટુંબને જોઇ શકતો નથી.

प्रिया प्रेक्षा पुत्रो विनय इह पुत्री गुणरति-
र्विवेकाख्यस्तातः परिणतिरनिंद्या च जननी ।
विशुद्धस्य स्वस्य स्फुरति हि कुटुंबं स्फुटमिदं,
जवे तन्नोदृष्टं तदपि बत संयोगसुखधीः ॥ १६ ॥

ભાવાર્થ—જે કુટુંબમાં પ્રેક્ષા–તત્ત્વવિચારણા રૂપી સ્ત્રી છે, વિનયરૂપી પુત્ર છે, ગુણરતિ (ગુણ ઉપર પ્રીતિ) રૂપી પુત્રી છે, વિવેકરૂપી પિતા છે, અને શુદ્ધ પરિણતિ રૂપી માતા છે, આવું કુટુંબ જે શુદ્ધ આત્માને સ્ફુટ રીતે સ્ફુરી રહ્યું છે, તેવું કુટુંબ આ સંસારમાં જોયું નથી, તે છતાં પ્રાણી તે સંસારના કુટુંબના સંયોગમાં સુખની બુદ્ધિ રાખે છે, એ ઘણી અફસોસની વાત છે! ૧૬

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી શુદ્ધ આત્માના અંતરંગ

કુટુંબનું વર્ણન કરી બહિરંગ કુટુંબ ઉપર સુખ માનનારા પ્રાણીને બોધ આપે છે. હે આત્મા ! તું જો તારા શુદ્ધ સ્વરૂપનો વિચાર કરીશ તો, તને જણાશે કે, જે આ બહિરંગ કુટુંબમાં હું સુખ બુદ્ધિ રાખું છું, તે મારી મૂર્ખતા છે. તારા શુદ્ધ આત્માનું કુટુંબ કેવું ઉત્તમ છે ? એ કુટુંબમાં સુખ માની રહેનારા આત્માઓ પરમ સુખના આનંદને અનુભવે છે. એ આત્મ કુટુંબમાં સ્ત્રી, પુત્ર, પુત્રી, માતા અને પિતા પણ છે, અને એ તને સર્વ રીતે સુખ આપનારાં છે. એ અંતરંગ કુટુંબમાં તત્ત્વવિચારણા રૂપી પ્રિયા-સ્ત્રી છે. જેમ પ્રિય વનિતા પોતાના સૌંદર્યથી પુરૂષને આનંદ આપે છે, તેમ તત્ત્વ વિચાર કરવાથી આત્માને આનંદ મળે છે. માટે તેને સ્ત્રીની ઉપમા આપી છે. તે અંતરંગ કુટુંબમાં વિનયરૂપી પુત્ર છે. કુટુંબનો નાયક પુત્રના લાભથી અતિ સુખમગ્ન થાય છે, તેમ જેનામાં વિનય હોય, તે સર્વ રીતે સુખી થાય છે, તેથી વિનયને પુત્રની ઉપમા આપેલી છે. કુટુંબીને પુત્રી પણ પ્રિય હોય છે, તેમ આહ્લાદ ગુણ રતિ-ગુણો ઉપર રતિ-પ્રીતિ તેને પુત્રીનું રૂપક આપેલું છે. જેમ કુટુંબમાં પિતા શિરછત્ર કહેવાય છે, તેમ અંતરંગ કુટુંબમાં વિવેક રૂપી શિરછત્ર પિતા છે. જેને માથે પિતા હોય, તે નિશ્ચિંત રહી ફરે છે, તેમ જેનામાં વિવેક હોય, તે નિશ્ચિંત રહી શકે છે, કારણ કે, શુભ,-અશુભ, કાર્ય અકાર્ય, ગુણ-દોષ અને હેય-ઉપાદેય જાણવામાં વિવેકની જરૂર છે. એવા વિવેકથી આ સંસારનાં સુખ દુઃખ, તે વિવેકવાળા મનુષ્યને ઉદ્વેગ કરતાં નથી. એ બધાં કારણોથી વિવેકને પિતાની ઉપમા ઘટે છે. તે અંતરંગ કુટુંબમાં પરિણતિ એ માતા છે. જેમ કુટુંબમાં સર્વની પાળક-પોષક અને સુખદાયક માતા છે, તેમ અંતરંગ કુટુંબમાં શુદ્ધ પરિણતિ માતા છે. શુદ્ધ પરિણતિથી ઉત્તમ પ્રકારના આત્મિક ભાવો પ્રગટ

થાય છે, અને તેમને સારૂં પોષણ મળે છે, તેથી શુદ્ધ પરિણતિને માતાની ઉપમા આપવામાં આવી છે. આ પ્રમાણે જે પ્રાણીને આવું અંતરંગ કુટુંબ હોય છે, તેને આ સંસારનું કુટુંબ પ્રિય લાગતું નથી. અંતરમાં આવું અંતરંગ કુટુંબ રહ્યા છતાં, જે પુરૂષ તેને જોઇ શકતો નથી, તે ખરેખરો મૂર્ખ છે. જે પુરૂષ આવા ઉત્તમ કુટુંબને જોતો નથી, અને ક્ષણિક એવા સંયોગમાં સુખની બુદ્ધિ રાખે છે, તે પુરૂષને માટે ઘણોજ અફસોસ થાય છે. કહેવાનો આશય એવો છે કે, સુજ્ઞ મનુષ્યે, એ અંતરંગ કુટુંબને ઓળખી તેનો આશ્રય કરવો જોઇએ, અને સાંસારિક કુટુંબ ઉપર સુખ બુદ્ધિ ન રાખવી જોઈએ. ૧૬

સંસારમાં કોઇ પણ ઠેકાણે સુખ નથી.

पुरा प्रेमारंभे तदनु तदविच्छेदघटने
तदुच्छेदे दुःखान्यथ कठिनचेता विषहते ।
विपाकादापाकाहितकलशवत्तापबहुलात्
जनो यस्मिन्नस्मिन् क्वचिदपि सुखं हंत न जवे ॥ १७ ॥

ભાવાર્થ—પ્રથમ પ્રેમના આરંભમાં એટલે પ્રેમ કરવામાં દુઃખ છે, તે પછી તે પ્રેમનો વિચ્છેદ ન થાય, એટલે તેને જાળવી રાખવો, તેમાં દુઃખ છે, તેમ છતાં જો તે પ્રેમનું પાત્ર નાશ પામી જાય તો તેમાં પણ દુઃખ છે, આ પ્રમાણે મનુષ્ય કઠિણ ચિત્તવાળો થઈ નીંભાડામાં ભારેલા કલશની જેમ ઘણા તાપવાળા એવા સંસાર રૂપી નીંભાડાનાં દુઃખ સહન કરે છે, તે સંસારમાં કોઈ પણ ઠેકાણે સુખ નથી. ૧૭

વિશેષાર્થ—આ સંસારમાં "**स्नेहमूलानि दुःखानि**" એ કહેવત પ્રમાણે દુઃખનો આરંભ થાય છે. પ્રથમ તો કોઇની સાથે પ્રેમ કરવો તેમાં દુઃખ છે, તેમ છતાં પ્રેમ થયો તો પછી તેને નભાવવો–વિચ્છિન્ન થવા ન દેવો, તેમાં દુઃખ છે. કદિ તે પ્રેમ નભાવ્યો –તેનો વિચ્છેદ થવા ન દીધો, તો પછી જેની સાથે પ્રેમ કર્યો છે, તે પ્રેમના પાત્રનોજ જો નાશ થઇ જાય છે, તો ભારે દુઃખ થાય છે. આવી રીતે આ સંસારમાં પ્રેમના સંબંધને લઇને મનુષ્યને ઉપરા ઉપર દુઃખ ભોગવવાં પડે છે. જેથી ગ્રંથકાર તે સંસારને કુંભારના નીંભાડા જેવો દર્શાવે છે. નીંભાડામાં મુકેલ કળશ–પાત્ર જેમ ચારે તરફનો ભારે તાપ સહન કરે છે, તેમ આ સંસારમાં પ્રાણી પ્રેમનાં દુઃખોની પરંપરાને સહન કરેછે, એથી સંસારમાં કોઇ પણ ઠેકાણે સુખ નથી. ૧૭

આ સંસાર મોહરાજાની રણભૂમિ છે.

मृगाक्षीदृग्बाणैरिह हि निहतं धर्मकटकं
विभिन्ना हृद्देशा इह च बहुलै रागरुधिरैः ।
भ्रमंत्यूर्ध्वं क्रूरा व्यसनज्ञातगृध्राश्च तदियं
महामोहक्षोणीरमणरणभूमिः खलु भवः ॥ १८ ॥

ભાવાર્થ—આ સંસાર મોહરૂપી રાજાની એક રણભૂમી રૂપ છે. મૃગના જેવાં નેત્રવાળી સ્ત્રીઓનાં કટાક્ષ બાણોથી જેમાં ધર્મ રૂપી કટક હણાય છે, રાગ રૂપી ઘણાં રૂધિરથી હૃદયના પ્રદેશ જેમાં લીંપાય છે, અને ક્રૂર એવા વ્યસન રૂપી સેંકડો ગીધ પક્ષીઓ જેમાં ઉંચે ભમ્યાં કરે છે. ૧૮

વિશેષાર્થ—ગ્રંથકારે આ શ્લોકથી સંસારને મોહરાજાની રણભૂમિની ઉપમા આપેલી છે. રણભૂમિમાં જેમ બાણોથી કટક હણાય છે, તેમ અહિં મોહરાજાની રણભૂમિમાં ધર્મ રૂપી કટક હણાય છે. જેમ રણભૂમિમાં ઘણાં રૂધિરની છોળો ઉડે છે, તેમ અહિં રાગ રૂપી રૂધિરની છોળો હૃદયના પ્રદેશ ઉપર ઉડે છે. જેમ રણભૂમિમાં સેંકડો ગીધપક્ષીઓ ઉંચે ભમે છે, તેમ અહિં મોહ રાજાની રણભૂમિમાં સેંકડો વ્યસન રૂપી ગીધપક્ષીઓ ભમ્યાં કરે છે. કહેવાનો આશય એવો છે કે, આ સંસાર મોહ પ્રધાન છે. મોહને લઈને તેમાં સ્ત્રીઓનાં કટાક્ષોના વિલાસ થાય છે, તેથી ધર્મનો નાશ થાય છે. રાગ વધવાથી હૃદય મલિનતાથી વ્યાપ્ત થઈ જાય છે, અને તેમાં સેંકડો વ્યસન આવી પડે છે, તેથી એ સંસાર દુઃખ રૂપ છે, અને સર્વથા તેનો ત્યાગ કરવો જોઇએ. ૧૮

મોહનો ઉન્માદ.

हसंति क्रीडंति क्षणमथ च खिद्यंति बहुधा
रुदंति क्रंदंति क्षणमपि विवादं विदधते ।
पलायंते मोदं दधति परिनृत्यंति विवशा
भवे मोहोन्मादं कमपि तनुभाजः परिगताः ॥ १९ ॥

ભાવાર્થ—આ સંસારમાં મોહના કોઈ ઉન્માદને પ્રાપ્ત થયેલાં પ્રાણીઓ એવાં પરવશ બની જાય છે કે, તેઓ ક્ષણમાં હસે છે, ક્ષણમાં ક્રીડા કરે છે, ક્ષણમાં ઘણા ખેદ પામે છે, ક્ષણમાં રૂવે છે, ક્ષણમાં પોકાર કરે છે, ક્ષણમાં વિવાદ કરે છે, ક્ષણમાં નાશી જાય છે, ક્ષણમાં હર્ષ પામે છે, અને ક્ષણમાં નૃત્ય કરે છે. ૧૯

વિશેષાર્થ—મોહને વશ થયેલો પ્રાણી કેવો ઉન્મત્ત બની જાય છે, તેને માટે આ શ્લોકમાં દર્શાવવામાં આવ્યું છે કે, ગાંડા માણસ જેવી ચેષ્ટાઓ કરે, તેવી ચેષ્ટાઓ મોહવશ થયેલો પ્રાણી કરે છે. તે ઉપરથી સમજવાનું કે, સર્વથા મોહથી દૂર રહેવું જોઈએ. મોહ એટલો બધો વિષમ છે કે, જેને લીધે પ્રાણી પોતાના ભાનને ભુલી જાય છે. ૧૯

સાંસારિક ક્રીડાની લજ્જા તત્ત્વદૃષ્ટિ પુરૂષોના હૃદયને બાળે છે.

अपूर्णा विद्येव प्रकटखलमैत्रीव कुनया
प्रणालीवास्थाने विधववनिता यौवनमिव ।
अनिष्णाते पत्यौ मृगदृश इव स्नेहलहरी
भवक्रीमाश्रीमा दहति हृदयं तात्त्विकदृशाम् ॥ २० ॥

ભાવાર્થ—જેમ પંડિતમાં અપૂર્ણ વિદ્યા, જેમ ખળ પુરૂષની મૈત્રી, રાજસભામાં જેમ અન્યાયની પ્રણાલી, જેમ વિધવા સ્ત્રીનું યૌવન અને મૂર્ખ પતિને વિષે જેમ મૃગાક્ષીના સ્નેહની લહરી હૃદયને દગ્ધ કરે છે, તેમ આ સંસારની ક્રીડાની લજ્જા તત્ત્વદૃષ્ટિ પુરૂષોના હૃદયને બાળે છે. ૨૦

વિશેષાર્થ—જે પુરૂષોને તત્ત્વ દર્શન થયું છે, તે પુરૂષોના હૃદયને આ સંસારની ક્રીડાની લજ્જા બાળી નાંખે છે. તે ઉપર ગ્રંથકાર ચાર દૃષ્ટાંતો આપે છે. પંડિત કહેવાતો હોય, પણ તેનામાં જો વિદ્યા અપૂર્ણ હોય તો, તેને લજ્જા ઉત્પન્ન થાય છે. ખળ

પુરૂષની મૈત્રી જેમ તેના મિત્રના હૃદયને બાળે છે, રાજસભામાં પ્રગટ થયેલો અન્યાય જેમ તે સભાને શરમાવે છે, અને દગ્ધ કરે છે, જેમ વિધવા સ્ત્રીનું યૌવન તેણીના હૃદયને બાળે છે, અને મૂર્ખ પતિ ઉપર જેમ સુંદર સ્ત્રીનો પ્રેમ હૃદયને દગ્ધ કરે છે, તેવીજ રીતે તત્ત્વદૃષ્ટિ પુરૂષોના હૃદયને આ સંસારની ક્રીડાથી ઉત્પન્ન થયેલ લજ્જા દગ્ધ કરે છે, તેથી એ સંસારની ક્રીડાનો સર્વથા ત્યાગ કરવો યોગ્ય છે. ૨૦

સાધુ પુરૂષોને તત્ત્વજ્ઞાન થવાથી આ સંસારનું મિથ્યા રૂપ સ્ફુરે છે.

प्रज्ञाते संजाते भवति वितथा स्वापकल्पना
द्विचंद्रज्ञानं वा तिमिरविरहे निर्मलदृशाम् ।
तथा मिथ्यारूपं स्फुरति विदिते तत्त्वविषये
ज्ञवोऽयं साधूनामुपरतविकल्पःस्थिरधियाम् ॥ २१ ॥

ભાવાર્થ— જેમ પ્રભાત થવાથી સ્વપ્નની રચના નિષ્ફળ થાય છે, અને નેત્રનો તિમિર–રોગ દૂર થયા પછી નિર્મલ દૃષ્ટિ વાળા પુરૂષોને જેમ બે ચંદ્ર દેખાવાનું જ્ઞાન થતું નથી, તેમ વિકલ્પ રહિત સ્થિર, બુદ્ધિવાળા સાધુ પુરૂષોને તત્ત્વ વિષય જાણવા થી આ સંસાર મિથ્યા રૂપે સ્ફુરે છે. ૨૧

વિશેષાર્થ—હૃદયમાંથી સંકલ્પ–વિકલ્પો વિરામ પામવાથી સ્થિર બુદ્ધિવાળા થયેલા સાધુ પુરૂષને આ સંસાર મિથ્યા રૂપ ભાસે છે. સાધુ પુરૂષોને એવું જે વિશેષણ આપવામાં આવ્યું છે, તેમાં

ઘણોજ ગંભીરાર્થ રહેલો છે. જ્યારે હૃદયમાંથી સંકલ્પો–વિકલ્પો દૂર થઈ જાય ત્યારે સંસારનું જે મિથ્યા સ્વરૂપ છે, તે સ્ફુરી આવે છે. એટલે જ્યાં સુધી હૃદયમાં સંકલ્પ–વિકલ્પો થયા કરે છે, ત્યાં સુધી સંસાર રહે છે. જ્યાં સુધી હૃદય સંકલ્પ–વિકલ્પો કર્યા કરે છે, ત્યાં સુધી તે સ્થિરતા નથી પામતું. હૃદયને સ્થિર કરવાનો ઉપાય સંકલ્પ–વિકલ્પોજ છે. એ સંકલ્પ–વિકલ્પ દૂર કરવાનો ઉપાય તત્વજ્ઞાન છે. જ્યારે તત્વજ્ઞાન પ્રાપ્ત થાય, ત્યારે હૃદય સ્વતઃ સ્થિર થઈ જાય છે. જ્યારે તત્વજ્ઞાન થવાથી હૃદય સ્થિર થયું, એટલે તેને આ સંસારનું મિથ્યા સ્વરૂપ સ્ફુરી આવે છે. તે સંસારનું મિથ્યાત્વ કેવું જણાય છે? તેને માટે બે દૃષ્ટાંતો આપે છે, જેમ પ્રભાત કાલે સ્વપ્નની રચના ખોટી લાગે છે. અને જેમ નેત્રમાંથી તિમિરનો રોગ દૂર થવાથી બે ચંદ્રનું જ્ઞાન મિથ્યા ભાસે છે, તેવી રીતે તત્વ દર્શન થવાથી આ સંસારનું સ્વરૂપ મિથ્યા ભાસી આવે છે. તેથી સંકલ્પો–વિકલ્પો દૂર કરી હૃદયને સ્થિર કરવું જોઇએ, જેથી તત્વ દર્શન થતાં આ સંસાનું સ્વરૂપ મિથ્યા ભાસે છે, એ ઉપદેશ છે. ૨૧

तत्त्वज्ञान थवाथी संसारनो पूर्वमोह नाश पामे छे, अने स्वात्मस्वरूपने विषे प्रीति थाय छे.

प्रियावाणी वीणा शयनतनुसंबाधनसुखै
र्नवोऽयंपीयूषैर्घटित इति पूर्वं मतिरजूत् ।
अकस्मादस्माकं परिकलिततत्त्वोपनिषदा
मिदानी मेतस्मिन्न रतिरपि तु स्वात्मनि रतिः ॥२२॥

ભાવાર્થ—પ્રિયાની વાણી, વીણા, શય્યા અને શરીરની ચંપીનાં સુખોથી 'આ સંસાર અમૃતથી ઘડેલો છે' એમ પ્રથમ બુદ્ધ થઇ હતી. હવે જ્યારે તત્વજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે, અમોને એ સંસાર ઉપર અકસ્માત્ પ્રીતિ ઉઠી ગઈ છે. અને હવે તો, સ્વાત્માને વિષે પ્રીતિ ઉત્પન્ન થઈ છે. ૨૨

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર જેમને તત્વજ્ઞાન પ્રાપ્ત થયું છે, એવા પુરૂષોના વિચાર દર્શાવે છે. તેઓ કહે છે કે, પહેલાં આ સંસારમાં પ્રિયાની વાણી સાંભળતા, વીણાનો નાદ સાંભળતા, કોમલ શય્યામાં સુતા અને શરીરની ચંપી કરાવતા, તે વખતે અમોને જે સુખ ઉત્પન્ન થતું તે ઉપરથી અમોને એમ લાગતું કે, આ સંસાર અમૃતથીજ ઘડેલો છે; પરંતુ હવે જ્યારે અમોને તત્વ જ્ઞાન પ્રાપ્ત થયું, ત્યારે એ સંસાર એવો વિષમ લાગે છે કે, તેની ઉપર જરા પણ અમારી પ્રીતિ રહેતી નથી. હવે તો સ્વાત્માને વિષે પ્રીતિ રહે છે. તે ઉપરથી સમજવાનું કે, જ્યારે મનુષ્યને તત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે આ સંસારનાં સુખ તરફ તેને અભાવ ઉત્પન્ન થાય છે, અને આત્મિક સુખ તરફ પ્રીતિ ઉત્પન્ન થાય છે; કારણ કે, સાંસારિક સુખની પ્રીતિ દુઃખદાયક છે, અને આત્મિક સુખની પ્રીતિ સુખકારક છે. ૨૨

અજ્ઞાનરૂપ વાદળાં દૂર થવાથી આત્મા રૂપી ચંદ્રની અંદર સહજ ચિદાનંદ પ્રગટ થાય છે.

दधानाः कात्निर्यं निरवधिकमाविद्यकजव-
प्रपंचाः प्रांचाल्लीकुचकलशवन्नातिरतिदाः ।

गलत्यज्ञानाभ्रे प्रसृमररुचावात्मनि विधौ
चिदानंदस्यंदः सहज इति तेभ्योऽस्तु विरतिः ॥२३॥

ભાવાર્થ--ઘણી કઠિનતાને ધારણ કરનારા આ સંસારના પ્રપંચો, કાષ્ટની પુતળીના સ્તનની પેઠે અતિ પ્રીતિદાયક લાગતા નથી. અજ્ઞાનરૂપી વાદળ વીખરાઇ જવાથી પ્રસરતી કાંતિવાળો આત્મા રૂપી ચંદ્ર પ્રકાશી રહ્યો છે, તેથી હવે સહજ ચિદાનંદનો ઝરો પ્રાપ્ત થયો, માટે એ સંસારના પ્રપંચમાંથી વિરતિ હો. ૨૩

વિશેષાર્થ--આ શ્લોકથી આત્મજ્ઞાનને પ્રાપ્ત થયેલા તત્વ જ્ઞાનીના વિચાર દર્શાવે છે. તેમાં તે જ્ઞાની પોતાના આત્માને વાદળા માંથી બહાર આવેલા ચંદ્રની ઉપમા આપે છે.જ્યારે વાદળામાંથી બાહેર આવેલો ચંદ્ર પ્રગટ થાય છે, તે વખતે તેની કાંતિઓ ચારે તરફ પ્રસરી રહે છે. અને તેમાંથી પ્રગટ થતો આલ્હાદકારક અમૃતનો ઝરો સુખદાયક થઈ પડે છે. તેવી રીતે જ્યારે અજ્ઞાન રૂપી વાદળાં દૂર થાય છે, ત્યારે આત્મજ્ઞાન રૂપી ચંદ્ર પોતાનાં કિરણો પ્રસારે છે, તેથી સહજ એવા ચિદાનંદ રૂપ અમૃતનો ઝરો પ્રગટ થાય છે. તે વખતે આ સંસારના પ્રપંચો વિરામ પામી જાય છે; તે પ્રપંચો પુતળીના સ્તનરૂપ કલશને મર્દન કરવાની જેમ આનંદ આપતા નથી. જો કે તેમાં કાઠિન્ય રહેલું છે, તોપણ તે કાઠિન્ય સ્ત્રીના સ્તનના જેવું રસદાયક નથી હોતું, એથી એ વિરસ એવા ભવ પ્રપંચનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. આત્મિક જ્ઞાન રૂપ ચંદ્રોદયથી સહજ ચિદાનંદ રસની શીતળતા એવી પ્રગટ થાય છે કે, જેથી વિષય તાપની અતિ દૂર થઇ જાય છે, ૨૩

સ્વાધીન સુખને છોડી પરાધીન સુખની ઇચ્છા કોણ કરે ?

ज्ञवे या राज्यश्रीर्गजतुरगगोसंग्रहकृता
न सा ज्ञानध्यानप्रशमजनिता किं स्वमनसि ।
बहिर्याः प्रेयस्यः किमु मनसि ता नात्मरतयः
ततः स्वाधीनं कस्त्यजति सुखमिच्छत्यथ परम्॥ २४॥

ભાવાર્થ—હાથી, ઘોડા, અને પશુઓના સંગ્રહથી થયેલી સંસારની જે રાજ્ય લક્ષ્મી છે, તેવી જ્ઞાન, ધ્યાન અને પ્રશમથી ઉત્પન્ન થયેલી લક્ષ્મી પોતાના મનમાં શું નથી ? અર્થાત્ તેનેજ મનની રાજ્ય લક્ષ્મી જાણવી. જે બાહેરની પ્રિયાઓ છે, તેવી મનની અંદર આત્મ રતિ રૂપ પ્રિયાઓ નથી શું ? તેથી કયો પુરૂષ સ્વાધીન સુખને છોડી દે, અને પરાધીન સુખની ઇચ્છા કરે ? ૨૪

વિશેષાર્થ—જે મનુષ્યો રાજ્ય લક્ષ્મીનો વૈભવ અને પ્રિયાઓની ઇચ્છા રાખે છે, તેઓ સ્વાધીન સુખનો ત્યાગ કરી પરાધીન સુખની ઇચ્છા કરે છે, તેઓ ખરેખરા મૂર્ખ છે. જો મનુષ્ય હાથી, ઘોડા અને પશુઓના સંગ્રહ રૂપ રાજ્ય લક્ષ્મીની ઇચ્છા રાખતો હોય, તો તે નકામી છે, કારણ કે, તે રાજ્ય લક્ષ્મી દુઃખરૂપ અને નાશવંત છે, તેથી ઉત્તમ જીવોએ પોતાના મનની અંદર ઉત્પન્ન થયેલી જ્ઞાન, ધ્યાન અને પ્રશમની લક્ષ્મી ઇચ્છવી જોઈએ. અર્થાત્ જ્ઞાનરૂપી હાથી, ધ્યાન રૂપી ઘોડા અને પ્રશમ રૂપી પશુઓની રાજ્ય લક્ષ્મી હોય, તે સુખદાયક અને સ્થિર છે. મનુષ્ય બાહેરની

પ્રિયાઓની સાથે પ્રેમ કરે છે, પરંતુ તે પ્રિયાઓ વિષમ અને અસ્થિર છે, પણ મનની અંદર જે આત્મરતિરૂપ પ્રિયાઓ છે, તે સુખરૂપ અને સ્થિર છે; માટે ઉત્તમ જીવોએ આત્મરતિ રૂપ પ્રિયાની સાથે પ્રેમ કરવો જોઇએ. બાહેરની રાજ્ય લક્ષ્મી અને પ્રિયાઓનું જે સુખ છે, તે પરાધીન છે, અને મનની અંદર રહેલ જ્ઞાન, ધ્યાન અને પ્રશમજનિત રાજ્ય લક્ષ્મી અને આત્મરતિ રૂપ પ્રિયાના પ્રેમનું જે સુખ છે, તે સ્વાધીન છે. તેથી પરાધીન સુખનો ત્યાગ કરી સ્વાધીન સુખને પ્રાપ્ત કરવું જોઇએ. જે માણસ એ સ્વાધીન સુખનો ત્યાગ કરી પરાધીન સુખની ઇચ્છા રાખે છે, તે મૂર્ખ ગણાય છે.૨૪

કુમતિ પુરૂષ પરાધીન સુખમાં રમે છે, અને વિદ્વાન્ પુરૂષ આત્મિક સુખમાં રમે છે.

पराधीनं शर्म क्षयि विषयकांक्षौघमलिनं
भवे भीतेः स्थानं तदपि कुमतिस्तत्र रमते ।
बुधास्तु स्वाधीनेऽक्षयिणि करणौत्सुक्यरहिते
निलीनास्तिष्ठंति प्रगलितभयाध्यात्मिकसुखे ॥ २५ ॥

ભાવાર્થ—પરાધીન સુખ કે જે ક્ષયવાળું, વિષયની ઇચ્છાઓના સમૂહથી મલિન, અને સંસારના ભયનું સ્થાન રૂપ છે, તેની અંદર કુમતિ પુરૂષ રમે છે અને સ્વાધીન–આધ્યાત્મિક સુખ કે જે અક્ષય, ઇંદ્રિઓની ઉત્સુકતાથી રહિત, અને નિર્ભય છે, તેની અંદર વિદ્વાન્ પુરૂષો લીન થઈને રમે છે. ૨૫

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર પરાધીન અને સ્વાધીન સુખનું વિવેચન કરી બતાવે છે. પરાધીન સુખ ક્ષયવાળું છે, એટલે તે સ્થિર રહેતું નથી. વળી તેની અંદર વિષયોની ઇચ્છાઓ બહુ રહ્યા કરે છે, તેથી એ મલિન છે. અને વળી તે સંસારમાં ભયનું સ્થાન છે, એટલે વિષયોના સુખમાં અનેક જાતના ભય રહેલા છે. એવાં નઠારાં પરાધીન સુખમાં જે કુમતિ–નઠારી મતિવાળા હોય તે રમે છે, પણ જેઓ વિદ્વાન પુરૂષો છે, તેઓ તે સુખની ઇચ્છા રાખતા નથી. વિદ્વાન પુરૂષો તો સ્વાધીન એવા આધ્યાત્મિક સુખમાં લીન થઇને રહે છે. તે આધ્યાત્મિક સુખ સ્વાધીન છે, કારણ કે, પોતાના મનનું છે. તેમજ તે અક્ષય છે, તે સુખનો કદિ પણ ક્ષય થતો નથી, તેમજ તે ઇંદ્રિયોની ઉત્સુકતાથી રહિત છે, એટલે તેમાં વિષયોની આકાંક્ષા હોતી નથી, તેથી તે આધ્યાત્મિક સુખ નિર્ભય છે. એવા સ્વાધીન, અક્ષય, નિર્વિષય અને નિર્ભય સુખમાં લીન થઈ રહેનારા ખરેખરા પંડિત પુરૂષો છે, તેમને પૂર્ણ ધન્યવાદ ઘટે છે. આત્મજ્ઞાનમાં લય પામનારા મનુષ્યો અક્ષય અને નિર્ભય એવા પરમાનંદ સુખને પ્રાપ્ત થાય છે, અને પરાધીન, વિષયોથી મલિન, અને ભયના સ્થાન રૂપ એવા સાંસારિક સુખની ઇચ્છા રાખનારા કુમતિઓ દુઃખના પાત્ર બને છે. ૨૫

શમસુખ સ્થિર થવાથી ઉજ્વલ યશની શોભા પ્રાપ્ત થાય છે.

तदेतद्भाषंते जयदजयदानं खलु जव-
स्वरूपानुध्यानं शमसुखनिधानं कृतधियः ।

स्थिरीभूते ह्यस्मिन् विधुकिरणकर्पूरविमला-
यशःश्रीः प्रौढा स्याज्जिनसमयतत्त्वस्थितिविदाम् ॥२६॥

ભાવાર્થ—બુદ્ધિવાળા વિદ્વાન્ લોકો કહે છે કે, આ સંસારના સ્વરૂપનું જે ધ્યાન તે જગત્ને અભયદાન રૂપ અને શમતાના સુખનું ભંડાર રૂપ છે. એ સ્વરૂપનું ધ્યાન જો સ્થિર થાય છે તો, જૈન સિદ્ધાંત અને જૈન તત્ત્વોને જાણનારા લોકોને ચંદ્રનાં કિરણો તથા કપૂરના જેવા ઉજ્જ્વલ યશની પ્રૌઢ શોભા પ્રાપ્ત થાય છે. ૨૬

વિશેષાર્થ—આ સંસારના સ્વરૂપનું ધ્યાન કરવાથી કેટલો લાભ થાય છે, તેને માટે ગ્રંથકાર આ શ્લોકથી દર્શાવે છે. વિદ્વાન પુરૂષો કહે છે કે, આ સંસારના સ્વરૂપનું ધ્યાન કરવું એ સર્વોત્તમ છે. તે ધ્યાન જગત્ને અભય આપનારૂં છે. કહેવાનો આશય એવો છે કે,જે પુરૂષો આ સંસારના સ્વરૂપનું ધ્યાન કરે છે, તેઓ અભયદાનનું સ્વરૂપ જાણે છે, અને તેથી તે આ જગતના જીવોને અભયદાન આપવામાં તત્પર થાય છે. એથી તે ધ્યાનને અભયદાન રૂપ કહ્યું છે. વળી તે ધ્યાન શમસુખનું નિધાન—ભંડાર રૂપ છે, એટલે જેઓ આ સંસારના સ્વરૂપને સમજે છે, તેઓના હૃદયમાં શમતા આવે છે, અને શમતાનું નિરૂપાધિક સુખ તેમને પ્રાપ્ત થાય છે. તેથી એ ધ્યાન શમસુખના ભંડાર રૂપ છે.

કદિ એ સંસારના સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે, પણ જો તે ધ્યાન સ્થિર ન થાય તો તેનાથી ઉત્તમ લાભ મેળવી શકાતો નથી. તેથી કહેવામાં આવ્યું છે કે, તે ધ્યાન સ્થિર થવું જોઇએ. જ્યારે

તે ધ્યાન સ્થિર થાય, ત્યારે ઉજ્વલ યશની શોભા પ્રાપ્ત થાય છે.

ધ્યાન કેવા પુરૂષોને સ્થિર થાય ? કે જે પુરૂષો જૈન સિદ્ધાંત અને તત્ત્વોની સ્થિતિ જાણનારા હોય, એટલે જૈન સિદ્ધાંત તથા જન તત્ત્વને જાણનારા પુરૂષો સ્થિર ધ્યાન કરી ઉજ્વલ યશની શોભાને પામે છે. અહિ યશઃશ્રીઃ એ શબ્દ ઉપરથી મૂળ ગ્રંથકાર શ્રી યશોવિજયજી ઉપાધ્યાયનું નામ સૂચવવામાં આવ્યું છે. ૨૬

समाप्तः

इतिश्री चतुर्थाधिकारः ।

इतिश्री नयविजयगणिशिष्य श्रीयशोविजय
विरचिते अध्यात्मसारप्रकरणे
प्रथमः प्रबंधः ॥ १ ॥

अथ द्वितीयः प्रबंधः

प्रथमः

वैराग्यसंभवाधिकारः



વૈરાગ્ય શાથી થાય છે ?

भवस्वरूपविज्ञानाद् द्वेषान्नैर्गुण्यदृष्टिजात् ।
तदिच्छोच्छेदरूपं झाग् वैराग्यमुपजायते ॥ १ ॥

ભાવાર્થ—સંસારના સ્વરૂપને જાણવાથી, અને સંસારમાં માલ નથી, એવી દૃષ્ટિથી થયેલા દ્વેષથી સંસારની ઇચ્છાનો ઉચ્છેદ થવારૂપ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. ૧

વિશેષાર્થ—ગ્રંથકાર વૈરાગ્ય ઉત્પન્ન થવામાં બે કારણ દર્શાવે છે. સંસારના સ્વરૂપનું જ્ઞાન એ પ્રથમ કારણ છે. જ્યારે સંસારનું સ્વરૂપ જાણવામાં આવે, ત્યારે તેની તરફ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. કારણ કે, સંસારનું સ્વરૂપ એવું દુઃખરૂપ અને વિષમ છે કે, જેથી હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થયા વિના રહેતો નથી. બીજું કારણ સંસાર તરફ દ્વેષ થવાનું છે. એ દ્વેષ શાથી ઉત્પન્ન થાય, તેને માટે લખવામાં આવ્યું છે. સંસાર તરફ નિર્ગુણતાની દૃષ્ટિ થાય એટલે 'આ સંસારમાં કાંઈ પણ ગુણ નથી, તેમાં તો દોષજ છે,' એવું જોવામાં

આવવાથી, તે સંસાર ઉપર દ્વેષ ઉત્પન્ન થાય છે. તેવા દ્વેષથી સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. એટલે સંસારના સ્વરૂપનું જ્ઞાન અને સંસાર ઉપર દ્વેષ, એ બંને કારણોથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. તે વૈરાગ્ય માત્ર નામનો નહીં, પણ સંસારનો વિચ્છેદ થવા રૂપ હોય છે. ૧

'વિષય સુખ લીધા પછી વૈરાગ્ય થવો જોઇએ' એમ માનનારાઓના મતને તોડે છે.

सिद्ध्या विषय सौख्यस्य वैराग्यं वर्णयंति ये।
मतं न पुज्यते तेषां यावदर्थः प्रसिद्धितः ॥ २ ॥

ભાવાર્થ—વિષય સુખની સિદ્ધિ થયા પછી વૈરાગ્ય થવો જોઇએ, એમ જે વર્ણવે છે, તેમનો મત ઘટિત નથી. કારણકે, 'જ્યાંસુધી દ્રવ્ય છે, ત્યાંસુધી વિષય છે,' એમ પ્રસિદ્ધ રીતે કહેવાય છે. ૨

વિશેષાર્થ—કેટલાક અન્યમતિઓ એમ કહેછે કે, વિષયસુખ ભોગવ્યા પછી વૈરાગ્ય થવો જોઇએ. એ મતને તોડવાને માટે ગ્રંથકાર આ શ્લોકર્થી જણાવે છે કે, જેઓ એમ કહેછે, તેઓનો મત તદ્દન જુઠો છે. કારણકે શાસ્ત્રમાં પ્રસિદ્ધ રીતે કહેવાય છે કે, 'જ્યાંસુધી દ્રવ્ય છે, ત્યાંસુધી વિષય છે.' તેથી વિષયસુખ લેવાની ઇચ્છા રાખવી, એ વૈરાગ્યથી તદ્દન વિપરીત છે. તેને માટે શાસ્ત્રકાર લખેછે કે, "**अर्थ सत्त्वे विषयसत्त्वं**" એટલે જ્યાંસુધી અર્થ-દ્રવ્યછે, ત્યાંસુધી વિષયછે. ૨

મૂઢલોકોને કામભોગની ઇચ્છા ઉપશમ પામતી નથી.

अप्राप्तत्वभ्रमाद्भुक्त्वै स्वाप्तेष्वप्यनंतशः ।
कामभोगेषु मूढानां समीहा नोपशाम्यति ॥ ३ ॥

ભાવાર્થ—જે કામ ભોગ અનંતવાર પ્રાપ્ત થયા છે, છતાં જાણે તે પ્રાપ્ત થયાજ નથી, એવો ભ્રમ થવાથી મૂઢ લોકોની કામભોગની ઇચ્છા ઉપશમ પામતી નથી. ૩

વિશેષાર્થ—આ સંસારમાં પ્રાણીએ અનંતવાર કામભોગ ભોગવેલા છે, તે છતાં તેમને એવો ભ્રમ થઈ જાયછે કે, 'જાણે, તેમણે કામભોગ ભોગવ્યાજ નથી,' એથી તેમની કામભોગની ઇચ્છા તૃપ્ત થતી નથી. ૩

વિષયોથી કામ તૃપ્ત થતો નથી તેમ દ્રષ્ટાંત પૂર્વક જણાવે છે.

विषयैः क्षीयते कामो नेंधनैरिव पावकः ।
प्रत्युत प्रोद्वसच्छक्ति भूय एवोपवर्द्धते ॥ ४ ॥

ભાવાર્થ—ઇંધણાથી જેમ અગ્નિ ક્ષય પામતો નથી, તેમ વિષયોથી કામનો ક્ષય થતો નથી. પણ ઉલટો તે શક્તિનો ઉલ્લાસ કરી વૃદ્ધિ પામે છે. ૪

વિશેષાર્થ—જેઓ એમ માનેછે કે, વિષયો ભોગવ્યા પછી વૈરાગ્ય પ્રાપ્ત થાય છે, તેઓના મતને તોડવાને કહેછે કે, જેમ ઇંધ-

ણાથી અગ્નિ ક્ષય પામતો નથી, પરંતુ ઊલટો વૃદ્ધિ પામે છે, તેમ કામ, વિષયો ભોગવવાથી ક્ષય પામતો નથી, પણ ઊલટો વધે છે. ૪

વિષયમાં પ્રવર્તેલાને વૈરાગ્ય થવો મુશ્કેલ છે, તે દ્રષ્ટાંત પૂર્વક જણાવે છે.

सौम्यत्वमिवसिंहानां पन्नगानामिवक्षमा ।
विषयेषु प्रवृत्तानां वैराग्यं खलु दुर्वचम् ॥ ५ ॥

ભાવાર્થ—જેમ સિંહોને સૌમ્યપણું સુગમ નથી, અને સર્પોને ક્ષમા આવવી સુગમ નથી, તેમ વિષયોમા પ્રવર્તેલાને વૈરાગ્ય થવો સુગમ નથી. ૫

વિશેષાર્થ—વિષયોમાં પ્રવર્તેલાને, વૈરાગ્ય થવો કેવો દુર્લભ છે, તેને માટે આ શ્લોકથી ગ્રંથકાર બે દ્રષ્ટાંત આપી જણાવે છે. સિંહને ક્રૂદ્રપણુ સૌમ્યતા પ્રાપ્ત થાયજ નહીં, અને સર્પની અંદર ક્રૂદ્રપણુ ક્ષમાનો ગુણ આવે નહીં, કારણુકે, તેઓ સ્વભાવે ક્રૂર હોય છે. તેવીજ રીતે વિષયોમાં પ્રવર્તેલા મનુષ્યોને વૈરાગ્ય ક્રૂદ્રપણુ પ્રાપ્ત થાયજ નહીં, કારણુકે વિષયોમાં પ્રવૃત્તિ થવી, એ વૈરાગ્યની વિરૂદ્ધ છે. ૫

વિષયત્યાગ વિના વૈરાગ્ય ધારણ કરવાની ઇચ્છા કરવી, તે કેવી છે ? તે દ્રષ્ટાંત પૂર્વક જણાવે છે.

अकृत्वा विषयत्यागं यो वैराग्यं दिधीर्षति ।
अपथ्यमपरित्यज्य स रोगोच्छेद मिच्छति ॥ ६ ॥

ભાવાર્થ—જે પુરૂષ વિષયોનો ત્યાગ કર્યા વિના વૈરાગ્ય ધારણ કરવાને ઇચ્છે છે, તે અપથ્યનો ત્યાગ કર્યા શિવાય રોગનો ઉચ્છેદ કરવાને ઇચ્છે છે. ૬

વિશેષાર્થ—જેમ રોગી માણસ અપથ્યનો ત્યાગ કર્યા સિવાય પોતાના રોગનો નાશ કરવાની ઇચ્છા કરે, તેથી કદિપણ તેના રોગનો નાશ થતો નથી, તેવી રીતે વિષયોનો ત્યાગ કર્યા સિવાય જે માણસ વૈરાગ્યને ધારણ કરવાની ઇચ્છા કરે, તેથી કદિપણ તેને વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી. તે ઉપરથી કહેવાનો આશય એવોછે કે, વૈરાગ્ય ને માટે સર્વથા વિષયોનો ત્યાગ કરવો જોઇએ; એ ઉપદેશ છે. ૬

વિષયાસક્ત હૃદયમાં વૈરાગ્ય ટકી શકતો નથી.

न चित्ते विषयासक्ते वैराग्यं स्थातुमर्हति ।
अयोघन इवोत्तप्ते निपतन् बिंदुरंजसः ॥ ७ ॥

ભાવાર્થ—તપેલા લોઢાના ઘણ ઉપર પડતું જલનું બિંદુ જેમ ટકી શકતું નથી, તેમ વિષયાસક્ત એવા ચિત્તમાં વૈરાગ્ય ટકી શકતો નથી. ૭

વિશેષાર્થ—વિષયમાં આસક્ત એવા ચિત્તમાં વૈરાગ્ય ક્ષણુવાર પણ ટકી શકતો નથી, કારણકે, વૈરાગ્ય નિર્મળ હૃદયમાંજ ટકી શકે છે. અને જે હૃદયમાં વિષયાસક્તિ ન હોય, તે નિર્મળ હૃદય કહેવાય છે. તે ઉપર ગ્રંથકાર દૃષ્ટાંત આપે છે. તપેલા લોઢાના ઘણ ઉપર પડેલું જલનું ટીપું ક્ષણુવાર પણ ટકી શકતું નથી. ૭

વિષય સંસર્ગી ચિત્તમાં વૈરાગ્યનો સંક્રમ થવો તદ્દન અશકય છે.

यदींदुः स्यात्कुहूरात्रौ फल्गुं यद्यवकेशिनि ।
तदा विषय संसर्गि चित्ते वैराग्य संक्रमः ॥ ८ ॥

ભાવાર્થ—કહૂ નામની અમાસની રાત્રિએ જો ચંદ્ર ઉગે અને વાંઝીયા વૃક્ષ ઉપર જો ફલ બેસે તો, વિષયના સંસર્ગવાળા ચિત્તની અંદર વૈરાગ્યનો સંક્રમ થાય. ૮

વિશેષાર્થ—જે ચિત્તમાં વિષયોનો સંસર્ગ રહ્યો હોય, તે ચિત્તમાં કદિ પણ વૈરાગ્યનો સંક્રમ થતોજ નથી. વિષયના સંસર્ગ વાળા ચિત્તમાં વૈરાગ્યનો તદ્દન અસંભવ છે, તે ઉપર બે દૃષ્ટાંત આપે છે. અમાવાસ્યાની રાત્રે ચંદ્રનો ઉદય થાય, અને વંધ્યા વૃક્ષને જો ફલ આવે તો, વિષયાસક્ત ચિત્તમાં વૈરાગ્યનો સંક્રમ થાય. જેમ અમાસની રાત્રે ચંદ્રનો ઉદય, અને વાંઝીયા વૃક્ષને ફલનો ઉદય હોયજ નહીં, તે પ્રમાણે વિષય સંસર્ગી ચિત્તમાં વૈરાગ્યનો સંક્રમ હોયજ નહીં. ૮

નિરાબાધ વૈરાગ્ય ક્યારે થાય ?

भवहेतुषु तद्द्वेषा द्विषयेष्वप्रवृत्तितः ।
वैराग्यं स्यान्निराबाधं भवनैर्गुण्य दर्शनात् ॥ ९ ॥

ભાવાર્થ—સંસારના કારણ રૂપ એવા વિષયોને વિષે દ્વેષથી

તેમાં પ્રવૃત્તિ ન કરે, અને એ સંસારને નિર્ગુણ–ગુણ રહિત જુએ તો, નિરાબાધ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. ૯

વિશેષાર્થ—વૈરાગ્યના બે પ્રકાર છે. એક સાબાધ વૈરાગ્ય, અને બીજો નિરાબાધ વૈરાગ્ય. કોઇના મરણ વિગેરેના પ્રસંગને લઇને જે વૈરાગ્ય ઉત્પન્ન થાય, તે સાબાધ વૈરાગ્ય કહેવાય છે. કારણ કે, તે લાંબો કાળ ટકી શકતો નથી. જેને લોકો 'શ્મશાન વૈરાગ્ય' કહે છે. બીજો નિરાબાધ વૈરાગ્ય. તે ચિરકાળ ટકી શકે છે. એ નિરાબાધ વૈરાગ્ય ઉત્પન્ન થવામાં બે કારણ છે. જેથી આ સંસાર વૃદ્ધિ પામે છે, એવા વિષયો ઉપર દ્વેષ રાખવો, અને સંસારની નિર્ગુણતા જોવી, એટલે 'આ સંસાર નિર્ગુણ છે' એમ જાણવું. એ બે ઉપાયોથી નિરાબાધ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. ૯

સંસારની નિર્ગુણતા જોવાથી કેવી રીતે વૈરાગ્ય થાય છે ?

चतुर्थेऽपि गुणस्थाने नन्वेवं तत् प्रसज्यते ।
युक्तं खलु प्रमातॄणां जवनैर्गुण्य दर्शनम् ॥ १० ॥

ભાવાર્થ— ચોથા અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ ગુણ સ્થાનમાં પણ એનો પ્રસંગ આવે છે, એટલે પ્રમાતા પુરૂષોને આ સંસારની નિર્ગુણતા જોવાથી વૈરાગ્ય પ્રાપ્ત થાય, એ ઘટે છે. ૧૦

વિશેષાર્થ—ચોથું અવિરતિ ગુણસ્થાન છે. તેની અંદર આવવાથી સંસારની નિર્ગુણતા જોવામાં આવે છે. અર્થાત્ ચોથા ગુણ સ્થાનને વિષે સમકિતવંત જ્ઞાતા પુરૂષો સંસારની નિર્ગુણતા નિશ્ચે જુએ છે, એટલે તેને વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે. ૧૦

ચારિત્રમોહનીયનો મહિમા કેવો છે ?

सत्यश्चारित्रमोहस्य महिमा कोऽप्ययं खलु ।
यदन्यहेतुयोगेऽपि फलायोगोऽत्र दृश्यते ॥ ११ ॥

ભાવાર્થ—ચારિત્ર મોહનિય કર્મનો કોઈ એવો મહિમા છે કે, એની અંદર બીજા કોઇ હેતુનો યોગ હોય, તે છતાં પણ ફલનો યોગ જોવામાં આવતો નથી. ૧૧

વિશેષાર્થ—ન્યાય શાસ્ત્ર પ્રમાણે એવો નિયમ છે કે, જ્યાં કાર્ય હોય ત્યાં હેતુનો યોગ હોય, એટલે કારણનું કાર્ય રૂપ ફળ જોવામાં જ આવે. પણ ચારિત્રમોહનીય કર્મ એવું વિચિત્ર છે કે, તેમાં બીજા હેતુનો યોગ હોય છતાં તેનું ફળ જોવામાં આવે નહીં. આ વાત કહેવાનો આશય એવો છે કે, વૈરાગ્યનું ફળ ચારિત્ર છે, પણ જો તેમાં મોહનીય કર્મનો યોગ થયો હોય તો, તે વૈરાગ્ય સ્થિર થઇ શકતો નથી. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, ચારિત્ર લીધું હોય, પણ તેમાં જો વિષય વાસના જાગ્રત રહે તો, વૈરાગ્યથી ભ્રષ્ટ થવાય છે; માટે વૈરાગ્ય સ્થિર કરવો હોય તો, વિષય વાસનાનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૧૧

ચોથે ગુણસ્થાને વૈરાગ્ય હોય છે.

दशाविशेषे तत्रापि नचेदं नास्ति सर्वथा ।
स्वव्यापारहतासंगं तथा च स्तवभाषितम् ॥ १२ ॥

ભાવાર્થ—સમકિતની એક જાતની દશામાં ચોથે ગુણસ્થાને

સર્વથા વૈરાગ્ય ન હોય, એમ ન જાણવું. કારણ કે, ત્યાં પોતાના આત્મિક સ્વભાવની રમણતાએ કરીને કુસંગપણું હણાય છે. એ વાત શ્રી વીતરાગ સ્તોત્રને વિષે શ્રીહેમાચાર્ય મહારાજે જણાવેલી છે. ૧૨

વિશેષાર્થ—સમકિતની દશા એટલે સ્થિતિ, તેમાં ચોથે ગુણઠાણે પણ સર્વથા વૈરાગ્ય ન હોય, એમ ન સમજવું. ત્યાં પણ પોતાના આત્મિક સ્વભાવની રમણતાએ કરી કુસંગપણું હણાય છે. તે વિષે શ્રી હેમચંદ્રાચાર્યે વીતરાગ સ્તોત્રમાં કહેલું છે; તે ઉપરથી સમજવાનું કે, ચોથે ગુણસ્થાને અવશ્ય વૈરાગ્યપણું હોય. ૧૨

તે વીતરાગ સ્તોત્રનું પ્રમાણ આપે છે.

यदामरुन्नरेंद्रश्रीस्त्वया नाथोपभुज्यते ।
यत्र तत्र रतिर्नाम विरक्तत्वं तदापि ते ॥ १३ ॥

ભાવાર્થ—હે નાથ! તમે દેવતાઓના રાજા-ઇંદ્રની લક્ષ્મી ભોગવી છે, અને જ્યાં ત્યાં તમારી રતિ હોય છે, તો પણ ત્યાં તમોને વૈરાગ્યજ હોય છે. ૧૩

વિશેષાર્થ—હે ભગવન્! તમોએ ઇંદ્રની લક્ષ્મી ભોગવેલી છે, અને જ્યાં ત્યાં તમોને રતિ ઉપજે છે, તો પણ તે બધે ઠેકાણે તમારૂં વિરક્ત પણુંજ રહેલું છે. કહેવાનો આશય એવો છે કે, શ્રી જિન-ભગવાન ઇંદ્ર લક્ષ્મી ભોગવે છે, અને જ્યાં ત્યાં તેમની મોહ રતિ દેખાય છે, તો પણ તેમને તે પર વૈરાગ્યજ હોય છે. કારણ કે, તેમનું હૃદય વિષયાસક્ત હોતું નથી. જ્યાં હૃદય વિષયાસક્ત હોય, ત્યાં વૈરાગ્ય ભાવ ટકી શકતો જ નથી. ૧૩

भवेच्छा यस्य विच्छिन्ना प्रवृत्तिः कर्मभावजा ।
रतिस्तस्य विरक्तस्य सर्वत्र शुभवेद्यतः ॥ १४ ॥

ભાવાર્થ—જેની સંસારની ઇચ્છા વિચ્છેદ થયેલી છે, કર્મ ભાવથી ઉત્પન્ન થયેલી પ્રવૃત્તિ કરે છે, તેવા વિરક્ત પુરૂષની જે રતિ છે, તે સર્વત્ર શુભવેદનીય વર્તે છે. ૧૪

વિશેષાર્થ—જે વિરક્ત આત્માને રતિ જોવામાં આવે છે, તે રતિ શુભ વેદનીય હોય છે. કારણ કે, તેની સંસારની ઇચ્છા વિચ્છેદ પામેલી હોય છે. તે કર્મને લઇને પ્રવૃતિ કરે છે. પણ તેનું હૃદય વિરક્ત હોવાથી તેની રતિ નઠારી હોતી નથી. તે શુભ વેદનીયમાંજ વર્તે છે. કહેવાનો આશય એવો છે કે, તીર્થંકર જેવા મહાત્માઓ કર્મ ભાવને લઇને પ્રવૃત્તિ કરે અને રતિ કરે, પણ તેઓ ખરેખરા વિરક્ત હોવાથી તેમનો વૈરાગ્યભાવ વિચ્છેદ પામતો નથી. એટલે વિરક્ત પુરૂષોની પ્રવૃત્તિ અને રતિ પણ શુભ વેદનીયમાંજ વર્તે છે. ૧૪

જ્ઞાનશુદ્ધિ કર્મ ક્ષયનું કારણ છે.

अतश्चाक्षेपकज्ञानात् कांतायां जोगसंनिधौ
न शुद्धिप्रक्षयो यस्माद्धारिभद्रमिदं वचः॥ १५ ॥

ભાવાર્થ—એથી અક્ષેપ જ્ઞાન વડે પુરૂષ સ્ત્રીના ભોગની સન્મુખ પ્રવર્ત્તે તો, તેથી કરીને તેની શુદ્ધિનો ક્ષય થતો નથી; જેથી જ્ઞાન શુદ્ધિ તે કર્મક્ષયનું કારણ છે, એમ હરિભદ્ર સૂરિનું વચન છે. ૧૫

વિશેષાર્થ—સ્વરૂપ જ્ઞાનના અભ્યાસે કરી, અથવા અન્ય વસ્તુએ કરી અન્યવસ્તુનું પૂરવું, તે ક્ષેપક કહેવાય છે. તેવું ક્ષેપકપણું જેને ન હોય, તે અક્ષેપ કહેવાય છે. એવા અક્ષેપક જ્ઞાનવાન્ પુરૂષ નિશ્ચય ભાવને ગ્રહણ કરનારા છે. તેવા પુરૂષ સ્ત્રીના ભોગની સન્મુખ પ્રવર્ત્તતા હોય તો પણ, તેની શુદ્ધિનો ક્ષય થતો નથી. કારણ કે, તેના હૃદયમાં વિષય તરફ આસક્તિ હોતી નથી. જ્યારે શુદ્ધિનો ક્ષય ન થાય, તો પછી તેનામાં જ્ઞાન શુદ્ધિ રહ્યા કરે છે, અને " જ્ઞાન શુદ્ધિ તે કર્મક્ષયનું કારણ છે " એવું હરિભદ્રસૂરિનું વચન છે. કહેવાનો આશય એવો છે કે, તીર્થંકર જેવા મહા પુરૂષોને સ્ત્રી ભોગ ભોગવામાં આવે છે, તો પણ તેમનામાં એવું મનોબળ હોય છે કે, જેથી તેઓના હૃદયમાંથી વૈરાગ્ય ભાવના દૂર થતી નથી. તેઓ સંસારમાં વર્ત્તતા હોય તો પણ, જીવન્મુક્ત દશા ભોગવે છે. ૧૫

જ્ઞાની સંસારમાં હોય તો પણ, તે સંસારને પરમાર્થ રીતે કેમ જુએ છે ?

मायाजृंतत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम् ।
तन्मध्ये न प्रयात्येव यथा व्याघातवर्जितः ॥ १६ ॥

ભાવાર્થ—આ સંસારને તત્ત્વથી માયા જેવો જોઈ કામ ભોગમાં ઉદ્વેગ નહીં પામનારો, તેમ રાગ પણ નહીં કરનારો, તે સંસારની અંદર પેસતો નથી; એટલે તન્મય બનતો નથી. તે નિર્વિઘ્નપણે મોક્ષે જાય છે. ૧૬

વિશેષાર્થ—આ સંસારને પરમાર્થપણે ઇંદ્રજાલના જેવો જોઇ તેનાથી ઉદ્વેગ પામે નહીં, તેમ તેની ઉપર રાગ પણ કરે નહીં,

તેવી મધ્યમ સ્થિતિમાં રહી, તે તન્મય બનતો નથી. તેવો પુરૂષ નિર્વિઘ્નપણે મોક્ષે જાય છે. ૧૬

નિઃસંગપણે ભોગ ભોગવતાં પણ મોક્ષે જવાય છે.

भोगान् स्वरूपतः पश्यंस्तथा मायादिकोपमान् ।
भुंजानोऽपि ह्यसंगःसन् प्रयात्येव परं पदम् ॥ १७ ॥

ભાવાર્થ—વિષય ભોગોને સ્વરૂપથી ઇંદ્રજાલના જેવા જોતો, અને તેમાં આસક્ત થયા વગર તેને ભોગવતો હોય, તો પણ તે પરમપદને–મોક્ષને પામે છે. ૧૭

વિશેષાર્થ—આ સંસારના ભોગો ઇંદ્રજાલના જેવા માયાવી છે, એમ તેમનું સ્વરૂપ ઓળખી તેમને જે પુરૂષ આસક્તિ વગર ભોગવે છે, તે મોક્ષ પદને પ્રાપ્ત કરે છે. કહેવાનો આશય એવો છે કે, આ સંસારના ભોગ ભોગવતો હોય, પણ તેનું યથાર્થ સ્વરૂપ સમજી તેઓમાં અનાસક્ત રહે, તો તેનામાં વૈરાગ્યની ભાવના કાયમ રહે છે, અને તેથી ગુણસ્થાનારોહણના ક્રમથી તે છેવટે મોક્ષપદનો અધિકારી બને છે, એટલે આ સંસારના ભોગ પૌદ્ગલીક છે, પરવસ્તુ છે, અને વિરકત ભાવે રહેવું, એ સ્વ વસ્તુ છે, એવા વિચારથી આત્મસ્વરૂપ ઓળખાય છે, અને મોક્ષપદ મેળવી શકાય છે. ૧૭.

ભોગને તત્ત્વરૂપે માનવામાં આવે તો સંસાર સાગરનું ઉલ્લંઘન થતું નથી ; તેનાથી કુમાર્ગે જવાય છે.

भोग तत्त्वस्य तु पुनर्न भवोदधि लंघनम्।
मायोदकदृढावेशस्तेन यातीह कापथे ॥ १८ ॥

ભાવાર્થ—આ સંસારના ભોગને તત્ત્વ રૂપે માનનારા પુરૂષોથી સંસાર સાગરનું ઉલ્લંન થતું નથી, તે માયા રૂપી જળના આવેશથી આ લોકમાં કુમાર્ગે ચાલે છે. ૧૮

વિશેષાર્થ—જે પુરૂષ આ સંસારના ભોગોને તત્ત્વ રૂપે માને છે, એટલે ' સંસારના ભોગ ભોગવવા એજ સાર છે,' એમ માને છે, એવો ભવાભિનંદી પુરૂષ માયા-ઇંદ્રજાલ રૂપ જળના આવેશથી કુમાર્ગે જાય છે; એટલે માયા રૂપી જલના પ્રવાહમાં તણાઇને આ લોકમાં નઠારે માર્ગે ચડી જાય છે. આ ઉપરથી એ ઉપદેશ લેવાનો છે કે, ભવી પ્રાણીએ વિષય ભોગનો ત્યાગ કરવો, અને સર્વદા માયાથી દૂર રહેવું. જો તે પ્રમાણે ન કરવામાં આવે તો, તે આ સંસાર સાગરમાં ચિરકાલ અથડાયા કરે છે. ૧૮

જેમ તે સંસારમાં ઉદ્વિગ્ન રહે છે, તેમ મોક્ષ માર્ગને વિષે પણ ભોગના મળમાં મોહિત થઇ રહે છે.

स तत्रैव भवोद्विग्ने यथा तिष्ठत्य संशयम्।
मोक्षमार्गेऽपि हि तथा भोगजंबालमोहितः ॥ १९ ॥

ભાવાર્થ—જેવી રીતે તે સંસારમાં નિઃસંશય ઉદ્વિગ્ન થઈ રહેછે, તેમ મોક્ષના માર્ગમાં પણ ભોગના મળમાં મોહિત થઇને રહેછે. ૧૯

વિશેષાર્થ—જે પુરૂષ ભોગના મળમાં મોહિત હોયછે, તે જેમ સંસારમાં ઉદ્વિગ્ન રહેછે, તેમ મોક્ષના માર્ગમાં પણ ભોગના મળમાં મોહિત રહેછે. એટલે સંસારાવસ્થામાં, વિષમ ભોગમાં આસક્ત થયેલો મનુષ્ય કદિ દીક્ષા લઈ યતિ ધર્મને અંગીકાર કરે તોપણ તેની ભોગેચ્છા દૂર થતી નથી. એટલે તે ઉભય ભ્રષ્ટ થાય છે, તેથી ભોગની આસક્તિનો સર્વથા ત્યાગ કરવો જોઇએ, એ ઉપદેશ છે. ૧૯

ધર્મની બળવાન્ શક્તિને ભોગ હણી શકતો નથી.

धर्मशक्तिं न हंत्यत्र भोगयोगो बलीयसीम्।
हंति दीपापहोवायु र्ज्वलंतं न दवानलम् ॥ ૨૦ ॥

ભાવાર્થ—જેમ દીવાને બુઝાવનારો પવન બળતા દાવાનળને હણી શકતો નથી, તેમ ભોગનો યોગ અતિશય બલવાન્ એવી ધર્મની શક્તિને હણી શકતો નથી. ૨૦

વિશેષાર્થ—અહિં કોઇને શંકા થાય કે, કદિ આસક્ત ન હોય, તોપણ ભોગ વિલાસની સાથે રહેવાથી ધર્મનો યોગ થઇ શકતો નથી; તેથી ભોગ અને ધર્મને સાથે બનેજ નહીં. આ શંકાના સમાધાનમાં કહેછે કે, ધર્મની શક્તિ એવી બળવાન્ છે કે, તેને ભોગનો યોગ હણી શકતો નથી. ધર્મમાં દૃઢ રહેનારો

માણસ સંસારના ભોગ ભોગવતો હોય તોપણ, તેની ધર્મ ભાવના નષ્ટ થતી નથી. ધર્મની શક્તિ એટલી બધી બલવતી છે કે, તેની આગળ ભોગનું બળ ચાલતું નથી. તે ઉપર દૃષ્ટાંત આપેછે. જે પવન દીવાને બુઝાવનારો હોય, અર્થાત્ તેટલી અલ્પ શક્તિવાળો હોય, તે પવન બલતા દાવાનળને બુઝાવી શકતો નથી. આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું કે, જો મનુષ્યમાં ધર્મની શક્તિ ન હોય, અર્થાત્ ધર્મ પર દૃઢતા ન હોય તો, તે મનુષ્યને ભોગ દબાવી દેછે. પણ જો તેનામાં ધર્મની દૃઢતા હોય તો, તેને ભોગ જરા પણ દબાવી શકતા નથી. ધર્મની એવી મહાન્ શક્તિ હોયછે કે, જેથી તેની આગળ ભોગની શક્તિ ચાલતી નથી. ૨૦

ઉદાસી રહેનારા પુરૂષો ભોગમાં બંધાતા નથી.

बध्यते गाढमासक्तौ यथा श्लेष्मणि मक्षिका ।
शुष्कगोलवदश्लिष्टो विषयेष्वयो न बध्यते ॥ २१ ॥

ભાવાર્થ—જેમ શ્લેષ્મ-બડખામાં માંખી બંધાઇ જાયછે, તેમ પ્રાણી આસક્તિને લીધે વિષયોમાં બંધાઇ જાયછે. અને જો તે વિષયોમાં આસક્તિ ન રાખે તો, સુકી માટીના ગોળામાં જેમ માંખી બંધાય નહીં તેમ તે વિષયોમાં બંધાતો નથી. ૨૧

વિશેષાર્થ—જે મનુષ્ય વિષયોમાં આસક્ત રહેછે, ને વિષયોમાં બંધાઇ જતો નથી, તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેવી રીતે માંખી ઠફના બડખામાં બંધાય છે, તેવી રીતે સુકી માટીના ગોળા ઉપર બંધાતી નથી. કારણ કે, બડખા ઉપર માંખીની આસક્તિ છે, અને સુકી માટીના ગોળા ઉપર તેની આસક્તિ હોતી નથી. એટલે

જ્યાં આસક્તિ ત્યાં બંધન છે, અને જ્યાં અનાસક્તિ છે, ત્યાં બંધન નથી. ૨૧

અ નિવૃત્તિ અને નિવૃત્તિની પેઠે તે દૂષિત થતી નથી.

बहु दोषनिरोधार्थं मनोवृत्तिरपि क्वचित् ।
निवृत्तिरिव नो दुष्टा योगानुन्नवशालिनाम् ॥ २२ ॥

ભાવાર્થ—અનુભવ યોગવાળા પુરૂષોને નિવૃત્તની જેમ ઘણા દોષોનો નિરોધ કરવાને કોઈવાર અનિવૃત્તિ પણ દુષિત થતી નથી. ૨૨

વિશેષાર્થ—જે પુરૂષો અનુભવ યોગવાળા છે, તેઓ કામ ભોગથી નિવૃત્ત ન થાય તો પણ તે દૂષિત ગણાતું નથી. તેમની જે કે વિષય ભોગ તરફ અનિવૃત્તિ છે, તોપણ તે નિવૃત્તિના જેવી ગણાય છે. જેમ રોગને કાઢવાને ઔષધની જરૂર છે, તેમ ઘણા દોષોનો રોધ કરવાને અનિવૃત્તિની જરૂર છે. ૨૨

વિષય સેવનારો પુરૂષ વિષય સેવ્યાથી શુદ્ધ થાય છે, એવું પણ કહેવાય છે.

यस्मिन्निषेव्यमाणेऽपि यस्याशुद्धिः कदाचन ।
तेनैव तस्य शुद्धिः स्यात्कदाचिदिति हि श्रुतिः॥ २३ ॥

ભાવાર્થ—જે સેવવાથી જેની કદાચિત્ અશુદ્ધિ થતી હોય તેને તેનાથીજ કદાચિત્ શુદ્ધિ થાય છે, એમ શ્રુતિ છે. ૨૩

વિશેષાર્થ—કોઇ એમ પણ કહે છે કે, વિષયોનું સેવન કરનારા પુરૂષની શુદ્ધિ તે વિષયના સેવનથી થાય છે. જે વિષયો સેવવાથી જેમ અશુદ્ધિ થાય છે, તેમ કોઇવાર તેના સેવનથી શુદ્ધિ થાય છે. તે ઉપર એક દૃષ્ટાંત કહેવાય છે. જેમ શત્રુની સેવા કરનારો પુરૂષ દુઃખી થઇને પણ કાલાંતરે સુખી થાય છે, તેવી રીતે શત્રુ રૂપ વિષયોની સેવા કરનારો પુરૂષ તેનાથી શુદ્ધ પણ બને છે. એટલે વિષય સેવનાથી–વિષયોની અંદર રહેલાં દુઃખનો અનુભવ કરવાથી, તેનામાં તેમની તરફ વૈરાગ્ય ઉત્પન્ન થવા સંભવ છે, તે તેની શુદ્ધિ સમજવી. આ વાત કેટલાએકને સંમત છે, બહુ સંમત નથી; માટે કહ્યુંછે કે, એવીજ શ્રુતિ છે. અથવા શ્રુતિ એ વેદનું નામ છે. તેથી કેટલાએક વેદાંતીઓનો એવો મત છે, એવો અર્થ પણ થઇ શકે છે, ૨૩

વિષયોનો બંધ અજ્ઞાનીને છે, જ્ઞાનીને નથી

विषयाणां ततो बंध जनने नियमोऽस्ति न ।
अज्ञानिनां ततो बंधो ज्ञानिनां तु न कर्हिचित् ॥२४॥

ભાવાર્થ—તેથી વિષયોનો બંધ ઉત્પન્ન કરવામાં નિયમ નથી, એટલે તે વિષયોથી અજ્ઞાનીઓને બંધ થાય છે, અને જ્ઞાનીઓને કદિ પણ બંધ થતો નથી. ૨૪

વિશેષાર્થ—વિષયો હમેશાં બંધ કરનારા છે, આવો એકાંતે નિયમ નથી. કારણ કે, જ્ઞાનીઓ ભોગનીક કર્મને લઇને વિષયો ભોગવતા હોય, તો પણ તેમને અનાસક્તિને લઇને વિષયો બંધ કર્ત્તા થતા નથી. અને જેઓ અજ્ઞાની છે, તેમને આસક્તિને

લઇને વિષયો બંધ કર્ત્તા થઈ પડે છે; તે ઉપરથી સિદ્ધ થાય છે કે, વિષયો બંધજ કરે છે, એવો નિયમ નથી. વિષયોનો બંધ પુરૂષ વિશેષને લઇને થાય છે. જો પુરૂષ જ્ઞાની હોય તો, તેને વિષયો બંધ કર્ત્તા નથી; અને અજ્ઞાની હોય તો, તેને બંધ કર્ત્તા છે, એટલે વિષયોનો બંધ વ્યક્તિ પરત્વે છે. કહેવાનો આશય એવો છે કે, કદિ સંસારના યોગને લઇને વિષયો ભોગવવામાં આવે તો પણ, તેમાં આસક્તિ રાખવી નહીં. જ્ઞાનના બળથી વિષયોના સ્વરૂપનું ચિંતવન કર્યા કરવું, જેથી વિષયો કર્મ બંધના કારણ રૂપ થશે નહીં. તે ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે, સર્વદા જ્ઞાન સંપાદન કરવામાં તત્પર રહેવું. જ્ઞાનના બળની આગળ વિષયોનું બળ ચાલવાનું નથી. ૨૪

દ્રવ્ય અને ભાવથી વિષય સેવન કરવા વિષે કહે છે.

सेवते सेवमानोऽपि सेवमानो न सेवते ।
कोऽपि पारजनो न स्या द्यच्छन् परजनानपि ॥ २५ ॥

ભાવાર્થ—કોઇ પ્રાણી વિષયોને દ્રવ્યથી નહીં સેવતો હોય, પણ ભાવથી સેવે છે, અને કોઇ દ્રવ્યથી સેવતો હોય, પણ ભાવથી સેવતો નથી. પરની સેવા કરતો પણ પરમાર્થ રીતે પરને આપતો નથી, તે જ્ઞાની કર્મમય થતો નથી. ૨૫

વિશેષાર્થ—વિષયોની સેવના દ્રવ્ય અને ભાવ બંનેથી થાય છે. કોઇ પ્રાણી વિષયોને દ્રવ્યથી સેવતો નથી, પણ ભાવથી સેવે છે. અને કોઇ પ્રાણી વિષયોને દ્રવ્યથી સેવે છે, પણ ભાવથી સેવ-

તે નથી. તેઓમાં જે જ્ઞાની છે. તે વિષયોને દ્રવ્યથી સેવે છે, ભાવથી સેવતો નથી. તે જ્ઞાની કર્મમય બનતોજ નથી. જે ભાવથી સેવે છે, તેજ કર્મમય બને છે. તે જ્ઞાની પરને આપે છે, તો પણ પરમાર્થ રીતે પરજન થતો નથી. એવા જ્ઞાનીના વૈરાગ્યનો નાશ થતો નથી. ૨૫

ઉત્તમ પુરૂષોનો વૈરાગ્ય ગર્ભથી માંડીને હણાતો નથી.

अतएव महापुण्य विपाकोपहितश्रियाम् ।
गर्भादारभ्य वैराग्यं नोत्तमानां विहन्यते ॥ २६ ॥

ભાવાર્થ—એથી કરીને મોટા પુણ્યના વિપાકથી જેમને મોક્ષ લક્ષ્મી નજીક આવેલી છે, એવા ઉત્તમ પુરૂષોને ગર્ભથી આરંભીને તેમના વૈરાગ્યનો નાશ થતો નથી. ૨૬

વિશેષાર્થ—ઉત્તમ પુરૂષોનો વૈરાગ્ય ગર્ભથી માંડીને પણ હણાતો નથી. એટલે જન્મથી આરંભી તેમનામાં એવો દૃઢ વૈરાગ્ય હોય છે કે, જે વૈરાગ્ય વિષમ ભોગ કરતાં છતાં પણ નાશ પામતો નથી. તેનું કારણ બતાવે છે. તે ઉત્તમ પુરૂષોને પૂર્વનું મહા પુણ્ય હોય છે, તે પુણ્યનો વિપાક થતાં તેમની નજીક મોક્ષ લક્ષ્મી આવે છે. આ કારણને લઈને તે ઉત્તમ પુરૂષો વિષય ભોગ ભોગવતા હોય તો પણ, તેમનો વૈરાગ્ય હણાતો નથી. ૨૬

વૈરાગ્ય દિશાનો રાજમાર્ગ કયો છે ?

विषयेभ्यः प्रशांताना मश्रांतं विमुखीकृतैः ।
करणैश्चारु वैराग्यमेष राजपथः किल ॥ २७ ॥

ભાવાર્થ—વિષયોથી શાંત થયેલાને હમેશાં ઇંદ્રિયોને વિષયોથી વિમુખ કરવાથી જે સુંદર વૈરાગ્ય થાયછે, એ વૈરાગ્ય દિશાનો રાજ માર્ગ છે. ૨૬

વિશેષાર્થ—ઉત્તમ પ્રકારનો વૈરાગ્ય પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ એ છે કે, વિષયોથી શાંત થયા પછી પોતાની ઇંદ્રિયોને હમેશાં વિષયોથી વિમુખ રાખવી. જ્યારે શાંત વૃત્તિ થાય, એટલે ઇંદ્રિયોનું દમન કરવાથી ઇંદ્રિયો વિષયમાંથી વિમુખ થઈ જાય ત્યારે તેને વૈરાગ્ય ભાવના વડે પરિપુષ્ટ બનાવવાનો યત્ન કરવો. એટલે કે એક તરફ સતતપણે ઇંદ્રિયો ઉપર અંકુશ રાખવો અને ઉપરથી વૈરાગ્યનો પટ મેળવવો. આથી વૈરાગ્ય પ્રાપ્તિનો રાજમાર્ગ ખુલ્લો થાય છે. ૨૭

વૈરાગ્યનો એક પદ્ધી (ન્હાનો) માર્ગ.

स्वयं निवर्त्तमानैस्तैरनुदीर्णैरयंत्रितैः ।
तृप्तैर्ज्ञानिवतां तस्मादसावेकपदी मता ॥ २८ ॥

ભાવાર્થ—પોતાની મેળે નિવૃત્ત થયેલ, ઉદીરણા વગરની અને યંત્રણા શિવાયની તૃપ્ત ઇંદ્રિયો વડે જે જ્ઞાનીઓને વૈરાગ્ય થાય, તે વૈરાગ્યને એકપદ્ધી (ન્હાનો) માર્ગ કહેવાય છે. ૨૮

વિશેષાર્થ—જે જ્ઞાનીઓ એવા છે કે, જેઓની ઇંદ્રિયો ઇચ્છા વિના કોઇ કારણથી પોતાની મેળે નિવૃત્ત થાયછે. તેમ

તેઓને કોઇ જાતની ઉદીરણા કરવામાં આવતી નથી. તેમજ કોઇ જાતની નિયંત્રણા કરવામાં આવતી નથી. એટલે ઇંદ્રિયોનો નિરોધ હજી કર્યો નથી, પણ સહજ ચારિત્રના યોગે ઇંદ્રિય નિરોધ થઇ ગયોછે; તેમજ તે આસક્તિ ન હોવાથી તૃપ્ત રહેછે. એવા જ્ઞાની પુરૂષોનો વૈરાગ્ય પૂર્વે કહેલા રાજમાર્ગના વૈરાગ્યની અપેક્ષાએ એકપદ્દી છે–એક દંડી છે. એટલે નાનો માર્ગ છે. જે શકટ વગેરેને ચાલવાનો ધોરી રસ્તો તે રાજમાર્ગ કહેવાય છે, અને મનુષ્યોને પગે ચાલવાનો માર્ગ તે એકપદ્દી માર્ગ કહેવાય છે. પ્રથમ કહેલ રાજ માર્ગના જેવો વૈરાગ્ય મોટો છે, અને આ એકપદ્દી વૈરાગ્ય નાનો વૈરાગ્ય છે. ૨૮

બળાત્કારે પ્રેરેલી ઇંદ્રિયો વનના હાથીની જેમ વશ થતી નથી.

बलेन प्रेर्यमाणानि करणानि वनेजवत् ।
न जातु वशतां यांति प्रत्युतानर्थ वृध्ये ॥ २९ ॥

ભાવાર્થ—બળાત્કારે પ્રેરેલી ઇંદ્રિયો વનના હાથીની જેમ કદિ પણ વશ થતી નથી; પરંતુ ઉલટી અનર્થને વધારનારી થાય છે, ૨૯

વિશેષાર્થ—ઇંદ્રિયોને હમેશાં નિયમમાં રાખવી જોઇએ. જો તેમને બળાત્કારે પ્રેરવામાં આવે તો, પછી તે કદિ પણ વશ થતી નથી. એટલે ઇંદ્રિયોને નિયમમાં રાખીને વિષય ભોગ ભોગવવા. જો બળાત્કારે તેમને પ્રેરણા કરવામાં આવે, અર્થાત્ આસક્તિ પૂર્વક તેમને છુટી મુકવામાં આવે તો, પછી તે વશ થઇ શકતી નથી. તે ઉપર દૃષ્ટાંત આપે છે.

જેમ વનનો મદોન્મત્ત હાથી હોય તેને છુટો મુકવામાં આવે તો, કદિ પણ વશ થતો નથી. બળાત્કારે છુટી મુકેલી ઇંદ્રિયો વશ થતી નથી, એટલું જ નહીં પણ, તેઓ ઉલટી અનર્થને વધારનારી થાય છે. છુટેલો વનનો હાથી જેમ અનેક જાતના અનર્થ કરે છે, તેમ છુટી મુકેલી ઇંદ્રિયો અનેક જાતના અનર્થ ઉત્પન્ન કરે છે; તેથી ઇંદ્રિયોને બળાત્કારે પ્રેરવી ન જોઇએ, એ ઉપદેશ છે. ૨૯

અધર્મી–ધૂર્ત્ત મનુષ્યો પોતાના આત્માને નરકના ખાડામાં પાડે છે.

पश्यंति लज्जया नीचैर्दुर्ध्यानं च प्रयुंजते ।
आत्मानं धार्मिकाभासाः क्षिपंति नरकावटे ॥ ३० ॥

ભાવાર્થ—ધર્મનો આડંબર કરનારા ધૂતારાઓ લજ્જાથી નીચું જુએ છે, દુર્ધ્યાન ચિંતવે છે, અને પોતાના આત્માને નરકના ખાડામાં નાંખે છે. ૩૦

વિશેષાર્થ—જેઓ ધર્મનો ખોટો આડંબર રાખે છે, તેઓ ધાર્મિકાભાસ કહેવાય છે. તેવા અધમ ધાર્મિકો લજ્જાથી નીચું જુએ છે, અને હૃદયમાં દુર્ધ્યાન કરે છે, તે પુરૂષો નરકના ખાડામાં અવશ્ય પડે છે. કહેવાનો આશય એવો છે કે, મનુષ્યે શુદ્ધ વૃત્તિથી ધર્માચરણ કરવું જોઇએ. ધર્મને વિષે કોઇ જાતનો આડંબર રાખવો ન જોઇએ. જેઓ ધર્મનો આડંબર રાખે છે, તેઓ અવશ્ય નરકમાં પડે છે. ધર્મનો આડંબર રાખનારા પુરૂષો કેવી રીતે વર્તે છે ? તે વાત ગ્રંથકાર જણાવે છે કે, તેઓ ઉપરથી લજ્જા

રાખી નીચું જુએ છે, પણ તેમના હૃદયમાં દુર્ધ્યાન થયા કરે છે. એવા ધાર્મિકાભાસ પુરૂષો નરકનાજ અધિકારી થાય છે. ૩૦

કેવો પુરૂષ ઇંદ્રિયોને ઠગનારો થાય છે ?

वंचनं करणानां तद्विरक्तः कर्तुमर्हति ।
सद्भाव विनियोगेन सदास्वान्य विभागवित् ॥ ३१ ॥

ભાવાર્થ—શુદ્ધ ભાવને અર્પણ કરી સર્વદા પોતાના અને અન્યના વિભાગને જાણનારો વિરકત પુરૂષ ઇંદ્રિયોની વંચના કરવાને યોગ્ય છે. ૩૧

વિશેષાર્થ—જે પુરૂષ પોતે શુદ્ધ ભાવવાળો છે, અને સ્વપરના વિવેકને જાણે છે, તે પુરૂષ ઇંદ્રિયોને છેતરવાને યોગ્ય થાય છે. કહેવાનો આશય એવો છે કે, જેના હૃદયમાં શુદ્ધ ભાવ છે, એટલે હૃદયમાં શુદ્ધ ભાવના ભાવનારો છે, તેમજ સ્વપર વસ્તુનો વિવેક ધરનારો છે; એટલે જે આત્મિક વસ્તુ તે સ્વવસ્તુ છે, અને જે પુદ્ગલિક વસ્તુ તે પરવસ્તુ છે, એવું જે સમજે છે, તે પુરૂષ ઇંદ્રિયોને છેતરવામાં સમર્થ થઇ શકે છે. અર્થાત્ તે ઇંદ્રિયોને નિયમમાં રાખી શકે છે. માટે દરેક ભવી આત્માએ હૃદયમાં શુદ્ધ ભાવ રાખવો, અને સ્વપર વસ્તુનો વિવેક રાખવો, કે જેથી ઇંદ્રિઓનું દમન થાય અને વૈરાગ્યની વૃદ્ધિ થાય. ૩૧

કેવો વૈરાગ્ય અદ્‌ભુત છે ?

प्रवृत्तेर्वा निवृत्तेर्वा न संकल्पो न च श्रमः ।
विकारो ह्रियतेऽक्षाणामिति वैराग्यमद्‌भुतम ॥ ३२ ॥

ભાવાર્થ—પ્રવૃત્તિને વિષે અથવા નિવૃત્તિને વિષે જેને સંકલ્પ નથી, તેમ શ્રમ પણ નથી, તેની ઇંદ્રિયોનો વિકાર હરાય છે; તેનાથી જે વૈરાગ્ય ઉત્પન્ન થાય તે અદ્‌ભુત વૈરાગ્ય કહેવાય છે. ૩૨

વિશેષાર્થ—આ સંસારમાં મનુષ્યને માટે બે વૃત્તિઓ છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ. જે જ્ઞાની છે, તે ઉભય વૃત્તિમાં સમાન ભાવે વર્ત્તે છે. તે પ્રવૃત્તિ કરે તો પણ, સંકલ્પ વિકલ્પ કરતો નથી; તેમ તેને શ્રમ લાગતો નથી. અને નિવૃત્તિમાં રહે તોપણ, તે સંકલ્પ–વિકલ્પ કરતો નથી; તેમ તે પોતાને શ્રમ થયેલો માનતો નથી. આ પ્રમાણે વર્ત્તવાથી તેની ઇંદ્રિયોનો વિકાર હરાય છે—નાશ પામે છે. કારણ કે, તે પ્રવૃત્તિ અને નિવૃત્તિના ધર્મને સારી રીતે જાણે છે. આથી તેની મનોવૃત્તિમાં સંકલ્પ–વિકલ્પો ઉત્પન્ન થતા નથી; તેમ તેને શ્રમ લાગતો નથી; એટલે તેનામાં અદ્‌ભુત વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં સંકલ્પ રહિત અને શ્રમ રહિત રહેનારને વૈરાગ્ય ભાવના થયા વગર રહેતી નથી. એ વૈરાગ્ય અરેઅર અદ્‌ભુત ગણાય છે. ૩૨

જ્ઞાની યોગીને પ્રવૃત્તિઓ બાધકારક થતી નથી.

દારુયંત્રસ્થપાંચાલી નૃત્યતુલ્યાઃ પ્રવૃત્તયઃ ।
યોગિનો નૈવ બાધાયૈ જ્ઞાનિનો લોકવર્ત્તિનઃ ॥ ૩૩ ॥

ભાવાર્થ—કાષ્ટ યંત્રમાં ગોઠવેલી પુતલીઓના નૃત્યના જેવી પ્રવૃત્તિઓ લોકમાં વર્ત્તનારા જ્ઞાની-યોગીને બાધકારક થતી નથી. ૩૩

વિશેષાર્થ—જે જ્ઞાની અને યોગી છે, તે કદિ લોક વ્યવહાર-

માં વર્ત્તતો હોય તોપણ, તેને પ્રવૃત્તિઓ બાધકારક થતી નથી. જે પ્રવૃત્તિઓ યંત્રમાં ગોઠવેલી કાષ્ટની પુતલીઓના જેવી હોયછે. આ ઉપરથી ગ્રંથકારે જણાવ્યું કે, જે જ્ઞાની અને યોગી હોય છે, તે પ્રવૃત્તિનું સ્વરૂપ સમજે છે. જેમ યંત્રમાં ગોઠવેલી કાષ્ટની પુતલીઓ તે યંત્ર ચલાવનારની મરજી પ્રમાણે નૃત્ય કરેછે, તેવી રીતે આ સંસારની પ્રવૃત્તિઓ કર્મની પ્રેરણા પ્રમાણે વર્ત્તે છે. એટલે જેવું કર્મ તેવી પ્રવૃત્તિ થાયછે. આ પ્રમાણે પ્રવૃત્તિના સ્વરૂપને જાણનારા જ્ઞાની પુરૂષને તે પ્રવૃત્તિઓ કાંઇ પણ કરી શકિત નથી; એટલે તેના હૃદયમાંથી વૈરાગ્ય ભાવના શિથિલ થઇ શકતી નથી. જ્ઞાની અને યોગી એ બે વિશેષણો હેતુપૂર્વક આપવામાં આવેલા છે. કદિ માત્ર જ્ઞાનવાન્ હોય, પણ જો તેનામાં યોગવિદ્યાની શકિત ન હોય તો, તે મનોવૃત્તિને રૂંધી શકતો નથી. તેથી જ્ઞાની અને યોગી એ બે વિશેષણો આપેલાં છે. ૩૩

પરદર્શનીઓ વૈરાગ્યને યોગમાયા કહે છે.

इयंच योग मायेति प्रकटं गीयते परैः ।
लोकानुग्रहहेतुत्वान्नास्यामपि च दूषणम् ॥ ३४ ॥

ભાવાર્થ—એ વૈરાગ્ય દશાને અન્ય મતિઓ યોગ માયા એવા નામથી પ્રગટપણે કહેછે. પણ, એ લોકના અનુગ્રહનો હેતુરૂપ હોવાથી એમની અંદર કાંઇ દૂષણ નથી. ૩૪

વિશેષાર્થ—એ વૈરાગ્ય દશાને અન્યમતીઓ યોગમાયાને નામે પ્રગટ રીતે ઓળખાવે છે. ભલે તેઓ તેમ કહે, પણ એ વરાગ્ય દશા લોકોના અનુગ્રહની હેતુરૂપ છે, એટલે એ વૈરાગ્ય

દશાથી લોક અનુગ્રહ થઇ શકે છે, માટે તેની અંદર કોઇ જાતનો દોષ નથી. ૩૪

એ યોગ માયા પણ શુદ્ધ જ્ઞાનની દિશા છે.

સિદ્ધાંતે શ્રૂયતે ચેય મપવાદપદેષ્વપિ ।
મૃગ પર્ષત્પરિત્રાસ નિરાસફલસંગતા ॥ ૩૫ ॥

ભાવાર્થ—એ યોગ માયાના નામવાળી વૈરાગ્ય દશા સિદ્ધાંતને વિષે અપવાદ પદની અંદર સંભળાય છે, અને તે મૃગલાની પર્ષદાને ત્રાસ અને નિરાસ કરવા રૂપ ફલની સાથે મળેલી છે. ૩૫

વિશેષાર્થ—એ વૈરાગ્ય દશા અપવાદ પદમાં પણ છે, એમ સિદ્ધાંતમાં સંભલાય છે. અપવાદને વિષે મૃગોની પરિષદાને પણ નિરાસ કરવી, એ વૃષભ તુલ્ય ગીતાર્થની શુદ્ધ જ્ઞાન દિશા જાણવી. ૩૫


ઉદાસીન ભાવમાં ચોથા ગુણસ્થાનમાં પણ વૈરાગ્ય હોય છે.

ઔદાસીન્યફલે જ્ઞાને પરિપાકમુપેયુષિ ।
ચતુર્થેઽપિ ગુણસ્થાને તદ્વૈરાગ્યં વ્યવસ્થિતમ્ ॥ ૩૬ ॥

ભાવાર્થ—ઉદાસીનપણું જેનું ફલ છે. એવું જ્ઞાન જ્યારે પરિપાકાવસ્થાને પામે છે, ત્યારે ચોથા ગુણસ્થાનમાં પણ તે વૈરાગ્ય રહેલો હોય છે. ૩૬

વિશેષાર્થ—જ્ઞાનનું ફલ ઉદાસીનતા છે, એટલે જ્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે મનુષ્યને ઉદાસીન ભાવ વર્તે છે. તેથી તે સુખ, દુઃખ વગેરે સર્વ બાબતમાં મધ્યસ્થ ભાવે વર્તે છે. એવું જ્ઞાન પરિપાક અવસ્થાને પ્રાપ્ત થાય છે, એટલે ચોથું ગુણસ્થાન કે જે અવિરતિ સમ્યગ્ દૃષ્ટિના નામથી ઓળખાય છે, તેની અંદર તે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, તેથી સર્વથા ઉદાસીનતાને આપનાર જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. ૩૬

इति पांचमो वैराग्य–संभव नामनो अधिकार समाप्त थयो.



અધિકાર ૬ ઠો.

વૈરાગ્ય ભેદાધિકાર.

વૈરાગ્યના ત્રણ પ્રકાર.

तद्वैराग्यं स्मृतं दुःखमोहज्ञानान्वयात् त्रिधा ।
तत्राद्यं विषया प्राप्तेः संसारोद्वेगलक्षणम् ॥ १ ॥

ભાવાર્થ—દુઃખ ગર્ભિત, મોહ ગર્ભિત અને જ્ઞાન ગર્ભિત એમ ત્રણ પ્રકારનો વૈરાગ્ય કહેલો છે. તેમાં વિષયોનો પ્રાપ્તિ ન થવાથી સંસાર તરફ ઉદ્વેગ રહે તે પહેલો દુઃખ ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. ૧

વિશેષાર્થ—ગ્રંથકાર પ્રથમ વૈરાગ્યના ત્રણ પ્રકાર પાડે છે. દુઃખ ગર્ભિત, મોહ ગર્ભિત, અને જ્ઞાન ગર્ભિત, એવાં તેનાં નામ છે. મનુષ્યને જ્યારે મનવાંછિત વિષયો પ્રાપ્ત ન થાય, તેથી સંસાર તરફ ઉદ્વેગ થઇ આવે, તે પહેલો દુઃખ ગર્ભિત વૈરાગ્ય કહેવાયછે. ૧

દુઃખ ગર્ભિત વૈરાગ્યમાં મનુષ્યનો વિનિપાત થાય છે.

अत्रांगमनसोः खेदो ज्ञानमाप्यायकं न यत् ।
निजाभीप्सितलाभे च विनिपातोऽपि जायते ॥ २ ॥

ભાવાર્થ—એ પહેલા દુઃખ ગર્ભિત વૈરાગ્યમાં પ્રાણીને દેહ સંબંધી તથા મન સંબંધી ખેદ ઉત્પન્ન થાય છે, અને તેમાં મનને તૃપ્તિ આપનાર જ્ઞાન પણ હોતું નથી, તેથી જો તે પ્રાણીને પોતાની ઇચ્છીત વસ્તુનો લાભ થાય તો, તેનો વિનિપાત (ભ્રષ્ટતા) થઇ જાય છે. ૨

વિશેષાર્થ—પહેલા દુઃખ ગર્ભિત વૈરાગ્યમાં મનુષ્યને દેહ સંબંધી અને મન સંબંધી ખેદ ઉત્પન્ન થાયછે. એટલે જ્યારે તેના મનની ઇચ્છા પૂરી ન થાય, ત્યારે તેને ભારે દુઃખ ઉત્પન્ન થાયછે. કારણ કે, તેનામાં દુઃખને શમાવનારૂં પરિપૂર્ણ જ્ઞાન હોતું નથી. જો પૂર્ણ જ્ઞાન હોય તો, તેનામાં દેહ અને મન સંબંધી ખેદ થતો જ નથી. તેમ કરતાં જો તેની ધારણા પ્રમાણે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય તો પછી તેને પ્રથમ દુઃખ ગર્ભિત વૈરાગ્ય ટકી શકતો નથી. તત્કાલ તેનો વિનિપાત થાયછે; એટલે વૈરાગ્યથી ભ્રષ્ટ થઈ જાયછે. તેથી તે દુઃખ ગર્ભિત વૈરાગ્ય ઉત્તમ પ્રકારનો ગણાતો નથી. કદિ કોઈ પુરૂષે ઇચ્છિત વસ્તુ ન મલવાથી દુઃખ ગર્ભિત વૈરાગ્ય વડે ચારિત્ર લીધું હોય, પણ જો તેની ઇચ્છા પૂર્ણ થાયછે, તો તે ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાયછે. માટે પહેલો દુઃખ ગર્ભિત વૈરાગ્ય ઉત્તમ ભાવના વડે અચળ કરવા યોગ્ય છે. ૨

દુઃખથી વૈરાગ્ય પામેલા મુનિઓ પાછા ગૃહાવાસમાં આવે છે.

दुःखाद्विरक्ताः प्रागेवेच्छंति प्रत्यागतेः पदम् ।
अधीरा इव संग्रामे प्रविशंतो वनादिकम् ॥ ३ ॥

ભાવાર્થ—દુઃખથી વિરકત થયેલા મુનિઓ, જેમ સંગ્રામમાં અધીર થયેલા પુરૂષો વન વગેરેમાં પ્રવેશ કરેછે, તેમ પાછા ગૃહસ્થાવાસમાં પ્રવેશ કરવાની ઇચ્છા કરેછે. ૩

વિશેષાર્થ—જે પુરૂષોએ દુઃખથી વિરકત થઇ દીક્ષા લીધી હોય, તેઓ જ્યારે તેમનું દુઃખ દૂર થાય, ત્યારે પાછા ગૃહસ્થાવાસમાં આવવાની ઇચ્છા કરેછે. તે ઉપર દૃષ્ટાંત આપેછે. જેમ યુદ્ધને વિષે સામેલ થયેલા અધીર પુરૂષો વનની અંદર ભરાઇ બેસવાની ઇચ્છા કરે છે. આ ઉપરથી સમજવાનું કે, સંગ્રામમાં ગયેલા કાયર પુરૂષો જેમ પાછા નાશી વન વગેરેમાં ભરાઇ બેસેછે, તેમ દુઃખથી કાયર થયેલા પુરૂષો વિરકત થઇ મુનિવ્રત ગ્રહણ કરે છે; પણ કાયરતાને લઇને તેઓ પાછા ગૃહસ્થાવાસમાં આવે છે. તે ઉપરથી એ ઉપદેશ લેવાનો છે કે, દુઃખગર્ભિત એવો વૈરાગ્ય માણસને પતિત કરનાર છે, તેથી તેવા વૈરાગ્યને પામી મહાવ્રત લેવાનું સાહસ કરવું નહીં. દુઃખ ગર્ભિત વૈરાગ્ય અસ્થિર હોવાથી અગ્રાહ્ય છે. ૩

તેવા વૈરાગ્યના અધિકારી પુરૂષો શુષ્ક વિદ્યા ભણે છે, પણ સિદ્ધાંત ભણતા નથી.

શુષ્કતર્કાદિકં કિંચિ દ્વૈદ્યકાદિકમપ્યહો ।
પઠંતિ તે શમનદીં નતુ સિદ્ધાંતપદ્ધતિમ્ ॥ ૪ ॥

ભાવાર્થ—અહો ! એ પ્રથમ વૈરાગ્યવાળા પુરૂષો શુષ્ક તર્ક વિચાર અને વૈદ્યક વગેરે ભણે છે, પરંતુ શમતાની નદી રૂપ સિદ્ધાંતની પદ્ધત્તિને ભણતા નથી. ૪

વિશેષાર્થ—દુઃખ ગર્ભિત વૈરાગ્યવાળા સાંસારિક લાભ મેળવવાને માટે કાંઈક શુષ્ક તર્ક વિદ્યા કે વૈદ્યક વગેરે ભણે છે, પરંતુ શમતાની નદી રૂપ એટલે જેની અંદરથી ઘણી શમતા મેળવી શકાય છે, એવી સિદ્ધાંતની પદ્ધત્તિને ભણતા નથી. તેઓના મનમાં ઉત્તમ વૈરાગ્ય ન હોવાથી વાદ વિવાદ કરવાને, શુષ્ક તર્કવિદ્યા ભણવાને તેઓ તત્પર બને છે. કારણ કે, વાદ વિવાદથી બીજાનો પરાભવ કરી જગતમાં કીર્તિ મેળવવાની તેમની ઇચ્છા હોય છે. તેમજ વૈદ્યક વિદ્યા ભણી લોકોના ઔષધોપચાર કરી દ્રવ્ય મેળવવાની ઇચ્છા રાખે છે. આદિ શબ્દથી મંત્ર તંત્ર વગેરેની ચમત્કારી વિદ્યામાં પણ તેમની પ્રવૃત્તિ થાય છે. તેવા અનુત્તમ વૈરાગ્યને લઇને તેઓ સાંસારિક લાભ મેળવવાને ઘણાજ આતુર રહે છે, અને જો તે લાભ મળે તો, તેઓ પાછા સંસારને વધારે છે. તેવા પુરૂષો શમતાને વધારનારી સિદ્ધાંતની પદ્ધત્તિને ભણતા નથી, કારણ કે, ક્ષુદ્ર વૈરાગ્યને લઇને તેઓને એ પદ્ધતિ રૂચિકર થતી નથી. આ ઉપરથી એવો સાર નીકળે છે કે, શુષ્ક તર્ક વિદ્યા કે વૈદ્યકવિદ્યાનો કેવળ આત્માને અનુપયોગી અભ્યાસ કરવો ન જોઇએ; પરંતુ શમતાને આપનાર સિદ્ધાંતનો અભ્યાસ કરવો જોઇએ. ૪

ગ્રંથના ખંડ ખંડ બોધથી ગર્વ ધારણ કરનારાઓ તત્વના રહસ્યને પામી શકતા નથી.

ग्रंथपल्लवबोधेन गर्वोष्माणं च बिभ्रति ।
तत्त्वार्तं नैव गच्छंति प्रशमामृतनिर्झरम् ॥ ५ ॥

ભાવાર્થ—ગ્રંથના ખંડ ખંડ બોધથી પુરૂષો ગર્વની ગરમી

ભીને ધારણ કરે છે. તેઓ શમતા રૂપ અમૃતના ઝરા રૂપ તત્વના રહસ્યને પામતા નથી. ૫

વિશેષાર્થ—જેઓ દુઃખ ગર્ભિત એવા વૈરાગ્યને પામેલા છે, તેઓ દરેક ગ્રંથનું ખંડ ખંડ પાંડિત્ય મેળવી ગર્વની ગરમીને ધારણ કરે છે, તેથી તેઓ તત્વના રહસ્યને પામી શકતા નથી. જે તત્વનું રહસ્ય શમતા રૂપ અમૃતના ઝરા જેવું છે. એટલે તે જાણવાથી હૃદયપર શમતા રસનો પ્રવાહ વહન થાય છે. કહેવાનો આશય એવો છે કે, પરિપૂર્ણ સિદ્ધાંતના તાત્વિક ગ્રંથોનો અભ્યાસ કરવો, કે જેથી શમતા ગુણ મેળવી શકાય છે. જેઓ ગ્રંથોનું ખંડખંડ પાંડિત્ય મેળવે છે, તેઓનાં હૃદય ગર્વથી ભરપૂર થઇ જાય છે. એટલે તેમનામાં શમતાનો એક અંશ પણ આવતો નથી. ૫

વેષધારી સાધુઓ ગૃહસ્થના જેવાજ છે.

वेषमात्र नृतोऽप्येते गृहस्थ नातिशेरते ।
न पूर्वोत्थायिनो यस्मान्नापि पश्चान्निपातिनः ॥ ६ ॥

ભાવાર્થ—એ દુઃખગર્ભિત વૈરાગ્યથી સાધુ થયેલા પુરૂષો માત્ર વેષધારી છે. તેઓ ગૃહસ્થથી કાંઈ અધિક થતા નથી; અર્થાત્ ગૃહસ્થના જેવાજ છે. તેઓ પૂર્વોત્થાયી નથી, એટલે આગળ પડેલા નથી, તેમ પાછળ પડેલા નથી. ૬

વિશેષાર્થ—દુઃખ ગર્ભિત પુરૂષો સાધુ થાય છે, પણ તેઓ માત્ર વેષધારી છે તેઓ મુનિવેશને ધારણ કરનારા છે, તોપણ ગૃહસ્થના જેવાજ છે. કારણકે, તેમનામાં ઉત્તમ વૈરાગ્ય રહેલો નથી; એવા પુરૂષો આગળ પડી શકતા નથી; તેમ ગુણ પાછળ

પડતા નથી. કારણકે, મુનિવેષ ધારણ કર્યો છે, તેથી તેમનો પશ્ચાત્પાત પણ ન ગણાય. એવા પુરૂષો પરિણામે ચારિત્ર ભ્રષ્ટ થઇ દુઃખના પાત્ર બને છે. ૬

દુઃખ ગર્ભિત વૈરાગ્યનું પ્રયોજન.

गृहेऽन्नमात्र दौर्लभ्यं लभ्यंते मोदका व्रते ।
वैराग्यस्यायमर्थोहि दुःखगर्भस्य लक्षणम् ॥ ७ ॥

ભાવાર્થ—ઘરમાં પૂરૂં અન્ન પણ દુર્લભ છે, અને વ્રત લેવામાં લાડવા મળે છે, તે દુઃખ ગર્ભિત વૈરાગ્યનું લક્ષણ છે. ૭

વિશેષાર્થ—ઘરમાં પૂરૂં ખાવાને મળતું ન હોય, તેથી દીક્ષા લે છે, કારણકે, સાધુ થવાથી ખાવામાં લાડુ મળે છે. આવા પ્રયોજનથી જે વૈરાગ્ય હોય, તે દુઃખગર્ભિત વૈરાગ્યનું લક્ષણ છે. એટલે લાડુ ખાવાને માટે સંસાર ઉપર વૈરાગ્ય ધરી દીક્ષા લેવી, તે દુઃખગર્ભિત અધમ વૈરાગ્ય કહેવાય છે. એવા વૈરાગ્યનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૭

બીજા મોહગર્ભિત વૈરાગ્યવિષે કહેછે.

कुशास्त्राभ्यास संजूत जनवैर्गुण्य दर्शनात् ।
मोहगर्भं तु वैराग्यं मतं बाल तपस्विनाम् ॥ ८ ॥

ભાવાર્થ—નઠારાં શાસ્ત્રના અભ્યાસથી આ સંસારની નિર્ગુણતા જોવામાં આવે, અને તેથી જે વૈરાગ્ય થાય, તે બીજા મોહગર્ભ વૈરાગ્ય કહેવાય છે. એવો વૈરાગ્ય બાલતપસ્વીઓને થાય છે. ૮

વિશેષાર્થ—મિથ્યાત્વીઓનાં નઠારાં શાસ્ત્રના અભ્યાસથી સંસારની નિર્ગુણતા જોવામાં આવે, તેથી જે વૈરાગ્ય ઉત્પન્ન થાય, તે બીજો મોહ ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. મોહ ગર્ભિત વૈરાગ્યવાળો પુરૂષ શાસ્ત્રીય વાદ વિવાદમાં વિશેષ તત્પર બને છે. અને તે મિથ્યાત્વ તરફ દુરાગ્રહી થાય છે; તેથી તેનો મોહગર્ભિત વૈરાગ્ય જણાઇ આવે છે. મિથ્યાત્વ તરફ જે મોહ રાખીને વૈરાગ્ય ધારણ કરવો તે મોહ ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. તેવો વૈરાગ્ય બાલ તપસ્વીઓને હોય છે, ઉત્તમ પુરૂષોને હોતો નથી. કારણ કે, ઉત્તમ પુરૂષો યથાર્થવાદી હોવાથી તેઓ સર્વદા મિથ્યાત્વથી દૂર રહે છે. બાળ એટલે મૂર્ખ એવા તપસ્વીઓ એ મોહ ગર્ભિત વૈરાગ્યને ધારણ કરી ધર્મનો આડંબર વધારે છે, અને આખરે પતિત થઇ ચારિત્ર ધર્મથી વિમુખ બને છે. ૮

સિદ્ધાંત જાણવા છતાં વિરૂદ્ધ અર્થ કહેનારાઓનું ધૃષ્ટ થવું દુષ્કર છે.

सिद्धांतमुपजीव्यापि ये विरुद्धार्थभाषिणः ।
तेषामप्येतदेवेष्टं कुर्वतामपि दुष्करम् ॥ ॥ ए ॥

ભાવાર્થ—સિદ્ધાંત જાણીને પણ જેઓ તે સિદ્ધાંતની વિરૂદ્ધ અર્થ કહેનારા છે, તેઓ એ ધૃષ્ટકાર્ય કરતા હોય તો પણ, તેમનું ધૃષ્ટ થવું દુષ્કર છે. ૯

વિશેષાર્થ—મોહ ગર્ભિત વૈરાગ્યને ધારણ કરનારાઓ કદિ સિદ્ધાંતને જાણતા હોય, તો પણ તેઓ તેની વિરૂદ્ધ એવા અર્થને

કહેનારા હોય છે. જેઓ તે વિરૂદ્ધ અર્થ કહેનારા છે, તેમનું ઈષ્ટ કદિ પણ સિદ્ધ થઇ શકતું નથી. તે ઈષ્ટ ઘણુંજ મુશ્કેલ છે. ૯

મોહ ગર્ભિત વૈરાગ્યવાળાને પરમાર્થમાં પણ પાપજ લાગે છે, અને તેની રૂચિ જ્ઞાનમાં હોતી નથી.

संसारमोचकादीनामिवैतेषां न तात्विकः ।
शुभोऽपि परिणामो यज्जातानज्ञानरुचिस्थितिः ॥ १० ॥

ભાવાર્થ—સંસારમાંથી મુકાવનારા અજ્ઞાની પુરૂષોની જેમ મોહ ગર્ભિત વૈરાગ્યવાળા પુરૂષોને પરમાર્થપણે શુભ પરિણામ હોતો નથી, અને તેમની જ્ઞાન ઉપર રૂચિ થતી નથી. ૧૦

વિશેષાર્થ—મોહ ગર્ભિત વૈરાગ્યવાળાઓ કદિ શુભ પરિણામ રાખતા હોય, તો પણ તેમનો એ પરિણામ પરમાર્થ રીતે શુભ હોતો નથી. તેઓ પરમાર્થ કરતા હોય, તો પણ તેમને પાપજ લાગે છે. તે ઉપર એક દૃષ્ટાંત આપે છે. સંસાર મોચક એટલે સંસારમાંથી દુઃખીને મુકાવનારા યવન લોકો. કદિ શુભ પરિણામની બુદ્ધિ રાખતા હોય, તો પણ તેમને પાપજ લાગે છે. સંસાર મોચક યવનોનો એવો મત છે કે, કોઇ દુઃખી પ્રાણી હોય, તેને કોઇ ઉપાયથી દુઃખમાંથી મુકત કરવો. તેમ છતાં જો તે દુઃખમાંથી મુકત ન થાય તો, તેને ઠાર મારવો; કે જેથી તેનો છુટકારો થઇ જાય. ઘાયલ થયેલા ઘોડાને તરત મારી નાંખવો. નહીં તો તે આખી જીંદગી હેરાન થાય છે. આવા મતને માન્ય કરનારા યવન

લોકોનાં પરિણામ શુભ લાગે છે, પરંતુ વસ્તુતાએ તેમને પાપજ લાગે છે. તેવીજ રીતે મોહ ગર્ભિત વૈરાગ્યવાળા પુરૂષોનાં પરિણામ સમજવાં. તેમનાં પરિણામ પરમાર્થરૂપ લાગે છે, પણ છેવટે તેઓ તેમાંથી પાપના ભાગીજ બને છે. તેમજ તે પુરૂષોને જ્ઞાન ઉપર રૂચિ હોતી નથી. જો તેમને જ્ઞાન ઉપર રૂચિ હોય તો, તેઓને મોહ ગર્ભિત વૈરાગ્ય થાયજ નહીં. ૧૦

મોહ ગર્ભિત વૈરાગ્યવાળાની શમતા પણ દોષને પોષણ કરનારી હોય છે.

अमीषां प्रशमोऽप्युच्चैर्दोषपोषाय केवलम् ।
अंतर्निह्नीनविषम ज्वरानुन्नवसंनिभः ॥ ११ ॥

ભાવાર્થ—મોહ ગર્ભિત વૈરાગ્યવાળાને શમતા હોય તો પણ, તે અંતરમાં રહેલા વિષમ જ્વરના અનુભવની જેમ કેવળ દોષના પોષણને માટે થાય છે. ૧૧

વિશેષાર્થ—મોહ ગર્ભિત વૈરાગ્યવાળા પુરૂષોને શમતા ઉત્પન્ન થતી નથી, તે છતાં કદિ તેમનામાં જો શમતા ગુણ ઉત્પન્ન થાય તો, તેનાથી કેવળ દોષનુંજ પોષણ થાયછે. કારણકે, તેમનામાં મિથ્યાત્વનો દોષ હોવાથી તેમની શમતા દોષને વધારનારી થાય છે. તે ઉપર દૃષ્ટાંત આપે છે. શરીરની અંદર રહેલો વિષમ જ્વર ઉપરથી શમેલો લાગે છે, પણ અંદર તેનો દાહ અતિશય પીડાકારી હોય છે. તેવીજ રીતે મોહ ગર્ભિત વૈરાગ્યવાળાને ઉપરથી શમતા દેખાય, પણ અંદરથી તેનામાં દોષની વૃદ્ધિ થાયછે. ૧૧

બીજા મોહ ગર્ભિત વૈરાગ્યના લક્ષણો.

कुशास्त्रार्थेषु दक्षत्वं शास्त्रार्थेषु विपर्ययः ।
स्वच्छंदता कुतर्कश्च गुणवत्संस्तवोज्झनम् ॥ १२ ॥

ભાવાર્થ—નઠારા શાસ્ત્રોમાં ડાહાપણ, શાસ્ત્રના અર્થમાં વિપર્યય, સ્વચ્છંદપણું, કુતર્ક, ગુણવાન્ પુરૂષના પરિચયનોત્યાગઃ– ૧૨

વિશેષાર્થ—મોહ ગર્ભિત વૈરાગ્ય વાળા પુરૂષને નઠારાં શાસ્ત્રના અર્થમાં ડાહાપણ હોય છે, અને ઉત્તમ સિદ્ધાંતના અર્થમાં વિપર્યય હોય છે. તેનામાં સ્વચ્છંદતા આવે છે. તે નઠારા તર્ક-વિતર્ક કર્યા કરે છે, અને ગુણવાન્ પુરૂષોનો પરિચય રાખતો નથી. ૧૨

आत्मोत्कर्षः परद्रोहः कलहो दंभजीवनम् ।
आश्रवाच्छादनं शक्तयुल्लंघनेन क्रियादरः ॥ १३ ॥

ભાવાર્થ—પોતાનો ઉત્કર્ષ કરવો, બીજાનો દ્રોહ કરવો, કજીયો, દંભથી જીવવું, આશ્રવ–પાપને ઢાંકે, શક્તિ ઉપરાંત ક્રિયા કરવાનો આદર કરેઃ– ૧૩

વિશેષાર્થ—મોહ ગર્ભિત વૈરાગ્યવાળો પુરૂષ પોતાનો ઉત્કર્ષ કરે છે, એટલે પોતાની બડાઈ કરે છે. બીજાનો દ્રોહ કરે છે, પરસ્પર કલહ–ટંટો કર્યા કરે છે. દંભથી પોતાની આજીવિકા ચલાવે છે. પોતાનાં પાપને ઢાંકે છે. પોતાનામાં શક્તિ ન હોય તેવી ક્રિયા કરવામાં આગ્રહ રાખે છે. ૧૩

गुणानुरागवैधुर्य मुपकारस्य विस्मृतिः ।
अनुबंधाद्यचिंता च प्रणिधानस्य विच्युतिः ॥१४॥

ભાવાર્થ—ગુણ ઉપર અનુરાગ ન કરવો, બીજાએ કરેલા ઉપકારને ભુલી જવો. તીવ્ર કર્મનો વિચાર ન કરવો, અને શુભ અધ્યવસાયથી રહિત થવું. ૧૪

વિશેષાર્થ—મોહ ગર્ભિત વૈરાગ્યવાળો પુરૂષ ગુણ ઉપર અનુરાગ કરતો નથી. તે બીજાએ કરેલા ઉપકારને ભુલી જાય છે. 'અમુક કામ કરવાથી તીવ્ર કર્મ બંધાશે' એવો વિચાર કરતો નથી. અને તે શુદ્ધ અધ્યવસાય પણ ધારણ કરતો નથી. ૧૪

श्रद्धा मृदुत्व मौद्धत्य माधुर्यमविवेकता ।
वैराग्यस्य द्वितीयस्य स्मृतेयं लक्षणावली ॥ १५ ॥

ભાવાર્થ—શ્રદ્ધા, મૃદુતા-કોમળપણું, ઉદ્ધતપણું, મધુરતા અને અવિવેકપણું, એ બીજા મોહગર્ભિત વૈરાગ્યનાં લક્ષણોની પંક્તિ કહેલી છે. ૧૫

વિશેષાર્થ—બીજા મોહગર્ભિત વૈરાગ્યવાળા પુરૂષને શ્રદ્ધા હોય છે, કોમળતા હોય છે, ઉદ્ધતપણું હોય છે, અને સારા સારનો વિવેક હોતો નથી. આ પ્રમાણે બીજા મોહગર્ભિત વૈરાગ્યનાં લક્ષણો કહેલાં છે. જે પુરૂષમાં આ કહેલાં લક્ષણો હોય, તે પુરૂષ મોહગર્ભિત વૈરાગ્યવાળો છે, એમ સમજવું. ૧૫

હવે ત્રીજા જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું લક્ષણ કહે છે.

ज्ञानगर्भं तु वैराग्यं सम्यक् तत्त्व परिच्छिद : ।
स्याद्वादिनः शिवोपायस्पर्शि नस्तत्वदर्शनः ॥ १६ ॥

ભાવાર્થ—સમ્યક્ તત્ત્વને ઓળખનારા, સ્યાદ્વાદ મતને માનનારા, મોક્ષના ઉપાયનું ચિંતવન કરનારા, અને તત્ત્વને જોનારા, એવા પુરૂષને જે વૈરાગ્ય થાય છે, તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. ૧૬

વિશેષાર્થ—ત્રીજો જ્ઞાનગર્ભ વૈરાગ્ય સર્વોત્તમ ગણેલો છે. જે વૈરાગ્ય થવામાં અંદર જ્ઞાન રહેલું હોય, તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કેવા પુરૂષને ઉત્પન્ન થાય ? તે વિષે ગ્રંથકાર વિવેચન કરી બતાવેછે. જે પુરૂષ સમ્યક્ તત્ત્વને ઓળખનારો હોય, એટલે સમ્યક્ તત્વનું સ્વરૂપ જેણે યથાર્થ રીતે જાણ્યું હોય, તે પુરૂષને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ઉત્પન્ન થાયછે. જે પુરૂષ સ્યાદ્વાદ સિદ્ધાંતને માનનારો હોય, તેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. તેમજ જે પુરૂષ મોક્ષના ઉપાયનું ચિંતવન કરનાર છે, એટલે મોક્ષમાર્ગ કેવા ઉપાયથી પ્રાપ્ત થાય, તેના વિચારો જે કર્યા કરે છે, તેવા પુરૂષને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. અને જે પુરૂષ તત્ત્વદૃષ્ટા હોય છે, એટલે જેને યથાર્થ તત્વદર્શન થયેલું છે, તે પુરૂષને જ્ઞાનગર્ભ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. કહેવાનો આશય એવો છે કે, માણસને ચાર પ્રકારે જ્ઞાન ઉત્પન્ન થાય છે. સમ્યક્તત્વને ઓળખવાથી, સ્યાદ્વાદ મતને માનવાથી, મોક્ષના ઉપાયને ચિંતવવાથી અને તત્વદર્શન થવાથી. આ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલા

જ્ઞાનથી એવો ઉત્તમ વૈરાગ્ય પ્રાપ્ત થાય છે કે, જેથી તે મનુષ્ય પોતાનું આત્મસાધન સારી રીતે કરી શકે છે. ૧૬

કેવા પુરૂષને જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પ્રગટ થાય છે ?

मीमांसा मांसलाः यस्य स्वपरागम गोचरा ।
बुध्दिः स्यात्तस्य वैराग्यं ज्ञानगर्भमुदंचति ॥ १७ ॥

ભાવાર્થ—જેનો વિચાર પુષ્ટ હોય, અને જેની બુદ્ધિ પોતાના અને બીજાના શાસ્ત્રમાં પ્રવર્ત્તતી હોય, તેને જ્ઞાન ગર્ભ વૈરાગ્ય પ્રગટ થાય છે. ૧૭

વિશેષાર્થ—જ્ઞાનગર્ભ વૈરાગ્ય પ્રગટ થવામાં બે મુખ્ય કારણો છે. સારા વિચારો અને સ્વસિદ્ધાંત તથા પરસિદ્ધાંતમાં પ્રવર્ત્તેલી બુદ્ધિ, જો હૃદયમાં સારા સારા વિચારો આવે તો, તેનાથી સ્વવસ્તુ અને પરવસ્તુનું ભાન થાય છે; એથી કરીને ઉત્તમ પ્રકારનો વૈરાગ્ય થઇ આવે છે. તેમજ બુદ્ધિ પણ એવી હોવી જોઇએ કે, જેથી વૈરાગ્ય ભાવનાને પુષ્ટિ મળે. જ્યારે પોતાના અને પારકા સિદ્ધાંતોમાં બુદ્ધિ પ્રવર્તે, એટલે બંને સિદ્ધાંતનું સ્વરૂપ યથાર્થ જાણવામાં આવે ત્યારે ઉત્તમ વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. આ ઉભય કારણો એટલાં બધાં ઉત્તમ છે કે, જેથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય માનવ આત્માને આ જગતૂના વૃથા વ્યવહારનું ભાન કરાવે છે, અને મોક્ષ માર્ગનું શુદ્ધ સ્વરૂપ ઓળખાવે છે. તે ઉપરથી એવો ઉપદેશ લેવાનો છે કે, ઉત્તમ પ્રકારના સારા વિચારો કરવા, અને સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતમાં બુદ્ધિને જોડવી, જેથી જ્ઞાનગર્ભિત

વૈરાગ્ય પ્રાપ્ત થાય, અને સ્હેલાઇથી આત્મ કલ્યાણ મેળવી શકાય. ૧૭

જેને સ્વ અને પર શાસ્ત્રના કર્મમાં પ્રધાનતા ન હોય તે કર્મના શુદ્ધ સારને મેળવી શકતો નથી.

ન સ્વાન્ય શાસ્ત્રવ્યાપારે પ્રાધાન્યં યસ્ય કર્મણિ ।
નાસૌ નિશ્ચયસંશુદ્ધં સારં પ્રાપ્નોતિ કર્મ્મણઃ ॥ ૧૮ ॥

ભાવાર્થ—જેને પોતાના અને પરના શાસ્ત્રના વ્યાપાર રૂપ કર્મમાં પ્રધાનતા નથી, તે નિશ્ચયથી શુદ્ધ એવા કર્મના સારને પ્રાપ્ત કરતો નથી. ૧૮

વિશેષાર્થ—જેણે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય મેળવવો હોય, તેણે કર્મ–એટલે ક્રિયાના નિશ્ચિત સારને પ્રાપ્ત કરવો જોઇએ. કારણ કે,જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું કારણ નિશ્ચય કરેલી ક્રિયાનો સારછે. જ્યારે નિશ્ચય કરેલી શુદ્ધ ક્રિયા આચરવામાં આવેછે,ત્યારેજ શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થાયછે,જેશુદ્ધ જ્ઞાનના યોગથી યથાર્થ વૈરાગ્ય મેળવી શકાયછે. એ શુદ્ધક્રિયાનો નિશ્ચિત સાર ક્યારે મેળવાયછે,કે જ્યારે સ્વ અને પર સિદ્ધાંતનું અવલોકન થયું હોય ત્યારે. સ્વ અને પર સિદ્ધાંતના વિચારો જાણવામાં આવવાથી ક્રિયાના સ્વરૂપનું શુદ્ધાશુદ્ધ જ્ઞાન થાય છે, અને પછી શુદ્ધ ક્રિયા કઇ કહેવાય ? તેનો નિશ્ચય કરી શકાય છે, જેથી ઉત્પન્ન થયેલો શુદ્ધ વૈરાગ્ય મનુષ્યના આત્મિક જીવનનો ઉત્કર્ષ કરે છે. ૧૮

મૌન સમ્યકત્વ અને મૌન ચારિત્રના પ્રકારથી સમ્યકત્વજ સારરૂપ છે, એમસિદ્ધ થાય છે.

सम्यक्त्व मौनयोः सूत्रे गतप्रत्यागते यतः ।
नियमो दर्शितस्तस्मात् सारं सम्यक्त्व मेव हि ॥ १९ ॥

ભાવાર્થ—જે સમ્યકત્વ તે મૌન ચારિત્ર અને ચારિત્ર તે મૌન સમ્યકત્વ કહેવાય છે એમ આચારાંગ સૂત્રમાં ગત પ્રત્યાગતની રીતિથી જે કહેલ છે; તે એક જાતનો નિયમ દર્શાવેલ છે, તે ઉપરથી સમ્યકત્વજ સારરૂપ છે, એમ સિદ્ધ થાય છે. ૧૯

વિશેષાર્થ—આચારાંગ સૂત્રમાં ગત પ્રત્યાગતના પ્રકારથી કહેલું છે કે, જે સમ્યકત્વ છે તે મૌન ચારિત્ર કહેવાય છે, અને જે ચારિત્ર તે મૌન સમ્યકત્વ કહેવાય છે. તે ઉપરથી એવો નિયમ કરવામાં આવ્યો છે કે સમ્યકત્વજ સાર ભૂત છે. ૧૯

સમ્યકત્વ શું છે ?

अनाश्रवफलं ज्ञान मव्युत्थानमनाश्रवः ।
सम्यक्त्वं तदभिव्यक्तिरत्येकत्वविनिश्चयः ॥ २० ॥

ભાવાર્થ—જ્ઞાનનું ફળ અનાશ્રવ છે, અને અનાશ્રવનું ફળ વિષયોનો અનુદ્યોગ છે, અને વિષયોનો ત્યાગ કરવાનો એક નિશ્ચય તે સમ્યકત્વ કહેવાય છે. ૨૦

વિશેષાર્થ—જ્યારે માણસને ખરેખરૂં જ્ઞાન પ્રગટે, ત્યારે આશ્રવ કે જે કર્મની આવક છે, તેનો ત્યાગ કરે છે. જ્યારે આ-

શ્રવનો ત્યાગ થયો, કે પછી તે વિષયો ભોગવવાનો ઉદ્યોગ છોડી દે છે. પછી જ્યારે વિષયોનો તદ્દન ત્યાગ કરવાનો એક નિશ્ચય થાય છે ત્યારે તેનામાં શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે, એમ સમજવું. તે સમ્યક્ત્વ જ્ઞાન ગર્ભિત વૈરાગ્યને ઉત્પન્ન કરે છે. ૨૦

સમકિત સહિત જ્ઞાનની પ્રવૃત્તિજ અંતરંગ પ્રવૃત્તિ કહેવાય છે.

बहिर्निवृत्तिमात्रं स्याच्चारित्राद् व्यावहारिकात् ।
अंतः प्रवृत्तिसारं तु सम्यक् प्रज्ञानमेव हि ॥ २१ ॥

ભાવાર્થ—વ્યવહારિક ચારિત્રથી માત્ર બાહેરની પ્રવૃત્તિ થાય છે, અને અંદરની પ્રવૃત્તિથી સારરૂપ એવું સમ્યક્ત્વ સહિત જ્ઞાન છે. ૨૧

વિશેષાર્થ—ચારિત્ર બે પ્રકારનું થઈ શકે છે. એક વ્યવહારિક અને બીજું આંતરિક. જેમાં બાહેરથી દ્રવ્ય, કાંચન, કામિની પ્રમુખનો ત્યાગ કરવામાં આવે, તે વ્યવહારિક ચારિત્ર કહેવાય છે. તેની અંદર માત્ર બાહેરથીજ પ્રવૃત્તિ જોવામાં આવે છે. બીજા આંતરિક ચારિત્રમાં અંદરની પ્રવૃત્તિ હોય છે. એટલે સમ્યક્ત્વ સહિત જ્ઞાનની પ્રવૃત્તિ હોય છે. આ ચારિત્ર ઉત્તમ ગણાય છે. જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પણ એ આંતરિક ચારિત્રમાં રહેલું છે. ૨૧

શુદ્ધ નયની અપેક્ષાએ વર્તવું જોઇએ.

एकांते नहि षट्कायश्रद्धानेऽपि न शुद्धता ।
संपूर्ण पर्ययाज्ञात् यन्न याथात्म्यनिश्चयः ॥ २२ ॥

ભાવાર્થ—સમસ્ત નયની વાસના વિના એકાંતે ષટ્કાયની રક્ષાની શ્રદ્ધા કરતાં છતાં પણ સમ્યકત્વની શુદ્ધતા કહેવાતી નથી. કારણ કે, સંપૂર્ણ નયની અપેક્ષાએ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના લાભવિના યથાર્થપણાનો લાભ થતોજ નથી, તેથી શુદ્ધ નયની અપેક્ષાએ વર્ત્તવું જોઈએ. ૨૨

વિશેષાર્થ—કદિ છ કાય જીવની રક્ષા કરવાની શ્રદ્ધા રાખે પણ જો સર્વનયની વાસના ન રાખે તો, તેથી સમ્યકત્વની શુદ્ધતા કહેવાતી નથી. પણ સંપૂર્ણ નયની અપેક્ષા રાખે, પરંતુ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો લાભ ન લે તો, સમ્યકત્વના યથાર્થપણાનો લાભ ન જ થાય. તે ઊપરથી સિદ્ધ થાય છે કે, તેને માટે શુદ્ધ નયની અપેક્ષાએ વર્ત્તવું જોઇએ. ૨૨

સર્વ પર્યાયના નિશ્ચયથી એકજ વચન તથા અર્થ પર્યાયથી એકજ દ્રવ્ય સિદ્ધ થાય છે.

यावंतः पर्यया वाचां यावंतश्चार्थ पर्ययाः ।
सांप्रता नागतातीता स्तावद् द्रव्यं किलैककम् ॥ २३ ॥

ભાવાર્થ—વચનના જેટલા વર્ત્તમાન, ભવિષ્ય અને ભૂતના પર્યાય છે, અને અર્થના જેટલા વર્ત્તમાન, ભવિષ્ય અને ભૂતના પર્યાય છે, તે બધા એકજ દ્રવ્ય છે. ૨૩

વિશેષાર્થ—વચનના અને અર્થના ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન કાળના જેટલા પર્યાય છે, તે એકજ દ્રવ્ય છે, એમ સમજવું. કારણ કે, વચન અને અર્થના સર્વપર્યાયો વસ્તુતાએ એકજ

દ્રવ્યમાં ગણાય છે, પર્યાય રૂપે દ્રવ્યત્વ સર્વમાં સિદ્ધ થાય છે, અને પ્રમાણ ભૂત ગણાય છે. ૨૩

સ્વપણું અને પરપણું કેવી રીતે ગણાય ?

स्यात्सर्वमयमित्येव युक्तं स्वपरपर्ययैः ।
अनुवृत्तिकृतं सत्वं परत्वं व्यतिरेकजम् ॥ २४ ॥

ભાવાર્થ—સર્વ પદાર્થ સ્વપર્યાય અને પરપર્યાયમય છે, એ વાત યુક્તજ છે. સહચારી ગુણથી સ્વપણું છે, અને વ્યતિરેક (ભિન્નપણા) થી પરપણું છે. ૨૪

વિશેષાર્થ—સર્વ પદાર્થ સ્વપર્યાય અને પરપર્યાયમય છે. એટલે સર્વ પદાર્થ સ્વપર્યાય, અને પરપર્યાયથી વ્યાપ્ત છે. એ વાત સિદ્ધ કરે છે. જે સ્વપણું છે, તે સહચારી ગુણથી સમજવું, એટલે સહજ ગુણોને લઇ સ્વપણું હોય છે, એમ માનવું અને પરપણું છે, તે વ્યતિરેકથી જાણવું. જે સ્વપણાથી ભિન્ન તે પરપણું એ વ્યતિરેકથી સિદ્ધ થાય છે. કહેવાનો આશય એવો છે કે, સર્વ પદાર્થ સ્વપરપર્યાયથી વ્યાપ્ત છે. તેમાં જે સ્વપણું છે, તે સહજ ગુણથી અને પરપણું છે, તે ભિન્ન ગુણથી રહેલ છે. ૨૪

સ્વપર્યાય અને પરપર્યાય કેવી રીતે સમજવા ?

ये नाम परपर्यायाः स्वास्तित्वा योगतो मताः ।
स्वकीया अप्यमी त्याग स्वपर्याय विशेषणात् ॥ २५ ॥

ભાવાર્થ—જે પરપર્યાય છે, તે પોતાના અસ્તિત્વના અયોગથી છે. જ કે એ પોતાના પર્યાય છે,તો પણ, ત્યાગરૂપ સ્વપર્યાય ના વિશેષપણાથી છે, એટલે તે પણ ગત ભાવે છે, અને પોતાના પર્યાય તો સામાન્ય પણે છે. ૨૫

વિશેષાર્થ—પોતાને અસ્તિત્વ હોવાપણાનો યોગ નથી, તેથી તે સ્વપર્યાય છતાં પરપર્યાય ગણાય છે. કારણ કે, પરપર્યાય ગતભાવે છે, અને પોતાના પર્યાય તો સામાન્યપણે છે, એટલે પરપર્યાય તે પણ સ્વપર્યાય અને સ્વપર્યાય તે પણ પરપર્યાય એમ ગણી શકાય છે. ૨૫

પરપર્યાય તાદાત્મ ભાવે નથી, તો પણ વ્યવહાર નયના યોગથી તેનો સંબંધ છે.

अतादात्म्येऽपि संबंधो व्यवहारोपयोगतः ।
तेषां सत्वं धनस्येव व्यज्यते सूक्ष्मया धिया ॥ २६ ॥

ભાવાર્થ—પરપર્યાયતે તાદાત્મભાવ નથી, તોપણ વ્યવહાર નયના ઉપયોગથી, જેમ ધનનો સંબંધ તેના ધણીની સાથે હોય છે, તેમ સૂક્ષ્મ બુદ્ધિથી તેનો સંબંધ જણાય છે. ૨૬

વિશેષાર્થ—પરપર્યાયનો સંબંધ સ્વપર્યાયની સાથે તાદાત્મ ભાવથી નથી, તોપણ વ્યવહારનયના યોગથી તેનો સંબંધ તેની સાથે જણાય છે. તે ઉપર દ્રષ્ટાંત આપે છે. જેમ દ્રવ્યનો સંબંધ તેના ધણીની સાથે તાદાત્મ ભાવથી નથી, એટલે ધન અને તેનો

ઘણી એક રૂપ નથી, પણ વ્યવહારનયના યોગથી તેનો સંબંધ જણાય છે, આ વાત સૂક્ષ્મબુદ્ધિથી વિચારતાં યોગ્યજ જણાય છે. ૨૬

જ્ઞાન, દર્શન, ચારિત્રના પર્યાય મુનિની સાથે કેવી રીતે છે ?

પર્યાયાઃ સ્યુર્મુને ર્જ્ઞાનદૃષ્ટિ ચારિત્ર ગોચરાઃ ।
યથા ભિન્ના અપિ તથોપયોગાદ્વસ્તુનોઽમી ॥ ૨૭ ॥

ભાવાર્થ—જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર સંબંધી પર્યાય મુનિને અભિન્ન છે, તોપણ ઉપયોગ વિચારતાં નિશ્ચયનયે તે વસ્તુના છે–પોત પોતાના છે, અને વ્યવહારનયે એક આત્માનાજ છે. ૨૭

વિશેષાર્થ—મુનિને જ્ઞાન, દર્શન અને ચારિત્ર સંબંધી પર્યાય હોય છે. જોકે, તે તેનાથી અભિન્ન છે, તોપણ ઉપયોગ પણે વિચારતાં નિશ્ચયનયે પોતપોતાનાજ છે. પણ વ્યવહારનયે તે એક આત્માનાજ છે, એમ કહેવાય છે. ૨૭

એમ ન કહેવાથી શો વિરોધ આવે ?

નો ચેદભાવ સંબંધાન્વેષણે કા ગતિર્ભવેત્ ।
આધાર પ્રતિયોગિત્વે દ્વિષ્ટે નહિ પૃથગ્દ્વયોઃ ॥ ૨૮ ॥

ભાવાર્થ—એમ જો ન કહીએ, અને અભાવના સંબંધથી ગવેષણા કરીએ તો, કેવી ગતિ થાય ? જો આધારાંતર નિરૂપણ કરવાનો વિચાર કરીએ તો, પૃથક્ભાવપણાનો દ્વેષ કરવાથી તે વિનષ્ટ થઇ જાય; પણ વસ્તુતાએ તે બંનેથી આત્મા ભિન્ન નથી. ૨૮

વિશેષાર્થ—સર્વ પ્રકારના પર્યાયો વસ્તુતાએ આત્માથી ભિન્ન નથી, એ વાત ધ્યાનમાં રાખવાની છે. ૨૮

સર્વ પ્રકારનું જ્ઞાન સંગ્રહ નયથી એકજ છે.

સ્વાન્યપર્યાયસંશ્લેષાત્ સૂત્રેઽપ્યેવં નિદર્શિતમ્ ।
સર્વમેકં વિદન્ વેદ સર્વં જ્ઞાનં તથૈકકમ્ ॥ ૨૯ ॥

ભાવાર્થ—સ્વપર્યાય અને પરપર્યાયના સંયોગથી સર્વ એકજ છે, એમ સૂત્રમાં દર્શાવેલ છે, તે ઉપરથી સઘળું એકતા ભાવે છે, એટલે સંગ્રહ નયથી સર્વ જ્ઞાન એકજ છે. ૨૯

વિશેષાર્થ—સ્વપર્યાય અને પરપર્યાયના સંયોગથી–સંબંધ થી સઘળું એકતા ભાવે છે. એ વાત સૂત્રમાં દર્શાવેલી છે. એટલે સંગ્રહ નયને મતે સઘળું જ્ઞાન એકજ છે, એમ જાણી લેવું. ૨૯

જે પર્યાયના એક અર્થને જાણે છે, તે સર્વ ભાવને જાણે છે.

આસક્તિ પાટવાભ્યાસ સ્વકાર્યાદિન્નિરાશ્રયન્ ।
પર્યાયમેકમપ્યર્થં વેત્તિ ન્નાવાદ્ બુધોઽખિલમ્ ॥ ૩૦ ॥

ભાવાર્થ—પંડિત પુરૂષ આસક્તિ, ચાતુર્ય, અભ્યાસ અને સ્વકાર્ય વગેરેનો આશ્રય લઇ પર્યાયના એક અર્થને જાણે છે, તે સર્વ ભાવને જાણે છે. ૩૦

વિશેષાર્થ—પંડિત પુરૂષ પર્યાયના એક અર્થને જાણી સર્વ ભાવને જાણે છે. જે પર્યાયના એક અર્થ–સર્વ ભાવને જાણી શકે, તેજ ખરેખરો પંડિત ગણાય છે. કેવો પંડિત પર્યાયનો એક અર્થ જાણી સર્વ ભાવને જાણે છે? જે પંડિત કેટલીએક વસ્તુનો આશ્રય લઇ તે જાણી શકે છે. પ્રથમ તો ચિત્તની આસક્તિ રાખવી જોઇએ. એટલે તીવ્ર જિજ્ઞાસા ધારણ કરવી જોઇએ. બીજું બુદ્ધિનું પાટવ એટલે ચાતુર્ય રાખવું જોઇએ. કદિ તીવ્ર જિજ્ઞાસા હોય, અને બુદ્ધિનું ચાતુર્ય હોય, પણ જો તેનામાં અભ્યાસના ગુણ ન હોય તો, તે બધાં નકામાં થાય છે, તેથી તેણે તેનો અભ્યાસ કરવો જોઇએ. તેની સાથે સ્વકાર્ય સાધવાની ઇચ્છા રાખવી જોઇએ. ઇત્યાદિ ગુણોનો જો આશ્રય કરે તો, પંડિત, પર્યાયના એક અર્થને જાણી સર્વ ભાવને જાણી શકે છે. ૩૦

તેને માટે કેવળ જ્ઞાન પ્રત્યે શું છે?

अंतरा केवलज्ञानं प्रतिव्यक्तिर्न यद्यपि ।
क्वापि ग्रहणमेकांश द्वारं चाति प्रसक्तिमत् ॥ ३१ ॥

ભાવાર્થ—જો કે કેવળજ્ઞાનને વિષે કાંઇ પણ પ્રતિવ્યક્તિ નથી, તો પણ કોઇ સ્થળે એક અંશનું ગ્રહણ કર્યું છે, અને કોઇ સ્થળે સર્વ અંશનું ગ્રહણ કરેલું છે. ૩૧

વિશેષાર્થ—સર્વ પદાર્થનું ભાન કરાવનાર કેવળજ્ઞાનને વિષે કાંઇ પ્રતિવ્યક્તિ નથી, એટલે તેની અંદર ભેદાભેદ નથી; શુદ્ધ સ્વરૂપનું જ દર્શન થાય છે. તથાપિ કોઇ ઠેકાણે તેમાં એક અંશનું ગ્રહણ કર્યું છે, અને કોઇ ઠેકાણે સર્વાંશનું ગ્રહણ કરેલ છે; એટલે

કોઈ અપેક્ષાએ માત્ર એક અંશ પણ લઈ શકાય છે, અને કોઈ અપેક્ષાએ સર્વ અંશ લઈ શકાય છે. ૩૧

સમ્યગ્ દ્રષ્ટિને સંપૂર્ણ અર્થનો નિશ્ચય થાય છે.

अनेकांतागमश्रद्धा तथाप्यस्खलिता सदा ।
सम्यग्दृशस्तयैव स्यात् संपूर्णार्थविवेचनम् ॥ ३२ ॥

ભાવાર્થ—તથાપિ અનેકાંત આગમની શ્રદ્ધા અસ્ખલિત પણે સદા પ્રવર્ત્તે છે, અને તે શ્રદ્ધાથી સમ્યગ્ દૃષ્ટિને સંપૂર્ણ અર્થનો નિશ્ચય થાય છે. ૩૨

વિશેષાર્થ—તોપણ અનેકાંત એટલે સ્યાદ્વાદ મત તેના શાસ્ત્રની શ્રદ્ધા અસ્ખલિતપણે પ્રવર્ત્તે છે. એટલે કેવલજ્ઞાનમાં પ્રતિબ્યક્તિ ભેદાભેદ નથી, અને તેની અંદર કોઈ સ્થળે સર્વઅંશનું ગ્રહણ કરેલ છે; તોપણ સ્યાદ્વાદ મતની શ્રદ્ધા અસ્ખલિત રહેછે. તે શ્રદ્ધાથી સમ્યગ્દૃષ્ટિ પુરૂષને ઉત્સર્ગ, અપવાદ, નિશ્ચય અને વ્યવહારનયના સંપૂર્ણ અર્થનો નિશ્ચય થાય છે. તે ઉપરથી જાણવાનું કે, સ્યાદ્વાદમતના આગમની દૃઢ શ્રધ્ધા હોય, અને સમ્યક્ત્વ પ્રાપ્ત થયેલ હોય તો, તેને સંપૂર્ણ અર્થનો નિશ્ચય થાય છે. ૩૨

નિશ્ચયનય શું કહેછે ?

आगमार्थोपनयनाद् ज्ञानं प्राज्ञस्य सर्वगम् ।
कार्यादेर्व्यवहारस्तु नियतोल्लेखशेखरः ॥ ३३ ॥

ભાવાર્થ—બુદ્ધિવાન્ પુરૂષને આગમના અર્થનું સ્થાપન કરવાથી સર્વવ્યાપક જ્ઞાન પ્રવર્ત્તે છે, અને કાર્યાદિક જે વ્યવહાર છે, તે નિશ્ચય પણે ચિત્રામણની રેખા જેવો છે. ૩૩

વિશેષાર્થ—બુધ્ધિવાન્ પુરૂષને શાસ્ત્રના અર્થનું સ્થાપન કરવાથી સર્વવ્યાપક જ્ઞાન પ્રવર્ત્તે છે એટલે બુદ્ધિમાન્ પુરૂષ જો શાસ્ત્રના અર્થને બરાબર વિચારે, અને મનન કરે, તો તેને સર્વ-વ્યાપક જ્ઞાન પ્રવર્તે છે. અહિં કોઇ શંકા કરે કે, જ્યારે બુદ્ધિવાન્ને સર્વવ્યાપક જ્ઞાન પ્રવર્તે, તો પછી તે કાર્ય—વ્યવહાર શામાટે કરે? તેના સમાધાન માટે કહેછે કે, જે કાર્યાદિ વ્યવહાર છે, તે ચિત્રની રેખા જેવો છે. જેમ ચિત્રની સુંદરતા વધારવાને તે પર રેખા કર-વામાં આવે છે, તેના જેવો વ્યવહાર નય છે. અને તે સર્વરૂપને સમાન-સરખું કરવું, તે નિશ્ચય નય છે. ૩૩

એકાંતે નય માનનારા પાપી જૈનાભાસ છે.

तदेकांतेन यः कश्चिद्विरक्तश्चापि कुग्रहः ।
शास्त्रार्थबाधनात्सोऽयं जैनाभासश्च पापकृत् ॥ ३४ ॥

ભાવાર્થ—જે એકાંતે નય માનનાર છે, તે વિરકત હોય તોપણ કુગ્રહી છે; અને શાસ્ત્રના અર્થનો બોધ કરવાથી તે જૈના-ભાસ અને પાપને કરનારો છે. અર્થાત્ જૈનાભાસ છે. ૩૪

વિશેષાર્થ—એકાંતે નયનો પણ અંગીકાર કરવો ન જો-ઇએ. જે એકાંતે નય માને છે, તે કદિ વિરકત હોય, ત્યાગી થયેલ

હોય, તોપણ તે કુગ્રહી—દુરાગ્રહી છે. જ્યારે વિરકત છતાં કુગ્રહી અને છે, તો બીજા નામધારીની શી વાત કરવી ? જે એકાંત–એક નય માને છે, તે શાસ્ત્રના અર્થનો બાધકર્ત્તા છે, તેને જૈન સમજવો નહીં, પણ જૈનાભાસ સમજવો. તે જૈનાભાસ છે, એટલું જ નહીં, પણ તે પાપ કરનાર છે. એથી સર્વથા એકાંતે નયની માન્યતાનો ત્યાગ કરવો જોઇએ. ૩૪

ज्ञानगर्भपणुं केवाने होय छे ?

उत्सर्गे चापवादेऽपि व्यवहारेऽथ निश्चये ।
ज्ञाने कर्मणि वायं चेन्न तदा ज्ञानगर्भता ॥ ३५ ॥

ભાવાર્થ—ઉત્સર્ગ માર્ગમાં, અપવાદ માર્ગમાં, વ્યવહાર માર્ગમાં, નિશ્ચય માર્ગમાં, જ્ઞાનનયમાં અને ક્રિયાનયમાં જો એ કદાગ્રહ ન હોય તો, જ્ઞાનગર્ભતા સમજવી. એટલે તેનામાં જ્ઞાન-ગર્ભિત વૈરાગ્યનો યોગ છે, એમ સમજવું. ૩૫

વિશેષાર્થ—ઉત્સર્ગમાર્ગ, અપવાદમાર્ગ, વ્યવહારમાર્ગ, નિશ્ચયમાર્ગ, જ્ઞાનનય અને ક્રિયાનય એ સર્વમાં કદાગ્રહ ન રાખવો જોઇએ. જ્યારે તેઓની અંદર કદાગ્રહ ન હોય, ત્યારે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. એ ખરેખરો જ્ઞાની બને છે. જો તે બધામાં કદાગ્રહ હોય છે, તો તેનામાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યપણું ઉત્પન્ન થતું નથી. ૩૫

જ્ઞાનગર્ભતા કયારે હોતી નથી ?

स्वागमे न्यागमार्थानां ज्ञतस्येव परार्ध्यके ।
तावताप्यबुधत्वं चेन्न तदा ज्ञानगर्भता ॥ ३६ ॥

ભાવાર્થ—જેમ પરાર્ધની સંખ્યામાં સોની સંખ્યાનો સમાવેશ થઇ જાય છે, તેમ પોતાનો સિદ્ધાંત જાણવાથી તેમાં બીજા સિદ્ધાંતોનું જાણવું પણ આવી જાય છે; અને પોતાનાં સિદ્ધાંતનું જ્ઞાન થયા છતાં જો અબુધપણું,—અજ્ઞાનપણું રહે તો, પછી જ્ઞાનગર્ભતા થતી નથી. એટલે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય થતો નથી. ૩૬

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી પોતાના સિદ્ધાંતના જ્ઞાનનું ગૌરવ દર્શાવે છે. જેણે પોતાના સિદ્ધાંતનું જ્ઞાન સંપાદન કરેલ છે, તેને બીજા સર્વ સિદ્ધાંતનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જો પોતાના આગમનો સંપૂર્ણ અભ્યાસ હોય તો, બીજા આગમો સારી રીતે સમજવામાં આવે છે. તે ઉપર દૃષ્ટાંત આપે છે.

જેમ પરાર્ધ્યની સંખ્યાની અંદર સોની સંખ્યાનો સમાવેશ થઈ જાય છે, તેમ પોતાનાં સિદ્ધાંતના જ્ઞાનની અંદર બીજા સિધ્ધાંતના જ્ઞાનનો સમાવેશ થઇ જાય છે. કદિ પોતાનાં સિધ્ધાંતનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય પણ જો હૃદયમાં અજ્ઞાનતા રહે, તો તેનામાં જ્ઞાનગર્ભતા પ્રાપ્ત થતી નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે, પોતાનાં સિધ્ધાંતનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી, અજ્ઞાનતામાં ન રહે તો, તેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. ૩૬

જો સર્વ નયોમાં માધ્યસ્થ્ય ભાવ ન આવે તો પણ, જ્ઞાનગર્ભતા પ્રાપ્ત થતી નથી.

નયેષુ સ્વાર્થસત્યેષુ મોઘેષુ પરચાલને ।
માધ્યસ્થ્યં યદિ નાયાતં ન તદા જ્ઞાનગર્ભતા ॥ ૩૭ ॥

ભાવાર્થ—પોત પોતાના અર્થમાં સત્ય અને બીજા અર્થની ચાલના કરવામાં નિષ્ફળ એવા સર્વ નયોની અંદર જો મધ્યસ્થ ભાવ પ્રાપ્ત ન થયો, તો જ્ઞાનગર્ભતા હોતી નથી. ૩૭

વિશેષાર્થ—સર્વ (સાત) નય પોત પોતાના અર્થને વિષે સત્ય છે, એટલે પોત પોતાના અર્થને સિધ્ધ કરવામાં સત્ય છે. અને બીજાના અર્થની ચાલના કરવામાં નિષ્ફળ છે, એટલે બીજાના અર્થને તોડવામાં નિષ્ફળ છે; એવા સર્વનયની અંદર મધ્યસ્થ ભાવ પ્રાપ્ત ન થયો, એટલે સર્વનયોને ઘટાવવામાં તટસ્થપણું પ્રાપ્ત ન થયું,તો તેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થતો નથી. અર્થાત્ જ્યારે સર્વ નય ઉપર મધ્યસ્થ ભાવ હોય છે, ત્યારે જ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થાયછે. ૩૭

બીજા કેવાને જ્ઞાનગર્ભતા પ્રાપ્ત થતી નથી ?

આજ્ઞાયાગમિકાર્થાનાં યૌક્તિકાનાં ચ યુક્તિતઃ ।
ન સ્થાને યોજકત્વં ચેન્ન તદા જ્ઞાનગર્ભતા ॥ ૩૮ ॥

ભાવાર્થ—જે આજ્ઞા વડે ગ્રાહ્ય અર્થ છે, તેને આજ્ઞાએ ગ્રહે નહીં, અને જે યુક્તિ વડે ગ્રાહ્ય અર્થ છે, તેને યુક્તિ વડે ગ્રહે નહીં,

એમ સૌ સૌને સ્થાને યોજના કરવાપણું ન હોય તો, જ્ઞાનગર્ભતા હોતી નથી. ૩૮

વિશેષાર્થ—સિદ્ધાંતના કેટલાએક અર્થ આજ્ઞાથી ગ્રાહ્ય છે, અને કેટલાએક અર્થ યુક્તિથી ગ્રાહ્ય છે. તેમાં જે આજ્ઞા વડે ગ્રાહ્ય છે, તેને આજ્ઞાએ ગ્રહે નહીં, અને જે યુક્તિથી ગ્રાહ્ય છે, તેને યુક્તિ વડે ગ્રહે નહીં. એટલે જે જેને જ્યાં ઘટે, તેવી યોજના કરે નહીં, તેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થતો નથી. તેથી જો જ્ઞાનગર્ભતા પ્રાપ્ત કરવી હોય તો, આજ્ઞા ગ્રાહ્ય અને યુક્તિ ગ્રાહ્ય એવા અર્થની સૌ સૌના યોગ્ય સ્થાન ઉપર યોજના કરવી જોઇએ. અર્થના સ્થાનોનો વિપર્યય ન કરવો જોઇએ. ૩૮

પ્રાયઃ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ગીતાર્થનેજ હોય છે.

गीतार्थस्यैव वैराग्यं ज्ञानगर्भं ततः स्थितम् ।
उपचारादगीतस्याप्यनीष्टं तस्य निष्टया ॥ ३९ ॥

ભાવાર્થ—તેથી જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ગીતાર્થનેજ પ્રાપ્ત થાય છે, અને ઉપચારથી તેની નિષ્ટાને લઇને અગીતાર્થને પણ કવચિત્ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય છે. ૩૯

વિશેષાર્થ—જેણે સિધ્ધાંતના અર્થને યથાર્થ રીતે જાણેલ છે, એવા ગીતાર્થનેજ એ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. અહીં શંકા થશે કે, ગીતાર્થ થવું ઘણુંજ મુશ્કેલ છે, તેથી ગીતાર્થ પુરૂષો કવચિત્ જોવામા આવે છે, તો પછી બીજા અગીતાર્થનો અવકાશજ નહીં રહે. તેના ઉત્તરમાં કહેવાનું કે, ઉપચારથી

કોઇ વાર અગીતાર્થને પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. પણ તે ગીતાર્થની નિશ્રાથી. એટલે જો ગીતાર્થ પુરૂષ વગર તેની નિશ્રા હોય તો, તેને પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. ૩૯

ત્રીજા જ્ઞાનગર્ભિત વૈરાગ્યનાં લક્ષણો.

सूक्ष्मैक्षिका च माध्यस्थ्यं सर्वत्र हितचिंतनम् ।
क्रियायामादरो भूयान् धर्मे लोकस्य योजनम् ॥ ४० ॥

ભાવાર્થ—સૂક્ષ્મ દ્રષ્ટિ, મધ્યસ્થ ભાવ, સર્વમાં હિતનું ચિંતવન, ક્રિયા ઉપર ઘણો આદર અને ધર્મ ઉપર લોકોની યોજના. ૪૦

વિશેષાર્થ—જેનામાં જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય હોય તે પુરૂષની સૂક્ષ્મ દૃષ્ટિ હોય છે. તે સર્વમાં મધ્યસ્થ ભાવે વર્તે છે. તે સર્વત્ર હિતનું ચિંતવન કરે છે, એટલે સર્વનું હિત કરે છે. તે પુરૂષને ક્રિયા ઉપર મહાન્ આદર હોય છે, અને તે લોકોને ધર્મમાં જોડે છે. ૪૦

चेष्टा परस्य वृत्तांते मूकांधबधिरोपमा ।
उत्साहः स्वगुणाभ्यासे दुःस्थस्येव धनार्जने ॥ ४१ ॥

ભાવાર્થ—બીજાના વૃત્તાંતને વિષે મુંગા, આંધળા અને બેહેરાના જેવી તેની ચેષ્ટા હોય છે, અને નિર્ધન પુરૂષને જેમ દ્રવ્ય મેળવવામાં ઉત્સાહ હોય છે, તેમ તેને પોતાનામાં ગુણ મેળવવાનો ઉત્સાહ હોય છે. ૪૧

વિશેષાર્થ—જેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થયો હોય તે પુરૂષ બીજાના વૃત્તાંતને કહેવામાં મુંગા જેવો રહે છે, જોવામાં આંધળાના જેવો રહે છે, અને સાંભળવામાં બેહેરાની જેમ વર્તે છે; એટલે તે બીજાનું વૃત્તાંત કહેતો નથી, જોતો નથી, અને સાંભળતો નથી, અર્થાત્ કોઇની નિંદા કે પ્રશંસા કરતો નથી, કોઇની સારી નરસી ચેષ્ટા જોતો નથી, અને સાંભળતો નથી. તેમજ તે પોતાના આત્મામાં ગુણ મેળવવા માટે ઉત્સાહ રાખે છે, એટલે પોતાના આત્માને વિશેષ ગુણી બનાવવાને ઉત્સાહિત રહે છે. તે વાત દૃષ્ટાંત આપી સિદ્ધ કરે છે, જેમ નિર્ધન માણસ દ્રવ્ય મેળવવામાં ઉત્સાહી રહે, તેવી રીતે જ્ઞાન ગર્ભિત વૈરાગ્યવાળો પુરૂષ આત્માને ગુણી બનાવવાને ઉત્સાહી રહે છે, ૪૧

मदनोन्मादवमनं मदसंमर्दमर्दनम् ।
असूया तंतु विच्छेदः समतामृतमज्जनम् ॥ ४२ ॥

ભાવાર્થ—કામદેવના ઉન્માદનું વમન—ત્યાગ, મદના સમૂહનું મર્દન, અસૂયાના તંતુનું છેદન અને સમતા રૂપ અમૃતમાં મજ્જન. ૪૨

વિશેષાર્થ—જેને જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થયો છે, તે પુરૂષમાં કામદેવનો ઉન્માદ હોતો નથી, તેનામાં મદ પણ હોતો નથી, તે ઇર્ષ્યાના તંતુનો વિચ્છેદ કરે છે અને તે સમતા રૂપ અમૃતમાં મગ્ન રહે છે; જ્ઞાનગર્ભિત વૈરાગ્ય વાળો પુરૂષ કામદેવના વિકારોથી દૂર રહે છે. તેનામાં કોઇ જાતનો મદ આવતો નથી. તે કોઇની ઇર્ષ્યા કરતો નથી, અને તે સમતા રૂપ અમૃતને સેવનારો હોય છે. જે પુરૂષ કામ વિકારને સેવનારો, મદ ધરનારો, ઇર્ષ્યા કરનારો અને સમતાથી રહિત છે, તેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોતો નથી. ૪૨

स्वभावाच्चैव चलनं चिदानंदमयात्सदा ।
वैराग्यस्य तृतीयस्य स्मृतेयं लक्षणावली ॥ ४३ ॥

ભાવાર્થ—સર્વદા ચિદાનંદમય, સ્વભાવથી ચલાયમાન ન થવું, એ ત્રીજા જ્ઞાનગર્ભિત વૈરાગ્યનાં લક્ષણોની પંક્તિ જાણવી. ૪૩

વિશેષાર્થ—જે પુરૂષને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થયેલ હોય, તે પોતાના ચિદાનંદમય સ્વભાવથી ચલાયમાન થતો નથી. એવી રીતે એ ત્રીજા જ્ઞાનગર્ભિત વૈરાગ્યનાં લક્ષણો જાણવાં. જે પુરૂષના એવાં લક્ષણો હોય, તે જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળો છે, એમ જાણી લેવું. ૪૩

ત્રિવિધ વૈરાગ્યમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ઉપયોગી હોવાથી ગ્રાહ્ય છે.

ज्ञानगर्भमिहादेयं द्वयोस्तु स्वोपमर्दतः ।
उपयोगः कदाचित् स्यान्निजाध्यात्मप्रसादतः ॥ ४४ ॥

ભાવાર્થ—દુઃખગર્ભિત અને મોહગર્ભિત એ બંને વૈરાગ્યનું મર્દન કરી, જ્ઞાનગર્ભ વૈરાગ્ય ગ્રહણ કરવા યોગ્ય છે. વળી પોતાના અધ્યાત્મના પ્રસાદથી કદાચિત્ જ્ઞાનગર્ભ વૈરાગ્યનો ઉપયોગ થાયછે.૪૪

વિશેષાર્થ—દુઃખગર્ભિત અને મોહગર્ભિત એ બંને વૈરાગ્ય ઉપયોગી નથી, તેથી તેમનો ત્યાગ કરી, તેઓમાં શ્રેષ્ઠ એવો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત કરવો. એ વૈરાગ્યનો ઉપયોગ પોતાના અધ્યાત્મના પ્રસાદથી થાય છે, એટલે તેનાથી અધ્યાત્મ બોધ પ્રાપ્ત થવાને લઈને તે ખરેખર ઉપયોગી થઇ પડે છે. ૪૪

इति षष्ठ वैराग्यभेदाधिकारः

અધિકાર ૭ મો.

વૈરાગ્ય વિષયાધિકાર.

વૈરાગ્યની બે પ્રકારની પ્રવૃત્તિ.

विषयेषु गुणेषु च द्विधा भुवि वैराग्यमिदं प्रवर्त्तते ।
अपरं प्रथमं प्रकीर्त्तितं परमध्यात्म बुधैर्द्वितीयकम् ॥१॥

ભાવાર્થ—આ પૃથ્વી ઉપર વિષયોમાં અને ગુણોમાં એમ બે પ્રકારે વૈરાગ્ય પ્રવર્તે છે. તેમાં અધ્યાત્મવેત્તાઓએ પહેલો વિષય વૈરાગ્ય અમુખ્યપણે કહેલો છે, અને બીજો ગુણ વૈરાગ્ય મુખ્યપણે કહેલો છે. ૧

વિશેષાર્થ—આ પૃથ્વી ઉપર વિષય વૈરાગ્ય અને ગુણ વૈરાગ્ય એમ બે પ્રકારનો વૈરાગ્ય કહેવાય છે. જે વિષયો તરફ અભાવ ધારણ કરવો, એ વિષય વૈરાગ્ય અને અધ્યાત્મ દૃષ્ટિ વડે વૈરાગ્યના સ્વરૂપને સમજી ભાવયુક્ત ત્યાગ કરવો. એ ગુણ વૈરાગ્ય કહેવાય છે. તેમાં જે વિષય વૈરાગ્ય છે, તેને અધ્યાત્મવેત્તાઓ અમુખ્ય માને છે. અને ગુણ વૈરાગ્યને મુખ્યપણે માને છે. કારણ કે, તે વિશેષ ઉપકારક છે ૧

વિષયો કેવા પુરૂષોને વિકારકર્ત્તા થતા નથી ?

विषया उपलंचगोचरा अपि चानुश्रविका विकारिणः ।
न भवंति विरक्तचेतसां विषधारेव सुधासु मज्जताम् ॥२॥

ભાવાર્થ—વિષયો પ્રાપ્તિ ગોચર છે, એટલે પ્રાપ્તિના વિષયમાં રહેલા છે. તો પણ અમૃતમાં મગ્ન થતા પુરૂષોને જેમ વિષની ધારા પીડા કરી શકતી નથી, તેમ વિરક્ત ચિત્તવાળા પુરૂષોને તે વિકાર કરી શકતા નથી. ૨

વિશેષાર્થ—જેમનું ચિત્ત વિરકત છે, એવા પુરૂષોને વિષયો પ્રાપ્ત થાય છે, તોપણ તે વિષયો તેમને વિકાર કરી શકતા નથી. એટલે વિરક્ત પુરૂષો વિષયો ભોગવતા હોય, તો પણ તેમની ઉપર વિકારનું બળ ચાલી શકતું નથી. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જે પુરૂષ અમૃતમાં મગ્ન થયો હોય. તેને જેમ ઝેરની ધારા પીડા કરી શકતી નથી, તેમ વિરકત ચિત્તવાળા પુરૂષને વિષયો વિકાર કરી શકતા નથી. આ ઉપરથી એવો બોધ પ્રાપ્ત થાય છે કે, વિષય વૈરાગ્ય ધારણ કરવો કે જેથી વિષયોની પીડા પ્રાપ્ત થતી નથી. ૨

ઓંકાર ધ્વનિમાં મગ્ન થયેલું યોગીઓનું મન, વિકારોના પ્રસંગમાં પણ મદ પામતું નથી.

सुविशालरसालमंजरी विचरत्कोकिलकाकलीनरैः ।
किमु माद्यति योगिनां मनो निभृतानाहतनादसादरम् ॥३॥

ભાવાર્થ—નિશ્ચલ એવા અનાહત નાદને સાંભળવામાં આદરવાળું યોગીઓનું મન વિશાળ એવા આમ્ર વૃક્ષની માંજરીમાં વિચરતા કોકિલ પક્ષીઓના કાકલી શબ્દોના સમૂહથી શું મદ હતું ? ૩

વિશેષાર્થ—યોગશાસ્ત્રમાં લખેલું છે કે, શરીરના પ્રકારંભમાં અનાહત નાદ થયા કરે છે, તે યોગીઓના સાંભળવામાં આવે છે

તે નાદમાં અર્હંપદ, સોહંપદ અથવા ઓંકારના જેવો ધ્વનિ થાયછે, તે બ્રહ્મરંધ્રના દ્વારથી ઊઠે છે. જ્યારે યોગીઓ ધ્યાનસ્થ થયા હોય ત્યારે તે અનાહત નાદને સાંભળે છે. તે વખતે યોગી આનંદસાગરમાં મગ્ન થઈ જાય છે. આવા અનાહત નાદને સાંભળવામાં આનંદિત થયેલા યોગીઓ પછી બીજા વિકારી શબ્દોને સાંભળતા નથી. મોટા વિશાળ આંબાની માંજરીનો સ્વાદ લઈ મધુર શબ્દ કરતા કોકિલ પક્ષીઓના શબ્દો પણ તેમને મદ પમાડતા નથી. અનાહત નાદની મધુરતાનો સ્વાદ લેનારા યોગીઓને શું પછી તે કોકિલાઓના શબ્દ રૂચિકર થાય? કદિ પણ ન થાય. આ ઉપરથી એ બોધ લેવાનો છે કે, જો તમે વિરક્ત થઇ યોગવિદ્યા જાણી અનાહત નાદને સાંભળો, તો પછી તમને બીજા માદક ધ્વનિઓ મધુર લાગશે નહીં; માટે અનાહત નાદ સાંભળવાની યોગ્યતા સંપાદન કરવી. ૩

અનુભવના સંગીતને સાંભળવામાં આસકત થયેલા યોગીઓને શૃંગારના શબ્દો સારા લાગતા નથી.

रमणीमृदुपाणिकंकणक्वणनाकर्णनपूर्णघूर्णनाः ।
अनुभूतनटीस्फुटीकृत प्रियसंगीतरता न योगिनः ४

ભાવાર્થ—અનુભવ દિશારૂપ નટીએ સ્ફુટ કરેલા પ્રિય સંગીતને સાંભળવામાં તત્પર બનેલા યોગીઓ સુંદરીઓના કોમલ કર કંકણના ધ્વનિને સાંભળવામાં પૂર્ણરીતે ઘુમનારા થતા નથી. ૪

વિશેષાર્થ—યોગીઓને યોગવિદ્યાના પ્રભાવથી આત્મસ્વરૂપનો અનુભવ થાય છે, એ અનુભવરૂપ નટીનું પ્રિય સંગીત સાંભ-

ળવામાં તેઓ એટલા બધા તત્પર બનેછે કે, પછી તેમને આ સંસારનું શૃંગારમય સંગીત પસંદ પડતું નથી. સુંદર સ્ત્રીઓના હાથના કંકણનો ધ્વનિ તેને જરા પણ પ્રિય લાગતો નથી. જેમણે અનુભવનું સંગીત સાંભળ્યું નથી, એટલે જેમને આત્મિક સ્વરૂપનો અનુભવ થયો નથી, તેઓ સ્ત્રીઓના હાથના કંકણના ધ્વનિ સાંભળવામાં ઘુમ્યા રહે છે, તેઓને અનુભવના સંગીતનો સ્વાદ મળતો નથી. કહેવાનો આશય એવો છે કે, જેઓ આત્મિક અનુભવ મેળવે છે, તેમને પછી શૃંગારનો સ્વાદ પ્રિય લાગતો નથી; તેથી હમેશાં આત્મિક અનુભવનું સંગીત સાંભળવાને તત્પર રહેવું જોઇએ. ૪

સમતા પદના મધુર આલાપ ઉપર પ્રીતિવાળા પુરૂષને લલનાઓનો મધુર આલાપ ગમતો નથી.

स्खलनाय न शुद्धचेतसां ललनापंचमचारुघोषणा ।
यदियं समतापदावली मधुरालापरते र्न रोचते ॥ ५ ॥

ભાવાર્થ—શુદ્ધ ચિત્તવાળા પુરૂષોને લલના-સ્ત્રીના પંચમ સ્વરનો સુંદર સ્વાદ સ્ખલિત કરતો નથી. સમતા પદની શ્રેણીના મધુર આલાપ ઉપર પ્રીતિવાળા પુરૂષને એ સ્વાદ ગમતો નથી. ૫

વિશેષાર્થ—વિષય તરફ વૈરાગ્ય ભાવ થવાથી જેમનું હૃદય શુદ્ધ થયેલું છે, એવા યોગી લોકોને સ્ત્રીઓના પંચમ સ્વરનો આલાપ સ્ખલના કરી શકતો નથી, એટલે શુદ્ધ હૃદયવાળા યોગીઓ સ્ત્રીઓનો પંચમ સ્વર સાંભળી પોતાના ધર્મ-ધ્યાનમાંથી સ્ખલના

પામતા નથી. કારણ કે, એ સ્ત્રીઓના પંચમ સ્વરનો મધુર આલાપ, સમતા પદની શ્રેણીના મધુર આલાપ ઉપર પ્રીતિવાળા પુરૂષને રૂચતો નથી. એટલે જેણે સમતા પદનો મધુર આલાપ સાંભળ્યો છે, તેવાઓને લલનાઓનો પંચમ સ્વરનો મધુર આલાપ રૂચિકર થતો નથી. તેથી સમતા પદના મધુર આલાપને સાંભળવામાં તત્પર થવું, એજ ઉપદેશ છે. અહિં સુધી શ્રવણ ઇંદ્રિયના વિષય વિષે વિવેચન કરેલું છે. ૫

નેત્ર ઇંદ્રિયના વિષયનું વિવેચન.

પોતાના નિર્મળ સ્વરૂપને જોનારને બીજું રૂપ પ્રિય લાગતું નથી.

सततं क्षयि शुक्रशोणितप्रभवं रूपमपि प्रियं नहि ।
अविनाशि निसर्गनिर्मलप्रथमानस्वकरूपदर्शिनः ॥ ६ ॥

ભાવાર્થ—પોતાના અવિનાશી, સ્વભાવથી નિર્મળ અને વિસ્તારવાળા સ્વરૂપને જોનારા એવા પુરૂષને, હમેશાં ક્ષય પામનાર, વીર્ય તથા રૂધિરથી ઉત્પન્ન થયેલ, રૂપ પ્રિય લાગતું નથી. ૬

વિશેષાર્થ—ઉપરના શ્લોકોથી શ્રવણ ઇંદ્રિયના વિષયનું વિવેચન કર્યું. હવે નેત્ર ઇંદ્રિયના વિષયનું વિવેચન કરે છે- જે મહાત્મા યોગી પુરૂષ પોતાનું આત્મ સ્વરૂપ જુએ છે, જે સ્વરૂપ અવિનાશી, એટલે કોઇ દિવસ નાશ નહીં પામનારૂં છે, તેમજ તે સ્વભાવથીજ નિર્મળ અને વિસ્તારવાળું છે. તેવા સ્વરૂપને જોનાર યોગીને બીજું સ્ત્રી વગેરેનું રૂપ પ્રિય લાગતું નથી, કારણ કે

તે રૂપ હમેશાં રક્ત પાઅનારૂં છે, તેમજ વીર્ય તથા રૂધિરથી ઉત્પન્ન થયેલ છે, એ ઉપરથી એવો બોધ લેવાનો છે કે યોગી થઈ સર્વદા શુદ્ધ આત્મસ્વરૂપ જોવું. પરંતુ સ્ત્રી વગેરેનું વિકારી સ્વરૂપ જોવું નહીં. ૬

જે સ્વરૂપ અનુભવથી દ્રશ્ય છે તે સ્વરૂપ ચર્મચક્ષુથી દ્રશ્ય નથી.

परदृश्यमपायसंकुलं विषयो यत्खलु चर्मचक्षुषः ।
नहि रूपमिदं मुदे यथा निरपायानुभवैकगोचरम् ॥ ७ ॥

ભાવાર્થ—બીજાને દૃશ્ય, નાશવંત અને ચક્ષુના વિષયરૂપ એવું જે સ્વરૂપ છે, તે નાશ રહિત અને અનુભવથીજ એક દૃશ્ય એવા સ્વરૂપની જેમ હર્ષને માટે થતું નથી. ૭

વિશેષાર્થ—યોગીપુરૂષને પોતાના અનુભવના એક વિષયમાં આવેલું સ્વરૂપ જેવું પ્રિય છે તેવું ચર્મચક્ષુથી જોઇ શકાય તેવું રૂપ હર્ષને માટે થતું નથી. કારણ, જે અનુભવના વિષયમાં આવેલું સ્વરૂપ છે તે પરને અદ્રશ્ય અને અવિનાશી છે. અને જે સ્ત્રી વગેરેનું સ્વરૂપ છે, તે પરને દૃશ્ય, નાશવંત અને ચર્મચક્ષુથી જોઇ શકાય તેવું છે. આ ઉપરથી સમજવાનું કે, ભવ્ય આત્માએ પોતાના અનુભવનું આત્મિક સ્વરૂપ જોવાને પ્રયત્ન કરવો, ચર્મચક્ષુથી જોઇ શકાય તેવું રૂપ જોવાને માટે પ્રયત્ન કરવો નહીં. જો આત્મિક અનુભવગમ્ય સ્વરૂપ જોવામાં આવશે તો, પછી બીજું ચર્મચક્ષુથી જોઇ શકાય તેવું સ્વરૂપ હૃદયને રૂચિકર થશે નહીં. ૭

સ્ત્રીઓના વિલાસો જોઇ મૂર્ખ માણસ ખુશી થાય છે, ઉત્તમ પુરૂષોની દ્રષ્ટિઓ તેમાં પ્રસરતી નથી.

रतिविभ्रमहास्यचेष्टितै-र्ललनानामिह मोदते बुधः ।
सुकृताऽऽपविष्वमीषुनो विरतानां प्रसरंति दृष्टयः ॥८॥

ભાવાર્થ—મૂર્ખ માણસ સ્ત્રીઓના રતિવિલાસ, હાસ્ય અને ચેષ્ટાઓથી ખુશી થાય છે, અને જે વિરક્ત પુરૂષો છે, તેઓની દૃષ્ટિઓ સુકૃતરૂપ પર્વતોમાં વજ્ર સમાન એવા એ વિલાસોની અંદર પ્રસરતી નથી. ૮

વિશેષાર્થ—સ્ત્રીઓના રતિવિલાસ, હાસ્ય અને ચેષ્ટાઓ જોઇ મૂર્ખમાણસ ખુશી થાય છે. એટલે જે મૂર્ખ માણસ છે, તેને સ્ત્રીઓના વિલાસો હર્ષદાયક થાય છે, અને જે વિરક્ત પુરૂષો છે, તેઓને તે હર્ષદાયક થતા નથી. તેઓ સમજે છે કે, આ સ્ત્રીઓના વિલાસો સુકૃત રૂપ પર્વતમાં વજ્ર સમાન છે. જેમ વજ્ર પર્વતોને તોડી પાડે છે, તેમ એ સ્ત્રીઓના વિલાસો સુકૃતનો નાશ કરે છે; તેથી તે મહાશયોની દૃષ્ટિઓ તે સ્ત્રી વિલાસની ઉપર પડતીજ નથી. એ ઉપરથી એ બોધ લેવાનો છે કે, સ્ત્રીઓના વિલાસો સુકૃતને નાશ કરનારા છે, તેથી તેની ઉપર દૃષ્ટિ કરવી નહીં, જેઓ તે પર દૃષ્ટિ કરે છે, તેઓ મૂર્ખ છે. એવી રીતે નેત્ર ઇંદ્રિયના વિષયનું વિવેચન કર્યું છે. ૮

ઘ્રાણેંદ્રિય વિષય વિવેચન.

શીલના સુગંધથી જેમના શરીર સુગંધી બન્યા છે, એવા વિદ્વાનોને કસ્તૂરી વગેરેની સુગંધ પ્રિય લાગતી નથી.

ન મુદે મૃગનાભિમલ્લિકા સ્રવલોચંદનચંદ્રસૌરભમ્ ।
વિદુષાં નિરુપાધિબાધિત-સ્મરશીલેન સુગંધિવર્ષ્મણામ્ ॥૯॥

ભાવાર્થ—નિરૂપાધિ અને કામદેવને બાધિત કરનાર શીલવડે જેમનાં શરીર સુગંધી છે, એવા વિદ્વાનોને કસ્તૂરી, માલતી, ચારોલી (એલાયચી), ચંદન, અને કપૂરની સુગંધ હર્ષને માટે થતી નથી. ૯

વિશેષાર્થ—આગળના શ્લોકોથી નેત્ર ઇંદ્રિયના વિષયનું વિવેચન કરી, હવે ઘ્રાણેંદ્રિયના વિષયનું વિવેચન કરે છે. જે વિદ્વાનોનાં શરીર નિરૂપાધિક અને કામદેવને બાધ કરનાર શીલવ્રત વડે સુગંધી થયેલા છે એટલે ઉપાધિ અને કામનો ત્યાગ કરી શીલવ્રત રાખી રહેલા છે, તેમને કસ્તૂરીની, માલતીની, ચારોળી-એલાયચીની, ચંદન અને ચંદ્રની ખુશબો પ્રિય લાગતી નથી. કારણકે, તેઓ સમજે છે કે, કસ્તૂરી વગેરેની સુગંધ પૌદ્ગલિક છે, તેથી ખોટી છે, અને શીલવ્રતની સુગંધ શાશ્વત, અને આત્માને ગુણ આપનારી છે, તેથી તેઓ બીજી સુગંધનો ત્યાગ કરી શીલની સુગંધને ધારણ કરે છે. આ ઉપરથી સમજવાનું કે, સર્વ ઉત્તમ પુરૂષોએ શીલવ્રતની સુગંધ ધારણ કરવી, અને બીજી પૌદ્ગલિક સુગંધનો ત્યાગ કરવો. ૯

આ લોકમાં શીલની સુગંધ શિવાય બીજામાં પ્રીતિ કરવી યોગ્ય નથી.

उपयोगमुपैति यच्चिरं हरते यन्न विभावमारुतः ।
न ततः खलु शीलसौरभा दपरस्मिन्निह युज्यते रतिः॥१०॥

ભાવાર્થ—જે ચિરકાલ સુધી ઉપયોગમાં આવે છે, અને વિભાવ દશા રૂપ પવન જેને હરી શકતો નથી, એવી શીલની સુગંધ શિવાય બીજી સુગંધ ઉપર પ્રીતિ કરવી નિશ્ચયે ઘટતી નથી.૧૦

વિશેષાર્થ—ગ્રંથકાર શીલની સુગંધનો ઉત્કર્ષ દર્શાવે છે. શીલની સુગંધ ચિરકાલ ટકી રહે છે. એટલે શીલ વ્રત પાળ્યું હોય તો ચિરકાલ સુખ રહે છે, અને બીજી સુગંધ ચિરકાલ ટકી શકતી નથી. જેમ બીજી સુગંધને પવન હરી લે છે, તેમ શીલની સુગંધને વિભાવ રૂપ પવન હરી શકતો નથી. આથી વિદ્વાનોને શીલની સુગંધને છોડી બીજી પૌદ્ગલિક સુગંધ ઉપર પ્રીતિ કરવી ઘટે નહીં. જો બીજી પૌદ્ગલિક સુગંધ ઉપર પ્રીતિ કરવામાં આવે તો તેથી ઘણીજ હાનિ થાય છે, અને અનંત સંસાર વધે છે. ૧૦

જિહ્વા ઇંદ્રિય વિષય.

અધ્યાત્મરૂપ અમૃતનો સ્વાદ લેનારા સત્પુરૂષોને બીજા મધુર રસ રૂચિકર થતા નથી.

मधुरैर्न रसैरधीरता क्व नाध्यात्मसुधाह्लिहां सताम् ।
अरसैः कुसुमैरिवाह्लिनाम् प्रसरत्पद्मपरागमोदिनाम् ॥ ११ ॥

ભાવાર્થ—જેમ પ્રસરતા કમળના પરાગમાં મગ્ન થયેલા ભ્રમરાઓને પુષ્પોના રસમાં અધીરતા રહેતી નથી, તેમ અધ્યાત્મ રૂપ અમૃતનો સ્વાદ લેનારા સત્પુરૂષોને કોઇ પણ બીજા મધુર રસની અધીરતા રહેતી નથી. ૧૧

વિશેષાર્થ—ઉપરના શ્લોકોથી ઘ્રાણેંદ્રિયના વિષયનું વિવેચન કર્યા પછી હવે જિહ્વારસ–ઇંદ્રિયના વિષયનું વિવેચન કરે છે. જે પુરૂષોએ અમૃતનો સ્વાદ લીધેલો છે, તેવા સત્પુરૂષોને બીજા ષટ્ રસની મધુરતા મેળવવાની ઇચ્છા થતી નથી. કારણ કે, અધ્યાત્મના રસની આગળ તે રસો તેમને નીરસ લાગે છે. તે ઉપર દૃષ્ટાંત આપે છે. કમળના પરાગના રસનો સ્વાદ લેનારા ભમરાઓને પછી બીજા પુષ્પોના રસની ઇચ્છા થતી નથી, તે રસ તેમને નીરસ લાગે છે. કહેવાનો આશય એવો છે કે, અધ્યાત્મ રસ એટલો બધો ઉત્તમ છે કે, જે રસની આગળ બીજા રસો તદ્દન નીરસ લાગે છે. તેથી સર્વદા અધ્યાત્મ રસનો સ્વાદ લેવા તત્પર થવું. તે શિવાયના રસનો સર્વથા ત્યાગ કરવો. ૧૧

જો નવમા–શાંત રસમાં મન મગ્ન થાય તો, પછી બીજા વિકારી રસો તેને શા કામના છે ?

विषमायतिनिर्नु किं रसैः स्फुटमापातसुखैर्विकारिभिः ।
नवमेऽनवमे रसे मनो यदि मग्नं सततविकारिणि ॥१२॥

ભાવાર્થ—નિર્દોષ અને હમેશાં અવિકારી એવા નવમા શાંત રસમાં જો મન મગ્ન થયું તો પછી નઠારાં પરિણામ વાળા,

સ્ફુટ રીતે ઉપરથી સુખકારી, અને વિકારવાળા એવા બીજા રસો તેને શા કામના છે ? ૧૨

વિશેષાર્થ—જે પુરૂષનું મન નવમા શાંત રસમાં જો મગ્ન થયું, તો પછી તે પુરૂષને બીજા ભોજનના ષટ રસ રૂચિકર થતાં નથી. કારણકે, જે નવમો શાંત રસ છે, તે નિર્દોષ છે, અને હમેશાં અવિકારી છે. અને બીજા ષટ્ રસો નઠારાં પરિણામવાળા છે, સ્ફુટ રીતે ઉપર ઉપરથી સુખદાયક છે, અને વિકારથી ભરેલા છે. એ ઉપરથી એ બોધ લેવાનો કે, હમેશાં શાંત રસમાં હૃદયને મગ્ન રાખવું. તે શિવાયના ખાવા પીવાના જે રસો છે, તેની અંદર મનને રાખવું નહીં. ૧૨

વિરકત પુરૂષો બીજા રસનું પરિણામ જાણી નેત્રોમાં જળ લાવે છે.

मधुरं रसमाप्य निःपते–ऽसनातो रसलोलिनां जलम्।
परिजाव्य विपाकसाध्वसं विरतानां तु ततो दृशोर्जलम् ।१३।

ભાવાર્થ—રસના લોભી એવા મનુષ્યોને મધુર રસ પ્રાપ્ત થવાથી રસના (જીહ્વા) માંથી જળ પડે છે, અને વિરકત પુરૂષોને મધુર રસ ખાવાના પરિણામનો ભય વિચારી નેત્રોમાંથી જળ પડે છે. ૧૩

વિશેષાર્થ—રસ ખાવામાં લુબ્ધ બનેલા પુરૂષોને જ્યારે રસ જોવામાં આવે છે, ત્યારે તેમની જીભમાંથી પાણી છુટે છે, અને વિરક્ત પુરૂષો જ્યારે રસ જુએ છે, ત્યારે તેઓનાં નેત્રોમાંથી

પાણી છુટે છે. કારણ કે, તેઓ રસને જોતાંજ વિચારમાં પડે છે કે, 'આ રસ ખાવાથી નઠારૂં પરિણામ આવશે.' એવા ભયના વિચારથી તેમનાં નેત્રોમાંથી આંસુ પડે છે. ઉત્તમ પુરૂષોએ આવોજ વિચાર લાવવો જોઈએ, અને તેથી રસની લુબ્ધતા છોડવી જોઈએ. ૧૩

स्पर्शेंद्रियविषय.

ગુણરૂપ પુષ્પવાળી, સારા વિકલ્પ રૂપ નિર્મળ કોમળ શય્યા ઉપર, ધીરજરૂપ પત્ની સાથે, સુનારા વિરકત પુરૂષોને સ્પર્શેંદ્રિયના બીજા વિષયો ગમતાં નથી.

इह ये गुणपुष्पपूरिते धृतिपत्नीमुपगुह्य शेरते ।
विमले सुविकल्पतल्पके, क्व बहिः स्पर्शरता भवंतु ते ॥१४॥

ભાવાર્થ—આ લોકમાં જે પુરૂષો, ગુણરૂપી પુષ્પોથી પૂરાએલ, નિર્મળ સારા વિકલ્પરૂપ શય્યા ઉપર ધીરજ રૂપી પત્નીને આલિંગન કરી સુવે છે, તેઓ પછી બાહેરના સ્પર્શ વિષયોમાં કેમ આસક્ત થાય ? ૧૪

વિશેષાર્થ—ગુણ રૂપી પુષ્પોથી પૂર્ણ એવી સારા વિકલ્પ રૂપ નિર્મળ શય્યામાં ધીરજ રૂપ પત્નીને આલિંગન કરીને જેઓ સુવે છે, તેઓને પછી બાહેરના બીજા સ્પર્શેંદ્રિયના વિષયો રૂચિકર લાગતા નથી. એટલે જે પુરૂષો ગુણ મેળવવાને તત્પર રહે છે, જેઓ સારા વિકલ્પ એટલે સારા સારા મનના વિચારો કરેછે, અને

ધીરજને ધારણ કરે છે, તેઓને સંસારના બીજા મોહક વિષયો તદ્દન ગમતા નથી. તે ઉપરથી સમજવાનું કે, જે પુરૂષો પુષ્પોની કોમળ શય્યા ઉપર સ્ત્રીને આલિંગન કરી પડયા રહે છે, અને તે વડે સ્પર્શેંદ્રિયનાં સુખોને અનુભવે છે, તે સર્વ સ્પર્શેંદ્રિય સુખો પુદ્ગલિક હોવાથી પરિણામે વિષમ છે, અને નાશવંત છે, અને જે અંદરનાં ઉત્તમ સુખો છે, તે પરિણામે હિતકારી અને સ્થિર રહેનારાં છે. ૧૪

હૃદયમાં નિવૃત્તિ સુખને ધારણ કરનારાને ચંદનનો લેપ અને નિર્મળપણાને પ્રાપ્ત થયેલાને જળનું સ્નાન હર્ષદાયક થતાં નથી.

हृदि निवृत्तिमेव बिभ्रतां न मुदे चंदनलेपनाविधिः ।
विमलत्वमुपेयुषां सदा सलिलस्नानकलापि निष्फला ॥१५॥

ભાવાર્થ—હૃદયમાં નિવૃત્તિ સુખને ધારણ કરનારા પુરૂષોને ચંદનના લેપનો વિધિ હર્ષકારક થતો નથી, અને સર્વદા નિર્મળ પણાને રાખનારા એવા તે પુરૂષોને જળના સ્નાનનો વિધિ પણ નિષ્ફળ છે. ૧૫

વિશેષાર્થ—સ્પર્શેંદ્રિયના સુખની ઇચ્છા રાખનારા પુરૂષો પોતાની છાતી ઉપર ચંદનનો લેપ કરે છે, પણ તે પુદ્ગલિક હોવાથી પરિણામે નિરૂપયોગી બને છે, અને છેવટે વિષયોના વિકારોને વધારનારો થવાથી દુઃખરૂપ પણ થાય છે. તેમજ શરીરના શૃંગારને વધારનારા પુરૂષો હમેશાં જળમાં સ્નાન કરે છે, અને

તેનાથી પોતાના શરીરની શુદ્ધિ માને છે; પણ તે જળથી જે શુદ્ધિ થાય છે, તે પુદ્ગલિક અને ક્ષણિક શુદ્ધિ છે. ખરી શુદ્ધિ તો હૃદયની નિર્મળતામાં રહેલી છે. જ્યારે હૃદયમાંથી મળ જાય ત્યારેજ શુદ્ધિ થયેલી ગણાય છે. બાહેરના મળના કરતાં અંતરના મળ દૂર કરવાની આવશ્યકતા છે. અંતરના મળ દૂર થવાથી માણસ આત્મિક શુદ્ધિને પ્રાપ્ત કરી અધ્યાત્મના આનંદનો સંપાદક બનેછે.૧૫

कामेंद्रियविषय.

યોગીઓ કામની ચેષ્ટાને સર્પના વિષની વિષમ મૂર્ચ્છા જેવી માને છે.

गणयंति जनुः स्वमर्थवत् सुरतोल्लासमुखेन भोगिनः ।
मदनाहिविषोग्रमूर्छना मयतुल्यं तु तदेव योगिनः ॥ १६ ॥

ભાવાર્થ—ભોગી પુરૂષો સંભોગના વિલાસના સુખથી પોતાના જન્મને સાર્થક માને છે, પણ યોગીઓ તેને કામદેવ રૂપ સર્પના વિષની ઉગ્ર મૂર્છાથી ન્યાસ માને છે. ૧૬

વિશેષાર્થ—ઉપરના શ્લોકોથી સ્પર્શેંદ્રિયનું વિવેચન કરી હવે કામેંદ્રિયના વિષયનું વિવેચન કરે છે. ભોગી લોકો સ્ત્રીના સંભોગના સુખથી પોતાના જન્મને સાર્થક માને છે, પણ જે યોગી પુરૂષો છે, તેઓ તે સ્ત્રીના સંભોગના સુખને કામદેવરૂપ સર્પના ઝેરની મૂર્છા જેવું ગણે છે. કારણ કે, તેઓ જાણે છે કે, એ સુખ માત્ર પુદ્ગલોનું છે. પરિણામે દુઃખ રૂપ છે. આ ઉપ-

રથી એવો બોધ લેવાનો છે કે, સંભોગનાં સુખને સર્પના ઝેરના જેવું ગણી તેનો ત્યાગ કરવો જોઈએ. એવાંસુખથી જન્મની સાર્થ કતા માનનારા પુરૂષો આખરે દુઃખી થઈ, આ અનંત સંસારમાં ભમ્યા કરે છે. ૧૬

પરમાનંદના રસમાં મગ્ન થયેલા મહાત્માઓ આ લોક અને પરલોકનાં સુખમાં પણ નિસ્પૃહ હોય છે.

तदिमे विषयाः किञ्चैहिका न मुदे केऽपि विरक्तचेतसाम् ।
परलोकसुखेऽपि निःस्पृहाः परमानंदरसाप्लसा अमी ॥१७॥

ભાવાર્થ—જેમનું ચિત્ત વિરક્ત થયેલું છે, એવા પુરૂષોને આ લોકના વિષયો હર્ષને માટે થતા નથી, અર્થાત્ તેઓને તે વિષયોમાં હર્ષ થતો નથી. પરમાનંદના રસમાં મગ્ન થયેલા એવા પુરૂષો પરલોકનાં સુખમાં પણ સ્પૃહા રહિત છે. ૧૭

વિશેષાર્થ—ઉપર જે ઇંદ્રિયોના વિષયો બતાવ્યા, તે વિષયો વિરક્ત હૃદયવાળા પુરૂષોને હર્ષકારક થતા નથી. કારણ કે, તેઓ એ વિષયોને પુદ્ગલિક હોવાથી તુચ્છ ગણે છે, એટલું જ નહીં પણ તેઓ પરલોકના દેવતાઈ સુખની પણ સ્પૃહા રાખતા નથી. કારણ કે, પરમાનંદના સુખનું મહાન્ સુખ તેઓએ પ્રાપ્ત કરેલું છે. તે મહાન્ સુખની આગળ આ લોકના વિષયોનું સુખ તેમને હર્ષદાયક થતું નથી. તેઓ તે સુખને પુદ્ગલની દૃષ્ટિએ જુએ છે, કારણ કે, તેમનાં ચિત્ત વિરક્ત હોય છે. વિરક્ત ચિત્તની અંદર

પરમાનંદના સુખનોજ અવકાશ છે. બીજું સુખ ઘણુંજ તુચ્છ દેખાય છે. આ ઉપરથી એ બોધ લેવાનો છે કે, જો માણસ પરમાનંદના સુખનો સંપાદક બને છે, તો તેને આલોક તથા પરલોકનાં સુખો જરાપણ દુર્લભ થતાં નથીઃ તેથી સર્વથા પરમાનંદ સુખ મેળવવાનો પ્રયત્ન કરવો. ૧૭

દેવતાનાં સુખમાં પણ દુઃખ રહેલું છે.

मदमोहविषादमत्सर ज्वरबाधाविधुराः सुरा अपि ।
विषमिश्रितपायसान्नवत् सुखमेतेष्वपि नैति रम्यताम् ॥१८॥

ભાવાર્થ—દેવતાઓ પણ મદ, મોહ, ખેદ, અને મત્સરના પરિતાપથી વિહ્વળ છે; તેથી વિષ સાથે મેળવેલા દુધપાકની જેમ, એ દેવતાઓનું સુખ પણ રમ્યતાને પામતું નથી, એટલે તે પણ પસંદ કરવા યોગ્ય નથી. ૧૮

વિશેષાર્થ—દેવતાઓ મદ રાખે છે, મોહને ધારણ કરે છે, ખેદ પામ્યા કરે છે, અને પરસ્પર મત્સર ભાવ રાખે છે; તેથી તેમના હૃદયમાં એ મોટો પરિતાપ રહ્યા કરે છે, અને તે પરિતાપથી તેઓ પીડાવડે વિહ્વળ બની રહે છે. તેથી તેમનું સુખ ઝેર સાથે મેળવેલા દુધપાકના જેવું ભયંકર છે; માટે તે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. જ્યારે દેવતાઓમાં પણ એવું દુઃખમિશ્રિત સુખ છે, તો પછી મનુષ્યમાં તેવાં સુખની ઇચ્છા રાખવી એ તદ્દન અયોગ્ય છે. ૧૮

દેવતાઓને એવું દુઃખ છે કે જેમાં સુખ માનવું કોઈ રીતે ઘટતું નથી.

રમણીવિરહેણ વન્હિના બહુબાષ્પાનિલદીપિતેન યત્ ।
ત્રિદશૌર્દિવિ દુઃખમાપ્યતે ઘટતે તત્ર કથં સુખસ્થિતિઃ ॥ ૧૯ ॥

ભાવાર્થ—ઘણાં અશ્રુપાત રૂપી પવનવડે પ્રજ્વલિત થયેલા સ્ત્રીના વિરહ રૂપી અગ્નિથી, દેવતાઓ સ્વર્ગમાં જે દુઃખ પ્રાપ્ત કરે છે, તેમાં સુખની સ્થિતિ શી રીતે ઘટે ? અર્થાત્ ઘટેજ નહીં. ૧૯

વિશેષાર્થ—સ્વર્ગમાં રહેલા દેવતાઓને સ્ત્રીના વિરહનું ભારે દુઃખ પડે છે, જે દુઃખ પડતાં તેઓ અશ્રુપાત કરી રૂદન કરે છે, તેવા દુઃખમાં સુખની સ્થિતિ કોઈ પણ રીતે ઘટતી નથી. તેથી એમ સમજવાનું કે, જ્યારે સ્વર્ગમાં દેવતાઓની સ્થિતિમાં પણ દુઃખ રહેલું છે, તો પછી મનુષ્યની સ્થિતિમાં દુઃખ હોય, તેમાં શું કહેવું ? ૧૯

દેવતાઓને ચ્યવવાનું તો મોટામાં મોટું દુઃખ છે.

પ્રથમાનવિમાનસંપદાં ચ્યવનસ્યાપિ દિવો વિચિંતનાત્ ।
હૃદયં નહિ યદ્વિદીર્યતે ધ્રુવદાં તત્કુલિશાણુનિર્મિતમ્ ॥૨૦॥

ભાવાર્થ—જેમના વિમાનની સંપત્તિ મોટી છે, એવા દેવતાઓને જ્યારે સ્વર્ગમાંથી ચ્યવવાનું ચિંતવન થાય છે, તે વખતે તેમનું હૃદય જે વિદીર્ણ થતું નથી, તે ઉપરથી લાગે છે કે, તે હૃદય વજ્રના પરમાણુઓથીજ બનાવેલું છે. ૨૦

વિશેષાર્થ—દેવતાઓને વિમાનની સંપત્તિ મોટી હોય છે, પણ જ્યારે તેઓને સ્વર્ગમાંથી પોતાના ચ્યવવાનું ચિંતવન થાય છે, ત્યારે તેમને એવું ભારે દુઃખ થાય છે કે, જે મુખથી કહી શકાય તેવું નથી. તે દુઃખમાં તેમનું હૃદય વિદીર્ણ થવું જોઇએ, પણ તેમ થતું નથી. તે ઉપરથી એમ લાગે છે કે, તે હૃદય વજ્રના પરમાણુઓથી બનેલું હશે. નહીં તો તે હૃદય ફાટી ગયા વગર રહે નહીં. કહેવાનો આશય એવો છે કે, દેવતાઓને પણ એવાં એવાં ભારે દુઃખો છે કે, જેની અંદર સુખની સ્થિતિ કોઈ રીતે સંભવિત નથી, તેથી મનુષ્યનાં સુખની જેમ દેવતાનાં સુખની પણ ઇચ્છા ન રાખવી. ૨૦

મોક્ષાર્થીને વિષય ઉપર પ્રીતિ થતીજ નથી.

विषयेषु रतिः शिवार्थिनो न गतिष्वस्ति किलाखिलास्वपि ।
घननंदनचंदनार्थिनो गिरिचूमिष्वपरद्रुमेष्विव ॥ ૨૧ ॥

ભાવાર્થ—જેમ ઘાટા એવા નંદન વનના ચંદનના અર્થી એવા પુરૂષને બીજી પર્વતની ભૂમિઓ ઉપર તથા બીજાં વૃક્ષો ઉપર પ્રીતિ થતી નથી, તેમ મોક્ષના અર્થી એવા પુરૂષને વિષયો તથા મનુષ્ય વગેરે બધી ગતિઓ ઊપર પ્રીતિ થતી નથી. ૨૧

વિશેષાર્થ—મોક્ષની ઇચ્છા રાખનારા પુરૂષને વિષયો ઊપર પ્રીતિ થતી નથી, તેમજ મનુષ્ય, દેવ, તિર્યંચ અને નારકી એ ચાર ગતિઓ ઊપર પણ પ્રીતિ થતી નથી. અર્થાત્ મોક્ષની ઇચ્છા કરનારો પુરૂષ કોઈ પણ જાતના વિષયોની તથા ચાર પ્રકારની ગતિઓની પણ ઇચ્છા રાખતો નથી. કારણકે, તે અધ્યાત્મ જ્ઞાનના પ્રભાવથી

જાણે છે કે, વિષયોમાં તથા દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીની ગતિઓમાં કોઇ જાતનું સુખ નથી. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેમ સ્વર્ગના નંદનવનનો અર્થી એવો પુરૂષ બીજા પર્વતોની ભૂમિઓની તથા બીજાં વૃક્ષોની સ્પૃહા રાખતો નથી. જેને સ્વર્ગના નંદનવનનાં દિવ્ય સુખના સ્વરૂપનું જ્ઞાન છે, તે આ લોકના પર્વતોની ભૂમિઓને તથા વનોને ઇચ્છતોજ નથી. તેવીજ રીતે મોક્ષના સુખનું સ્વરૂપ જાણનારો પુરૂષ આ લોકના વિષયોને તથા ચાર ગતિઓને ઇચ્છતો નથી. ૨૧

એવી રીતે વિષયોને વિષે વૈરાગ્યને સ્થિર કરનાર યોગીને પછી ગુણને વિષે પરમ વૈરાગ્ય પ્રવર્તેછે.

इति शुद्धमतिस्थिरीकृता परवैराग्यरसस्य योगिनः ।
स्वगुणेषु वितृष्णतावहं परवैराग्यमपि प्रवर्त्तते ॥२२॥

ભાવાર્થ—એવી રીતે જેની શુદ્ધ બુદ્ધિમાં વિષયોને વિષે વૈરાગ્ય સ્થિર થયેલો છે, એવા યોગી પુરૂષને પોતાના ગુણોને વિષે નિઃસ્પૃહતાને આપનારો પરમ વૈરાગ્ય પ્રવર્તે છે. ૨૨

વિશેષાર્થ—પ્રથમ બે પ્રકારના વૈરાગ્ય કહેલ છે. એક વિષય તરફ વૈરાગ્ય, અને બીજો ગુણ તરફ વૈરાગ્ય. તેમાં વિષયો તરફ વૈરાગ્ય રાખવાને માટે કહેવામાં આવ્યું. હવે ગુણ તરફ વૈરાગ્ય ભાવ કરવાને કહે છે. ઉપર પ્રમાણે વિષય તરફ વૈરાગ્યને પોતાની શુદ્ધ બુદ્ધિમાં સ્થિર કરનાર યોગીને તે પછી સ્વગુણ તરફ વૈરાગ્ય પ્રવર્તે છે. જ્યારે મનુષ્યને વિષય તરફ વૈરાગ્ય ઉત્પન્ન થયો, પછી તેને ગુણ તરફ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. પોતાના ગુણોની ઉપરથી જે તૃષ્ણાનો ત્યાગ કરવો, તે ગુણ વૈરાગ્ય કહેવાય છે. ૨૨

વિરક્ત ચિત્તવાળા પુરૂષોને ગુણરૂપ એવી લબ્ધિઓ પલાલની જેમ મદ કરતી નથી.

विपुलर्द्धिपुलाकचारण प्रबलाशीविषमुख्यलब्धयः ।
न मदाय विरक्तचेतसा मनुषंगोपनताः पलालवत् ॥ ૨૩ ॥

ભાવાર્થ—વિરક્ત ચિત્તવાળા પુરૂષોને અવાંતર પ્રસંગે પ્રાપ્ત થયેલી વિપુલલબ્ધિ, પુલાકલબ્ધિ, ચારણલબ્ધિ, અને મોટી આશીવિષ વગેરે લબ્ધિઓ પલાલની જેમ મદને માટે થતી નથી. ૨૩

વિશેષાર્થ—જે પુરૂષોના હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થયેલ છે, એવા પુરૂષોને અવાંતર પ્રસંગે પ્રાપ્ત થયેલી એવી લબ્ધિઓ ઘાસના પુળાની જેમ મદને માટે થતી નથી. જે પુરૂષો વિરક્ત હૃદયવાળા છે, તેમનો મુખ્ય ઉદ્દેશ મોક્ષ મેળવવાનો હોય છે, તથાપિ તેમને અવાંતર ફળ રૂપે લબ્ધિઓ પ્રાપ્ત થાય છે; તો પણ તેઓ એ લબ્ધિઓને ઘાસની માફક ગણે છે, એટલે તેમને તે લબ્ધિઓનો મદ આવતો નથી. તે ઉપર ઘાસનું દૃષ્ટાંત આપે છે. જેમ કોઇને ઘાસના પુળાનો લાભ થાય, તેથી તેને મદ આવતો નથી, તેમ વિરક્ત પુરૂષોને લબ્ધિઓનો લાભ થવાથી મદ આવતો નથી. ૨૩

પંડિત પુરૂષો ગુણોનો મદ કરતા નથી.

कलितातिशयोऽपि कोपि नो विबुधानां मदकृद्गुणव्रजः ।
अधिकं न विदंत्यमीयतो निजभावे समुदंचति स्वतः ॥ २४ ॥

ભાવાર્થ—અતિશયવાળો પણ કોઇ ગુણોનો સમૂહ વિદ્વાનોને મદ કરનાર થતો નથી, અને પોતાનો શુદ્ધ ભાવ પ્રગટ થવાથી તેઓ તેને અધિક જાણતા નથી. ૨૪

વિશેષાર્થ—વિદ્વાનોને પોતાની અંદર કોઇ અતિશય ગુણોનો સમૂહ આવે તો પણ, તેથી તેમને મદ થતો નથી, તેમ તેથી તેઓ પોતાનામાં કાંઇ અધિકતા ગણતા નથી. કારણ કે, તેમનામાં પોતાનો શુદ્ધ સ્વભાવ પ્રગટ થવાથી તેઓ પોતાને આનંદ રૂપ માની સર્વદા સંતોષમાં રહે છે. ૨૪

ઉત્તમ પુરૂષની સહજાનંદની દશા એવી ઉત્તમ છે કે, જેથી તેને મોક્ષમાં પણ લુબ્ધતા રહેતી નથી.

हृदये न शिवेऽपि लुब्धता सदनुष्ठानमसंगमंगति ।
पुरुषस्य दशेयमिष्यते सहजानंदतरंगसंगता ॥ २५ ॥

ભાવાર્થ—જ્યારે સત્ અનુષ્ઠાન અસંગપણે પ્રવર્તે છે, ત્યારે હૃદયને વિષે મોક્ષની લુબ્ધતા પણ રહેતી નથી. સહજ આનંદ રૂપ તરંગની સાથે મળેલી પુરૂષની આ દશા ઇચ્છાય છે. ૨૫

વિશેષાર્થ—પુરૂષની દશા જ્યારે સહજાનંદના કલ્લોલને વિષે મળે છે, એટલે પુરૂષ જ્યારે સહજાનંદ પ્રાપ્ત કરે છે, ત્યારે તેના હૃદયમાં મોક્ષને વિષે પણ લુબ્ધતા થતી નથી, અને સત્ અનુષ્ઠાનની પણ દરકાર રહેતી નથી. કહેવાનો આશય એવો છે કે, જો સહજાનંદ પ્રાપ્ત થાય, તો પછી સત્ અનુષ્ઠાન અને મોક્ષની પણ ઉપેક્ષા થાય છે. ૨૫

વિરક્ત હૃદયવાળા પુરૂષને વરવાને માટે યશોલક્ષ્મી સ્વયમેવ આવે છે.

इति यस्य महामतिर्जन्वे दिह वैराग्यविलासभृन्मनः ।
जपयंति वरीतुमुच्चकैस्तमुदार प्रकृतिं यशः श्रियः ॥ २६ ॥

ભાવાર્થ—એવી રીતે મોટી બુદ્ધિવાળા જે પુરૂષનું હૃદય વૈરાગ્યના વિલાસને ધારણ કરે છે, તે ઉદાર પ્રકૃતિવાળા પુરૂષને યશની લક્ષ્મી ઉંચે પ્રકારે વરવાને સમીપ આવે છે. ૨૬

વિશેષાર્થ—ઉપર વૈરાગ્ય વિષયના અધિકારમાં જે કહેવામાં આવેલ છે, તે પ્રમાણે વર્ત્તનારા અને તેથી જેની બુદ્ધિ વિશાળ થયેલી છે, એવા પુરૂષના હૃદયમાં જ્યારે ઉચ્ચ પ્રકારનો વૈરાગ્ય પ્રાપ્ત થાય છે, ત્યારે તે પુરૂષની પ્રકૃતિ ઉદાર થઇ જાય છે, અને પછી ઉદાર પ્રકૃતિવાળા તે પુરૂષને વરવાને માટે યશની લક્ષ્મીઓ પોતાની મેળે તેની સમીપ આવે છે, અર્થાત્ તેવો વિરક્ત હૃદયવાળો પુરૂષ પોતાની ઉદાર પ્રકૃતિને લઇને આ જગત્માં યશ મેળવે છે;

તેથી સર્વદા હૃદયમાં વૈરાગ્ય પ્રાપ્ત કરવો, એ ઉપદેશ છે. અહિં ગ્રંથકર્ત્તા બીજો પ્રબંધ અને વૈરાગ્ય વિષયાધિકાર સમાપ્ત કરે છે, અને છેવટે યશઃશ્રી એ શબ્દ આપી ગ્રંથકાર યશોવિજયજી એવું પોતાનું નામ દર્શાવે છે. ૨૬

समाप्तः

इतिश्री वैराग्यविषयाधिकारः ।

इतिश्री महामहोपाध्यायश्रीयशोविजयेन
विरचिते अध्यात्मसारप्रकरणे
द्वितीयः प्रबंधः ॥ २ ॥

अथ तृतीयः प्रबंधः

प्रथमः

ममतात्यागाधिकारः



પ્રાજ્ઞ પુરૂષે અનર્થ આપનાર મમતાનો ત્યાગ કરવો જોઇએ.

निर्ममस्यैव वैराग्यं स्थिरत्वमवगाहते ।
परित्यजेत्ततः प्राज्ञो ममतामत्यनर्थदाम् ॥ १ ॥

ભાવાર્થ—જેનામાં મમતા રહેલી નથી, એવા પુરૂષનો વૈરાગ્ય સ્થિરતાને પામે છે. તેથી પ્રાજ્ઞ પુરૂષે અત્યંત અનર્થ આપનારી મમતાનો ત્યાગ કરવો જોઇએ. ૧

વિશેષાર્થ—ગ્રંથકાર હવે આ ત્રીજા પ્રબંધમાં પ્રથમ મમતા ત્યાગ નામનો અધિકાર કહે છે. કદિ કોઇ કારણથી માણસને વૈરાગ્ય થઇ આવે, પણ જો તેનામાં કોઈ જાતની મમતા હોય તો તે વૈરાગ્ય સ્થિર રહી શકતો નથી. મમતા વૈરાગ્યને અસ્થિર કરે છે, તેથી વિરક્ત પુરૂષે સર્વથા મમતાનો ત્યાગ કરવો જોઇએ. કારણ

કે, તે મમતા અતિ અનર્થને આપનારી છે. એટલે મમતા રાખવાથી અનેક જાતના અનર્થો ઉત્પન્ન થાય છે. ૧

વિષયનો ત્યાગ કર્યો હોય પણ, જો મમતા હોય તો, તે ત્યાગ નકામો છે,

विषयैः किं परित्यक्तै र्जागर्त्ति ममता यदि ।
त्यागात्कंचुकमात्रस्य भुजंगो नहि निर्विषः ॥ २ ॥

ભાવાર્થ—જો હૃદયમાં મમતા જાગ્રત હોય તો પછી ત્યાગ કરેલા વિષયો શા કામના છે ? માત્ર કાંચલીનો ત્યાગ કરવાથી સર્પ વિષ રહિત થતો નથી. ૨

વિશેષાર્થ—કદિ કોઇ પુરૂષે સર્વ પ્રકારના વિષયોનો ત્યાગ કર્યો હોય, તો પણ જો તેના હૃદયમાં મમતા જાગ્રત હોય તો તે વિષયોનો ત્યાગ નકામો છે કારણ કે, જ્યાં સુધી મમતા હોય છે, ત્યાં સુધી વિષયનો ત્યાગ સ્થિર રહી શકતો નથી. તે ઉપર દૃષ્ટાંત આપે છે કદિ સર્પે પોતાની કાંચળીનો ત્યાગ કર્યો હોય, તેથી તે સર્પ નિર્વિષ કહેવાતો નથી. તેવીજ રીતે માત્ર વિષયોનો ત્યાગ કરવાથી ખરો વિરક્તતા પ્રાપ્ત થતી નથી. આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું છે કે, મમતા એ સર્પના વિષ જેવી ભયંકર છે, અને વિષયો કાંચલીના જેવા છે. વિષયોનો ત્યાગ એ કાંચલીના ત્યાગ જેવો છે તેથી જો મમતાનો ત્યાગ થાય તોજ, તે ઉપયોગી છે, મમતાનો ત્યાગ કર્યા શિવ ય વિષયોનો ત્યાગ કરવો એ નિરૂપયોગી છે. ૨

મમતારૂપી રાક્ષસી મુનિઓના એકઠા કરેલા ગુણ સમૂહને ક્ષણમાં ભક્ષણ કરી જાય છે.

कष्टेन हि गुणग्रामं प्रगुणीकुरुते मुनिः
ममता राक्षसी सर्वं भक्षयत्येकहेलया ॥ ३ ॥

ભાવાર્થ—મુનિ કષ્ટ વડે ગુણોના સમૂહને તૈયાર કરે છે, તે સર્વને મમતા રૂપી રાક્ષસી એક ઝપાટે ખાઇ જાય છે. ૩

વિશેષાર્થ—ચારિત્ર ધારી મુનિ તપસ્યા અને પરિષહ વગેરેનાં કષ્ટો સહન કરી ગુણોના સમૂહને તૈયાર કરે છે—એકઠા કરે છે, તે સર્વ ગુણ સમૂહને મમતારૂપી રાક્ષસી એક ઝપાટામાં ભક્ષણ કરી જાય છે. કહેવાનો આશય એવો છે કે, મુનિએ ચારિત્રને અંગે ભારે તપસ્યા કરી, અને વિષમ પરીષહો સહન કરી પોતાના આત્માની અંદર ઘણા ગુણો મેળવ્યા હોય, પણ જો તે મુનિમાં મમતા રહેલી હોય તો, તેના સર્વ ગુણો નાશ પામી જાય છે. એક મમતા એવો દુર્ગુણ છે કે, જે બીજા સર્વ ઉત્તમ ગુણોનો એક ઝપાટે નાશ કરી નાંખે છે, તેથી મુનિએ સર્વથા મમતાનો ત્યાગ કરવો જોઇએ. ૩

મમતા રૂપી પત્ની અહા! ઘણા ઉપાયોથી જીવને રમાડે છે;

जंतुकांतं पशूकृत्य द्रागविद्यौषधीबलात् ।
उपायैर्बहुभिः पत्नी ममता क्रीडयत्यहो ॥ ४ ॥

ભાવાર્થ—અહા ! મમતા રૂપી પત્ની અવિદ્યા રૂપી ઔષધિના બલથી જીવ રૂપી સ્વામીને પશુ બનાવી ઘણા ઉપાયે વડે રમાડે છે. ૪

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર મમતાને એક પત્નીનું રૂપક આપે છે. જેમ કોઈ કામેલ સ્ત્રી મંત્ર-ઔષધિના બળથી પોતાના સ્વામીને વશ કરી અનેક રીતે રમાડે છે, તેમ મમતા રૂપી સ્ત્રી અવિદ્યા રૂપી ઔષધિના બળથી જીવ રૂપી સ્વામીને અનેક રીતે રમાડે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, જ્યાં મમતા હોય, ત્યાં અવિદ્યા-અજ્ઞાન રહેલ હોય છે; તેથી જીવ, મમતાની સહચારી અવિદ્યાના બળથી અનેક જાતની ચેષ્ટાઓ કરે છે. જે ચેષ્ટાઓ જીવને પરિણામે દુઃખ રૂપ થઇ પડે છે, તેથી સર્વથા મમતાને છોડી દેવી જોઈએ. મમતાને છોડવાથી જીવની અવિદ્યા નાશ પામે છે. જો જીવ મમતાને આધીન રહે તો તે પશુ જેવો છે. ૪

આ સંસારના સંબંધની કલ્પના મમતાને લઇને છે.

एकः परत्रवे याति जायते चैक एवहि
ममतोद्भेकतः सर्वं संबंधं कल्पयत्यथ ॥૬॥

ભાવાર્થ—ચેતન જીવ એકલો પરભવમાં જાય છે, અને એકલોજ ઉત્પન્ન થાય છે; પણ તે પછી મમતાના વધારાથી આ સંસારનો સર્વ સંબંધ કલ્પે છે. ૫

વિશેષાર્થ—આ જગતમાં જીવ એકલો જન્મે છે, અને એકલોજ મરણ પામી પરભવે જાય છે. તે વખતે તેને કોઈ જાતનો

સંબંધ જોવામાં આવતો નથી. પછી સંસારમાં મમતા વધવાથી તે સર્વ પ્રકારના સંબંધોની કલ્પના કરે છે. આ સંસારમાં ન્યાત જાત વગેરેના જે સંબંધો હોય છે, તે મમતાને લઈનેજ છે. વસ્તુતાએ જીવને કોઇનો સંબંધ નથી; કારણકે, જન્મ અને મરણ તે એકલાનેજ હોય છે. તે ઉપર રત્નાદેવીનું દૃષ્ટાંત જૈન ઈતિહાસમાં પ્રખ્યાત છે. ૫

એક મમતાના બીજમાંથી આ બધા પ્રપંચની કલ્પના છે.

व्याप्नोति महतीं भूमिं वटबीजाद्यथा वटः ।
तथैकममताबीजा त्वपंचस्यापि कल्पना ॥ ६ ॥

ભાવાર્થ—જેમ વડના નાના બીજમાંથી વડનું ઝાડ મોટી ભૂમિમાં વ્યાપી જાય છે, તેમ એક મમતાના બીજમાંથી આ પ્રપંચ-સંસારની કલ્પના ઉભી થાય છે. વડના દૃષ્ટાંત ઉપરથી બરાબર સમજવાનું છે કે, એક મમતાનો અંશ હોય તોપણ તેમાંથી અનંત સંસાર વધતો જાય છે, તેથી ઉત્તમ જીવોએ મમતાના અંશનો પણ ત્યાગ કરવો. ૬

જ્ઞાન રૂપ ઔષધ શિવાય મમતાનો વધી જતો વ્યાધિ ઉચ્છેદ પામતો નથી.

माता पिता मे भ्राता मे भगिनी वल्लभा च मे ।
पुत्राः सुता मे मित्राणि ज्ञातयः संस्तुताश्च मे ॥७॥

इत्येवं ममताव्याधिं वर्द्धमानं प्रतिक्षणम् ।
जनः शक्नोति नोच्छेत्तुं विना ज्ञानमहौषधम् ॥૭॥

ભાવાર્થ—આ મારા માતા પિતા, આ મારો ભાઈ, આ મારી બ્હેન, આ મારી પ્રિયા, આ મારા પુત્રો, આ મારી પુત્રીઓ, આ મારા મિત્રો, આ મારાં સગાંઓ અને આ મારા પરિચિતજનો, આ પ્રમાણે ક્ષણે ક્ષણે વધતા એવા મમતા રૂપ વ્યાધિને ઉચ્છેદ કરવાને જ્ઞાનરૂપી મોટા ઔષધ વિના માણસ શકિતમાન્ થતો નથી.૭-૮

વિશેષાર્થ—ગ્રંથકાર આ બે શ્લોકથી મમતાને વ્યાધિનું રૂપક આપી વર્ણવે છે. જેમ રોગ બેદરકારીથી ક્ષણે ક્ષણે વધતો જાય છે, અને ઔષધનો ઉપચાર કરવાથી તેનો નાશ થઇ જાય છે. તેમ મમતારૂપી રોગ માણસને પ્રતિદિન વધતો જાયછે. જ્યારે જ્ઞાન રૂપી ઔષધથી તેનો ઉપચાર કરે, ત્યારે તે શાંત થઇ જાય છે. એ મમતા રૂપી રોગની વૃદ્ધિને સૂચવવાને માટે ગ્રંથકાર દર્શાવે છે કે, જેનામાં મમતાની વૃદ્ધિ થતી હોય, તે માણસ ' આ મારાં માતા પિતા ' વગેરે મમતાના શબ્દો બોલે છે, અને તેમને માટે અનેક જાતની ઉપાધિઓ વ્હોરી લે છે. એ મમતા રૂપી વધતા રોગને ઉચ્છેદ કરવાને જ્ઞાનનીજ આવશ્યકતા છે. જ્ઞાન રૂપ મહાન ઔષધ વિના એ રોગ કદિ પણ શમી જતો નથી. આ ઉપરથી કહેવાનો આશય એવો છે કે, સર્વદા મમતા રાખવી નહીં, તેમ છતાં કદિ મમતાની વૃદ્ધિ થાય તો, જ્ઞાન સંપાદન કરવું. જ્ઞાનના બળથી મમતાનો સર્વથા ઉચ્છેદ થઇ જશે. ૭-૮

મનુષ્ય મમત્વથીજ આરંભ વગેરેમાં પ્રવર્તે છે !

ममत्वेनैव निःशंकमारंभादौ प्रवर्त्तते ।
कालाकालसमुत्थायी धनलोभेन धावति ॥ ९ ॥

ભાવાર્થ—મમતાને લઈને માણસ કાળે અકાળે બેઠો થઇ આરંભ વગેરેમાં નિઃશંકપણે પ્રવર્તે છે, અને ધનના લોભથી દોડે છે. ૯

વિશેષાર્થ—મમતાનો વેગ એવો પ્રબળ છે કે, જેથી માણસ કાળ–અકાળનો વિચાર કરતો નથી. તે તત્કાળ શંકા છોડી આરંભ વગેરે કરવા પ્રવર્તેછે. અર્થાત્ પાપારંભ કરવા માંડેછે,અને ધનના લોભથી આમ તેમ દોડે છે. એટલે કાળ–અકાળનો વિચાર કર્યા વગર પાપ ભરેલાં કામોનો આરંભ મમતાને લઈને થાય છે, અને દ્રવ્ય મેળવવાને માટે તે મમતા આમ તેમ દોડાદોડ કરાવે છે; તેથી પાપનું મૂળ મમતા સર્વથા હોય છે. ૯

જેમનાં પોષણ માટે મમતા રાખી હેરાન થવામાં આવે છે, તેઓ તેનું રક્ષણ કરી શકતાં નથી.

स्वयं येषां च पोषाय खिद्यते ममतावशः ।
इहामुत्र च ते नस्युस्त्राणाय शरणाय वा ॥१०॥

ભાવાર્થ—માણસ મમતાને વશ થઇ જેઓનાં ભરણ પોષ-

ણને માટે પોતે દુઃખી થાય છે, તેઓ આ લોક અને પરલોકમાં તેના રક્ષણને માટે અથવા તેને શરણ આપવાને માટે ઉપયોગી થતાં નથી. ૧૦

વિશેષાર્થ—આ સંસારમાં મનુષ્ય પોતાનાં સગાં-સ્નેહીઓ તરફ મમતા રાખી અનેક જાતનાં પાપ કર્મો કરી તેમનું ભરણ પોષણ કરે છે, અને તેમ કરવામાં અનેક જાતનાં સંકટો વેઠે છે. પરંતુ તેને તેનાં સગાં—સંબંધીઓમાંથી કોઇ પણ સહાયરૂપ થતું નથી, તેમજ શરણરૂપ પણ થતું નથી. તેથી સુજ્ઞ મનુષ્યે એ પાપકારિણી મમતાનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૧૦

મમત્વથી ઘણા લોકોનું પોષણ કરનાર એક મનુષ્યને નરકનાં તીવ્ર દુઃખો સહન કરવાં પડે છે.

ममत्वेन बहून् लोकान् पुष्णात्येकोऽर्जितैर्धनैः ।
सोढा नरक दुःखानां तीव्राणामेक एव तु ॥ ११ ॥

ભાવાર્થ—એક પુરૂષ મમત્વથી ઉપાર્જન કરેલા દ્રવ્ય વડે ઘણા લોકોનું પોષણ કરે છે, અને તે તીવ્ર એવા નરકનાં દુઃખોને સહન કરનાર પણ તે એકજ છે. ૧૧

વિશેષાર્થ—એક માણસ મમત્વને લઇને પોતાના સ્વજનોનું, ધન કમાઇને પોષણ કરે છે, પણ આખરે તે એકજ નરકનાં દુઃખોને સહન કરનારો થાય છે. કહેવાનો આશય એવો છે કે, મમત્વને લઇને માણસ પોતાના લોકોનું ભરણ—પોષણ કરવાને અનેક જાતનાં પાપારંભ કરી દ્રવ્ય કમાય છે, પણ આખરે તે પા-

પારંભનું ફળ ભોગવવાને તે એકલાને નરકનાં દુઃખો સહન કરવાં પડે છે. તે વખતે તેનાં સગાં–સ્નેહીઓ તેને કોઈ જાતની મદદ કરી શકતાં નથી. ૧૧

મમતાંધ અને જાત્યંધની વચ્ચે મોટો ભેદ છે.

મમતાંધો હિ યન્નાસ્તિ તત્પશ્યતિ ન પશ્યતિ ।
જાત્યંધસ્તુ યદસ્ત્યેતદ્‌ભેદ ઇત્યનયોર્મહાન્ ॥ ૧૨ ॥

ભાવાર્થ—જે પુરૂષ મમતાથી અંધ છે, તે પુરૂષ જે ન હોય, તેને જુએ છે, અને જે જાતિથી અંધ છે, તે જે છે, તેને જોતો નથી, એથી એ બંનેની વચ્ચે મહાન્ ભેદ છે. ૧૨

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર મમતા વડે અંધ થયેલા પુરૂષને દર્શાવે છે, અને તેને જાતિઅંધ પુરૂષથી પણ વિશેષ અંધ જણાવે છે. જગત્‌માં જે પુરૂષ જાતિથી અંધ છે, તે કોઈ પણ વસ્તુને જોઈ શકતો નથી. જો કે તે વસ્તુ વિદ્યમાન છે, છતાં તેના જોવામાં આવતી નથી, પણ જે મમતાથી અંધ છે, તે જે વસ્તુ નથી તેને જુએ છે. જેમ મિથ્યાત્વની મમતાથી યુકત એવો પુરૂષ તે મિથ્યાત્વ ખોટું છે, તોપણ તેને સત્ય તરીકે માને છે, અને જે સત્ય છે, તેને તે જોઇ શકતો નથી. જાતિથી અંધ થયેલો પુરૂષ સત્ય વસ્તુ સમજાયા પછી, તેને સત્ય રૂપે જુએ છે, પણ મમતાથી અંધ થયેલો પુરૂષ એ સત્ય વસ્તુને જોતો નથી; તેથી જાતિઅંધ અને મમતાંધની વચ્ચે મોટો ભેદ છે. ૧૨

મમતાવશ થયેલો પુરૂષ પ્રાણનો નાશ કરનારી પ્રિયાને પ્રાણથી પણ અધિક પ્રિય માને છે.

प्राणाननित्यताध्यानात् प्रेमभूम्ना ततोऽधिकाम् ।
प्राणापहां प्रियां मत्वा मोदते ममतावशः ।। १३ ।।

ભાવાર્થ—મમતાને વશ થયેલો માણસ ઘણા પ્રેમને લઈને પોતાના પ્રાણને અનિત્ય માને છે, અને પ્રાણને નાશ કરનારી પ્રિયાને તે પ્રાણથી પણ અધિક માની ખુશી થાય છે. ૧૩

વિશેષાર્થ—મમતાને વશ થયેલો માણસ પોતાના પ્રાણને અનિત્ય માને છે, અને તે પ્રાણને હરનારી સ્ત્રીને અતિશય પ્રેમને લઈને પ્રાણથી પણ અધિક પ્રિય માની હૃદયમાં ખુશી થાય છે. અહા! મમતા કેવી વિષમ છે? જેને વશ થયેલો માણસ પ્રાણની હાનિનો પણ વિચાર કરતો નથી. પ્રાણને નાશ કરનારી પ્રિયાને તે પ્રાણથી પણ અધિક માને છે. અને સ્વયમેવ પોતાનો નાશ કરે છે, તેથી સર્વથા મમતા ત્યાજ્ય છે. ૧૩

મમત્વને લઈને સ્ત્રીનાં અંગને કેવાં માને છે?

कुंदान्यस्थीनि दशनान् मुखं श्लेष्मगृहं विधुम् ।
मांसग्रंथीस्तनौ कुंभौ हेम्नो वेत्ति ममत्ववान् ।। १४ ।।

ભાવાર્થ—મમતાવાળો પુરૂષ અસ્થિ રૂપ દાંતને ડોલરનાં પુષ્પો માને છે, કફના ઘર રૂપ મુખને ચંદ્ર ગણે છે, અને માંસની ગ્રંથિરૂપ સ્તનોને સોનાનાં કળશો જાણે છે. ૧૪

વિશેષાર્થ—મમતાવાળો પુરૂષ સ્ત્રીના દોષવાળાં અંગોને પણ શૃંગાર રસથી કેવી રીતે ઘટાવે છે ? અસ્થિના હાંતને ડોલરનાં પુષ્પોની કળિની ઉપમા આપે છે, કફ અને બડખાથી ભરેલા મુખને ચંદ્રની સાથે સરખાવે છે, અને માંસની ગ્રંથિ રૂપ સ્તનોને સુવર્ણનાં કળશ સાથે ઘટાવે છે. મમતા માણસને કેવી અઘટિત કલ્પનાઓ કરાવે છે ! ૧૪

મમતાવાળો પુરૂષ પોતાની ચપળ અને દુરાચારી સ્ત્રીને સાધ્વી જાણે છે.

मनस्यन्यद्वचस्यन्यत् क्रियायामन्यदेवच ।
य स्यास्तामपि लोलाक्षीं साध्वीं वेत्ति ममत्ववान् ॥ १५ ॥

ભાવાર્થ—જે સ્ત્રીના મનમાં બીજું છે, વચનમાં બીજું છે અને ક્રિયામાં બીજું છે, તેવી ચપળ નેત્રવાળી સ્ત્રીને મમતાળુ પુરૂષ સાધ્વી માને છે. ૧૫

વિશેષાર્થ—જે સ્ત્રીના મનમાં, વચનમાં અને ક્રિયામાં જુદું જુદું છે, એટલે જે સ્ત્રી મનમાં કાંઇ ધારે છે, બોલે છે કાંઇ અને કરે છે કાંઇ, તેવી દુરાચારી ચપળા સ્ત્રીને તેની મમતાવાળો પુરૂષ સાધ્વી માને છે. એ મમતાનો કેવો પ્રભાવ છે ? ૧૫

પોતાના સ્વામીને મરણના કાર્યમાં જોડનારી દુરાચારી સ્ત્રીને મમતાળુ પુરૂષ મુગ્ધા માને છે.

या रोपयत्यकार्येऽपि रागिणं प्राणसंशये ।

दुर्वृत्तां स्त्रीं ममत्वांधस्तां मुग्धामेव मन्यते ॥ १६ ॥

ભાવાર્થ—જે સ્ત્રી પોતાના રાગી પતિને જેમાં પ્રાણનો પણ સંશય રહે, તેવા મુશ્કેલ કાર્યમાં ચોજે છે, તેવી દુરાચારી સ્ત્રીને મમતાંધ પુરૂષ મુગ્ધાજ માને છે. ૧૬

વિશેષાર્થ—જે સ્ત્રી એવી દુરાચારી છે કે, જે પોતાના રાગી પતિને પ્રાણ જાય તેવાં મુશ્કેલીના કામમાં ચોજે છે, તેવી સ્ત્રીને પણ મમતાળુ પુરૂષ એક મુગ્ધા જેવી ગણે છે. આવી નઠારી મમતાનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૧૬

મમત્વની ચેષ્ટાનો અવધિજ નથી.

चर्माच्छादितमांसास्थिविण्मूत्रपिठरीष्वपि ।
वनितासु ममत्वं यत्तन्ममत्वं विजृंभितम् ॥ १७ ॥

ભાવાર્થ—ચર્મથી મઢેલ માંસ, અસ્થિ, વિષ્ટા, અને મૂત્રની હાંડલી જેવી સ્ત્રીઓમાં જે મમત્વ છે, તેજ વધેલું મમત્વ છે. ૧૭

વિશેષાર્થ—મોહિત પુરૂષો સ્ત્રીઓ ઉપર મમત્વ કરે છે, તે તેમના મમત્વનો મોટો વધારો છે. કારણકે, તે સ્ત્રીઓ વસ્તુતાએ સૌંદર્યવતી નથી; પણ ગંદી છે. જેઓ ચર્મથી મઢેલ, માંસ, અસ્થિ વિષ્ટા, અને મૂત્રની હાંડલી રૂપ છે, તેવી સ્ત્રીઓ તરફ મમતા રાખવી એ મૂર્ખતા છે. ૧૭

બાળકો તરફનું પિતા મમત્વ.

लालयन् बालकं तातेत्येवं व्रते ममत्ववान् ।
वेत्ति च श्लेष्मणा पूर्णां मंगुल्लीममृतांचिताम् ॥ १८ ॥

ભાવાર્થ—મમત્વવાળો પુરૂષ બાળકને લાલન કરતાં 'હે બાપ!' એમ કહેછે, અને શ્લેષ્મથી ભરેલી તેની આંગળીને અમૃતથી ભરેલી જાણે છે. ૧૮

વિશેષાર્થ—અહા! બાળકપરનું કેવું મમત્વ છે? જે મમત્વને લઇને પિતા પોતાના બાળકને લાલન કરતાં 'હે બાપ!' એમ બોલાવે છે, એટલે પોતે તેનો બાપ છે, તે છતાં છોકરાને બાપ કહે છે. તે બાળકની આંગળી શ્લેષ્મ–બડખા કે લીંટથી ભરેલી હોય, તેને અમૃતથી ભરેલી જાણી મમત્વવાળો પિતા તે ચુંથે છે, અને ચાટે છે. આ કેવો મોહનો વિલાસ છે? ૧૮

બાળક તરફ માતાનું મમત્વ.

पंकार्द्रमपि निःशंका सुतमंकान्न मुंचति ।
तदमेध्येऽपि मेध्यत्वं जानात्यंबा ममत्वतः ॥ १९ ॥

ભાવાર્થ—માતા, કાદવથી ખરડાએલા પુત્રને નિઃશંક થઇ પોતાના ખોળામાંથી છોડતી નથી એ માતા મમત્વને લઇને અપવિત્રપણામાં પણ પવિત્ર પણું જાણે છે. ૧૯

વિશેષાર્થ—માતાનું બાલક પ્રત્યે કેવું મમત્વ છે ! બાલક કાદવથી ખરડાએલો હોય તો પણ, તેને માતા નિઃશંક થઈ ખોળામાં બેસારે છે. તેને ખોળામાંથી છોડતી નથી. કાદવ જેવી અપવિત્ર વસ્તુમાં પણ તે મમત્વને લઈને પવિત્રતા માને છે. ૧૯

માતા પિતા વગેરેનો સંબંધ ભમતા ભરેલો છે.

मातापित्रादिसंबंधोऽनियतोऽपि ममत्वतः ।
दृढभ्रूमिर्भ्रमवतां नैयत्येनावभासते ॥ २० ॥

ભાવાર્થ—માતા પિતા વગેરેનો સંબંધ અનિયત છે, નિયમિત નથી, તો પણ મમત્વને લઈને ભ્રમવાળા મનુષ્યોને દૃઢતાનું સ્થાન લાગે છે, અને નિયતપણાથી જણાય છે. ૨૦

વિશેષાર્થ—આ જગત્માં માતા પિતા વગેરેનો સંબંધ નિયત નથી એટલે જે માતા પિતા વગેરેનો સંબંધ જોડાય છે, તે નિયમિત નથી. કારણ કે, તે સંબંધ કાયમનો નથી. કોઈ ભવે માતા પિતા થયા હોય તે કોઈ ભવે પુત્ર પુત્રી થાય છે. અને કોઈ ભવે ભાઈ બ્હેન થાય છે, એવો તે અનિશ્ચિત સંબંધ છે, તે છતાં ભ્રમવાલાં પ્રાણીઓને તે દ્રઢ અને નિયમિત ભાસે છે. એટલે જે માતા પિતા વગેરેનો સંબંધ જોડાયલો છે, તે શાશ્વત અને નિશ્ચિત છે, આ ભવમાં જે સંબંધ જોડાયલો છે, તે કાયમનો છે, એવો ભ્રમ તેમને થાય છે, જેમ ધતુરાના પુષ્પને ખાનારા મનુષ્યને આ પૃથ્વી ફરે છે એવો ભ્રમ થાય છે. કહેવાનું તાત્પર્ય એવું છે કે

આવો ભ્રમ થવાનું કારણ મમત્વ છે. તેથી એવા ભ્રમને કરનારા મમત્વનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. ૨૦

કેવું જોનારો મનુષ્ય ખરો જોનારો છે?

ભિન્નાઃ પત્યેકમાત્માનો વિભિન્નાઃ પુદ્ગલા અપિ ।
શૂન્યસંસર્ગ ઇત્યેવં યઃ પશ્યતિ સ પશ્યતિ ॥ ૨૧ ॥

ભાવાર્થ—પ્રત્યેક આત્માઓ ભિન્ન છે, પુદ્ગલો પણ ભિન્ન છે, અને બધો સંસર્ગ શૂન્ય છે. આ પ્રમાણે જે જુએ છે, તેજ જુએ છે. ૨૧

વિશેષાર્થ—પ્રત્યેક જીવો જુદા જુદા છે, પુદ્ગલો પણ જુદા જુદા છે, અને શરીર વગેરે વસ્તુઓની સાથે જે તેમનો સંસર્ગ છે, તે પણ શૂન્ય છે. આ પ્રમાણે જે જુએ છે, તેજ ખરી રીતે જુએ છે. કહેવાનો આશય એવો છે કે, જેઓ આ સંસારમાં જીવો, પુદ્ગલો અને શરીરનો સંબંધ વિચારે છે, તો તેમને માલમ પડે છે કે, તે સર્વ વસ્તુ આશાશ્વત છે; તેથી તે પર મમત્વ રાખવું યોગ્ય નથી. ૨૧

અહંતા અને મમતા પોતે અને પોતાપણાના હેતુ ૩૫ છે.

અહંતામમતે સ્વત્વસ્વીયત્વભ્રમહેતુકે ।
ભેદજ્ઞાનાત્પલાયેતે રજ્જુજ્ઞાનાદિવાહિભિઃ ॥ ૨૨ ॥

ભાવાર્થ–જેમ રજ્જુનું જ્ઞાન સર્પનુ જ્ઞાન થવાથી નાશ પામે છે, તેમ અહંતા અને મમતા કે જે પોતાપણાના અને પોતાપણાના ભ્રમના હેતુરૂપ છે, તે ભેદના જ્ઞાનથી નાશ પામી જાય છે. ૨૨

વિશેષાર્થ—આ જગત્માં 'હું પોતે' અને 'આ મારૂં' એવા ભ્રમના હેતુરૂપ અહંતા અને મમતા છે. એટલે અહંતા અને મમતામાં 'હું પોતે' અને 'આ મારૂં' એવો ભ્રમ ઉત્પન્ન થાય છે. જ્યારે તેમની વચ્ચેનો ભેદ જાણવામાં આવે છે, ત્યારે તે અહંતા અને મમતાનો ભ્રમ નાશ પામી જાય છે. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેમ રજ્જુ–સર્પમાં દોરીની ભ્રાંતિ થાય છે, જ્યારે તે સર્પ સાચો જોવામાં આવે છે ત્યારે તે ભ્રમ નાશ પામી જાય છે, અને ભયથી પલાયન કરવામાં આવે છે. તેવી રીતે જ્યારે ભેદ જ્ઞાન થાય છે. ત્યારે અહંતા અને મમતાનો ભ્રમ દૂર થઈ જાય છે. કહેવાનો આશય એવો છે કે, જે અહંતા–મમતા છે તે ભ્રમને લઈને છે. જ્યારે યથાર્થ વસ્તુ જ્ઞાન થાય છે, ત્યારે તે ભ્રમ દુર થઈ જાય છે ૨૨

મમતા શી રીતે નાશ પામે છે ?

किमेतदिति जिज्ञासा तत्त्वाभिज्ञानसंमुखी ।
व्यासंगमेव नोत्थातुर्दत्ते क्व ममता स्थितिः ॥ २३ ॥

ભાવાર્થ—'એ શું છે' એવી જે જાણવાની ઇચ્છા, તે તત્ત્વને જાણવામાં ઉન્મુખ છે, તેથી તેવી ઇચ્છાવાળાને આસક્તિજ રહેતી નથી, તો પછી મમતાની સ્થિતિ ક્યાં રહી? ૨૩

વિશેષાર્થ—જે માણસ દરેક વસ્તુ 'એ શું છે' એમ જાણવાની ઇચ્છા રાખે, તેને તે વસ્તુનું યથાર્થ જ્ઞાન થાયછે. અર્થાત્ તત્ત્વ વસ્તુ જાણવામાં આવે છે. પછી તેની અંદર તેને આસક્તિ રહેતી નથી. જ્યારે આસક્તિનો અભાવ થયો, તો પછી તેનામાં મમતાની સ્થિતિ ક્યાંથી રહે? જ્યાં સુધી વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાય નહીં, ત્યાં સુધીજ મમતાને સ્થાન મળે છે. જ્યારે વસ્તુનું સ્વરૂપ યથાર્થ રીતે સમજાય, ત્યારે મમતાનો સ્વતઃ નાશ થાય છે. તેથી દરેક વસ્તુ જોતાંજ પ્રથમ 'તે શું છે' એવો વિચાર કરવો. એ વિચાર કરવાથી હૃદયને ખાત્રો થશે કે, આત્મતત્ત્વ શિવાય બાકીની સર્વ વસ્તુઓ પુદ્ગલમય છે, અને સર્વ પુદ્ગલો ક્ષણિક—નાશવંત છે, આવો નિશ્ચય થવાથી તે પરની મમતાનો નાશ થઇ જાય છે. ૨૩

તત્ત્વ જિજ્ઞાસુને તત્ત્વ શિવાય બીજે કોઇ પણ ઠેકાણે પ્રીતિ થતી નથી.

प्रियार्थिनः प्रियाप्राप्तिं विना क्वापि यथा रतिः ।
न तथा तत्त्वजिज्ञासोस्तत्त्वे प्राप्तिं विना क्वचित् ॥२४॥

ભાવાર્થ—જે પ્રિયાનો અર્થી હોય, તેને પ્રિયાની પ્રાપ્તિ શિવાય બીજે કોઇ ઠેકાણે જેમ પ્રીતિ હોતી નથી, તેમ તત્ત્વના જિજ્ઞાસુને તત્ત્વની પ્રાપ્તિ શિવાય બીજે કોઇ ઠેકાણે પ્રીતિ હોતી નથી. ૨૪

વિશેષાર્થ—જે પુરૂષ તત્ત્વનો જિજ્ઞાસુ છે, તેને તત્ત્વની પ્રાપ્તિ શિવાય બીજે કોઇ ઠેકાણે પ્રીતિ ઉપજતી નથી. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જે પુરૂષ પ્રિયાનો અર્થી છે, તેને પ્રિયાની પ્રાપ્તિ શિવાય બીજે પ્રીતિ ઉપજે નહીં. આ ઉપરથી ગ્રંથકાર સૂચવે છે કે, જો તમે તત્ત્વના જિજ્ઞાસુ બનશો તો, પછી તમને તત્ત્વ શિવાય બીજી વસ્તુ રૂચિકર લાગશે નહીં. એટલે કોઇ સાંસારિક કે શારીરિક વસ્તુ ઉપર તમારી મમતા બંધાશે નહીં. જ્યારે બીજી વસ્તુ તરફ મમતાનો અભાવ થશે, ત્યારે તત્ત્વ વસ્તુના જ્ઞાનથી તમે ઉચ્ચપદના અધિકારી બની જશો. ૨૪

જિજ્ઞાસાથી મમત્વ બુદ્ધિને આક્રાંત કરનાર પુરૂષ સર્વ પદાર્થોને ભ્રાંતિ વાળા જાણે છે.

अतएव हि जिज्ञासाविष्टंजित ममत्वधीः ।
विचित्राभिनयाक्रांतः संभ्रांत इव लक्ष्यते ॥ २५ ॥

ભાવાર્થ—એથી કરી જીજ્ઞાસા વડે જેની મમત્વ બુદ્ધિ દબાએલી છે, એવો પુરૂષ વિચિત્ર અભિનયથી આક્રાંત થઈ જાણે સંભ્રાંત હોય તેમ દેખાય છે, એટલે સંસારના સર્વ પદાર્થોને ભ્રાંતિવાળા જાણેછે. ૨૫

વિશેષાર્થ—જે પુરૂષ વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણેછે, તેની મમત્વ બુદ્ધિ દબાઈ જાયછે, એટલે તેને આ સંસારના સર્વ પદાર્થો ભ્રાંતિવાળા લાગેછે; તેથી તે કોઇ પણ સાંસારિક પદાર્થ ઉપર મમતાને ધારણ કરતો નથી. ૨૫

કેવા પુરૂષનો જન્મ નિરર્થક જાયછે ?

धृतो योगो न ममता हृता न समतादृता ।
न च जिज्ञासितं तत्त्वं गतं जन्म निरर्थकम् ॥ ૨૬ ॥

ભાવાર્થ—જેણે યોગને ધારણ કર્યો નથી, મમતા હણી નથી, સમતાનો આદર કર્યો નથી, અને તત્ત્વ જાણવાની ઇચ્છા કરી નથી, તે પુરૂષનો જન્મ નિરર્થક ગયેલ છે. ૨૬

વિશેષાર્થ—જે પુરૂષે યોગ ધારણ કર્યો નથી, એટલે જેણે યોગાભ્યાસ કર્યો નથી, મમતા હણી નથી, સમતાનો આદર કર્યો નથી, અને તત્ત્વ જાણવાની ઇચ્છા કરી નથી, તે પુરૂષનો જન્મ નિરર્થક ગયેલ છે. અર્થાત્ જો મનુષ્ય-જન્મની સાર્થકતા કરવી હોય તો, યોગ ધારણ કરવો, મમતાને હણી નાંખવી, સમતાનો આદર કરવો, અને તત્ત્વ જાણવાની ઇચ્છા રાખવી. ૨૬

મમતાને નાશ કરનાર જીજ્ઞાસા અને વિવેકજ છે.

जिज्ञासा च विवेकश्च ममतानाशकावुभौ ।
अतस्ताभ्यां निगृह्णीयादेनामध्यात्मवैरिणीम् ॥ ૨૭ ॥

ભાવાર્થ—જિજ્ઞાસા અને વિવેક એ બંને મમતાને નાશ કરનારાં છે, અધ્યાત્મની સાથે વેર કરનારી એ મમતાનો તે બંનેથી નિગ્રહ કરવો. ૨૭

વિશેષાર્થ—મમતાનો સર્વથા નાશ કરવો હોય તો, તેને માટે બે ઉપાય છે. જીજ્ઞાસા અને વિવેક. એ બંનેથી મમતાનો સર્વથા નાશ થાયછે; એટલે જે પુરૂષ જિજ્ઞાસુ છે, અને વિવેકી છે, તે પુરૂષ મમતાનો નાશ કરી શકે છે. કારણ કે, કોઇ પણ પદાર્થને જાણવાની ઇચ્છા ઉત્પન્ન થાય તો, તે પદાર્થનું સ્વરૂપ જાણવામાં આવતાં તત્કાળ તે ઉપરથી મમતા છુટી જાય છે. કદિ જાણવાની ઇચ્છા હોય, પણ જો હેય ઉપાદેયનો વિવેક ન હોય તો, જરા મમતા બંધાય છે, પરંતુ જો વિવેક હોય તો, તદ્દન મમતા બંધાતી નથી; તેથી જિજ્ઞાસા અને વિવેક બંને મમતાનો સર્વથા નાશ કરેછે. અહિં કોઇ શંકા કરે કે, મમતાનો નાશ શા માટે કરવો જોઇએ? મમતાથી શી હાનિ થાય છે? તે ઉપર ગ્રંથકાર કહે છે કે, મમતા અધ્યાત્મની શત્રુ છે. મમતાના યોગથી અધ્યાત્મની હાનિ થાય છે! તેને માટે ગ્રંથકાર કહે છે કે, મમતાથી અધ્યાત્મનો નાશ થઇ જાયછે, તેથી જિજ્ઞાસા અને વિવેક એ બંનેથી મમતાનો નિગ્રહ કરવો જોઇએ. જો માણસ જિજ્ઞાસુ અને વિવેકી હોય તો, તે મમતાનો સત્વર નિગ્રહ કરી શકે છે. મહાનુભાવ ગ્રંથકાર છેવટે આ શ્લોકથી મમતાના નિગ્રહને માટે જિજ્ઞાસા અને વિવેક એ ઉભય ઉપાય બતાવી આ મમતાત્યાગના અધિકારને સમાપ્ત કરેછે. ૨૭

इति अष्टमो ममतात्यागाधिकारः ।

અધિકાર ૯ મો.



समताधिकारः

મમતાનો ત્યાગ થતાંજ સમતા સ્વતઃ વિસ્તરે છે.

त्यक्तायां ममतायां च समता प्रथते स्वतः ।
स्फटिके मलितोपाधौ यथा निर्मलतागुणः ॥ १ ॥

ભાવાર્થ—જેમ સ્ફટિક મણિ ઉપાધિ રહિત થતાં તેનો નિર્મળતાનો ગુણ પોતાની મેળે વિસ્તરે છે, તેમ મમતાનો ત્યાગ થતાં સમતા પોતાની મેળે વિસ્તરે છે. ૧

વિશેષાર્થ—ગ્રંથકાર હવે સમતાનો અધિકાર કહે છે. મમતાનો અધિકાર પૂર્ણ કર્યા પછી સમતાનો અધિકાર શી રીતે પ્રાપ્ત થાય ? તે વાત આ પ્રથમ શ્લોકથી જણાવેછે. જ્યારે માણસ મમતાનો ત્યાગ કરેછે, ત્યારે તેનામાં સમતાનો ગુણ સ્વતઃ પ્રગટ થઈ જાયછે, એટલે જ્યારે કોઇ પણ વિષયની મમતા દૂર થઇ, તો પછી સ્વાભાવિક રીતે સમતા પ્રાપ્ત થાયજ છે. તે ઉપર દૃષ્ટાંત આપેછે, કે સ્ફટિક મણિ જે સ્વભાવથીજ નિર્મળતાના ગુણને ધારણ કરનાર છે, તે ઉપાધિને લઈને બીજા રક્તત્વાદિ ગુણોથી યુક્ત થાયછે, પરંતુ જ્યારે તે ઉ-

પાધિથી મુક્ત થાયછે, ત્યારે તે સ્વતઃ પોતાનો નિર્મળતાનો ગુણ પ્રાપ્ત કરેછે. તેવીજ રીતે મમતાના ત્યાગથી સમતાનો સ્વાભાવિક ગુણ પ્રકાશિત થાયછે. ૧

સમતા કોને કહેવાય?

પ્રિયાપ્રિયત્વયોર્યાર્થે વ્યવહારસ્ય કલ્પના ।
નિશ્ચયાત્તદ્વ્યુદાસેન સ્તૈમિત્યે સમતોચ્યતે ॥ ૨ ॥

ભાવાર્થ—પ્રિય અને અપ્રિયપણાના અર્થમાં વ્યવહારની કલ્પના છે, એટલે વ્યવહારનયની કલ્પના છે, પરંતુ નિશ્ચયનયથી તેનો ત્યાગ કરી સ્થિર થઇને રહેવું, તે સમતા કહેવાય છે. ૨

વિશેષાર્થ—આ જગતમાં 'આ પ્રિય છે' અને 'આ અપ્રિય છે' એવી જે કલ્પના છે, તે વ્યવહારનયની અપેક્ષા એ છે, પરંતુ નિશ્ચયનયથી જોતાં તો કોઇ વસ્તુ ઇષ્ટ કે અનિષ્ટ છેજ નહીં. કહેવાનો આશય એવો છે કે, આ જગત્માં કોઇ પ્રિય કે અપ્રિય વસ્તુતાએ છેજ નહીં, તેથી તે પ્રિય–અપ્રિયનો ત્યાગ કરી, નિશ્ચલ-શાંત રહેવું, તે સમતા કહેવાય છે. ૨

નિશ્ચય નયથી ઇષ્ટ કે અનિષ્ટ કાંઇ છે જ નહીં.

તેષ્વેવ દ્વિષતઃ પુંસસ્તેષ્વેવાર્થેષુ રજ્યતઃ ।
નિશ્ચયાત્કિંચિદિષ્ટં વાનિષ્ટં વા નૈવ વિદ્યતે ॥૩॥

ભાવાર્થ—તેજ અર્થનો દ્વેષ કરનારા અને તેજ અર્થ ઉપર રાગ કરનારા પુરૂષને કાંઇપણ ઇષ્ટ અથવા અનિષ્ટ હોતુંજ નથી. ૩

વિશેષાર્થ—વ્યવહાર કલ્પનાને લઇને જે પદાર્થ ઉપર દ્વેષ હોય, તે પદાર્થ ઉપર રાગ પણ થઈ જાય છે, એટલે જેનો જે દ્વેષી હોય, તે તેનો રાગી થાય છે; તે ઉપરથી સમજવાનું છે કે, એ બધું વ્યવહાર નયની અપેક્ષાએ છે. નિશ્ચય નયની અપેક્ષાએ તો કોઇ વસ્તુ ઇષ્ટ કે અનિષ્ટ હોતી નથી, તેથી સમતા રાખવી યોગ્ય છે. ૩

સ્વાભિપ્રાયે એકને જે વિષય પ્રિય હોય છે, તે બીજાને અપ્રિય હોય છે.

एकस्य विषयो यः स्यात्स्वाभिप्रायेण पुष्टितः ।
अन्यस्य द्वेषतामेति स एव मतिभेदतः ॥४॥

ભાવાર્થ—જે વિષય પોતાના અભિપ્રાય પ્રમાણે એકને પુષ્ટિથી પ્રિય લાગતો હોય, તેજ વિષય બીજાને પોતાની બુદ્ધિના ભેદથી દ્વેષ્ય–અપ્રિય લાગે છે. ૪

વિશેષાર્થ—કોઇ પણ પદાર્થ કે વિષય, પ્રિય કે અપ્રિય લાગવો, એ પોતાના અભિપ્રાય ઉપર આધાર રાખે છે, એટલે તેમાં બુદ્ધિની કલ્પનાનો ભેદ છે. જે વિષય પોતાના અભિપ્રાય પ્રમાણે પ્રિય લાગતો હોય, તે બીજાને તેની બુદ્ધિ પ્રમાણે અપ્રિય લાગે છે, એટલે પ્રિય અને અપ્રિય લાગવાનો આધાર પોતાની બુદ્ધિ ઉપર છે; તેથી સમતા ગુણની આવશ્યકતા છે.૪

પ્રિય-અપ્રિય-કે રાગ દ્વેષ વિકલ્પને લઇને છે. વિકલ્પ ઉપરામ પામતાં તેનો ક્ષય થાયછે.

विकल्पकल्पितं तस्माद् द्वयमेतन्न तात्त्विकम् ।
विकल्पोपरमे तस्य ह्यस्त्यादिवदुपक्षयः ॥૬॥

ભાવાર્થ—એ પ્રિય અપ્રિય કે રાગ દ્વેષ બંને વિકલ્પથી કલ્પેલા છે, વસ્તુતાએ એ સત્ય નથી. જ્યારે વિકલ્પ ઉપરામ પામે, ત્યારે તે બંનેનો ક્ષય થઈ જાય છે. ૫

વિશેષાર્થ—ગ્રંથકાર કહે છે કે, આ જગતમાં રાગ, દ્વેષ એ મનની કલ્પનાથીજ છે, વસ્તુતાએ સત્ય નથી. જે ઉપર આપણા હૃદયમાં અભાવ થયો, તે આપણને દ્વેષ કરવા ચોગ્ય થઇ પડે છે, અને જે તરફ આપણી રૂચિ થઇ તે આપણને પ્રિય થાયછે; અને જેની તરફ અરૂચિ થઇ તે અપ્રિય લાગે છે. જ્યારે મનના વકલ્પો ઉપરામ પામી જાય, ત્યારે પ્રિય અપ્રિયનો તદ્દન ક્ષય થઈ જશે. કહેવાનો આશય એવો છે કે, વિકલ્પનો નાશ કરનારી સમતા પ્રાપ્ત કરવી જોઇએ. ૫

બાહ્ય પદાર્થો તરફ સંકલ્પનું ઉત્થાન ક્યારે હણાય છે?

सप्रयोजनसंसिद्धिः स्वायत्ता नासते यदा ।
बहिरर्थेषु संकल्पसमुत्थानं तदा हतम् ॥૬॥

ભાવાર્થ—જ્યારે પોતાના પ્રયોજનની સિદ્ધિ પોતાને આધીન છે, એવું જાણે છે, ત્યારે બાહેરના પદાર્થોની અંદર સંકલ્પોનું ઉત્થાન હણાઈ જાય છે. ૬

વિશેષાર્થ—' પોતાના પ્રયોજનની સિદ્ધિ પોતાને આધીન છે ' એવું જ્યારે માણસને લાગે છે, ત્યારે તેના હૃદયમાંથી ઉઠતા બાહેરના પદાર્થોના સંકલ્પો પોતાની મેળેજ વિરામ પામી જાય છે. કહેવાનો આશય એવો છે કે, કોઇ પણ પ્રયોજન સિદ્ધ કરવાને માટે માણસ વિચાર કરે તે વખતે તેણે ધારવું જોઇએ કે, " આ પ્રયોજનની સિદ્ધિ મારે આધીન છે. " એટલે ' જો હું હૃદયથી ધારણા કરી પ્રયત્ન કરીશ તો, એ પ્રયોજનની સિદ્ધિ અવશ્ય થવાની. ' જ્યારે હૃદયમાં આવો આભાસ થાય, ત્યારે તેના હૃદયના સંકલ્પો કે જેઓ બાહેરના પદાર્થોને માટે વારંવાર ઉઠતા હોય, તેઓ પોતાની મેળેજ વિરામ પામી જશે. સંકલ્પ ઉત્થાન વિરામ પામ્યા પછી સમતાનો પ્રકાશ સ્વયમેવ આવિર્ભાવને પામે છે. ૬

સમતા કયારે ઉત્પન્ન થાય છે ?

ह्रस्वे स्वभावे कंठस्थ स्वर्णन्यायाद् भ्रमक्षये ।
रागद्वेषानुपस्थाने समतास्वादनाहता ॥ ७ ॥

ભાવાર્થ—કંઠમાં રહેલા સુવર્ણના અલંકારના ન્યાયથી ભ્રમનો ક્ષય થતાં, સ્વભાવ પ્રાપ્ત થતાં, અને રાગ તથા દ્વેષ ન રહેતાં, આપોઆપ સમતા હોય છે. ૭

વિશેષાર્થ—જેમ માણસે પોતાના કંઠમાં સુવર્ણનો અલંકાર પહેર્યો હોય, પણ કોઇવાર એવો ભ્રમ થઇ જાય છે કે, તેથી તે પોતાનાજ કંઠનો અલંકાર ભુલી જાય છે, અને તેને માટે શોધાશોધ કરે છે. જ્યારે 'તે અલંકાર પોતાના કંઠમાં છે,' એવું ભાન થાય છે, ત્યારે તેનો ભ્રમ દૂર થઈ જાય છે. તેવી રીતે જ્યારે માણસને મોહનો ભ્રમ દૂર થઇ જાય છે, ત્યારે તેને પોતાનો સ્વભાવ પ્રાપ્ત થાય છે, એટલે પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન થાય છે. તે થતાં તેને પછી રાગ–દ્વેષ રહેતા નથી. જ્યારે રાગ–દ્વેષનો અભાવ થયો, તો પછી અનાહત–ન હણાય તેવી સમતા ઉપસ્થિત થાય છે. ૭

અનાહત સમતા કયારે ઉત્પન્ન થાય છે.

जगज्जीवेषु नो ज्ञाति द्वैविध्यं कर्म निर्मितम् ।
यदा शुद्धनयस्थित्या तदा साम्यमनाहतम् ॥ ८ ॥

ભાવાર્થ—આ જગતના જીવોની અંદર કર્મ નિર્મિત દ્વિવિધપણું રહેલું છે, તે શુદ્ધ નયની સ્થિતિવડે જ્યારે જણાય નહીં, ત્યારે અનાહત સમતા પ્રાપ્ત થાય છે. ૮

વિશેષાર્થ—આ જગતની અંદરજેટલા જીવો છે, તે બધાની અંદર કર્મયોગે દ્વિવિધપણું રહેલ છે, એટલે જીવોની અંદર જે રાગ–દ્વેષ, પ્રિય—અપ્રિય—વગેરે જે દ્વિવિધ ભાવો દેખાય છે, તે કર્મોને લઇને દેખાય છે, અર્થાત્ વ્યવહાર નયની અપેક્ષાએ દેખાય છે. જો શુદ્ધ નયની સ્થિતિવડે જોવામાં આવેતો, તે દેખાતું નથી.તેથી શુદ્ધ નયને આશ્રીને જ્યારે તે દેખાય નહીં, ત્યારે સ્વતઃ સમતા પ્રાપ્ત

થાય છે. આ ઉપરથી એવો ઉપદેશ લેવાનો છે કે, સમતાને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાએ આ જગતના જીવોની અંદર રહેલ કર્મના દ્વિવિધ ભાવને શુદ્ધ નયની રીતિથી અવલોકવો, કે જેથી તેનામાં અનાહત (કદિ ન હણાય તેવી) સમતા ઉત્પન્ન થશે. ૮

જેનું મન આત્મામાં આરામ પામે છે, તેને અપૂર્વ સમતા પ્રાપ્ત થાય છે.

स्वगुणेऽन्योऽपि कौटस्थ्यादेकत्वाध्यवसायतः ।
आत्मारामं मनोयस्य तस्य साम्यमनुत्तरम् ॥ ९ ॥

ભાવાર્થ—પોતાના ગુણોવડે આત્માના સાક્ષીપણાથી અને પોતાના એક શુદ્ધ અધ્યવસાયથી જેનું મન આત્માને વિષે આરામ પામે છે, તેને અનુત્તર—અપૂર્વ સમતા પ્રાપ્ત થાય છે. ૯

વિશેષાર્થ—આત્માને સાક્ષી કરીને જે પોતાના (આત્માના) ગુણોનું મનન કરે છે, અને સદા શુદ્ધ અધ્યવસાય રાખે છે, તેથી કરીને જેનું મન આત્મામાંજ રમે છે, તેને અપૂર્વ સમતા પ્રાપ્ત થાય છે. જ્યારે પોતાના આત્માના ગુણોનો વિચાર કરવામાં આવે, અને એક શુદ્ધ અધ્યવસાય રાખવામાં આવે, ત્યારે મન આત્માને વિષે જ વિરામ પામે છે. જ્યારે મન આત્માને વિષે વિરામ પામ્યું, ત્યારે તેનામાં અપૂર્વ સમતા સ્વતઃ પ્રગટ થાય છે. તેથી ભવિ આત્માએ આત્મગુણોનું આત્મસાક્ષીએ મનન કરી શુદ્ધ એક અધ્યવસાય રાખવો, કે જેથી મન આત્મારામ બની સમતાગુણને પ્રાપ્ત કરી શકે. ૯

સમતાના પરિપાકમાં સમતાધારી મહાત્માની કેવી સ્થિતિ થાય છે?

સમતાપરિપાકે સ્યાદ્વિષયગ્રહશૂન્યતા ।
યયા વિશદયોગાનાં વાસીચંદનતુલ્યતા ॥ ૧૦ ॥

ભાવાર્થ—જ્યારે સમતાનો પરિપાક થાય, એટલે સમતા પરિપક્વ થાય, ત્યારે વિષય ગ્રહની શૂન્યતા થઈ જાયછે, એટલે વિષયોની ઇચ્છા નાશ પામેછે, જે શૂન્યતાથી ઉજ્વલ યોગવાળા મુનિઓને વાંસલો અને ચંદન સમાન થાયછે, એટલે કોઇ વાંસે કરી તેમને છેદે, અથવા કોઈ ચંદન વડે તેમને પૂજે, તે ઉભય સમાન થાયછે. ૧૦

વિશેષાર્થ—સમતા જ્યારે પરિપક્વાવસ્થાને પ્રાપ્ત થાયછે, ત્યારે વિષયગ્રહની શૂન્યતા થાયછે, એટલે વિષયો રૂચિકર લાગતા નથી. જ્યારે વિષયોનો અભાવ થયો, તો પછી તે મુનિઓને એવો ઉજ્વલ યોગ (નિર્મળતા યોગ) પ્રાપ્ત થાયછે, કે જેથી તેમનામાં વાંસલો અને ચંદનમાં સમાન ભાવ પ્રાપ્ત થાય છે. તે મહાત્માઓને કોઈ વાંસલાથી છેદે, અને કોઈ ચંદન વડે પૂજા કરે, તો પણ તે ઉભયને તેઓ સરખા જાણેછે. એટલે શુદ્ધ સમતા પ્રગટ થાયછે. ૧૦

સમતાના યોગથી પ્રાણીઓના વૈરનો નાશ થાય છે.

કિં સ્તુમઃ સમતાં સાધૌ યા સ્વાર્થમગુણીકૃતા ।
વૈરાણિ નિત્યવૈરાણામપિ હંત્યુપતસ્થુષામ્ ॥ ૧૧ ॥

ભાવાર્થ—સાધુને વિષે રહેલી સમતાના અમે કેટલાંક વખાણ કરીએ ? પોતાના આત્માની સિદ્ધિના સ્વાર્થને માટે તૈયાર કરેલી જે સમતા તે તેમની પાસે રહેલા નિત્ય વૈરવાળા પ્રાણીઓના વૈરનો પણ નાશ કરેછે. ૧૧

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી સમતાનો પ્રથમ પ્રભાવ દર્શાવે છે. સાધુ પુરૂષ પોતાના આત્માની સિદ્ધિને માટે જે સમતા પ્રાપ્ત કરેછે, તે સમતાનો પ્રથમ પ્રભાવ તો એવો છે કે, તેઓની પાસે રહેનારા ગરૂડ, સર્પ વગેરે પરસ્પર નિત્ય વૈરવાળાં પ્રાણીઓ પણ પોતાનું નિત્યનું વૈર છોડી દેછે. એવી એ મહાત્માની સમતાની અમે શી સ્તુતિ કરીએ? અર્થાત્ જેટલી સ્તુતિ કરીએ તેટલી થોડી છે. ૧૧

આ સંસાર રૂપ સમુદ્રમાં નાવિકા સમાન એક સમતાજ સેવવા યોગ્ય છે.

किं दंभेन तपोभिर्वा यमैश्च नियमैश्च किम् ।
एकैव समता सेव्या तरिः संसारवारिधौ ॥ १२ ॥

ભાવાર્થ—આ સંસાર રૂપી સમુદ્રમાં નાવિકા સમાન એવી એક સમતાજ સેવવા યોગ્ય છે, બીજા દંભ, તપ, યમ અને નિયમો સેવવા શા કામના છે ? ૧૨

વિશેષાર્થ—આ જગતમાં એક સમતાજ સેવવા યોગ્ય છે. કારણ કે, જો સમતા આ સંસાર સમુદ્રને તારવાની નાવિ-

ઝા છે. જો હૃદયમાં સમતાનો ગુણ હોય તો, પછી દંભ, તપ, યમ અને નિયમો સેવવા શા કામના છે ? એ સર્વ નકામાછે. ૧૨

સ્વર્ગ અને મુક્તિના માર્ગના કરતાં સમતાનું સુખ મનની સમીપ છે.

દૂરે સ્વર્ગસુખં મુક્તિપદવી સા દવીયસી ।।
મનઃ સંનિહિતં દૃષ્ટં સ્પષ્ટં તુ સમતા સુખમ્ ।। ૧૩ ।।

ભાવાર્થ—તે સ્વર્ગનું સુખ દૂર છે, અને તે મુક્તિનો માર્ગ તો અતિ દૂર છે, પણ જે સમતાનું સુખ છે, તે મનની નજીક સ્પષ્ટરીતે જોવામાં આવે છે. ૧૩

વિશેષાર્થ—આ જગત્માં સ્વર્ગ અને મોક્ષનું સુખ પ્રશંસનીય છે. તેમાં સ્વર્ગનું સુખ દૂર છે, અને મોક્ષનું સુખ તો તેનાથી પણ અતિશય દૂર છે, પણ જે સમતાનું સુખ છે, તે મનની નજીકજ દેખાય છે. કહેવાનો આશય એવો છે કે, જો મનમાં સમતા હોય તો સ્વર્ગ તથા મોક્ષનાં સુખને માટે દરકાર કરવી નહીં, એ સુખ તો મનની સમીપજ રહેલું હોય છે. ૧૩

સમતા રૂપ અમૃતમાં ન્હાવાથી શું થાય છે?

દૃશોઃ સ્મરવિષં શુષ્યેત્ ક્રોધતાપઃ ક્ષયં વ્રજેત્ ।
ઔચ્ચત્યમલ્લનાશઃ સ્યાત્ સમતામૃતમજ્જનાત્ ।। ૧૪ ।।

ભાવાર્થ—સમતા રૂપ અમૃતમાં ન્હાવાથી બંને દૃષ્ટિનું કામ રૂપી વિષ સુકાઇ જાય છે, ક્રોધનો પરિતાપ ક્ષય પામે છે, અને ઉદ્ધતપણા રૂપી મળનો નાશ થાય છે. ૧૪

વિશેષાર્થ— જેમ જળમાં સ્નાન કરવાથી નેત્રવિષ, તાપ અને મળ નાશ પામે છે, તેમ સમતા રૂપ અમૃત જળમાં સ્નાન કરવાથી નેત્રોને વિષે રહેલ કામદેવ રૂપ વિષ સુકાઇ જાય છે, ક્રોધનો તાપ ક્ષય પામે છે અને ઉદ્ધતપણા રૂપ મળનો નાશ થાય છે. તેથી ભવ્ય આત્માએ સમતાનું સેવન કરવું જોઇએ. જ્યાં સમતા હોય, ત્યાં દૃષ્ટિમાં કામવિકાર રહેતો નથી, ક્રોધ આવતો નથી અને ઉદ્ધતપણું હોતું નથી. સમતાધારી મહાત્મા દૃષ્ટિવિકારરહિત, અક્રોધી અને અનુદ્ધત હોયછે. ૧૪

આ સંસારરૂપ વનમાં એક સમતાજ અમૃતના મેઘની વૃષ્ટિની જેમ સુખને માટે છે.

जरामरणदावाग्निज्वालिते जवकानने ।
सुखाय समतैकैव पीयूषघनवृष्टिवत् ॥ १५ ॥

ભાવાર્થ—જરા તથા મરણરૂપ દાવાનળથી પ્રજ્વલિત થયેલા આ સંસારરૂપી વનમાં સમતા એક અમૃતના મેઘની વૃષ્ટિની જેમ સુખને માટે થાય છે. ૧૫

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી સમતાને અમૃતની વૃષ્ટિની સાથે સરખાવે છે. જેમ દાવાનળથી સળગેલા વનની અંદર

મેઘ વૃષ્ટિ સુખદાયક થાય છે, તેમ જરા–મરણ રૂપ દાવાનળથી સળગેલા આ સંસાર રૂપ વનમાં સમતા એક અમૃતના મેઘની વૃષ્ટિ સમાન સુખદાયક છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, આ દુઃખ રૂપ સંસારમાં સમતા સુખરૂપ થાય છે, તેથી ઉત્તમ જીવોએ એ સમતાને ધારણ કરવી જોઈએ. ૧૫

સમતાનો આશ્રય કરી કોણ સુખી થયા હતા ?

आश्रित्य समतामेकां निर्वृता भरतादयः ।
नहि कष्टमनुष्ठानमभूत्तेषां तु किंचन ॥ १६ ॥

ભાવાર્થ—ભરત વગેરે એક સમતાનો આશ્રય કરી સુખી થયા હતા. તેમને કાંઇ પણ અનુષ્ઠાન કષ્ટરૂપ થયું ન હતું. ૧૬

વિશેષાર્થ—સમતા પ્રાપ્ત કરીને કોણ સુખી થયા હતા ? તે વાત ગ્રંથકાર આ શ્લોકથી સ્પષ્ટ કરે છે. ભરત રાજા વગેરે એક સમતાનો આશ્રય કરીને સુખી થયા હતા. તેમને કાંઇ પણ કષ્ટ કારી અનુષ્ઠાન કરવું પડયું ન હતું. ભરત રાજાનું વૃત્તાંત એવું છે કે, તેઓ એક વખતે ચિત્રશાળામાં ગયેલા ત્યાં માત્ર સમતાને લઈને તેમને આઠ પાટ કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું હતું. તેમને કાંઇ પણ કષ્ટ ક્રિયા કરવી પડી ન હતી. ૧૬

સમતા ગુણરત્નોના સંગ્રહમાં રોહણગિરિની ભૂમિ છે.

अर्गला नरकद्वारे मोक्षमार्गस्य दीपिका ।
समता गुणरत्नानां संग्रहे रोहणावनिः ॥ १७ ॥

ભાવાર્થ—સમતા નરકના દ્વારમાં અર્ગલા છે, મોક્ષના માર્ગમાં દીપિકા છે, અને ગુણરત્નોનો સંગ્રહ કરવામાં રોહણાચળ પર્વતની ભૂમિ છે. ૧૭

વિશેષાર્થ—જેમ અર્ગલા આપવાથી દ્વાર બંધ થઇ જાયછે. તેમ સમતા ધારણ કરવાથી નરકનું દ્વાર બંધ થાય છે. જેમ દીપિકાથી અંધકાર દૂર થઇ માર્ગે ચલાય છે, તેમ સમતાથી અજ્ઞાન અંધકાર દૂર થઈ મોક્ષ માર્ગે જવાય છે. રોહણ ગિરિની ભૂમિમાં જેમ અનેક રત્નો પાકે છે, તેમ સમતા ધારણ કરવાથી અનેક ગુણ રૂપી રત્નો પ્રાપ્ત થાય છે. અર્થાત્ આત્માના સર્વ ગુણો સમતાની અંદર રહેલા છે. આથી સર્વદા સમતાને ધારણ કરવી જોઇએ. ૧૭

જેઓ મોહથી આત્મરૂપને જોઇ શકતા ન હોય, તેમને સમતા દિવ્ય અંજન શલાકા છે.

मोहाच्छादितनेत्राणामात्मरूपमपश्यताम् ।
दिव्यांजनशलाकेव समता दोषनाशकृत् ॥ १८ ॥

ભાવાર્થ—જેમનાં નેત્રો મોહથી આચ્છાદિત થયેલાં છે, તેથી જેઓ આત્મસ્વરૂપને જોઈ શકતા નથી, તેઓને સમતા દિવ્ય અંજનની શલાકાની જેમ, દોષને નાશ કરનારી થાયછે. ૧૮

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર સમતાને દિવ્ય અંજન શલાકાની ઉપમા આપેછે. જેમ દિવ્ય અંજનની શલાકા, દૃષ્ટિ દોષનો નાશ કરનારી થાયછે, તેમ સમતા પણ તેવા દોષનો

નાશ કરનારી થાયછે. જેમનાં નેત્રો મોહથી આચ્છાદિત થયેલાં છે, એટલે જેઓ મોહાંધ બનેલા છે, તેઓ પોતાના આત્મ-સ્વરૂપને જોઇ શકતા નથી. તેમના તે દોષને નાશ કરવામાં સમતા અંજન શલાકા રૂપ કહેવાય છે. કહેવાનો આશય એ છે કે, જો માણસ સમતાને પ્રાપ્ત કરે તો, તેનામાં મોહ રહેતો નથી, અને તે પોતાના આત્મસ્વરૂપને જોઇ શકે છે. ૧૮

ક્ષણવાર પણ સમતા સેવવાથી અનિર્વચનીય સુખ પ્રાપ્ત થાયછે.

क्षणं चेतः समाकृष्य समता यदि सेव्यते ।
स्यात्तदा सुखमप्यस्य यद्वक्तुं नैव पार्यते ॥ १९ ॥

ભાવાર્થ—ક્ષણવાર ચિત્તને આકર્ષી-વશ કરી જો સમતા સેવવામાં આવે, તો તેને ત્યારે એવું સુખ પ્રાપ્ત થાય છે કે, જે મુખે કહી શકાય તેવું નથી. ૧૯

વિશેષાર્થ—સમતા ધારણ કરવામાં ચિત્તના વશીકરણની આવશ્યકતા છે, એટલે જ્યારે મનોવૃત્તિનો નિરોધ થાય, ત્યારે સમતા પ્રાપ્ત થાયછે. એક ક્ષણવાર (ચિરકાળની વાત તો દૂર રહી) પણ જો મનને આકર્ષી સમતા સેવવામાં આવે તો, જે સુખ પ્રાપ્ત થાયછે, તે મુખે વર્ણવી શકાય તેવું નથી. અર્થાત્ અનિર્વચનીય પરમાનંદનું મહાસુખ પ્રાપ્ત થાયછે, તેથી સમ-તાનું સેવન સર્વથા આદરણીય છે. ૧૯

કુમારિકા જેમ પતિના સુખને જાણતી નથી, તેમ યોગીઓના સમતા સુખને લોકો જાણતા નથી.

કુમારી ન યથા વેત્તિ સુખં દયિતભોગજમ્ ।
ન જાનાતિ તથા લોકો યોગિનાં સમતાસુખમ્ ॥ ૨૦ ॥

ભાવાર્થ—જેમ કુમારી સ્ત્રી પતિના ભોગ સુખને જાણતી નથી, તેમ લોકો યોગીઓના સમતાના સુખને જાણતા નથી. ૨૦

વિશેષાર્થ—યોગીઓ સમતાનું જે સુખ પ્રાપ્ત કરેછે, તે સુખ અનિર્વચનીય હોવાથી લોકોના અનુભવમાં આવી શકતું નથી. તે વિષે કુમારિકાનું દૃષ્ટાંત આપી ગ્રંથકાર સિદ્ધ કરે છે. જેમ કુમારી સ્ત્રી પતિના ભોગસુખને જાણતી નથી, તેમ લોકો અનુભવ કર્યા શિવાય યોગીઓના સમતાના સુખને જાણતા નથી, તેથી સમતાનું સુખ અનિર્વચનીય છે, એમ સિદ્ધ થાયછે. ૨૦

જેમણે સમતા રૂપી બખ્તર પહેરેલું છે, તેમને નમસ્કારાદિ રૂપ મર્મ ભેદી બાણ પીડાકારી થતું નથી.

નતિસ્તુત્યાદિકાશંકા શરસ્તીવ્રઃ સ્વમર્મભિત્ ।
સમતાવર્મગુપ્તાનાં નાર્ત્તિકૃત્ સોઽપિ જાયતે ॥ ૨૧ ॥

ભાવાર્થ–નમસ્કાર, સ્તુતિ, પૂજા, લાભ પરદ્રવ્યની ઇચ્છા આદિ રૂપ તીવ્ર બાણ જે કે પોતાના મર્મને ભેદનારૂં છે, તે પણ સમતા રૂપી અભ્યંતરોથી રક્ષિત થયેલા પુરૂષોને પીડાકારી થતું નથી. ૨૧

વિશેષાર્થ—આ સંસારમાં નમવું, સ્તુતિકરવી, પૂજા, લાભ અને પરદ્રવ્યની ઇચ્છા વગેરે જે પ્રવર્ત્તે છે, તે બાણની જેમ મર્મ સ્થળને ભેદનારાં છે; એટલે જો કોઇ નમે નહીં, કોઇ વખાણ કરે નહીં, કોઇ પૂજે નહીં, કોઇ જાતનો લાભ મળે નહીં, અને પારકા દ્રવ્યને લેવાની ઇચ્છા પૂરી ન થાય તો, તેથી માણસને મહાદુઃખ પ્રાપ્ત થાય છે. તેથી ગ્રંથકાર તેને મર્મભેદી બાણની સાથે સરખાવે છે. એટલે જેમ મર્મભેદી તીવ્ર બાણ પીડા કરે છે, તેવો તેનાથી પીડા થાય છે. પરંતુ જેઓએ સમતા રૂપી કવચ ધારણ કરેલ છે, તેમને એ નમસ્કારાદિ રૂપ તીવ્ર બાણ પીડાકારી લાગતું નથી. એટલે જ્યારે સમતાનો મહાન્ ગુણ પ્રાપ્ત થાય છે, ત્યારે તે સમતાધારી આત્માને કોઇ નમે, કે કોઇ ન નમે, કોઇ સ્તવે કે ન સ્તવે, તેને માટે કાંઇ ઇચ્છા રહેતી નથી, તે લોકોના માનની દરકાર રાખતો નથી, સમતા સર્વોત્કૃષ્ટ ગુણ છે. ૨૧

સમતા કોટિ જન્મનાં કર્મોને ક્ષણમાં ક્ષીણ કરે છે.

प्रचितान्यपि कर्माणि जन्मनां कोटिकोटिभिः ।
तमांसीव प्रभा भानोः क्षिणोति समता क्षणात् ॥ ૨૨ ॥

ભાવાર્થ—જેમ સૂર્યની કાંતિ ક્ષણવારમાં અંધકારને ક્ષીણ કરે છે, તેમ સમતા, કોટી જન્મોથી મેળવેલાં એવાં કર્મોનો ક્ષણવારમાં ક્ષય કરે છે. ૨૨

વિશેષાર્થ—જો માણસ સમતા ગુણને સંપાદન કરે તો તેનાં કોટિ જન્મોનાં કર્મો ક્ષણવારમાં ક્ષીણ થઇ જાય છે. તે ઉપર સૂર્યની કાંતિનું દૃષ્ટાંત આપી ગ્રંથકાર તે વાતને વિશેષ સિદ્ધ કરે છે. ૨૨

સમતા અન્ય લિંગી સિધ્ધોને પણ આધારરૂપ છે.

अन्यलिंगादिसिध्धाना माधारः समतैव हि ।
रत्नत्रयफलप्राप्तेर्यथा स्याद्भावजैनता ॥ ૨૩ ॥

ભાવાર્થ—જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્નોની પ્રાપ્તિથી ભાવ જૈન પણું પ્રાપ્ત થાય છે, તેમ અન્ય લિંગ વગેરે, સિધ્ધોનો આધાર સમતાજ છે. ૨૩

વિશેષાર્થ—વળી સમતા અન્ય લિંગી વગેરે સિધ્ધોનો પણ આધાર છે, એટલે સમતાને લઈને અન્ય લિંગી સિધ્ધો બની શકે છે. તે વાતને દૃષ્ટાંત પૂર્વક સમજાવે છે. બે પ્રકારના જૈન છે. દ્રવ્ય જૈન અને ભાવ જૈન. તેમાં જે ભાવ જૈન પણું છે, તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્નની પ્રાપ્તિથી થાય છે, એટલે એ ત્રણ રત્નોનો આધાર જેમ ભાવ જૈન પણું છે, તેમ અન્ય લિંગી સિધ્ધોનો આધાર પણ સમતાજ છે. તેથી સમતા સર્વમાં ઉપયોગી હોવાથી ત્રિકરણ શુદ્ધિથી આદરણીય છે. ૨૩

જો સમતાને નય સ્થાનમાં ઉતારવામાં આવે તો, જ્ઞાનની સફળતા થાય છે.

ज्ञानसाफल्यमेषैव नयस्थानावतारिणः
चंदनं वन्हिनेव स्यात् कुग्रहेण तु जस्म तत् ॥ २४ ॥

ભાવાર્થ—નયસ્થાનમાં ઉતારનારા પુરૂષને તે સમતામાં જ્ઞાનની સફળતા થાય છે. અને જો કદાગ્રહ રાખે તો અગ્નિથી જેમ ચંદન ભસ્મ થઇ જાય, તેમ તે સમતા ભસ્મ થઇ જાય છે.૨૪

વિશેષાર્થ—જો પુરૂષ એ સમતાને નય માર્ગે ઉતારે છે તો તેનાથી જ્ઞાનની સફળતા થાય છે, એટલે તેને જ્ઞાનનું ફળ સમતા પ્રાપ્ત થાય છે. અને જો કદાગ્રહ કરી તે સમતાને નયમાર્ગમાં ન ઉતારે તો અગ્નિ વડે જેમ ચંદન ભસ્મ થઈ જાય, તેમ સમતા ભસ્મ થઈ જાય છે. કહેવાનો આશય એવો છે કે, જો નય પ્રમાણે વર્ત્તી સમતા ધારણ કરે તો, જ્ઞાનનું ફળ સમતા પ્રાપ્ત થાય છે, અને જો નય માર્ગને છોડી દુરાગ્રહ કરે તો, સમતા નાશ પામી જાય છે. તેથી નયાનુસારે સમતા ધારણ કરવી યોગ્ય છે. ૨૪

સમતા ચારિત્રી–પુરૂષનાં પ્રાણ છે. જો તે પ્રાણ ચાલ્યાં ગયાં તો, પછી લોકોની દોડા દોડ રૂપ મરણોત્સવ થાય છે.

चारित्रिपुरुषप्राणाः समताख्या गता यदि ।
जनानुधावनावेशस्तदा तन्मरणोत्सवः ॥२५॥

ભાવાર્થ—જો સમતા રૂપ ચારિત્રી પુરૂષના પ્રાણ ચાલ્યાં ગયાં, તો પછી પાછળ લોકોની દોડાદોડના આવેશ રૂપ તેના મરણનો ઉત્સવ થાય છે. ૨૫

વિશેાર્થ—સમતા ચારિત્ર ધારી પુરૂષના પ્રાણ છે, એટલે ચારિત્રવાન્ પુરૂષનું જીવન સમતા છે. જો એ સમતા રૂપ પ્રાણ ચાલ્યાં ગયા, તો પછી ચારિત્રનું મરણ થઇ જાય છે, જે મરણનાં ઉત્સવમાં લોકો પાછલ દોડાદોડ કરે છે. કહેવાનો આશય એવો છે કે, જો સમતા હોય તોજ, ચારિત્ર જીવતું છે, નહીં તો તે ચારિત્રનું મરણ થઇ જાય છે. સમતા રૂપ પ્રાણના નાશથી ચારિત્ર મૃત્યુ પામી ગયું, પછી લોકો ગમે ત્યાં દોડાદોડ કરે તોપણ, મરણ પામેલ ચારિત્ર પ્રાપ્ત થતું નથી. અહિં એવો પણ અર્થ નીકળે છે કે, સમતા પ્રાપ્ત કર્યા શિવાય બીજી દોડાદોડ કરવી, તે નકામી છે; તેથી ચારિત્રધારી પુરૂષે તો અવશ્ય સમતા રાખવી જોઇએ. ચારિત્રનું જીવન સમતામાંજ રહેલું છે. ૨૫

સમતાનો ત્યાગ કરી કરેલ કષ્ટરૂપ અનુષ્ઠાન ખારી જમીનમાં વાવેલા બીજની જેમ નિષ્ફળ થાય છે.

संत्यज्य समतामेकां स्याद्यत्कष्टमनुष्ठितम् ।
तदीप्सितकरं नैव बीजमुप्तमिवोषरे ॥२६॥

ભાવાર્થ—એક સમતાનો ત્યાગ કરી જે કાંઇ કષ્ટકારી આચરણ કરેલું હોય, તે ખારી જમીનમાં વાવેલા બીજની જેમ ઇચ્છિત ફળને આપનારૂં થતું નથી. ૨૬

વિશેષાર્થ—તપ, જપ, ધ્યાન વગેરે જે કાંઇ કષ્ટકારી અનુષ્ઠાન કરવામાં આવે છે, તે જો એક સમતાનો ત્યાગ કરી કરવામાં આવે તો, તે ખારી જમીનમાં વાવેલા બીજની જેમ નિષ્ફળ થાય છે. એટલે સર્વ ક્રિયા સમતા સાથે કરવી જોઇએ. સમતા વગરનું આચરણ નિષ્ફળ થાય છે. તેથી સર્વ ધાર્મિક ક્રિયામાં સમતા રાખવી જોઈએ. એક સમતા ન હોય તો, સર્વ શ્રમ વૃથા છે. ૨૬

મુક્તિનો ઉપાય એક સમતાજ છે.

उपायः समतैवैका मुक्तेरन्यः क्रियाजरः ।
तत्तत्पुरुषभेदेन तस्या एव प्रसिद्धये ॥ २७ ॥

ભાવાર્થ–મુક્તિનો ઉપાય એક સમતાજ છે. બાકીની જે ક્રિયાઓ છે, તેતો તેતે જાતના પુરૂષના ભેદથી સમતાની પ્રસિદ્ધિને માટેછે. ૨૭

વિશેષાર્થ—આ લોકમાં મુક્તિનો ખરો ઉપાય એક સમતાજ છે. તે શિવાયની જે જે ક્રિયાઓ છે, તે અધિકારી પુરૂષના ભેદ વડે તે સમતાનીજ પ્રસિદ્ધિ કરવા માટે છે. એક ગૃહસ્થ છે, અને એક મુનિ છે. ક્રિયા કરવામાં ગૃહસ્થ તથા મુનિનો વ્યવહાર જુદો છે, પણ તેઓની ક્રિયામાં સમતાની પ્રધાનતા છે. પુરૂષ ગમે તે ક્રિયાનો અધિકારી હોય તોપણ તેણે સમતા અવશ્ય રાખવી જોઇએ. ક્રિયાની પ્રસિદ્ધિ સમતાને લઇને છે. જો સમતાનો અભાવ હોય તો, ગૃહસ્થ કે મુનિ ગમે તેટલી ક્રિયાઓ કરે તો પણ, તે નિષ્ફળ છે. આ ઉપરથી એવો ઉપદેશ લેવાનો કે, જો મુક્તિ મેળવવાની ઇચ્છા હોય તો, સર્વદા સમતાનું જ સેવન કરવું. ૨૭

તે સમતાના પારને સ્વાનુભવ પામે છે.

दिङ्मात्रदर्शने शास्त्रव्यापारः स्यान्न दूरगः ।
अस्याः स्वानुभवः पारं सामर्थ्याख्योऽवगाहते ॥ २८ ॥

ભાવાર્થ—એ સમતાની માત્ર દિશા બતાવવામાં શાસ્ત્રનો વ્યાપાર દૂર રહેતો નથી, એથી સામર્થ્ય નામનો તે સમતાનો અનુભવ આ સંસારના પારને પામે છે. ૨૮

વિશેષાર્થ—એ સમતાની માત્ર દિશા બતાવવામાં શાસ્ત્ર દૂર નથી, એટલે સર્વ શાસ્ત્રો તે સમતાના માહાત્મ્યને દર્શાવે છે. અને જો એ સમતાનો પૂર્ણ અનુભવ થાય તો, આ સંસારનો પાર આવી જાય છે. અહિં એવો અર્થ નીકળે છે કે, જેમ કોઇ આંગળી વડે માર્ગ બતાવે, પણ તે કાંઇ સાથે આવે નહીં, તેમ શાસ્ત્રો સમતાના માર્ગને બતાવે છે, પછી સમતા રાખવી, એ માણસના પોતાના હાથમાં છે. તેથી જો શાસ્ત્ર ભણી અથવા સાંભળી પોતાના અનુભવમાં લાવે તો, તે અનુભવના સામર્થ્યથી તે સમતાધારી પુરૂષ આ ભવાટવીના પારને પામી જાય છે. ૨૮

સમતા એ પરથી પણ પર એવું આત્મતત્ત્વ છે, તેથી તેનો ભરપૂર અનુભવ કરવો.

परस्मात्परमेषा यन्निगूढं तत्त्वमात्मनः ।
तदध्यात्मप्रसादेन कार्योऽस्यामेव निर्भरः ॥ २९ ॥

ભાવાર્થ—એ સમતા પરથી પર ગૂઢ આત્મ તત્ત્વ છે, તેથી અધ્યાત્મના પ્રસાદથી એ સમતાને વિષે ભરપૂર અનુભવ કરવો. ૨૯

વિશેષાર્થ–ગ્રંથકાર આ સમતાધિકાર પૂર્ણ કરતાં છેવટે કહે છે કે, સમતા એ પરથી પણ પર ગૂઢ આત્મ તત્ત્વ છે, તેથી અધ્યાત્મના પ્રસાદથી એ સમતાને વિષે ભરપૂર અનુભવ કરવો. કહેવાનો આશય એવો છે કે, આત્મ તત્ત્વ કે જે ઉત્કૃષ્ટથી પણ ઉત્કૃષ્ટ અને ગૂઢ પણે રહેલ છે, તે સમતાજ છે, અર્થાત્ સમતા રાખવાથી ગૂઢ આત્મ તત્ત્વનું ભાન થાય છે. જ્યારે આત્મ તત્ત્વનું ભાન થાય છે, ત્યારે અનુભવ પ્રગટ થાય છે. તે અનુભવનો ઉપયોગ સમતામાંજ કરવો, કે જેથી પરાત્પર એવા આત્મ તત્ત્વનો સંપૂર્ણ લાભ પ્રાપ્ત થાય છે. જ્યારે આત્મ તત્ત્વનો સંપૂર્ણ લાભ પ્રાપ્ત થયો, તો પછી મનુષ્ય આ સંસાર સાગરને સહેલાઈથી તરી શિવ માર્ગનો સાથી બને છે, તેથી સચ્ચિદાનંદ રૂપ શિવ માર્ગ પ્રાપ્ત કરવાનો મુખ્ય ઉપાય સમતા છે. સમતાનો પ્રભાવ દિવ્ય—લોકોત્તર છે, અને આત્મિક સુખને આપવામાં અદ્વિતીય છે. તેથી સર્વદા સમતાજ સેવ્ય અને આદરણીય છે. ૨૯

इति नवमः समताधिकारः ।



अधिकार १० मो.

सदनुष्ठानाधिकार.

परिशुद्धमनुष्ठानं जायते समतान्वयात् ।
कतकक्षोदसंक्रांतेः कलुषं सलिलं यथा ॥ १ ॥

ભાવાર્થ—જેમ કતક ફળનું ચૂર્ણ નાખવાથી ડોળું જળ શુદ્ધ થાય છે, તેમ સમતાના યોગથી અનુષ્ઠાન શુદ્ધ થાયછે. ૧

વિશેષાર્થ—ગ્રંથકાર સમતાનો અધિકાર પૂર્ણ કરી, હવે શુદ્ધ અનુષ્ઠાનના અધિકારનો આરંભ કરે છે. જેનામાં સમતા ગુણ પ્રાપ્ત થાય, તે માણસ શુદ્ધ અનુષ્ઠાન કરી શકે છે, તેથી સમતાના અધિકાર પછી સત્ અનુષ્ઠાનના અધિકારનો આરંભ કરવામાં આવ્યો છે. અનુષ્ઠાનનો અર્થ આચરણ થાય છે. જ્યારે હૃદયમાં સમતા ગુણ પ્રગટ થયો હોય, ત્યારે તે માણસ સદાચરણ કરે છે. તેથી ગ્રંથકાર કહે છે કે, સમતાના યોગથી શુદ્ધ અનુષ્ઠાન પ્રગટ થાય છે. તે વાત સિદ્ધ કરવાને કતક ચૂર્ણનું દૃષ્ટાંત આપે છે. જેમ કતકચૂર્ણ નાંખવાથી ડોળાએલું જળ નિર્મળ થાયછે, તેમ સમતાના યોગથી અનુષ્ઠાન શુદ્ધ થાય છે, અને તેની અંદર રહેલા દોષો દૂર થઇ જાય છે. ૧

અનુષ્ઠાન પાંચ પ્રકારનું છે.

विषं गरोऽननुष्ठानं तद्धेतुरमृतं परम् ।
गुरुसेवाद्यनुष्ठानमिति पंचविधं जगुः ॥ २ ॥

ભાવાર્થ—વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન, અનનુષ્ઠાન, તદ્હેતુઅનુષ્ઠાન, અમૃતાનુષ્ઠાન, એ પાંચ પ્રકારના ગુરૂ સેવાદિક અનુષ્ઠાન કહેલ છે. ૨

વિશેષાર્થ–ગ્રંથકાર, ગુરૂસેવાદિક અનુષ્ઠાનના પાંચ ભેદ પાડે છે. વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન, અનનુષ્ઠાન, તદ્ધેતુઅનુષ્ઠાન, અમૃતાનુષ્ઠાન, એ પાંચ પ્રકારનાં અનુષ્ઠાન પ્રવર્ત્તે છે, તેનાં લક્ષણો અનુક્રમે કહેવામાં આવશે. ૨

વિષાનુષ્ઠાનનું લક્ષણ.

आहारोपधिपूजार्द्धि प्रजृत्याशंसया कृतम् ।
शीघ्रं सच्चित्तहंतृत्वाद्विषानुष्ठानमुच्यते ॥ ३ ॥

ભાવાર્થ—આહાર, વસ્ત્રાદિ ઉપકરણ, પૂજા, અને સમૃદ્ધિ વગેરેની આશાએ કરેલું અનુષ્ઠાન સત્વર શુભચિત્તને હણનારૂં હોવાથી તે **વિષાનુષ્ઠાન** કહેવાય છે. ૩

વિશેષાર્થ—જે મિષ્ટાન્ન આવાની ઇચ્છાથી, વસ્ત્રાદિ ઉપધિ પ્રાપ્ત કરવાની લાલચથી, લોકોમાં પૂજાવાની આશાથી, અને સમૃદ્ધિ

મેળવવાની આશાથી ગુરૂ સેવાદિ અનુષ્ઠાન કરવામાં આવે, તે વિષાનુષ્ઠાન કહેવાય છે. તે વિષાનુષ્ઠાન શા માટે કહેવાય છે? તેનું કારણ કહે છે. એ આહાર વગેરેની આશાએ કરેલું અનુષ્ઠાન, વિષની જેમ શુભ ચિત્તને હણનારૂં થાય છે. વિષ ખાવાથી જેમ મરણ થાય છે, તેમ આહાર વગેરેની આશાથી કરેલા અનુષ્ઠાનથી શુભચિત્તનું મરણ થાય છે; એટલે શુભ ચિત્તનો નાશ થઈ જાય છે. કારણકે, સમતાની અંદરજ શુભાશય વૃત્તિ રહેલ છે. ૩

વિષાનુષ્ઠાન શુભ ચિત્તનો નાશ શી રીતે કરે છે?

स्थावरं जंगमं चापि तत्क्षणं भक्षितं विषम् ।
यथा हंति तथेदं सच्चित्तमैहिकभोगतः ॥ ४ ॥

ભાવાર્થ—જેમ સ્થાવર અને જંગમ વિષ ભક્ષણ કરેલું હોય, તે તત્કાલ નાશ કરે છે, તેમ આ લોકના ભોગથી વિષાનુષ્ઠાન શુભ ચિત્તનો તત્કાલ નાશ કરે છે. ૪

વિશેષાર્થ—આ જગત્માં બે પ્રકારનું વિષ છે. સ્થાવર અને જંગમ. સોમલ, અફીણ વગેરે સ્થાવર વિષ અને સર્પ વગેરેનું જંગમ વિષ કહેવાયછે; તે ઉભય પ્રકારનું વિષ ભક્ષણ કરવાથી તે ભક્ષકનો નાશ કરે છે. તેવી રીતે આલોકના વિષયભોગની અભિલાષાથી કરેલ અનુષ્ઠાન (વિષાનુષ્ઠાન) શુભચિત્તનો નાશ કરે છે. તેથી તેવી જાતનું અનુષ્ઠાન આચરવું નહીં. કહેવાનો આશય એવો છે કે, કોઈ પણ સદનુષ્ઠાન નિષ્કામ વૃત્તિથી કરવું. નિષ્કામ વૃત્તિએ કરેલ અ-

નુષ્ઠાન હૃદયની શુદ્ધિ કરે છે, અને સકામવૃત્તિએ કરેલું અનુષ્ઠાન હૃદયની શુદ્ધિનો નાશ કરેછે. ૪

બીજા ગરાનુષ્ઠાનનું લક્ષણ.

दिव्यभोगाभिलाषेण कालांतरपरिक्षयात् ।
स्वादिष्टफलसंपूर्त्ते गरानुष्ठानमुच्यते ॥ ५ ॥

ભાવાર્થ—દિવ્ય ભોગના અભિલાષ વડે કાળાંતરનો ક્ષય થવાથી સ્વાદિષ્ટ ફળની પૂરતિ કરવા માટે જે અનુષ્ઠાન કરવું, તે બીજું ગરાનુષ્ઠાન કહેવાય છે. ૫

વિશેષાર્થ—જે માણસ કોઇ દિવ્ય ભોગની અભિલાષાથી તપસ્યા વગેરેમાં કાલાંતર ક્ષય કરે, એટલે લાંબો કાળ ગુમાવે, અને તેમ કરીને સ્વાદિષ્ટ ફળની પૂરતિ કરવા અનુષ્ઠાન આચરે, તે બીજું **ગરાનુષ્ઠાન** કહેવાય છે. દિવ્ય ભોગ મેળવવાની ઇચ્છાથી મોટી મોટી તપસ્યા કરી ઘણો કાળ ગુમાવે, અને તેમ કરી જે અનુષ્ઠાન આચરે, તે ગરાનુષ્ઠાન છે. એટલે જે ફળ જોવામાં આવ્યું ન હોય, તેને પ્રાપ્ત કરવા માટે ચિરકાલ કષ્ટ કારી ક્રિયા આચરવી, તે ગરાનુષ્ઠાન છે. તેવી ક્રિયા નકામી થાયછે, અને તેનાથી ઊલટી નરકાદિકની પીડા ભોગવવી પડે છે, માટે તે **ગરાનુષ્ઠાન** આચરવું ન જોઇએ. ૫

ગરાનુષ્ઠાન શું છે અને તે શી હાનિ કરેછે ?

यथा कुद्रव्यसंयोगजनितं गरसंज्ञितम् ।
विषं कालांतरे हंति तथेदमपि तत्त्वतः ॥ ६ ॥

ભાવાર્થ—જેમ નઠારાં દ્રવ્યના સંયોગથી બનેલું **ગર** નામનું વિષ કાળાંતરે મારી નાંખેછે, તેમ એવું અનુષ્ઠાન તત્ત્વથી કાળાંતરે મારી નાંખેછે. ૬

વિશેષાર્થ—કેટલાંએક નઠારાં દ્રવ્યના સંયોગથી **ગર** નામનું વિષ બનેછે. તે બંગડી ચૂર્ણના નામથી ઓળખાય છે. તે ગર ખાવાથી માણસ તત્કાળ મરતો નથી, પણ કાળાંતરે મરેછે. તેવી રીતે જે અનુષ્ઠાન દિવ્ય ભોગની ઇચ્છાથી કરવામાં આવે, તે માણસને તત્કાળ હાનિ કરતું નથી, પણ કાળાંતરે નરકની પીડા આપે છે. અર્થાત્ અદૃષ્ટ દિવ્ય સુખ મેલવવાને માટે જે તપસ્યા પ્રમુખ અનુષ્ઠાન કરવામાં આવે છે, તે પરિણામે કાળાંતરે નરકનાં કષ્ટો આપેછે, તેથી ગરાનુષ્ઠાન સર્વથા ત્યાજ્ય છે. ૬

निषेधायानयोरेव विचित्रानर्थदायिनोः ।
सर्वत्रैवानिदानत्वं जिनेंद्रैः प्रतिपादितम् ॥ ७ ॥

ભાવાર્થ—વિચિત્ર જાતના અનર્થને આપનારા એ વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાનનો નિષેધ કરવાને જિનેંદ્ર ભગવંતોએ સર્વ સ્થળે નિદાન (નિયાણું) ન કરવું, એમ પ્રતિપાદન કરેલું છે. ૭

વિશેષાર્થ—વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન બંને જાતજાતના અનર્થોને આપનારા છે, તેથી કોઇ પણ શુભ અનુષ્ઠાનમાં નિયાણું બાંધવું નહીં, એમ શ્રી જિનેંદ્રોએ પ્રતિપાદન કરેલું છે. જે અનુષ્ઠાનમાં નીયાણું બાંધવામાં આવે છે, તે વિષાનુષ્ઠાન કે ગરાનુ-

ષ્ઠાન કહેવાય છે, અને તેમ કરવાથી અનેક જાતના અનર્થો ઉત્પન્ન થાય છે. માટે જિનેશ્વરો આગમમાં કહે છે કે, કોઈ પણ અનુષ્ઠાનમાં નીયાણું બાંધવું નહીં. ૭

ત્રીજા અનુષ્ઠાનનું લક્ષણ.

प्रणिधानाद्यभावेन कर्मानध्यवसायिनः ।
संमूर्छिमप्रवृत्त्याभमननुष्ठानमुच्यते ॥ ८ ॥

ભાવાર્થ—પ્રણિધાન વગેરેના અભાવથી, અધ્યવસાય રહિત સંમૂર્છિમની જેમ શૂન્ય મને જે કર્મ કરવામાં આવે, તે અનનુષ્ઠાન નામે ત્રીજું અનુષ્ઠાન કહેવાય છે. ૮

વિશેષાર્થ—હવે ગ્રંથકાર ત્રીજા અનનુષ્ઠાન નામના અનુષ્ઠાનનું લક્ષણ કહે છે. પ્રણિધાન વિગેરેના અભાવથી એટલે ધ્યાન આપ્યા વગર અને અધ્યવસાય વિના જે અનુષ્ઠાન કરવામાં આવે તે ત્રીજું **અનનુષ્ઠાન** નામે અનુષ્ઠાન કહેવાય છે. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેમ સંમૂર્છિમ જીવ કોઈ પણ ક્રિયા કરે છે, તે શૂન્ય પણે કરે છે, તેવી રીતે જે શૂન્ય મનથી અનુષ્ઠાન કરવામાં આવે, તે અનનુષ્ઠાન કહેવાય છે. અર્થાત્ દેખાદેખીએ જે ક્રિયા કરવામાં આવે, તે અનનુષ્ઠાનમાં ગણાય છે. ૮

અનનુષ્ઠાનના પ્રસંગમાં ઓઘ સંજ્ઞાનું સ્વરૂપ.

ओघसंज्ञात्र सामान्यज्ञानरूपानिबंधनम् ।
लोकसंज्ञा च निर्दोषसूत्रमार्गानपेक्षणं ॥९॥

ભાવાર્થ—જે સામાન્ય જ્ઞાન રૂપનું કારણ અવેષવામાં ન આવે, તે ઓઘ સંજ્ઞા કહેવાય છે. અને નિર્દોષ સૂત્ર માર્ગની અપેક્ષા વિના લોક દેખાદેખીએ ક્રિયા કરે, તે લોક સંજ્ઞા-તેનું નામજ અનનુષ્ઠાન છે. ૯

વિશેષાર્થ—ગ્રંથકાર અનનુષ્ઠાન વિષે વિશેષ સ્પષ્ટીકરણ કરે છે. જે સામાન્ય પ્રકારે જ્ઞાનનું કારણ શોધવામાં ન આવે, તે ઓઘ સંજ્ઞા કહેવાય છે, એટલે જે અનુષ્ઠાન ગાડરીઆ પ્રવાહ રૂપે ચાલે તે ઓઘ સંજ્ઞા કહેવાય છે. અને નિર્દોષ સૂત્રના માર્ગની અપેક્ષા વિના લોકો દેખાદેખીએ ક્રિયા કરે, અથવા ઉપયોગ શૂન્ય થઇ ક્રિયા કરે, તે લોક સંજ્ઞા કહેવાય છે. આ બાબત અનનુષ્ઠાનમાં આવી શકે છે. ૯

ઓઘ સંજ્ઞા વિષે વિશેષ સ્પષ્ટીકરણ.

न लोकं नापि सूत्रं नो गुरुवाचमपेक्षते ।
अनध्यवसितं किंचित्कुरुते चौघसंज्ञया ॥ १० ॥

ભાવાર્થ—ઓઘ સંજ્ઞાથી જે અનુષ્ઠાન કરે છે, તે લોકની, સૂત્રની અને ગુરૂની વાણીની અપેક્ષા રાખતો નથી, અને તે અધ્યવસાય વિના કાંઇક કરે છે. ૧૦

વિશેષાર્થ—ગ્રંથકાર કહે છે કે, જે ઓઘ સંજ્ઞાથી અનુષ્ઠાન કરે છે, તે લોક રીતિની અપેક્ષા રાખતો નથી, એટલે લોક

રીતિએ શું કરવું જોઇએ ? તેનો વિચાર કરતો નથી, તેમ સૂત્રની અપેક્ષા રાખતો નથી, એટલે સૂત્રમાં શું કહ્યું છે તેની દરકાર કરતો નથી, અને ગુરૂની વાણીની અપેક્ષા કરતો નથી, એટલે ગુરૂએ કહેલા ઉપદેશને અનુસારે વર્ત્તતો નથી. તે અધ્યવસાય વિના કાંઇક અનુષ્ઠાન કરે છે. શૂન્ય હૃદયથી અનુષ્ઠાન કરે છે તેનું નામ ઓઘ સંજ્ઞા છે, જે અનનુષ્ઠાનની અંદર આવે છે. આવા અનનુષ્ઠાનને સર્વથા ત્યજી દેવું. કારણ કે, તે તદ્દન વ્યર્થ થાય છે. ૧૦

લોક સંજ્ઞા એટલે શું ?

शुद्धस्यान्वेषणे तीर्थोच्छेदः स्यादिति वादिनाम् ।
लोकाचारादरश्रद्धा लोकसंज्ञेति गीयते ॥ ११ ॥

ભાવાર્થ—'શુદ્ધ માર્ગને શોધવા જતાં તીર્થનો ઉચ્છેદ થઇ જાય,' એમ બોલનારાઓને જે લોકના આચાર તરફ શ્રદ્ધા ઉત્પન્ન થાય તે **લોકસંજ્ઞા** કહેવાય છે. ૧૧

વિશેષાર્થ—જેમ ઓઘસંજ્ઞાનું સ્વરૂપ કહેવામાં આવ્યું, તેમ લોક સંજ્ઞાનું સ્વરૂપ કહે છે. જે લોકો એમ કહે છે કે, કેવળ શુદ્ધ માર્ગનો શોધ કરીએ તો, તીર્થનો ઉચ્છેદ થઇ જાય છે, આમ ધારીને માત્ર લોકાચાર તરફ આદર અને શ્રદ્ધા રાખે, એટલે શુદ્ધ માર્ગનો ત્યાગ કરી કેવળ લોક માર્ગને અનુસરે, તે લોકસંજ્ઞા કહેવાય છે, તે પણ અનનુષ્ઠાનના વિષયમાં આવે છે. ૧૧

શુદ્ધ માર્ગ ન શોધવાથી અશુદ્ધ માર્ગે જવાય તેથી હાનિ થાય છે.

शिक्षितादिपदोपेत मप्यावश्यकमुच्यते ।
द्रव्यतो भावनिर्मुक्तमशुद्धस्य तु का कथा ॥ १२ ॥

ભાવાર્થ—શિક્ષિત ત્રિગેરે પદથી યુક્ત છતાં પણ ભાવથી શૂન્ય જે આવશ્યક કરે, તે દ્રવ્ય આવશ્યક કહેવાય છે, તો પછી અશુદ્ધની તો શી વાત કરવી? ૧૨

વિશેષાર્થ—જે આવશ્યક, શિક્ષા ગ્રહણથી તથા આસેવનથી કરવામાં આવ્યું હોય, પણ તે ભાવથી શૂન્ય હોય તો, તે દ્રવ્ય આવશ્યક કહેવાય છે તો પછી તે અશુદ્ધ કરવામાં આવે તો, તેની શી વાત કરવી? અર્થાત્ અશુદ્ધ ક્રિયા કરવામાં કાંઈપણ લાભ થતો નથી. ૧૨

અશુદ્ધ ક્રિયા કરવાથી શું થાય છે?

तीर्थोच्छेदभिया हंता विशुद्धस्यैव चादरे ।
सूत्रक्रियाविलोपः स्याद्गतानुगतिकत्वतः ॥ १३ ॥

ભાવાર્થ—તીર્થનો ઉચ્છેદ થવાના ભયથી અશુદ્ધ ક્રિયા કરવામાં આદર કરવાથી ગતાનુગતિકપણા વડે સૂક્ષ્મ ક્રિયાનો લોપ થાયછે. ૧૩

વિશેષાર્થ—જે તીર્થનો ઉચ્છેદ થવાના ભયથી અશુદ્ધ ક્રિયા કરવામાં, આદર કરવામાં આવે, તે ગાડરીઆ પ્રવાહની પેઠે કરવાથી કાંઈ પણ પરમાર્થ જાણવામાં આવે નહીં, તેથી સૂક્ષ્મ ક્રિયા જે જ્ઞાન ક્રિયા તેનો નાશ થાય છે, અર્થાત્ ગાડરીઆ પ્રવાહથી પરમાર્થ જાણ્યા વિના અશુદ્ધ ક્રિયા કરવામાં આવે તો, સૂક્ષ્મ ક્રિયા–જ્ઞાનનો નાશ થાય છે. ૧૩

એમ કરવાથી મિથ્યાત્વ ધર્મનો ત્યાગ થતો નથી.

धर्मोद्यतेन कर्त्तव्यं कृतं बहुजनैरेव चेत् ।
तदा मिथ्यादृशां धर्मो न त्याज्यः स्यात्कदाचन ॥ १४ ॥

ભાવાર્થ—ધર્મને વિષે ઉદ્યત એવા પુરૂષને જે કર્ત્તવ્ય છે, તે ઘણાંઓએ જો કર્યું હોય તો, મિથ્યાદૃષ્ટિનો ધર્મ કદિપણ ત્યાગ કરવા યોગ્ય ન થાય. ૧૪

વિશેષાર્થ—જેઓ એમ કહે છે કે, ઘણાઓ કરે, તે આપણે કરવું, તો મિથ્યાત્વને સેવનારા ઘણા છે, તો આપણે પણ મિથ્યાત્વ સેવવું જોઈએ. તે ઉપરથી સમજવાનું છે કે, એ વિચાર કદિપણ લાવવો નહીં. ૧૪

છેવટે અનનુષ્ઠાન સિદ્ધ કરે છે.

तस्माद्रूढ्यानुगत्या यत् क्रियते सूत्र वर्जितम् ।
ओघतो लोकतो वा तदननुष्ठानमेवहि ॥ १५

ભાવાર્થ—તેથી સૂત્રની શૈલીએ રહિત જે ગતાનુગતિક પણે ઓઘસંજ્ઞાથી અથવા લોકસંજ્ઞાથી કરવામાં આવે તે અનનુષ્ઠાન કહેવાય છે. ૧૫

વિશેષાર્થ—ઉપર કહેવા પ્રમાણે સૂત્રની શૈલીને છોડી ગતાનુગતિક પણે એટલે ગાડરીઆ પ્રવાહની જેમ ઓઘસંજ્ઞા કે લોક સંજ્ઞાથી જે અનુષ્ઠાન કરવામાં આવે, તે અનનુષ્ઠાન કહેવાય છે, અને તે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. ૧૫

તે અનનુષ્ઠાન ઉપર અકામ નિર્જરા અને સકામ નિર્જરાની ઘટના.

अकामनिर्जराकत्वं कायक्लेशादिहोदितम् ।
सकामनिर्जरा तु स्यात् सोपयोगप्रवृत्तितः ॥ १६ ॥

ભાવાર્થ—આ લોકમાં અજ્ઞાન પણે કાયાને કષ્ટ આપવાથી અકામ નિર્જરા કહેવાય છે. અને ઉપયોગ સહિત પ્રવૃત્તિ કરવાથી સકામનિર્જરા કહેવાય છે. ૧૬

વિશેષાર્થ—જે અનુષ્ઠાન અજ્ઞાનથી ઉપયોગ રહિત કરવામાં આવે, તે કાયાને નકામું કષ્ટ આપવાનું છે, તેથી તે અકામ નિર્જરા કહેવાય છે, અને જે અનુષ્ઠાનમાં જ્ઞાનથી ઉપયોગ સહિત પ્રવૃત્તિ કરવામાં આવે, તે સકામ નિર્જરા કહેવાય છે, તેથી જ્ઞાન અને ઉપયોગ સહિત ક્રિયા કરવી જોઇએ. ૧૬

तद्धेतु अनुष्ठाननुं स्वरूप.

सदनुष्ठानरागेण तच्चेतुर्मार्गगामिनाम् ।
एतच्च चरमावर्त्ते नो भोगादेर्विना भवेत् ॥ १७ ॥

भावार्थ—માર્ગાનુસારી જે શુદ્ધ ક્રિયાના રાગથી કરે, તે **तद्धेतु** અનુષ્ઠાન કહેવાય છે, એ તદ્ધેતુ અનુષ્ઠાન જ્યારે છેલ્લું પુદ્ગલ પરાવર્ત્ત રહે, ત્યારે ભોગાદિ વિના હોતું નથી. ૧૭

વિશેષાર્થ–માર્ગાનુસારી પુરૂષ જે શુદ્ધક્રિયાના રાગથી અનુષ્ઠાન કરે તે તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય છે. તે અનુષ્ઠાન જ્યારે છેલ્લું પુદ્ગલ પરાવર્ત્ત રહે, ત્યારે જે ક્રિયા કરે, તે તેના ભોગાદિ વિના અર્થાત્ ઉપયોગે ન કરે, માટે એ અનુષ્ઠાન પણ ત્યારેજ ઉત્પન્ન થાય છે. કહેવાનો આશય એવો છે કે, જે માર્ગાનુસારી મનુષ્ય રાગથી શુદ્ધ ક્રિયા કરે, તે તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય છે, અને તે અનુષ્ઠાન છેલ્લું પુદ્ગલ પરાવર્ત્ત રહે, ત્યારે ઉત્પન્ન થાય છે. તે તદ્ધેતુ અનુષ્ઠાન શ્રેષ્ઠ કોટીમાં ગણાય છે. ૧૭

तद्धेतु अनुष्ठानमां शुं थाय छे ?

धर्मयौवनकालोऽयं भवबाह्यदशापरा ।
अत्र स्यात् सत्क्रियारागोऽन्यत्र चासत्क्रियादरः ॥१८॥

भावार्थ—એ તદ્ધેતુ અનુષ્ઠાનની અંદર ધર્મનો યૌવન કાળ હોય છે, અને સંસારની બાળ દશા નાશ પામે છે. તેમજ એમાં

સત્ ક્રિયામાં રાગ પ્રગટે છે. તે શિવાયના અનુષ્ઠાનમાં અસત્ ક્રિયામાં આદર થાય છે. ૧૮

વિશેષાર્થ—હવે ગ્રંથકાર તદ્ધેતુ અનુષ્ઠાનમાં શો લાભ થાય છે ? તે વાત દર્શાવે છે. છેલ્લાં પુદ્ગલ પરાવર્ત્તની અંદર પ્રાપ્ત થયેલા તદ્ધેતુ અનુષ્ઠાનમાં ધર્મનો યૌવન કાળ પ્રવર્તે છે, એટલે ધર્મ બળવાન્ થાય છે, અને સંસારની બાળ દશા નિવૃત્ત થાય છે, અર્થાત્ તે તદ્ધેતુ અનુષ્ઠાન આચરવાથી માણસ ધર્મમાં પૂર્ણ રાગી બને છે, અને સંસાર તરફ વૈરાગ્ય ધરે છે. એટલું જ નહીં પણ, તદ્ધેતુ અનુષ્ઠાનમાં સત્ ક્રિયામાં રાગ પ્રગટે છે, એટલે તે સત્ ક્રિયાનો રાગી બને છે; તે શિવાયના ત્રણ અનુષ્ઠાનમાં અસત્ ક્રિયામાં આદર થાય છે. એટલે તદ્ધેતુ અનુષ્ઠાન સર્વદા સેવ્ય છે, અને બીજાં ત્રણ અનુષ્ઠાનો અસેવ્ય છે. ૧૮

ધર્મ યુવાનને અશુદ્ધ ક્રિયા લજ્જાને માટે થાય છે.

ભોગરાગાદ્યથા યૂનો બાલક્રીડાખિલા હ્રિયે ।
ધર્મયૂનસ્તથા ધર્મરાગેણાસત્ક્રિયા હ્રિયે ॥૧૯॥

ભાવાર્થ—જેમ યુવાન પુરૂષને ભોગના રાગથી બધી બાળ ક્રીડા લજ્જાને માટે થાય છે, તેમ ધર્મમાં યુવાન બનેલાને ધર્મના રાગથી અશુદ્ધ ક્રિયા લજ્જાને માટે થાય છે. ૧૯

વિશેષાર્થ—મહાન્ પુરૂષો આલંકારિક ભાષામાં ધર્મના વિષયમાં બે પ્રકારના પુરૂષો કહ્યે છે. એક ધર્મબાળ અને ધર્મ

યુવાન. જે પુરૂષ ધર્મને વિષે યથાર્થ રીતે પ્રવર્ત્તતો ન હોય તે **ધર્મબાળ** કહેવાય છે, અને જે ધર્મને વિષે યથાર્થ રીતે પ્રવર્ત્તતો હોય, તે ધર્મયુવાન ગણાય છે. એવા ધર્મ યુવાનને ધર્મ ઉપર એટલો બધો રાગ હોય છે, કે જેથી તેને અસત્ ક્રિયા લજ્જાને માટે થાય છે, એટલે અશુદ્ધ ક્રિયા કરવામાં તેને ઘણીજ લજ્જા ઉત્પન્ન થાય છે, અર્થાત્ તે અશુદ્ધ ક્રિયા કરતોજ નથી. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેમ યુવાન પુરૂષને ભોગના રાગથી બધી બાળ ક્રીડા લજ્જાને માટે થાય છે, એટલે યુવાન બાળક્રીડા કરવામાં જેમ શરમાય છે, તેમ ધર્મયુવાન પુરૂષ અશુદ્ધ ક્રિયા કરવામાં શરમાય છે. ૧૯

ચોથું તદ્ધેતુ અનુષ્ઠાન શામાટે કહ્યું છે ?

चतुर्थं चरमावर्ते तस्माद्धर्मानुरागतः ।
अनुष्ठानं विनिर्दिष्टं बीजादिकमसंगतम् ॥ ૨૦ ॥

ભાવાર્થ—તેજ હેતુથી ચરમ પુદ્ગલાવર્ત્તમાં ધર્મના અનુરાગવડે ચોથું તદ્ધેતુ અનુષ્ઠાન કહેલું છે. તો પણ બીજાદિક જે સમકિત તે અપ્રાપ્ત છે. ૨૦

વિશેષાર્થ—છેલ્લા પુદ્ગલાવર્ત્તમાં ધર્મનાં અનુરાગ વડે તદ્ધેતુ નામે ચોથું અનુષ્ઠાન કહેલું છે તે ઉત્તમ અનુષ્ઠાન છે, કારણ કે, તે ધર્મના અનુરાગથી ઉત્પન્ન થાય છે. જો કે તે અનુષ્ઠાન ઉત્તમ છે, તોપણ તેની અંદર સમ્યકત્વ અપ્રાપ્ત છે, એટલે સમ્યકત્વ પ્રાપ્ત જ થાય, એવો તેમાં નિયમ નથી. ૨૦

તેમાં બીજરૂપ સમ્યકત્વ કયારે પ્રાપ્ત થાય છે?

बीजं चेह जनान् दृष्ट्वा शुद्धानुष्ठानकारिणः ।
बहुमानप्रशंसाभ्यां चिकीर्षा शुद्धगोचरा ॥ २१ ॥

ભાવાર્થ—શુદ્ધ અનુષ્ઠાનને કરનારા લોકોને જોઈ તેમનું બહુમાન અને પ્રશંસા કરી શુદ્ધ ક્રિયા કરવાની ઈચ્છા થાય તેવાને બીજ રૂપ સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. ૨૧

વિશેષાર્થ—તદ્ધેતુ અનુષ્ઠાનમાં પણ બીજ રૂપ સમ્યકત્વ કયારે પ્રાપ્ત થાય, તે વિષે ગ્રંથકાર લખે છે. જેઓ શુદ્ધ અનુષ્ઠાન કરતાં હોય, તેમને જોઈ તેમનું બહુમાન કરે. તેમની પ્રશંસા કરે અને તેમ કરી શુદ્ધ ક્રિયા કરવાની ઈચ્છા થાય, ત્યારે બીજ રૂપ સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. કહેવાનો આશય એવો છે કે, તદ્ધેતુ અનુષ્ઠાનમાં જો સમ્યકત્વ પ્રાપ્ત કરવું હોયતો, શુદ્ધ ક્રિયા કરનારા લોકોને જોઈ તેમનું બહુમાન અને પ્રશંસા કરવી, અને તે પછી શુદ્ધ ક્રિયા કરવાની ઇચ્છા કરવી, તેથી બીજ રૂપ સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. ૨૧

તદ્ધેતુ અનુષ્ઠાનના અંકુર તથા સ્કંધ કહે છે.

तस्या एवानुबंधश्चाकलंकः कीर्त्यतेंऽकुरः ।
तच्चेत्यन्वेषणा चित्रा स्कंधकल्पाच वर्ण्यताम् ॥ २२ ॥

ભાવાર્થ—તે શુદ્ધ ક્રિયા કરવાનો અનુબંધ તે બીજનો નિષ્કલંક અંકુર કહેવાય છે, અને તેની અન્વેષણા કરવી, તે વિવિધ જાતની સ્કંધની કલ્પના જાણવી. ૨૨

વિશેષાર્થ—જેમ બીજમાંથી અંકુર અને સ્કંધ થાય છે, તેમ સમ્યકત્વ રૂપી બીજનો, શુદ્ધ ક્રિયાનો અનુબંધ–એટલે શુદ્ધ ક્રિયાનો અનુબંધ તે નિષ્કલંક અંકુર કહેવાય છે. અને તદ્ધેતુ અનુષ્ઠાનની અન્વેષણા શોધ કરવી, તે તેના વિચિત્ર સ્કંધ (થડીઆ) કલ્પેલા છે. કહેવાનો આશય એવો છે કે, શુદ્ધ ક્રિયા કરવાનો આગ્રહ રાખવો, અને સર્વદા તેની શોધ કર્યા કરવી કે જેથી તદ્ધેતુ અનુષ્ઠાનના ફળ રૂપે બીજ રૂપ સમ્યકત્વ નવપલ્લવિત થાય છે.૨૨

તેનાં પત્રો અને પુષ્પ કહે છે.

પ્રવૃત્તિસ્તેષુ ચિત્રા ચ પત્રાદિસદૃશી મતા ।
પુષ્પંચ ગુરુયોગાદિ હેતુસંપત્તિલક્ષણમ્ ॥ ૨૩ ॥

ભાવાર્થ—તેઓમાં પ્રવર્ત્તવું, તે વિચિત્ર પ્રકારનાં પત્રો જાણવાં, અને ગુરૂનો યોગ વગેરે કારણોથી સ્વર્ગાદિ સંપત્તિ એ પુષ્પ સમજવું. ૨૩

વિશેષાર્થ—તદ્ધેતુ અનુષ્ઠાનને અંગે જે જે પ્રવૃત્તિ કરવી, તે સમ્યકત્વ રૂપ બીજનાં વિચિત્ર પત્રો સમજવા, અને સદ્ગુરૂનો યોગ પ્રાપ્ત કરી તે વડે સ્વર્ગાદિ સંપત્તિ પ્રાપ્ત કરવી, તે તેનું પુષ્પ સમજવું. અર્થાત્ તેમાં પ્રવૃત્તિ કરવાથી સમ્યકત્વ બીજ પલ્લવિત થાય છે, અને પછી સદ્ગુરૂનો યોગ થવાથી તેમના ઉપદેશ પ્રમાણે ચારિત્ર ધર્મ પ્રાપ્ત થતાં સ્વર્ગાદિ સંપત્તિ પ્રાપ્ત થાય છે. ૨૩

હવે તેનું ફળ દર્શાવે છે.

ભાવધર્મસ્ય સંપત્તિર્યા ચ સદ્દેશનાદિના ।
ફલં તદત્ર વિજ્ઞેયં નિયમાન્મોક્ષસાધકમ્ ॥ ૨૪ ॥

ભાવાર્થ—સારી દેશના વગેરેથી જે ભાવધર્મની સંપત્તિ તે અહિં ફળ જાણવું, જે ફળ નિયમથી મોક્ષનું સાધક થાય છે.૨૪

વિશેષાર્થ—સારી ધર્મદેશના સાંભળવાથી જે ભાવધર્મની સંપત્તિ પ્રાપ્ત થાય છે, તે બીજ રૂપ સમ્યક્ત્વનું ફળ છે, જે ફળ નિશ્ચે મોક્ષને સાધનારૂં થાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, જો હમેશાં ઉત્તમ પ્રકારની દેશના સાંભળવામાં આવે તો તેથી ભાવધર્મની સંપત્તિ પ્રાપ્ત થાય છે, અર્થાત્ ભાવધર્મ વધે છે, જે ભાવધર્મ દ્રવ્ય ધર્મથી ચડીઆતો છે. જ્યારે ભાવધર્મ વૃદ્ધિ પામે છે, ત્યારે મોક્ષની પ્રાપ્તિ થાય છે, જેને અહિં સમ્યક્ત્વ બીજના ફળ રૂપે કહેલ છે. ૨૪

પાંચમાં અમૃતાનુષ્ઠાનનું લક્ષણ.

सहजो जावधर्मो हि शुद्धचंदनगंधवत् ।
एतद्गर्जमनुष्ठानममृतं समुचक्ष्यते ॥ २५ ॥

ભાવાર્થ—સહજ એવો ભાવધર્મ શુદ્ધ ચંદનના સુગંધના જેવો છે, તે ભાવ ધર્મ સહિત એવું અનુષ્ઠાન તે અમૃતાનુષ્ઠાન કહેવાય છે. ૨૫

વિશેષાર્થ—સહજ-સ્વાભાવિક એવો ભાવધર્મ, કે જે શુદ્ધ ચંદનના સુગંધ જેવો છે, એટલે જેમ ચંદનની સુગંધ શુદ્ધ હોય છે, તેમ એ ભાવધર્મ શુદ્ધ હોય છે, એ ધર્મ સાથે જે અનુષ્ઠાન કરવામાં આવે, તે અમૃતાનુષ્ઠાન કહેવાય છે. તે અનુષ્ઠાન કર્ત્તવ્ય અને આદરણીય છે. ૨૫

અમૃતાનુષ્ઠાનનું સામાન્ય લક્ષણ.

जैनीमाज्ञां पुरस्कृत्य प्रवृत्तं चित्तशुध्धितः
संवेग गर्भमत्यंतममृतं तद्विदो विदुः ॥ ૨૬ ॥

ભાવાર્થ—શ્રી જીનેશ્વરની આજ્ઞાને આગળ ધરી, ચિત્તની શુધ્ધિ પૂર્વક આચરણ કરે અને અત્યંત સંવેગ ભાવને ધારણ કરે તેને ગણધરો અમૃતાનુષ્ઠાન કહે છે. ૨૬

વિશેષાર્થ—ભાવ ધર્મને એટલે ચિત્તની શુધ્ધિને નિરંતર ઉજ્વળ રાખે અને તેની સાથે પ્રભુની આજ્ઞાનું કોઇ રીતે ઉલ્લંઘન થઇ ન જાય તેવી સાવચેતી રાખી પરમ વૈરાગ્યને ધારણ કરે, તેને શાસ્ત્રકારો અમૃતાનુષ્ઠાનનું લક્ષણ કહે છે. ૨૬

અમૃતાનુષ્ઠાનનું વિશેષ લક્ષણ.

शास्त्रार्थालोचनं सम्यक् प्रणिधानं च कर्मणि ।
कालाद्यगाविपर्यासोऽमृतानुष्ठानलक्षणम् ॥ ૨૭ ॥

ભાવાર્થ—શાસ્ત્રના અર્થનો વિચાર, ક્રિયાને વિષે સમ્યગ્ ધ્યાન, કાળાદિકના અંગની અવગણના—એ અમૃતાનુષ્ઠાનનાં લક્ષણો છે. ૨૭

વિશેષાર્થ—જેને અમૃતાનુષ્ઠાન પ્રાપ્ત થયેલ હોય, તે પુરૂષ શાસ્ત્રના અર્થનો વિચાર કરે છે. ધર્મની ક્રિયા કરવામાં વીર્યનો

ઉલ્લાસ ધારણ કરે છે, પંચમ કાળના દોષને ગણતો નથી, અથવા જે કાળે જે ક્રિયા ઉચિત હોય, તે કરે છે—એ અમૃતાનુષ્ઠાનનાં લક્ષણો છે. એટલે અમૃતાનુષ્ઠાનને કરનારા પુરૂષમાં તેવાં લક્ષણો હોય છે. ૨૭

કયા કયા અનુષ્ઠાનો શ્રેષ્ટ અને નેષ્ટ છે ?

દ્વયં હિ સદનુષ્ઠાનં ત્રયમત્રાસદેવ ચ ।
તત્રાપિ ચરમં શ્રેષ્ઠં મોહોગ્રવિષનાશનાત્ ॥ ૨૮ ॥

ભાવાર્થ—તે પાંચે અનુષ્ઠાનમાં છેલ્લાં બે તધ્ધેતુ અને અમૃતાનુષ્ઠાન, સત્ છે અને પહેલાં ત્રણ વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન અને અનનુષ્ઠાન—અસત્ છે, પણ તેમાં છેલ્લું અમૃતાનુષ્ઠાન મોહના ઉગ્ર વિષને નાશ કરવાથી શ્રેષ્ઠ છે. ૨૮

વિશેષાર્થ—પાંચ પ્રકારના અનુષ્ઠાનમાં તધ્ધેતુ અને અમૃતાનુષ્ઠાન—એ બે અનુષ્ઠાનો સત્ છે, એટલે આદરવા યોગ્ય છે, કારણ કે, તેની અંદર સમ્યક્ત્વ બીજની નિર્મળતા અને ભાવધર્મની પ્રાપ્તિ થાય છે. અને પહેલાં વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન અને અનનુષ્ઠાન અસત્ છે, કારણ કે, તેની અંદર ક્રિયાની શુદ્ધિ હોતી નથી. એ તધ્ધેતુ અને અમૃતાનુષ્ઠાનમાં, અમૃતાનુષ્ઠાન અતિશય શ્રેષ્ઠ છે. કારણ કે, તેમાં મોહ રૂપ ઉગ્ર વિષનો નાશ થાય છે. તેથી તે અત્યંત આદરણીય અને આચરણીય છે. ૨૮

સદનુષ્ઠાનનું લક્ષણ.

आदरः करणे प्रीतिरविघ्नसंपदागमः ।
जिज्ञासा तद्ज्ञसेवा च सदनुष्ठानलक्षणम् ॥ २९ ॥

ભાવાર્થ—ક્રિયામાં આદર કરે અને તે પર પ્રીતિ રાખે, તેમાં મોટી સંપત્તિ પ્રાપ્ત કરે, તત્ત્વ જાણવાની ઇચ્છા રાખે, અને તે તત્ત્વને જાણનારની સેવા કરે, તે સદ્અનુષ્ઠાનનું લક્ષણ છે. ૨૯

વિશેષાર્થ—જેને સત્ અનુષ્ઠાન પ્રાપ્ત થયું હોય, અથવા જે સત્ અનુષ્ઠાન કરવા તત્પર હોય, તે ધર્મની શુદ્ધ ક્રિયામાં આદર કરે છે, તેને આચરવામાં પ્રીતિ રાખે છે, તેને મોટી સંપત્તિ પ્રાપ્ત થાય છે, તેના હૃદયમાં તત્ત્વને જાણવાની ઇચ્છા પ્રગટ થાય છે, અને તે ઇચ્છાને લઈ તત્ત્વને જાણનારાની સેવા કરે છે. આવાં લક્ષણો જેમાં દેખાય, તે સત્ અનુષ્ઠાન કહેવાય છે. જેના યોગથી પુરૂષ ઉત્તમ ગતિનો અધિકારી બને છે, તેથી ઉત્તમ જીવોએ સર્વદા સદનુષ્ઠાન આચરવામાં તત્પર રહેવું. ૨૯

તે સદનુષ્ઠાનના ચાર પ્રકાર પણ દર્શાવેલા છે.

भेदैर्जिज्ञं भवेदिच्छा प्रवृत्ति स्थिर सिद्धिजिः ।
चतुर्विधमिदं मोक्षयोजनाद्योगसंज्ञितम् ॥ ३० ॥

ભાવાર્થ—ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર ભેદથી ભેદ પામેલું સત્ અનુષ્ઠાન મોક્ષની સાથે યોજવાથી યોગના નામથી કહેવાય છે. ૩૦

વિશેષાર્થ—શુદ્ધ ક્રિયાવાળું તે સત્ અનુષ્ઠાન, ઇચ્છા, પ્રવૃત્તિ સ્થિરતા અને સિદ્ધિ એવા ચાર ભેદવાળું છે. તેનો મોક્ષની સાથે યોગ હોવાથી તે **યોગ**ના નામથી ઓળખાય છે. ૩૦

ઇચ્છા અને પ્રવૃત્તિનાં લક્ષણ.

इच्छा तद्वत्कथा प्रीतिर्युक्ता विपरिणामिनी ।
प्रवृत्तिः पालनं सम्यक् सर्वत्रोपशमान्वितम् ॥ ३१ ॥

ભાવાર્થ—ગુરૂનો ઉપદેશ તથા કથા ઉપર, ન ફરે તેવી પ્રીતિ તે **ઇચ્છા** કહેવાય છે. અને ગુરૂના કહેવા પ્રમાણે ઉપશમ સહિત વ્રત પાળે, તે પ્રવૃત્તિ કહેવાય છે. ૩૧

વિશેષાર્થ—ગુરૂનો ઉપદેશ સાંભળવાની અને ધર્મ કથાની પ્રીતિ, તે ઇચ્છા કહેવાય છે, તે પ્રીતિ સામાન્ય નહીં, પણ અવ્યભિચારી હોવી જોઇએ. અને ગુરૂ જે કહે તે પ્રમાણે વર્ત્તવું, પણ તે ઉપશમ સાથે વર્ત્તવું, તે **પ્રવૃત્તિ** કહેવાય છે. ૩૧

સ્થિરતા અને સિદ્ધિનાં લક્ષણ.

सत्क्षयोपशमोत्कर्षा दतिचारादिचिंतया ।
रहितं तु स्थिरं सिद्धिः परेषामर्थसाधकम् ॥ ३२ ॥

ભાવાર્થ—સારા ક્ષયોપશમના ઉત્કર્ષથી અતિચાર વગેરેની ચિંતા ન રાખે, અર્થાત્ અતિચાર ન લગાડે તે **સ્થિરતા** કહેવાય છે, અને બીજાઓનાં અર્થને સિદ્ધ કરાવે, તે સિદ્ધિ કહેવાય છે. ૩૨

વિશેષાર્થ—ગ્રંથકાર સ્થિરતાયોગ અને સિદ્ધિયોગનાં લક્ષણ કહે છે. ઉત્તમ પ્રકારના ક્ષયોપશમના ઉત્કર્ષથી અતિચાર ન લગાડે અને મનને સ્થિરતામાં વર્ત્તાવે, તે સ્થિરતાયોગ કહેવાય છે, અને નિરતિચાર એવી શુદ્ધ ક્રિયામાં બીજા પ્રાણીઓને યોજી તેમનો અર્થ પણ સધાવે, તે સિદ્ધિયોગ કહેવાય છે. ૩૨

તે ઇચ્છાદિ ચાર ભેદોમાં શ્રદ્ધા-પ્રીતિનો યોગ થવાથી બીજા વિચિત્ર ભેદો પડે છે.

ભેદા ઇમે વિચિત્રાઃ સ્યુઃ ક્ષયોપશમભેદતઃ ।
શ્રદ્ધાપ્રીત્યાદિયોગેન ભવ્યાનાં માર્ગગામિનામ્ ॥ ૩૩ ॥

ભાવાર્થ—ક્ષયોપશમના ભેદથી શ્રદ્ધા-પ્રીતિ વગેરેના યોગવડે માર્ગાનુસારી એવા ભવ્ય જીવોને ઇચ્છાદિ યોગના વિચિત્ર ભેદ થાય છે. ૩૩

વિશેષાર્થ—ક્ષયોપશમના ભેદથી અને શ્રદ્ધા-પ્રીતિ વગેરેના યોગથી તે ઇચ્છાદિ યોગના વિચિત્ર ભેદ થઇ શકે છે. એ ભેદો કોને લાગુ પડે છે ? તેને માટે ગ્રંથકાર કહે છે કે, માર્ગાનુસારી એવા ભવ્ય જીવોને, એ ભેદો લાગુ પડે છે, એટલે માર્ગાનુસારી ભવ્ય જીવોને અનુસરીને એ ભેદો હોઇ શકે છે. ૩૩

તે પ્રકાર દર્શાવે છે.

અનુકંપા ચ નિર્વેદઃ સંવેગઃ પ્રશમસ્તથા ।
એતેષા મનુભાવાઃ સ્યુરિચ્છાદીના યથાક્રમમ્ ॥ ૩૪ ॥

ભાવાર્થ—અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ–એ અનુક્રમે ઇચ્છા યોગ વગેરેના અનુભાવ–પ્રકાર છે. ૩૪

વિશેષાર્થ—ઇચ્છા યોગનો અનુભાવ અનુકંપા, પ્રવૃત્તિ યોગનો અનુભાવ નિર્વેદ, સ્થિરતાયોગનો અનુભાવ સંવેગ અને સિદ્ધિ યોગનો અનુભાવ પ્રશમ આ પ્રમાણે અનુક્રમ લેવો. ૩૪.

એ ઇચ્છાયોગાદિકનું સાફલ્ય શ્રાવક અને યતિ બંનેને થાય છે.

कायोत्सर्गादि सूत्राणां श्रद्धामेधादिभावतः।
इच्छादियोग साफल्यं देशसर्वव्रतस्पृशाम् ॥ ३५ ॥

ભાવાર્થ—કાયોત્સર્ગાદિ આવશ્યક સૂત્રની શ્રદ્ધા, બુદ્ધિ વગેરે ભાવથી દેશવ્રત વાળા શ્રાવકોને તથા સર્વવ્રત વાળા મુનિને ઇચ્છાદિ યોગનું સાફલ્ય પ્રાપ્ત થાય છે. ૩૫

વિશેષાર્થ—ઇચ્છા યોગ વગેરે ક્યારે સફળ થાય છે? તે વિષે ગ્રંથકાર કહે છે. કાયોત્સર્ગાદિ આવશ્યક સૂત્ર ઉપર ભાવથી શ્રદ્ધા થાય, અને તે તરફ શુદ્ધ બુદ્ધિ પ્રવર્તે તો, ઇચ્છાયોગ વગેરે સફળ થાય છે. તે કોને સફળ થાય છે? એવો પ્રશ્ન ઉઠતાં ગ્રંથકાર કહે છે કે, શ્રાવક અને મુનિ બંનેને તે સફળ થાય છે. પણ તે બંને જ્યારે વ્રતધારી હોય તો, તે સફળ થાય છે. શ્રાવક દેશથી વ્રત ધારી હોય, અને મુનિ સર્વથી વ્રતધારી હોય તો તે સફળ થાય છે. ૩૫

તે ઇચ્છાદિયોગમાં ભેદ ભાવ કેવી રીતે હોય, તે દ્રષ્ટાંત પૂર્વક સમજાવે છે.

गुडखंडादि माधुर्य भेदवत् पुरुषांतरे ।
भेदेऽपीच्छादि भावानां दोषोनार्थान्वयादिह ॥ ३६ ॥

ભાવાર્થ—ગોળ, ખાંડ વગેરેના માધુર્યનો ભેદ જેમ પુરૂષ વિશેષમાં રહેલો છે, તેમ ઇચ્છાદિ યોગના ભેદ પણ તેવી રીતે રહેલ છે, અર્થ-ફળમાં તો તેમનો ભેદ નથી, તેથી તે દુષિત નથી. ૩૬

વિશેષાર્થ—ઇચ્છાદિ યોગના ભેદ જુદા જુદા દર્શાવ્યા છે, પણ તેઓ ફળમાં એકજ છે, એટલે ફળ પ્રાપ્ત કરવામાં તેમની એકતા છે. તે વાતને દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે. જેમ ગોળ, સાકર વગેરેમાં મધુરતા સરખી છે, પણ પુરૂષને લઇને તેનામાં ભેદ રહેલો છે, એટલે કોઇને ગોળ મીઠો લાગે છે, કોઇને સાકર મીઠી લાગે છે, અને ખાંડ મીઠી લાગે છે. તે મીઠાશ એક છે, પણ પુરૂષને લઇને તેના સ્વાદમાં ભિન્નતા દેખાય છે, તેવી રીતે પુરૂષોની પ્રકૃતિ ભિન્ન ભિન્ન છે, માટે ઇચ્છાદિ યોગના ભાવમાં ભેદ રહેલા દેખાય છે, તેથી તેમાં કોઇ જાતનું દૂષણ નથી. જેમ ગોળ વગેરેની મીઠાશ જુદી જુદી છે, પણ મીઠાશનો અર્થ-ફળ એકજ છે. એટલે ગમે તે મીઠાશથી મિઠાશ પણાનો અર્થ સરે છે, તેમ ઇચ્છાદિક યોગના જો કે ભેદ દર્શાવ્યા છે, તોપણ તેમનાથી એકજ ફળ મળે છે, તેમાં કાંઇ પણ દૂષણ માનવું નહીં. તેઓ પરિણામે અભેદ રૂપેજ પ્રવર્ત્તે છે. ૩૬

જેમનામાં ઇચ્છાદિ યોગનો લેશ પણ નથી, તેઓમાં સ્પુટ મૃષાવાદજ છે.

येषां नेच्छादिलेशोऽपि तेषां त्वेतत्समर्पणे ।
स्फुटो महामृषावाद इत्याचार्याः प्रचक्षते ॥ ३७ ॥

ભાવાર્થ—જેમનામાં ઇચ્છાદિ યોગનો લેશ પણ નથી, તેમને એ ઇચ્છાદિ યોગ અર્પણ કરવામાં સ્પુટ એવો મહા મૃષાવાદનો દોષ લાગે છે, એમ આચાર્યો કહે છે. ૩૭

વિશેષાર્થ—જેઓ શુદ્ધ અનુષ્ઠાન આચરવાની ઇચ્છા રાખતા હોય, પણ તેમનામાં ઇચ્છાદિ યોગનો લેશ ન હોય તો, તેઓ તે અનુષ્ઠાનને અયોગ્ય છે. તેથી તેમને ઇચ્છાદિ યોગ આપવામાં પ્રગટ રીતે મહા મૃષાવાદનો દોષ લાગે છે, એમ પ્રાચીન આચાર્યો કહે છે. ૩૭

उन्मार्गो त्थापनं बाढ मसमंजसकारणे ।
भावनीयमिदं तत्त्वं जानानै र्योगविंशिकाम् ॥ ३८ ॥

ભાવાર્થ—જે અત્યંત અનુચિત કારણ છે, તેની અંદર ઉન્માર્ગનું સ્થાપન થાય છે, તેથી યોગવિંશિકા ગ્રંથના જાણનારા પુરૂષોએ તત્ત્વનો વિચાર કરી આ સદનુષ્ઠાન આચરવું. ૩૮

વિશેષાર્થ—જે કારણ અનુચિત છે, એટલે સત્કાર્ય પરત્વે જે કારણ સર્વ રીતે ઉચિત નથી, તેમાં પ્રવર્ત્તવાથી ઉન્માર્ગનું સ્થાપન થાય છે, એટલે ઉન્માર્ગે પ્રવૃત્તિ કરાય છે, તેથી યોગ-

વિંશિકા નામના ગ્રંથને જાણનારા પુરૂષોએ તત્ત્વનો વિચાર કરી, આ સદનુષ્ઠાનને આચરવું. જો યોગવિંશિકા ગ્રંથ જાણવામાં આવ્યો હોય તો, તેમાંથી ઇચ્છાદિ યોગનું શુદ્ધ સ્વરૂપ સારી રીતે સમજાય છે. તેથી તેના જ્ઞાતા પુરૂષો સદનુષ્ઠાનનું શુદ્ધ સ્વરૂપ સારી રીતે સમજી શકે છે. એટલે તેઓ અનુચિત કારણને સમજી લે છે. પછી તેઓ ઉન્માર્ગે પ્રવૃત્તિ કરતા નથી. માટે યોગવિંશિકા જાણી અને અનુચિત કારણ દૂર કરી સર્વદા સદનુષ્ઠાન આચરવું. ૩૮

છેવટે શું કરવું જોઇએ ?

ત્રિધા તત્સદનુષ્ઠાનમાદેયં શુદ્ધચેતસા ।
જ્ઞાત્વા સમયસદ્ભાવં લોક સંજ્ઞાં વિહાય ચ ॥ ૩૯ ॥

ભાવાર્થ—તેથી સિદ્ધાંતનો સદ્ભાવ જાણી, અને લોક સંજ્ઞાને છોડી દઇ, શુદ્ધ ચિત્ત વડે મન, વચન અને કાયાએ કરી, સદનુષ્ઠાનને સેવવું. ૩૯

વિશેષાર્થ—છેવટે ઉપસંહાર કરતાં ગ્રંથકાર કહે છે કે મન, વચન અને કાયાવડે સદનુષ્ઠાન સેવવું. તે સેવવાને માટે ત્રણ બાબત ધ્યાનમાં રાખવાની છે. પ્રથમ તો સિદ્ધાંતનો ભાવ જાણવો, કારણ કે, સિદ્ધાંત જાણ્યા વિના સદનુષ્ઠાનનું સ્વરૂપ સમજાતું નથી, તેથી સિદ્ધાંત દ્વારા સદનુષ્ઠાનનું પ્રથમ સ્વરૂપ જાણવું; અને લોક સંજ્ઞાનો ત્યાગ કરી દેવો. અર્થાત્ લોક રીતિ, સાંસારિક ઉપાધિમાંથી દૂર થઇ જવું. જ્યારે સિદ્ધાંત ભાવ સમજવામાં આવે છે, ત્યારે પ્રાયે કરીને લોકસંજ્ઞાનો ત્યાગ થઇ જાય છે. પછી સ-

દનુષ્ઠાન આચરવું. તેને આચરવામાં હૃદય શુદ્ધ રાખવું. હૃદયની શુદ્ધિથી સદનુષ્ઠાન સારૂં સધાય છે. જ્યાં સુધી હૃદય શુદ્ધિ નહોય, ત્યાં સુધી સદનુષ્ઠાન સિદ્ધ થતું નથી. ટૂંકામાં સિદ્ધાંતના ભાવનું જ્ઞાન, લોઢ સંજ્ઞાનો ત્યાગ અને શુદ્ધ હૃદય–એ ત્રિપુટીનો યોગ હોય તો, સદનુષ્ઠાન સારી રીતે સાધી શકાય છે, એ ભાવાર્થ છે. ૩૯

इति दशमः सदनुष्ठानाधिकारः



અધિકાર ૧૧ મો.

मनःशुद्धि नामाधिकारः ।

ઉચિત આચરણની ઇચ્છાવાળાએ પ્રથમ મનની શુદ્ધિ કરવી જોઇએ.

उचितमाचरणं शुभमिच्छतां
प्रथमतो मनसः खलु शोधनम्।।
गदवतां ह्यकृते मलशोधने
कमुपयोगमुपैतु रसायनम् ।। १ ।।

ભાવાર્થ—શુભ એવા ઉચિત આચરણની ઇચ્છાવાળા પુરૂષોએ પ્રથમ મનની શુદ્ધિ કરવી જોઇએ. રોગીને મલશુદ્ધિ કર્યા વગર રસાયન આપે તો, કયા ઉપયોગને પામે ? ૧

વિશેષાર્થ—સદનુષ્ઠાનનો અધિકાર કહ્યા પછી, હવે ગ્રંથકાર મનઃ શુદ્ધિનો અધિકાર કહે છે. કારણ કે, સદનુષ્ઠાન કરવામાં મનની શુદ્ધિની આવશ્યકતા છે. સદનુષ્ઠાન કરવામાં પ્રવર્તેલા મનુષ્યને મનની શુદ્ધિ થાય છે, અને તે પછી અધ્યાત્મનો અધિકાર પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી મનની શુદ્ધિ થતી નથી ત્યાં સુધી

અધ્યાત્મની શુદ્ધિ પણ થતી નથી, તેથી હવે મનઃ શુદ્ધિના અધિકારનો આરંભ કરે છે. જે પુરૂષો શુભ આચરણ કરવાને ઇચ્છતા હોય, તેમણે પ્રથમ મનની શુદ્ધિ કરવી જોઇએ. તે વાત દ્રષ્ટાંતથી સિદ્ધ કરે છે. રોગી પુરૂષને રસાયન–ઔષધ આપવું હોય તો, પ્રથમ મલ શુદ્ધિ કરવી જોઇએ. મલ શોધન કર્યા વિના આપેલું રસાયન નકામું થાય છે, તે આરોગ્ય કરી શકતું નથી. જેમ રસાયન આપવામાં મલશુદ્ધિની આવશ્યકતા છે, તેમ શુભ આચરણ કરવામાં મનની શુધ્ધિની જરૂર છે. ૧

મનની નિર્મળતા હોય તો, રાગ, દ્વેષ કરવામાં પણ હાની નથી.

परजने प्रसन्नं किमु रज्यते द्विषति वा स्वमनो यदि निर्मलम्।
विरहिणा मरते जगतो रते रपि च का विकृति र्विमले विधौ ॥३॥

ભાવાર્થ—જો પોતાનું મન નિર્મળ હોય તો, પરજન અત્યંત રાગ કરે, અથવા દ્વેષ કરે, તો પણ શું થવાનું હતું? વિરહિલોકોને અરતિ–અપ્રીતિ થાય, અને જગત્‌ને રતિ–પ્રીતિ થાય તેથી નિર્મળ ચંદ્રને શી વિકૃતિ થવાની? ૨

વિશેષાર્થ—કદિ કોઇ માણસનો અત્યંત રાગ થઇ જાય અથવા કોઇ કારણથી દ્વેષ થઇ જાય, તો પણ જો મન નિર્મળ હોય તો તે રાગ–દ્વેષથી પણ હાની થતી નથી. એટલે શુદ્ધ હૃદય વાળાને રાગ અથવા દ્વષ હાની કર્તા થતો નથી. તે વાત સિદ્ધ કરવાને દ્રષ્ટાંત આપે છે. ચંદ્રના ઉદયથી પ્રિયા અથવા પ્રિયના વિ-

યોગી લોકોને અરતિ-અપ્રીતિ-દ્વેષ ઉત્પન્ન થાય છે, અને બીજા જગતના જીવોને રતિ-આલ્હાદ ઉત્પન્ન થાય છે. તે અપ્રીતિ અને પ્રીતિ ગમે તે થાઓ, પણ તેથી નિર્મળ એવા ચંદ્રને કાંઈ પણ લાગતું-વળગતું નથી. અર્થાત્ ચંદ્રને તે વિષે કાંઈ હોતું નથી. તેવીજ રીતે નિર્મળ હૃદયવાળા પુરૂષને રાગદ્વેષ કરે, તેથી તેને કાંઇ પણ દોષ લાગતો નથી. ૨

હર્ષ શોકનું કારણ મનજ છે.

रुचितमाकल्पयन्ननुपस्थितं स्वमनसैव हि शोचति मानवः ।
लपनते स्मयमान मुखः पुनर्भवति तत्र परस्य किमुच्यताम् ॥३॥

ભાવાર્થ—મનુષ્ય પોતાની રૂચિ પ્રમાણે વસ્તુ પ્રાપ્ત ન થવાથી શોક કરે છે, અને જ્યારે તે વસ્તુ પ્રાપ્ત થાય છે, ત્યારે તે હસતા મુખવાળો થઇ ખુશી થાય છે, તો પછી બીજાએ સારૂં-નરસું કર્યું એમ શું કહેવું ?

વિશેષાર્થ—હર્ષ અને શોક થવાનું કારણ મનજ છે. જો પોતાની રૂચિ પ્રમાણે વસ્તુ પ્રાપ્ત થાય છે, તો હર્ષ થાય છે, અને જો તે પ્રાપ્ત ન થાય તો, શોક થાય છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે હર્ષ અને શોકનું કારણ મનજ છે. મનને લઇને આત્માને હર્ષ શોક થયા કરે છે, તેમાં બીજાનાં સારાં નરસાં ઉપર જોવાનું નથી.૩

મનને કપિનું રૂપક આપે છે.

चरणयोग घटान् प्रविलोठयन् शमरसं सकलं विकिरत्यधः ।
चपल एष मनः कपि रुच्चकैरसवणिग् विदधातु मुनिस्तु किम् ॥४॥

ભાવાર્થ—એ મનરૂપી ચપળ મર્કટ ચરણયોગ-ચારિત્રના યોગરૂપ ઘડાને ઊંધેવાળી સર્વ શમતાના રસને ઊંચે પ્રકારે ઢોલી નાંખે છે, તેની આગળ શમરસનો વેપારીરૂપ મુનિ શું કરી શકે? ૪

વિશેષાર્થ—ગ્રંથકાર મનને મર્કટનું રૂપક આપી વર્ણવે છે. જેમ કોઇ રસનો વ્યાપારી હોય, તેના રસના ઘડાને મર્કટ ઊંધા-વાળી તે રસ ઢોળી નાંખે તો, તે બીચારો વેપારી શું કરી શકે? તેવી રીતે મુનિ એક શમ રસનો વેપારી છે, તેની શમતા એ તેનો રસ છે. ચારિત્રયોગ એ તે શમતા રસના ભરેલા ઘડા છે. તે ઘડાને મનરૂપી મર્કટ જો ચપળ થાય છે, તો ઢોળી નાંખે છે. જ્યારે શમ-તારૂપ રસના ચારિત્રયોગ રૂપ ઘડા ઢોળાઈ જાય તો, પછી બિચારો મુનિ લાચાર અવસ્થામાં આવી પડે. કહેવાનો આશય એવો છે કે, પવિત્ર મુનિએ મનરૂપી મર્કટને વશ રાખવો જોઇએ; તેને ચપળ થવા ન દેવો જોઇએ. જો મન સ્થિર રહે તો, મુનિ ચારિત્રયોગ અને શમતાને જાળવી શકે છે. તે શિવાય તે જાળવી શકતો નથી. અર્થાત્ મનની શુદ્ધિ પ્રથમ આચરણીય છે. ૪

મનને અશ્વનું રૂપક આપે છે.

सतत कुट्टिम संयम चूतद्वोत्थितरजो निकरैः प्रथयं स्तंमः ।
अति दृढश्च मनस्तुरगो गुणै रपि नियंत्रित एष न तिष्ठति ॥५॥

ભાવાર્થ—અતિ દૃઢ એવો મન રૂપી ઘોડો સતત્ દાબેલી સંયમ રૂપ જમીનમાંથી ઊડાડેલ કલુષતા રૂપ ધુળના સમૂહ વડે અજ્ઞાન રૂપ અંધકારને ફેલાવતો શ્રુત રૂપ ગુણ-દોરીથી બાંધેલો છે, છતાં તે સ્થિર રહેતો નથી. ૫

વિશેષાર્થ—ગ્રંથકાર મનને ઘોડાનું રૂપક આપી વર્ણવે છે. જેમ તોફાની ઘોડો દોરીથી બાંધેલો હોય, તોપણ દાબેલી જમીનને ખોદી તેમાંથી ધુળ ઊડાડે છે, અને તે વડે ચારે તરફ અંધકાર ફેલાવેછે, તે અતિ દૃઢ હોવાથી કબજામાં રહેતો નથી, તેવી રીતે મુનિનો મનરૂપી ઘોડો શ્રુત રૂપ દોરીથી બાંધેલો છે, તે છતાં તે દાબેલી કર્મ રૂપી ધુળવાળી સંયમ રૂપ જમીનને ઉખેડો તેમાંથી અજ્ઞાન રૂપ ધુળ ઊડાડે છે, અને તે વડે અજ્ઞાન રૂપ અંધકારને ફેલાવે છે, તેથી દરેક મુનિએ એ મન રૂપી ઘોડાને વશ રાખવો જોઇએ. મુનિ શાસ્ત્રના જ્ઞાતા હોય, તે છતાં જો તે મન રૂપી અશ્વને કબજામાં ન રાખે તો તે તોફાની મન રૂપી ઘોડો તેના સંયમનો નાશ કરી, કર્મના બંધને કરે છે, અને અજ્ઞાનતામાં ફેંકી દેછે. તેથી સર્વથા મનને વશ કરવા પ્રયત્ન કરવો. ૫

મનને પવનનું રૂપક આપે છે.

जिनवचो घन सार मलि म्लुचः कुसुम सायक पावक दीपकः।
अहह कोऽपि मनः पवनो बली शुभमति द्रुमसंतति जंगकृत् ॥६॥

ભાવાર્થ—અહા ! કોઇ મન રૂપી પવન એવો બળવાન્ છે કે, તે જિનવચન રૂપ બરાશને ચોરનારો છે. કામદેવ રૂપ અગ્નિને પ્રદીપ્ત કરનારો છે, અને શુભ બુદ્ધિ રૂપ વૃક્ષોની શ્રેણીને ભાંગનારો છે. ૬

વિશેષાર્થ—ગ્રંથકાર મનને પવનનું રૂપક આપી વર્ણવે છે. જેમ તોફાની પવન બરાશની સુગંધને હરનારો છે, તેમ મન રૂપી પવન જિન ભગવાન્ના વચન રૂપ બરાશને હરનારો છે. જેમ

પવન, લાગેલા અગ્નિને પ્રદીપ્ત કરે છે, તેમ મન રૂપી પવન કામ દેવ રૂપ લાગેલા અગ્નિને પ્રદીપ્ત કરે છે. અને જેમ પવન વૃક્ષોની શ્રેણીને ભાંગી નાખે છે, તેમ મન રૂપી પવન શુભ બુદ્ધિ રૂપ વૃક્ષ શ્રેણીને ભાંગી નાખે છે. કહેવાનો આશય એવો છે કે, જો મનને વશ કરવામાં ન આવે તો, તે જિનવચન તરફ ઉપેક્ષા રખાવે છે, કામ-વિષયોને વધારે છે, અને શુભ બુદ્ધિનો નાશ કરે છે, માટે સર્વથા મનને વશ કરવું જોઇએ. ૬

મનને મદોન્મત્ત ગજેંદ્રનું રૂપક આપે છે.

चरणगोपुरत्नंगपरः स्फुरत् समय बोधतरूनपि पातयन् ।
भ्रमति यद्यति मत्त मनो गजः क्वकुशलं शिवराज पथे तदा॥७॥

ભાવાર્થ—ચારિત્ર રૂપ દરવાજાને ભાંગવામાં તત્પર થયેલો અને સ્ફુરણાયમાન એવા સિદ્ધાંતનાં બોધ રૂપી વૃક્ષોને પાડી દેતો, અતિ ઉન્મત્ત મન રૂપી હાથી જો ભમ્યા કરે છે, તો મોક્ષના રાજમાર્ગમાં કુશલ ક્યાંથી હોય? ૭

વિશેષાર્થ—ગ્રંથકાર મનને ઉન્મત્ત હાથીનું રૂપક આપી વર્ણવે છે. જેમ અતિ ઊન્મત્ત હાથી દરવાજાને તોડતો અને વૃક્ષોને પાડતો, જો રાજમાર્ગમાં ભમતો હોય તો, પછી ત્યાં જનારાઓનું કુશળ થતું નથી, તેમ મન રૂપી ઊન્મત્ત હાથી જો મોક્ષના રાજમાર્ગમાં ભમતો હોય તો, પછી ત્યાં જવાની ઇચ્છા રાખનારાઓનું કુશલ થતું નથી. તે મન રૂપી ઉન્મત્ત હાથી ચારિત્ર રૂપ દરવાજાને ભાંગી નાંખે છે, અને સિદ્ધાંતનાં બોધ રૂપ વૃક્ષોને તોડી

પાડે છે. અર્થાત્ જો મન ઉન્મત્ત બની ગયું હોય, એટલે પોતાને તાબે ન હોય, તો તે ચારિત્રનો ભંગ કરે છે, અને સિદ્ધાંતના બોધમાંથી ભ્રષ્ટ કરે છે, તેથી ઉત્તમ પુરૂષોએ પ્રથમ મનને સ્વાધીન કરવું જોઇએ. ૭

મનને અગ્નિનું રૂપક આપે છે.

વ્રતતરૂન્ પ્રગુણી કુરુતે જનો દહતિ દુષ્ટમનોદહનઃ પુનઃ
નનુ પરિશ્રમ એષ વિશેષવાન્ ક ઇવતા સુમુણો પવનોદયે ॥૮॥

ભાવાર્થ—મુનિ, સુગુણ રૂપ ઉપવનમાં વ્રત રૂપી વૃક્ષોને તૈયાર કરે છે, પણ દુષ્ટ મન રૂપી અગ્નિ તેને બાળી નાંખે છે. પછી તેનો વિશેષ પરિશ્રમ શી રીતે સફળ થાય ? ૮

વિશેષાર્થ—ગ્રંથકાર દુષ્ટ મનને અગ્નિની ઉપમા આપે છે. મુનિ, ગુણ રૂપ ઉપવનમાં ગમે તેટલાં વ્રત રૂપી વૃક્ષો તૈયાર કરે, પણ દુષ્ટ મન રૂપી અગ્નિ તેને બાળી નાંખે છે. કહેવાનો આશય એવો છે કે, મુનિ મહા વ્રતોને સારી રીતે પાળે, પણ જો તે મનને વશ કરે નહીં, તો તેનાં વ્રત નષ્ટ થઇ જાય છે, અને ગુણ ઉપર કરેલો પરિશ્રમ વૃથા થઇ જાય છે. ૮

મનનો નિગ્રહ કર્યા વિના કરેલ શુભ ક્રિયા નિષ્ફળ થાય છે.

અનિગૃહીતમનાઃ વિદધત્પરામ્ ન વપુષા વચસા ચ શુભક્રિયામ્ ।
ગુણમુપૈતિ વિરાધનયાનયા બત દુરંતભવભ્રમમંચતિ ॥ ૯॥

ભાવાર્થ—મનને નિગ્રહ કર્યા વિના શરીર અને વચનથી કરેલી ઉત્કૃષ્ટ શુભ ક્રિયા કાંઇ પણ ગુણવાળી થતી નથી, પણ એની વિરાધનાથી દુરંત ભવનું ભ્રમણ કરાવે છે, એ ખેદની વાત છે. ૯

વિશેષાર્થ—જે પુરૂષ મનનો નિગ્રહ કર્યા વગર શરીર અને વચનથી ઉત્કૃષ્ટ એવી શુભ ક્રિયા કરે છે, તેની તે ક્રિયા કાંઇ પણ ગુણ આપતી નથી, પણ ઊલટી વિરાધનાથી તે આ અનંત સંસારમાં ભ્રમણ કરાવે છે. કારણ શરીર અને વચનના યોગથી સારી ક્રિયા કરવામાં આવે, પણ જો તેની અંદર મનનો નિગ્રહ ન કર્યો હોય તો, મનની ચપળતાને લઈને અનેક જાતની વિરાધના થઇ આવે છે, તેથી શુભ ક્રિયાનું ફળ મળતું નથી. એટલું જ નહીં પણ ઉલટું આ સંસારમાં અનંત વાર ભ્રમણ કરવું પડે છે. તેથી સર્વ ક્રિયાઓમાં મનોનિગ્રહ કરવાની આવશ્યકતા છે. ૯

મનનો નિગ્રહ કર્યા વિના નરકની પણ પ્રાપ્તિ થાય છે.

अनिगृहीत मनाः कुविकल्पतो नरकमृच्छति तंदुलमत्स्यवत् ।
इयमभक्षणजा नहि जीर्णताऽनुपनतार्थ विकल्प कदर्थना ॥१०॥

ભાવાર્થ—જેણે મનનો નિગ્રહ કર્યો નથી, એવો પુરૂષ નઠારા સંકલ્પ-વિકલ્પો કરી તંદુલ મત્સ્યની જેમ નરકને પ્રાપ્ત કરે છે. નહીં પ્રાપ્ત થયેલા પદાર્થના વિકલ્પોની આ કદર્થના ભક્ષણ વગર થયેલી જીર્ણતા નથી. ૧૦

વિશેષાર્થ—જે પુરૂષે મનનો નિગ્રહ કર્યો નથી, તે પુરૂષ અનેક જાતના સંકલ્પ-વિકલ્પો કરે છે. કારણ કે, સંકલ્પ-વિકલ્પ કરવા એ મનનો ધર્મ છે. એ ધર્મને લઈને નઠારા વિકલ્પો પણ થાય છે, તે નઠારા વિકલ્પો કરવાથી વિકલ્પ કર્ત્તાને નરકની પ્રાપ્તિ થાય છે, તે ઉપર તંદુલ મત્સ્યનું દૃષ્ટાંત આપે છે. તંદુલ મત્સ્ય મોટા મછરનાં નેત્રોની પાંપણોમાં પેદા થાય છે. જ્યારે તે મહાન્ મછર બીજા નાના મત્સ્યોનું ભક્ષણ કરે છે, તે વખતે કેટલાએક નાના મત્સ્યો તેના વિશાળ મુખમાંથી બાહેર નીકળી બચી જાય છે. તેમને જોઇ તે તંદુલ મત્સ્ય મનમાં વિકલ્પ કરે છે કે, 'જો હું આ મછર રૂપે હોત તો, આ નાના મત્સ્યોને પણ બચવા ન દેત.' આવા કુવિકલ્પથી તે મત્સ્ય નરકમાં પડે છે. તેવી રીતે કુવિકલ્પ કરનારો પ્રાણી નરકમાં પડે છે. નહીં પ્રાપ્ત થયેલા અર્થ-પદાર્થના વિકલ્પોની કદર્થનાજ રવી, એ ભક્ષણ વગરની જીર્ણતાછે. તેથી સર્વથા મનનો નિગ્રહ કરવો,કે જેથી મન નઠારા વિકલ્પો કરે નહીં.૧૦

મનની ચપળતાથી શું થાય છે ?

मनसि लोलतरे विपरीततां वचननेत्रकरेंगित गोपना ।
व्रजति धूर्त्ततया ह्यनया खिलं निविडदंभपरैर्मुषितं जगत् ॥११॥

ભાવના—અતિશય ચપળ એવું મન થતાં, વચન, નેત્ર અને હાથની ચેષ્ટાઓ ગોપવે, તે વિપરીતપણાને પામે છે. એ ધૂર્તપણાને લઇને આ બધું જગત્ અતિશય દંભી એવા પુરૂષોએ લુંટેલું છે. ૧૧

વિશેષાર્થ—મનુષ્ય પોતાનાં વચન, નેત્ર અને હાથની ચેષ્ટાઓ અટકાવે, અને મન ચપળ રાખે તો તેથી વિપરીત થાય છે. એટલે કાયોત્સર્ગ કરી વચન, નેત્ર અને હાથની ચેષ્ટાઓ અટકાવે, અને મનને ચપળ થવા દે તો તેથી વિપરીત ફળ પ્રાપ્ત થાય છે. આ જગત્માં એવી ધૂર્ત્તતા બહુ ચાલે છે. અને તેવી ધૂર્ત્તતાથી દંભીલોકોએ આ વિશ્વને લુંટેલું છે. તેથી સર્વથા મનને સ્થિર કરવું. મનની સ્થિરતા વિના કરેલી કાયોત્સર્ગાદિ સર્વ ક્રિયા નિષ્ફલ થાય છે. એટલુંજ નહીં પણ, તેનાથી વિપરીત ફળ પ્રાપ્ત થાય છે. ૧૧

મનનું શોધન એ મુક્તિ–સ્ત્રીને વશ કરવાનું ઔષધ છે.

मनस एव ततः परिशोधनं नियमतो विदधीत महामतिः ।
इदमभेषजसंवननं मुनेः परपुमर्थरतस्य शिवश्रियः ॥ १२ ॥

ભાવાર્થ—તેથી મોટી બુધ્ધિવાળા પુરૂષે નિયમથી મનનુંજ પરિશોધન કરવું જોઈએ. પરમ પુરૂષાર્થમાં તત્પર એવા મુનિને તે મોક્ષ લક્ષ્મીને વશ કરવાનું ઔષધ રૂપ છે. ૧૨

વિશેષાર્થ—ગ્રંથકાર ઉપસંહાર કરતાં દર્શાવે છે. ઉપર કહેલાં સર્વ કારણોને લઇને મોટી બુધ્ધિવાળા પુરૂષે નિયમથી મનનું શોધન કરવું જોઈએ. કારણ કે, એ મનનું શોધન મોક્ષની ઇચ્છા વાળા પુરૂષને મોક્ષ–લક્ષ્મીને વશ કરવામાં ઔષધ રૂપ થાય છે. જો મુમુક્ષુ પુરૂષ મનને વશ કરે તો, તેને મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થાય છે. ૧૨

મનની શુદ્ધિ મદ-જ્વરને નાશ કરવામાં પરમ ઔષધ રૂપ છે.

प्रवचनाब्जविकासरवि प्रभा प्रशमनीरतरंगतरंगिणी ।
हृदय शुद्धि रुदीर्ण मदज्वर प्रसरनाशविधौ परमौषधम् ॥१३॥

ભાવાર્થ—પ્રવચન આગમ રૂપ કમળને વિકસિત કરવામાં સૂર્યની કાંતિ રૂપ અને પ્રશમરૂપ જળના તરંગોની નદી રૂપ એવી હૃદયની શુધ્ધિ ઉદીર્ણ એવા મદ જ્વરના વેગને નાશ કરવામાં પરમ ઔષધ રૂપ છે ૧૩

વિશેષાર્થ—હૃદયની શુધ્ધિ આગમ રૂપ કમળને વિકસિત કરવામાં સૂર્યની કાંતિ રૂપ છે. એટલે મનની શુધ્ધિ હોય તો, આગમનો બોધ સારી રીતે પ્રાપ્ત થાય છે. વળી તે હૃદયની શુધ્ધિ પ્રશમ-શમતા રૂપ જળના તરંગોની સરિતારૂપ છે, એટલે મન શુધ્ધિ કરવાથી શમતા પૂર્ણ રીતે પ્રાપ્ત થાય છે. આવી મનઃ શુદ્ધિ, ઉત્પન્ન થયેલ મદરૂપી જ્વર-તાવનો નાશ કરે છે. એટલે એવી મનઃ શુધ્ધિ જેણે પ્રાપ્ત કરી છે, એવા પુરૂષ મદને ધારણ કરતાં નથી. તે તો નિર્મળ અને શાંત રહે છે. આ ઉપરથી સંક્ષિપ્ત સાર એ લેવાનો છે કે, મનની શુધ્ધિ કરનારો પુરૂષ પ્રવચન-આગમના અર્થને જાણનારો, પ્રશમને ધારણ કરનારો અને મદથી રહિત થાય છે. ૧૩

મનઃશુદ્ધિ બીજું શું શું કરે છે ?

अनुत्तरामृत कुंभ मनुत्तर व्रतमराज्ञविद्यास पयोजिनी ।
सकलकर्म कलंक विनाशिनी मनस एव हि शुध्धिरुदाहृता ॥१४॥

ભાવાર્થ—મનની શુદ્ધિ અનુભવ રૂપ અમૃતનો કુંડ છે. ચારિત્ર રૂપ હંસને રમવાની કમલિની છે, અને સર્વ કર્મના કલંકને નાશ કરનારી છે, એમ કહેલ છે. ૧૪

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી મનની શુદ્ધિનો વિશેષ પ્રભાવ દર્શાવે છે. મનની શુદ્ધિ અનુભવ રૂપ અમૃતનો કુંડ છે, એટલે મનઃ શુદ્ધિ રાખવાથી અનુભવ જ્ઞાન પ્રાપ્ત થાય છે. વળી તે મનઃ શુદ્ધિ ચારિત્ર રૂપ હંસને વિલાસ કરવાની કમલિની છે, એટલે મનઃ શુદ્ધિ કરવાથી નિર્મળ ચારિત્ર પ્રાપ્ત થાય છે. તેમજ મનઃ શુદ્ધિ સર્વ કર્મોના કલંકને નાશ કરનારી છે, એટલે મનઃ શુદ્ધિ રાખવાથી સર્વ કર્મો નાશ પામી જાય છે. ટુંકામાં જે પુરૂષ મનઃ શુદ્ધ હોય, તે અનુભવ જ્ઞાની, નિર્મળ ચારિત્ર ધારી, અને કર્મ મળથી રહિત થાય છે. ૧૪

મનઃ શુદ્ધ રાખવાથી અશુભ વિકલ્પો નિવૃત્ત થાય છે.

प्रथमतो व्यवहार नयस्थितोऽशुभविकल्प निवृत्ति परो भवेत् ।
शुभविकल्पमय व्रत सेवया हरति कंटक एव हि कंटकम् ॥१५॥

ભાવાર્થ—પ્રથમથી વ્યવહારનયમાં રહેલો પુરૂષ અશુભ સંકલ્પ–વિકલ્પોની નિવૃત્તિ કરવામાં તત્પર રહે છે, અને જેમ કાંટાથી કાંટાને કઢાય છે, તેમ શુભ વિકલ્પમય એવા વ્રતની સેવાથી તે અશુભ વિકલ્પને હરે છે. ૧૫

વિશેષાર્થ—જે પુરૂષ પ્રથમથી વ્યવહારનયમાં રહેલો છે, એટલે શુદ્ધ વ્યવહારનય પ્રમાણે વર્ત્તે છે, તે અશુભ વિકલ્પોની નિવૃત્તિ કરે છે. કારણ કે, શુદ્ધ વ્યવહારનયમાં વર્ત્તનારા પુરૂષને અશુભ વિકલ્પો થતા જ નથી. તે મનની શુદ્ધિ કરી શકે છે. જ્યારે તે શુભ વિકલ્પમય વ્રતની સેવામાં તત્પર બને છે, ત્યારે તે સેવાથીજ તે અશુભ વિકલ્પોને હરી લે છે. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેમ કાંટો વાગ્યો હોય, તે બીજા કાંટાથી દૂર થઈ શકે છે, તેમ શુભ વિકલ્પો સેવવાથી અશુભ વિકલ્પો હરી શકાય છે. ૧૫

દેશથી નિવૃત્તિ કરવી, તે પણ મનને ગુણકારી થાયછે.

विषमधोत्य पदानि शनैः शनैर्हरति मंत्रपदावधि मांत्रिकः ।
नवति देशनिवृत्ति रपि स्फुटा गुणकरी प्रथमं मनसस्तथा ॥१६॥

ભાવાર્થ—જેમ માંત્રિક પુરૂષ મંત્રની સમાપ્તિ સુધી મંત્રના પદો બોલી, હળવે હળવે સર્પાદિકનું વિષ હરે છે, તેમ સ્ફુટ એવી દેશથી નિવૃત્તિ કરવી, તે પણ પ્રથમ મનને ગુણકારી થાયછે. ૧૬

વિશેષાર્થ—કદિ સર્વથી નિવૃત્તિ ન થઈ શકે તો પણ, જો દેશથી નિવૃત્તિ કરી હોય તો, તે પ્રથમ મનને ગુણકારી થાય છે. તે વાત દૃષ્ટાંતથી સમજાવે છે. જેમ મંત્રજ્ઞ પુરૂષ કોઈ સર્પાદિકનું વિષ હરવાને મંત્રનાં પદો સમાપ્તિ સુધી હળવે હળવે બોલી તે સર્પાદિકના વિષને હરે છે, તેમ પ્રથમ દેશથી નિવૃત્તિ કરી, હળવે હળવે મનનો નિરોધ કરવામાં આવે તો, તે મન વશીભૂત થઈ

જાયછે. તેથી કોઇ પણ પ્રકારે મનનો નિરોધ કરવાની આવશ્યકતા છે. ૧૬

મનનો નિગ્રહ કેવી રીતે કરવો જોઇએ ?

स्फुट मसद्विषयव्यवसायतो लगति यत्र मनोऽधिक सौष्ठवात् ।
प्रतिकृतिः पदमात्मनदेव वा तदवलंबन मत्र शुभं मतम् ॥ १७ ॥

ભાવાર્થ—જે મન, સ્ફુટ રીતે નઠારા વિષયના વ્યવસાયથી જે વસ્તુને વિષે અધિક ચતુરાઇથી લાગે છે, તે વસ્તુ આત્માની સાથે જોડવી, કે જેથી તે તેનું પ્રતિબિંબ ભાસે છે. જો કે તે આત્મ ધર્મ નથી, તો પણ અધ્યાત્મની રીતે તો તેનું જ શુભ અવલંબન કહેલું છે. ૧૭

વિશેષાર્થ—જો મન, નઠારા વિષયોના વ્યવહારથી જે વસ્તુને વિષે લાગેલું હોય, તો તે વસ્તુ આત્માની સાથે જોડી દેવી, એટલે અધ્યાત્મ દૃષ્ટિથી તે વસ્તુને જોવી, એટલે તે ઊપરથી મન અનાસક્ત થશે. પછી તેની અંદર તેનું પ્રતિબિંબ ભાસશે; તેથી મન સ્વતઃ નઠારા વિષયમાંથી નિવૃત્ત થઇ, અધ્યાત્મ રીતે શુભ અવલંબન કરશે. જોકે તે આત્મ ધર્મને પામશે નહી, તો પણ શુભ અવલંબન થવાથી, તે આત્મ ધર્મને પામ્યા વિના રહેશે નહીં. ૧૭

તે પછી મનની કેવી સ્થિતિ થશે ?

तदनु काचन निश्चय कल्पना विगलित व्यवहार पदावधिः ।
न किमपीति विवेचन संमुखो जयति सर्व निवृत्ति समाधये १८

ભાવાર્થ—તે પછી કોઇ જાતના નિશ્ચયની કલ્પના થશે, કે જેથી વ્યવહારપદની મર્યાદા ગલિત થવાથી 'કાંઇપણ નથી' એવો વિવેક સન્મુખ થશે; કે જેથી તે સર્વ નિવૃત્તિરૂપ સમાધિને માટે યોગ્ય થશે. ૧૮

વિશેષાર્થ—જ્યારે મન અધ્યાત્મ રીતે આત્મ ધર્મથી પ્રતિબિંબિત થશે, ત્યારે તેનામાં નિશ્ચયની કલ્પના જાગ્રત થશે, જેથી કરીને વ્યવહાર પદની મર્યાદા ગલિત થઇ જશે, અને નિશ્ચયપદ ઉપર આવશે, જેથી તેને 'કાંઇપણ નથી,' એટલે આત્મધર્મ વિના બીજું કાંઇ નથી, એવો વિવેક પ્રાપ્ત થશે, જે વિવેકને લઇને મન સર્વ નિવૃત્તિની સમાધિને માટે યોગ્ય થશે. કહેવાનો આશય એવો છે કે, દેશવિરતિને લગતા વ્યવહારનયની અપેક્ષાએ પ્રવર્ત્તેલું મન અનુક્રમે નિશ્ચય ઉપર આવી સર્વ વ્યવહારનો ત્યાગ કરશે, અને પછી વિવેકથી 'આ બધું નકામું છે, વસ્તુતાએ કાંઇ નથી,' એવા નિશ્ચય પર આવી સર્વ નિવૃત્તિ—સર્વ વિરતિપણાને પ્રાપ્ત કરશે. ૧૮

સર્વ વિષયબાહ્ય થયેલ મન શું પ્રાપ્ત કરે છે?

इह हि सर्व बहिर्विषयच्युतं
हृदयमात्मनि केवलमागतम् ।
चरण दर्शन बोध परंपरा
परिचितं प्रसरत्यविकल्पकम् ॥ १९ ॥

ભાવાર્થ—જ્યારે મન આ લોકના બાહેરના સર્વ વિષયોથી ખશી ગયું, તે પછી તે કેવળ આત્માને વિષે આવે છે. ત્યાં જ્ઞાન,

દર્શન અને ચારિત્રના બોધની પરંપરાના પરિચયવાળું થઈ, નિર્વિકલ્પપણે પ્રસરે છે. ૧૯

વિશેષાર્થ—જ્યારે મન આ જગત્‌ના બાહ્ય વિષયોમાંથી ખસી જાય છે, ત્યારે તે કેવળ આત્માની અંદર ઠરે છે, એટલે આત્મધર્મમાં વિશ્રામ પામે છે. જ્યાં તેને જ્ઞાન, દર્શન અને ચારિત્રના બોધની પરંપરાનો પરિચય થાય છે, એટલે તે જ્ઞાન, દર્શન અને ચારિત્રને પ્રાપ્ત કરે છે. એ ઉત્તમ સ્થિતિમાં રહેલા મનને પછી વિકલ્પો ઉઠતા નથી, એટલે તે નિર્વિકલ્પપણે પ્રસરે છે. અર્થાત્‌ તેને નિર્વિકલ્પ સમાધિનો અધિકાર પ્રાપ્ત થાય છે. ૧૯

એ વાત શી રીતે બને છે ? તે કહે છે.

तदिदमन्य च्छुपैत्यधुनापि नो
नियत वस्तु विलास्यपि निश्चयात् ।
क्षणमसंग मुदेति निसर्गधी—
र्हृतबहिर्ग्रह मंतरुदाचतम् ॥ २० ॥

ભાવાર્થ—નિશ્ચય નયથી સત્ય વસ્તુના વિલાસવાળું તે મન, હમણાં પણ બીજા રાગદ્વેષાદિ ભાવને પામતું નથી. સ્વાભાવિક શુદ્ધિથી બાહેરના ગ્રહણને નાશ કરનારૂં અને અંતર ઉજવલતાવાળું તે મન ક્ષણવાર નિઃસંગ ભાવને પ્રાપ્ત થે, ૨૦

વિશેષાર્થ—જ્યારે મનને નિશ્ચય ભાવ થાય છે ત્યારે તે બીજા રાગદ્વેષાદિ ભાવને છોડી દે છે. પછી તેનામાં સ્વાભાવિક શુ-

દ્ધિ ઉત્પન્ન થવાથી, તે બાહેરના ભાવને છોડી દે છે. અને અંદરના ઉજ્વળ સ્વરૂપને પામેછે, તેથી તે ક્ષણવાર નિઃસંગ પણાને પ્રાપ્ત કરે છે. એટલે જ્યારે મન નિશ્ચય નયથી વિચાર કરે છે, ત્યારે તે જે સત્ય વસ્તુ હોય, તેમાંજ વિલાસ કરે છે, અને પછી સ્વાભાવિક બુધ્ધિ ધારણ કરી, બાહ્ય ભાવ છોડી, આંતર ભાવને પામે છે. ૨૦

મનનો નિગ્રહ કરવાથી આત્મા પરમ જ્યોતિને પ્રાપ્ત કરે છે.

कृत कषाय जयः सगभीरिममप्रकृति शांतमुदात्तमुदार धीः।
समनुगृह्य मनोऽनुन्नवत्यहो गलितमोहतमः परमं महः॥२१॥

ભાવાર્થ—જેણે કષાયનો જય કરેલો છે, અને જેની ઉદાર બુધ્ધિ છે, એવો પુરૂષ ગાંભિર્ય સહિત અને પ્રકૃતિવડે શાંત એવા પોતાના મનનો નિગ્રહ કરી મોહ રૂપ અંધકાર જેમાંથી ગલિત થયેલ છે, એવી પરમ જ્યોતિને અનુભવે છે. ૨૧

વિશેષાર્થ—ક્રોધાદિ કષાયનો જય કરનાર, અને ઉદાર બુધ્ધિવાળો પુરૂષ પોતાના ગાંભીર્યવાળા, અને પ્રકૃતિવડે શાંત એવા મનનો નિગ્રહ કરી, નિર્મોહ એવી પરમ જ્યોતિનો અનુભવ કરે-છે. કહેવાનો આશય એવો છે કે, પુરૂષ ક્રોધાદિ કષાયનો જેતા હોય, અને ઉદાર બુધ્ધિવાળો હોય, પણ જો તે મનનો નિ-

ગ્રહ કરે નહીં, તો તેને પરમજ્યોતિનો અનુભવ થતો નથી. મનનો નિગ્રહ કેવી રીતે કરવો જોઈએ ? ગાંભીર્ય અને શાંતિ એ બે ગુણો પ્રાપ્ત કરી, મનનો નિગ્રહ થઇ શકે છે. જ્યારે હૃદય ગંભીર અને શાંત બને છે, ત્યારે મનનો નિગ્રહ સુગમ પડે છે, અને તેમ થયા પછી તે પવિત્ર આત્મા પરમજ્યોતિનો અનુભવ કરી શકે છે. ૨૧

જ્યારે મનની શુદ્ધિ થાય છે, ત્યારે ધૈર્ય ગુણ પ્રાપ્ત કરી, ઉજ્વળ યશની લક્ષ્મીને પામે છે.

गलितदुष्टविकल्पपरं परम्
धृत विशुद्धि मनो जवतीदृशम् ।
धृतिमुपेत्य ततश्च महामतिः
समधिगच्छति शुभ्र यशः श्रियम् ॥ २२ ॥

ભાવાર્થ—વિશુધ્ધિને ધારણ કરનારૂં મન દુષ્ટ વિકલ્પોની પરંપરાને નાશ કરનારૂં થાયછે, તેથી મોટી બુધ્ધિવાળો પુરૂષ ધૈર્યને પ્રાપ્ત કરી, ઉજ્વળ એવી યશો લક્ષ્મીને મેળવે છે. ૨૨

વિશેષાર્થ—ગ્રંથકાર આ મનઃશુધ્ધિના અધિકારની સમાપ્તિ કરતાં કહે છે કે, જો મન શુધ્ધિને ધારણ કરે છે તો, તે દુષ્ટ એવા સંકલ્પ-વિકલ્પોની પરંપરાનો ત્યાગ કરે છે. કારણકે, શુધ્ધ હૃદયમાં નઠારા સંકલ્પ-વિકલ્પો ઉત્પન્ન થતા નથી. તેથી મોટી

શુદ્ધિવાળો પુરૂષ મનની શુદ્ધિથો ધૈર્યને પ્રાપ્ત કરી, ઉજ્વળ યશ-લક્ષ્મીને મેળવે છે. અહિં મૂલમા યશઃશ્રી એ પદ આપી ગ્રંથકારે પોતાનું યશોવિજય નામ સૂચવ્યું છે. ૨૨

इति मनःशुद्धि नामा एकादशः अधिकारः

इतिश्री महामहोपाध्याय श्रीयशोविजयेन
विरचिते अध्यात्मसारप्रकरणे
तृतीयः प्रबंधः ॥ ३ ॥

अथ चतुर्थः प्रबंधः

द्वादशः सम्यक्त्वाधिकारः

ખરીરીતે સમ્યક્ત્વ હોય તોજ, મનઃશુદ્ધિ કહેવાય છે.

मनः शुध्यिश्च सम्यक्त्वे सत्येव परमार्थतः ।
तद्विना मोहगर्भा सा प्रत्यपायानुबंधिनी ॥१॥

ભાવાર્થ—સમ્યક્ત્વ ગુણ હોય તોજ, પરમાર્થ રીતે મનની શુદ્ધિ કહેવાય છે. સમ્યક્ત્વ વિના મનની શુધ્ધિ મોહગર્ભિત સમજવી, કે જે ઉલટી કર્મ-બંધન કરનારી છે. ૧

વિશેષાર્થ—હવે ગ્રંથકાર સમ્યક્ત્વના અધિકારનો આરંભ કરે છે. મનની શુધ્ધિ ખરી ક્યારે કહેવાય છે કે, જ્યારે સમ્યક્ત્વ ગુણ પ્રાપ્ત થયેલ હોય ત્યારેજ. તે શિવાય કેવળ મનની શુધ્ધિ કહેવાતી નથી. સમ્યક્ત્વ ગુણ ન હોય, અને મનની શુધ્ધિ કરે તો, તે મોહગર્ભિત મનની શુધ્ધિ સમજવી; કે જે ઉલટી કર્મરૂપ બને છે. તેથી મનનો શુધ્ધિ કરનારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું જોઇએ. તેથીજ મનની શુધ્ધિના અધિકાર પછી સમ્યક્ત્વના અધિકારનો આરંભ કરવામાં આવ્યો છે. ૧

દાનાદિ ક્રિયાઓ પણ સમ્યકત્વ ગુણ સહિત હોય તો, શુદ્ધ ગણાય છે.

सम्यक्त्व सहिता एव शुध्दा दानादिकाः क्रियाः ।
तासां मोक्षफले प्रोक्ता यदस्य सहकारिता ॥ २ ॥

ભાવાર્થ—દાનાદિ ક્રિયા સમ્યકત્વ સહિત હોય તોજ, શુધ્ધ છે. અને તે ક્રિયાઓને, મોક્ષ ફળને માટે સમ્યકત્વજ સહાયક છે, એમ કહેલું છે. ૨

વિશેષાર્થ—જે દાનાદિક ક્રિયાઓ કરવામાં આવે છે, તે જો સમ્યકત્વ સહિત હોય તોજ. શુદ્ધ ગણાય છે. સમ્યકત્વ વગરની દાનાદિ ક્રિયા તદ્દન નિષ્ફળ થાય છે. વળી તે દાનાદિ ક્રિયાઓ કરવાથી મોક્ષ ફળ મળે છે, પણ તેમાં સમ્યકત્વજ સહાયક છે. એટલે સમ્યકત્વની સહાયથીજ દાનાદિ ક્રિયાઓમાં મોક્ષનું ફળ પ્રાપ્ત થાય છે. તેથી સર્વથા સમ્યકત્વ ગુણ પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે. ૨

સમ્યકત્વ વિના સર્વ નિષ્ફળ છે.

कुर्वाणोऽपि क्रियां ज्ञाति धनत्यागांस्त्यजन्नपि ।
दुःखस्पोरो ददानोपि नांधो जयति वैरिणम् ॥ ३ ॥

ભાવાર્થ—સર્વ ક્રિયા કરતો હોય, જ્ઞાતિ, ધન તથા ભોગનો ત્યાગ કરતો હોય, અને દુઃખને સહન કરતો હોય, તોપણ જેમ

આંધળો માણસ શત્રુને જીતે નહીં, તેમ સમકિત વગરનો પુરૂષ તે સર્વમાં સિધ્ધ થતો નથી. ૩

વિશેષાર્થ—ધર્મની સર્વ ક્રિયાઓ કરતો હોય, પોતાની જ્ઞાતિ, ધન અને વિષય ભોગનો ત્યાગ કર્યો હોય, અને બીજા અનેક જાતના પરિષહો સહન કરતો હોય, પણ જો તેનામાં સમ્યક્ત્વ ન હોય તો, તે સર્વ તેનું નિષ્ફળ થાય છે. તે વાત દ્રષ્ટાંતથી સિદ્ધ કરે છે. આંધળો માણસ ગમે તેવો બળવાન્ હોય, તોપણ તે કદિ પણ શત્રુને જીતી શકતો નથી. તેવી રીતે સમ્યક્ત્વ વગરનો માણસ સિધ્ધ થઈ શકતો નથી. ૩

સમ્યક્ત્વ વગરનો મિથ્યાદૃષ્ટિ કદિ પણ સિદ્ધ થતો નથી, એ વાત બીજે પ્રકારે દર્શાવે છે.

कुर्वन्निर्वृत्ति मप्येवं कामभोगांस्त्यजन्नपि ।
दुःखस्पोरो ददानोपि मिथ्यादृष्टि र्न सिध्यति ॥ ४ ॥

ભાવાર્થ—સંતોષ ધારણ કરતો હોય, કામભોગને છોડી દેતો હોય, અને દુઃખને સહન કરતો હોય, પણ જો તે મિથ્યાદૃષ્ટિ હોય તો, તે સિધ્ધ થતો નથી. ૪

વિશેષાર્થ—સમ્યક્ત્વ દૃષ્ટિથી રહિત મિથ્યાદ્રષ્ટિ પુરૂષ સંતોષ ધારણ કરે, કામભોગનો ત્યાગ કરે, અને દુઃખને સહન કરે, તો પણ તે સિધ્ધ થઇ શકતો નથી. એટલે સંતોષ, કામભોગની

ત્યાગ અને દુઃખની સહનતા સમ્યગ્દૃષ્ટિનેજ સફળ થાય છે, મિથ્યા દૃષ્ટિને સફળ થતી નથી. ૪

સર્વ ધર્મ ક્રિયામાં સમ્યક્ત્વ સારભૂત છે.

કની નિકેવ નેત્રસ્ય કુસુમસ્યેવ સૌરભમ્ ।
સમ્યક્ત્વમુચ્યતે સારઃ સર્વેષાં ધર્મકર્મણામ્ ॥ ૫ ॥

ભાવાર્થ—નેત્રનો સાર જેમ કીકી અને પુષ્પનો સાર જેમ સુગંધ છે, તેમ સર્વ ધર્મ-કર્મોનો સાર સમ્યક્ત્વ કહેવાય છે. ૫

વિશેષાર્થ—જેટલી ધર્મ ક્રિયાઓ છે, તે સર્વમાં સમ્યક્ત્વ જ સાર રૂપ છે. એટલે સમ્યક્ત્વથીજ એ ક્રિયાઓ ફળવતી છે. તે વાત દૃષ્ટાંત પૂર્વક જણાવે છે. નેત્રમાં કીકી અને પુષ્પમાં સુગંધ જેમ સાર રૂપ છે, તેમ સર્વ ધાર્મિક ક્રિયાઓમાં સમ્યક્ત્વ સાર રૂપ છે. નેત્ર અને પુષ્પના દૃષ્ટાંત ઊપરથી એમ સિદ્ધ થાય છે કે, કીકી વગરનું નેત્ર અને સુગંધ વગરનું પુષ્પ જેમ નકામું છે, તેમ સમ્યક્ત્વ વગરની ધર્મ ક્રિયા નકામી છે—નિષ્ફળ છે. ૫

સમ્યક્ત્વનું સ્વરૂપ.

તત્ત્વશ્રદ્ધાનમેતચ્ચ ગદિતં જિનશાસને ।
સર્વે જીવા ન હંતવ્યા સૂત્રે તત્ત્વમિતીષ્યતે ॥૬॥

ભાવાર્થ—તત્ત્વ ઊપર શ્રધ્ધા રાખવી, તે સમ્યક્ત્વ, એમ જિનશાસનમાં કહેલું છે. 'સર્વ જીવોને હણવા નહીં,' એ તત્ત્વ એમ સૂત્રમાં કહેલું છે. ૬

વિશેષાર્થ—ગ્રંથકાર આ સમ્યક્ત્વના અધિકારમાં પ્રથમ સમ્યક્ત્વનું લક્ષણ કહે છે. 'તત્ત્વ ઉપર શ્રદ્ધા રાખવી,' એ સમ્યક્ત્વ કહેવાય છે, એટલે જે તત્ત્વ શ્રી અરિહંત ભગવંતે પ્રરૂપેલું છે, તે તત્ત્વ સત્ય છે, એમ શ્રદ્ધા રાખવી, તેનું નામ સમ્યક્ત્વ કહેવાય છે શ્રી અરિહંત ભગવંતે શું તત્ત્વ કહેલું છે? તે દર્શાવે છે. 'સર્વ જીવોને હણવા નહીં,' અર્થાત્ જીવહિંસા કરવી નહીં, એ તત્ત્વ છે. અને તે તત્ત્વ ઉપર શ્રદ્ધા રાખવી, તેનું નામ સમ્યક્ત્વ કહેવાય છે. ૬

ધર્મ રૂચિ નામના સમ્યક્ત્વનું સ્વરૂપ.

શુદ્ધો ધર્મોઽયમિત્યે તદ્ધર્મરુચ્યાત્મકં સ્થિતમ્ ।
શુદ્ધાનામિદ મન્યાસાં રુચીનામુપલક્ષણમ્ ॥ ૭ ॥

ભાવાર્થ—'આ ધર્મ શુદ્ધ છે,' એવી શ્રદ્ધા તે ધર્મ રૂચિ નામે સમ્યક્ત્વ કહેવાય છે. એ સમ્યક્ત્વની અંદર ઉપલક્ષણથી બીજી શુદ્ધ રૂચિઓનું ગ્રહણ થાય છે. ૭

વિશેષાર્થ—'આ ધર્મ શુદ્ધ છે,' એવી જે શ્રદ્ધા, તે ધર્મ રૂચિ નામે સમ્યક્ત્વ કહેવાય છે. ઉપલક્ષણથી બીજી શુદ્ધ રૂચિઓનું પણ ગ્રહણ કરવું, એટલે બીજા શુદ્ધ પદાર્થો તરફ રૂચિ ઉત્પન્ન થવી એ પણ ધર્મરૂચિ સમ્યક્ત્વ કહેવાય છે. ૭

બીજી રીતે સમ્યક્ત્વનું સ્વરૂપ.

અથવેદં યથા તત્ત્વમાજ્ઞયૈવ તથાખિલમ્ ।
નવાનામપિ તત્ત્વાના મિતિ શ્રદ્ધોદિતાર્થતઃ ॥ ૮ ॥

ભાવાર્થ—અથવા આ સમ્યક્ત્વ સર્વ રીતે જિન ભગવાન્‌ની આજ્ઞા રૂપ તત્ત્વને લઇને કહેવાય છે, તેવી રીતે નવ તત્ત્વોની શ્રધ્ધા એ પણ અર્થથી સમ્યક્ત્વ કહેવાય છે. ૮

વિશેષાર્થ—ગ્રંથકાર,સમ્યક્ત્વનાં લક્ષણો બીજી રીતે દર્શાવે-છે. શ્રી જિન ભગવંતની આજ્ઞા રૂપ તત્ત્વમાં પણ સમ્યક્ત્વ રહેલ છે. એટલે શ્રી જિનભગવંતની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું, એ પણ સમ્યક્ત્વ કહેવાય છે, તેમજ જીવ-અજીવ વગેરે નવ તત્ત્વો ઉપર જે શ્રધ્ધા, તે પણ સમ્યક્ત્વ કહેવાય છે. અર્થાત્ શ્રી જિનભગવંતની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું અને જીવ અજીવાદિ નવ તત્વો ઉપર શ્રધ્ધા રાખવી, એ સમ્યક્ત્વનાં લક્ષણો છે. ૮

કેવા તત્ત્વમાં સમ્યક્ત્વ દર્શાવ્યું છે ?

इहैव प्रोच्यते शुद्धाऽहिंसा वा तत्त्वमित्यतः।
सम्यक्त्वं दर्शितं सूत्र प्रामाण्योपगमात्मकम् ॥ ९ ॥

ભાવાર્થ—અહિં શુધ્ધ અહિંસા એ તત્વ કહેવાય છે. તેથી સૂત્રની પ્રમાણિકતાને લઇને તે સમ્યક્ત્વ દર્શાવેલ છે. ૯

વિશેષાર્થ—અહિં જે શુદ્ધ અહિંસા તે શુદ્ધ તત્ત્વ છે. તેને સૂત્રના પ્રમાણથી સમ્યક્ત્વ કહેલ છે. કહેવાનો આશય એવો છે કે, તત્ત્વ તે અહિંસા રૂપ શુદ્ધ તત્ત્વ છે, તે તત્ત્વ શુદ્ધ અહિંસા એટલે શુધ્ધાચાર પ્રમાણે વિચારતાં આત્માને અભિન્ન સ્વરૂપે સમ્યક્ત્વ દર્શાવેલ છે. ૯

અહિંસા અને તત્ત્વ શુદ્ધિ એક સ્વરૂપ છે.

શુદ્ધાહિંસોક્તિ તત્સૂત્ર પ્રામાણ્યં તત એવ ચ ।
અહિંસા શુદ્ધધીરેવ મન્યોન્યાશ્રયભીર્ન તુ ॥ ૧૦ ॥

ભાવાર્થ—શુદ્ધ અહિંસા કહી તે સૂત્રથી પ્રમાણ રૂપ છે, અને અહિંસા અને તત્ત્વ શુદ્ધિને અન્યોન્યાશ્રયનો ભય નથી, તે એકજ સ્વરૂપ છે. ૧૦

વિશેષાર્થ—જે શુદ્ધ અહિંસા કહી, તે સૂત્રને વિષે પ્રમાણ ભૂત છે. અહિંસા અને તત્ત્વ શુદ્ધિ બંને એકજ છે. તેમની માત્ર વચનમાંજ જુદાઈ છે. તેથી અહિંસા અને તત્ત્વ શુદ્ધિ અન્યો અન્ય મેળવતાં દુષણ નથી, તે એકજ સ્વરૂપ છે. ૧૦

અહિંસા અને શુદ્ધતાનો બોધ કેવી રીતે છે ?

નૈવ યસ્માદહિંસાયાં સર્વેષામેકવાક્યતા ।
તચ્ચુદ્ધતાવબોધશ્ચ સંજ્ઞવાદિ વિચારણાત્ ॥ ૧૧ ॥

ભાવાર્થ—જેથી અહિંસાને વિષે સર્વની એકવાક્યતા થતી નથી, અને સંભવ વગેરેના વિચારથી તેની શુદ્ધતાનો બોધ થાય છે. ૧૧

વિશેષાર્થ—ઉપર જે કહેવામાં આવ્યું કે, અહિંસા અને તત્ત્વ શુદ્ધિ એકજ રૂપ છે, તેના કારણમાં જણાવે છે કે, અહિંસાને વિષે બીજા સર્વની એકવાક્યતા થતી નથી, તોપણ વિચાર કરવાથી તેનો સંભવ લાગતાં શુદ્ધ અવબોધ જણાય છે. ૧૧

તે વિષે બીજાં દર્શનોમાં ધર્મ જેવી રીતે છે ?

यथाऽहिंसादयः पंच व्रतधर्म यमादिभिः ।
पदैः कुशलधर्माद्यैः कथ्यंते स्वस्वदर्शने ॥ १२ ॥

ભાવાર્થ—જેમ અહિંસાદિ પાંચ વ્રત તે ધર્મછે,તેમ યમાદિ વગેરેને કુશળ ધર્મ પદોથી પોતપોતાનાં દર્શનમાં ધર્મ કહેછે. ૧૨

વિશેષાર્થ—જેમ આર્હત્‌ધર્મમાં અહિંસા વગેરે પાંચ વ્રત તે ધર્મ કહેવાય છે, તેમ બીજાં દર્શનોમાં યમ વગેરે પદોથી ધર્મ કહેવાય છે. ૧૨

તે સ્પષ્ટ કરી દર્શાવે છે.

प्राहुर्ज्ञाव व्रतास्तत्र व्रतोपव्रत पंचकान् ।
यमांश्च नियमान् पाशुपतान् धर्मान् दशान्यधुः ॥ १३ ॥

ભાવાર્થ—ભાવવ્રતવાળાઓ પાંચ વ્રત અને પાંચ ઉપવ્રત એમ દશ પ્રકારે ધર્મ કહે છે. તેમ પાશુપત મતવાળા દશ યમ અને દશ નિયમ એમ દશ ધર્મ કહે છે. ૧૩

વિશેષાર્થ—ભાવવ્રતવાળાઓ જેમ પાંચ વ્રત અને પાંચ ઉપવ્રત મળી દશ ધર્મ કહે છે, તેમ પાશુપત મતવાળાઓ દશ યમ અને દશ નિયમને દશ ધર્મ કહે છે. એટલે દશની સંખ્યાએ સર્વ ધર્મની એકતા થાય છે. ૧૩

તે વાત વિવરણ કરી બતાવે છે.

અહિંસા સત્યવચન મસ્તૈન્યં બાહ્ય કલ્પના ।
બ્રહ્મચર્ય તથા ક્રોધો ર્દાર્જવં શૌચ મેવ ચ ॥ ૧૪ ॥

સંતોષો ગુરુ શુશ્રૂષા ઇત્યેતે દશ કીર્ત્તિતાઃ ।
નિગદ્યંતે યમાઃ સાંખ્યૈરપિ વ્યાસાનુસારિભિઃ ॥ ૧૫ ॥

ભાવાર્થ—અહિંસા, સત્ય વચન, અચોરી, બાહ્ય કલ્પના, બ્રહ્મચર્ય, ક્રોધ, આર્જવ–સરલતા, શૌચ, સંતોષ અને ગુરૂની શુશ્રૂષા (સેવા કરવાની ઇચ્છા) એ દશ ધર્મ કહેલા છે. વેદ વ્યાસના મતને અનુસરનારા સાંખ્યમતવાળાએા યમ કહે છે. ૧૪–૧૫

બીજી રીતે પાંચ યમ કહે છે.

અહિંસા સત્યમ સ્તૈન્યં બ્રહ્મચર્યં તુરીયકમ્ ।
પંચમો વ્યવહારશ્ચેત્યેતે પંચયમાઃ સ્મૃતાઃ ॥૧૬॥
અક્રોધો ગુરૂશુશ્રૂષા શૌચમાહારલાઘવમ્ ।
અપ્રમાદશ્ચ પંચેતિ નિયમાઃ પરિકીર્ત્તિતાઃ ॥ ૧૭ ॥

ભાવાર્થ—અહિંસા, સત્ય, અચોરી, ચોથું બ્રહ્મચર્ય અને પાંચમો વ્યવહાર એ પાંચ યમ કહેલા છે. અક્રોધ, ગુરૂની સેવા, શૌચ–શુધ્ધિ, ઓછો આહાર અને અપ્રમાદ એ પાંચ નિયમો કહેલા છે. ૧૬–૧૭

બૌદ્ધમતા દશ કુશલ ધર્મો.

बौद्धैः कुशलधर्माश्च दशोच्यंते यदुच्यते ।
हिंसास्तेयान्यथाकामं पैशुन्यं परूषानृतम् ॥१८॥
संभिन्नालाप व्यापाद मभिध्यादृग् विपर्ययम् ।
पापकर्मेति दशधा कायवाङ् मानसैस्त्यजेत् ॥१९॥

ભાવાર્થ—બૌદ્ધ લોકો પણ દશ કુશળ ધર્મ કહે છે. જેમ કે, હિંસા, ચોરી, કામ, ચાડી, કઠોર અને અસત્યવચન, જેમ તેમ બકવું, મારવું, અબ્રહ્મ સેવવું અને દ્રષ્ટિનો વિપર્યાસ–એ દશ પાપ કર્મને મન, વચન અને કાયા વડે ત્યાગ કરવાં. ૧૮–૧૯

વૈદિક મતનો અભિપ્રાય.

ब्रह्मादि पदवाच्यानि तान्याहु र्वैदिकादयः ।
अतः सर्वैकवाक्यत्वा च्चर्मशास्त्रमदोर्थकम् ॥ २० ॥

ભાવાર્થ—વૈદિક મતી વગેરે તેને બ્રહ્માદિ પદથી બોલે છે, એટલે સર્વત્ર બ્રહ્મ છે, એમ કહે છે. એથી સર્વ ધર્મની એક વાક્યતા છે, એટલે સર્વ ધર્મ વાળાઓનું ધર્મને માટે એકજ વચન છે; તેથી સર્વને અર્થથી ધર્મશાસ્ત્ર કહે છે. ૨૦

વિશેષાર્થ—અહિં સુધી વર્ણન કરી ગ્રંથકારે વચનમાં સર્વ ધર્મની એક વાક્યતા દર્શાવી આપી છે. એટલે અહિંસા વગેરે ધર્મનાં તત્ત્વો સઘળે એકજ છે, એમ સિદ્ધ કરી આપ્યું છે; તથાપિ

તેની અંદર તારતમ્ય કેટલું છે? તેને માટે હવે વિવેચન કરી દર્શાવે છે. ૨૦

સર્વ ધર્મની એકાર્થતાની અંદર શું વિચારવું જોઇએ?

क्वचैत त्संज्ञयो युक्त इति चिंत्यं महात्मना।
शास्त्रं परीक्षमाणेना व्याकुलेनांतरात्मना ॥ २१ ॥

ભાવાર્થ—શાસ્ત્રની પરીક્ષા કરતા એવા મહાત્માએ પોતાના અવ્યાકુળ એવા અંતરાત્મા વડે 'સર્વ દર્શનોનો સંભવ ક્યાં છે?' એમ ચિંતવવું. ૨૧

વિશેષાર્થ—જ્યારે સર્વ દર્શનોની એકાર્થતા સિદ્ધ થાય છે, ત્યારે મહાત્મા પુરૂષે શું ચિંતવવું જોઇએ? તે વાત ગ્રંથકાર દર્શાવે છે. સર્વ દર્શનોની એકાર્થતા થતાં પ્રથમ એવો વિચાર કરવો જોઇએ કે, એ સર્વ દર્શનોનો સંભવ ક્યાં છે? એટલે તેમની એકાર્થતા કેવી રીતે સંભવે છે? એ વાતનો વિચાર કરવો જોઇએ. આવો વિચાર કરનાર પુરૂષ સામાન્ય ન જોઇએ; તેથી અહિં મહાત્મા પદ મુકેલું છે. તે સાથે તે શાસ્ત્રનો પરીક્ષક હોવો જોઇએ. તેમ વળી જ્યારે તે બધાં દર્શનોનો સંભવ ચિંતવે ત્યારે તેનો આત્મા આકુળ–વ્યાકુળ ન હોવો જોઇએ. અંતરાત્મા સ્થિર હોવાથી, તે સારી રીતે ચિંતવન કરી શકે છે. ૨૧

તેમાં કેવો ઉપયોગ રાખવો જોઇએ ?

प्रमाणलक्षणादेस्तु नोपयोगोऽत्र कश्चन ।
तन्निश्चयेऽनवस्थाना दन्यथार्थ स्थितेर्यतः ॥ २२ ॥

ભાવાર્થ—અહિં પ્રમાણ તથા લક્ષણ વગેરેનો કોઇ ઉપયોગ કામનો નથી. કારણ કે, તેનો નિશ્ચય કરવાથી અનવસ્થા દોષ આવે છે. જેથી અન્યથા રીતે અર્થની સ્થિતિ થાય છે. ૨૨

વિશેષાર્થ—કદિ સર્વ દર્શનોના સંભવમાં પ્રમાણ અને લક્ષણનો ઉપયોગ રાખવામાં આવે તો તે નકામો છે, કારણકે, તેમ નિશ્ચય કરવાથી અનવસ્થા દોષ આવે છે. એટલે અર્થ અન્યથા રીતે થઈ જાય છે. જ્યારે અર્થ અન્યથા થાય, તો પછી ધર્મ જુદોજ થઈ જાય, અને ધર્મ જુદો થવાથી દોષ આવે. કારણકે, ધર્મ તો એક સ્વભાવરૂપ છે. ૨૨

પ્રમાણ અને લક્ષણની યુક્તિમાં પ્રયોજન નથી.

प्रसिद्धानि प्रमाणानि व्यवहारश्च तत्कृतः ।
प्रमाण लक्षण स्योक्तौ ज्ञायते न प्रयोजनम् ॥ २३ ॥

ભાવાર્થ—ચાર પ્રમાણો પ્રસિદ્ધ છે, અને તેણે કરેલો વ્યવહાર છે, તેથી પ્રમાણ તથા લક્ષણની યુક્તિ વિષે પ્રયોજન જણાતું નથી. ૨૩

વિશેષાર્થ—પ્રત્યક્ષ વગેરે ચાર જાતનાં પ્રમાણો સર્વત્ર પ્રસિદ્ધ છે, અને તેનાથી બધો વ્યવહાર કરેલો છે, તેથી પ્રમાણ તથા લક્ષણ કહેવામાં કોઇ જાતનું પ્રયોજન જણાતું નથી, એટલે પ્રમાણ અને લક્ષણ અહિં નિરપ્રયોજન હોવાથી નિરૂપયોગી છે. ૨૩

આત્માને એકાંતે નિત્ય માનનારાઓને હિંસાદિ દોષ શી રીતે લાગે ?

तत्रात्मा नित्य एवेति येषामेकांत दर्शनम् ।
हिंसादयः कथं तेषां कथमप्यात्मनो व्ययात् ॥ २४ ॥

ભાવાર્થ—જેમનું એકાંત દર્શન છે, તેઓના મતમાં આત્મા નિત્યજ માનેલો છે. ત્યારે કોઇ રીતે પણ આત્માનો વ્યય ન થવાથી હિંસાદિ દોષ તેને શી રીતે લાગે ? ૨૪

વિશેષાર્થ—એકાંત મતવાળા કહેછે કે, ' આત્મા નિત્યજ છે, ' જ્યારે આત્મા નિત્ય હોય, તો પછી કોઇ પણ રીતે તેનો નાશ થાય નહીં, તો પછી હિંસાદિ દોષો તેને શી રીતે લાગુ પડે? ૨૪

તે વિષે વિશેષ કહે છે.

मनोयोग विशेषस्य ध्वंसो मरण मात्मनः ।
हिंसा तच्चेन तत्त्वस्य सिध्येरार्थ समाजतः ॥ २५ ॥

ભાવાર્થ—મનના યોગ વિશેષનો નાશ કરવો તે, આત્મા-જીવનું મરણ છે, તેથી તત્ત્વથી આત્માની હિંસા થતી નથી, એ અર્થ ઘટે છે. ૨૫

વિશેષાર્થ—જ્યારે શરીરમાંથી મનનો યોગ નાશ પામે છે, ત્યારે લોકો જીવનું મરણ કહેછે; પરંતુ આત્મા તો અમર છે, માટે તત્ત્વથી આત્માની હિંસા થતી નથી, એ અર્થ ઘટે છે. ૨૫

તે વિષે બીજો અભિપ્રાય.

નૈતિ બુદ્ધિગતા દુખોત્પાદ રૂપેય મૌચિતી ।
પુંસિ ભેદાગ્રહાત્તસ્યાઃ પરમાર્થોઽન્યવસ્થિતઃ ॥ ૨૬ ॥

ભાવાર્થ—બુદ્ધિમાં રહેલ દુઃખને ઉત્પન્ન કરનારી યોગ્યતા એ હિંસા છે, એમ કહે તો, તે પણ યોગ્ય નથી. કારણ કે, પુરૂષના ભેદના આગ્રહથી બુદ્ધિને આત્માથી જુદી માને છે, તેથી આત્માની હિંસા ન થઇ, અને બુદ્ધિને પરમાર્થ રીતે આત્મા સાથે વ્યવસ્થા નથી. ૨૬

વિશેષાર્થ—કોઇ એમ કહે કે, આગળ દુઃખ ઉત્પન્ન કરનારી બુદ્ધિ તે હિંસા કહેવાય છે, પણ એ વાત ઘટતી નથી, કારણ કે, બુદ્ધિ આત્માથી ભિન્ન છે, એમ માને છે, તેથી કોઇ રીતે આત્માની હિંસા થવી ઘટતી નથી. જો કે ખરી રીતે બુદ્ધિને આત્માની સાથે વ્યવસ્થ નથી, એટલે બુદ્ધિથી કલ્પેલ હિંસાને આત્માની સાથે લેવા દેવા નથી. ૨૬

જીવને એકાંતે નિત્ય માનવાથી હિંસાનો અર્થ ઉડી જાયછે.

ન ચ હિંસાપદં નાશપર્યાયં કથમપ્યહો ।
જીવસ્યૈકાંત નિત્યત્વેઽનુન્નવા બાધકં ન્નવેત્ ॥ ૨૭ ॥

ભાવાર્થ—જેનો પર્યાય-અર્થ નાશ થાય છે, એવું હિંસા પદ જીવનું એકાંતે નિત્યપણું માનવામાં, શું અનુભવનું બાધકપણું થાય? ૨૭

વિશેષાર્થ—હિંસાનો પર્યાય નાશ થાય છે, તે પર્યાય જીવનું નિત્યપણું માનવામાં ઘટતો નથી. તેમ માનવાથી અનુભવને બાધ આવતો નથી. કારણ કે, નિત્ય જીવનો નાશ કદિ પણ સંભવતો નથી. ૨૭

આ સંસાર કેવી રીતે કલ્પ્યો છે?

शरीरेणापि संबंधो न तद्योगा विवेचनात्।
विभुत्वेनैव संसारः कल्पितः स्यादसंशयम् ॥ २८ ॥

ભાવાર્થ—નિત્યપણે શરીરને પણ સંબંધ નથી. કારણ કે, તેના યોગનું વિવેચન કરેલ નથી. તેથી નિઃસંશયપણે વિભુ—વ્યાપક એવા ઇશ્વર વડે કરીને ઇશ્વર કર્ત્તા ઇત્યાદિ સંસાર કલ્પ્યો છે. ૨૮

વિશેષાર્થ—કદિ કોઇ એમ કહે કે, શરીરનો નિત્ય સંબંધ છે, પણ તે વાત ઘટતી નથી. કારણ કે, શરીરના યોગનો વિવેક દર્શાવ્યો નથી, તેથી વ્યાપક એવા ઇશ્વર વડે કરી ઇશ્વર કર્ત્તા છે, ઇત્યાદિ સંસાર કલ્પેલો છે. એટલે ઇશ્વર રચિત શરીર છે, એવી કલ્પના કરવામાં આવી છે, એ વાત નિઃસંશય છે. ૨૮

તે વિષે વિશેષ સમજુતિ આપે છે.

आत्मक्रियां विना च स्याम्मिताणु ग्रहणं कथम्।
कथं संयोग भेदादि कल्पना चापि युज्यते ॥ २९ ॥

ભાવાર્થ—આત્માની ક્રિયા વિના પરિમિત અણુ-પરમાણુ-ઓનું ગ્રહણ કેમ થાય? અને સંયોગ તથા ભેદ વગેરેની કલ્પના પણ કેવી રીતે ઘટે? ૨૯

વિશેષાર્થ—આત્માની ક્રિયા એટલે આત્માના વ્યાપાર વિના પરિમિત પરમાણુઓનું ગ્રહણ કેમ થાય? એટલે જ્યારે આત્માનો વ્યાપાર થાય છે, ત્યારે પરિમિત પરમાણુઓનું ગ્રહણ થાય છે. એટલું જ નહીં પણ, સંયોગ તથા વિયોગ વગેરેની કલ્પના પણ કેમ ઘટે? એટલે પ્રાણુનો શરીર સાથે સંયોગ અને શરીરથી વિયોગ એ કલ્પના ઘટી શકતી નથી. ૨૯

તે વાત સ્પષ્ટ કરી બતાવે છે.

अदृष्टादेह संयोगः स्यादन्यतर कर्मजः ।
इत्थं जन्मोपपत्तिश्चेन्न तद्योग विवेचनात् ॥ ३० ॥

ભાવાર્થ—હરકોઇ કર્મથી અદૃષ્ટ વિના શરીરનો સંયોગ થાય છે, એવી રીતે જન્મની ઉપપત્તિ જો હોય તો, તે જીવના યોગના વિવેક વિના થાય નહીં. ૩૦

વિશેષાર્થ—ઉપર કહેલા શ્લોકના આશયથી કોઇ શંકા કરે કે, અદૃષ્ટ, એટલે નહીં જોવામાં આવતા એવા પૂર્વના સંસ્કાર, તેથી હરકોઇ કર્મથી શરીરનો સંયોગ થાય છે. ઉત્તરાર્દ્ધમાં તેનો-જ ઉત્તર આપે છે. જન્મથી ઉપપત્તિ જીવના વ્યાપાર વિના થતી તે વિવેચનથી જ થાય છે. ૩૦

તે વિષે તત્ત્વજ્ઞાની અનુભવી વિદ્વાનો શું કહે છે ?

कथंचिन्मूर्त्ततापैति विना वपुरसंक्रमात् ।
व्यापार योगतश्चैव यत्किंचित्तदिदंजगुः ॥ ३१ ॥

ભાવાર્થ—શરીરના સંક્રમ વિના જીવ કોઇ રીતે રૂપી પણું પામતો નથી, અને વ્યાપારના યોગથી કાંઇક પામે છે, એમ તત્ત્વજ્ઞાનીઓ કહે છે. ૩૧

વિશેષાર્થ—અહિં કહેવાનો આશય એવો છે કે, શરીરને સંયોગે જીવ કાંઇક રૂપી પણું પામે છે. જો શરીરનો સંક્રમ નહોય તો, જે કાંઇ છે, તે તત્ત્વજ્ઞાનીઓએ જણાવ્યું છે. ૩૧

આત્મા હણતો નથી, અને હણાતો નથી, એ મત પ્રમાણે હિંસા ઉડી જાય છે.

निःक्रियोऽसौ ततो हंति हन्यते वा न जातुचित् ।
किंचत्कैनचिदित्येवं न हिंसा स्योपपद्यते ॥ ३२ ॥

ભાવાર્થ—આત્મા ક્રિયા રહિત છે, તેથી કોઇને હણતો નથી, અને કદિ પણ કોઇનાથી કાંઇક હણાતો નથી. એવી રીતે એ આત્માની હિંસા સિદ્ધ થતી નથી. ૩૨

વિશેષાર્થ—જેમ આત્મા ત્યાગી છે, તેમ આત્મા ક્રિયા રહિત છે. જ્યારે આત્મામાં કોઇ જાતની ક્રિયા નથી, તો પછી તે હણવાની ક્રિયા શી રીતે કરી શકે ? તેથી ક્રિયા રહિત આત્મા કો-

ધને ક્ષણવારમાં નષ્ટ કરી નાખે છે, તેમ કોઇ તેને હણી શકતું નથી. આ પ્રમાણે મત ધરાવનારાઓના ચિત્તમાં હિંસાની વાત ઉતરે નહીં, તેથી હિંસા ઊડી જાય છે. ૩૨

જો આત્માને એકાંતે અનિત્ય માને, તો પણ હિંસાદિ સંભવતાં નથી.

अनित्यैकांतपक्षेऽपि हिंसादीनामसंभवः ।
नाशहेतोरयोगेन क्षणिकत्वस्य साधनात् ॥ ३३ ॥

ભાવાર્થ—'આત્મા અનિત્ય છે,' એમ એકાંતે માનનારા એને પક્ષે પણ હિંસા વગેરેનો અસંભવ છે. કારણ કે, તેઓ સર્વ પદાર્થોને ક્ષણિક માને છે, તેથી ક્ષણિક આત્માના નાશનો હેતુ સિદ્ધ થતો નથી, ૩૩

વિશેષાર્થ—જે ક્ષણિક વાદી છે, તેઓ એકાંતે આત્માને અને બીજા સર્વ પદાર્થોને અનિત્ય માને છે; તેથી તેઓ એમ ધારે છે કે, ક્ષણમાં નાશ રૂપ એવો આત્મા પોતાની મેળેજ મરે છે. તેને મારનાર કોઇ હોતું નથી. જ્યારે ક્ષણ નાશી આત્માને નાશનો કોઇ હેતુ નથી, તો પછી હિંસા ઉડીજ જાય છે. ૩૩

એકાંત ક્ષણિક મતની પુષ્ટિને માટે બીજો પ્રકાર દર્શાવે છે.

न च संतान नेदस्य जनको हिंसको भवेत ।
सांवृतत्वाद्जन्यत्वात् भावत्वनियतं हि तत् ॥ ३४ ॥

ભાવાર્થ—પુત્રી-પુત્ર રૂપ સંતાનના સ્નેહનો ઉત્પન્ન કરનાર, અને હિંસા કરનાર કોઇ થતું નથી. કારણ કે, અનિત્ય અને અજન્યપણાથી ક્ષણિક ભાવના નિયમ રહેલો છે. ૩૪

વિશેષાર્થ—આ જગતમાં પુત્ર પુત્રી વગેરેને ઉત્પન્ન કરનાર કોઇ પિતા નથી, તેમ તેમને મારનાર કોઇ નથી. આ જગતમાં સર્વ ક્ષણિક ભાવનો નિયમ છે, તેથી તે અનિત્ય છે. જ્યારે અનિત્ય ભાવ છે, ત્યારે પિતા કોનો ? અને પુત્ર કોનો ? ઉત્પન્ન કરનાર કે મારનાર કોઇ ઠરતું જ નથી. ૩૪

તે વિષે વિશેષ વિવેચન.

नरादिः क्षणहेतुश्च सूकरादेर्न हिंसकः ।
सूकरांत्यक्षणेनैव व्यभिचार प्रसंगतः ॥ ३५ ॥

ભાવાર્થ—ક્ષણનો હેતુરૂપ એટલે ક્ષણિક રહેનાર મનુષ્ય વગેરે, સૂવર વગેરેનો હિંસક થતો નથી. કારણ કે, સૂવરના અંત્ય-ક્ષણમાં તેને વ્યભિચાર થવાનો પ્રસંગ આવે છે. ૩૫

વિશેષાર્થ—જે ક્ષણે મનુષ્ય સૂવરનો શીકાર કરે છે, તે મનુષ્ય ક્ષણવારમાંજ પાછો બદલાઈ જાય છે; એટલે મારનાર મનુષ્ય રહેતો નથી, અને જેનો શીકાર કરેલો છે, તેની છેલ્લી ઘડીએ તે સૂવર બદલાઈ જાય છે. કારણ કે, ક્ષણ વિનાશી પણું છે, આથી કોઇની હિંસા સિદ્ધ થતી નથી. ૩૫

તે વિષે સ્પષ્ટીકરણ કરે છે.

अनंतरक्षणोत्पादे बुधत्वुन्धकयो स्तुल्या ।
नैवं तद्विरतिः क्वापि ततः शास्त्राद्यसंगतिः ॥ ३६ ॥

ભાવાર્થ—કોઇને માર્યા પછી તેની બીજી ક્ષણે જ્ઞાની અને શીકારી બંને સરખા છે, અને તેની કોઈ ઠેકાણે વિરતિ નથી, તેથી શાસ્ત્રાદિકની સંગતિ સંભવતી નથી. ૩૬

વિશેષાર્થ—કોઇ સૂવર વગેરે પ્રાણીને માર્યા પછી બીજી ક્ષણે જ્ઞાની અને શીકારી બંને સરખા છે. કારણકે, જે પ્રાણી મરણ પામ્યું, એ બંને જણે સરખી રીતે જાણ્યું છે. એટલે જે મારનાર હતો, તે ક્ષણમાં બદલાઇ ગયો છે. એ બંનેમાંથી કોઈને મારવાની બુદ્ધિ નથી, વળી મારનાર તથા મરનાર સર્વની ક્ષણે ક્ષણે ઉત્પત્તિ અને મરણ છે, કોઇ ક્ષણે કાંઇ વિરતિ નથી—આવા સિદ્ધાંતથી તે મતવાળાઓના શાસ્ત્રો અસંગત છે—અસત્ય છે. ૩૬

જિનભગવંતે પ્રરૂપેલો અહિંસા ધર્મજ સત્ય છે.

घटंते न विनाऽहिंसां सत्यादीन्यपि तत्त्वतः ।
एतस्यावृति भूतानि तानि यद् भगवान् जगौ ॥ ३७ ॥

ભાવાર્થ—સત્ય વગેરે તત્વો પણ અહિંસાવિના પરમાર્થ પણે ઘટતાં નથી. તે સત્યાદિવ્રતો એ અહિંસા—જીવદયાની વાડો છે, એમ ભગવાન્ જિનેંદ્રે કહેલું છે. ૩૭

વિશેષાર્થ—જે મતમાં સત્યાદિ તત્ત્વો માનવામાં આવતાં હોય, પણ જો અહિંસા માનવામાં ન આવતી હોય તો, એ સત્યાદિ વ્રતો પણ પરમાર્થ–ખરી રીતે ઘટતાં નથી. કારણકે, એ સત્યાદિવ્રતો અહિંસા—જીવદયારૂપ ક્ષેત્રની વાડો છે, એટલે જીવદયાનું રક્ષણ તેમનાથી કરવાનું છે. જો જીવદયા ન હોય, અને સત્યાદિ હોય તો, તે નકામું છે. માટે જીવદયા પૂર્વક સત્યાદિવ્રતો ધારણ કરવાં જોઇએ, આ વાત શ્રી જિનભગવંતે પોતાના આગમમાં પ્રરૂપેલી છે. ૩૭

જૈન મતનો અનેકાંત સિદ્ધાંત દર્શાવે છે.

મૌનીંદ્રે ચ પ્રવચને યુજ્યતે સર્વમેવ હિ ।
નિત્યાનિત્યે સ્ફુટં દેહાદ્ભિન્નાભિન્ને તથાત્મનિ ॥ ૩૮ ॥

ભાવાર્થ—મુનીંદ્ર–જીનેંદ્રના પ્રવચનમાં નિત્ય અને અનિત્ય, તથા દેહથી ભિન્ન અને અભિન્ન, એવા આત્માને વિષે સર્વ ઘટે છે. ૩૮

વિશેષાર્થ—આત્મા નિત્ય છે અને અનિત્ય પણ છે, તે શરીરથી ભિન્ન છે, અને અભિન્ન પણ છે, તેમ એક છે અને અનેક પણ છે. આથી હિંસાદિ સર્વ તેને ઘટે છે, એટલે અનેકાંત મતમાં કોઈ જાતનો વિરોધ આવતો નથી. ૩૮

તે વાત સિદ્ધ કરે છે.

આત્મા દ્રવ્યાર્થતો નિત્યઃ પર્યાયાર્થાદ્વિનશ્વરઃ ।
હિનસ્તિ હન્યતે તત્તત્ફલાન્યપ્યધિગચ્છતિ ॥ ૩૯ ॥

ભાવાર્થ—દ્રવ્યાર્થિક નયે આત્મા નિત્ય છે, અને પર્યાયાર્થિક નયે અનિત્ય છે. તે આ જીવ કોઈને હણે છે, અને હણાય છે, તે તે ફળોને તે ભોગવે છે. ૩૯

વિશેષાર્થ—દ્રવ્યાર્થિક નયથી આત્મા નિત્ય છે. કારણ કે, તે દ્રવ્યરૂપે તેની નિત્યતા છે, અને પર્યાયાર્થિક નયે તે આત્મા અનિત્ય છે; તેથી આ જીવ કોઈને હણે તો, તેનાં ફળ તેને ભોગવવાં પડે છે. અને જો કોઈ તેને હણે તો, તેનાં ફળ તે ભોગવાવે છે; તેથી અહિંસા-દોષ અવશ્ય લાગે છે. ૩૯

એકાંત મતની યુક્તિ સર્વથી બળવાન્ છે.

इह चानुभवः साक्षी व्यावृत्यान्वयगोचरः ।
एकांतपक्षपातिन्यो युक्तयस्तु मिथो हताः ॥ ४० ॥

ભાવાર્થ—અહિં અનુભવ સાક્ષીરૂપ છે, અને તે વ્યાવૃત થઈને તે અન્વયના વિષયમાં આવે છે; તેથી એકાંત મતનો પક્ષપાત કરનારી યુક્તિ માંહોમાંહી હણાઈ જાય છે. ૪૦

વિશેષાર્થ—અહીં અનુભવ સાક્ષીરૂપ છે, એટલે અન્વય અને વ્યતિરેકના ગુણોથી યુક્ત છે. તે અનુભવને સાક્ષી કરતાં એકાંતમતની યુક્તિઓ માંહોમાંહી હણાઈ જાય છે. ૪૦

હિંસાના ત્રણ પ્રકાર દર્શાવે છે.

पाडाकर्तृत्वतो देह व्यापत्त्या दुष्टभावतः ।
त्रिधा हिंसागमे प्रोक्ता नहीत्थमपहेतुका ॥ ४१ ॥

ભાવાર્થ—પીડા કરવાથી, દેહને દુઃખ આપવાથી અને દુષ્ટ ભાવથી ત્રણ પ્રકારની હિંસા આગમને વિષે કહેલ છે, એવી રીતે એ હિંસા હેતુવગરની નથી. ૪૧

વિશેષાર્થ—આગમમાં હિંસા ત્રણ પ્રકારની કહેલી છે. પ્રથમ પીડા કરવાથી એટલે કોઈને પીડા કરવી. એ પ્રથમ પ્રકાર. દેહને દુઃખ આપવાથી એટલે દેહને દુઃખ આપવું, એ બીજો પ્રકાર. અને દુષ્ટ ભાવથી એટલે હૃદયમાં દુષ્ટ ભાવ રાખવો, એ ત્રીજો પ્રકાર. એ ત્રણ પ્રકારની હિંસા શાસ્ત્રમાં કહેલી છે, તે સહેતુક છે. ૪૧

હિંસાની માન્યતા વિષે મિથ્યાત્વ.

हंतुर्जाग्रति को दोषो हिंसनीयस्य कर्मणि ।
प्रसक्तिस्तदभावे चान्यत्रापीति मुधा वचः ॥ ४२ ॥

ભાવાર્થ—જેની હિંસા કરી હોય, તેનું એવું નઠારૂં કર્મ ઉદય પામતાં તેની હિંસા થાય છે, તેમાં હણનારનો શો દોષ છે? અને જો તેને તેવાં કર્મનો ઉદય ન હોય તો, તેને મારી શકાતો નથી, માટે કોઈની હિંસા થતી નથી. આ પ્રમાણે માનવું, તે મિથ્યા વચન છે. ૪૨

વિશેષાર્થ—જે પ્રાણીનું સ્વકૃત કર્મ ઉદય આવે છે, તેનું જ મૃત્યુ થાય છે. તેમાં હણનારનો શો દોષ છે? આમાં હિંસા થતી નથી. કારણ કે, જે હણાય છે, તેનાં કર્મ ઉદય આવ્યાં, તે તેણે ભોગવ્યાં છે. જે જીવને તેવાં કર્મનો ઉદય આવતો નથી, તે જીવની હિંસા થતી નથી; માટે હિંસાનો દોષ લાગતો નથી, આવું જે માનવું, તે મિથ્યા છે. ૪૨

હિંસા થવાનું નિમિત્ત શું છે ? તે વિષે સ્પષ્ટીકરણ કરે છે.

હિંસ્યકર્મવિપાકેઽસ્ય દુષ્ટાશયનિમિત્તતા ।
હિંસકત્વં ન તેનેદં વૈદ્યસ્ય સ્યાદ્રિપો રિવ ॥ ૪૩ ॥

ભાવાર્થ—જે પ્રાણીના મનમાં દુષ્ટ આશય નિમિત્ત રૂપ છે, તેને એ હિંસા છે, અને હિંસાના કર્મ વિપાક પણ તેનેજ છે. તેથી શત્રુની જેમ વૈદ્યને હિંસકપણું ન લાગે, તેમ તેને લાગતું નથી. ૪૩

વિશેષાર્થ—જે પ્રાણીના મનમાં દુષ્ટ આશય છે, તે હિંસાનું નિમિત્ત છે, એટલે દુષ્ટ આશય ઉત્પન્ન થયા પછી હિંસા કરવાની ઇચ્છા થાય છે. એટલે દુષ્ટ આશયવાળા પ્રાણીને હિંસા લાગે છે, અને હિંસાના કર્મ વિપાક પણ તેનેજ છે. તે ઉપર વૈદ્યનું દૃષ્ટાંત આપે છે. જો વૈદ્ય દુષ્ટ આશયવાળો હોય તો, તેનું ઔષધ શત્રુના જેવું લાગે છે; અને તેની હિંસાનો દોષ વૈદ્યને લાગુ પડે છે. જો વૈદ્યનો આશય સારો હોય તો, વૈદ્યને હિંસકપણું લાગતું નથી. તે ઉપરથી સિદ્ધ થયું કે, હિંસાનું નિમિત્ત કારણ દુષ્ટ આશય છે. ૪૩

આવા સદુપદેશથી શું થાય છે.?

ઇત્થં સદુપદેશાદે સ્તન્નિવૃત્તિરપિ સ્ફુટા ।
સોપક્રમસ્ય પાપસ્ય નાશાત્સ્વાશયવદ્ધિતઃ ॥ ૪૪ ॥

ભાવાર્થ—એવી રીતે ઉત્તમ ઉપદેશ સાંભળવા વગેરેથી તે હિંસાની સ્કુટ રીતે નિવૃત્તિ થાય છે. કારણ કે, તેથી પોતાના નિર્મળ આશયની વૃદ્ધિ થવાથી નિકાચિત બાંધેલાં પાપોનો નાશ થાય છે. ૪૪

વિશેષાર્થ—જ્યારે સદ્‌ગુરૂનો ઉપદેશ સાંભળવામાં આવે, ત્યારે હિંસાની સ્કુટ રીતે નિવૃત્તિ થાય છે. તેનું કારણ એ છે કે, ઉપદેશ સાંભળવાથી હૃદય નિર્મળ થાયછે, નિર્મળ હૃદય—આશય થવાથી નિકાચિત બાંધેલાં પાપનો નાશ થઇ જાય છે. એટલે હિંસા થતી નથી. ૪૪

અહિંસા એ મોક્ષ રૂપ વૃક્ષનું બીજ છે,અને સત્યાદિ વ્રતો તેનાં પલ્લવો છે.

अपवर्ग तरोर्बीजं मुख्याहिंसेय मुच्यते ।
सत्यादीनि व्रतान्यत्र जयंति पल्लवा नवाः ॥ ४५

ભાવાર્થ—મુખ્ય પ્રધાન એવી એ અહિંસા તે મોક્ષ રૂપ વૃક્ષનું બીજ છે, અને સત્યાદિ વ્રતો, તેનાં નવીન પલ્લવો જય પામેછે. ૪૫

વિશેષાર્થ—અહિંસા એ મોક્ષ રૂપ વૃક્ષનું બીજ છે, એટલે અહિંસામાંથી મોક્ષની પ્રાપ્તિ થાયછે; અને સત્ય વગેરે જે વ્રતો છે, તે એ મોક્ષ રૂપ વૃક્ષનાં પલ્લવો છે. એટલે જેમ પલ્લવો વૃક્ષને

આશ્રીને રહેલાં છે, તેમ સત્યાદિ વ્રતો મોક્ષને આશ્રીને રહેલાં છે; તેથી સર્વથા અહિંસા આદરણીય છે. ૪૫

અહિંસાનો સંભવ અને તેના અનુબંધાદિ પ્રકારની શુદ્ધિ દર્શાવે છે.

અહિંસા સંભવશ્ચેત્યં દૃશ્યતેઽત્રૈવ શાસને।
અનુબંધાદિ સંશુદ્ધિ રપ્યત્રૈવાસ્તિ વાસ્તવી ।। ૪૬ ।।

ભાવાર્થ—એવી રીતે આ જૈન શાસનમાં અહિંસાનો સંભવ જણાય છે, અને એની અંદર અનુબંધ વગેરે હિંસાની શુદ્ધિ પણ વાસ્તવિક રીતે રહેલી છે. ૪૬

વિશેષાર્થ—આ જૈન શાસનમાં અહિંસાનો સંભવ જણાય છે, એટલે જીવદયા અહિંસકપણામાં રહેલી છે, એમ પ્રતીત થાયછે. હિંસાના ત્રણ પ્રકાર છે અનુબંધહિંસા, હેતુહિંસા અને સ્વરૂપહિંસા, એ ત્રણ પ્રકારની હિંસાની શુદ્ધિ પણ જૈન શાસનમાં જ રહેલ છે, અને તે વાસ્તવિક છે ૪૬

જ્ઞાનયોગથી સમ્યગ્ દૃષ્ટિને લાગેલી હિંસા, હિંસા ગણાતી નથી.

હિંસાયા જ્ઞાન યોગેન સમ્યગ્દૃષ્ટે ર્મહાત્મનઃ ।
તપ્તલોહપદન્યાસ તુલ્યાયા નાનુબંધનમ્ ।। ૪૭ ।।

ભાવાર્થ—જ્ઞાનયોગથી સમ્યગ્ દ્રષ્ટિવાળા મહાત્માવડે કદિ હિંસા થઇ જાય તો, તે હિંસા તપેલા લોઢા ઉપર પગ મુકવાના જેવી હોવાથી, તે નરકનો બંધ કરતી નથી. ૪૭

વિશેષાર્થ—જે પ્રાણી સમ્યગ્દ્રષ્ટિ છે, તે સર્વદા જ્ઞાનયોગ વડે વર્ત્તે છે, તેવા મહાત્માથી કદિ હિંસા થઇ જાય તો, તે હિંસા તેને નરકનો બંધ કરતી નથી. તે વાત દ્રષ્ટાંતથી સમજાવે છે. જેમ કોઇ તપેલા લોઢા ઉપર પગ મુકીને ચાલે, પણ બળવાના ભયથી તે પોતાનો પગ નિઃશંકપણે તે ઉપર ઠરાવે નહીં, તેવી રીતે સમ્યગ્દ્રષ્ટિ પુરૂષ નિઃશંકપણે હિંસા કરે નહીં, અને તેથી તેને નરકનો બંધ થતો નથી. ૪૭

તે ઉપર જિનપૂજાદિનું દ્રષ્ટાંત આપી અહિંસાને સિદ્ધ કરે છે.

सताम्यस्या श्च कस्याश्चिद् यतनाभक्तिशालिनाम् ।
अनुबंधो ह्यहिंसाया जिनपूजादि कर्मणि ॥ ४८ ॥

ભાવાર્થ—જેમ યતના—જયણાની ભક્તિવાળા જીવોને જીનપૂજાદિ કર્મને વિષે અહિંસાનો અનુબંધ છે. ૪૮

વિશેષાર્થ—જેમ યતના—જયણાથી જિનપૂજા વગેરે કર્મ કરનારા પુરૂષોને હિંસા લાગતી નથી, કારણકે, જ્ઞાન યોગવડે તેઓ જિનપૂજા કરે છે, તેથી તે પૂજાથી અહિંસા-દયાનો અનુબંધ છે. કારણકે, પરંપરાએ એ જિનપૂજા મુક્તિને આપનારી થાયછે.૪૮

હિંસાનુબંધિ હિંસા કોને થાય છે. ?

हिंसानुबंधिनी हिंसा मिथ्यादृष्टेस्तु दुर्मतेः।
अज्ञानशक्तियोगेन तस्याहिंसापि तादृशी ॥ ४९ ॥

ભાવાર્થ—દુષ્ટ બુદ્ધિવાળા મિથ્યાદૃષ્ટિને હિંસાનુબંધી હિંસા થાય છે, અને તેની અહિંસા પણ અજ્ઞાન શક્તિના યોગથી તેવીજ છે, એટલે હિંસા જેવીજ છે. ૪૯

વિશેષાર્થ—જેની દુષ્ટ બુદ્ધિ છે, એટલે જે દુષ્ટ આશયવાળો છે, એવા મિથ્યા દૃષ્ટિની હિંસા હિંસાનુબંધી છે. એટલે તેની એક હિંસામાંથી બીજી હિંસાની પરંપરા થાય છે. કદિ તે મિથ્યા દૃષ્ટિ અહિંસા કરે એટલે જીવદયા પાળે તો પણ, તેની જીવદયા પણ હિંસાના જેવીજ છે. ૪૯

તે વાતનું સ્પષ્ટીકરણ કરેછે.

येन स्यान्निन्हवादीनां दिविष दुर्गतिः क्रमात्।
हिंसैव महती तिर्यङ नरकादि भवांतरे ॥ ५० ॥

ભાવાર્થ—જેથી કરીને જમાલી વગેરે નિન્હવોને જીવદયા પાળતાં પણ દેવતામાં દુર્ગતિ થયેલ છે, તેથી અનુક્રમે તે મોટી હિંસા તિર્યંચ અને નરક વગેરેના ભવાંતરમાં લઈ જાયછે. ૫૦

વિશેષાર્થ—જમાલી વગેરે નિન્હવોએ જીવદયા પાળી હતી, પણ તે હિંસા જેવી હોવાથી તેને દેવતામાં દુર્ગતિ એટલે ચંડાળ

જાતના દેવતાની ગતિ પ્રાપ્ત થઇ હતી. તેથી એ મેટી હિંસા અનુક્રમે તિર્યંચ અને નારકી વગેરેના ભવમાં લઇ જાયછે. એટલે તેનાથી તિર્યંચ અને નારકીના ભવમાં આવવું પડે છે. ૫૦

સાધુઓને તે હિંસા પણ અહિંસાનુબંધી થાયછે.

साधूना मप्रमत्तानां सा चाहिंसानु बंधिनी।
हिंसानुबंध विच्छेदाद्गुणोत्कर्षो यतस्ततः ॥ ५१ ॥

ભાવાર્થ—અપ્રમત્ત એવા સાધુઓની જે હિંસા છે, તે પણ અહિંસાનુબંધી હોયછે. કારણ કે, હિંસાના અનુબંધના વિચ્છેદથી ગુણનો ઉત્કર્ષ થાયછે. ૫૧

વિશેષાર્થ—અપ્રમત્ત એવા સાધુઓ એટલે સાતમા ગુણઠાણામાં રહેલા સાધુઓથી કદિ હિંસા થઇ જાય તો પણ, તે હિંસા અહિંસાનુબંધી થાયછે. કારણ કે હિંસાનો અનુબંધ વિચ્છેદ થયા પછી જ્યાં ત્યાં ગુણોનો ઉત્કર્ષ થાયછે; એટલે હિંસાનો અનુબંધ નાશ પામવાથી ગુણની વૃદ્ધિ થાયછે. ૫૧

એવી અહિંસા મુગ્ધજનને કેવી થાયછે?

मुग्धानामिय मज्ञत्वात् सानुबंधा न कर्हिचित्।
ज्ञानोद्रेका प्रमादाज्या मस्या यदनुबंधनम् ॥ ५२ ॥

ભાવાર્થ—મુગ્ધ-અજ્ઞ લોકોને તેવી અહિંસા કદિ પણ સાનુબંધા થતી નથી. કારણ કે, જ્ઞાનના અધિકપણાથી અને અપ્રમાદથી એનો અનુબંધ થાયછે. ૫૨

વિશેષાર્થ—મુગ્ધ–અજ્ઞાની લોકોને એ અહિંસા કહિ પણ સાનુબંધ નથી, અર્થાત્ સુખદાયક નથી, એટલે એ અનુબંધ સહિત થતી નથી; પણ અપ્રમત્ત સાધુને અહિંસા જ્ઞાન સહિત હોવાથી તે પરંપરાએ મોક્ષનું કારણ થાયછે, અથવા તેમની હિંસા તે અનુબંધે અહિંસાજ કહેવાય છે. જે પણ અંતે મોક્ષ સુખનું કારણ થાયછે. ૫૨

એકજ હિંસા અને અહિંસામાં મોટો અંતર છે.

एकस्यामपि हिंसाया मुक्तं सुमहदंतरम् ।
भाववीर्यादि वैचित्र्यादहिंसायां च तत्तथा ॥ ५३ ॥

ભાવાર્થ—એક પણ હિંસામાં અને અહિંસામાં ભાવ, અને વીર્ય વગેરેના વિચિત્રપણાથી મોટો અંતર રહેલો છે. ૫૩

વિશેષાર્થ—એકલી હિંસાને વિષે જેમ મોટો અંતર દેખાડયો છે, તેમ ભાવ, વીર્ય વગેરેના વિચિત્રપણાથી અહિંસાને વિષે પણ તેની સાથે મોટો અંતર બતાવ્યો છે. એટલે ભાવ, વીર્ય વગેરેના વિચિત્ર પણાથી હિંસા અને અહિંસાની વચ્ચે મોટો અંતર છે. ૫૩

તે ભિન્નતાનો પ્રકાર દર્શાવે છે.

सद्यः कालांतरे चैव विपाकेनापि भिन्नता ।
प्रतिपक्षांतरालेन तद्वा शक्तिनियोगतः ॥ ५४ ॥

ભાવાર્થ—પ્રતિપક્ષપણે અંતરાળે કરી અથવા શક્તિને યોગે કરી, તત્કાળ અથવા કાલાંતરે એના વિપાકે કરીને પણ ભિન્નતા છે. ૫૪

વિશેષાર્થ—પ્રતિપક્ષના અંતરાળે એટલે કોઇ પ્રતિસ્પર્ધી સામે થતાં ભિન્નતા થાય છે, અથવા શક્તિના યોગ વડે, એટલે જો શક્તિ ફોરવવામાં આવે તો, ભિન્નતા થાય છે. અથવા તે ભિન્નતા તત્કાળ ન બને તો, કાળાંતરે કરી થાય છે; અથવા વિપાકથી પણ ભિન્નતા છે, એટલે પ્રતિપક્ષતા, શક્તિ યોગ, કાલાંતર અને વિપાક—એ ચારના યોગે ભિન્નતા રહેલ છે. ૫૪

હિંસા પણ અહિંસાનું ફળ કયારે આપે છે ?

हिंसा प्युत्तरकालीन विशिष्ट गुण संक्रमात् ।
त्यक्ता विध्यनुबंधत्वा दहिंसैवातिशक्तितः ॥ ૯૯ ॥

ભાવાર્થ—હિંસા પણ ઉત્તર કાળના વિશિષ્ટ ગુણના સંક્રમથી, અવિધિના અનુબંધના ત્યાગ કરવાને લઈને તેમજ અતિ ભક્તિને લઈને અહિંસાજ કહેવાય છે. ૫૫

વિશેષાર્થ—કદિ હિંસા હોય, પણ ઉત્તર કાળના વિશિષ્ટ—ઉત્તમ પ્રકારના ગુણનો સંક્રમ હોય, એટલે ઉત્તમ પ્રકારના ગુણ ધારણ કરવામાં આવ્યા હોય, તેમ કોઈ જાતનો અવિધિ કરવામાં ન આવ્યો હોય, તે સાથે અહિંસા તરફ ભક્તિ હોય તો, હિંસા પણ અહિંસા કહેવાય છે. ૫૫

વાય છે, અને એવી આસ્તા રાખવી, એ સમ્યક્ત્વનું પરમ ચિન્હ છે. એમ શ્રી જિનેશ્વરોએ કહેલું છે. ૫૭

સમ્યક્ત્વ કેવાઓને સ્થિર થાય છે.

शम संवेग निर्वेदानुकंपाभिः परिष्कृतम् ।
दधतामेतदव्छिन्नं सम्यक्त्वं स्थिरतां व्रजेत् ॥ ५८ ॥

ભાવાર્થ—શમ, સંવેગ, નિર્વેદ, અને અનુકંપાથી યુક્ત એવું એ સમ્યક્ત્વ, અવિચ્છિન્નપણે ધારણ કરનારાઓને સ્થિર થાય છે. ૫૮

વિશેષાર્થ—જેનામાં શમ, સંવેગ, નિર્વેદ (વૈરાગ્ય) અને દયાના ગુણો હોય છે, તેને પ્રાપ્ત થયેલ સમ્યક્ત્વ સ્થિર થાય છે, એટલે શમાદિ ગુણોને ધારણ કરનારા પુરૂષોજ સમ્યક્ત્વને સ્થિર કરે છે. જો તે ગુણો ન હોય તો, સમ્યક્ત્વ સ્થિર થતું નથી. સમ્યક્ત્વની ઇચ્છાવાળાએ અવશ્ય તે ગુણો મેળવવા જોઈએ. ૫૮

इति द्वादशः सम्यक्त्वाधिकारः समाप्तः



मिथ्यात्व त्यागाधिकारः

(त्रयोदशः)

मिथ्यात्वत्यागतः शुद्धं सम्यक्त्वं जायतेंऽगिनाम् ।
अतस्तत्परिहाराय यतितव्यं महात्मना ॥ १ ॥

ભાવાર્થ—પ્રાણીઓને મિથ્યાત્વનો ત્યાગ કરવાથી શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, એથી તે મિથ્યાત્વનો ત્યાગ કરવાને માટે મહાત્મા પુરૂષે પ્રયત્ન કરવો.

વિશેષાર્થ—જ્યારે મિથ્યાત્વનો ત્યાગ થાય, ત્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, તેથી ગ્રંથકાર સમ્યક્ત્વના અધિકાર પછી મિથ્યાત્વના ત્યાગનો અધિકાર કહે છે. જે પ્રાણીએ શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું હોય, તેમણે મિથ્યાત્વનો ત્યાગ કરવો જોઇએ, તેથી સમ્યક્ત્વની ઇચ્છાવાળાએ મિથ્યાત્વનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો. સમ્યક્ત્વ મેળવવાની ઇચ્છાવાળો પુરૂષ મહાન્ હોય છે, તેથી મૂળમાં તેને મહાત્મા એવું વિશેષણ આપ્યું છે. ૧

મિથ્યાત્વનાં ૬ પદ.

नास्ति नित्यो न कर्त्ता च न जोक्तात्मा न निर्वृतः ।
तदुपायश्च नेत्याहु र्मिथ्यात्वस्य पदानि षट् ॥ २ ॥

ભાવાર્થ—આત્મા નથી, આત્મા નિત્ય નથી, કર્ત્તા નથી, ભોક્તા નથી, સિદ્ધ નથી, અને તેનો ઉપાય નથી, એ મિથ્યાત્વનાં છ પદ છે. ૨

વિશેષાર્થ—મિથ્યાત્વનાં છ પદ છે, એટલે મિથ્યાત્વીઓમાં છ પ્રકારની માન્યતા છે. કોઇ એમ માનેછે કે, આત્માજ નથી, કોઇ આત્માને અનિત્ય માને છે, કોઇ આત્માને કર્ત્તા નથી એમ કહે છે, કોઇ ભોક્તા નથી, એમ કહે છે, અને કોઇ આત્મા સિદ્ધ થતો નથી,એમ કહે છે. તેમજ કોઈ આત્માને સિદ્ધ કરવાનો ઉપાય નથી, એમ કહે છે. આવી રીતે એકાંતે છ પ્રકારની માન્યતા, તે મિથ્યાત્વ કહેવાય છે. ૨

એ છ પદવાળા મિથ્યાત્વથી શું થાય છે !

एतैर्यस्माद्भवे द्वृद्ध व्यवहार विलंघनम् ।
अयमेव च मिथ्यात्वध्वंसि सद्गुपदेशतः ॥ ३ ॥

ભાવાર્થ—એ છ પદોથી વૃદ્ધ પુરૂષોના વ્યવહારનું ઉલ્લંઘન થાય છે, અને તેને માટે સદ્ગુપદેશ આપવો, એ મિથ્યાત્વનો નાશ કરનાર છે. ૩

વિશેષાર્થ—પૂર્વે કહેલાં મિથ્યાત્વનાં છ પદોથી વૃદ્ધ પુરૂષોના વ્યવહારનું ઉલ્લંઘન થાય છે, એટલે તે છ પદોની માન્યતા સ્વીકાર કરવાથી વૃદ્ધ વ્યવહારનો ભંગ થાયછે. જો સદ્ગુરૂ ઉપદેશ આપે તો, તે ઉપદેશ એ છ પદના મિથ્યાત્વને નાશ કરનારો છે, તેથી અવશ્ય તે ઉપદેશ શ્રવણ કરવો જોઈએ. ૩

તે વિષે વિશેષતાથી કહે છે.

नास्तित्वादि ग्रहैर्नैवोपदेशो नोपदेशकः ।
ततः कस्योपकारः स्यात्संदेहादि व्युदासतः ॥ ४ ॥

ભાવાર્થ—એ નાસ્તિત્વ વિગેરે છ પદથી ઉપદેશ ન કહેવાય, તેમ તેનો ઉપદેશક ન કહેવાય, કારણકે, તે વડે સંદેહ વગેરેના નાશથી કોનો ઉપકાર થાય ? ૪

વિશેષાર્થ—ઉપર કહેલ મિથ્યાત્વનાં છ પદને લઈને ઉપદેશ આપવામાં આવે, તે ઉપદેશ કહેવાય નહીં, તેમજ તેવો ઉપદેશ આપનાર ઉપદેશક પણ કહેવાય નહીં. તેવા ઉપદેશકના ઉપદેશથી સંદેહ દૂર થતો નથી, અને સંદેહ દૂર ન થવાથી પછી કોઇનો ઉપકાર થતો નથી. ૪

તે વાત દૃષ્ટાંત પૂર્વક સમજાવે છે.

येषां निश्चय एवेष्टो व्यवहारस्तु संगतः ।
विप्राणां म्लेच्छभाषेव स्वार्थ मात्रोपदेशनात् ॥ ५ ॥

ભાવાર્થ—જેમ બ્રાહ્મણોને મ્લેચ્છ ભાષા બોલવાની મનાઈ છે, તેઓ માત્ર પોતાના સ્વાર્થ જેટલીજ બોલે છે, તેવીરીતે જેમને એક નિશ્ચયનયજ ઇષ્ટ છે, અને વ્યવહારનય તો સ્વાર્થ વાસ્તે ઉપદેશથી સંગત માત્ર છે. ૫

વિશેષાર્થ—જેઓ નિશ્ચય નયને ઇષ્ટ માનેછે, અને વ્યવહાર નય માત્ર સ્વાર્થ સાધવાને માટે રાખેછે, તેઓ મિથ્યાત્વનાં છ પદને ઓળખે છે, તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેમ બ્રાહ્મણોને મ્લેચ્છ ભાષા બોલવાની મનાઇ છે, પણ સ્વાર્થને માટે તેનો ઉપયોગ કરેછે. ઉપદેશના વિષયમાં પણ તેજ અર્થ સંગત થાયછે. ૫

તે ઉપર શ્રુત કેવલીનું દૃષ્ટાંત આપેછે.

यथा केवलमात्मानं जानानः श्रुतकेवली ।
श्रुतेन निश्चयात्सर्वं श्रुतं च व्यवहारतः ॥ ३ ॥

ભાવાર્થ—જેમ શ્રુત કેવળી વ્યવહારથી શ્રુત જાણેછે, અને સર્વ નિશ્ચય નય વડે શ્રુતજ્ઞાને કરી કેવલ આત્માને જાણેછે. ૬

વિશેષાર્થ—શ્રુત કેવલ જ્ઞાન જેને પ્રાપ્ત થયેલ છે એવા શ્રુત કેવલી જેમ વ્યવહાર નયથી શ્રુત જાણેછે, અને સર્વ નિશ્ચય નય વડે શ્રુત જ્ઞાને કરી કેવલ આત્માને જાણેછે. અર્થાત્ શ્રુત કેવલી વ્યવહાર નયથી શ્રુત જાણેછે, અને નિશ્ચય નયથી શ્રુત જ્ઞાન વડે કેવલ આત્માને જાણેછે. ૬

નિશ્ચય અને વ્યવહાર વિષે વિશેષ વાત જણાવે છે.

निश्चयार्थोऽत्र नो सद्भाद्वक्तुं केनापि पार्यते ।
व्यवहारो गुणद्वारा तदर्थावगमक्षयः ॥ ७ ॥

ભાવાર્થ—અહિં નિશ્ચય નયનો અર્થ પ્રગટ પણે કહેવાને કોઇ સમર્થ નથી. અને દેખીતો ગુણ પ્રગટે તે દ્વારા નિશ્ચય અર્થની પ્રાપ્તિનો ક્ષય રૂપ વ્યવહાર કહેવાય છે. ૭

વિશેષાર્થ—નિશ્ચય નયનો અર્થ પ્રગટ રીતે-ખુલ્લી રીતે કહેવાને કોઈ પણ સમર્થ થઇ શકતું નથી. જ્યાં દેખીતો ગુણ પ્રગટે છે, તે દ્વારા નિશ્ચય અર્થની પ્રાપ્તિ થાય, પણ તેનો ક્ષય રૂપ વ્યવહાર કહેવાય છે. ૭

કેવળ વ્યવહારનું પ્રધાનપણું માનવાથી શું થાયછે?

प्राधान्यं व्यवहारे चेत्तत्तेषां निश्चये कथम् ।
परार्थस्वार्थते तुल्ये शब्दज्ञानात्मनोर्द्वयोः ॥८॥

ભાવાર્થ—જેને કેવલ વ્યવહારને વિષે પ્રધાનપણું છે, તો તેને નિશ્ચયનયમાં કેમ હોય? વળી શબ્દનય અને જ્ઞાનનય રૂપ પ્રાણીઓને સ્વઅર્થ અને પરઅર્થ બંને તુલ્ય હોય છે. ૮

વિશેષાર્થ—જેઓને કેવલ વ્યવહારનયમાંજ પ્રધાનતા છે, એટલે જેઓ ફકત વ્યવહાર નયનેજ પ્રધાન માને છે, તેમને નિશ્ચય નયમાં પ્રવૃત્ત થવું કેમ હોય? અર્થાત્ તેમને નિશ્ચય નય હોતોજ નથી. અને જેઓ શબ્દનય અને જ્ઞાનનયને પ્રધાન ગણનારા છે, તેમને સ્વાર્થ અને પરાર્થ બંને તુલ્ય હોય છે; એટલે તેઓ સ્વાર્થ તથા પરાર્થ બંને સરખી રીતે સાધે છે. ૮

તેમાં મિથ્યાત્વનાં છ પદ ઘટે છે. તે વાત જણાવે છે.

प्राधान्याद् व्यवहारस्य तत्त्वमुच्छेद कारिणाम् ।
मथ्यात्वरूपतैतेषां पदानां परिकीर्त्तिता ।।९।।

ભાવાર્થ—જેઓ વ્યવહારનયની પ્રધાનતાથી તત્ત્વનો ઉચ્છેદ કરનારા છે, તેમને એ મિથ્યાત્વનાં છ પદમાં મિથ્યાત્વભાવ થયો, એમ સમજવું. ૯

વિશેષાર્થ—જેઓ વ્યવહારનયને પ્રધાન માને છે, તેઓ તત્ત્વનો ઉચ્છેદ કરે છે. કારણકે, જ્યાં નિશ્ચયનય નથી, ત્યાં તત્ત્વ જ્ઞાન હોતું નથી. તેવાઓને પ્રથમ કહેલાં મિથ્યાત્વનાં છ પદોને લઈને મિથ્યાત્વભાવ પ્રાપ્ત થાય છે. ૯

પ્રથમ પદમાં ચાર્વાક મતનું સ્વરૂપ કહે છે.

नास्त्येवात्मेति चार्वाकः प्रत्यक्षानुपलंभतः ।
अहंताव्यपदेशस्य शरीरेणोपपत्तितः ॥ १० ॥

ભાવાર્થ— ચાર્વાક માને છે કે, આત્મા છેજ નહીં, કારણકે તે પ્રત્યક્ષ જણાતો નથી. અને જે ‘ હું ’ એવો અહંકાર છે, તે તો શરીરથી જણાય છે, ૧૦

વિશેષાર્થ—ચાર્વાક એમ માને છે કે, આત્મા છેજ નહીં. જો આત્મા હોય તો, તે પ્રત્યક્ષ જણાવવો જોઇએ. અહિં કોઇ શંકા કરે કે, ત્યારે 'હું' અને મારૂ એમ અહંકાર કોણ કરે છે? તેને માટે ચાર્વાક લખે છે કે, તે અહંકારનો વ્યપદેશ શરીરથી થાય છે. તેમાં આત્માનું કાંઇ છેજ નહીં.

તે વાત સાબિત કરે છે.

मद्यांगेभ्यो मदव्यक्तिः प्रत्येकमसती यया ।
मिलितेभ्यो हि भूतेभ्यो ज्ञानव्यक्तिस्तथा मता ॥११॥

ભાવાર્થ—જેમ મહુડાં, પાણી વગેરે પ્રત્યેક પદાર્થોમાં મદિરાની શક્તિ નથી, પણ જ્યારે તેઓ બધાં સાથે મલે છે, ત્યારે તેમાંથી મદશક્તિ પ્રગટ થાય છે, તેવી રીતે પંચ ભૂત મલવાથી જ્ઞાનશક્તિ—ચેતનશક્તિ પ્રગટ થાય છે. ૧૧

વિશેષાર્થ—કદિ કોઇ પ્રશ્ન કરે કે, જો આત્મા નથી તો, શરીરમાં ચેતનશક્તિ શી રીતે પ્રાપ્ત થાય છે? તેના ઉત્તરમાં એ જણાવે છે કે, જેમ મદિરા બનાવવામાં મહુડાં, પાણી વગેરે જુદા જુદા પદાર્થોમાં મદ-નીસો ચડવાની શક્તિ નથી, પણ જ્યારે એ પદાર્થો ભેગા મલે છે, ત્યારે મદશક્તિ પ્રગટ થાય છે, તેવી રીતે પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ—એ પંચભૂત મલવાથી ચેતનશક્તિ પ્રગટ થઇ આવે છે. આત્મા એવો કોઇ પદાર્થ છેજ નહીં. ૧૧

ચાર્વાકના મતની બીજી માન્યતા.

राजरंकादि वैचित्र्यमपि नात्मबलाहितम् ।
स्वाभाविकस्य भेदस्य ग्रावादिष्वपि दर्शनात् ॥ १२ ॥

ભાવાર્થ—એક રાજા અને બીજો રાંક એ ભેદની વિચિત્રતા સ્વાભાવિક રીતે છે, તેમાં કાંઇ આત્માના બળને લઈને નથી. કારણકે, તેવા ભેદ પાષાણ વગેરેમાં જોવામાં આવે છે. ૧૨

વિશેષાર્થ—કદિ કોઇ શંકા કરે કે, જો આત્મા ન હોય તો, એક રાજા અને બીજો રાંક, એ આત્માના કર્મનાં ફળ કેમ દેખાય છે ? તેના ઉત્તરમાં ચાર્વાક કહેછે કે, એ રાજા અને રાંકનો ભેદ આત્માનાં કર્મને લઈને નથી, પણ એ સ્વાભાવિક ભેદ છે. એવો ભેદ તો પાષાણ વગેરેમાં પણ જોવામાં આવે છે. બધા પાષાણો સરખા હોતા નથી. હીરા—આરસ વગેરે પાષાણના પણ ઊંચ—નીચ ભેદો દેખાય છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, રાજા અને રાંકનો ભેદ તેમ સ્વાભાવિક રીતે પડી જાય છે.

વચનથી આત્મા સિદ્ધ થતો નથી.

वाक्यैर्न गम्यते चात्मा परस्परविरोधिभिः।
दृष्टवान्न च कोऽप्येनं प्रमाणं यद्वचो भवेत् ॥ १३ ॥

ભાવાર્થ—પરસ્પર વિરોધવાળાં વાક્યોથી આત્માની પ્રતીતિ થતી નથી; તેમજ કોઇએ તે આત્માને જોયો નથી, કે જેથી તેનું વચન પ્રમાણભૂત ગણાય. ૧૩

વિશેષાર્થ—આ જગત્માં વિવિધ જાતના મતો ચાલે છે, તેઓનાં વચનો પરસ્પર વિરોધવાળાં છે. એવાં પરસ્પર વિરોધી વચનોથી આત્માની પ્રતીતિ થતી નથી. કારણ કે, તેઓમાંથી કોઇએ આત્માને જોયેલો નથી. જ્યારે આત્માને જોયા વગર તેઓ મત આપે છે, તો તેમનું વચન પ્રમાણભૂત ગણાતું નથી. જો તેમનામાંથી કોઇએ આત્માને જોયો હોત તો, તેમનું વચન પ્રમાણભૂત ગણાત. ૧૩

ચાર્વાકનો બીજો પક્ષ.

आत्मानं परलोकं च क्रियां च विविधां वदन् ।
लोकान्यो भ्रंशयत्युच्चैर्लोकचित्तं प्रतारकः ॥ १४॥

ભાવાર્થ—છેતરનાર-ધૂર્ત્ત લોક આત્માને, પરલોકને અને વિવિધ જાતની ક્રિયાને બતાવી, લોકોનાં ચિત્તને ઉંચે પ્રકારે વિષય-ભોગમાંથી ભ્રષ્ટ કરેછે. ૧૪

વિશેષાર્થ—વળી, ચાર્વાક એવો પક્ષ ગ્રહણ કરેછે કે, જે લોકો 'આત્મા છે' એમ કહેછે, પરલોક છે અને તેની અંદર જીવાત્મા જાયછે, એમ વદે છે; અને વિવિધ જાતની ક્રિયાઓ બતા-

વેછે, તેઓ લોકોને છેતરે છે, અને તેમને વિષય ભોગમાંથી ભ્રષ્ટ કરે-છે, એવા ધૂર્ત્ત લોકોને માનવા ન જોઈએ. ૧૪

ચાર્વાકનો ઉપદેશ.

त्याज्यास्तत्रैहिकाः कामाः कार्या नानागतस्पृहा ।
जन्मीभूतेषु भूतेषु वृथा प्रत्यागतिस्पृहा ॥ १५ ॥

ભાવાર્થ—આ લોકની કામનાઓનો ત્યાગ ન કરવો જોઇએ. અને જે અનાગત વસ્તુ છે, તેની સ્પૃહા રાખવી ન જોઈએ. એવા પંચ ભૂત ભસ્મ થઇ ગયા પછી, તેમના પાછા આવવાની સ્પૃહા કરવી એ વૃથા છે. ૧૫

વિશેષાર્થ—આ લોકની જે જે વિષય કામનાઓ છે, તેને સર્વરીતે ભોગવવી જોઇએ. તેમનો ત્યાગ ન કરવો જોઇએ. અને જે વસ્તુ અનાગત છે, પ્રાપ્ત થઇ નથી, તેની સ્પૃહા રાખવી ન જોઇએ. કારણ કે, આ પંચભૂતનું બનેલું શરીર ભસ્મ થઈ ગયા પછી તે પાછું મળવાની ઇચ્છા રાખવી, એ તદ્દન વૃથા છે. કહેવાનો આશય એવો છે કે, જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી આ લોકના વિષયભોગ ભોગવવા જોઇએ. મૃત્યુ થયા પછી ફરીવાર શરીર મળતું નથી. ૧૫

આ ચાર્વાકનું દર્શન કેવું છે ?

तदेतद्दर्शनं मिथ्या जीवप्रत्यक्ष एव यत् ।
गुणानां संशयादीनां प्रत्यक्षाणामभेदतः ॥१६॥

ભાવાર્થ— આ ચાર્વાકનું દર્શન મિથ્યા છે. કારણકે, તેમાં જીવને પ્રત્યક્ષ માનવા પણું છે, વળી જીવના સંશયાદિ ગુણો અભેદથી પ્રત્યક્ષ છે. ૧૬

વિશેષાર્થ—ઉપર પ્રમાણે જે ચાર્વાક દર્શન કહ્યું, તે મિથ્યા છે. કારણકે, જીવ પ્રત્યક્ષ થઈ શકતો નથી, અને જીવને જે સંશયાદિ પ્રત્યક્ષ ગુણ છે, તેમાંજ જીવનું પ્રત્યક્ષપણું છે, અને જીવ તેમનાથી અભેદ પણે પ્રત્યક્ષ છે. કહેવાનો આશય એવો છે કે, ચાર્વાકના મત પ્રમાણે આત્મા–જીવ પ્રત્યક્ષ થઇ શકતો નથી, પણ સંશય વગેરે તેના ગુણો તો અભેદ પણે પ્રત્યક્ષ થાય છે. તે ઉપરથી જીવની પ્રત્યક્ષતા સિદ્ધ થાય છે. ૧૬

બીજી રીતે ચાર્વાક મતનું ખંડન કરે છે.

न चाहं प्रत्ययादीनां शरीरस्यैव धर्मता ।
नेत्रादिग्राह्यतापत्तेर्नियतं गौरवादिवत् ॥१७॥

ભાવાર્થ—જેમ કોઇ આદર આપે, તે નેત્રાદિકથી ગ્રાહ્યથવાથી આત્માને આદર મળે છે; તેવી રીતે 'હું' એવી જે પ્રતીતિ વગેરે થાય છે, તે આત્માનો ધર્મ છે, શરીરનો ધર્મ નથી. ૧૭

વિશેષાર્થ—'હું' અને 'મારૂ' એ અહંકારની પ્રતીતિ શરીરને થતી નથી, પણ આત્માને થાય છે. એટલે તે આત્મ ધર્મ છે, શરીરનો ધર્મ નથી, તે વાત દૃષ્ટાંત આપી સિદ્ધ કરેછે. જ્યારે કોઇ આપણને આદર આપે છે, ત્યારે આપણને જે આનંદ

ઉપજે છે, તે આત્માનો ધર્મ છે, શરીરનો નથી. તે આદર આપવાનું નેત્ર વગેરેથી માત્ર ગ્રાહ્ય થાય છે, એટલુંજ છે. તે ઉપરથી 'આત્મા છે' એ વાત સિદ્ધ થાય છે. ૧૭

શરીરને આત્મા માનવાથી શો દોષ આવે છે ?

शरीरस्यैव चात्मत्वे नानुभूतस्मृतिर्भवेत् ।
बालत्वादिदशाभेदा तस्यैकस्यानवस्थितेः ॥१८॥

ભાવાર્થ—જો શરીરનેજ આત્મા માનીએ તો, અનુભવ કરેલ વસ્તુનું સ્મરણ ન થવું જોઈએ. વળી તે એક શરીરને બાલ્ય વગેરે દશાના ભેદ થાય છે, અને જો ભેદ ન માનીએ તો, અનવસ્થા દોષ લાગે છે. ૧૮

વિશેષાર્થ—ગ્રંથકાર, ચાર્વાક મતનું ખંડન કરતાં કહે છે કે, જો શરીરને આત્મા માનીએ તો. અનુભવ કરેલ વસ્તુનું સ્મરણ ન થવું જોઇએ, કારણકે, શરીર જેવો આત્મા જડ થાય છે તો, તેને પૂર્વના અનુભવની વાત કેમ સાંભરે? શરીરને તો અનુભૂત પ્રસંગનું સ્મરણ સંભવતું નથી, ત્યારે જે સાંભરી આવે છે, તે આત્માને લઇનેજ છે. વળી બાલ્ય, યૌવન, વૃદ્ધ ઇત્યાદિ શરીરની દશાના ભેદ છે, પણ આત્માને તેવા ભેદ નથી. આત્માની તો એક જ દશા છે, અને શરીરની દશા—અવસ્થા એક નથી. કારણકે, તેમાં અનવસ્થિત દોષનો પ્રસંગ છે. ૧૮

તે વિષે બીજી યુક્તિ જણાવે છે.

नात्मांगं विगमेऽप्यस्य तल्लब्धानुस्मृतिर्यतः ।
व्ययेगृहगवाक्षस्य तल्लब्धार्थाधिगंतृवत् ॥ १९ ॥

ભાવાર્થ—જેમ ઘરના ગોખમાં બેસીને નગર વગેરે જોયેલ હોય, તે ગોખ પડી જવાથી તે જોયેલાનું સ્મરણ જતું નથી, તેમ શરીરનો નાશ થાય તો પણ આત્માને પૂર્વના જન્માદિકનું સ્મરણ નાશ પામતું નથી. ૧૯

વિશેષાર્થ—શરીરનો નાશ થઇ જાય, અને આત્મા પરભવમાં જાય તો પણ, જાતિ સ્મરણ વડે પૂર્વ જન્મનું સ્મરણ થાય છે. કારણ કે, શરીર અને આત્માને આંતરિક સંબંધ નથી. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેમ ઘરના ગોખ ઊપર બેસી નગર વગેરે જોયેલાં હોય છે, તે પછી ગોખ પડી જાય તોપણ, તે જોયેલા પદાર્થોનું સ્મરણ જતું નથી. ૧૯

તે વિષે વિશેષ કહે છે.

न दोषःकारणात्कार्ये वासनासंभ्रमाच्च न ।
भ्रूणस्य स्मरणापत्तेरंबानुन्नवसंक्रमात् ॥ २० ॥

ભાવાર્થ—કોઇ કારણથી અને વાસનાના સંભ્રમથી આત્માને કાર્યનું સ્મરણ ન રહે, તેમાં કાંઇ દોષ નથી. માતાએ બાળકને અનુભવનો સંક્રમ કર્યો, પણ કદિ બાળકને યાદ ન રહે તો, તે જેમ દોષ ગણાતો નથી. ૨૦

વિશેષાર્થ—અહિં કદિ વાદી શંકા કરે કે, કોઇવાર આત્માને કાર્યનું વિસ્મરણ કેમ થાય છે? તેના ઉત્તરમાં ગ્રંથકાર કહે છે કે, આત્મા કોઇ કારણથી અથવા વાસનાના સંભ્રમથી કાર્યનું વિસ્મરણ કરી દે છે; તેથી કાંઇ આત્માને સ્મરણ નથી એવો દોષ આવતો નથી. તે વાત દૃષ્ટાંત આપી સિદ્ધ કરે છે. જેમ માતા પોતાનાં બાળકને પોતાના અનુભવના સંક્રમથી બોલવા તથા ચાલવાનું શીખવે છે. પણ કદિ બાળકને તેની સ્મૃતિ ન હોય, તેથી શું થયું? તે પ્રમાણે અહિં પણ સમજવું. ૨૦

नोपादानाऽनुपादेयवासना स्थैर्यदर्शने ।
करादेरतथात्वेन योग्यत्वात्तेरणुस्थितौ ॥ २१ ॥

ભાવાર્થ—ઉપાદાનના યોગે કરી સ્થિરતાના દર્શનને વિષે ઉપાદાનની વાસના હોતી નથી. જેમ હાથ વગેરે ઉપાદેય છે, અને હાથ વગેરેનાં પરમાણુ તેનું ઉપાદાન છે, માટે પરમાણુરૂપ સૂક્ષ્મ સ્થિતિમાં સ્થિર દર્શન સંભવતું નથી. ૨૧

વિશેષાર્થ—ઉપાદાન એટલે મૂળ કારણ, તેના યોગથી સ્થિરતાના દર્શનને વિષે ઉપાદાનની વાસના હોતી નથી, એટલે જે સ્થિર ધર્મ છે, તેમાં તેના ઉપાદાનની વાસના હોતી નથી, તે વાત દૃષ્ટાંત પૂર્વક સમજાવે છે. હાથ વગેરે શરીરના અવયવ છે, તે ઉપાદેય છે, એટલે ઉપાદાન કરવાને યોગ્ય છે. તે હાથ વગેરેના ઉપાદાન–મૂળ કારણ તેના પરમાણુ છે. તેથી હાથની સૂક્ષ્મ સ્થિતિ જે પરમાણુ રૂપ છે, તેમાં સ્થિરતાનું દર્શન સંભવતું નથી. ૨૧

મદિરાના દ્રષ્ટાંતનું ખંડન કરેછે.

मद्यांगेन्यो मदशक्तिरपि नो मेलकं विना ।
ज्ञानव्यक्तिस्तथा भाव्याऽन्यथा सा सर्वदा भवेत्॥ २२ ॥

ભાવાર્થ—જેમ મદિરાના અંગમાંથી મદશક્તિ પ્રગટ થાય છે, પણ તે આત્માનો મેળ કરવાથી થાયછે, મેળ કર્યા વિના થતી નથી. તેવી રીતે જ્ઞાન–ચેતન શક્તિ પણ આત્માને યોગે થાયછે, તે શિવાય થતી નથી. ૨૨

વિશેષાર્થ—મદિરાના અંગભૂત મહુડાં, પાણી વગેરેમાં મદશક્તિ રહેલી છે. પણ તે શક્તિ આત્માના યોગથી પ્રગટ થાયછે. એટલે ચેતન જ્યારે પાન કરે, ત્યારે તે દેખાય છે. તેવી રીતે જ્ઞાનશક્તિ–ચેતનશક્તિ આત્માના યોગથી ઉત્પન્ન થાયછે. તે શિવાય થતી નથી. માટે આત્મા છે, એ વાત માન્ય કરવી જોઇએ. ૨૨

રાજા અને રાંકની વિચિત્રતા શાથી છે ? તેનો ઉત્તર.

राजरंकादिवैचित्र्यमप्यात्मकृतकर्मजम् ।
सुखदुःखादिसंवित्तिविशेषो नान्यथा भवेत् ॥ २३ ॥

ભાવાર્થ—રાજા અને રાંક વગેરેની જે વિચિત્રતા છે, તે જીવે કરેલાં કર્મથી થાયછે. જો એમ ન હોય તો, સુખ દુઃખ વગેરેનું વેદન ન થાય. ૨૩

વિશેષાર્થ—જગત્માં એક રાજા થાયછે, અને એક રાંક થાયછે, એ વિચિત્રતા પોતે કરેલાં કર્મને લઈને છે. જો એમ ન હોય તો, સુખ દુઃખ વગેરેનું વેદન થવાનું કાંઇ કારણ નથી. એટલે એક સુખી અને બીજો દુઃખી થાયછે, એ વાત બનેજ નહીં. સુખ અને દુઃખ કરેલાં કર્મોનુંજ ફળ છે. ૨૩

આત્મા-જીવ પ્રત્યક્ષ શી રીતે થાય છે ?

આગમાદ્ગમ્યતે ચાત્મા દૃષ્ટેષ્ટાર્થાવિરોધિનઃ।
તદુક્તા સર્વવિચ્ચૈનં દૃષ્ટવાન્ વીતકલ્મષઃ ॥ ૨૪ ॥

ભાવાર્થ—દૃષ્ટ-પ્રત્યક્ષ, અને ઇષ્ટાર્થ એટલે અનુમાન પ્રમાણ તેને અવિરોધી એવા આગમ પ્રમાણથી, આત્મા જાણી શકાય છે, તેના વક્તા પાપ રહિત અને સર્વજ્ઞ એવા શ્રીજિન ભગવંતે એ આત્માને જોયેલો છે. ૨૪

વિશેષાર્થ—આત્માને જાણવાને માટે પ્રત્યક્ષ, અનુમાન અને ઉપમા એ ત્રણે પ્રમાણો ચોગ્ય છે. અને તે ત્રણે પ્રમાણો આગમ પ્રમાણમાં ભલે છે. કારણ કે, તે આગમ પ્રમાણ એ ત્રણ પ્રમાણની સાથે અવિરોધી છે, તે આગમ પ્રમાણથી આત્મા જાણી શકાય છે. કારણ કે, તે આગમના વક્તા સર્વજ્ઞ અને નિષ્પાપ-નિર્દોષ એવા શ્રી જિન ભગવંતે તે આત્માને જોયેલો છે. ૨૪

આ લોકની પ્રવૃત્તિ ઉત્કૃષ્ટ બંધનની હેતુ છે, તેથી તેમાં પોતાના આત્માને કોણ દુઃખી કરે ?

ભ્રાંતાનાં ચ વિફલા નામુષ્મિક્યઃ પ્રવૃત્તયઃ।
પરબંધનહેતોઃ કઃ સ્વાત્માનમવસાદયેત્ ॥ ૨૫ ॥

ભાવાર્થ—ભ્રાંતિ વગરના જ્ઞાની પુરૂષોને આ લોકની પ્રવૃત્તિઓ નિષ્ફળ હોતી નથી. ઉત્કૃષ્ટ બંધના કારણમાં પોતાના આત્માને કોણ દુઃખ આપે? ૨૫

વિશેષાર્થ—જેઓ ભ્રાંતિ વગરના જ્ઞાની પુરૂષો છે, તેઓની આ લોકની પ્રવૃત્તિઓ પણ નિષ્ફલ હોતી નથી; અર્થાત્ સફળ પ્રવૃત્તિઓ હોયછે, કારણ કે, તેઓને ભ્રાંતિ હોતી નથી. જ્યારે એમ છે, ત્યારે કયો પુરૂષ પોતાના આત્માને કર્મના ઉત્કૃષ્ટા બંધમાં પાડી દુઃખી કરે? અર્થાત્ સુજ્ઞ પુરૂષ તો કદિ પણ કરે જ નહીં. ૨૫

તેવું અનુચિત કરનાર પુરૂષ કેવો કહેવાય છે?

સિદ્ધિઃ સ્થાણ્વાદિવદ્વ્યક્તા સંશયાદેવ ચાત્મનઃ ।
અસૌ ખરવિષાણાદૌ વસ્ત્વર્થવિષયઃ પુનઃ ॥ ૨૬ ॥

ભાવાર્થ—આત્માને સંશયથી સિદ્ધિ સ્થાણુ વગેરેની જેમ સ્પષ્ટજ છે, અને તે ગધેડાના શીંગડાની જેમ સમજવું. ૨૬

વિશેષાર્થ—જ્યાં સંશય હોય છે, ત્યાં આત્માને સિદ્ધિ થતી નથી. તે સિદ્ધિ જેમ ઝાડનાં ઠુંઠાંને થાંભલો જાણે તેના જેવી છે. એટલે 'આ તે ઝાડનું ઠુંઠું છે કે થાંભલો?' એવો સંશય થાય છે. અર્થાત્ જેમ તેમાં ખરો નિશ્ચય થતો નથી, તેવી રીતે આત્માની સિદ્ધિ સંશયને લઇ ખરી રીતે થતી નથી. અને જે આત્માને વિપરીત રીતે માને, તે ગધેડાને શીંગડા માનનારના જેવો મૂર્ખ છે. ૨૭

તેનું સ્પષ્ટીકરણ કરે છે.

अजीव इति शब्दस्य जीवसत्ता नियंत्रिता ।
असतो न निषेधो यत्संयोगादिनिषेधनात् ॥ २७ ॥

ભાવાર્થ—અજીવ એ શબ્દમાં જીવની સત્તા વળગેલી છે, અને સંયોગ સમવાય વગેરેના નિષેધથી અછતાંનો નિષેધ થઈ શકતો નથી. ૨૭

વિશેષાર્થ—અજીવ શબ્દમાં જીવ શબ્દની સત્તા વળગેલી છે, પણ તેનો નિષેધ અછતો છે; જેથી નાસ્તિક મતવાળા સંયોગ, સમવાય, સામાન્ય અને વિશેષને નિષેધે છે. તેપણ સર્વથા રીતે વસ્તુના સ્વરૂપને નિષેધી શકતા નથી. કારણકે, સંયોગ, સમવાય અને સામાન્ય નહીં માનવાથી પણ અજીવ શબ્દ બોલવો તે, જેકે અજીવ પદાર્થ સત્ છે, તથાપિ શબ્દ અસત્ માનીએ તો, અસત્ પદાર્થનો નિષેધ દેખાતો નથી. ૨૭

તે પદાર્થો દર્શાવે છે.

संयोगः समवायश्च सामान्यं च विशिष्टता ।
निषिध्यते पदार्थानां त एव नतु सर्वथा ॥ २८ ॥

ભાવાર્થ—સંયોગ, સમવાય, સામાન્ય ઈત્યાદિ પદાર્થોના વિશેષપણાનો નાસ્તિકો નિષેધ કરે છે, પણ તેનો સર્વથા નિષેધ થતો નથી. ૨૮

વિશેષાર્થ—નાસ્તિકો, સંયોગ, સમવાય, સામાન્ય ઇત્યાદિ પદાર્થોના વિશેષપણાનો નિષેધ કરે છે, પણ તેમનો સર્વથા નિષેધ થતો નથી. કારણકે, એ પદાર્થો વડે વસ્તુનું યથાર્થ સ્વરૂપ ઓળખાય છે. જો એ પદાર્થોનો સર્વથા નિષેધ કરવામાં આવે તો, વસ્તુના શુદ્ધ સ્વરૂપનું ભાનજ થાય નહીં. ૨૮

જીવ અને શરીરમાં શો તફાવત છે ?

शुद्धं व्युत्पत्तिमज्जीवपदं सार्थं घटादिवत् ।
तदर्थस्य शरीरं नो पर्यायपद भेदतः ॥ २९ ॥

ભાવાર્થ—વ્યુત્પત્તિવાળું જીવ પદ ઘટાદિકની જેમ શુદ્ધ અર્થવાળું છે, પણ નવા નવા પર્યાય પદના ભેદથી જીવના અર્થ શરીર નથી. ૨૯

વિશેષાર્થ—' जीव्--प्राणधारणे ' પ્રાણને ધારણ કરે તે જીવ કહેવાય, એવી જીવપદની વ્યુત્પત્તિ છે, તે વ્યુત્પત્તિવાળું જીવ પદ ઘટાદિકની પેઠે શુદ્ધ અર્થવાળું છે. પરંતુ નવા નવા પર્યાયના ભેદથી જીવના મૂળ અર્થમાં શરીર હોઇ શકતું નથી. અર્થાત્ જીવ પદનો જે અર્થ થાય છે, તેવો અર્થ શરીરનો થતો નથી, તેથી જીવ અને શરીર પર્યાયના ભેદથી ભિન્ન છે. ૨૯

ચાર્વાકમતના ખંડનનો ઉપસંહાર કરે છે.

आत्मव्यवस्थितेस्त्याज्यं ततश्चार्वाकदर्शनम् ।
पापाः किलैतदाह्यापाः सद्व्यापारविरोधिनः ॥ ३० ॥

ભાવાર્થ—'આત્મા છે' એમ માનીને નાસ્તિક એવા ચાર્વાક દર્શનનો ત્યાગ કરવો. કારણકે એવી રીતે કહેનારા પાપી ચાર્વાકો સારા વ્યાપારના વિરોધી હોય છે. ૩૦

વિશેષાર્થ—ઉપર કહેલાં કારણોથી 'આત્મા છે' એમ માનવું જોઇએ. અને તેથી નાસ્તિક એવા ચાર્વાક દર્શનનો ત્યાગ કરવો જોઇએ. એવા યદ્વા તદ્વા બોલનારા પાપી ચાર્વાકો ઉત્તમ એવા વ્યાપારના વિરોધી હોય છે, એટલે સારાં ધાર્મિક કાર્યોમાં વિરોધ નાંખનારા હોય છે. ૩૦

'આત્મા નિત્ય નથી' એમ કહેનારા બૌદ્ધ લોકોના મતનું સ્વરૂપ બતાવી તેનું ખંડન કરે છે.

ज्ञानक्षणावलीरूपो नित्यो नात्मेति सौगताः ।
क्रमाक्रमाभ्यां नित्यत्वे पूज्यतेऽर्थक्रिया नहि ॥३१॥

ભાવાર્થ—જ્ઞાનરૂપ અને ક્ષણાવલીરૂપ એવો આત્મા નિત્ય નથી. ક્રમ અને અક્રમવડે આત્માને નિત્ય માનીએ તો અર્થ ક્રિયા ઘટે નહીં, એમ બૌદ્ધ લોકો કહે છે. ૩૧

વિશેષાર્થ—આત્મા જ્ઞાનરૂપ છે. પણ ક્ષણાવલીરૂપ છે, એટલે ક્ષણેક્ષણે તેની સ્થિતિ બદલાય છે, અર્થાત્ ક્ષણમાં ક્રોધ કરે, ક્ષણમાં માન કરે, અને ક્ષણમાં મોહ કરે; એમ ભિન્ન ભિન્ન અવસ્થા છે, તેની એક અવસ્થા રહેતી નથી; તેથી આત્મા નિત્ય નથી. કદિ કોઇ એમ કહે કે, ક્રમ અને અક્રમપણે આત્મા નિત્ય

થઇ શકે. પણ જો એમ માનીએ તો, અર્થક્રિયા થતી ઘટે નહીં; માટે આત્મા નિત્ય નથી, આ પ્રમાણે બૌદ્ધ લોકો માને છે. ૩૧

તે ક્રમ અક્રમ વિશે વિશેષ કહે છે.

स्वभावहानितो ध्रौव्यं क्रमेणार्थक्रियाकृतौ ।
अक्रमेण च तद्भावे युगपत्सर्वसंभवः ॥३२॥

ભાવાર્થ—સ્વભાવની હાનિ થવાથી આત્મા ધ્રુવ-નિશ્ચલ થાય. અનુક્રમે અર્થક્રિયાની આકૃતિને વિષે અને અક્રમ વડે તેના ભાવને વિષે એકીસાથે વિચારતાં સર્વ સંભવ હોય છે, તેથી ક્ષણિક મત સત્ય છે. ૩૨

વિશેષાર્થ—જો આત્માના સ્વભાવની હાની માનીએ તો, આત્માને ધ્રુવપણું-સ્થિરપણું થાય. અને ક્રમવડે અર્થની ક્રિયાની આકૃતિનો સંભવ છે. તથા અક્રમવડે આત્માના ભાવની માન્યતા થાય છે. જો એકીસાથે એટલે ક્રમ-અક્રમ લઇએ તો, તેનામાં સર્વ વાત સંભવે છે; તેથી આત્મા ક્ષણિક-અનિત્ય છે, એ મત સત્ય ઠરે છે. ૩૨

ક્ષણિક મતને નિર્દોષ કહે છે.

क्षणिके तु न दोषोऽस्मिन् कुर्वद्रूपविशक्षिते ।
ध्रुवे क्षणेतृष्णाया निवृत्तेश्च गुणो महान् ॥३३॥

ભાવાર્થ—આ ક્ષણિક મતમાં દોષ નથી. કારણકે, તે નવનવાં રૂપ કરે છે. જે સમયે જે રૂપ હોય, તે રૂપનાં લક્ષણથી ધ્રુવ છે; અને તેમાં તૃષ્ણાનો અને નિવૃત્તિનો મોટો ગુણ છે, તેથી ધ્રુવતાનો મહાન્ ગુણ પમાય છે. ૩૩

વિશેષાર્થ—બૌદ્ધ લોકો કહે છે કે, અમારા ક્ષણિક મતમાં દોષ આવતો નથી, અને તેમ તેની ધ્રુવતા પણ હણાતી નથી. કારણકે, આત્મા ક્ષણેક્ષણે નવનવાં રૂપ કરે છે. જે સમયે જે રૂપ હોય, તે સમયે તેનાં લક્ષણોથી તે ધ્રુવ રૂપ છે. તેમ વળી તેમાં તૃષ્ણા અને નિવૃત્તિનો મોટો ગુણ છે. જેથી ધ્રુવતાનો મહાન્ ગુણ પ્રાપ્ત થાય છે. એટલે જે ક્ષણે જે રૂપ હોય તેટલીવાર તે ધ્રુવ રૂપ છે. ૩૩

એ બૌદ્ધ દર્શન માનવાથી શી હાની થાય છે ?

मिथ्यात्ववृद्धिकृन्नूनं तदेतदपि दर्शनम् ।
क्षणिके कृतहानि र्यत्तथात्मन्यकृतागमः ॥ ३४ ॥

ભાવાર્થ—એ બૌદ્ધ લોકોનું દર્શન પણ મિથ્યાત્વની વૃદ્ધિને કરનારૂં છે, કારણ કે, આત્માને ક્ષણિક માનવાથી કૃતહાની અને અકૃતાગમ નામે બે દોષ પ્રાપ્ત થાય છે. ૩૪

વિશેષાર્થ—એ બૌદ્ધ લોકોનું દર્શન પણ મિથ્યાત્વની વૃદ્ધિ કરનારૂં છે. કારણ કે, તેમાં કૃતહાની અને અકૃતાગમ નામે બે દોષ પ્રાપ્ત થાય છે. આત્માને ક્ષણિક માનવાથી તે માનનારના સુકૃતની હાની થાય છે. અને કદિ પાપ ન કરે તો પણ, અસત્ય બોલવાનું

પાપ તો, પરભવે ભોગવવું પડે; તેથી અકૃતાગમ દોષ લાગુ પડે છે. એ બે દોષને લઈને બૌદ્ધ દર્શન મિથ્યાત્વની વૃદ્ધિ કરનારૂં થાય છે. ૩૪

તે વિષે વિશેષ સ્પષ્ટીકરણ કરે છે.

एकद्रव्यान्वयाभावा द्वासनासंक्रमश्च न ।
पौर्वापर्यं हि भावानां सर्वत्रातिप्रसक्तिमत् ॥ ३५ ॥

ભાવાર્થ—એક દ્રવ્યના અન્વય (સાપેક્ષપણા) ના અભાવથી વાસનાનું સંક્રમણ થતું નથી, અને ભાવનું પૂર્વાપરપણું સર્વત્ર શક્તિ રૂપે પરિણમે છે. ૩૫

વિશેષાર્થ—એક દ્રવ્યના અન્વયના અભાવથી એટલે એક દ્રવ્યનો સાપેક્ષ પણે એક ભાવ નથી, તેથી વાસનાનું સંક્રમણ થતું નથી, અને ભાવનું જે પૂર્વાપરપણું છે, એટલે પૂર્વ–પ્રથમનો ભાવ અને અપર–પછીનો ભાવ એવો જે ભેદ છે, તે સર્વત્ર શક્તિ રૂપે પ્રવર્ત્તે છે. ૩૫

ક્ષણિકપણું શાથી છે ?

कुर्वद्रूपविशेषे च न प्रवृत्तिर्नवानुमा ।
अनिश्चयान्न वाध्यक्षं तथा चोदयतोजगौ ॥ ३६ ॥

ભાવાર્થ—રૂપ વિશેષ કરતાં છતાં પ્રવૃત્તિ કરવી, અથવા અનુમાન કરવું, એ તો નહીં પણ ક્ષણિક મતવાળાએ તો અનિશ્ચય વડે આત્માને ઉદયથી ક્ષણિકપણું કહેલું છે. ૩૬

વિશેષાર્થ—કોઇ જાતનું રૂપ કરવામાં આવે, તે છતાં પણ પ્રવૃત્તિ ન કરવી જોઇએ, અથવા અનુમાન ન કરવું જોઇએ. કારણ કે, ક્ષણિક મતવાળા આત્માને ઉદયથી ક્ષણિકપણું કહે છે, તે પણ નિશ્ચયથી કહેતા નથી, એટલે આત્માને ઉદયથી ક્ષણિકપણું થાય છે, તે અનિશ્ચયથી જણાવે છે. ૩૬

નિશ્ચય વિના પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી.

न वैजात्यं विना तत्स्यान्न तस्मिन्ननुमा भवेत् ।
विना तेन न तत्सिद्धिर्नाध्यक्षं निश्चयं विना ॥ ३७ ॥

ભાવાર્થ—વિજાતિપણા વિના તે હોતું નથી, એને તેની અંદર કાંઇ અનુમાન ઘટતું નથી, અને તેની સિદ્ધિ થતી નથી, અને નિશ્ચય વિના પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી. ૩૭

વિશેષાર્થ—ક્ષણિક માનવાથી વિજાતિપણું રહેતું નથી,અને વિજાતિપણા વિના તે હોતું નથી, જ્યારે વિજાતીપણું ન હોય તો પછી, અનુમાન પ્રમાણ પણ તેમાં સંભવતું નથી, અને અનુમાન વિના તેની સિદ્ધિ થતી નથી. એમ હોવાથી નિશ્ચયનો અભાવ થાય છે, અને નિશ્ચય વિના પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી, તેથી ક્ષણિક મત અનાદરણીય છે. ૩૭

ક્ષણિક મતને ખંડન કરવામાં બીજા કારણો બતાવે છે.

एकतः प्रत्यभिज्ञानं क्षणिकत्वं च बाधते ।
योऽहमन्वभवं सोऽहं स्मरामीत्यवधारणात् ॥ ३८ ॥

ભાવાર્થ—'જે હું આ અનુભવું છું, તે હું સંભારૂં છું' એવા અવધારણથી આત્માને ત્રણ કાળનું એકતા જ્ઞાન ક્ષણિકપણાથી બાધિત થાય છે. ૩૮

વિશેષાર્થ—જેમ ક્ષણિકપણું માનીએ તો, એકતાનું જ્ઞાન બાધિત થાય છે. એટલે જે 'હું અનુભવું છું તેજ હું તેને સંભારૂં છું.' આ એકતાનું જ્ઞાન ક્ષણિકપણું માનવાથી બાધિત થાય છે. અનુભવ કરનાર અને સંભારનાર બંને એકજ પુરૂષ છે, તે કાંઈ જુદા જુદા પુરૂષ નથી. તો જો ક્ષણિક માનીએ તો, અનુભવ કરનાર અને સંભારનાર બંને જુદા જુદા થઈ જાય અને તેઓ જુદા જુદા છે નહીં. માટે ક્ષણિક મત તદ્દન ઉડી જાય છે. ૩૮

બૌદ્ધ મતને અસત્ય ઠરાવે છે.

नास्मिन् विषयबाधो यत् क्षणिकेऽपि तथैकता ।
नानाज्ञानान्वये तद्वत् स्थिरे नानाक्षणान्वये ॥ ३९ ॥

ભાવાર્થ—આત્માને નિત્ય માનવામાં વિષયનો બાધ હોતો નથી, અને ક્ષણિક મત પ્રમાણે પણ એમજ છે. વિવિધ જ્ઞાનનો અન્વય લેતા એકતા છે, અને સ્થિર આત્માને વિષે નાના પ્રકારના ક્ષણના સંયોગમાં એકતા જાણવી. ૩૯

વિશેષાર્થ—જે મતમાં આત્મા નિત્ય માનવામાં આવે છે, તે મત પ્રમાણે આત્માને વિષયનો બાધ નથી. કારણ કે જે નિત્ય હોય, તેને વિષયની બાધા શી રીતે થાય? અને ક્ષણિકમત

પ્રમાણે એમજ છે, એટલે વિષયનો બાધ થતો નથી. કારણ કે, જે ક્ષણિક જ્ઞાન, તે ક્ષણે ક્ષણે બદલાયા કરે છે, તેથી તેને વિષયનો બાધ થતો નથી અને વિવિધ જ્ઞાનનો અન્વય લેતાં એકતા છે, એટલે જુદાં જુદાં જ્ઞાનની માન્યતા કરતાં એકતા માનવી પડે છે, અને આત્મા કે જે સ્થિર છે, તેને વિષે નાના પ્રકારના જ્ઞાનના સંયોગમાં એકતા સમજવી. ૩૯

સ્યાદ્વાદ પક્ષથી સર્વ નિરાકરણ થાય છે.

नानाकार्यैक्यकरण स्वाभाव्ये च विरुध्यते ।
स्याद्वादसंनिवेशेन नित्यान्वर्थ क्रिया न हि ॥ ४०

ભાવાર્થ—વિવિધ કાર્યનું ઐકય કરવાના સ્વભાવને માનવાથી વિરોધ પડે છે, અને સ્યાદ્વાદ શૈલી પ્રમાણે માનવાથી અર્થ ક્રિયાનો વિરોધ આવતો નથી. ૪૦

વિશેષાર્થ—વિવિધ જાતનાં કાર્યોને એક કરવાના સ્વભાવને માનવાથી વિરોધ પડે છે. એટલે જુદી જુદી જાતનાં કાર્યો સ્વભાવે એકજ છે, એમ માનવાથી અનેક જાતના વિરોધ આવે છે. તેથી તેમાં સ્યાદ્વાદ શૈલી માનવી જોઇએ. સ્યાદ્વાદ શૈલીમાં એકાંતવાદ નથી, અને કાંતવાદ છે, તેથી તે મત લેતાં અર્થક્રિયામાં કોઇ જાતનો વિરોધ આવતો નથી. કારણ કે, બંને નયથી પ્રકૃતિ અર્થ અનુસરે છે. ૪૦

તે વાત દ્રષ્ટાંતથી સમજાવે છે.

नीलादावप्यभेद शक्तयः सुवचाः कथम् ।
परेणापि हि नानैक स्वभावोपगमं विना ॥ ४१ ॥

ભાવાર્થ—નીલાદિ વર્ણને વિષે ભેદ શક્તિ ન હોય, એમ મુખે કેમ કહેવાય ? કારણ પરપુદ્ગલ વડે પણ એક સ્વભાવને ટાળ્યા વિના નાનાવિધપણું સંભવતું નથી. ૪૧

વિશેષાર્થ—નીલ, રાતો, પીલો વગેરે રંગની અંદર ભેદ શક્તિ નથી, એમ શી રીતે કહેવાય ? અર્થાત્ ભેદ શક્તિ દેખાય છે, પણ તે તે ભેદ શક્તિ પુદ્ગલને લઈને છે, વસ્તુતાએ નથી. પર પુદ્ગલ વડે એક સ્વભાવને દૂર કર્યા વિના નાનાવિધપણું સંભવતું નથી. એટલે વસ્તુનો એક સ્વભાવ છે, પણ તેની અંદર બીજાં પુદ્ગલો મળવાથી તેનું નાનાત્વ દેખાય છે. જો પર પુદ્ગલો તેમાં યોજ્ય ન હોય તો, વસ્તુનો એક સ્વભાવ દેખાય છે. ૪૧

તે વાત બીજી રીતે દર્શાવે છે.

ध्रुवे क्षणेऽपि न प्रेम निवृत्तमनुपप्लवात् ।
ग्राह्याकार इव ज्ञाने गुणस्तन्नात्र दर्शने ॥ ४२ ॥

ભાવાર્થ—ધ્રુવ અને ક્ષણ-લોચનને વિષે પણ ઉપપ્લવ-ઉપદ્રવ માટે નિવૃત્તપણે પ્રેમ ન જોઇએ. જેમ ગ્રાહ્યાકાર જ્ઞાનને વિષે ગુણ છે, તેમ એ દર્શનમાં ગુણ નથી. ૪૨

વિશેષાર્થ—ધ્રુવ એટલે નિશ્ચલ અને ક્ષણ-લોચન, અર્થાત્ પ્રત્યક્ષ તેને વિષે ઉપદ્રવ માટે નિવૃત્તપણે પ્રેમ ન જોઇએ. એટલે ઉપપ્લવ વિના જે પ્રેમ નિવૃત્ત થઈ જાય, એવો અસ્થિર

પ્રેમ ન જોઇએ. એવી માન્યતાવાળા અ[illegible]દર્શનમાં ગુણ નથી. તે ઉપર દૃષ્ટાંત આપેછે. જેમ ગ્રાહ્યાકાર એટલે જેના આકાર ગ્રહણ કરી શકાય છે, એવા જ્ઞાનને જેમ ગુણ રહેલ છે, તેવો ગુણ એ દર્શનમાં રહેલ નથી. ૪૨

તે દર્શનની માન્યતા પ્રમાણે સર્વ ક્રિયા નિષ્ફળ થાયછે.

પ્રત્યુતાનિત્યભાવે હિ સ્વતઃ ક્ષણજ બુદ્ધિતઃ।
હેત્વનાદરતઃ સર્વ ક્રિયા વિફલતા ભવેત્ ॥ ૪૩ ॥

ભાવાર્થ—ઊલટા અનિત્ય ભાવને વિષે તથા પોતાથી ક્ષણ બુદ્ધિ વડે હેતુનો અનાદર કરવાથી સર્વ ક્રિયા નિષ્ફળ થાયછે. ૪૩

વિશેષાર્થ—આત્મા અનિત્ય છે, એ મત માનવાથી તેમજ 'આત્મા ક્ષણિક છે,' એ મત અંગીકાર કરવાથી, હેતુનો અનાદર થાયછે. કારણ કે, આત્માને અનિત્ય માનવામાં અને ક્ષણિકવાદ સ્વીકારવામાં કોઇ હેતુ સિદ્ધ થઈ શકતો નથી; તેથી હેતુનો અનાદર થાય છે. જ્યારે હેતુનો અનાદર થયો, તો પછી સર્વ ક્રિયાઓ નિષ્ફળ થઈ જાય છે. કારણ કે, ક્રિયા હેતુ પૂર્વક થાય છે. તેથી અનિત્ય અને ક્ષણિક બંને મત સ્વીકારવા યોગ્ય નથી. ૪૩

તે વિષે ઉપસંહાર કરેછે.

તસ્માદિદમપિ ત્યાજ્ય મનિત્યત્વસ્ય દર્શનમ્ ।
નિત્ય સત્ય ચિદાનંદ પદ સંસર્ગ મિચ્છતા ॥ ૪૪ ॥

ભાવાર્થ—તેથી નિત્ય, અને સત્ય એવા ચિદાનંદ પદના સંસર્ગને ઇચ્છનારા પુરૂષે એ અનિત્યપણાના દર્શનનો ત્યાગ કરવો. ૪૪

વિશેષાર્થ—જે પુરૂષ ચિદાનંદ પદના સંસર્ગને ઇચ્છતો હોય, તે પુરૂષે એ અનિત્ય દર્શનનો સર્વથા ત્યાગ કરવો જોઇએ, કારણકે, આત્માને અનિત્ય માનનારા એવા દર્શનમાં ચિદાનંદપદ-મોક્ષપદનો સંસર્ગ થતો નથી. જે ચિદાનંદપદ નિત્ય અને સત્ય છે, તેનો સંસર્ગ કરવાની ઇચ્છાવાળા પુરૂષે આત્માને અનિત્ય માનનારા મતનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૪૪

હવે કપિલ દર્શન વિષે કહે છે.

न कर्त्ता नापि नोक्तात्मा कापिलानां तु दर्शने ।
जन्मधर्माश्रयो नायं प्रकृतिः परिणामिनी ॥ ४५ ॥

ભાવાર્થ—કપિલ મતવાળાઓ પોતાના દર્શનમાં કહેછે કે, આત્મા કર્ત્તા નથી, અને ભોક્તા નથી, તેમજ આત્મા પ્રગટ ધર્મના આશ્રયવાળો નથી, અને પ્રકૃતિ પરિણામવાળી છે. ૪૫

વિશેષાર્થ–કપિલ દર્શનવાળાઓ આત્માને કર્ત્તા અને ભોક્તા માનતા નથી, તેમ જન્મધર્મ એટલે અવતાર લેવાનો ધર્મ પણ, આત્માને આશ્રીને નથી. પરિણામ ધર્મવાળી પ્રકૃતિ છે, તે પ્રકૃતિથી પરિણમ—રૂપાંતર થયા કરે છે. ૪૫

પરિણામ ધર્મવાળી પ્રકૃતિમાંથી શું શું બને છે !

પ્રથમઃ પરિણામોઽસ્યા બુદ્ધિ ર્ધર્માષ્ટકાન્વિતા ।
તતોઽહંકાર તન્માત્રેંદ્રિય ભૂતોદયઃ ક્રમાત્ ॥ ૪૬ ॥

ભાવાર્થ—એ પ્રકૃતિનો પ્રથમ પરિણામ આઠ ધર્મરૂપ પ્રકારવાળી બુદ્ધિ છે. તે પછી તેમાંથી અહંકાર, તન્માત્રા, ઇંદ્રિયો અને પાંચભૂતનો અનુક્રમે ઉદય થાય છે. ૪૬

વિશેષાર્થ—પ્રથમ પ્રકૃતિનો પરિણામ થતાં તેમાંથી આઠ પ્રકારની બુદ્ધિ થાય છે. એટલે શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ વગેરે બુદ્ધિના આઠ ભેદ ઉત્પન્ન થાય છે. તે પછી સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો અહંકાર થાય છે. તે પછી પંચ તન્માત્રા એટલે પાંચ ઇંદ્રિયોના વિષયો ઉત્પન્ન થાય છે, તે પછી ઇંદ્રિયો-થાય છે અને તે પંચભૂત પેદા થાય છે. એમ અનુક્રમે બધું થાય છે, એવી રીતે કપિલ મતવાળાઓ માને છે. ૪૬

કપિલની બીજી માન્યતા દર્શાવે છે.

ચિદ્રૂપ પુરુષો બુદ્ધેઃ સિદ્ધયૈ ચૈતન્યમાનતઃ ।
સિદ્ધિસ્તસ્યા અવિષયાવચ્છેદ નિયમાન્વિતઃ ॥ ૪૭ ॥

ભાવાર્થ—બુદ્ધિની સિદ્ધિને અર્થે આત્મા ચિદ્રૂપ છે, અને ચૈતન્ય છે. તોપણ તે નિશ્ચય સહિત અવિચ્છેદપણે બુદ્ધિની સિદ્ધિ અવિષયી છે. ૪૭

વિશેષાર્થ—આત્મા બુદ્ધિની સિદ્ધિને અર્થે ચિદ્રૂપ છે. ચૈતન્ય રૂપ છે. એટલે બુદ્ધિની સિદ્ધિ કરવાને માટે આત્માને ચેતન રૂપ માનેલો છે. જો આત્માને ચિદ્રૂપ ન માનીએ તો, બુદ્ધિની સિદ્ધિ સિદ્ધ થતી નથી. અને તે બુદ્ધિની સિદ્ધિ નિશ્ચય સહિત અવિચ્છેદ પણે અવિષયી છે, એટલે બુદ્ધિની સિદ્ધિ કોઇ પણ વિષયમાં આવી શકતી નથી. ૪૭

હેતુપણાથી આત્મા અને પ્રકૃતિને માટે શું ઘટતું નથી ?

हेतुत्वेषु प्रकृत्यर्थेंद्रियाणामत्र निर्वृतिः ।
दृष्टादृष्टविभागाश्च व्यासंगश्च न युज्यते ॥ ४८ ॥

ભાવાર્થ—હેતુપણાને લઇને આત્માને પ્રકૃતિના અર્થને વિષે ઇંદ્રિયોને સુખ, અને જોયેલા અને નહીં જોયેલા તેના વિભાગ તથા તેમાં આસક્તિ એ ઘટતાં નથી. ૪૮

વિશેષાર્થ—હેતુપણાને લઇને એટલે કારણને લઇને આત્માને પ્રકૃતિના અર્થને વિષે ઇંદ્રિયોને સુખ ઘટતું નથી, એટલે પ્રકૃતિ માનવાથી ઇંદ્રિયોનાં સુખ આત્માના સંબંધમાં ઘટતાં નથી, અને જોયેલા અને નહી જોયેલા એવા વિભાગ અને તેમાં આસક્તિ તે પણ ઘટતી નથી, તે ઉપરથી કપિલ દર્શન આદરવા યોગ્ય નથી, એમ સિદ્ધ થાય છે. ૪૮

અહંકારને માટે શું છે?

स्वप्ने व्याघ्रा दिसंकल्पान्नरत्वानन्निमानतः ।
अहंकारश्च नियत—व्यापारः परिकल्प्यते ॥ ४९ ॥

ભાવાર્થ—સ્વપ્નામાં વાઘ વગેરેના સંકલ્પથી અને પુરૂષાર્થના નિરભિમાની પણાથી અહંકાર નિશ્ચય વ્યાપાર રૂપ કલ્પાય છે. ૪૯

વિશેષાર્થ—સ્વપ્નામાં વાઘ વગેરે જોવામાં આવેછે, ત્યારે તે ઊપર વાઘપણાનોજ અહંકાર થાય છે, એટલે ' આ ખરો વાઘ છે ' એવો નિશ્ચય થાય છે. અથવા સ્વપ્નામાં જો પોતે વાઘ થયેલ હોય તો, તે વખતે ' હું વાઘ છું ' એવું અભિમાન આવી જાય છે, અને ' હું પુરૂષ નથી ' એવું નિરભિમાન પ્રગટ થાય છે, આવા નિશ્ચયથી અહંકાર કલ્પાય છે. ૪૯

તન્માત્રા વગેરે ક્રમ આ જગત્‌ની ઉત્પત્તિને માટે કલ્પે છે, તેમાં પુરૂષ—આત્માને કાંઇ વિકાર નથી.

तन्मात्रादिक्रमस्तस्मात्प्रपंचोत्पत्ति हेतवे ।
इत्थं बुध्दिर्जगत्कर्त्री पुरुषो न विकारजाक् ॥ ५० ॥

ભાવાર્થ—જે તન્માત્રા વગેરે ક્રમ કહેલ છે, તે આ જગત્‌ની ઉત્પત્તિને માટે છે; અને એવી બુદ્ધિ આ જગત્‌ને કર-

નારી થાય છે, તેમાં કાંઇ પુરૂષ–આત્માને કોઈ જાતનો વિકાર થતો નથી. ૫૦

વિશેષાર્થ—ઉપરના શ્લોકમાં કપિલના મત પ્રમાણે જે તન્માત્રા અને તેનાથી ઇંદ્રિયો થાય છે ઇત્યાદિ જે ક્રમ કહેલો છે, તે આ જગત્ની ઉત્પત્તિને માટે કલ્પેલો છે, અને એવી બુદ્ધિ થવી, એ આ જગત્ને કરનારી છે, પરંતુ તેમાં આત્માને કોઇ જાતનો વિકાર થતો નથી; અર્થાત્ બુદ્ધિએ જ આ જગત્ની રચના કલ્પેલી છે, પુરૂષ–આત્માને કાંઇ લેવાદેવા નથી, તે તો નિર્વિકારી છે.

અહંભાવની બુદ્ધિ થવામાં શું કારણ છે?

पुरुषार्थौ परागौ द्वौ व्यापारावेश एव च ।
अत्रांशो वेद्म्यहं वस्तु करोमीति च धीः स्वतः॥ ५१ ॥

ભાવાર્થ–પુરૂષાર્થ અને ઉપરાગ—એ બંને વ્યાપારના આવેશમાં છે, અને એને વિષે 'હું અંશે જાણું છું, અને વસ્તુ કરૂં-છું' એવી સ્વતઃ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ૫૧

વિશેષાર્થ—પુરૂષાર્થ અને ઉપરાગ એ બંને વ્યાપારના આવેશમાં છે, એટલે તે બંને એક જાતના વ્યાપાર છે; અને તેથી કરીને 'હું અંશે જાણું છું, અને હું વસ્તુ કરૂં છું' એવી કદાગ્રહી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ૫૧

ભેદગ્રહ કે અહંકારના નાશથી મોક્ષ થાય છે.

चेतनोऽहं करोमीति बुध्देर्भेदाग्रहात्क्षयः ।
एतन्नाशेऽनवच्छिन्नं चैतन्यं मोक्ष इष्यते ॥ ५२ ॥

ભાવાર્થ—'હું ચેતન છું, હું કરૂં છું' એ અભિમાન બુદ્ધિના ભેદના આગ્રહથી પ્રગટે છે, જ્યારે એ અભિમાનનો નાશ થાય છે, ત્યારે અવચ્છેદ રહિત એવું ચૈતન્ય રહે છે, તેમાં મોક્ષ પમાય છે. ૫૨

વિશેષાર્થ—' હું ચેતન છું, હું આ કામ કરૂં છું ' એ અભિમાન બુદ્ધિના ભેદના આગ્રહથી પ્રગટે છે, એટલે ચેતન થઈ કામ કરવાનું અભિમાન બુદ્ધિને લઈને સ્ફુરે છે. જ્યારે એ અભિમાનનો નાશ થાય છે, એટલે એ અભિમાન દૂર થઈ જાય છે; ત્યારે અવિચ્છેદ રહિત એટલે આટલું એવા પરિમાણ રહિત ચૈતન્ય ઓળખાય છે. એથી અભેદ બુદ્ધિ પ્રગટેછે, જેથી મોક્ષની ઇચ્છા થાયછે ૫૨

સુખ અને દુઃખ કર્ત્તાપણાના અભિમાનથી છે.

कर्तृबुध्यिगते दुःखसुखे पुंस्युपचारतः ।
नरनाथे यथा भृत्यगतौ जयपराजयौ ॥ ५३ ॥

ભાવાર્થ—પુરૂષમાં દુખ અને સુખનો જે ઉપચાર થાય છે, તે કર્ત્તાપણાની બુદ્ધિને લઈને છે. જેમ સેવકોએ કરેલ જય અથવા પરાજય રાજાને લાગુ પડે છે, તેમ. ૫૩

વિશેષાર્થ—' આ પુરૂષ દુઃખી છે અથવા સુખી છે, ' એવો જે ઉપચાર થાય છે, તે કર્ત્તાપણાની બુદ્ધિને લઈને થાય છે, એટલે પોતે કર્ત્તા માને છે, તેથી તેને સુખ દુઃખ લાગે છે. જો પોતે કર્ત્તા-ભાવ છોડી દે તો, તેને સુખ દુઃખ લાગશે નહીં. તે વાત દ્રષ્ટાંતથી સિદ્ધ કરે છે. સેવકો જ્યારે જીત મેળવે છે, ત્યારે રાજા જિત્યો કહેવાય છે, અને જ્યારે તેઓ પરાજય પામે છે, ત્યારે રાજા હાર્યો એમ કહેવાય છે. અર્થાત્ જિત અને હાર સેવકોની છે, પણ કર્ત્તાપણાના અભિમાનને લઈને રાજાને લાગુ પડે છે, તેવી રીતે સુખદુઃખ પુરૂષને કર્ત્તાપણાના અભિમાનને લઈને છે, પણ વસ્તુતાએ નથી. ૫૩

તે વિષે કપિલનો મત.

कर्त्ता भोक्ता च नो तस्मादात्मा नित्यो निरंजनः ।
अध्यात्मा दन्यथा बुद्धि स्तदा चोक्तं महात्मना ॥ ५४ ॥

ભાવાર્થ—તેથી આત્મા કર્ત્તા નથી, તેમ ભોક્તા નથી, તે નિત્ય અને નિરંજન છે. અને જે ભેદબુદ્ધિ છે, તે અધ્યાત્મથી જુદી છે, તેમ મહાત્મા કપિલે કહેલ છે. ૫૪

વિશેષાર્થ—કપિલ મુનિનો એવો મત છે કે, આત્મા કર્ત્તા અને ભોક્તા નથી, તે નિત્ય અને નિરંજન છે. જે નિત્ય અને નિરંજન હોય, તેનામાં કર્ત્તાપણું કે, ભોક્તાપણું સંભવે નહીં. કારણ કે, નિરંજનનો અર્થ અંજન રહિત-કર્મ ઉપાધિ રહિત એવો થાય છે. જ્યારે આત્માને કર્મ-ઉપાધિ નથી, તો પછી તે કર્ત્તા અને ભોક્તા શી રીતે હોઇ શકે? અને જે ભેદ બુદ્ધિ કરવામાં

આવે છે, તે અધ્યાત્મથી ભિન્ન છે, તેથી ભેદ બુદ્ધિમાં એ વાત સંભવે છે. ૫૪

ત્યારે 'હું કર્ત્તા છું' એવો અહંભાવ શાથી થાય છે?

પ્રકૃતૈઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વથા ।
અહંકાર વિમૂઢાત્મા કર્ત્તાહમિતિ મન્યતે ॥ ૫૬ ॥

ભાવાર્થ—સર્વ કર્મો સર્વથા પ્રકૃતિના ગુણોથી બને છે. અહંકારથી મૂઢ એવો આત્મા 'હું કર્ત્તા છું' એમ માને છે. ૫૫

વિશેષાર્થ—આ જગત્માં જેટલાં કર્મો છે, તે બધાં પ્રકૃતિના ગુણોને લઈને છે, એટલે પ્રકૃતિને લઈને કર્મો બને છે. અહંકારથી મૂઢ એવો આત્મા 'હું કર્ત્તા છું' એટલે 'આ કર્મો હું કરૂં છું' એમ માને છે, તે ખોટું છે. કારણ કે, કર્મો પ્રકૃતિને લઈને બને છે. તેમાં આત્માને કાંઈપણ સંબંધ નથી.૫ ૫

વિચાર કરતાં એ કપિલ દર્શન પણ સારૂં નથી.

વિચાર્યમાણં નો ચારૂ તદેતદપિ દર્શનમ્ ।
કૃતિ ચૈતન્યયોર્વ્યક્તં સામાનાધિકરણ્યતઃ ॥ ૫૬ ॥

ભાવાર્થ—વિચાર કરતાં એ કપિલ દર્શન પણ સારૂં નથી, એમ લાગશે. કારણ કે, તેમાં પ્રકૃતિ અને ચૈતનનું સમાનાધિકરણ પણું છે. ૫૬

વિશેષાર્થ—જો વિચાર કરીએ તો, એ કપિલ દર્શન પણ યોગ્ય લાગશે નહીં કારણ કે, તેમાં પ્રકૃતિ અને ચેતનનું સમાનાધિકરણ છે, એટલે પ્રકૃતિ અને ચેતનને સમાન અધિકરણમાં માનેલાં છે, જે વાત તદ્દન અઘટિત છે. ૫૬

બુદ્ધિને કર્ત્તા ભોક્તા માનવામાં પણ દોષ આવેછે.

बुध्दिः कर्त्री च भोक्त्री च नित्या चे नास्ति निर्वृतिः।
अनित्या चेन्न संसारः प्राग् धर्मा देरयोगतः ॥ ५७ ॥

ભાવાર્થ—જો બુદ્ધિને કર્ત્તા, ભોક્તા અને નિત્ય માનીએ તો મોક્ષજ થાય નહીં. અને અનિત્ય માનીએ તો, પૂર્વ ધર્મના અયોગથી સંસારજ રહે નહીં. ૫૭

વિશેષાર્થ—જો બુદ્ધિને કર્તા, ભોક્તા અને નિત્ય માનીએ તો કદિ પણ મોક્ષ થાયજ નહીં. કારણ કે, કર્મ કરનારી, અને કર્મનાં ફળ ભોગવનારી બુદ્ધિ હોય, ત્યાં સુધી સંસાર મટેજ નહીં, એટલે મોક્ષ થવાનો સંભવજ નથી. તેમજ બુદ્ધિને નિત્ય માનીએ તો પણ, મોક્ષ ન થાય. જ્યાંસુધી બુદ્ધિ નિત્ય છે. ત્યાં સુધી સંસાર નિત્યજ છે. જો બુદ્ધિને અનિત્ય માનવામાં આવે તો, પૂર્વ ધર્મનો અભાવ થશે. કારણ કે, બુદ્ધિ અનિત્ય હોય તો, પૂર્વના ધર્મ લાગુજ પડે નહીં જ્યારે પૂર્વ ધર્મનો અભાવ થયો, તો પછી સંસારજ રહે નહીં બધાંનો મોક્ષ થઇ જાય. તેથી બુદ્ધિ કર્ત્તા ભોક્તા, નિત્ય અને અનિત્ય હોય, એ ઘટતું નથી. ૫૭

પ્રકૃતિને તેવી માનવાથી બીજો દોષ આવે

પ્રકૃતાવેવ ધર્માદિસ્વીકારે બુદ્ધિરેવ કા ।
સુવચશ્ચ ઘટાદૌ સ્યાદીદૃગ્ ધર્માન્વયસ્તથા ॥ ૬૮ ॥

ભાવાર્થ—પ્રકૃતિને વિષેજ ધર્માદિકનો સ્વીકાર કરવામાં આવે, તો પછી બુદ્ધિ શું કહેવાય ? અને ઘટાદિકને વિષે એવા ધર્મનો અન્વય કહેવો સુગમ પડે. ૫૮

વિશેષાર્થ—જો ધર્મ વગેરે બધું પ્રકૃતિને વિષે સ્વીકારવામાં આવે, એટલે સર્વ ધર્માદિ પ્રકૃતિથીજ સિદ્ધ થાય છે, એમ માનવામાં આવે તો, પછી બુદ્ધિ એ શી વસ્તુ છે ? એટલે પછી વસ્તુતાએ બુદ્ધિજ રહેતી નથી, તેમ ઘટાદિકને વિષે એવા ધર્મનો અન્વય થાય છે, એ વાત કહેવી પણ સુગમ થઇ પડે. ૫૮

તેજ વાતને બીજી રીતે અસિદ્ધ કરી બતાવે છે.

કૃતિ ભોગૌ ચ બુદ્ધે શ્ચેદ્બંધો મોક્ષશ્ચ નાત્મનઃ ।
તતશ્ચાત્માનમુદ્દિશ્ય કૂટમેતદ્વચઃ કુચ્યતે ॥ ૬૯ ॥

ભાવાર્થ—જો કરવું અને ભોગવવું બુદ્ધિને હોય તો, આત્માને બંધ અને મોક્ષ નથી, તેથી આત્માને ઉદ્દેશીને એ કૂટ કહેવાય છે. ૫૯

વિશેષાર્થ—જ્યારે કરવું અને ભોગવવું બુદ્ધિને માનવામાં આવે, તો પછી આત્માને બંધ મોક્ષ સંભવેજ નહીં. કારણ

કે જે કર્ત્તા અને ભોક્તા હોય, તેનેજ બંધ-મોક્ષ થવો જોઈએ. તેથી આત્માને ઉદ્દેશીને બધું કૂટજ કહેવામાં આવેછે. તેથી બુદ્ધિને કર્ત્તા-ભોક્તા માનવી અયોગ્ય છે. ૫૯

કપિલનો મત દર્શાવે છે.

पंचविंशति तत्त्वज्ञो यत्र तत्राश्रमे रतः ।
जटी मुंडी शिखी चापि मुच्यते नात्र संशयः ॥ ६० ॥

ભાવાર્થ—પચવીશ તત્ત્વોને જાણનારો, જે તે આશ્રમમાં વર્ત્તનારો, જટાધારી, માથે મુંડનવાળો અને શિખાધારી પુરૂષ મોક્ષ પામે છે, એમાં કોઇ જાતનો સંશય નથી. ૬૦

વિશેષાર્થ—સાંખ્ય મતમાં ગણેલાં પચવીશ તત્ત્વોને જે જાણે છે, તે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ ગમે તે આશ્રમમાં હોય તે સાથે તેણે જટા ધારણ કરી હોય, માથે મુંડન કર્યું હોય અને શિખાધારી હોય તો, તેનો અવશ્ય મોક્ષ થાય છે. તેમાં કોઇ જાતનો સંશય નથી. ૬૦

તેવા મોક્ષનું ખંડન કરે છે.

एतस्य चोपचारत्वे मोक्षशास्त्रं वृथाखिलम् ।
अन्यस्य हि विमोक्षाय न कोऽप्यन्यः प्रवर्त्तते ॥ ६१ ॥

ભાવાર્થ—એ રીતે જો આત્માનો મોક્ષમાં ઉપચાર થાય તો, બધું મોક્ષશાસ્ત્ર વૃથા થઇ જાય. કારણ કે બીજાના મોક્ષને માટે બીજો કોઇ પ્રવર્તે નહીં. ૬૧

વિશેષાર્થ—જ્યારે ઉપર કહેલા તત્ત્વજ્ઞાન તથા લિંગ ઉપરથી મોક્ષ માનવામાં આવે તો પછી તે મોક્ષનું બધું શાસ્ત્ર વૃથા થઇ જાય છે. કારણ કે, બીજાના મોક્ષને માટે કોઇ બીજો પ્રવર્તેજ નહીં. એક માણસ પ્રયત્ન કરે, અને તે પ્રયત્નના ફળ રૂપ મોક્ષ બીજાને મળે એ વાત અઘટિત છે.. ૬૧

તે કપિલ મત સ્વીકારવા યોગ્ય નથી.

कापिलानां मतं तस्मादस्मिन्नैवोचिता रतिः ।
यत्रानुभव संसिद्धः कर्त्ता नोक्ता च लुप्यते ॥ ६२ ॥

ભાવાર્થ—તેથી આ કપિલમતમાં પ્રીતિ કરવી યોગ્ય નથી, કારણકે, જેમાં અનુભવ સિદ્ધ એવા આત્માનું કર્ત્તાપણું અને ભોક્તાપણું લોપાય છે.. ૬૨

વિશેષાર્થ—ઉપર કહેલા કપિલના મતમાં પ્રીતિ કરવી યોગ્ય નથી, એટલે તે મતને સ્વીકારવો યોગ્ય નથી. કારણ કે, જે આત્મા અનુભવથી સિદ્ધ થાયછે, તેવા આત્માને કર્ત્તા અને ભોક્તા માની તેનો લોપ કરે છે, અર્થાત્ આત્માના શુદ્ધ સ્વરૂપનો લોપ કરે છે. ૬૨

અબંધમતનું સ્વરૂપ દર્શાવે છે.

नास्ति निर्वाण मित्याहु रात्मनः केऽप्यबंधतः ।
प्राक्पश्चाद्युगपद्वापि कर्मबंधा व्यवस्थितेः ॥ ६३ ॥

ભાવાર્થ—કેટલાએક અબંધ મતવાળા કહેછે કે, આત્માનો મોક્ષ થતોજ નથી. કારણકે, પહેલાં, પછી અને એકીસાથે પણ આત્માને કર્મના બંધ થતાજ નથી. ૬૩

વિશેષાર્થ—કેટલાએક અબંધ મતવાળા છે કે, જેઓ આત્માને કર્મનો બંધ થતોજ નથી, એમ માને છે. તેઓ એમ માને છે કે, આત્માનો મોક્ષ છેજ નહીં. કારણ કે તેને પહેલાં, પછી કે એકીસાથે કર્મનો બંધ થતોજ નથી. જ્યારે કર્મનો બંધ થાયજ નહીં, તો પછી મોક્ષ શી રીતે સંભવે? તેથી આત્માનો મોક્ષ છે નહીં. જ્યાં બંધ હોય, ત્યાં મોક્ષનો સંભવ છે. ૬૩

તેઓ બીજી રીતે શું માને છે?

अनादिर्यदि संबंध इष्यते जीवकर्मणोः ।
तदानंत्यान्न मोक्षः स्यात्तदात्माकाशयोगवत् ॥ ६४ ॥

ભાવાર્થ—' જીવ અને કર્મનો સંબંધ અનાદિ છે, ' એમ જો માનવામાં આવે તો, અનંતપણાને લઈને આકાશના યોગની જેમ આત્માનો મોક્ષ ન થાય. ૬૪

વિશેષાર્થ—જીવ અને કર્મનો સંબંધ અનાદિ છે, એમ જો માનવામાં આવે તો, તે સબંધ અનંત–છેડા વગરનો પણ થાય છે; અને તે અનંતપણાને લઈને આત્માનો મોક્ષ થાયજ નહીં. તે ઉપર દ્રષ્ટાંત આપે છે. જેમ આકાશનો યોગ છે તેમ. એટલે જેમ આકાશનો યોગ આત્માની સાથે અનાદિ અને અનંત છે;

તેથી આત્માનો તેનાથી મોક્ષ કદિ પણ થઇ શકે નહીં. તેમ જીવ અને કર્મનો અનાદિ અને અનંત સંબંધ હોવાથી, તેનો મોક્ષ કદિ પણ ન થાય. ૬૪

તે વિષે વિશેષ કહે છે.

तदेतदत्यसंबद्धं यन्मिथो हेतु कार्ययोः ।
संतानानादिता बीजांकुरवत् देहकर्मणोः ॥ ६५ ॥

ભાવાર્થ—એ કહેવું અસંબદ્ધ છે. જેમ બીજ અને અંકુરનો અનાદિ સંબંધ છે, તેમ દેહ અને કર્મનો અનાદિ સંબંધ છે, એમ કારણ અને કાર્યનો પરસ્પર સંબંધ છે. ૬૫

વિશેષાર્થ—એ બોલવું અસંબદ્ધ છે. કેમકે બીજ અને અંકુરનો અનાદિ સંબંધ છે, તેમ દેહ અને કર્મનો અનાદિ સંબંધ છે. કારણ કે, કાર્ય અને કારણનો પરસ્પર સંબંધ હોવો જોઇએ. ૬૫

તે વાત દ્રષ્ટાંતથી સિદ્ધ કરેછે.

कर्त्ता कर्मान्वितो देहे जीवः कर्मणि देहयुक् ।
क्रियाफलोपभुक्तत्वे दंडान्वितकुलालवत् ॥ ६६ ॥

ભાવાર્થ—જેમ દંડ સહિત કુંભારની જેમ ક્રિયાનું ફળ ભોગવે, તે અસંબદ્ધ છે, તેમ કર્મ સહિત જીવ દેહમાં કર્ત્તાપણે

રહ્યો છે, એમ જે કહેવું, તે તદ્દન અસંબદ્ધ છે. ૬૬

વિશેષાર્થ—કર્મ સહિત જીવ દેહમાં કર્ત્તાપણે રહ્યા છે એ કહેવું તદ્દન અસંભવિત છે. કારણ કે, કર્મ સાથે જીવને કર્ત્તાપણું ઘટતું નથી. તે વાત દૃષ્ટાંતથી ખંડિત કરેછે. કુંભાર ચક્રને ભ્રમણ કરવાનો દંડ સાથે રાખે, અને તેનાથી ચક્રને ભ્રમણ કરાવાની ક્રિયા કરે, તે ઉપરથી કહે કે, દંડ સહિત કુંભાર ક્રિયાનું ફળ ભોગવે છે, તે જેમ અસંબદ્ધ છે, તેવું એ પણ અસંબદ્ધ સમજવું. ૬૬

તે વાત બીજા દૃષ્ટાંતથી સાબીત કરેછે.

अनादिसंतते र्नाशः स्याद्बीजांकुरयोरिव।
कुक्कुटयंडकयोः स्वर्णमलयोरिव चीनयोः ॥ ६७ ॥

ભાવાર્થ—એમ માનવાથી જેમ બીજનો નાશ થવાથી અંકુર નાશ પામે, અને અંકુરનો નાશ થવાથી બીજનો નાશ થાય, અને કુકડીનો નાશ થવાથી ઈંડાનો નાશ થાય, અને ઈંડાનો નાશ થવાથી કુકડીનો નાશ થાય, તેમ અનાદિ સંતતિનો નાશ થવો જોઇએ; અને જેમ ચીનાઈ સુવર્ણથી મેલ જુદો થાયછે, તેમ આત્માથી કર્મ જુદાં થાયછે. ૬૭

વિશેષાર્થ—તે મતવાળા કહે છે કે, અનાદિ સંતતિનો નાશ ન થાય પણ તેનો નાશ થતો જોવામાં આવેછે. તે વાત દૃષ્ટાંતથી

સાબીત કરેછે. અંકુરાનો નાશ થતાં બીજનો નાશ થાય, અને બીજનો નાશ થવાથી અંકુરાનો નાશ થાય, તેમ વળી કુકડીનો નાશ થતાં ઇંડું નાશ પામે, અને ઇંડાનો નાશ થતાં કુકડી નાશ પામે, તેવી રીતે અહિં પણ ઘટવું જોઇએ. અને જ્યારે એવી ઘટના કરે, ત્યારે એ અસંબદ્ધ થાયછે. વળી આત્માથી કર્મ જુદાં થાયછે, તેને માટે ચીનાઇ સુવર્ણનું દૃષ્ટાંત આપે છે. ચીનાઇ સુવર્ણમાંથી મેલ જુદો થાયછે, તેમ આત્માથી કર્મ જુદાં થાયછે. ૬૭

તે વિષે સિદ્ધાંત કહેછે.

अभव्येषु च व्यवस्थेयं संबंधो जीव कर्मणोः ।
अनाद्यनंतोऽभव्यानां स्यादात्माकाश योगवत् ॥ ६८ ॥

ભાવાર્થ—એ રીતે અનાદિ સંતતિ રૂપે જીવ અને કર્મનો સંબંધ નાશ થાયછે, તે ભવ્ય જીવોને આશ્રીને છે. અને જેમને અનાદિ સંતતિ નાશ પામતી નથી, તે અભવ્ય જીવોને આશ્રીને છે, આત્મા તો આકાશના યોગની પેઠે છે. ૬૮

વિશેષાર્થ—જે જીવ અને કર્મનો સંબંધ અનાદિ સંતતિ રૂપે નાશ પામેછે, તે ભવ્ય જીવોને આશ્રીને છે; એટલે જે ભવ્ય જીવો હોય, તેઓના જીવ કર્મના સંબંધમાંથી મુક્ત થઇ શકેછે. અને જેમને અનાદિ સંતતિ નાશ પામતી નથી, તે અભવ્ય જીવોને આશ્રીને છે, એટલે જે અભવ્ય જીવો છે, તેઓનાં કર્મનો વિચ્છેદ થતો નથી. આત્મા તો આકાશના યોગની પેઠે નિર્લેપ છે. ૬૮

ભવ્ય અને અભવ્યનો ભેદ શી રીતે છે ?

द्रव्यत्वे समानेऽपि जीवाजीवत्वभेदवत् ।
जीवत्वे समानेऽपि भव्याभव्यत्वयोर्भिदा ॥ ६९ ॥

ભાવાર્થ—જે દ્રવ્યની રીતે સર્વ દ્રવ્ય એક દ્રવ્ય રૂપે સમાન છે, તેમ જીવ અજીવ એ બે છે, પણ જીવપણે સર્વ જીવ સરખા છે, પણ તે ભવ્ય અને અભવ્ય એ બે ભેદે થાય છે. ૬૯

વિશેષાર્થ—જીવ અને અજીવ એ બે ભેદ જણાય છે; પણ જીવત્વ—જીવપણે સર્વ જીવ સરખા છે. તે વિષે દ્રવ્યનું દૃષ્ટાંત આપે છે, દ્રવ્ય જુદાં જુદાં લાગે છે, પણ દ્રવ્ય પણાની રીતે સર્વ દ્રવ્ય સમાન છે. તેવી રીતે સર્વ સરખા છે, પણ ભવ્ય અને અભવ્ય એવા તેના બે ભેદ પડી શકે છે. ૬૯

તે વિષે વિશેષ સમજૂતી આપે છે.

स्वाभाविकं च भव्यत्वं कलश प्रागभावतः ।
नाशकारणसाम्राज्या द्विनश्यन्न विरुध्यते ॥ ७० ॥

ભાવાર્થ—જેમ ઘટ ઉત્પત્તિ પહેલાં મૃત્તિકા સ્વભાવે છે, અને તે મૃત્તિકાનો નાશ થવાથી ઘડો પ્રગટે છે, તેમાં કાંઈ વિરૂદ્ધ નથી; તેવી રીતે સ્વાભાવિક ભવ્યપણે કર્મની અનાદિ સંતતિના નાશરૂપ કારણના સામર્થ્યથી પરમાત્મપણું પ્રગટ થાય તે વિરૂદ્ધ નથી. ૭૦

વિશેષાર્થ—ભવ્ય જીવની અંદર જે ભવ્યપણું છે, તે સ્વાભાવિક છે. જ્યારે કર્મની અનાદિ સંતતિ નાશ પામે, ત્યારે તેનામાં પરમાત્માપણું પ્રગટ થઇ આવે છે, એટલે સ્વાભાવિક ભવ્યપણે કર્મની અનાદિ સંતતિનો નાશ થાય. તે કારણના બળથી પરમાત્માપણું પ્રગટ થાય, તે વિરૂદ્ધ નથી, તે વાત દૃષ્ટાંત આપી સમજાવે છે. જેમ મૃત્તિકાનો ઘડો તેની ઉત્પત્તિ પહેલાં સ્વભાવે મૃત્તિકા છે, અને જ્યારે તે ઘડો પ્રગટ થાય છે, ત્યારે તે મૃત્તિકાનો નાશ થાય છે; તેમાં કોઇ જાતનો વિરોધ આવતો નથી. તેવી રીતે ભવ્યપણામાં સમજવાનું છે. ૭૦

તે વાત ઘટાવેછે.

ભવ્યોચ્છેદો નચૈવં સ્યાદ્ભુવાનંત્યાન્નભોંશવત્ ।
પ્રતિમાદલ્લવત્કાપિ ફલભાવેઽપિ યોગતઃ ॥ ૭૧ ॥

ભાવાર્થ—આકાશના અંશની જેમ મોટા અનંત પણાથી ભવ્યપણાનો ઉચ્છેદ થતો નથી, અને પ્રતિમાના દળની જેમ કોઇ ઠેકાણે યોગથી ફળ ઉપજે, તેમ મોક્ષનું ઉત્પન્ન થવાપણું થાય છે. ૭૧

વિશેષાર્થ—જેનો અંત નથી, એટલે જે અનંત છે, તે અનંત પણાને લઇને ભવ્યપણાનો ઉચ્છેદ થતો નથી. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેમ આકાશના અંશનો ઉચ્છેદ ન થાય, એટલે ઘટની અંદર આવેલ આકાશ, ઘટના ભાંગવાથી આકાશનો ભંગ લાગે છે, અને ઘટ આખો હોય તો, આકાશ આખું લાગે છે; પણ વસ્તુતા-

એ આકાશ આખુંજ છે. ખડિત થતું નથી, તેમ વધતું નથી, તેની રીતે કર્મના નાશથી આત્મા અધિક થતો નથી, તે વિષે કોઇ ઠેકાણે પ્રતિમાના ફળનું દૃષ્ટાંત છે. પ્રતિમા પાષાણની હોય છે, તેનાં પાષાણથી બિંબ રૂપ ફળ ઉત્પન્ન થાય છે, તેવી રીતે મોક્ષની ઉત્પત્તિ થાય છે. ૭૧

તે વિષે વિશેષ કહે છે.

नैतद्वयं वदामो यद्भवः सर्वोऽपि सिध्यति ।
यस्तु सिध्यति सोऽवश्यं भव्यएवेति नो मतम् ॥ ७२॥

ભાવાર્થ—અમે એમ કહેતા નથી કે, સઘળા ભવ્ય જીવો સિદ્ધિ પામે છે; પરંતુ જેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે અવશ્ય ભવ્યજ છે, એમ અમારો મત છે. ૭૨

ભવ્યપણું પણ નાશવંત છે.

नतु मोक्षेऽपि जन्यत्वा द्विनाशिनी भवस्थितिः ।
नैव प्रध्वंसवत्तस्या निधनत्वव्यवस्थितेः ॥ ७३ ॥

ભાવાર્થ—મોક્ષને વિષે પણ પ્રગટ થવાપણું નથી, માટે ભવ સ્થિતિ નાશવંત છે; પરંતુ મોક્ષમાં અનંતપણાની સ્થિતિ છે, માટે મુક્તિનો નાશ નથી. ૭૩

વિશેષાર્થ—ભવ્યપણાની સ્થિતિ પણ નાશવંત છે. કારણ કે, મોક્ષ વિષે પ્રગટ થવાપણું નથી, એટલે મોક્ષમાં પ્રગટપણું હોતું

નથી. જ્યારે પ્રગટપણું ન હોય, તો પછી ભવ્યપણાની સ્થિતિ નાશવંત છે. અહિં કોઇ શંકા કરે કે, ત્યારે કોઇ વાર મોક્ષનો પણ નાશ થવાનો સંભવ કેમ ન થાય? તેના સમાધાનમાં કહે છે કે, મોક્ષમાં અનંતપણાની સ્થિતિ છે, એટલે મોક્ષ અનંત છે. કદિ પણ તેનો અંત થતો નથી, તેથી મોક્ષનો નાશ થવાનો સંભવજ નથી. ૭૩

ત્યારે આત્માની વધઘટ થાય છે કે નહીં, તેના ઉત્તરમાં કહે છે.

आकाशस्येव वैविक्त्या मुद्गरादेर्घटक्षये ।
ज्ञानादेः कर्मणो नाशे नात्मनो जायतेऽधिकम् ॥७४॥

ભાવાર્થ—જે મુદ્ગર વડે ઘડો ભાંગતાં, તે ઘડાનું આકાશ જુદું થયું, પણ આકાશની વૃદ્ધિ થઈ નહીં. તેમ જ્ઞાનથી કર્મનો નાશ થાય, પણ આત્મા અધિક થતો નથી. ૭૪

વિશેષાર્થ—ઘડાની અંદર આકાશ રહેલ છે, તે ઘડો મુદ્ગરના ઘાથી ભાંગી નાંખતાં, તેની અંદર રહેલ આકાશ વૃદ્ધિ પામતું નથી. અર્થાત્ ઘટાકાશથી મહાકાશની વૃદ્ધિ થતી નથી, તેવી રીતે કર્મ અને આત્માનો સાથે સંબંધ છે. કર્મનો નાશ થવાથી, આત્માની વૃદ્ધિ થતી નથી, એટલે કર્મ નાશ પામ્યાં એટલે તેટલા ભાગનો આત્મા વૃદ્ધિ પામતો નથી, એમ સમજવું. ૭૪

કર્મનાં પરમાણુઓનો સંબંધ કેવો છે?

न च कर्माणु संबंधान्मुक्तस्यामि न मुक्तता ।
योगानां बंधहेतूना मपुनर्भव संज्ञवात् ॥ ७५ ॥

ભાવાર્થ—કર્મનાં પરમાણુંઓનો મૂળથી સંબંધ નથી. અને કર્મનાં પરમાણુંઓ મુકાણાં તેને મુકાવાપણું નથી, અને મિથ્યાત્વ, અવિરત, કષાય વગેરે બંધ હેતુના યોગનું ફરીવાર થવાપણું નથી, તે સિદ્ધિ કહેવાય છે. ૭૫

વિશેષાર્થ—કર્મનાં પરમાણુંઓનો આત્માને મૂળથી સંબંધ નથી, એટલે આત્મ સ્વરૂપ સ્વભાવે શુદ્ધ છે. જે આત્મા કર્મનાં પરમાણુંઓથી મુકાયો, તેને ફરીવાર મુકાવાપણું છે નહીં. તેમ મિથ્યાત્વ, અવિરત, કષાય અને યોગ–એ ચાર કર્મના બંધના હેતુ છે. તેને ફરીવાર થવાપણું નથી, એટલે મુક્ત થયેલા આત્માને એ ચાર યોગનો પુનઃ સંબંધ નથી, એનું નામ સિદ્ધિ કહેવાય છે. ફરીવાર ભવ–સંસાર થતો નથી, માટે તે સિદ્ધિને અપુનર્ભવ કહે છે. ૭૫

મોક્ષ કેવી રીતે સિદ્ધ થાય છે ?

सुखसत्तारतम्येन प्रकर्षस्यापि संभवात् ।
अनंत सुखसंवित्तिर्मोक्षः सिध्यति निश्चयः ॥ ७६॥

ભાવાર્થ—સુખના તારતમ્યથી અને જ્ઞાનની ઉત્કૃષ્ટતાથી પ્રગટ થયેલ અનંત સુખનો અનુભવ, એથી નિર્ણય એવો મોક્ષ સિદ્ધ થાય છે. ૭૬

વિશેષાર્થ—સુખના તારતમ્યથી એટલે સુખના ન્યૂનાધિકપણાના તફાવતથી અને જ્ઞાનનો ઉત્કર્ષ પ્રગટ થવાથી અનંત સુખનો અનુભવ તે નિર્ણય મોક્ષ કહેવાય છે. કહેવાનો આશય એવો

છે કે, જેમાં ઉત્કૃષ્ટ સુખ, ઉત્કૃષ્ટ જ્ઞાન અને અનંત સુખનો અનુભવ રહેલો છે, તે નિર્ભય મોક્ષ કહેવાય છે. કારણ કે, એવા મોક્ષમાં કોઈ જાતનો ભય રહેલ નથી. ૭૬

તે વિષે નાસ્તિકોનાં વચન માનવા યોગ્ય નથી.

वचनं नास्तिकाभाना मात्मसत्ता निषेधकम् ।
भ्रांतानां तेन नादेयं परमार्थ गवैषिणा ॥ ७७ ॥

ભાવાર્થ—આત્માની સત્તાનો નિષેધ કરનારૂં ભ્રાંતિવાળા નાસ્તિકોનું વચન પરમાર્થને શોધનારા પુરૂષે ગ્રહણ કરવું ન જોઇએ. ૭૭

વિશેષાર્થ—ભ્રાંતિવાળા નાસ્તિકોનું વચન પરમાર્થને શોધનારા પુરૂષે ગ્રહણ કરવું ન જોઇએ. કારણ કે, તે વચન આત્મસત્તાનો નિષેધ કરનારૂં છે; એટલે 'આત્મા છેજ નહીં,' એમ માનનારૂં છે. આ તેમનું વચન પરમાર્થ રીતે ખોટું છે. કારણ કે, તેઓના આત્માને ભ્રાંતિ છે, તેથી એવા ભ્રાંત પુરૂષોનાં વચન ઉપર વિશ્વાસ રાખવો ન જોઇએ. તેમાં ખાસ કરીને 'આત્મા છે,' એવા પરમાર્થને શોધનારા પુરૂષે તો, એ નાસ્તિકોના વચનનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૭૭

બીજા કેટલાએક નાસ્તિકો શું કહે છે ?

न मोक्षोपाय इत्याहुरपरे नास्तिकोपमाः ।
कार्यमस्ति न हेतुश्चे त्येषां तेषां कदर्थना ॥ ७८ ॥

ભાવાર્થ—બીજા નાસ્તિકના જેવા પુરૂષો 'મોક્ષનો ઉપાય નથી' એમ કહે છે. મોક્ષરૂપ કાર્ય છે, અને ઉપાયરૂપ તેનું કારણ નથી, એ તેમનું કહેવું કદર્થના રૂપ છે. ૭૮

વિશેષાર્થ—કેટલાએક નાસ્તિક જેવા પુરૂષો 'મોક્ષ છે,' એમ કહે છે, અને તેઓ પાછા જણાવે છે કે, મોક્ષનો ઉપાય નથી. આ તેમનું કહેવું કદર્થનારૂપ છે. કારણ કે, મોક્ષરૂપ કાર્યમે માને છે, અને તેના ઉપાય રૂપ કારણમે માનવું નહીં, એ કેવું કહેવાય? તેઓ મોક્ષને માને છે, તેથી આસ્તિકતા છે, અને તેના ઉપાયને માનતા નથી, એ નાસ્તિકતા છે; તેથી તેઓને તદ્દન નાસ્તિક નહીં, પણ નાસ્તિકના જેવા કહ્યા છે. ૭૮

બીજા નાસ્તિકો વળી શું માને છે?

अकस्मादेव भवतीत्यल्पीकं नियतावधेः ।
कदाचित्कस्य दृष्ट्वा द्रव्याषे तार्किकोऽप्यदः ॥ ७९ ॥

ભાવાર્થ—કેટલાએક કહે છે કે, 'મોક્ષ અકસ્માત્ થઇ જાય છે;' પણ તે ખોટું છે. કારણ કે, તેમાં અવધિ નિયમિત છે. તાર્કિક શાસ્ત્રવાળા કહે છે કે, 'અમુક સમયમાંજ પુરૂં થશે,' એવો કાંઈ નિયમ નથી. ૭૯

વિશેષાર્થ—કેટલાએક કહે છે કે, 'મોક્ષ અકસ્માત્ થાય છે,' પણ તેમનું તે કહેવું તદ્દન ખોટું છે. કારણ કે, તેની નિયમિત અવધિ છે, મર્યાદા છે. જેની મર્યાદા હોય, તે અકસ્માત્ થઇ શકે

નહીં. જેમ માટીના પિંડમાંથી ઘટજ ઉત્પન્ન થાય છે; તાર્કિક શાસ્ત્રવાળા કહે છે કે, અમુક વખતમાં અમુક ચૂકું થશે. એવો કાંઇ નિયમ નથી; તેથી મોક્ષ અવધિએજ થવાનો છે. ૭૯

તે વિષે સ્પષ્ટીકરણ કરેછે.

हेतुभूत निषेधानां स्वानुपाख्य विधिर्नच ।
स्वभाव वर्णना नैवमवधेर्नियतत्वतः ॥ ८० ॥

ભાવાર્થ—હેતુભૂત એવો મોક્ષનો નિષેધ નથી, તેમ પોતાને બોલવું નહીં એવો વિધિ નથી, તેમ સ્વભાવનું વર્ણન કરવું તે નથી. કારણ એ સર્વની અવધિ છે. ૮૦

વિશેષાર્થ—હેતુભૂત એવા મોક્ષનો નિષેધ નથી, એટલે મોક્ષ કારણ છે, એનો નિષેધ થઇ શકતો નથી. તેમ પોતાની જાતે બોલવાનું નથી, એટલે પોતાને મુખે આત્મા કે મોક્ષ આવો છે, એમ કહી શકાય તેમ નથી. તેમ તેના સ્વભાવનું વર્ણન થઇ શકે તેમ નથી. આત્મા કે મોક્ષનો સ્વભાવ આવો છે, એમ કહી શકાય તેમ નથી. આમ થવાનું કારણ એ છે કે, એ સર્વનો અવધિ છે, એટલે કારણ કહેવું, મુખે કહી બતાવવું, અને સ્વભાવનું વર્ણન કરવું, એ સર્વ અવધિથી બને છે. ૮૦

સર્વત્ર મોક્ષ છે, એ વાતનો પણ નિષેધ કરેછે.

न च सार्वत्रिको मोक्षः संसारस्यापि दर्शनात् ।
न चेदानीं न तद् व्यक्ति व्यंजको हेतुरेव यत् ॥ ८१ ॥

ભાવાર્થ—સર્વત્ર મોક્ષ નથી, એ વાત સંભવે છે. કારણ કે, તે હમણાં નથી. તેનું પ્રગટ થવાપણું પણ નથી, અને સંસાર તો પ્રત્યક્ષ દેખાય છે; માટે જેનો હેતુ પ્રગટ નથી, તેનો સંશય છે. ૮૧

વિશેષાર્થ—મોક્ષ સર્વત્ર નથી. કારણ કે, તે હમણાં દેખાતો નથી, તો તેનું પ્રગટપણું કેમ હોય? અને સંસાર તો પ્રત્યક્ષ દેખાય છેઃ તેથી સંસાર સર્વત્ર છે, અને મોક્ષ સર્વત્ર નથી. એવો નિયમ છે કે, જેનો હેતુ પ્રગટ નથી, એટલે જેનું કારણ પ્રત્યક્ષ દેખાતું નથી, તે હોયજ નહીં. તેના હોવામાં સંશય રહેલો છે. ૮૧

તે વાત જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં ઘટાવે છે.

मोक्षोपायोस्तु किंत्वस्य निश्चयो नेति चेन्मतम् ।
तत्र रत्नत्रयस्येव तथा भाव विनिश्चयात् ॥ ૮૨ ॥

ભાવાર્થ—મોક્ષનો ઉપાય છે વા નથી, એ વાતનો નિશ્ચય નથી, માટે એ મત અસત્ય છે, અને મોક્ષના હેતુરૂપ જ્ઞાન દર્શન અને ચારિત્ર—એ ત્રણ રત્નની જેમ ભાવના નિશ્ચયથી જણાય છે. ૮૨

વિશેષાર્થ—મોક્ષનો ઉપાય છે કે નથી, એ વાતનો નિશ્ચય નથી, એમ પ્રતિપાદન કરનારો મત તદ્દન અસત્ય છે. અને ભાવના નિશ્ચયથી જણાય છે કે, જ્ઞાન, દર્શન અને ચારિત્ર–એ ત્રણ રત્નો મોક્ષના હેતુરૂપ છે, તે ઉપરથી સિદ્ધ થાય છે કે, મોક્ષનો ઉપાય છે જ. ૮૨

તે વાતને વિશેષ સ્પષ્ટ કરે છે.

ભવકારણરાગાદિ પ્રતિપક્ષ મદઃ ખલુ ।
તદ્વિપક્ષસ્ય મોક્ષસ્ય કારણં ઘટતેતરામ્ ॥ ૮૩ ॥

ભાવાર્થ—એ જ્ઞાન, દર્શન અને ચારિત્ર સંસારના-કારણ રૂપ એવા રાગાદિકના પ્રતિપક્ષ રૂપ છે, અને તે સંસાર રૂપ કાર્ય-ના શત્રુરૂપ મોક્ષના કારણ જે ઉપાય તે ઘટે છે. ૮૩

વિશેષાર્થ—જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ આ સંસારના કારણ રૂપ એવા રાગાદિકના પ્રતિપક્ષ રૂપ છે-શત્રુ રૂપ છે; તેથી તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર-એ ત્રણે મોક્ષના ઉપાય તરીકે ઘટે છે. એટલે સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરવાથી અવશ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે. ૮૩

રત્નત્રયની પ્રાપ્તિથી શું થાય છ ?

અથ રત્નત્રયપ્રાપ્તેઃ પ્રાક્કર્મલઘુતા યથા ।
પરતોઽપિ તથૈવ સ્યાદિતિ કિં તદપેક્ષયા ॥ ૮૪ ॥

ભાવાર્થ—હવે તે ત્રણ રત્નની પ્રાપ્તિ થવાથી પૂર્વભવનાં કર્મની જેમ લઘુતા થાય, તો બીજાથી પણ તેમજ થાય, એ અપે-ક્ષાએ અવધિ નથી, તો પણ શું થયું ? ૮૪

વિશેષાર્થ—જ્ઞાન, દર્શન, અને ચારિત્ર એ ત્રણ રત્નની પ્રા-પ્તિથી પૂર્વ ભવનાં કર્મની જેમ લઘુતા થાય છે, એટલે જ્ઞાન દર્શન

અને ચારિત્રની આરાધના કરવાથી પૂર્વનાં કર્મ હલકાં થઇ જાય છે. તેવી રીતે બીજાથી એટલે બીજા કોઇ ધાર્મિક ઉપાયથી પણ એમજ થાય છે, એટલે કર્મની લઘુતા થાય છે; કર્મ હલકાં થાય છે. એ અપેક્ષાએ જો કે અવધિ નથી, તો પણ તેથી શું થયું ? ૮૪

સમકિતાદિક ક્રિયા મોક્ષના સાધનમાં દૃઢ છે.

नैव यत्पूर्वसेवातो मृद्वीतः साधनक्रिया ।
सम्यक्त्वादिक्रिया तस्मात् दृढैव शिवसाधने ॥ ૮૫ ॥

ભાવાર્થ—જે પૂર્વ સેવાથી અને સરલતાથી સાધન ક્રિયા તેવી મંદ રૂપ ન હોય, માટે સમ્યક્ત્વાદિ ક્રિયા તે મોક્ષ સાધનમાં દૃઢ છે. ૮૫

વિશેષાર્થ—જે ધર્મ સાધનની ક્રિયા છે, તે પૂર્વની સેવાથી અને સરલતાથી મંદરૂપ હોતી નથી; તેથી સમ્યક્ત્વાદિ ક્રિયા મોક્ષના સાધનમાં દૃઢ છે. એટલે મોક્ષ મેળવવાને માટે સમકિત વગેરે ક્રિયા વિશેષ ઉપયોગી છે. ૮૫

તે વિષે બીજી રીત કહે છે.

गुणाः प्रादुर्भवंत्युच्चैरथवा कर्मलाघवात् ।
तथा भव्यतया तेषां कुतोऽपेक्षानिवारणम् ॥ ૮૬ ॥

ભાવાર્થ—અથવા કર્મની લઘુતાથી ગુણો ઊંચે પ્રકારે પ્રગટ થાય છે, તે પ્રકારે તેની ભવ્યતાથી મોક્ષ છે; પણ મોક્ષની અપેક્ષાનું નિવારણ શાથી થાય ? ૮૬

વિશેષાર્થ—અથવા જ્યારે કર્મની લઘુતા થાય, એટલે કર્મ હલકાં થાય, ત્યારે ઊંચી જાતના ગુણો પ્રગટ થાય છે. તેવી રીતે તેની ભવ્યતાથી મોક્ષ છે, એટલે તે ગુણોને લઈને પ્રાપ્ત થયેલી ભવ્યતાથી મોક્ષ છે. પણ મોક્ષની અપેક્ષાનું નિવારણ શાથી થાય છે? અર્થાત્ મોક્ષની અપેક્ષાને નિવારવામાં આવી નથી. ૮૬

જે ભવ્યતાથી જ્ઞાનાદિક ગુણો પ્રગટ થાયછે, તે મોક્ષના હેતુ છે.

तथा भव्यतयाक्षेपाद्गुणा न च न हेतवः ।
अन्योन्य सहकारित्वात् दंडचक्र भ्रमादिवत् ॥ ૮૭ ॥

ભાવાર્થ—તેવી રીતના ભવ્યપણાના આક્ષેપથી ફરીવાર હેતુ રૂપ એવા ગુણો ન હોય. કારણ કે, તેઓ પરસ્પર સહકારી છે; તેથી દંડ વડે ચક્રને ભ્રમણ કરવાની જેમ ભવ્યતાને લઈને જ્ઞાનાદિ ગુણ પ્રગટ થાયછે, અને તે ગુણ મોક્ષના હેતુ રૂપ થાયછે. ૮૭

વિશેષાર્થ—જો તેવી રીતના ભવ્યપણાનો આક્ષેપ કરવામાં આવે, એટલે તેમનો તિરસ્કાર કરવામાં આવે, તો તે તિરસ્કારને લઈને ફરીવાર તે હેતુરૂપ ગુણો પ્રાપ્ત થતા નથી. તેનું કારણ કહે-છે કે તે ગુણો પરસ્પર સહકારી છે, એટલે એક બીજાના સહાયક છે. તે ગુણો ભવ્યતાને લઈને પ્રગટ થાયછે. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેમ કુંભારનું ચક્ર દંડ વડે ભમે છે, તેમ ભવ્યતા વડે જ્ઞાના-દિક ગુણો પ્રગટ થાયછે. તે ગુણો મોક્ષના હેતુ રૂપ થાયછે. ૮૭

સંસારનો ક્ષય કરવા રૂપ ઉપાય શો છે? તે કહેછે.

ज्ञान दर्शन चारित्रा ण्युपाया स्तद्विक्षये ।
अतन्निषेधकं वाक्यं त्याज्यं मिथ्यात्व वृद्धिकृत् ॥ ८८ ॥

ભાવાર્થ—તેથી સંસારનો ક્ષય કરવામાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ઉપાય રૂપ છે, એથી તેનો નિષેધ કરનારાં અને મિથ્યાત્વની વૃદ્ધિ કરનારાં એવાં વાક્યનો ત્યાગ કરવો જોઇએ. ૮૮

વિશેષાર્થ—આ સંસારનો ક્ષય કરવામાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ઉપાય રૂપ છે; એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર સેવવાથી સંસારનો ક્ષય થાયછે. તેથી જે વાક્ય એ જ્ઞાન, દર્શન અને ચારિત્રનો નિષેધ કરનાર હોય, અને મિથ્યાત્વને વધારનાર હોય, તેવાં વાક્યનો સર્વથા ત્યાગ કરવો જોઇએ, એટલે એવા મતનાં વાક્યને માનવું ન જોઈએ. ૮૮

ઉપસંહાર કરતાં કહે છે.

मिथ्यात्वस्य पदान्येता न्युत्सृज्योत्तम धीधनः ।
भावयेत् प्रतिलोम्येन सम्यक्त्वस्य पदानि षट् ॥ ८९ ॥

ભાવાર્થ—ઉત્તમ બુદ્ધિ રૂપી ધનવાલા પુરૂષે પ્રથમ કહેલા મિથ્યાત્વના સ્થાન રૂપ એવા મંત્રોને છોડી, તેના પ્રતિલોમપણાથી સમ્યક્ત્વનાં છ પદની ભાવના કરવી. ૮૯

વિશેષાર્થ—ઉપર જે મત દર્શાવેલા છે, તે મિથ્યાત્વના સ્થાન રૂપ છે; તેથી ઉત્તમ બુદ્ધિ રૂપી ધનવાળા પુરૂષે તે મતોનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. તેનો ત્યાગ કરીને મિથ્યાત્વને પ્રતિકૂળ એવા સમકિતનાં છ પદોને ભાવવાં, એટલે સમ્યક્ત્વનાં છ પદો જે પ્રથમ દર્શાવેલાં છે, તેની ભાવના ભાવવી. ૮૯

इति मिथ्यात्व त्यागाधिकारः त्रयोदशः ।



कदाग्रह त्यागाधिकार..

(चतुर्दशः)

કદાગ્રહ ન કરવો જોઇએ.

मिथ्यात्व दावानल नीरवाहमसद् ग्रह त्याग मुदा हरंति ।
अतो रति स्तत्र बुधै र्विधेया विशुध्यन्नावैः श्रुतसारवद्भिः॥१॥

ભાવાર્થ—પંડિત પુરૂષો કદાગ્રહના ત્યાગને મિથ્યાત્વ રૂપી દાવાનળમાં મેઘ સમાન કહે છે. એથી શુદ્ધ ભાવવાળા અને શ્રુત-સિદ્ધાંતના સારવાળા પ્રાજ્ઞ પુરૂષોએ તેમાં પ્રીતિ કરવી જોઇએ. ૧

વિશેષાર્થ—ક્રોધપણ બાબતમાં ખોટો આગ્રહ રાખવો, તે કદાગ્રહ કહેવાય છે. તે કદાગ્રહ મિથ્યાત્વ રૂપી દાવાનળને સમાવવાને મેઘ સમાન છે, એમ પંડિત પુરૂષો કહે છે. અર્થાત્ જેઓ કદાગ્રહનો ત્યાગ કરે છે, તેમને મિથ્યાત્વ લાગતું નથી. એથી પ્રાજ્ઞ પુરૂષોએ તે કદાગ્રહનો ત્યાગ કરવામાં પ્રીતિ કરવી. તે પ્રાજ્ઞ પુરૂષો કેવા છે, કે જેઓના ભાવ શુદ્ધ છે, અને જેઓ સિદ્ધાંતના સારને જાણનારા છે. ૧

જેના અંતરમાં કદાગ્રહ રૂપ અગ્નિ પ્રગટ થયેલો છે, તેવા અંતરમાં ત-ત્વજ્ઞાન કયાંથી હોય?

અસદ્ ગ્રહાગ્નિ જ્વલિતં યદંતઃ ક્વ તત્ર તત્ત્વ વ્યવસાયવલ્લિઃ ।
પ્રશાંતિપુષ્પાણિ હિતોપદેશં ફલાનિ ચાન્યત્ર ગવેષયંતુ ॥૨॥

ભાવાર્થ—જેનું અંતર–હૃદય કદાગ્રહ રૂપી અગ્નિથી પ્રજ્વલિત થયેલું છે, તેની અંદર તત્ત્વજ્ઞાનના વ્યવસાય રૂપી વેલ, શાંતિરૂપી પુષ્પો અને હિતોપદેશ રૂપ ફળ કયાંથી હોય? તેની શોધ બીજે ઠેકાણે કરવી. ૨

વિશેષાર્થ—જેનું હૃદય કદાગ્રહ રૂપી અગ્નિથી પ્રજ્વલિત થયેલું છે, એટલે જેના હૃદયમાં કદાગ્રહ હોય છે, તેની અંદર તત્ત્વ જ્ઞાનના વ્યવસાય રૂપ વેલ, શાંતિ રૂપી પુષ્પો અને હિતોપદેશ રૂપી ફળ કયાંથી હોય? અર્થાત્ જો હૃદયમાં કદાગ્રહ હોય તો, તત્ત્વ જ્ઞાન, શાંતિ અને હિતોપદેશ પ્રાપ્ત થતાં નથી. તેથી એવા કદાગ્રહી હૃદયવાળાઓએ તત્ત્વ જ્ઞાન, શાંતિ અને હિતોપદેશ બીજે ઠેકાણે શોધવાં જોઇએ. ૨

કદાગ્રહી પંડિત માની પુરૂષો સરસ્વતીના રહસ્યને પ્રાપ્ત થતાજ નથી.

અધીત્ય કિંચિચ્ચ નિશમ્ય કિંચિદસદ્ ગ્રહા ત્પંડિત માનિનો યે।
મુખં મુખં ચુંબિત મસ્તુવાચો લીલા રહસ્યં તુ ન તૈર્જગાહે ॥૩॥

ભાવાર્થ—કાંઇક જાણીને અને કાંઇક સાંભળીને પોતાના આત્માને પંડિત માનનારા જે પુરૂષો કદાગ્રહ રાખે છે, તેઓએ વાણી—સરસ્વતીના મુખને સુખે ચુંબન કર્યું છે, પણ સરસ્વતીની લીલાના રહસ્યને પ્રાપ્ત કર્યું નથી. ૩

વિશેષાર્થ—જરા થોડું જાણી અને થોડું સાંભળી જે પુરૂષો પોતાના આત્માને પંડિત માને છે, તે પુરૂષો કદાગ્રહને લઇને સરસ્વતિ—વાણીના રહસ્યને મેળવી શકતા નથી. તેઓ તો માત્ર સરસ્વતિના મુખનું ચુંબન કરે છે, એટલે તેમને શાસ્ત્રનું ઉપરચોટીયું જ્ઞાન થાય છે, ખરેખરૂં શાસ્ત્રનું રહસ્ય તેમના જાણવામાં આવતું નથી. કહેવાનો આશય એવોછે કે, જેમને શાસ્ત્રની વાણીનું યથાર્થ રહસ્ય જાણવું હોય, તેમણે કદાગ્રહી ન થવું જોઇએ. ૩

કદાગ્રહી પુરૂષો જગત્ને વિટંબના કરે છે.

असद्ग्रहोत्सर्प दतुच्चदर्पैर्बोधां शतांधी कृत मुग्धलोकैः ।
विमंडिता हंत जडैर्वितंडा पांडित्य कंडूलतया त्रिलोकी ॥४॥

ભાવાર્થ—કદાગ્રહથી જેમને ભારે ગર્વ ઉત્પન્ન થયો છે, અને જ્ઞાનનો જરા અંશ મેળવી જેમણે ભોળા લોકોને અંધ કરેલા છે, એવા જડ પુરૂષોએ વિતંડાવાદની—પંડિતાઇની ખુજલી વડે આ ત્રણ લોકને વિડંબના પમાડી છે. ૪

વિશેષાર્થ—કદાગ્રહી પુરૂષોને ભારે ગર્વ ઉત્પન્ન થાય છે, અને તેઓ થોડો જ્ઞાનનો અંશ પ્રાપ્ત કરી. કદાગ્રહથી ભારે ગર્વને

ધારણ કરે છે, અને તે જ્ઞાનના થોડા અંશથી ભોળા લોકોને અંધ કરી નાંખે છે; તેવા જડ પુરૂષો આ ત્રણ જગત્‌ને હેરાન કરે છે. તેઓ વિતંડા-વૃથા વાદ કરવાની પંડિતાઈ રૂપી ખુજલીથી લોકોને વિડંબના પમાડે છે. કહેવાનો આશય એ છે કે, કદાગ્રહને ધારણ કરનારા લોકો ઉત્તમ પંડિત હોતા નથી. તેઓ ભારે ગર્વ ધારણ કરે છે, અને અલ્પજ્ઞાન વડે ભોળા લોકોને છેતરે છે; તેથી સર્વથા કદાગ્રહનો ત્યાગ કરવો જોઇએ. ૪

કદાગ્રહથી મનુષ્ય કૃષ્ણપક્ષની રાત્રિ જેવો થાય છે.

विधोर्विवेकस्य न यत्र दृष्टि स्तमोघनं तत्त्वरविर्विलीनः
अशुक्लपक्ष स्थितिरेष नूनमसद्ग्रहात्स्थूलमतिर्मनुष्यः॥५॥

ભાવાર્થ—કદાગ્રહથી સ્થૂલ બુદ્ધિવાળા મનુષ્યની સ્થિતિ ખરેખર કૃષ્ણપક્ષની રાત્રિના જેવી થઇ જાય છે. જેમાં વિવેકરૂપી ચંદ્રની તો દૃષ્ટિ-દર્શનજ નથી, ઘાટું અંધકાર હોય છે, અને જેમાં તત્ત્વરૂપી સૂર્ય વિલય પામી ગયો હોય છે. ૫

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી કદાગ્રહી મનુષ્યને કૃષ્ણપક્ષની રાત્રિના જેવી સ્થિતિવાળો વર્ણવે છે. જે માણસ કદાગ્રહ રાખે છે, અને સ્થૂલ બુદ્ધિવાળો હોય છે, તેની સ્થિતિ કૃષ્ણપક્ષની રાત્રિના જેવી થઇ જાય છે. કૃષ્ણ પક્ષની રાત્રે જેમ ચંદ્ર દર્શન થતું નથી, તેમ તે માણસનો વિવેક રૂપી ચંદ્ર અદૃશ્ય થાય છે. તે રાત્રે અંધકાર ઘાટું હોય છે, તેમ તે માણસને અજ્ઞાનરૂપી અંધકાર ઘાટું હોય છે. કૃષ્ણપક્ષની રાત્રે સૂર્ય અસ્ત પામી

જાય છે, તેમ તે માણુનો તત્ત્વરૂપી સૂર્ય અસ્ત પામી જાય છે; તેથી સર્વથા કદાગ્રહને છોડી દેવો જોઇએ. ૫

કદાગ્રહને અમાવાસ્યાની રાત્રિનું રૂપક આપે છે.

कुतर्कदात्रेण लुनाति तत्त्व-
वल्ली रसान् सिंचति दोषवृक्षे ।
क्षिपत्यधः स्वादुफलं शमाख्य-
मसद् ग्रहः कोपि कुहू विलासः ॥ ६ ॥

ભાવાર્થ—કદાગ્રહ એ કોઇ અમાવાસ્યાનો વિલાસ છે. તે કુતર્ક રૂપી દાતરડાથી તત્ત્વ રૂપી વેલને છેદે છે, દોષ રૂપી વૃક્ષ ઉપર રસનું સિંચન કરે છે, અને શમ નામનું સ્વાદિષ્ટ ફળ નીચે પાડી ફેંકી દે છે. ૬

વિશેષાર્થ—કદાગ્રહને અમાવાસ્યાનું રૂપક આપે છે. તેમાં કુતર્ક રૂપી દાતરડાથી તત્ત્વજ્ઞાન રૂપ વેલોનો છેદવામાં આવે છે, દોષ રૂપી વૃક્ષ ઉપર રસનું સિંચન કરવામાં, અને શમ નામનું સ્વાદિષ્ટ ફલ નીચે ફેંકી દેવામાં આવે છે. કહેવાનો ભાવાર્થ એવો છે કે, જો કદાગ્રહ રાખવામાં આવે તો, નઠારા તર્કો ઉત્પન્ન થાયછે. અને તેથી તત્ત્વ જ્ઞાન નાશ પામે છે, ઘણા દોષો વૃદ્ધિ પામે છે, અને શમનો નાશ થઈ જાય છે. તેથી કદાગ્રહ સર્વથા ત્યાજ્ય છે. અથવા કુહુ શબ્દનો અર્થ પક્ષી પણ થાય છે, અને તેને વિષે પણ બધા અર્થ ઘટાવી શકાય છે. ૬

કદાગ્રહને પાષાણનું રૂપક આપી વર્ણવે છે.

असद्ग्रहग्रावमये हि चित्ते न क्वापि सद्भावरस प्रवेशः ।
इहांकुर श्चित्त विशुद्ध बोधः सिध्दांतवाचां बत कोपराधः॥७॥

ભાવાર્થ—કદાગ્રહ રૂપ પાષાણથી વ્યાપ્ત એવા ચિત્તમાં કોઇ ઠેકાણે પણ સદ્ભાવ રૂપ રસનો પ્રવેશ થતો નથી. તો અહિં ચિત્ત વિશુદ્ધ બોધરૂપ અંકુર તો કયાંથી પ્રગટ થાય? તેમાં સિદ્ધાંત વાણીનો શો અપરાધ છે ?

વિશેષાર્થ—જેમ પાષાણની અંદર રસનો પ્રવેશ થતો નથી, તેમ કદાગ્રહરૂપ પાષાણથી વ્યાપ્ત એવા હૃદયમાં સદ્ભાવરૂપ રસનો પ્રવેશ થતો નથી. જેમ રસનો પ્રવેશ થયા વિના વૃક્ષનો અંકુર પ્રગટ થતો નથી, તેમ સદ્ભાવરૂપ રસનો હૃદયમાં પ્રવેશ થયા વિના ચિત્તના શુદ્ધ બોધરૂપી અંકુરો પ્રગટ કયાંથી થાય ? જ્યારે સદ્ભાવરૂપ રસ અને ચિત્તના શુદ્ધ બોધરૂપ અંકુર પ્રગટ ન થાય, તો પછી તેમાં સિદ્ધાંત વાણીનો શો અપરાધ ? કહેવાનો આશય એવો છે કે, જો હૃદયમાં કદાગ્રહ રાખવામાં આવે,તો તેમાં સદ્ભાવ પ્રગટ થતો નથી, અને સદ્ભાવ વિના ચિત્તની શુદ્ધીરૂપ બોધ પ્રાપ્ત થતો નથી, તો પછી કદિ સિદ્ધાંત વાણી જાણવામાં આવી હોય, તો પણ તે શા કામની ? ૭

વ્રત, તપ અને પિંડશુદ્ધિ કરવામાં આવે તોપણ કદાગ્રહ હોય તો, તેનું ફળ પ્રાપ્ત થતું નથી.

व्रतानि चीर्णानि तपोऽपि तप्तं कृता प्रयत्नेन च पिंडशुध्दिः ।
अचूत्फलं यत्तु न निन्हवाना मसद्ग्रहस्यैव हि सोऽपराधः ॥८॥

ભાવાર્થ—નિન્હવોએ વ્રતો કરેલાં હોય છે, તપસ્યા કરી હોય છે, અને પ્રયત્નથી પિંડશુદ્ધિ કરી હોય છે, તોપણ તેમને ફળ મળતું નથી, એ તેમના કદાગ્રહનોજ અપરાધ છે. ૮

વિશેષાર્થ—નિન્હવો વ્રતો કરે છે, તપસ્યા આચરે છે, અને પ્રયત્ન કરી પિંડશુદ્ધિ કરે છે, તોપણ તેમને ફળ પ્રાપ્ત થતું નથી, એ અપરાધ કદાગ્રહનોજ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, જો કદાગ્રહ હોય તો, ગમે તેટલાં વ્રતો કરે, ગમે તેવી તપસ્યા કરે, અને મોટો પ્રયત્ન કરી પિંડશુદ્ધિ, કરે તોપણ તે સર્વ વૃથા થાય છે; તેથી કદાગ્રહનો ત્યાગ કરવો જોઇએ. ૮

જો કદાગ્રહ ગળે વળગ્યો હોય તો, તેને એક જાતનું ભોજન કરવા દેતો નથી.

स्थाल्यं स्वबुद्धिः सुगुरोश्च दातु रुपस्थिता काचन मोदकाली ।
असद्ग्रहः कोऽपि गले गृहीत स्तथापि भोक्तुं न ददाति दुष्टः॥९

ભાવાર્થ—ગુરૂ રૂપી પીરસનાર, બુદ્ધિરૂપી થાળમાં, કોઇ શુદ્ધ જ્ઞાનરૂપ મોદકની પંક્તિ પીરસવા તત્પર થાય, તથાપિ ગળે લાગેલો દુષ્ટ કદાગ્રહ ભોજન કરવા દેતો નથી. ૯

વિશેષાર્થ—જેમ પીરસનાર માણસ થાળમાં લાડુ પીરસે, પણ જો કાંઇ ગળે લાગે તો, ભોજન થઇ શકે નહીં; તેવી રીતે બુદ્ધિરૂપી થાળમાં શુદ્ધ જ્ઞાન રૂપ લાડુ, ગુરૂ રૂપી પીરસનાર પીરસે. પણ જો દુષ્ટ કદાગ્રહ ગળે લાગે તો, તે શુદ્ધ જ્ઞાન રૂપ લાડુનું ભો-

જન કરવા દે નહીં. કહેવાનો આશય એવો છે કે, જો કદાગ્રહ હોય તો, ગુરૂ પાસેથી શુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ ન થાય; તેથી કદાગ્રહનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. ૯

કદાગ્રહી પુરૂષ, ગુરૂએ પ્રસાદ કરી આપેલા અર્થને પણ ગ્રહણ કરતો નથી.

गुरुप्रसादीक्रियमाणमर्थं गृह्णाति नासद्ग्रहवां स्ततः किम्।
द्राक्षा हि साक्षा दुपनीयमाना क्रमेलकः कंटकजुड् न भुंक्ते॥१०॥

ભાવાર્થ—કદાગ્રહી પુરૂષ, ગુરૂએ પ્રસાદ કરેલા અર્થને ગ્રહણ કરે નહીં, તેથી શું થયું ? કાંટાને ખાનારો ઊંટ સાક્ષાત્ પાસે નાંખેલી દ્રાખને પણ ખાતો નથી. ૧૦

વિશેષાર્થ—જેનામાં કદાગ્રહ હોય, તે પુરૂષ ગુરૂએ પ્રસાદ કરી આપેલા અર્થને ગ્રહણ કરતો નથી; તેથી શું થયું ? અર્થાત્ કદાગ્રહી પુરૂષ તેવા અર્થને ગ્રહણ કરે નહીં, તેથી શું થયું ? એટલે કદાગ્રહી પુરૂષ કદિ પણ ગુરૂએ ઉપદેશેલા અર્થને ગ્રહણ કરતો નથી. તે વાત દૃષ્ટાંતથી ઘટાવે છે. કાંટાને ખાનારો ઊંટ તેની આગળ દ્રાખ નાંખવામાં આવે, તોપણ તે દ્રાખને ખાતો નથી. તે કાંટાનેજ ખાય છે. કારણ કે, તેનામાં કાંટા ખાવાનો કદાગ્રહ હોય છે. કહેવાનો આશય એવો છે કે, જે કદાગ્રહ રાખે છે, તે, ગુરૂએ ઉપદેશ કરેલા અર્થને સ્વીકારતો નથી, પણ પોતાના આગ્રહમાં દોરાઈને અનર્થનો સ્વીકાર કરે છે. ૧૦

કદાગ્રહથી, પામર પુરૂષોનો સંગ કરનારા પુરૂષોની પ્રીતિ, વિદ્વાનો ઉપર થતી નથી.

असद्ग्रहात्पामर संगतिं ये कुर्वंति तेषां न रति र्बुधेषु ।
विष्टासु पुष्टाः किल वायसा नो मिष्टान्ननिष्टा प्रसजं नवंति ॥११॥

ભાવાર્થ—જે પુરૂષો કદાગ્રહથી પામર પુરૂષોનો સંગ કરે છે, તેઓને વિદ્વાન્ પુરૂષોની ઉપર પ્રીતિ થતી નથી. વિષ્ટાથી પુષ્ટ થયેલા કાગડાઓ બળાત્કારે પણ મિષ્ટાન્નમાં આસક્ત થતા નથી. ૧૧

વિશેષાર્થ—જ્યારે પુરૂષોને કદાગ્રહ પ્રાપ્ત થાય છે, ત્યારે તેઓને પામર પુરૂષોનો સંગ થાય છે, અને જે પુરૂષોને પામર પુરૂષોનો સંગ થયો તેઓને પછી વિદ્વાન્ પુરૂષોની ઉપર પ્રીતિ થતી નથી. તે ઉપર દ્રષ્ટાંત આપે છે. વિષ્ટાનું ભક્ષણ કરી પુષ્ટ થયેલા કાગડાઓ બળાત્કારે પણ મિષ્ટાન્ન ઉપર આસક્ત થતાં નથી. તેથી પામર પુરૂષોના સંગને કરાવનારા અને વિદ્વાનો તરફ અ-પ્રીતિ કરાવનારા કદાગ્રહનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. ૧૧

કદાગ્રહથી, પુરૂષ યુક્તિનો ત્યાગ કરી વિપરીત બુદ્ધિ કરે છે.

नियोजयत्येव मतिं न युक्तौ युक्तिं नमोयः प्रसजं नियुंक्ते ।
असद्ग्रहादेव न कस्य हास्यो जज्ञे घटारोपणमादधानः ॥१२॥

ભાવાર્થ—જે પુરૂષ યુક્તિને વિષે પોતાની બુદ્ધિને જોડતો નથી, અને કદાગ્રહથી પોતા ની યુક્તિને બળાત્કારે ચોજે છે, તે પુરૂષને નમસ્કાર છે. નદીના જળ પાસે કદાગ્રહથી ઘડામાં જળ રાખનાર પુરૂષ કોને હાસ્ય કરવા ચોગ્ય નથી થતો ? ૧૨

વિશેષાર્થ—જે પુરૂષ ગુરૂના મુખથી શાસ્ત્રની યુક્તિ સાંભળી તેમાં પોતાની બુધ્ધિ જોડે નહીં અને કદાગ્રહથી બળાત્કારે પોતાની વિપરીત યુક્તિ જોડે, તેવા પુરૂષને નમસ્કાર કરવો ચોગ્ય છે. અર્થાત્ તે પુરૂષને નિરખવો ન જોઇએ. તેની તો ઉપેક્ષાજ કરવી જોઇએ. જેમ કોઇ પુરૂષ નદીના જળ પાસે પાણીનો ઘડો ભરીને બેસે તે પુરૂષ જેવો હાસ્ય કરવા ચોગ્ય છે, તેવોજ તે પુરૂષ હાસ્ય કરવા ચોગ્ય છે ૧૨

જેનામાં કદાગ્રહ નાશ પામ્યો ન હોય, તેવા પુરૂષને શાસ્ત્રનું જ્ઞાન આપવું ચોગ્ય નથી.

असद्ग्रहो यस्य गतो न नाशं न दीयमानं श्रुतमस्य शस्यम् ।
न नाम वैकल्य कलंकितस्य प्रौढा प्रदातुं घटते नृपश्रीः ॥ १३ ॥

ભાવાર્થ—જેનો કદાગ્રહ નાશ પામ્યો ન હોય, તેવા પુરૂષને શાસ્ત્રજ્ઞાન આપવું પ્રશંસનીય નથી. ગાંડાપણાથી કલંકિત થયેલા પુરૂષને પ્રૌઢ એવી રાજલક્ષ્મી આપવી ઘટે નહીં. ૧૩

વિશેષાર્થ—જે પુરૂષનો કદાગ્રહ નાશ પામ્યો નથી, તેવા પુરૂષને શાસ્ત્રજ્ઞાન આપવું શ્રેષ્ટ નથી. એટલે કદાગ્રહ વાળા પુરૂષને

શાસ્ત્ર જ્ઞાન આપવું નકામું છે, કારણ કે કદાગ્રહને લઇને તેને શાસ્ત્રનો બોધ પ્રાપ્ત થતો નથી, તે ઉપર દૃષ્ટાંત આપે છે. જે માણસ ગાંડો થઇ ગયો હોય તેને પ્રૌઢ રાજલક્ષ્મી આપવી ઘટતી નથી, અર્થાત્ કદાગ્રહ વાળો પુરૂષ ગાંડાના જેવો સમજવો. ૧૩

કદાગ્રહી માણસને શાસ્ત્રીય, જ્ઞાન આપવાથી તેનો અને શાસ્ત્રીનો બંનેનો નાશ થાય છે.

આમે ઘટે વારિ ધૃતં યથા સ-
ઘિનાશયેત્સં ચ ઘટં ચ સદ્યઃ ।
અસદ્ ગ્રહ ગ્રસ્તમતે સ્તથૈવ
શ્રુતાત્પ્રદત્તા ક્ષુનયો વિંનાશઃ ॥ ૧૪ ॥

ભાવાર્થ—જેમ કાચા ઘડામાં રહેલું પાણી પોતાનો અને ઘડાનો તત્કાળ નાશ કરે છે, તેમ કદાગ્રહથી જેની બુદ્ધિ ગ્રસ્ત થ-ઇ ગયેલી છે, એવા પુરૂષને શાસ્ત્ર જ્ઞાન આપવાથી તે શાસ્ત્રનો અને પોતાનો બંનેનો નાશ થાય છે. ૧૪

વિશેષાર્થ—જે પુરૂષની બુદ્ધિ કદાગ્રહથી ગ્રસ્ત થઇ ગયે-લી છે, તેવા પુરૂષને શાસ્ત્ર શીખવવાથી તે શાસ્ત્રનો તેમજ તે શી-ખનારનો બંનેનો નાશ થાય છે. તે વાત દૃષ્ટાંત આપી સિદ્ધ કરે છે. જેમ કાચા ઘડામાં નાખેલું પાણી પોતાનો અને ઘડાનો ઉભ-યનો નાશ કરે છે, તેમ કદાગ્રહવાળા પુરૂષને શીખવેલું જ્ઞાન પો-

તે નાશ પામે છે, અને તે જ્ઞાનવાળાનો નાશ કરે છે, એટલે કદાગ્રહવાળાને જ્ઞાન શીખવવું ન જોઇએ. ૧૪

કદાગ્રહવાળાને જે હિતોપદેશ આપે, તે મૂઢ સમજવો.

असद ग्रह ग्रस्तमतेः प्रदत्ते
हितोपदेशं खलु यो विमूढः ।
शुनी शरीरे स महोपकारी
कस्तुरिका लेपन मादधाति ॥ १५ ॥

ભાવાર્થ—જેની બુદ્ધિ કદાગ્રહમાં ગ્રસ્ત થઈ ગયેલી છે, એવા પુરૂષને જે મૂઢ પુરૂષ હિતોપદેશ આપે છે, તે પુરૂષ મહાન્ ઉપકારી થઇ, કુતરીના શરીર ઉપર કસ્તૂરીનો લેપ કરે છે. ૧૫

વિશેષાર્થ—જેના હૃદયમાં કદાગ્રહ વાસ કરીને રહ્યો હોય, તેવા પુરૂષને કદિ પણ ઉપદેશ આપવો નહીં. કારણકે, કદાગ્રહી મનુષ્યને આપેલો ઉપદેશ તદ્દન વ્યર્થ થઇ જાય છે. તે વાત દ્રષ્ટાંત પૂર્વક સમજાવે છે. મૂઢ પુરૂષ કદાગ્રહી પુરૂષને હિતોપદેશ આપેછે, તે કુતરીના શરીર ઉપર કસ્તૂરીનો લેપ કરે છે, એટલે કુતરીના શરીર ઉપર કસ્તૂરીનો લેપ કરવો જેવો અનુચિત અને નકામો છે, તેવી રીતે કદાગ્રહી મનુષ્યને હિતોપદેશ આપવો, તે અનુચિત અને નકામો છે. ૧૫

તેજ વાત બીજીરીતે દર્શાવે છે.

कष्टेन लब्धं विशदागमार्थं ददाति योऽसदूग्रह दूषिताय ।
स खिद्यते यत्न शतोपनीतं बीजं वपन्नूषर भूमिदेशे ॥ १६ ॥

ભાવાર્થ—જે પુરૂષ કષ્ટવડે પ્રાપ્ત કરેલા આગમના ઊજ્વળ-રૂપષ્ટ અર્થને, કદાગ્રહથી દૂષિત થયેલા માણસને આપે છે, તે સેંકડો યત્નવડે પ્રાપ્ત કરેલાં બીજને ક્ષારવાળી જમીનમાં વાવીને ખેદ પામે છે. ૧૬

વિશેષાર્થ—આગમના ઊજ્વળ અર્થને મેળવી, જે પુરૂષ કદાગ્રહી માણસને તે આપે છે, તે સેંકડો પ્રયત્ન કરી પ્રાપ્ત કરેલાં બીજને ખારવાળી જમીનમાં વાવે છે. ખારવાળી જમીનમાં વાવેલું બીજ નિષ્ફળ થાય છે, તેમ કષ્ટથી મેળવેલો આગમનો અર્થ કદાગ્રહી પુરૂષને સમજાવવાથી નિષ્ફળ થાયછે; તેથી દુરાગ્રહી પુરૂષને શાસ્ત્રનો ઉપદેશ ન આપવો જોઇએ. ૧૬

કદાગ્રહી પુરૂષ ગુરૂપાસે શાસ્ત્રો સાંભળે, તો પણ તે ગુરૂની આજ્ઞા માનતો નથી.

शृणोति शास्त्राणि गुरोस्तदाज्ञां करोति नासदूग्रहवान् कदाचित् ।
विवेचकत्वं मनुते च सार ग्राही क्षुवि स्वस्य च चालनीवत्॥१७॥

ભાવાર્થ—કદાગ્રહી પુરૂષ ગુરૂ પાસેથી શાસ્ત્રો સાંભળે છે, પણ કદાચિત્ ગુરૂની આજ્ઞા માનતો નથી, અને જે પૃથ્વીમાં સારગ્રાહી પુરૂષ હોય છે, તે ચાલણીની જેમ પોતાનાં વિવેક માને છે. ૧૭

વિશેષાર્થ—કદાગ્રહી પુરૂષ કદિ ગુરૂની પાસેથી શાસ્ત્રો સાંભળે, પણ તે ગુરૂની આજ્ઞા માનતો નથી, એટલે શાસ્ત્રો સાંભળે ખરો, પણ કદાગ્રહને લઈને તે પ્રમાણે વર્ત્તતો નથી; અને જે સારગ્રાહી પુરૂષ હોય છે, તે વિવેકી હોય છે. તે પુરૂષ ચાલણીની જેમ પોતાનો સારગ્રાહી વિવેક દર્શાવે છે. એટલે જેમ ચાલણી પોતાનામાં સાર રૂપ વસ્તુ રાખી અને અસાર વસ્તુને બાહેર કાઢી નાંખે છે, તેમ સારગ્રાહી પુરૂષ દુરાગ્રહનો ત્યાગ કરી, સાર રૂપ વસ્તુને ગ્રહણ કરે છે, અને અસાર વસ્તુનો ત્યાગ કરે છે. કદાગ્રહી પુરૂષમાં તેવો વિવેક હોતો નથી. ૧૭

અહા ! કદાગ્રહની સૃષ્ટિ કેવી વિપરિત છે ?

दंभाय चातुर्य मधीय शास्त्रं प्रतारणाय प्रतिभापटुत्वम् ।
गर्वाय धीरत्व महो गुणानामसद्ग्रहस्ते विपरीतसृष्टिः ॥१८॥

ભાવાર્થ—અહો ! કદાગ્રહ એ ગુણોની વિપરીત સૃષ્ટિ કરે છે. કદાગ્રહી પુરૂષને શાસ્ત્રનો અભ્યાસ કરી પ્રાપ્ત થયેલું ચાતુર્ય દંભને માટે થાય છે. તેની બુદ્ધિની પટુતા બીજાઓને છેતરવાને માટે થાય છે; અને તેનું ધૈર્ય ગર્વને માટે થાય છે. ૧૮

વિશેષાર્થ—કદાગ્રહી પુરૂષ જે ગુણો મેળવે, તે ગુણો તેને વિપરીતપણે પ્રવર્ત્તે છે. તે શાસ્ત્રનો અભ્યાસ કરી જે ચાતુર્ય પ્રાપ્ત કરે તે દંભને માટે થાય છે. તેની કવિત્વ બુદ્ધિની પટુતા તે બીજાને છેતરવાને માટે થાય છે, એટલે તે કવિતા રચીને બીજાઓને છેતરે છે. જો તેનામાં ધૈર્ય દેખાય તો, તે ગર્વને માટે થાય છે, એટલે ધૈર્ય ગુણ વડે તે ગર્વ ધારણ કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, કદાગ્રહી પુરૂષ શાસ્ત્રજ્ઞ, કવિ કે ધીર બને તો, તેનામાં દંભ–છળતા, વંચકતા અને ગર્વ ઉત્પન્ન થાય છે. અર્થાત્ કદાગ્રહીના ગુણો પણ વિપરીતપણે પરિણમે છે. ૧૮

કદાગ્રહી પુરૂષની મૈત્રી પણ દુઃખ આપે છે.

असद्गृहस्थेन समं समंतात् सोहार्दवृद्दुःखमवैति तादृग् ।
उपैति यादृक्कदली कुवृक्षस्फुटत्रुटत्कंटककोटिकीर्णा ॥ १९ ॥

ભાવાર્થ—કદાગ્રહી પુરૂષની સાથે મૈત્રી કરનારો માણસ પણ ચારે તરફ તેવું દુઃખ પ્રાપ્ત કરે છે, કે જેવું દુઃખ કદળીનું વૃક્ષ પોતાની પાસે આવેલા કાંટાળા વૃક્ષના કાંટાઓના અણીઓથી વીંધાઈને ભોગવે છે. ૧૯

વિશેષાર્થ—જેમ કદળીનું વૃક્ષ પોતાની પાસે રહેલા નઠારા કાંટાળા વૃક્ષના ફુટતા કાંટાઓની અણીઓથી વીંધાઈને જેવું દુઃખ ભોગવે છે, તેવું દુઃખ કદાગ્રહી પુરૂષની સાથે મૈત્રી કરવાથી પુરૂષ ભોગવે છે; તેથી સર્વથા કદાગ્રહી પુરૂષની મૈત્રીનો ત્યાગ કરવો જોઇએ. ૧૯

વિદ્યા વગેરે ગુણો કદાગ્રહથી નાશ પામે છે.

વિદ્યા વિવેકો વિનયો વિશુદ્ધિઃ સિદ્ધાંતવાદ્વાન્યમુદારતાચ ।
અસદ્ગ્રહાદ્યાતિ વિનાશમેતે ગુણાસ્તૃણાનીવ કણાદ્દવાગ્નેઃ ॥૨૦॥

ભાવાર્થ—દાવાનળના તણખાથી જેમ ઘાસ નાશ પામે છે, તેમ કદાગ્રહ રાખવાથી વિદ્યા, વિવેક, વિનય, વિશુદ્ધિ, સિદ્ધાંત ઉપર પ્રેમ અને ઉદારતા એ ગુણો નાશ પામે છે. ૨૦

વિશેષાર્થ—વિદ્યા, વિવેક, વિનય, શુદ્ધિ, સિદ્ધાંત ઉપર પ્રેમ અને ઉદારતા એવા ઉત્તમ ગુણો પણ દુરાગ્રહને લઈને નાશ પામે છે, એટલે જેનામાં દુરાગ્રહ હોય, તે પુરૂષમાં વિદ્યા વગેરે ગુણો રહી શકતા નથી. તે ઉપર દ્રષ્ટાંત આપે છે. જેમ દાવાનળના એક નાના તણખાથી ઘાસ બળી જાય છે, તેમ એક દુરાગ્રહથી વિદ્યા વગેરે ઉત્તમ ગુણો નાશ પામી જાય છે. ૨૦

કદાગ્રહી--અધમાધમ પુરૂષોની સ્થિતિ કેવી હોયછે ?

સ્વાર્થઃ પ્રિયો નો ગુણવાંસ્તુ કશ્ચિન્ મૂઢેષુ મૈત્રી નતુ તત્ત્વવિત્સુ
અસદ્ ગ્રહાપાદિત વિશ્રમાણાં સ્થિતિઃ કિલાસાવધ માધમાનામ્
॥ ૨૧ ॥

ભાવાર્થ—દુરાગ્રહને વિષે વિશ્રાંત થયેલા અધમાધમ પુરૂષોની સ્થિતિ એવી હોય છે કે, તેઓને સ્વાર્થ પ્રિય લાગેછે. ગુણવાન્ પુરૂષ પ્રિય લાગતો નથી. તેઓ મૂઢ પુરૂષો સાથે મૈત્રી રાખે છે, તત્ત્વવેત્તાઓની સાથે રાખતા નથી. ૨૧

વિશેષાર્થ—જે પુરૂષો દુરાગ્રહ રાખનારા છે, તેઓ અધમાધમ છે. તેમની સ્થિતિ પણ અધમ થાયછે. તેઓને સ્વાર્થ પ્રિય લાગે છે, પણ ગુણવાન્ પુરૂષ પ્રિય લાગતો નથી. તેમની મૂઢ પુરૂષોની સાથે મૈત્રી થાયછે, પણ તત્ત્વવેત્તાઓની સાથે મૈત્રી થતી નથી. અર્થાત્ દુરાગ્રહી પુરૂષો સ્વાર્થી અને કુસંગી હોયછે. તેવી અધમ સ્થિતિવાળા દુરાગ્રહી પુરૂષોનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૨૧

એ દુરાગ્રહને ત્યાગ કરનારા પુરૂષને શું થાય છે?

इदं विदंस्तत्त्व मुदार बुद्धि रसद्ग्रहं यस्तृणव ज्जहाति।
जहाति नैनं कुलजेव योषिद् गुणानुरक्ता दयिता यशःश्रीः ॥२२॥

ભાવાર્થ—ઉદાર બુદ્ધિવાલો જે પુરૂષ આ તત્ત્વને જાણી કદાગ્રહને તૃણની જેમ છોડી દેછે, તેને ગુણાનુરાગી એવી કુલીન પ્રિય સ્ત્રીની જેમ ગુણાનુરાગી એવી પ્રિય યશ લક્ષ્મી છોડતી નથી. ૨૨

વિશેષાર્થ—ઉદાર બુદ્ધિવાલો પુરૂષ 'કદાગ્રહ સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે' એવા તત્ત્વને જાણી તે કદાગ્રહને તૃણવત્ ગણી છોડી દેછે, તે પુરૂષને ગુણાનુરાગી એવી કુલીન સ્ત્રીની જેમ યશ લક્ષ્મી છોડતી નથી. યશલક્ષ્મી પણ ગુણાનુરાગી હોવાથી તે પુરૂષને છોડતી નથી. અહિં યશઃ એ શબ્દથી ગ્રંથકર્ત્તાએ પોતાનું 'યશો વિજય' એ નામ સૂચવ્યું છે. ૨૨

इति कदाग्रह त्यागाधिकार चतुर्दशः।

अधिकार १५ मो.

योगाधिकार.

असदग्रहत्ययाद् ध्वस्तमिथ्यात्वविषयोप्रुषः ।
सम्यकत्त्वशाल्लिनोऽध्यात्मशुद्धेर्योगः प्रसिध्यति ॥ १ ॥

ભાવાર્થ—કદાગ્રહના ત્યાગથી જેનો મિથ્યાત્વ રૂપ વિષનો બિંદુ નાશ પામેલ છે, અને જે સમ્યક્ત્વથી શોભે છે, એવા પુરૂષને અધ્યાત્મની શુદ્ધિથી યોગ સિદ્ધ થાય છે. ૧

વિશેષાર્થ—હવે ગ્રંથકાર પંદરમા યોગાધિકારનો આરંભ કરે છે. ઉપરના અધિકારમાં કદાગ્રહનો ત્યાગ કરવાને કહ્યું. તે કદાગ્રહનો ત્યાગ કર્યા પછી યોગની સિદ્ધિ થાય છે; તેથી હવે પંદરમા યોગાધિકારનો આરંભ કરે છે. જ્યારે કદાગ્રહનો ત્યાગ કરે, ત્યારે મિથ્યાત્વનો નાશ થાય છે; તેથી કહ્યું છે કે, જેનો મિથ્યાત્વ રૂપ વિષનો બિંદુ નાશ પામેલ છે. જ્યારે મિથ્યાત્વનો નાશ થાય છે, ત્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી આત્માની શુદ્ધિ થાય છે. જ્યારે આત્મ શુદ્ધિ થઇ, ત્યારે યોગની સિદ્ધિ તત્કાળ થાય છે. ૧

કર્મ અને જ્ઞાન નામના યોગના બે ભેદ છે.

कर्मज्ञान विभेदेन स द्विधा तत्र चादिमः ।
आवश्यकादि विहितः क्रियारूपः प्रकीर्त्तितः ॥ २ ॥

ભાવાર્થ—તે યોગ કર્મ અને જ્ઞાન એવા ભેદથી બે પ્રકારનો છે. તેમાં આવશ્યક વગેરે રહિત એવો ક્રિયા રૂપ તે **કર્મયોગ** કહેવાય છે. ૨

વિશેષાર્થ—કર્મ અને જ્ઞાન એવા બે ભેદથી યોગ બે પ્રકારનો છે. એટલે કર્મયોગ અને જ્ઞાનયોગ, એવા તેના બે પ્રકાર છે. તેમાં આવશ્યક વગેરેથી રહિત જે ક્રિયા રૂપ તે પહેલો કર્મયોગ કહેવાય છે. ૨

કર્મયોગનું સ્વરૂપ.

शारीरस्पंद कर्मात्मा यदयं पुण्यलक्षणम् ।
कर्मातनोति सद्भोगा त्कर्म योग स्ततः स्मृतः ॥ ३ ॥

ભાવાર્થ—શરીરની ચેષ્ટા રૂપ કર્મ કરનારો આત્મા જે સારા ભોગથી પુણ્ય કર્મને વિસ્તારે છે, તેથી તે કર્મયોગ કહેવાય છે. ૩

વિશેષાર્થ—શરીરની ચેષ્ટા રૂપ કર્મ કરનાર કર્માત્મા કહેવાય છે. તે સારા ભોગથી પુણ્ય કર્મને વિસ્તારે છે, તેથી તે કર્મયોગ કહેવાય છે. એટલે આત્મા-જીવ સારાં કર્મ કરે, તે કર્મયોગ કહેવાય છે. ૩

કર્મયોગથી શું ફળ મળે છે ?

आवश्यकादि रागेण वात्सल्या द्भगवद्गिराम् ।
प्राप्नोति स्वर्ग सौख्यानि न याति परमं पदम् ॥ ४ ॥

ભાવાર્થ—આવશ્યકાદિ ક્રિયા ઊપર રાગ રાખવાથી, અને ભગવંતની વાણી તરફ પ્રેમભાવ કરવાથી, માણસ સ્વર્ગના સુખને પામે છે. પરમપદ–મોક્ષને પ્રાપ્ત થતો નથી. ૪

વિશેષાર્થ—આવશ્યકાદિ ક્રિયા ઊપર રાગ કરવાથી, અને ભગવંતની વાણી તરફ પ્રેમભાવ કરવાથી, અર્થાત્ કર્મયોગ સાધવાથી માણસ સ્વર્ગનાં સુખને મેળવી શકે છે. મોક્ષપદને મેળવી શકતો નથી. એટલે કર્મયોગ સ્વર્ગ સુખને આપનાર છે. મોક્ષપદને આપનાર નથી. ૪

જ્ઞાનયોગનું સ્વરૂપ.

ज्ञानयोगस्तपः शुद्ध मात्मर त्येक लक्षणम् ।
इंद्रियार्थोन्मनीभावात्स मोक्षसुख साधकः ॥ ५ ॥

ભાવાર્થ—આત્મરતિ જેનું એક લક્ષણ છે, એનું શુદ્ધ તપ, તે જ્ઞાનયોગ કહેવાય છે. તે જ્ઞાનયોગ ઇંદ્રિયોના અર્થથી દૂર રહેવાને લઇને, મોક્ષ સુખનો સાધક થાય છે. ૫

વિશેષાર્થ—આત્મરતિ એટલે આત્માને વિષે પ્રીતિ કરવી, રૂપ લક્ષણવાળું શુદ્ધ તપ, તે **જ્ઞાનયોગ** કહેવાય છે. અર્થાત્

અધ્યાત્મ ભાવ ધારણ કરવો, તે જ્ઞાનયોગ કહેવાય છે. તે જ્ઞાનયોગમાં ઇંદ્રિયોના અર્થથી એટલે ઇંદ્રિયોના વિષયોથી દૂર રહેવાય છે, તેથી તે મોક્ષનાં સુખનો સાધક થાય છે. ૫

આત્મજ્ઞાન યોગનો પ્રકાર દર્શાવે છે.

न परप्रतिबंधोऽस्मिन्नल्पो प्येकात्मवेदनात् ।
शुभं कर्मापि नैवात्र व्याक्षेपायोपजायते ॥ ६ ॥

ભાવાર્થ—એક આત્માના વેદનથી, એટલે આત્મ જ્ઞાનયોગથી તેની અંદર અલ્પ પણ બીજો પ્રતિબંધ નથી, અને એમાં શુભ કર્મ પણ વ્યાક્ષેપને માટે થતું નથી. ૬

વિશેષાર્થ—એક આત્માના વેદનથી, એક આત્મજ્ઞાનયોગના જ્ઞાનમાં બીજો પ્રતિબંધ નથી, એટલે આત્મ જ્ઞાનયોગનું જ્ઞાન થવામાં બીજી થોડી પણ અટકાયત નથી. અને એમાં શુભ કર્મ પણ વ્યાક્ષેપને માટે થતું નથી, એટલે જે કર્મથી મોક્ષમાં જાતાં વાર લાગે, તેવું શુભ કર્મ પણ નથી. ૬

તેમાં કેવાઓને ધ્યાન શુદ્ધિ હોય છે?

न ह्यप्रमत्तसाधूनां क्रियाप्यावश्यकादिका ।
नियता ध्यानशुद्धत्वाद्यदन्यैरप्यदः स्मृतम् ॥ ७ ॥

ભાવાર્થ—જે અપ્રમત્ત સાધુઓ છે, તેમને આવશ્યકાદિ ક્રિયા પણ નિયમિત નથી; કારણ કે, તેમને ધ્યાન શુદ્ધિ હોવાથી તે કહેલ છે. ૭

વિશેષાર્થ—જે અપ્રમત્ત સાધુઓ છે, તેમને આવશ્યકાદિ ક્રિયા નિયમિત નથી, એટલે તેમને આવશ્યકાદિ ક્રિયા કરવાની જરૂર નથી. કારણ કે, તેમને ધ્યાન શુદ્ધિ હોય છે, અર્થાત્ જેનામાં ધ્યાન શુદ્ધિ હોય એટલે આત્મજ્ઞાન યોગ હોય તેમણે આવશ્યકાદિ ક્રિયા કરવાની જરૂર નથી. તેથી આત્મજ્ઞાન સાધવા યોગ્ય છે.૭.

કેવા જીવને કર્ત્તવ્ય નથી?

यस्त्वात्मरतिरेव स्या दात्म तृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्ट स्तस्य कार्यं न विद्यते ॥ ८ ॥

ભાવાર્થ—જે પુરૂષ આત્મરતિ, આત્મતૃપ્ત અને આત્માને વિષે સંતુષ્ટ રહે છે, તેને કાંઈ કર્ત્તવ્ય રહેતું નથી. ૮

વિશેષાર્થ—જે આત્મરતિ એટલે આત્માને વિષે પ્રીતિવાલો હોય છે, અને જે પુરૂષ આત્મતૃપ્ત એટલે આત્માથીજ તૃપ્ત રહેનારો હોયછે, તેમ આત્માને વિષે સંતુષ્ટ એટલે 'આત્માજ સ્વવસ્તુ છે, બીજી પુદ્ગલાદિ વસ્તુ પરવસ્તુ છે,' એમ જાણી આત્મામાં સંતુષ્ટ રહેનારો હોય છે, તેવા આત્મરતિ, આત્મ તૃપ્ત અને આત્મ સંતુષ્ટ પુરૂષને પછી કાંઇ પણ કર્ત્તવ્ય રહેતું નથી. ૮

તેવા પુરૂષને કર્ત્તવ્ય રહેતું નથી, તેનું શું કારણ?

नैव तस्य कृतेनार्थो नाकृते नेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चि दर्थव्यपाश्रयः ॥ ९ ॥

ભાવાર્થ—તેવા ઉપર કહેલા પુરૂષને કર્ત્તવ્ય કરવાથી આ લોકમાં કાંઇ અર્થ નથી, અને ન કરવાથી કોઇ જાતનો અર્થ નથી, તેમજ તેને સર્વ પ્રાણીમાત્ર ઉપર કોઇ જાતનું કાંઇ પ્રયોજન નથી. ૯

વિશેષાર્થ—આત્મરતિ, આત્મતૃપ્ત અને આત્મ સંતુષ્ટ એવા તે પુરૂષને કાંઇ કર્ત્તવ્ય કરવાનું નથી. કારણ કે, તેને કર્ત્તવ્ય કરવાનું કાંઇ પ્રયોજન નથી, અને ન કરવાનું પણ નથી. તેમજ સર્વ પ્રાણી ઉપર તેને સમભાવ હોવાથી તથા કોઇ પ્રાણીની સ્પૃહા ન હોવાથી, તેને કોઇની અપેક્ષા હોતી નથી; તેથી તેવા પુરૂષને કાંઇ કર્ત્તવ્ય કરવાનું રહેતું નથી. ૯

તે વિષે બીજું કારણ દર્શાવે છે.

अवकाशो निषिद्धोऽस्मि न्नरत्यानंदयोरपि ।
ध्यानावष्टंभतः क्वास्तु तत्क्रियाणां विकल्पनम् ॥ १० ॥

ભાવાર્થ—એને વિષે અરતિ અને આનંદનો અવકાશ નિષિદ્ધ છે, તો ધ્યાનના અવલંબથી તે ક્રિયાઓનો વિકલ્પ કયાંથી હોય ? ૧૦.

વિશેષાર્થ—એને વિષે અરતિ અને આનંદનો અવકાશ નિષિદ્ધ છે,એટલે એ ઠેકાણે અરતિ-અપ્રીતિ અને આનંદનો અવકાશ નથી. કારણકે, ધ્યાનના અવલંબનથી એટલે ધ્યાનની સ્થિરતાથી તે ક્રિયાનો વિકલ્પ પણ કેમ હોય ? અર્થાત્ ધ્યાન વડે જ્યારે સ્થિ-

રતા થાય છે, ત્યારે પછી ક્રિયાનો વિકલ્પ કેમ સંભવે ? અર્થાત્ જ્યાં ધ્યાન વડે મનની સ્થિરતા થઈ, ત્યાં ક્રિયા કરવાની આવશ્યકતા રહેતી નથી. ૧૦

અહિં કોઇ શંકા કરે કે, જ્યારે ધ્યાનીને ક્રિયા નથી, તો પછી તેને ગોચરી વગેરેની ક્રિયા શામાટે કરવી જોઇએ ? તેના ઉત્તરમાં કહે છે.

દેહ નિર્વાહ માત્રાર્થા યાપિ ભિક્ષાટનાદિકા ।
ક્રિયા સા જ્ઞાનિનોઽસંગાન્નૈવ ધ્યાનવિઘાતિની ॥૧૧॥

ભાવાર્થ—જે ભિક્ષાટન કરવા વગેરેની ક્રિયા દેહનો, માત્ર દેહનોજ, નિર્વાહ કરવાને માટે છે, તે ક્રિયા અસંગને લઇને જ્ઞાની પુરૂષના ધ્યાનને નાશ કરનારી થતી નથી. ૧૧

વિશેષાર્થ—જ્ઞાની પુરૂષ પણ ભિક્ષાટન વગેરેની ક્રિયા કરે છે, તે માત્ર દેહનો નિર્વાહ કરવા માટે છે. તે ક્રિયા જ્ઞાની પુરૂષના ધ્યાનનો નાશ કરનારી થતી નથી. કારણકે, જ્ઞાની પુરૂષને તેમાં કોઇ જાતનો સંગ હોતો નથી, એટલે તેમાં કોઇ જાતની આસક્તિ હોતી નથી. ૧૧

તેમની આચાર ક્રિયા પણ ભિન્ન ભિન્ન ભેદવાળી હોય છે.

રત્નશિક્ષા દૃગન્યાહિ તન્નિયોજનદૃગ્ યથા ।
ફલભેદાત્તથા ચાર ક્રિયાપ્યસ્ય વિભિદ્યતે ॥૧૨॥

ભાવાર્થ—રત્ન-માણિક્યની પરીક્ષાની દૃષ્ટિ અને નજરની પરીક્ષાની દૃષ્ટિ જેમ જુદી છે, તેમ ફળના ભેદથી તે ધ્યાનીની આચાર ક્રિયા પણ ભેદ વાળી થાય છે. ૧૨

વિશેષાર્થ—રત્ન-માણિક્યની પરીક્ષા કરવાની અને નજરની પરીક્ષાની દૃષ્ટિ ફળના ભેદથી જુદી જુદી લાગે છે, તેવીજ રીતે ધ્યાની પુરૂષની આચાર ક્રિયા પણ ફળના ભેદથી જુદા જુદા ભેદ વાળી છે. ૧૨

કેવી ક્રિયા આત્મજ્ઞાનને માટે કલ્પે છે ?

ધ્યાનાર્થા હિ ક્રિયા સેયં પ્રત્યાહૃત્ય નિજં મનઃ ।
પ્રારબ્ધા જન્મસંકલ્પાદાત્મ જ્ઞાનાય કલ્પતે ॥૧૩॥

ભાવાર્થ—ધ્યાન કરવાના પ્રયોજન વાળી તે આ ક્રિયા પોતાના મનને પાછું વાળી-વશ કરી જન્મના સંકલ્પથી આરંભેલી હોય તો, તે આત્મ જ્ઞાનને માટે કલ્પાય છે. ૧૩

વિશેષાર્થ—ધ્યાન કરવાના પ્રયોજનવાળી ક્રિયા એટલે ધ્યાન કરવાની ક્રિયા કે જેમાં મનને વશ કરાય છે, તે ક્રિયાથી મનને વશ કરવામાં આવે, અને જન્મના સંકલ્પથી તેનો આરંભ કરવામાં આવે, તો તે ધ્યાનની ક્રિયા આત્મ જ્ઞાનને માટે થાય છે, એટલે તેવી ક્રિયાથી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. ૧૩

કેવો પુરૂષ આત્મજ્ઞાની કહેવાય છે !

સ્થિરભૂતમપિ સ્વાંતં રજસા ચલતાં વ્રજેત્ ।
પ્રત્યાહૃત્ય નિગૃહ્ણાતિ જ્ઞાની યદિદમુચ્યતે ॥ ૧૪ ॥

ભાવાર્થ—સ્થિર થયેલું હૃદય રજોગુણથી ચલિત થાય છે, તેવા હૃદયને પાછું વાળી જે નિગ્રહ કરે, તે જ્ઞાની કહેવાય છે. ૧૪

વિશેષાર્થ—હૃદય સ્થિર થયું હોય, તો પણ તે રજોગુણ વડે ચલિત થાય છે. એટલે હૃદયને સત્વ ગુણમાં રાખવું જોઈએ. જો તેને રજોગુણની સાથે યોગ થાય છે, તો તે ચલિત થાય છે. તેવા ચપળ હૃદયને પાછું વાળીને એટલે પોતાને વશ કરીને, તેનો જે નિગ્રહ કરે છે, તેને સ્વવશ કહે છે, તે જ્ઞાની પુરૂષ કહેવાય છે. ૧૪

મનને સ્વાધીન કરી શું કરવું જોઇએ ?

શનૈઃ શનૈરુપરમેદ્બુદ્ધ્યા ધૃતિગૃહીતયા ।
આત્મસંસ્થં મનઃ કૃત્વા ન કિંચિદપિ ચિંતયેત્ ॥ ૧૫ ॥

ભાવાર્થ—ધીરજ વડે ગ્રહણ કરેલી બુદ્ધિથી હળવે હળવે વિરામ પામવું, અને મનને આત્મામાં સ્થિર કરી, કાંઇપણ ચિંતવવું નહીં ૧૫

વિશેષાર્થ—ધીરજ વડે ગ્રહણ કરેલી બુદ્ધિથી એટલે ધૈર્ય વાળી બુદ્ધિથી હળવે હળવે વિરામ પામવું, એટલે આ ઉપાધિ-વાળા વ્યાપારમાંથી વિરત થવું. જ્યારે સર્વ પ્રકારના વ્યાપારથી વિરત થવાય છે, એટલે મન આત્માને વિષે સ્થિર થાય છે; જ્યારે મન આત્માને વિષે સ્થિર થયું, એટલે તે પછી કાંઇ પણ ચિંત-વવું નહીં. કોઇ જાતનો વિચાર મનમાં લાવવો નહીં. એમ કરવા-થી આત્મજ્ઞાન યોગ થાય છે. ૧૫

મનને કેવી રીતે વશ કરવું જોઇએ ?

यतो यतो निःसरति मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैत दात्मन्येव वशं नयत् ॥ १६ ॥

ભાવાર્થ—ચપળ અને સ્થિર એવું મન જે જે વસ્તુમાં પ્રસાર થાય છે, તે તે વસ્તુમાંથી તેને પાછું વાળી-નિયમિત કરી આત્માને વશ કરવું. ૧૬

વિશેષાર્થ—ચંચળ અને અસ્થિર એવું મન જે જે વસ્તુમાં પ્રસાર થાય છે, એટલે જે જે વસ્તુમાં આસક્ત થાય છે, તે તે વસ્તુમાંથી તેને પાછું વાળી આત્માને વશ કરવું, એટલે આત્માને આધીન કરવું. કહેવાનો આશય એવો છે કે, મન એવું ચંચળ અને અસ્થિર છે કે, જે દરેક વસ્તુ તરફ ખેંચાયા કરે છે. જે જે વસ્તુમાં મન આસક્ત થયું હોય તે તે વસ્તુમાંથી મનને પાછું વાળી આત્માને વશ કરવું. એમ કરવાથી આત્મજ્ઞાન યોગ થાય છે. ૧૬

તેથી મનને અદ્રઢ રાખનારા પુરૂષે આવશ્યકાદિ ક્રિયા કરવી.

अतएवाद्दढस्वांतः कुर्याच्छास्त्रादिना क्रियाम् ।
सकलां विषयप्रत्याहरणाय महामतिः ॥ १७ ॥

ભાવાર્થ—એ કારણથી જેનું મન દૃઢ નથી, એવા મહા બુદ્ધિવાળા પુરૂષે વિષયોનો ત્યાગ કરવા માટે શાસ્ત્ર વિગેરેથી સર્વ ક્રિયા કરવી. ૧૭

વિશેષાર્થ—જ્યારે યોગ વડે હૃદય દ્રઢ ન થઈ શકે તેમ હોય તો, તેવા પુરૂષે વિષયોને હઠાવવાને માટે શાસ્ત્ર વગેરેની સર્વ આવશ્યકાદિ ક્રિયા કરવી. એટલે જે પુરૂષનું મન વશ થઇ શકે તેમ ન હોય, તેવા પુરૂષે શાસ્ત્રની આવશ્યક ક્રિયા કરવાની જરૂર છે. પણ જે મનને વશ કરવાને સમર્થ છે, તેવા પુરૂષને આવશ્યક ક્રિયા કરવાની જરૂર નથી. ૧૭

કેવા યતિએ સંયમ યોગમાં વ્યાપાર કરવો જોઇએ ?

શ્રુત્વા પૈશાચિકીં વાર્તાં કુલવધ્વાશ્ચ રક્ષણમ્ ।
નિત્યસંયમ યોગેષુ વ્યાપૃતાત્મા ભવેદ્યતિઃ ॥ ૧૮ ॥

ભાવાર્થ—યતિ, પિશાચની વાર્ત્તા અને કુલવધુનું રક્ષણ સાંભળીને નિત્યે સંયમના યોગને વિષે વ્યાપાર વાળો થાય. ૧૮

વિશેષાર્થ—પિશાચની વાર્ત્તા અને કુલવધૂનું રક્ષણ સાંભળીને યતિ નિત્યે સંયમના યોગને વિષે વ્યાપાર વાળો થાય. અહીં પિશાચની વાર્ત્તા એવી છે કે, કોઇ એક શેઠનો પુત્ર દેશાંતરે વ્યાપાર કરવાને ગયો હતો. પાછળથી તેના ઘરની પાસે એક વૃક્ષ ઉપર પિશાચ રહેતો હતો. તે પિશાચ તે શેઠના પુત્રનું રૂપ લઇ તેની વહુ સાથે વ્યભિચાર કરવાને પ્રવૃત્ત થયો. કેટલેક સમયે તે શેઠનો પુત્ર દેશાંતરથી ઘેર આવ્યો. તે વખતે તેણે પેલા પિશાચને પોતાના રૂપે જોયો. તે બંનેની વચ્ચે લડાઇ થઈ. આખર

તેઓ રાજય દ્વારમાં ઇનસાફ માગવાને ગયા. રાજય દ્વારમાં ભૂતને ઘરમાંથી કાઢી મુકવાનો ઠરાવ થયો, પણ તે પિશાચે કબુલ કર્યું નહીં. "હું શેઠનો પુત્ર છું" એમ કહી તે ઘરમાં રહ્યો. છેવટે વહુને શરમ લાગવાથી શેઠે તે પિશાચને વૈરીની સાથે યુદ્ધ કરવાને કામે લગાડયો. અને વહુને ઘર ધંધામાં કામે લગાડી. એવી રીતે તે શેઠે અનાચાર દુર કર્યો. આ દ્રષ્ટાંત ઉપરથી એમ સમજવાનું છે કે, જેમ તે શેઠે યુક્તિથી વહુને રાખી, તેમ મુનિએ સંયમના યોગથી પોતાના આત્માને રાખવો. ૧૮

ક્રિયા કોને ગુણકારી થાય છે!

या निश्चयैकलीनानां क्रिया नाति प्रयोजनाः।
व्यवहारदशास्थानां ता एवातिगुणावहाः॥ १९ ॥

ભાવાર્થ—નિશ્ચય નયમાંજ એક લીન થયેલા પુરૂષોને જે ક્રિયાઓ અતિ પ્રયોજન વાળી નથી તેજ ક્રિયાઓ વ્યવહાર દશામાં રહેલા પુરૂષોને અતિ ગુણકારી થાય છે. ૧૯

વિશેષાર્થ—જેમનું હૃદય નિશ્ચય નયમાં લીન છે, એટલે જેઓ વ્યવહાર નય તરફ ઉપેક્ષા રાખે છે. તેવા પુરૂષોને ક્રિયાઓ પ્રયોજન વાળી નથી, એટલે ઉપયોગી નથી. જે ક્રિયાઓ તેમને ઉપયોગી નથી તેજ ક્રિયાઓ વ્યવહાર દશામાં રહેલા પુરૂષોને અતિ ગુણકારી છે. કહેવાનો આશય એવો છે કે, જયાં સુધી વ્યવહાર નયની અપેક્ષાછે, ત્યાં સુધી ક્રિયા કરવાની છે, અને જયારે નિશ્ચય દશામાં અવાય છે, ત્યારે ક્રિયા કરવાની આવશ્યકતા નથી. ૧૯

જ્ઞાનયોગનું ઉલ્લંઘન ન કરવાથી, કરેલું શુદ્ધ કર્મ મુક્તિનું કારણ બનેછે.

कर्मणोऽपि विशुष्कस्य श्रद्धामेधादियोगतः ।
अक्षतं मुक्तिहेतुत्वं ज्ञानयोगानतिक्रमात् ॥ २० ॥

ભાવાર્થ—શ્રદ્ધા અને બુદ્ધિ વગેરેના યોગથી કરેલું શુદ્ધ કર્મ જ્ઞાનયોગનું ઉલ્લંઘન ન કરવાથી મુક્તિનું અક્ષત કારણ થાયછે. ૨૦

વિશેષાર્થ—શ્રદ્ધા અને બુદ્ધિ વગેરેના યોગથી જો શુદ્ધ કર્મ કરવામાં આવે, અને જ્ઞાનયોગનું ઉલ્લંઘન કરવામાં ન આવે તો, તે શુદ્ધ કર્મ મુક્તિનું અક્ષત કારણ થાયછે. એટલે પૂર્ણ શ્રદ્ધા અને સારી બુદ્ધિ રાખી જ્ઞાનયોગ સાથે શુદ્ધ કર્મ કરવામાં આવે તો, અવશ્ય મુક્તિ પ્રાપ્ત થાયછે. ૨૦

જ્ઞાન પરિપકવ કરવાને ઉપશમ છે, એમ અન્ય દર્શનીઓ પણ કહેછે.

अन्यासे सत्क्रियापेक्षा योगिनां चित्तशुद्धये ।
ज्ञानपाके शमस्यैव यत्परैरप्यदः स्मृतम् ॥ २१ ॥

ભાવાર્થ—યોગીઓને સત્ ક્રિયાની અપેક્ષા એ અભ્યાસ હોયછે, અને તેમને ચિત્તની શુદ્ધિને માટે જ્ઞાન પરિપકવ કરવાને ઉપશમ છે, એમ અન્ય દર્શનીઓ પણ કહેછે. ૨૧

વિશેષાર્થ—જે યોગીઓ સત્ ક્રિયાની અપેક્ષાએ અભ્યાસ કરેછે, તેમને ચિત્તની શુદ્ધિને અર્થે જ્ઞાન પરિપક્વ કરવાને ઉપશમ કહેલ છે. એટલે જો તેઓ ઉપશમ ગુણ ધારણ કરેછે, તો તેમનું જ્ઞાન પરિપક્વ થાયછે. એમ અન્ય દર્શનીઓ પણ કહેછે. ૨૧

યોગાભ્યાસ કરવાની ઇચ્છાવાળા મુનિને કર્મ કારણ રૂપ થાયછે, અને યોગારૂઢ થયા પછી તેને ઉપશમ કારણ રૂપ થાયછે.

आरूढक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥ ૨૨ ॥

ભાવાર્થ—યોગારૂઢ થવાની ઇચ્છાવાળા મુનિને તેનું કારણ કર્મ કહેવાય છે; અને યોગારૂઢ થયેલા તેજ મુનિને તેનું કારણ ઉપશમ કહેવાય છે. ૨૨

વિશેષાર્થ—જે મુનિ યોગારૂઢ થવાની ઇચ્છા રાખતો હોય, તેનું કારણ કર્મ છે, એટલે યોગની ઇચ્છા રાખનારાને આવશ્યકાદિ ક્રિયા તેના યોગનું કારણ રૂપ થાયછે; અને જ્યારે તે મુનિ યોગારૂઢ થયો; ત્યારે તેને ઉપશમ રાખવો જોઈએ. એટલે ઉપશમ રાખવાથી યે ગાભ્યાસ સ્થિર થાયછે; તેથી યોગારૂઢ થવાનું કારણ ઉપશમ કહેલ છે. આ વાત અન્ય દર્શનીઓ પણ માનેછે. ૨૨

યોગારૂઢ ક્યારે કહેવાય છે?

यदाहिनेंद्रियार्थेषु न कर्मस्वनुषज्यते ।
सर्वसंकल्पसंन्यासी योगारुढस्तदोच्यते ॥ ૨૩ ॥

ભાવાર્થ—જ્યારે મુનિ ઇંદ્રિયોના અર્થવાળાં કર્મોને વિષે આસક્ત ન થાય, અને સર્વ સંકલ્પોનો ત્યાગ કરે, ત્યારે તે યોગારૂઢ કહેવાય છે. ૨૩

વિશેષાર્થ—ગીતામાં કૃષ્ણે અર્જુનને કહેલા ઉપદેશમાંથી ગ્રંથકાર દર્શાવેછે. કે જ્યારે મુનિ ઇંદ્રિયોના અર્થવાળાં કર્મમાં આસક્ત ન થાય, એટલે ઇંદ્રિયોના વિષયોને સાધનારાં કર્મો કરવામાં આસક્ત ન થાય, અને તે સર્વ સંકલ્પોનો ત્યાગ કરે, એટલે મનમાં કોઈ જાતના સંકલ્પો કરે નહીં, ત્યારે તે ખરેખરો યોગારૂઢ કહેવાય છે. અર્થાત્ ઇંદ્રિયોના વિષયોને અને સર્વ પ્રકારના સંકલ્પોને ત્યાગ કરનાર મુનિ સત્ય યોગારૂઢ કહેવાય છે. ૨૩

ક્રિયાવગરનું જ્ઞાન અને જ્ઞાન વગરની ક્રિયા હોતી નથી, તેમાં જ્ઞાન પ્રધાન છે.

ज्ञानं क्रियाविहीनं न क्रिया वा ज्ञानवर्जिता ।
गुणप्रधानभावेन दशाभेदः किलैनयोः ॥ २४ ॥

ભાવાર્થ—ક્રિયા વગરનું જ્ઞાન ન હોય, અને જ્ઞાન વગરની ક્રિયા નથી, તેથી ગૌણ અને પ્રધાન ભાવથી એ ક્રિયા તથા જ્ઞાનની દશાનો ભેદ છે. ૨૪

વિશેષાર્થ—ક્રિયા વગરનું જ્ઞાન નથી, અને જ્ઞાન વગર ક્રિયા નથી, એટલે જે ક્રિયા હોય તોજ જ્ઞાન કહેવાય છે, અને જ્ઞાન હોય તોજ ક્રિયા કહેવાય છે. પરંતુ એ ક્રિયા અને જ્ઞાનમાં ગૌણ અને પ્રધાન ભાવથી દશાનો ભેદ છે; એટલે જ્ઞાન પ્રધાન છે, અને ક્રિયા ગૌણ છે. ૨૪

જ્ઞાનયોગની યોગ્યતા કેવાઓને હોય છે ?

ज्ञानिनां कर्मयोगेन चित्तशुद्धिमुपेयुषाम् ।
निरवद्यप्रवृत्तीनां ज्ञानयोगौचित त्वतः ॥ २५ ॥

ભાવાર્થ—કર્મયોગ વડે ચિત્તની શુદ્ધિને પ્રાપ્ત થયેલા, અને નિર્દોષ પ્રવૃત્તિવાળા જ્ઞાનીઓને તેથી જ્ઞાન યોગની યોગ્યતા પ્રાપ્ત થાય છે. ૨૫

વિશેષાર્થ—કર્મ યોગવડે ચિત્તની શુદ્ધિને પ્રાપ્ત થયેલા, એટલે કર્મ કરીને ચિત્તની શુદ્ધિને પ્રાપ્ત થયેલા (કારણકે, કર્મ કરવાથી ચિત્તની શુદ્ધિ થાય છે) અને નિર્દોષ પ્રવૃત્તિ કરનારા (કારણકે હૃદય શુદ્ધ થવાથી નિર્દોષ પ્રવૃત્તિ થાય છે તેવા) જ્ઞાનીઓને જ્ઞાન યોગની યોગ્યતા પ્રાપ્ત થાય છે. ૨૫

જિન ભગવંતે સાધુના આચારનું ગ્રહણ કેવા પુરૂષોને માટે કહેલું છે ?

अतएव हि सुश्रद्धाचरणस्पर्शनोत्तरम् ।
दुःपाल्य श्रमणाचारग्रहणं विहितं जिनैः ॥२६॥

ભાવાર્થ—એથીજ ઉત્તમ શ્રદ્ધાથી ચારિત્રનો સ્પર્શ કર્યા પછી દુઃખે પાળી શકાય એવા સાધુના આચારનું ગ્રહણ કરવું, એમ જિન ભગવંતે કહેલુ છે. ૨૬

વિશેષાર્થ—જ્યારે જ્ઞાનયોગની યોગ્યતા પ્રાપ્ત થાય, ત્યારે ઉત્તમ શ્રદ્ધાથી દેશ વિરતિરૂપ ચારિત્રનો સ્પર્શ કરવો, એટલે દેશ-

વિરતિ ચારિત્ર લેવું. તે પછી દુઃખે પાળી શકાય એવા સાધુના આચારનું ગ્રહણ કરવું, એટલે પછી સર્વવિરતિ રૂપ ચારિત્ર ગ્રહણ કરવું. એમ શ્રી જિનભગવંતે કહેલું છે. ૨૬

દેશવિરતિ ક્રિયા પણ દોષનો ઉચ્છેદ કરી જ્ઞાનયોગની વૃદ્ધિ કરે છે.

एकदेशेन संवृत्तंकर्म यत्पौर्वभूमिकम् ।
दोषोच्छेदकरं तत्स्याद् ज्ञानयोगप्रवृद्धये ॥ २७ ॥

ભાવાર્થ—એક દેશને આશ્રીને પૂર્વભવ રૂપ જે કર્મ કરવામાં આવ્યું હોય, તે દોષનો ઉચ્છેદ કરી, જ્ઞાન યોગની વૃદ્ધિને માટે થાય છે. ૨૭

વિશેષાર્થ—કોઇ એક દેશને આશ્રીને પૂર્વભૂમિ એટલે પૂર્વ ભવ રૂપ સંવૃત્ત પણે ઉદ્દેશીને, એટલે દેશથી જે પ્રથમ આદરવામાં આવેલી જે ક્રિયા, તે દોષને ટાળવાથી થાયછે; તેમજ જ્ઞાનયોગની વૃદ્ધિ કરનારી થાયછે. અર્થાત્ દેશથી આદરવામાં આવેલી ક્રિયા સર્વ વિરતિ રૂપ જ્ઞાનયોગની વૃદ્ધિ કરનારી થાયછે. ૨૭

અજ્ઞાનીની ક્રિયા જ્ઞાનયોગના અભાવથી ચિત્ત ની શુદ્ધિ કરતી નથી.

अज्ञानिनां तु यत्कर्म न ततश्चित्तशोधनम् ।
योगादेरतथाभावाद् म्लेच्छादिकृतकर्मवत् ॥ २८ ॥

ભાવાર્થ—અજ્ઞાનીઓનું જે કર્મ છે, તે યોગાદિકના અભાવથી મ્લેચ્છાદિકે કરેલાં કર્મની જેમ ચિત્તને શોધ કરનાર થતું નથી. ૨૮

વિશેષાર્થ—અજ્ઞાનીનું કર્મ જ્ઞાનયોગ વગેરેના અભાવથી ચિત્તને શોધનારૂં થતું નથી. એટલે અજ્ઞાની જે ક્રિયા કરે, તેમાં જ્ઞાનયોગનો અભાવ છે, તેથી તે વડે ચિત્તની શુદ્ધિ થતી નથી. તે ઉપર દ્રષ્ટાંત આપે છે. જેમ મ્લેચ્છાદિકે કરેલી ક્રિયા અજ્ઞાન પૂર્વક હોવાથી, ચિત્તની શુદ્ધિ કરતી નથી, તેમ જ્ઞાનયોગ વગર અજ્ઞાનીની ક્રિયા ચિત્તની શુદ્ધિ કરતી નથી. તેથી જ્ઞાનયોગ અવશ્ય સાધવા યોગ્ય છે. ૨૮

કર્મ યોગમાં પણ સંકલ્પનો ત્યાગ કરવાથી ફળ મળે છે.

न च तत्कर्मयोगेऽपि फलं संकल्पवर्जनात् ।
सन्यांसो ब्रह्मबाधाद्यो सावद्यत्वात्स्वरुपतः ॥ २९ ॥

ભાવાર્થ—કર્મયોગમાં પણ સંકલ્પનો ત્યાગ કરવાથી ફળ મળે છે, એટલે સ્વરૂપનું સાવદ્યપણું છે, તેવા બ્રહ્મ-જ્ઞાનના બોધથી સંન્યાસ કહેવાય છે. ૨૯

વિશેષાર્થ—કર્મ યોગ આચરે, પણ જો સંકલ્પનો ત્યાગ કરે તો તેનું ફળ પ્રાપ્ત થાય છે. એટલે નિષ્કામપણે કર્મ કરવાથી જ ફળ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી આત્મજ્ઞાન થયું ન

હોય, ત્યાં સુધી સંન્યાસ–ત્યાગ કહેવાતો નથી. કારણ કે, આત્મ-
ાન વિના તેનું સ્વરૂપ સાવદ્ય છે; તેથી બ્રહ્મ જ્ઞાનના બોધથીજ
ફળ પ્રાપ્ત થાય છે. ૨૯

તે વિષે વિશેષ કહેછે.

નો ચેદિત્થં ન્નવેદ્ બુદ્ધિર્ગોહસાદેરપિ સ્ફુટા ।
શ્યેનાદ્યાવેદવિહિતાદ્વિશેષાનુપલક્ષણાત્ ॥ ૩૦ ॥

ભાવાર્થ—જો કદિ એમ ન હોય તો, ગોહિંસા વગેરેથી
મ્લેચ્છાદિકની પણ પ્રગટ શુદ્ધિ થાય. તેમજ વેદમાં કહેલા શ્યેન
યજ્ઞ–સીંચાણાના વધના યજ્ઞથી મ્લેચ્છ અને વેદીયામાં કાંઇ વિશેષ
ન રહે ૩૦

વિશેષાર્થ—નિષ્કામ કર્મ કરવાથી ફળની પ્રાપ્તિ ન
હોય તો મ્લેચ્છ લોકો ગોહિંસાને શુદ્ધ માને છે, તે સત્ય હોવું
જોઇએ અને વેદમાં સીંચાણા પક્ષીને મારવાનો યજ્ઞ છે, તે કર-
નાર અને ગોવધ કરનાર મ્લેચ્છમાં શો તફાવત રહ્યો? પણ
બંને સકામ હોવાથી પાપરૂપજ છે. ૩૦

તેથી સાવદ્ય કર્મ કરવું નહીં. કદિ તે કર્મયોગે
થઇ જાયતો, સંકલ્પ ન કરવો.

સાવદ્યકર્મ નો તસ્માદાદેયં બુદ્ધિવિપ્લવાત્ ।
કર્મોદયાગતે તસ્મિન્નસંકલ્પાદબંધનમ્ ॥ ૩૧ ॥

ભાવાર્થ—તેથી બુદ્ધિના વિપર્યાસથી સાવદ્ય કર્મ કરવું નહીં, કદિ તે કર્મ ઉદય આવે તો, સંકલ્પ કરવા નહીં. સંકલ્પ ન કરવાથી તે કર્મનો બંધ થતો નથી. ૩૧

વિશેષાર્થ—ઉપર કહ્યા પ્રમાણે સાવદ્ય કર્મ નઠારૂં હોવા થી તે સાવદ્ય કર્મ બુદ્ધિના વિપર્યાસથી કરવું નહીં, એટલે જ્યારે બુદ્ધિમાં ફારફેર થાય છે, ત્યારે સાવદ્ય કર્મ થઇ જાય છે, તેથી તેવાં કર્મનો સર્વથા ત્યાગ કરવો. કદિ તેવું કર્મ ઉદય આવે તો તેમાં સંકલ્પ કરવો નહીં. એટલે તે કરવાનો સંકલ્પ કરવો નહીં. જ્યારે તેવો સંકલ્પ હોતો નથી, તો પછી તે કર્મનું બંધન થતું નથી. ૩૧

કર્મબંધ સંકલ્પથીજ થાય છે.

कर्माप्याचरतो ज्ञातुर्मुक्तिभावो न हीयते ।
तत्र संकल्पजो बंधो गीयते यत्परैरपि ॥ ३२ ॥

ભાવાર્થ—કર્મને આચરતા એવા જ્ઞાની મુનિનો મુક્તિ ભાવ હણાતો નથી. કારણ કે, તેમાં જ્ઞાનીને સંકલ્પ હોતો નથી. સંકલ્પ થીજ બંધ થાય છે, એ વાત અન્ય દર્શનીઓ પણ કહે છે. ૩૨

વિશેષાર્થ—જ્ઞાની પુરૂષ કદિ કર્મ આચરે તોપણ, તેનો મુક્તિ ભાવ હણાતો નથી. કારણ કે, તે જ્ઞાની કોઇ પ્રકારનો સંકલ્પ કર્યા વગર કર્મ કરે છે. જ્યારે સંકલ્પ ન હોય તો, પછી કોઇ જાતનો બંધ થતો નથી. સંકલ્પ કરવાથી બંધ થાય છે. એ વાત અન્ય દર્શનીઓ પણ માને છે. ૩૨

મનુષ્યોમાં કયો મનુષ્ય બુદ્ધિમાન ગણાય છે ?

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृतकर्मकृत् ॥ ३३ ॥

ભાવાર્થ—જે પુરૂષ કર્મને વિષે અકર્મને જુએ, અને અકર્મને વિષે કર્મને જુવે, તે મનુષ્યોને વિષે બુદ્ધિમાન્ ગણાય છે, અને તે કરેલાં કર્મને કરનાર યુક્ત પુરૂષ કહેવાય છે. ૩૩

વિશેષાર્થ—જે કર્મને વિષે અકર્મને જુએ, એટલે પોતે કર્મ કરે છે, પણ તે કરતો નથી એમ જાણે; અને અકર્મને કર્મને જુએ, એટલે 'હું કર્મ કરૂં છું,' પણ તેમાં કોઈ જાતનો સંકલ્પ નથી કરતો એમ સમજે, તે મનુષ્યોને વિષે બુદ્ધિમાન્ ગણાય છે. કારણ કે, કરવાપણા રૂપ કર્મને ન કરવાપણે દેખે છે, તેવો પુરૂષ કરેલાં કર્મને યથાર્થ રીતે કરનારો છે એમ સમજવું. ૩૩

તે વિષે ભાંગાનું વિવેચન કરી સમજાવે છે.

कर्मण्यकर्म वा कर्म कर्मण्यस्मिन्नुजे अपि ।
नोजे वा जंगवैचित्र्याद कर्मण्यपि नो मते ॥३४॥

ભાવાર્થ—કર્મને વિષે અકર્મ અથવા અકર્મને વિષે કર્મ, અથવા કર્મ અને કર્મ અને અકર્મ અને અકર્મ, એવીરીતે ભાંગાના વિચિત્રપણાથી તેમ ભેદ થાય છે, પણ તેમાં અકર્મને વિષે કર્મ તે માન્ય નથી. ૩૪

વિશેષાર્થ—કર્મ કરવાને વિષે અકર્મ એટલે ન કરવાનું માનવું, અથવા કર્મ ન કરવાને વિષે કર્મ કરવાનું માનવું; અથવા કર્મ કરવાને કર્મ-કરવું માનવું, અથવા અકર્મ ન કરવાને અકર્મ-ન કરવું માનવું; એમ તેના ઘણા વિચિત્ર ભાંગા થાય છે. પણ તેમાં ન કરવાને કરવું માનવું, તે માન્ય નથી. ૩૪

નિષ્કામ કર્મ કરનાર જ્ઞાની ભોગથી વિલિપ્ત થતો નથી.

કર્મ નૈઃકર્મ્યવૈષમ્યમુદાસીનો વિભાવયન્ ।
જ્ઞાની ન લિપ્યતે ભોગૈઃ પદ્મપત્રમિવાંભસા ॥ ૩૫ ॥

ભાવાર્થ—કર્મ, નિષ્કર્મ અને કર્મની વિષમતાનો વિચાર કરનાર જ્ઞાની ઉદાસી ભાવે રહી, જળ વડે કમળના પત્રની જેમ ભોગથી વિલિપ્ત થતો નથી. ૩૫

વિશેષાર્થ—જ્ઞાની પુરૂષ કર્મને, નિષ્કર્મને અને કર્મની વિષમતાને જાણે છે, અને તેથી ઉદાસી ભાવે રહેછે. એટલે મધ્યસ્થ ભાવે વર્તે છે, તેથી જેમ કમળપત્ર જળ વડે લિપ્ત થતું નથી, તેમ તે ભોગ વડે લિપ્ત થતો નથી. ૩૫

કેવો મુનિ જ્ઞાનયોગી થાય છે ?

પાપાકરણમાત્રાદ્ધિ ન મૌનં વિચિકિત્સયા ।
અનન્યપરમાત્મા સ્યાત્ જ્ઞાનયોગી ભવેન્મુનિઃ ॥ ૩૬ ॥

ભાવાર્થ—પાપ ન કરવાથી કાંઇ મુનિપણું આવતું નથી, પરતું જ્યારે નિઃસંશપણે પોતેજ અનન્ય પરમાત્મા થાય, તે મુનિ જ્ઞાનયોગી કહેવાય છે. ૩૬

વિશેષાર્થ—પાપ ન કરવાથી કાંઇ મુનિપણું આવતું નથી, એટલે કાંઇ પણ પાપ ન કરે, અને જ્ઞાન પ્રાપ્ત થયેલું ન હોય, તે મુનિ કહેવાતો નથી; પરંતુ જ્યારે નિઃસંશયપણે પોતે અનન્ય પરમાત્મા થાય, એટલે સંશય દૂર કરી, પોતેજ જ્ઞાનયોગમય બને, ત્યારે તે જ્ઞાનયોગી મુનિ કહેવાય છે. ૩૬

જ્ઞાનયોગી વિષયોમાં વિલિપ્ત થતો નથી.

विषयेषु न रागी वा द्वेषी वा मौनमश्नुते ।
समं रूपं विदंस्तेषु ज्ञानयोगी न लिप्यते ॥ ३७ ॥

ભાવાર્થ—જ્ઞાનયોગી વિષયોમાં રાગી ન થાય, તેમ દ્વેષી ન થાય, અથવા મૌન ધરીને રહે, અને તે વિષયોના રૂપને સમાન જાણે, તે જ્ઞાનયોગી વિષયોમાં લિપાતો નથી. ૩૭

વિશેષાર્થ—જે જ્ઞાનયોગી હોય, તે વિષયોમાં રાગી થતો નથી, તેમ દ્વેષી થતો નથી; અથવા મૌન ધરીને રહે છે, એટલે ઉદાસી ભાવે રહે છે, અને તે વિષયોના રૂપને સમાનપણે જાણે છે, એટલે ઉદાસી ભાવે રહેછે; તે જ્ઞાનયોગી વિષયોમાં લેપાતો નથી. ૩૭

કેવો જ્ઞાની ધર્મમય અને બ્રહ્મમય કહેવાય છે?

सत्तत्त्वचिंतया यस्यान्निसमन्वागता इमे ।
आत्मवान् ज्ञानवान् वेद धर्मब्रह्ममयो हिसः ॥ ३८ ॥

ભાવાર્થ—સત્તત્ત્વની ચિંતાથી એ વિષયો જેના જાણવામાં આવે છે, તે આત્માને જાણે છે. તે આત્મવાન્ અને જ્ઞાનવાન્ મુનિ ધર્મ મય, અને બ્રહ્મમય કહેવાય છે. ૩૮

વિશેષાર્થ—જે મુનિ સત્તત્ત્વનું ચિંતવન કરી, વિષયોના સ્વરૂપને યથાર્થરીતે ઓળખે છે, તે આત્માને જાણે છે. આત્મ સ્વરૂપને જાણવાથી, આત્મવાન્ અને જ્ઞાનવાન્ થયેલો તે મુનિ ધર્મમય અને બ્રહ્મમય કહેવાય છે; એટલે ધર્મરૂપ અને બ્રહ્મરૂપ કહેવાય છે. ૩૮

જ્ઞાનયોગીઓ અજ્ઞાનનો નાશ કરી અને વિષયોને ઓળખી, તત્ત્વથી લોકસ્વરૂપને જાણે છે.

वैषम्यबीजमज्ञानं निघ्नंति ज्ञानयोगिनः ।
विषयांस्ते परिज्ञाय लोकं जानंति तत्त्वतः ॥ ३९ ॥

ભાવાર્થ—જ્ઞાનયોગીઓ વિષમતાના બીજરૂપ એવા અજ્ઞાનનો નાશ કરે છે, અને તેઓ વિષયોને ઓળખી તત્ત્વથી લોકસ્વરૂપને જાણે છે. ૩૯

વિશેષાર્થ—જેઓ જ્ઞાનયોગીઓ છે, તેઓ અજ્ઞાનનો નાશ કરે છે. જે અજ્ઞાન વિષમતાનું બીજરૂપ છે, એટલે વિષમતાને ઉત્પન્ન કરનારૂં છે, તે જ્ઞાનયોગીઓ વિષયોના સ્વરૂપને યથાર્થરીતે ઓળખી, પછી લોકના સ્વરૂપને તત્ત્વથી જાણી લે છે, અર્થાત્ જ્યારે અજ્ઞાનનો નાશ થયો, એટલે વિષયોનું સ્વરૂપ તથા લોકનું સ્વરૂપ સમજવામાં આવે છે. ૩૯

કેવા પુરૂષો જ્યોતિષી થઇ પાપને બાળે છે?

इतश्चापूर्वविज्ञानाच्चिदानंदविनोदतः ।
ज्योतिष्मंतो भवंत्येते ज्ञाननिर्धूतकल्मषाः ॥ ४० ॥

ભાવાર્થ—આ તરફ અપૂર્વ વિજ્ઞાનથી અને ચિદાનંદના વિનોદથી એ પુરૂષો જ્ઞાનવડે પાપનો નાશ કરનારા જ્યોતિષી થાયછે. ૪૦

વિશેષાર્થ—અપૂર્વ વિજ્ઞાનથી એટલે અપૂર્વ વિજ્ઞાન પ્રાપ્ત કરી, તેમજ ચિદાનંદ ચૈતન્યાનંદનો વિનોદ સંપાદન કરી, એ જ્ઞાનયોગી પુરૂષો એવા જ્યોતિષી થાય છે કે, જેઓ પાપનાં બીજને દહન કરી નાંખે છે. ૪૦

તેજોલેશ્યાની વૃદ્ધિ કેવા પ્રાણીને થાયછે?

तेजोलेश्याविवृद्धिर्या पर्यायकर्मवृद्धितः।
भाषिता भगवत्यादौ सेत्थंभूतस्य जायते ॥ ४१ ॥

ભાવાર્થ—તેજોલેશ્યાની વૃદ્ધિ કે જે પર્યાય કર્મની વૃદ્ધિથી થાય છે, એમ ભગવતીસૂત્ર વગેરેમાં કહેલ છે; તે ઉપર કહેલા એવા અજ્ઞાની પ્રાણીને થાયછે. ૪૧

વિશેષાર્થ—પર્યાય કર્મની વૃદ્ધિથી તેજોલેશ્યાની વૃદ્ધિ થાય છે, એમ ભગવતી સૂત્ર વગેરેમાં કહેલ છે. તે તેજોલેશ્યાની વૃદ્ધિ ઉપર કહેલા જ્ઞાનયોગ રહિત અજ્ઞાની પ્રાણીને થાયછે. ૪૧

જ્ઞાની, પંડિત, જીવન્મુક્ત અને બ્રહ્મ કોણ કહેવાયછે?

વિષમેऽપિ સમેક્ષીયઃ સ જ્ઞાની સ ચ પંડિતઃ ।
જીવન્મુક્તઃ સ્થિરં બ્રહ્મ તથા ચોક્તં પરૈરપિ ॥ ૪૨ ॥

ભાવાર્થ—જે વિષમને સમરૂપે જુએ તે જ્ઞાની, તે પંડિત, તે જીવન્મુક્ત અને બીજાઓ તેને બ્રહ્મ કહેછે. ૪૨

વિશેષાર્થ—જે પુરૂષ વિષમને સમરૂપે જુએ એટલે સર્વત્ર સમ ભાવ રાખે, તે જ્ઞાની અને પંડિત કહેવાય છે. તેમજ બીજાઓ એટલે અન્ય દર્શનીઓ તેને જીવન્મુક્ત અથવા બ્રહ્મ કહેછે. ૪૨

સમદર્શીનું સ્વરૂપ શું છે ?

વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ ।
શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શિનઃ ॥ ૪૩ ॥

ભાવાર્થ—વિદ્યા અને વિનયથી સંપન્ન એવા બ્રાહ્મણ, ગાય, હાથી, શ્વાન અને ચાંડાલ એ સર્વ ઉપર પંડિતો સમદર્શી હોયછે. ૪૩

વિશેષાર્થ—પંડિતો વિદ્યા અને વિનયથી યુક્ત એવા બ્રાહ્મણ, ગાય, હાથી, શ્વાન કે ચાંડાલ ઉપર સમદર્શી હોય છે, એટલે તે સર્વ ઉપર સમ ભાવે વર્ત્તનારા હોયછે. ૪૩

તે સમદર્શીઓ શામાટે બ્રહ્મને વિષે સ્થિર રહેછે ?

ઇહૈવ તૈર્જિતઃ સર્ગો યેષાં સામ્યે સ્થિતં મનઃ ।
નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ ॥૪૪॥

ભાવાર્થ—જેમનું મન સમતાને વિષે સ્થિર થયેલું છે, તેમણે આ લોકમાં બધી સૃષ્ટિ ને જીતી લીધી છે. વળી બ્રહ્મ-નિર્દોષ અને સમ છે, તેથી તેઓ બ્રહ્મને વિષે સ્થિત રહેલા છે. ૪૪

વિશેષાર્થ—સમતા-સમાનભાવ એ એવી વસ્તુ છે કે, જેમાં જો મનને સ્થિર કરવામાં આવે તો, આખી સૃષ્ટિ જીતી શકાય છે. જે લોકોએ પોતાના મનને તે સમતામાં સ્થિર કરેલું છે, તેઓએ આ સૃષ્ટિને જીતી લીધી છે. વળી બ્રહ્મ-જ્ઞાન નિર્દોષ અને સમતાથી ભરપૂર છે, તેથી તેઓ બ્રહ્મ-જ્ઞાનને વિષે સ્થિર રહેલા છે. ૪૪

બ્રહ્મવેત્તા બ્રહ્મને વિષેજ સ્થિર થાય છે.

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद् ब्रह्मणि स्थितः ॥ ४५ ॥

ભાવાર્થ—પ્રિય વસ્તુને પ્રાપ્ત કરી હર્ષ પામવો નહીં, અને અપ્રિય વસ્તુને પ્રાપ્ત કરી ઉદ્વેગ પામવો નહીં. એવી સ્થિર બુદ્ધિવાળો અને અમૂઢ એવો બ્રહ્મવેત્તા પુરૂષ બ્રહ્મને વિષે સ્થિર રહે છે. ૪૫

વિશેષાર્થ—પ્રિય વસ્તુને પ્રાપ્ત કરી હર્ષ પામવો નહીં, એટલે મનગમતી વસ્તુ પ્રાપ્ત થવાથી મનમાં ખુશી થઇ જવું નહીં, અને અપ્રિય વસ્તુને પ્રાપ્ત કરી, ઉદ્વેગ પામવો નહીં, એટલે મનને અણગમતી વસ્તુ પ્રાપ્ત કરી ઉદ્વેગ રાખવો નહીં. એવો જે બ્રહ્મવેત્તા છે, તે સ્થિર બુદ્ધિવાળો અને અમૂઢ હોય છે, તેથી તે સર્વદા બ્રહ્મને વિષે સ્થિર થાય છે. ૪૫

નિરપેક્ષ મુનિઓ કેવા હોય છે?

अर्वाग्दशायां दोषाय वैषम्ये साम्यदर्शनम् ।
निरपेक्षमुनीनां तु रागद्वेषक्षयाय तत् ॥ ४६ ॥

ભાવાર્થ—નીચેની દશામાં એટલે સાપેક્ષ દશામાં વિષમ પણામાં સમપણે જોવું, એ દોષને માટે થાય છે; પણ જે નિરપેક્ષ મુનીઓ છે, તેમને તે રાગ તથા દ્વેષના ક્ષયને માટે થાય છે. ૪૬

વિશેષાર્થ—સાપેક્ષ દશામાં એટલે સકામ દશામાં જે વિષમને સમપણે જોવું, તે ઊલટું દોષને માટે થાય છે, એટલે જ્યાં સુધી સકામ દશા હોય, ત્યાં સુધી વિષમને સમપણે જોવાની યોગ્યતા પ્રાપ્ત થતી નથી; તેથી તેમ કરવાથી ઊલટા દોષ ઉત્પન્ન થાય છે. જ્યારે નિરપેક્ષ દશા થાય, ત્યારે વિષમને સમપણે જોવું જોઇએ. નિરપેક્ષ મુનિઓને વિષમમાં સમપણે જોવાની યોગ્યતા પ્રાપ્ત છે; તેથી તેઓને તે રાગ તથા દ્વેષના ક્ષયને માટે થાયછે.૪૬

રાગ દ્વેષનો ક્ષય થવાથી, જ્ઞાનીની કેવી સ્થિતિ થાય છે?

रागद्वेषक्षयादेति ज्ञानी विषयशून्यताम् ।
छिद्यते भिद्यते वायं हन्यते वा न जातुचित् ॥ ४७ ॥

ભાવાર્થ—જ્ઞાની રાગ દ્વેગનો ક્ષય કરવાથી વિષયની શૂન્યતાને પામે છે. તેવો જ્ઞાની કદિપણ છેદાતો નથી, ભેદાતો નથી, અને હણાતો નથી. ૪૭

વિશેષાર્થ—જે જ્ઞાની પુરૂષ છે, તેના રાગ તથા દ્વેષનો ક્ષય થાય છે. જ્યારે રાગદ્વેષનો ક્ષય થયો,ત્યારે પછી તે વિષયશૂન્ય-વિષય રહિત થઈ જાય છે. રાગદ્વેષ રહિત અને વિષય શૂન્ય થયેલો તે જ્ઞાની, પછી કદિપણ છેદાતો નથી, ભેદાતો નથી, અને હણાતો નથી. ૪૭

તે જ્ઞાની પુરૂષ કેવો બને છે ?

अनुस्मरतिनातीतं नैव कांक्षत्यनागतम् ।
शीतोष्णसुखदुःखेषु समो मानापमानयोः ॥ ४८ ॥

ભાવાર્થ—તે જ્ઞાની અતીત-થઇ ગયેલાને સંભારતો નથી, અને અનાગત-ભવિષ્યની ઇચ્છા કરતો નથી. તેમજ શીત, ગરમી સુખ, દુઃખ, માન અને અપમાનને વિષે તે સમભાવે વર્ત્તે છે. ૪૮

વિશેષાર્થ—જ્ઞાની પુરૂષ અતીત-થઇ ગયેલાને સંભારતો નથી, એટલે સુખદુઃખાદિ જે બની ગયાં તેને યાદ કરતો નથી,અને ભવિષ્યમાં સુખાદિ પ્રાપ્ત થાય, તેવી ઇચ્છા રાખતો નથી. તે સાથે ટાઢ, તડકો, સુખ, દુઃખ, માન અને અપમાનમાં સમાન રીતે વર્ત્તે છે. એટલે સંપૂર્ણ સમદર્શી થાય છે. ૪૮

અધ્યાત્મનું સામ્રાજ્ય.

जितेंद्रियो जितक्रोधो मानमायानुपद्रुतः ।
लोभसंस्पर्श रहितो वेदखेद विवर्जितः ॥ ४९ ॥

संनिरुध्यात्मनात्मानं स्थितः स्वकृतकर्मभित् ।
हठप्रयत्नोपरतः सहजाचार सेवनात् ॥ ९० ॥

लोकसंज्ञाविनिर्मुक्तो मिथ्याचारप्रपंचहृत् ।
उल्लसत्कंडकस्थानः परेण परमाश्रितः ॥ ९१ ॥

श्रद्धावानाज्ञया युक्तः शस्त्रातीतोल्लशस्त्रवान् ।
गतो दृष्टेषु निर्वेद मनिन्हुत पराक्रमः ॥ ९२ ॥

निक्षिप्तदंडो ध्यानाग्नि दग्धपापेंधन व्रजः ।
प्रतिस्रोतो नुगत्वेन लोकोत्तरचरित्रभृत् ॥ ९३ ॥

लब्धान कामान् बहिः कुर्वन्नकुर्वन् बहुरूपताम् ।
स्फारीकुर्वन् परं चक्षुरपरं च निमीलयन् ॥ ९४ ॥

पश्यन्नंतर्गतान् भावान् पूर्णभावमुपागतः ।
भुंजानोऽध्यात्मसाम्राज्य मवशिष्टं न पश्यति ॥ ९५ ॥

ભાવાર્થ—ઇંદ્રિયોને જીતનાર, ક્રોધનો પરાભવ કરનાર, માન તથા માયાથી ઉપદ્રવને નહીં પામનાર, લોભના સ્પર્શથી રહિત, વેદ તથા ખેદથી રહિત, સહજ આચારના સેવન વડે હઠ પ્રયત્ન કરવાથી વિરામ પામનાર, લોકસંજ્ઞાથી મુકત થયેલ, મિથ્યા આચારના પ્રપંચને હરનાર, કંડક સ્થાનને ઉલ્લાસથી પામેલ, પરમને આશ્રિત થનાર, શ્રદ્ધાવાન, આજ્ઞાએ યુકત, શસ્ત્રથી ઉલ્લંઘન થયેલ-શસ્ત્ર રહિત, જોયેલી વસ્તુ ઉપર નિર્વેદ પામનાર, પરાક્રમનો નિન્હવ નહીં કરનાર, દંડનો નિક્ષેપ કરનાર, પાપરૂપી ઇંધણાના

સમૂહને ધ્યાન રૂપી અગ્નિથી બાળનાર, પ્રવાહની સામે ચાલવાથી લોકોત્તર-દિવ્ય ચરિત્રને ધારણ કરનાર, પ્રાપ્ત થયેલા કામને બાહેર કરનાર, બહુ રૂપપણાને નહીં કરનાર, પર ચક્ષુને ઊઘાડનાર, અપર ચક્ષુને મીંચનાર, અંતર્ગત ભાવોને જોનાર અને પૂર્ણ ભાવને પ્રાપ્ત થનાર પુરૂષ, અધ્યાત્મના સામ્રાજ્યને ભોગવતો, કાંઇ પણ અવશિષ્ટ એવા અન્ય પદાર્થોને જોતો નથી. ૪૯-૫૦-૫૧ ૫૨-૫૩-૫૪-૫૫.

વિશેષાર્થ—ગ્રંથકાર આ સાત શ્લોકથી અધ્યાત્મનું સામ્રાજ્ય વર્ણવે છે. કેવો પુરૂષ અધ્યાત્મનું સામ્રાજ્ય ભોગવી શકે છે? તે દર્શાવે છે. ઇંદ્રિયો, અને ક્રોધને જીતનાર, જ્યારે ઇંદ્રિયો અને ક્રોધ પરાભૂત થયા, પછી માન અને માયા ઊપદ્રવ કરી શકતાં નથી. ત્યારે તેનામાં લોભનો સ્પર્શ થતો નથી; તેથી વેદ અને ખેદ તેની પાસે આવતાં નથી, એવો પુરૂષ હમેશાં સહજ-સ્વાભાવિક આચારને સેવેછે. એટલે વિષય હઠ-બળાત્કાર કરી કોઇનું સેવન કરતો નથી, અર્થાત્ દુરાગ્રહ રાખતો નથી. તેવો પુરૂષ પછી લોકસંજ્ઞાથી મુકત થઇ જાય છે, એટલે તે લોક વ્યવહારમાંથી છુટો થાય છે. જ્યારે તે લોક વ્યવહારથી મુકત થયો, ત્યારે પછી તે મિથ્યા આચારને છોડી દે છે. મિથ્યા આચારનો ત્યાગ થવાથી, તે યોગ્ય સ્થાન અને ઊંચા આશ્રયને પ્રાપ્ત કરે છે. પછી તેનામાં પૂર્ણ શ્રદ્ધા પ્રગટ થાય છે, એટલે તે આગમ તથા ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તે છે. તેથી તે શસ્ત્ર રહિત એટલે અહિંસક બને છે. આવા બધા ઊત્તમ ગુણો પ્રાપ્ત કર્યા પછી, તે આ સંસારમાં દેખાતી વસ્તુઓ ઉપર નિર્વેદ વૈરાગ્ય પામે છે. પછી વૈરાગ્યના બળથી પોતાના પરાક્રમનો નિન્હવ કરતો નથી, એટલે પોતાના વિર્યને ફોરવે છે. પછી મનોદંડ, વાગ્-

દંડ, અને કાયદંડનો નિક્ષેપ કરી, યોગનો અભ્યાસી બને છે. તે યોગ વડે સંપાદન થયેલ ધ્યાન કરવાની શક્તિથી, એટલે ધ્યાનરૂપી અગ્નિથી તે પોતાનાં પાપરૂપી ઇંધણાંને દગ્ધ કરે છે. જ્યારે તે નિષ્પાપ થયો, એટલે તેનામાં યોગ બળવડે લબ્ધિઓ પ્રાપ્ત થાય છે; તેથી, તે જળના પ્રવાહની સામે ચાલવા વગેરેની શક્તિઓ ધારણ કરે છે. તેથી તે લોકોત્તર-દિવ્ય ચમત્કારી ચરિત્રોને પ્રાપ્ત થાય છે. પછી લબ્ધિઓ વડે તેને અનેક કામ પ્રાપ્ત થાય છે, તોપણ તે કામની દરકાર રાખતો નથી; તેમ લબ્ધિઓ વડે બહુ રૂપી થતો નથી, એટલે પોતાના સહજ-સ્વાભાવિક રૂપમાંજ રહે છે. બીજાં કૃત્રિમ રૂપો ધારણ કરતો નથી આથી તે પરચક્ષુ-દિવ્ય ચક્ષુને ઉઘાડે છે, અને અપરચક્ષુ-ચર્મ ચક્ષુને મીંચે છે; અર્થાત્ તેનામાં દિવ્ય દર્શન પ્રગટ થાય છે. આથી તે પોતાના અંતર્ગત ભાવોને જોઇ શકે છે. પછી તે પૂર્ણ ભાવને પ્રાપ્ત કરે છે, એટલે પૂર્ણ આત્મ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. આવો પુરૂષ પછી અધ્યાત્મના સામ્રાજ્યને ભોગવે છે. તે પછી તે જગત્‌ના બીજા પદાર્થોને જોતો નથી, અર્થાત્ સ્વ વસ્તુરૂપે અવલોકતો નથી. ૪૯-૫૦-૫૧-૫૨-૫૩-૫૪-૫૫.

આ જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે, એ વાત ભગવતે પણ જણાવી છે.

શ્રેષ્ઠોહિ જ્ઞાનયોગોડય મધ્યાત્મન્યેવ યજ્જગૌ ।
બંધમોક્ષં ભગવાન્ લોકસારે સુનિશ્ચિતમ્ ॥ ૯૬ ॥

ભાવાર્થ— અધ્યાત્મને આ જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે. તેમ જિન ભગવાને આચારાંગ સૂત્રના લોકસાર અધ્યયનને વિષે નિશ્ચય પૂર્વક કહેલ છે. ૫૬

વિશેષાર્થ—અધ્યાત્મને વિષે ઉપર કહેલ જ્ઞાનયોગ શ્રેષ્ટ છે. તે શ્રી જિનભગવંતે આચારાંગ સૂત્રના લોકસાર અધ્યયનને વિષે નિશ્ચય કરીને બતાવ્યો છે. ૫૬

ઉપર કહેલ જ્ઞાનયોગ શું કરે છે?

ઉપયોગૈકસારત્વાત્ દાશ્વસંમોહ બોધનઃ।
મોક્ષાપ્તે યુજ્યતે ચૈવ તથા ચોક્તં પરૈરપિ ।। ૫૭ ।।

ભાવાર્થ—એ જ્ઞાનયોગ ઉપયોગમાં એક સારરૂપ હોવાથી તત્કાળ અસંમોહને બોધ કરનારો છે, તેથી તે મોક્ષની પ્રાપ્તિને માટે ઘટે છે. તેમ અન્ય દર્શનીઓએ પણ કહેલું છે. ૫૭

વિશેષાર્થ—એ જ્ઞાનયોગ ઉપયોગમાં એક સારરૂપ હોવાથી, તત્કાળ અસંમોહને બોધ કરનારો છે, એટલે સર્વ પ્રકારના ઉપયોગમાં જ્ઞાનયોગ એ શ્રેષ્ટ ઉપયોગ છે; તેથી તે જ્ઞાનયોગ ધારણ કરવાથી, મોહનો બાધ થાયછે. અર્થાત્ મોહનું સ્વરૂપ સમજવામાં આવેછે. તેથી તે મોક્ષની પ્રાપ્તિને માટે થાય છે, એટલે જ્યારે મોહનું સ્વરૂપ સમજાયું, તો પછી મોહનો ત્યાગ થવાથી, મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થાયછે. અન્ય દર્શનીઓ પણ એ વાત જણાવે છે. ૫૭

કૃષ્ણે અર્જુનને યોગી થવાને આપેલો ઉપદેશ.

તપસ્વિભ્યોઽધિકો યોગી જ્ઞાનિભ્યોઽપ્યધિકોમતઃ।
કર્મિભ્યશ્ચાધિકો યોગી તસ્માદ્યોગી ભવાર્જુન ।। ૫૮ ।।

ભાવાર્થ—હે અર્જુન! યોગીઓ, તપસ્વીઓથી, જ્ઞાનીઓથી અને કર્મીઓથી પણ અધિક છે. તેથી તું યોગી થા. ૫૮

વિશેષાર્થ—ગ્રંથકાર આ ગીતાના શ્લોકનું પ્રમાણ આપી, યોગીની પ્રશંસા કરે છે. હે અર્જુન! તપસ્વીઓ, જ્ઞાનીઓ અને કર્મી એટલે ક્રિયા કરનારાઓથી યોગી અધિક છે; માટે તું પણ યોગી થા. ૫૮

આત્માની પરમાત્માની સાથે અભેદ ઉપાસના રૂપ યોગ ઘણો શ્રેષ્ઠ છે.

समापत्तिरिहव्यक्त मात्मनः परमात्मनि।
अभेदोपासनारुप स्ततः श्रेष्ठतरोह्ययम् ॥ ५९ ॥

ભાવાર્થ—અહિં આત્માની સમાપત્તિ સ્પષ્ટ છે કે, આત્મા અને પરમાત્માની અભેદ ઉપાસના રૂપ જે યોગ, તે અત્યંત શ્રેષ્ઠ છે. ૫૯

વિશેષાર્થ—આત્મા અને પરમાત્માની અભેદ ઉપાસના એટલે આત્મા અને પરમાત્મા એકજ છે એવો નિશ્ચય, તે યોગ અત્યંત શ્રેષ્ઠ છે. અને આત્માની સમાપત્તિ પણ તેમાંજ છે. ૫૯

ભગવાન્‌ની ઉપાસના સર્વથી મોટી છે.

उपासना भागवती सर्वेभ्योऽपि गरीयसी।
महापापक्षयकरी तथा चोक्तं परैरपि ॥ ६० ॥

ભાવાર્થ—ભગવાનની ઉપાસના સર્વથી પણ મોટી છે, અને મોટા પાપનો ક્ષય કરનારી છે, એમ અન્ય દર્શનીઓએ પણ કહેલું છે. ૬૦

વિશેષાર્થ—સર્વથી ભગવંતની ઉપાસના-સેવા મોટામાં મોટી છે, અને તે મોટાં પાપનો ક્ષય કરનારી છે, એ વાત જૈન શાસ્ત્રમાં છે, એટલું જ નહિ પણ અન્ય દર્શનીઓ પણ તેમજ કહે છે. ૬૦

કૃષ્ણે અર્જુન પ્રત્યે કહેલ તેવોજ ઉપદેશ.

યોગિનામપિ સર્વેષાં સદ્ગતેનાંતરાત્મના ।
શ્રદ્ધાવાન્ ભજતે યોમાં સ મે યુક્તતમો મતઃ ॥૬૧॥

ભાવાર્થ—જે પુરૂષ સર્વ યોગીઓની સાથે અંતરાત્મા થઇ અને શ્રદ્ધા રાખી મને ભજે છે. તે પુરૂષ મારા જેવો થાય છે, એમ હું માનું છું. ૬૧

વિશેષાર્થ—જે પુરૂષ સર્વ યોગીઓની સાથે અંતરાત્મા થઇ, એટલે સર્વ યોગીઓના અંતરાત્મામાં મળી-તદ્રૂપ થઈ, તેમજ મારી ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી મને ભજે છે, તે પુરૂષ મારા જેવો થાય છે., એટલે પરમાત્મ રૂપ થાય છે, એમ હું માનું છું. ૬૧

જ્ઞાની પરમાત્માની ઉપાસના કરવાથી તન્મય બનેછે.

ઉપાસ્તે જ્ઞાનવાન્ દેવં યો નિરંજનમવ્યયમ્ ।
સ તુ તન્મયતાં યાતિ ધ્યાનનિર્ધૂત કલ્મષઃ ॥ ૬૨ ॥

ભાવાર્થ—જે જ્ઞાની પુરૂષ નિરંજન અને અવ્યય–અવિનાશી એવા પરમાત્મા દેવની ઉપાસના કરે છે. તે ધ્યાન વડે પાપને દુર કરી તન્મયતાને–પરમાત્મરૂપતાને પામે છે. ૬૨

વિશેષાર્થ—જે જ્ઞાની પુરૂષ પરમાત્માની ઉપાસના કરે છે. એટલે કે જે પરમાત્મા નિરંજન માયા અથવા કર્મ રૂપ અંજન રહિત અને અવિનાશી છે, તેની ઉપાસના કરે છે, અર્થાત્ પરમાત્માની ધ્યાન રૂપે ઉપાસના કરે છે, તે પુરૂષ ધ્યાન વડે પોતાનાં પાપ–કર્મને દૂર કરી, પરમાત્મ રૂપ થાય છે. ૬૨

વિશેષજ્ઞ ન હોય તોપણ સર્વજ્ઞ પ્રભુને સામાન્ય યોગ પ્રાપ્ત કરી સેવી શકે છે.

विशेषमप्यजानानो यः कुग्रहविवाजतः ।
सर्वज्ञं सेवते साऽपि सामान्यं योग मास्थितः ॥ ६३ ॥

ભાવાર્થ—જે વિશેષ જ્ઞાનવાળો ન હોય, પણ કદાગ્રહથી રહિત હોય તો, તે પણ સામાન્ય યોગને પ્રાપ્ત કરી સર્વજ્ઞ પ્રભુને સેવે છે. ૬૩

વિશેષાર્થ—કદિ જ્ઞાનાવરણીય કર્મને લઈને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થયું ન હોય, તો પણ જે પુરૂષ કદાગ્રહથી રહિત હોય, તે સામાન્ય યોગને પ્રાપ્ત કરી સર્વજ્ઞ પ્રભુને સેવી શકે છે. કહેવાનો આશય એવો છે કે, કદિ વિશેષ જ્ઞાન ન હોય, પણ જો મા-

બસ કદાગ્રહી ન હોય તો તે સાધારણ યોગમાં રહી સર્વજ્ઞ પરમાત્માની ઉપાસના કરી શકે છે. ૬૩

સર્વજ્ઞના સેવકો સામાન્યપણે પણ સર્વજ્ઞ ભાવને પામે છે.

सर्वज्ञो मुख्य एकस्तत्प्रतिपत्तिश्च यावता ।
सर्वेऽपि ते तमापन्ना मुख्यं सामान्यतो बुधाः ॥ ६४ ॥

ભાવાર્થ—સર્વજ્ઞ એકજ–મુખ્ય છે. તેથી જેટલી તેમની સેવા કરવામાં આવે, તે સર્વે તેટલી રીતે–સામાન્યપણે પણ તે મુખ્ય–સર્વજ્ઞના ભાવને પામે છે, એમ પંડિતો કહે છે. ૬૪

વિશેષાર્થ—સર્વજ્ઞ પ્રભુ એકજ મુખ્ય છે, તેથી જેટલી તેમની સેવા કરવામાં આવે, તેટલી રીતે તે સર્વે સામાન્યપણે પણ સર્વજ્ઞના ભાવને પામે છે. એટલે સર્વજ્ઞ પ્રભુની જેટલી સેવા કરવામાં આવે, તેટલા પ્રમાણમાં સર્વજ્ઞ ભાવને તે પામે છે. આ વિચાર પંડિત પુરૂષો જણાવે છે. ૬૪

પૃથ્વી ઉપર વિશેષપણે સર્વજ્ઞ ભાવને કોણ પામ્યાનથી?

न ज्ञायते विशेषस्तु सर्वथा सर्वदर्शिभिः ।
अतो न ते तमापन्ना विशेष्य भुवि केचन ॥ ६५ ॥

ભાવાર્થ—સર્વદર્શી પુરૂષો સર્વથા વિશેષ ભાવને જાણતા નથી, એથી કેટલાએક તે પૃથ્વી ઉપર વિશેષ ભાવે તે સર્વજ્ઞને પામ્યા નથી. ૬૫

વિશેષાર્થ—સર્વદર્શી પુરૂષો સર્વથા વિશેષ ભાવને જાણતા નથી, એટલે જેઓ સર્વદર્શી છે તેઓ વિશેષ ભાવને જાણવાની અપેક્ષા રાખતા નથી. અને તેથી કેટલાએક તો, આ પૃથ્વી ઉપર વિશેષ ભાવે સર્વજ્ઞ ભાવને પામ્યા નથી, એટલે તે અપેક્ષાને લઇને તેઓ સર્વજ્ઞ થઇ શકયા નથી. અથવા અહિં એવો પણ ભાવાર્થ નીકળે છે કે, પૃથ્વીમાં જે વિશેષ જાણુ છે, તે પણ સર્વજ્ઞ પણું પામ્યા નથી, અને વિશેષ જાણુ ન છતાં પણ સર્વજ્ઞ ભાવને પામ્યા છે. ૬૫

સર્વ યોગીઓને સર્વજ્ઞપણાના અંશ સરખા છે.

सवज्ञ प्रतिपत्त्यंशा तुल्यता सर्वयोगिनाम् ।
दूरासन्नादिभेदस्तु तद्भृत्यत्वं निहंति न ॥ ६६ ॥

ભાવાર્થ—સર્વ યોગીઓમાં સર્વજ્ઞપણાના અંશથી તુલ્યતા છે, અને દૂર અને નજીક વગેરેનો જે ભેદ છે, તેનાથી ઠાંઇ તેનું સેવકપણું હણાતું નથી. ૬૬

વિશેષાર્થ—સર્વ યોગીઓમાં જ્ઞાન વગેરેથી ન્યૂનાધિકતા રહેલી છે, પણ સર્વજ્ઞ ભાવના અંશથી તેઓ બધા સરખા છે. એટલે જ્યારે તેમનામાં સર્વજ્ઞ ભાવ જોવામાં આવે, ત્યારે તેઓ સરખી કોટીમાં ગણાય છે. જે દૂર અને નજીક એવો તેમનામાં ભેદ

દેખાય છે, એટલે ‘ આ નીચી ભૂમિકામાં છે, અને આ ઉંચી ભૂમિકામાં છે,’ એમ ભેદ જણાય છે; પરંતુ તેથી કાંઇ તેમનું સેવકપણું હણાતું નથી. એટલે સર્વજ્ઞ પ્રત્યે તેમનો જે સેવક ભાવ છે, તે નાશ પામતો નથી. ૬૬

મધ્યસ્થ ભાવનું અવલંબન કરી સર્વજ્ઞની સેવા સર્વ વિદ્વાનોને ઇષ્ટ છે.

माध्यस्थामवलंब्यैव देवतातिशयस्य हि ।
सेवा सर्वैं बुधैरिष्टा कालातीतोऽपि चज्जगौ ॥ ६७ ।

ભાવાર્થ—મધ્યસ્થ ભાવનું અવલંબન કરી, દેવતાતિશય—સર્વજ્ઞ પ્રભુની સેવા સર્વ વિદ્વાનોને ઇષ્ટ છે, તે કાલાતીત છતાં પણ ઇષ્ટ કહે છે. ૬૭

વિશેષાર્થ—વિદ્વાનો કહે છે કે, સર્વજ્ઞ પ્રભુની સેવા મધ્યસ્થભાવને ધારણ કરીને કરવી. તે કદિ કાલાતીત હોય, એટલે કાળનું ઉલ્લંઘન થયું હોય, તો પણ તે સેવા કરવી ઇષ્ટ છે. કારણ કે, મધ્યસ્થ ભાવથી કરેલી પ્રભુસેવા તત્કાળ ઉત્તમ ફળને આપે છે. અને મધ્યસ્થભાવમાં કાલાતિક્રમણ પણ જોઇ શકાતું નથી. ૬૭

આ માર્ગ બીજાઓને પણ વ્યવસ્થાથી કહેલ છે.

अन्येषामप्ययं मार्गो मुक्ताविद्यादिवादिनाम् ।
अन्विधानादिभेदेन तत्त्वरीत्या व्यवस्थितः ॥ ६८ ॥

ભાવાર્થ—મુક્તવાદી અને અવિદ્યાવાદી વગેરે બીજાઓને પણ આ માર્ગ અભિધાન પ્રમુખ ભેદથી તત્ત્વોની રીતીએ વ્યવસ્થાથી કહેલો છે. ૬૮

વિશેષાર્થ—મુક્તવાદી, અવિદ્યાવાદી વગેરે જે બીજાઓ છે તેમને પણ આ ઉપર કહેલો માર્ગ અભિધાન વગેરે ભેદથી તત્ત્વ રીતે વ્યવસ્થિત કરેલો છે, એટલે અભિધાન વગેરે જે તે માર્ગના ભેદો દર્શાવેલા છે, તે ભેદો તત્ત્વ પ્રમાણે ઘટાવી, તે મુક્તવાદી વગેરેને તેમના આત્મસાધનમાં ઉપયોગી ગણેલો છે. ૬૮.

પરમાત્માની જુદી જુદી સંજ્ઞા કેવળ ભેદ રૂપે દર્શાવેલ છે, પરંતુ વસ્તુતાએ તે અભેદછે.

मुक्तो बुद्धोऽर्हंश्चापि य ऐश्वर्येण समन्वितः ।
तदीश्वरः स एव स्यात् संज्ञाभेदोऽत्र केवलम् ॥ ६९ ॥

ભાવાર્થ—મુક્ત, બુદ્ધ, અર્હન્ તેજ ઐશ્વર્ય વડે યુક્ત હોવાથી, ઈશ્વર થાય છે. અહિં કેવળ સંજ્ઞાનો ભેદ છે. ૬૯

વિશેષાર્થ—જેનામાં ઐશ્વર્ય હોય, તે ઈશ્વર કહેવાય છે. તે ઈશ્વરને કેટલાએક મુક્ત કહે છે, કેટલાક બુદ્ધ કહે છે, અને કેટલાએક અર્હન્ કહે છે. માત્ર અહિં તેમની જુદીજુદી સંજ્ઞાનો ભેદ છે. પરંતુ વસ્તુતાએ તો ઈશ્વર એકજ છે, કારણ કે, જેનામાં ઐશ્વર્ય તે ઈશ્વર એ વાત સર્વને સમાન છે. ૬૯

ઈશ્વર અનાદિ શુદ્ધ છે, એવી પરદર્શનીઓની માન્યતા વ્યર્થ છે.

अनादिशुद्ध इत्यादिर्यो भेदो यस्य कल्प्यते ।
तत्तत्तंत्रानुसारेण मन्ये सोऽपि निरर्थकः ॥ ७० ॥

ભાવાર્થ—'ઈશ્વર અનાદિ શુદ્ધ છે,' એવો જે ભેદ જેને માટે કલ્પાય છે, તે ભેદ તે તે તંત્રને અનુસારે છે, એમ હું માનું છું. તો પણ તે ભેદ નિરર્થક છે. ૭૦

વિશેષાર્થ—કેટલાએક એમ માને છે કે, 'ઈશ્વર અનાદિ શુદ્ધ છે,' એટલે ઈશ્વરને શુદ્ધિ થવાની જરૂર રહેતી નથી, તો તે સ્વતઃ શુદ્ધ છે, આ ભેદ મિથ્યાત્વથી કલ્પાએલ છે. એટલે તે ભેદમાં મિથ્યાત્વ રહેલ છે. કારણ કે, જૈન મત પ્રમાણે ઈશ્વર અનાદિ શુદ્ધ થઇ શકે નહીં. જ્યારે કર્મ અપાવી શુદ્ધિ પ્રાપ્ત કરાય, ત્યારેજ શુદ્ધ થવાય છે. આ મત અન્યદર્શનીઓના તંત્રથી કલ્પાએલો છે, એમ ગ્રંથકાર માને છે. તેથી તે તંત્રથી કલ્પેલો મત નિરર્થક છે. અર્થાત્ માન્ય કરવા યોગ્ય નથી ૭૦

ભાવથી ફળનો અભેદ છે, એ કારણ દર્શાવેછે.

विशेषस्यापरिज्ञानाद् युक्तीनां जातिवादितः ।
प्रायो विरोधतश्चैव फलाभेदाच्च भावतः ॥ ७१ ॥

ભાવાર્થ—વિશેષ નહીં જાણવાથી, યુક્તિઓના જાતિ વાદથી, પ્રાયે કરીને વિરોધથી અને ભાવથી ફળનો અભેદ છે. ૭૧

વિશેષાર્થ—ભાવથી ફળનો અભેદ છે, એટલે ભાવ અને ફળમાં કોઇ જાતનો ભેદ નથી, તે મુખ્ય હેતુ છે. તેને માટે ત્રણ કારણો દર્શાવે છે. વિશેષ નહીં જાણવાથી એટલે વિશેષ જ્ઞાન ન હોવાથી, યુક્તિઓના જાતિવાદથી એટલે યુક્તિઓને ઉચિત એવી જાતિનાં વચનથી, અને પ્રાયે કરીને વિરોધથી, એટલે પ્રાયઃ પરસ્પર વિરોધ આવવાથી–એ ત્રણ કારણોને લઇને ભાવથી ફળનો અભેદ છે, એ મુખ્ય કારણ ઘટે છે. ૭૧

સંસારનાં કારણો સંજ્ઞાથી જુદાં છે, પણ વસ્તુતા એ એકજ છે.

अविद्याक्लेशकर्मादि यतश्च भवकारणम् ।
ततः प्रधानमेवैतत्संज्ञाभेदमुपागतम् ॥ ७२ ॥

ભાવાર્થ—અવિદ્યા, કલેશ અને કર્મ વગેરે સંસારનાં કારણો છે. પણ વસ્તુતા એ એકજ પ્રધાન છે. પણ સંજ્ઞાથી ભેદને પામેલ છે. ૭૨

વિશેષાર્થ—અવિદ્યા, કલેશ અને કર્મ વગેરે સંસારનાં કારણો છે, એટલે અવિદ્યાથી, કલેશથી અને કર્મથી સંસાર ઉત્પન્ન થાય છે, તેથી અવિદ્યાદિ સંસારનાં કારણો છે. કેટ-

લાએક દર્શનીઓ તે જુદાં જુદાં નામથી કારણો દર્શાવે છે, પરંતુ વસ્તુતાએ પ્રધાનપણે તે સર્વનું કારણ એકજ છે. એટલે અવિદ્યા કહો, કલેશ કહો, કે કર્મ કહો, તે એકજ છે. માત્ર તેમની જુદી જુદી સંજ્ઞા પાડી છે. ૭૨

તે વિષે પંડિત પુરૂષોને ઉપાધિ ભેદ હોતો નથી.

यस्यापि यो परोऽन्यश्चित्रोपाधिस्तथा तथा ।
गीयतेऽतीतहेतुभ्यो धीमतां सोऽप्यपार्थकः ॥ ७३ ॥

ભાવાર્થ—તેના જે બીજા ભેદ છે, તે તેમ તેમ ચિત્ર વિચિત્ર ઉપાધિ વાળા છે. તે અતીત હેતુઓને માટે પંડિતોને નિરર્થક છે, એટલે પંડિતો તેને નિરર્થક માને છે. ૭૩

વિશેષાર્થ—ઉપર કહેલા અવિદ્યાદિકના વળી બીજા ભેદ કલ્પનાએ અનેક થાય છે. તેથી અનેક પ્રકારની ઉપાધિ ઉત્પન્ન થાય છે. તેમ તેમ જાણવામાં આવે છે કે, ઉપાધિનો અભાવ થાય છે, પણ તે ઉપાધિ ભેદ પંડિતને નિરર્થક છે, એમ જાણવું ૭૩

તેમાં સામાન્યપણે ઉપયોગી હોય તો, અનુમાન વિષયનો અભાવ થાય છે.

ततः स्थान प्रयासोयं यत्तद्भेदनिरूपणम् ।
सामान्यमनुमानस्य यतश्च विषयागतः ॥ ७४ ॥

ભાવાર્થ—તેથી આ સ્થાનનો જે પ્રયાસ તે ભેદનું નિરૂપણ કરવાને સામાન્ય છે. જેથી અનુમાન પ્રમાણ કરતાં સામાન્યપણે તેના વિષયનો અભાવ થાય છે. ૭૪

વિશેષાર્થ—તેથી આ સ્થાનનો જે પ્રયાસ તે ભેદનું નિરૂપણ કરવાને સામાન્ય છે એટલે સ્થાનના પ્રયાસથી ભેદનું નિરૂપણ થઇ શકતું નથી, વળી તે સર્વમાં અનુમાન પ્રમાણ લેવામાં આવે તો, સામાન્ય પણે તેના વિષયનો તેમાં અભાવ થાય છે. ૭૪

સંક્ષેપની રૂચિવાળા જિજ્ઞાસુને વિશેષથી બળ પ્રાપ્ત થાય, તે બળ ગણાતું નથી.

संक्षिप्तरुचिजिज्ञासो र्विशेषान्न बलं बलम् ।
चारिसंजीविनीचार ज्ञाता दत्रोपयुज्यते ॥ ७५ ॥

ભાવાર્થ—સંક્ષેપ રૂચિવાળા જિજ્ઞાસુને વિશેષથી થયેલ બળ, તે બળ હોતું નથી. તે ચારિ સંજીવની–ચારના દૃષ્ટાંતથી અહિ ઉપયોગમાં આવે છે. ૭૫

વિશેષાર્થ—જે જિજ્ઞાસુ સંક્ષેપ રૂચિવાળો હોય છે, એટલે જે સંક્ષેપથી જાણવાની ઇચ્છા રાખનારો છે, તેને વિશેષથી થયેલ બળ, તે બળ હોતું નથી. એટલે સંક્ષેપની જિજ્ઞાસાવાળાને વિશેષ મેળવવાનું બળ રાખવું. તે નકામું છે. તે વિષે ચારિસંજીવની–ચારનું દૃષ્ટાંત પ્રખ્યાત છે. સંજીવની નામની ઘાસની બુટીને ઓળખનારી એક મોટી સ્ત્રીએ તે બુટીના યોગથી બીજી નાની સ્ત્રીના

પતિને પશુ અવસ્થામાંથી પશુ બનાવ્યો હતો. તેમ સંક્ષેપરૂચિવાળો પુરૂષ વિશેષ બલવાન્ ક્યારે થાય, કે જ્યારે તેની પ્રીતિ સાચે સાચી હોય ત્યારે. પણ સાચી પ્રીતિવીનાનું વિશેષ બળ, તે બળમાં ગણાતું નથી. ૭૫

જિજ્ઞાસુ પુરૂષ શબ્દબ્રહ્મને પ્રાપ્ત થાય છે.

जिज्ञासापि सतां न्याय्या यत्परेऽपि वदंत्यदः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥ ७६ ॥

ભાવાર્થ—સત્પુરૂષોને જિજ્ઞાસા રાખવી, એ ન્યાય છે. અને અન્ય દર્શનીઓ પણ તેમ કહે છે. યોગનો જિજ્ઞાસુ પણ શબ્દ બ્રહ્મને પ્રાપ્ત કરે છે. ૭૬

વિશેષાર્થ—સત્પુરૂષોને જિજ્ઞાસા રાખવી, એ ન્યાય છે. એટલે સત્પુરૂષોએ કોઇ પણ વસ્તુને જાણવાની ઇચ્છા રાખવી, તે સર્વને ઘટે છે. અન્યદર્શનીઓ પણ તે વાતને માન્ય કરે છે. જે પુરૂષ યોગનો જ્ઞાતા ન હોય, પરંતુ યોગની જિજ્ઞાસાવાળો હોય, તો પણ તે શબ્દ બ્રહ્મને પામે છે. આ વાતનો ઉપદેશ કૃષ્ણે અર્જુનને આપેલો છે. ૭૬

ઉપાસકો ચાર પ્રકારના છે.

आर्त्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी चेति चतुर्विधाः ।
उपासकास्त्रयस्तत्र धन्या वस्तुविशेषतः ॥ ७७ ॥

ભાવાર્થ—આર્ત્ત, જીજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની એ ચાર પ્રકારના ઉપાસકો છે, તેઓમાં વસ્તુ વિશેષથી ત્રણ ઉપાસકો ઉત્તમ ગણાય છે. ૭૭

વિશેષાર્થ—આર્ત્ત એટલે દુઃખી, જીજ્ઞાસુ એટલે જાણવાની ઇચ્છાવાળો, અર્થાર્થી એટલે ધનનો અર્થી, અને જ્ઞાની. આ ચાર પ્રકારના ઉપાસકોમાંથી દ્રવ્યના અર્થી વિના ત્રણ ઉપાસકો વખાણવા યોગ્ય છે, કારણ કે, તે ત્રણ ઉપાસકો વસ્તુના સ્વરૂપને યથાર્થ રીતે જાણનારા છે આ ઉપદેશ કૃષ્ણે અર્જુનને કહેલો છે. ૭૭

જ્ઞાની પુરૂષ વિશેષ ચડીઆતો છે.

ज्ञानी तु शांतविक्षेपो नित्यभक्तिर्विशिष्यते ।
अत्यासन्नो ह्यसौ भर्तुरंतरात्मा सदाशयः ॥ ७८ ॥

ભાવાર્થ—સર્વ પ્રકારના વિક્ષેપ જેના શાંત થઇ ગયા છે, એવો જ્ઞાની પુરૂષ. નિત્ય ભક્તિથી સર્વમાં વિશેષ થાય છે. અને સારા આશયવાળો તે જ્ઞાની અંતરાત્મા રૂપે થઇ પરમાત્માની નજીક રહેનારો થાય છે. ૭૮

વિશેષાર્થ—તે ત્રણ પ્રકારના ઉપાસકોમાં પણ જ્ઞાની પુરૂષ ચડીઆતો છે, કારણ કે, તેના વિક્ષેપ શાંત થઇ ગયેલા હોય છે, અને તે નિત્ય ભક્તિ વાળો હોય છે સારા આશયવાળો અને અંતરાત્મા રૂપે રહેલો તે જ્ઞાની પુરૂષ, પરમાત્માની અતિ સમીપ રહેનારો થાય છે ૭૮

સંશય રાખનારો પુરૂષ વિનાશ પામે છે.

कर्मयोगविशुद्धस्तद् ज्ञाने युंजीत मानसम् ।
अज्ञश्चाश्रद्दधानश्च संशयानो विनश्यति ॥ ७९ ॥

ભાવાર્થ—કર્મ યોગથી શુદ્ધ થયેલા પુરૂષે પોતાના મનને જ્ઞાનમાં યોજવું. અજ્ઞાની છતાં શ્રદ્ધા ન રાખનારો—સંશય કરનાર પુરૂષ નાશ પામે છે. ૭૯

વિશેષાર્થ—જે પુરૂષ કર્મ યોગથી શુદ્ધ થયેલો છે, તેને પોતાના મનને જ્ઞાનમાં જોડી દેવું. એટલે જે પુરૂષ કર્મ યોગ કરી શુદ્ધ થયેલો છે, તેણે સર્વદા મનને જ્ઞાનનિષ્ટ રાખવું. જે માણસ પોતે અજ્ઞાની છે તે છતાં શ્રદ્ધા રાખવા જાય તેના મનમાં સંશય રહ્યા કરે છે. તેવો સંશયી પુરૂષ વિનષ્ટ થઇ જાય છે. ૭૯

જ્ઞાન યોગી મુનિ કેવો રહે છે.

निर्भयः स्थिरनासाग्रदत्तदृष्टिव्रते स्थितः ।
सुखासनः प्रसन्नास्यो दिशश्चानवलोकयन् ॥ ८० ॥
देहमध्यशिरोग्रीवमवक्रं धारयन्बुधः ।
दंतैरसंस्पृशन् दंतान् मुश्लिष्टाधरपल्लवः ॥ ८१ ॥
आर्त्तरौद्रे परित्यज्य धर्मे शुक्ले च दत्तधीः ।
अप्रमत्तो रतो ध्याने ज्ञानयोगी भवेन्मुनिः ॥ ८२ ॥

ભાવાર્થ—નિર્ભય રહેનાર, નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર દૃષ્ટિ રાખનાર, વ્રતમાં રહેનાર, સુખ આસન કરનાર, પ્રસન્ન મુખ રાખનાર, દિશાઓનું અવલોકન નહીં કરનાર, દેહનો મધ્ય ભાગ, મસ્તક અને ડોક અવક્રપણે ધારણ કરનાર, દાંત વડે દાંતનો સ્પર્શ નહીં કરનાર, હોઠરૂપ પલ્લવને બરાબર મેલવી રહેનાર, આર્ત્ત તથા રૌદ્ર ધ્યાનને છોડી ધર્મ અને શુકલ ધ્યાનમાં બુદ્ધિને રાખનાર, અને પ્રમાદ રહિત થઈ, ધ્યાનમાં તત્પર રહેનાર મુનિ જ્ઞાન યોગી કહેવાય છે. ૮૦-૮૧-૮૨

વિશેષાર્થ—જે જ્ઞાનયોગી મુનિ હોય, તે નિર્ભય રહે છે. તે પોતાની નાસિકાના અગ્ર ભાગે દૃષ્ટિને સ્થિર રાખે છે. હમેશાં પોતે ધારણ કરેલાં વ્રતોને પાળે છે, તે હમેશાં ધ્યાન ધરે છે. જ્યારે તે ધ્યાન ધરે, ત્યારે સુખાસન કરી બેસે છે. પોતાના મુખને પ્રસન્ન રાખે છે. કોઇ પણ દિશા તરફ જોતો નથી. પોતાના શરીરના મધ્ય ભાગને, મસ્તકને અને ગ્રીવાને સરલપણે રાખે છે. દાંતને દાંત અડકાડતો નથી. હોઠની સાથે હોઠ બરાબર મેળવી રાખે છે. ધ્યાનાવસ્થામાં રહી, આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન કરતો નથી. ધર્મ અને શુકલ ધ્યાનને ધ્યાય છે. અને કોઈ જાતનો પ્રમાદ રાખ્યા વગર, ધ્યાનને વિષે તત્પર રહે છે. આવો મુનિ ખરેખરો જ્ઞાનયોગી કહેવાય છે. ૮૦-૮૧-૮૨

ધ્યાનયોગને પ્રાપ્ત થયા પછી મુક્તિયોગને પામે છે.

कर्मयोगं समन्यस्य ज्ञानयोगसमाहितः ।
ध्यानयोगं समारुह्य मुक्तियोगं प्रपद्यते ॥ ૮૩ ॥

ભાવાર્થ—કર્મ યોગનો અભ્યાસ કરી, જ્ઞાન યોગમાં તત્પર બને છે. પછી ધ્યાન યોગમાં આરૂઢ થઈ મુક્તિયોગને પામે છે. ૮૩

વિશેષાર્થ—ગ્રંથકાર આ યોગાધિકારને પૂર્ણ કરતાં કહે-છે કે, જે મુનિ કર્મ યોગનો અભ્યાસ કરી, જ્ઞાનયોગમાં તત્પર બ-નેછે; એટલે કર્મયોગ પ્રાપ્ત કર્યા પછી. મુનિ જ્ઞાનયોગનો અધિ-કારી થાય છે. જ્યારે જ્ઞાનયોગનો અધિકારી બન્યો, તે પછી તે ધ્યાન યોગનો અધિકારી બને છે. ધ્યાનયોગ ઉપર બરાબર આરૂઢ થયા પછી, તે મુક્તિ યોગને પ્રાપ્ત કરે છે. એટલે મુક્તિનો પૂર્ણ અધિકારી થાય છે. ૮૩

इति पंचदशः योगाधिकारः



અધ્યાય ૧૬ મો.

ધ્યાનાધિકારઃ

ધ્યાનનું સ્વરૂપ અને તેના પ્રકાર.

स्थिरमध्यवसनं य त्तद्ध्यानं चित्तमस्थिरम् ।
भावना वाप्यनुप्रेक्षा चिंता वा तत् त्रिधा मतम् ॥ १ ॥

ભાવાર્થ—જે અસ્થિર ચિત્તનો સ્થિર અધ્યવસાય, તે ધ્યાન કહેવાય છે. તે ભાવના, અનુપ્રેક્ષા અને ચિંતા એમ ત્રણ પ્રકારનું છે. ૧

વિશેષાર્થ—ચિત્તનો સ્વભાવ અસ્થિર રહેવાનો છે. તેવા અસ્થિર ચિત્તનો જે સ્થિર અધ્યવસાય, તે ધ્યાન કહેવાય છે, એટલે ચિત્તનો નિગ્રહ કરવો, તે ધ્યાન કહેવાય છે. તે ધ્યાન, ભાવના, અનુપ્રેક્ષા અને ચિંતા એમ ત્રણ પ્રકારનું છે. ૧

ધ્યાન રાખવાનો સમય.

मुहूर्तांतर्भवेद् ध्यानमेकार्थे मनसः स्थितिः ।
बह्वर्थसंक्रमे दीर्घोप्यचिंता ध्यानसंततिः ॥ २ ॥

ભાવાર્થ—એક અર્થમાં મનની સ્થિતિ હોય તો, તો ધ્યાન મુહૂર્ત્તની અંદર થાય છે. અને બહુ અર્થનો સંક્રમ હોય તો, ધ્યાનની સંતતિ દીર્ઘ છતાં પણ અવિચ્છિન્ન રહે છે. ૨

વિશેષાર્થ—જો મનની સ્થિતિ એક વિષયમાં હોય તો, તે ધ્યાન અંતમુહૂર્ત્તમાં પૂર્ણ થઇ શકે છે, અને મનની સ્થિતિ ઘણાં વિષયમાં હોય તો, ધ્યાનની સંતતિ દીર્ઘ-લાંબી હોય તો પણ, અવિચ્છિન્ન પણે લંબાવાય છે. ૨

ધ્યાનના ચાર ભેદ.

आर्तं रौद्रंच धर्मंच शुक्लं चेति चतुर्विधम् ।
तत् स्याद् नेदाविह द्वौ द्वौ कारणं भवमोक्षयोः ॥ ३ ॥

ભાવાર્થ—આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ એમ ચાર પ્રકારનું ધ્યાન કહેવાય છે, તેમાં પહિલા બે ભેદ આર્ત્ત તથા રૌદ્ર એ સંસારનાં કારણ થાય છે, અને ધર્મ તથા શુકલ, એ મોક્ષનાં કારણ થાય છે. ૩

વિશેષાર્થ—આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ એ ચાર પ્રકારનું ધ્યાન છે. તેમાં આર્ત્ત અને રૌદ્ર એ બે ભેદ સંસારનાં કારણ રૂપ છે, અને ધર્મ અને શુકલ એ મોક્ષનાં કારણ રૂપ છે. ૩

આર્ત્ત ધ્યાનના ચાર ભેદ.

अनिष्टादीनामनिष्टानां वियोगसंप्रयोगयोः ।
चिंतनं वेदनायाश्च व्याकुलत्वमुपेयुषः ॥ ४ ॥

इष्टानां प्रणिधानं च संप्रयोगवियोगयोः ।
निदानचिंतनं पापमार्त्तमित्थं चतुर्विधम् ॥ ५ ॥

ભાવાર્થ—અનિષ્ટ એવા શબ્દાદિકના વિયોગનું ચિંતન કરવું, અર્થાત્ અનિષ્ટ વિના યોગથી પીડાનું ચિંતવન કરવું, અને તેની વેદનામાં આકુલ-વ્યાકુલ બનવું, એ પ્રથમ ભેદછે. ઇષ્ટનુંચિંતન કરવું, અને ઇષ્ટના સંયોગ-વિયોગ થઇ જાય છે,-એ બીજો ભેદ, નિદાન-નીયાણાનું ચિંતવન કરવું એ ત્રીજો ભેદ, અને પાપનું ચિંતન કરવું એ ચોથો ભેદ, એમ ચાર પ્રકારનું આર્ત્તધ્યાન કહેવાય છે. ૫

આર્ત્તધ્યાનના ચિન્હો.

कापोतनीलकृष्णानां लेश्यानामत्र संभवः ।
अनतिक्लिष्टभावानां कर्मणां परिणामतः ॥ ६ ॥
क्रंदनं रुदनं प्रौच्चैः शोचनं परिदेवनम् ।
ताडनं लुंचनं चेति लिंगान्यस्य विदुर्बुधाः ॥ ७ ॥

ભાવાર્થ—એ આર્ત્તધ્યાનમાં અતિ કિલષ્ટ ભાવના છતાં તેવાં કર્મોનાં પરિણામથી કાપોત, નીલ અને કૃષ્ણ એ ત્રણ લેશ્યાઓનો સંભવ છે. પોકાર કરવા ઉંચેસ્વરે રોવું, શોક કરવો, વિલાપ કરવો, મારવું અને માથાના વાળ ખેંચવા, એ આર્ત્તધ્યાનના લિંગો છે. એમ વિદ્વાનો કહે છે. ૬-૭

વિશેષાર્થ—અતિ કિલષ્ટ ભાવ એટલે, અતિક્લેશવાળો ભાવ ન છતાં કોઇ કર્મોના પરિણામથી કપોત, નીલ અને કૃષ્ણ એ ત્રણ લેશ્યાઓ થવાનો સંભવ છે. એ આર્ત્તધ્યાનનાં છ લિંગો છે, પોકાર કરવા, ઊંચે સ્વરે રૂદન કરવું. શોક કરવો, એટલે નામ દઇને રોવું, મારવું એટલે કપાળ, માથું અને છાતી કુટવી. અને માથાના વાળ ખેંચવા–એ આર્ત્તધ્યાનના લિંગો છે એમ વિદ્વાનો કહે છે. ૬–૭

કેવો પુરૂષ આર્ત્તધ્યાનમાં પ્રવર્ત્તે છે?

मोघ निंदन्निजं कृत्यं प्रशंसन् परसंपदम् ।
विस्मितः प्रार्थयन्नेताः प्रसक्तश्चेव दुर्जनः ॥ ८ ॥
प्रमत्तश्चेंद्रियार्थेषु गृद्धो धर्मपराङ्मुखः ।
जिनोक्तमपुरस्कुर्वन्नार्तध्याने प्रवर्त्तते ॥ ९ ॥

ભાવાર્થ—પોતાનાં નિષ્ફળ કર્મની નિંદા કરે, બીજાની સંપત્તિ–વખાણથી, વિસ્મય પામીને એ સંપત્તિની પ્રાર્થના કરે, આસક્ત થાય, દુર્જન થાય, ઇંદ્રિયોના અર્થ–વિષયમાં પ્રમત્ત રહે, લુબ્ધ થાય, ધર્મથી વિમુખ રહે, અને જિનવચનને માને નહીં, તે પુરૂષ આર્ત્તધ્યાનમાં પ્રવર્તે છે. ૯

વિશેષાર્થ—જે પુરૂષ કોઇ કામ નિષ્ફળ થાય તો, પોતાની નિંદા કરે છે, બીજાની સંપત્તિ વખાણે છે, અને તેવી સંપત્તિની ઇચ્છા રાખે છે. કદિ તેવી સંપત્તિ મળે તો, તેમાં આસક્ત થાય છે, દુર્જનતા રાખે છે, ઇંદ્રિયોના વિષયોમાં પ્રમાદથી વર્ત્તે-

શૂન્ય થાય છે, ધર્મથી ઉલટી રીતે વર્તે છે, અને જિન વચનને માનતો નથી, તે પુરૂષ આર્ત્તધ્યાનમાં પ્રવર્ત્તે છે. ૯

તેવા આર્ત્તધ્યાનનો ત્યાગ કરવો જોઇએ.

प्रमत्तांतगुणस्थानानुगमे तन्महात्मना ।
सर्वप्रमादमूलत्वात्त्याज्यं तिर्य्यग्गतिप्रदम् ॥ १० ॥

ભાવાર્થ—એ આર્ત્તધ્યાન ઉપરના ગુણઠાણાને પામતાં પ્રમાદમાં પાડે છે, તેથી એ સર્વ પ્રમાદનું મૂળ છે; તેથી તિર્યંચની ગતિને આપનારૂં તે આર્ત્તધ્યાન મહાત્મા પુરૂષે ત્યાગ કરવા યોગ્ય છે. ૧૦

વિશેષાર્થ—ઉપરના ગુણઠાણા પ્રાપ્ત કરવાની યોગ્યતા થઈ હોય, તેમાંથી આર્ત્તધ્યાન ભ્રષ્ટ કરી, જીવને પ્રમાદમાં પાડે છે, કારણકે, તે આર્ત્તધ્યાન સર્વ જાતના પ્રમાદનું મૂળ છે, તેથી મહાત્મા પુરૂષે તે ધ્યાનનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ૧૦

રૌદ્રધ્યાનના ચાર ભેદ.

निर्दयं वधबंधादिचिंतनं निविरुक्रुधा ।
पिशुनासत्यमिथ्यावाक्प्रणिधानं च मायया ॥ ११ ॥
चैर्य्यधीनिरपेक्षस्य तीव्रक्रोधानिलस्य च ।
सर्वाभिशंकाकालुष्यं चित्तं च मनरक्षणे ॥ १२ ॥

एतत्सदोषकरणकारणानुमतिस्थिति ।
देशाविरतिपर्यंतं रौद्रध्यानं चतुर्विधम् ॥ १३ ॥

ભાવાર્થ—નિર્દયતાથી ઘણો ક્રોધ લાવી વધ, બંધન વગેરેનું ચિંતન કરવું, એ પ્રથમ ભેદ. ચાડી, કપટથી અસત્ય વાણી બોલવાનો વિચાર કરવો, એ બીજો ભેદ. ચોરી કરવાની બુદ્ધિની અપેક્ષા ન હોય, પણ તીવ્ર ક્રોધ રૂપી અગ્નિ પ્રદીપ્ત કરી, સર્વ શંકાઓથી ચિત્તને કલુષિત કરવું, એ ત્રીજો ભેદ અને દ્રવ્યનું રક્ષણ કરવામાં ચિત્ત રાખવું, એ ચોથો ભેદ. એવું રૌદ્રધ્યાન ચાર પ્રકારનું છે. એ ધ્યાન દોષ કરવા કરાવવા અને અનુમોદવાની સ્થિતિવાળું અને દેશવિરતિ પર્યંત રહેનારું હોયછે. ૧૧-૧૨-૧૩

વિશેષાર્થ—રૌદ્ર ધ્યાનના ચાર પ્રકાર છે. નિર્દયતાથી ક્રોધ લાવી વધ, બંધન વગેરેનું ચિંતન કરવું, એટલે બીજાના વધ, બંધન કરવાનો મનમાં વિચાર લાવવો એ પ્રથમ ભેદ છે. કપટ કરી કોઇની ચાડી કરવી, કે મિથ્યા વાણી બોલવાનો વિચાર લાવવો, એ તેનો બીજો પ્રકાર છે. ચોરી કરવાની બુદ્ધિની અપેક્ષા નહોય ને પણ તીવ્ર ક્રોધ રૂપી અગ્નિને પ્રદીપ્ત કરી, તેવી શંકાઓ કરી ચિત્તને ડોળી નાંખવું એ ત્રીજો પ્રકાર છે અને દ્રવ્યની રક્ષા કરવામાં ચિત્ત રાખ્યા કરવું, એ ચોથો પ્રકાર છે. આ પ્રમાણે ચતુર્વિધ રૌદ્ર ધ્યાન દોષ કરવા, કરાવવા અને અનુમોદવામાં સ્થિતિ વાળું છે અને ચોથા અવિરતિ ગુણ ઠાણા અને પાંચમા દેશવિરતિ ગુણઠાણા સુધી તે રહેનારું છે. ૧૧-૧૨-૧૩

રૌદ્રધ્યાનના ચિન્હો.

कापोतनीलकृष्णानां लेश्यानामत्र संभवः ।
अतिसंश्लिष्टरूपाणां कर्मणां परिणामतः ॥ १४ ॥

ભાવાર્થ—આ રૌદ્રધ્યાનમાં અતિસંશ્લિષ્ટરૂપવાળા કર્મોનાં પરિણામથી કાપોત, નીલ અને કૃષ્ણલેશ્યાઓ થવાનો સંભવ છે.૧૪ (આ શ્લોકનો વિશેષાર્થ આગળ કહેવામાં આવ્યો છે.)

उत्सन्नबहुदोषत्वं नानामरणदोषता ।
हिंसादिषु प्रवृत्तिश्च कृत्वाघं स्मयमानता ॥ १५ ॥
निर्दयत्वाननुशयौ बहुमानः परापदि ।
लिंगान्यत्रेत्यदो धीरैस्त्याज्यं नरक दुःखदं ॥ १६ ॥

ભાવાર્થ—ઘણા દોષોનાં કારણ બનવું, વિવિધ પ્રકારના જીવોને મારવા, હિંસા વગેરેમાં પ્રવૃત્તિ કરવી, પાપ કરીને ખુશી થવું, નિર્દયતા રાખવી, પશ્ચાત્તાપ ન કરવો, અને બીજાની આપત્તિમાં બહુમાન કરવું–એ આર્ત્તધ્યાનનાં ચિન્હો છે. નરકનાં દુઃખને આપનારાએ આર્ત્તધ્યાનનો ધીરપુરૂષોએ ત્યાગ કરવો.૧૫-૧૬

વિશેષાર્થ—એવાં અપકર્મો કરે, કે જેથી દોષનાં કારણરૂપ થવાય. જાતજાતના જીવોને મારવા પ્રવૃત્તિ કરવી, હિંસા વગેરે અપકૃત્યોમાં પ્રવર્ત્તવું, પાપકર્મ કરીને ખુશી થવું, હમેશાં નિર્દયતા રાખવી, નઠારાં કામ કરીને પશ્ચાત્તાપ ન કરવો, અને બીજાઓને આપત્તિ આપવામાં અથવા બીજાઓની આપત્તિ જોવામાં

પોતાનું બહુમાન સમજવું. એ આર્ત્ત ધ્યાનનાં ચિન્હો છે. આવું આર્ત્તધ્યાન ધ્યાવાથી અવશ્ય નરકની પ્રાપ્તિ થાય છે. તેથી ધીર પુરૂષોએ તેવા ધ્યાનનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. જેનામાં ધૈર્ય ગુણ હોય, તેજ તે ધ્યાનનો ત્યાગ કરી શકે છે. ૧૫—૧૬

રૌદ્ર અને આર્ત્ત બંને અપ્રશસ્ત છે, તેથી તેમનો ત્યાગ કરી, પ્રશસ્ત ધ્યાન ધરવું યોગ્ય છે.

અપ્રશસ્તે ઇમે ધ્યાને ફુરંતે ચિરસંસ્તુતે ।
પ્રશસ્તં તુ કૃતાભ્યાસો ધ્યાનમારોઢુ મર્હતિ ॥ ૧૭ ॥

ભાવાર્થ—રૌદ્ર અને આર્ત્ત એ બંને ધ્યાન ચિરકાલ પરિચિત કરવાથી, નઠારાં પરિણામ વાળાં છે, તેથી તે અપ્રશસ્ત છે; માટે અભ્યાસ કરી પ્રશસ્ત ધ્યાનપર આરૂઢ થવાને યોગ્ય થાય છે. ૭

વિશેષાર્થ—રૌદ્ર અને આર્ત્તધ્યાન જો લાંબો વખત પરિચિત કરવાસાં આવ્યા હોય એટલે લાંબાકાળ સુધી તે ધ્યાવામાં આવ્યાં હોય તો તેનું નઠારૂં પરિણામ આવે છે. તેથી અભ્યાસ કરીને પ્રશસ્ત ધ્યાન ધ્યાવાને યોગ્ય થવું. એટલે ધર્મ અને શુકલ ધ્યાનધ્યાવાનો અભ્યાસ કરવો, કે જેથી પ્રશસ્ત ધ્યાન ધ્યાવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. ૧૭

ધર્મ ધ્યાનને અંગે શુભ લેશ્યાના ચિન્હનું ફળ.

ભાવના દેશકાલે ચ સ્વાસત્તાલંબનક્રમાત્ ।
ધ્યાતવ્યધ્યાનાનુપ્રેક્ષા લેશ્યાલિંગફલાનિચ ॥ ૧૮ ॥

ભાવાર્થ—દેશ, કાળને જોઈને ભાવના ભાવવી, પોતાની સત્તાના આલંબનના ક્રમથી ધ્યાન કરવા યોગ્ય એવા ધ્યાનની અનુપ્રેક્ષા કરવી, એ શુભ લેશ્યાનાં લિંગનાં ફળો છે. ૧૮.

વિશેષાર્થ—ધર્મ ધ્યાનમાં દેશકાળને જોઈને ભાવના ભાવવી, એટલે જેવો દેશકાળ હોય, તે પ્રમાણે વર્ત્તી ભાવના ભાવવી અને પોતાની સત્તાના આલંબનના ક્રમથી ધ્યાન કરવા યોગ્ય એવા ધ્યાનની અનુપ્રેક્ષા કરવી, એટલે પોતાની જેટલી સત્તા હોય, તે પ્રમાણે ધ્યેય વસ્તુનું આલંબન કરવું તેનું આલંબન કરવાના ક્રમથી ધ્યેય, ધ્યાતા અને ધ્યાનની અનુપ્રેક્ષા કરવી, આમ કરવું તે શુભ લેશ્યાનાં ચિન્હોનું ફળ છે. એટલે તેથી શુભલેશ્યા થાય છે, નઠારી લેશ્યાઓ થતી નથી. ૧૮

ધર્મધ્યાન ધ્યાવાથી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય નામની ચાર ભાવનાઓ ધ્યાવી.

ज्ञात्वा धर्मं ततो ध्यायेच्चतस्रस्तत्र भावनाः
ज्ञानदर्शनचारित्रवैराग्याख्याः प्रकीर्त्तिताः ॥ १९ ॥

ભાવાર્થ—ધર્મને જાણી તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય નામની ચાર ભાવનાઓનું ધ્યાન કરવું. ૧૯

વિશેષાર્થ—ધર્મને જાણ્યા પછી, ધર્મધ્યાન ધ્યાવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે તેની અંદર ચાર ભાવનાઓનું ધ્યાન કરવું. તે ચાર ભાવનાઓ જ્ઞાન; દર્શન; ચારિત્ર અને વૈરાગ્ય નામની કહેલી છે. ૧૯

એ ચાર ભાવનાઓનાં ફળ.

निश्चलत्वमसंमोहो निजरा पूर्वकर्मणाम् ।
संगाशंसा भयोच्छेदः फलान्यासां यथाक्रमात् ॥ ૨૦ ॥

ભાવાર્થ—નિશ્ચલ પણું, મોહનો અભાવ, પૂર્વ કર્મોની નિર્જરા, સંગ, ઇચ્છા અને ભયનો ઉચ્છેદ એ ચાર ભાવનાઓનાં અનુક્રમે ફળ છે. ૨૦

વિશેષાર્થ—પેહેલી જ્ઞાન ભાવનાથી, ધર્મ તથા નિયમમાં નિશ્ચલતા–દ્રઢતા થાય છે, બીજી દર્શન ભાવના ભાવવાથી મોહનો અભાવ થાય છે, ત્રીજી ચારિત્ર ભાવના ભાવનાથી પૂર્વે કરેલાં કર્મોની નિર્જરા થાય છે, અને ચોથી વૈરાગ્ય ભાવના ભાવવાથી સ્ત્રી વગેરેના સંગનો પુદ્ગલિક વસ્તુઓની ઇચ્છાનો અને સર્વ પ્રકારના ભયનો ઉચ્છેદ થાય છે. એ ચાર ભાવનાનાં ફળ જાણી લેવાં. ૨૦

એ ચાર ભાવના ભાવવાથી, ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત થાયછે.

स्थिरचित्तः क्लिष्टतानिर्याति ध्यानस्य योग्यताम् ।
योग्यतैव हि नान्यस्य तथाचोक्तं परैरपि ॥ ૨૧ ॥

ભાવાર્થ—એ ચાર ભાવનાઓ ભાવવાથી, પુરૂષ સ્થિર ચિત્તવાળો થઇ, ધ્યાનની યોગ્યતાને પ્રાપ્ત થાયછે. તે સિવાય બીજાને

ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત થતી નથી. તેમ બીજા દર્શનવાળાઓ પણ કહેછે. ૨૧

વિશેષાર્થ—જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય એ ચાર ભાવનાઓ ભાવવાથી, પુરૂષ ધ્યાનની યોગ્યતાને પ્રાપ્ત કરેછે. કારણ કે, એ ચાર ભાવનાઓ ભાવવાથી, ધ્યાતા પુરૂષનું ચિત્ત સ્થિર થાયછે. જ્યારે ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થઈ, એટલે તેનામાં ધ્યાનની યોગ્યતા આવેછે. તે શિવાય એટલે તે ચાર ભાવના ભાવ્યા શિવાય ધ્યાનની યોગ્યતા આવતી નથી. આ વાત અન્ય દર્શનીઓએ પણ પોતાના સિદ્ધાંતમાં કહેલ છે. ૨૧

અન્ય દર્શનીનું પ્રમાણ આપેછે.

चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम्।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥ २२ ॥

ભાવાર્થ—હે કૃષ્ણ! મન ચંચલ, મથન કરનારૂં, બલવાન્ અને દૃઢ હોયછે; તેથી વાયુની જેમ તે મનનો નિગ્રહ કરવો દુષ્કર છે, એમ હું માનું છું ૨૨

વિશેષાર્થ—અર્જુન ગીતામાં કૃષ્ણને પુછે છે કે,હે કૃષ્ણ! મન ઘણું ચંચલ છે, તેમ મથન કરનારૂં એટલે ઇંદ્રિયોને મથન કરી જાગ્રત કરનારૂં છે, તે સાથે બલવાન્ અને દૃઢ છે. આવા બલવાન્ મનનો નિગ્રહ કરવો, તે વાયુનો નિગ્રહ કર્યાની જેમ મુશ્કેલ છે. તેથી તેવા મનનો નિગ્રહ શીરીતે થાય? તે કૃપા કરી જણાવો. આ પ્રમાણે કૃષ્ણ પ્રત્યે અર્જુનનો પ્રશ્ન છે. ૨૨

કૃષ્ણ અર્જુનના પ્રશ્નનો ઉત્તર આપેછે.

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन च कौंतेय वैराग्येण च गृह्यते ॥ ૨૩ ॥

ભાવાર્થ—હે મહાબાહુ અર્જુન! મન ચચલ અને દુઃખે નિગ્રહ કરી શકાય તેવું છે, એ વાત સંશય રહિત છે. પરંતુ હે કુંતા પુત્ર! અભ્યાસ અને વૈરાગ્યથી તે મનનો નિગ્રહ થઇ શકે છે. ૨૩

વિશેષાર્થ—કૃષ્ણ અર્જુનને ઉત્તર આપેછે કે, હે મહાબાહુ અર્જુન! તમે કહોછો, તે ખરી વાત છે. મન ચંચલ અને દુઃખે નિગ્રહ કરી શકાય તેવું છે, તથાપિ તે મનનો નિગ્રહ કરવામાં બે ઉપાય છે. એક અભ્યાસ અને બીજો વૈરાગ્ય. જો હમેશાં ધ્યાન કરવાનો અભ્યાસ હોય તો, મનનો નિગ્રહ થઈ શકે છે, અથવા આ સંસાર તરફ વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય, તો પણ મનનો નિગ્રહ થઇ શકેછે. ૨૩

તે વિશે કૃષ્ણ વિશેષ કહેછે.

असंयतात्मना योगो दुष्प्राप्य इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः॥ ૨૪ ॥

ભાવાર્થ—જેને પોતાનું મન વશ નથી, એવા પુરૂષને યોગ પ્રાપ્ત થવો દુર્લભ છે, અને જેનાથી મન વશ કરી શકાય

તેમ છે, તેવા યત્ન કરનારા પુરૂષને તે યોગ ઉપાયથી પ્રાપ્ત કરવાને શકય થાય છે, એમ મારો મત છે. ૨૪

વિશેષાર્થ—જે પુરૂષ પોતાના મનને વશ કરી શકે નહીં, તેવા પુરૂષને યોગ પ્રાપ્ત થવો દુર્લભ છે, અને જે યત્ન કરી પોતાના મનને વશ કરી શકે છે, તેમને યોગ પ્રાપ્ત થવો શકય છે. અર્થાત્ જે મનને વશ કરી શકે, તેને યોગ સાધ્ય છે, અને જે મનને વશ કરી શકે નહીં, તેને યોગ અસાધ્ય છે, આમ કહી કૃષ્ણ તે વિષે પોતાની સંમતિ આપે છે. ૨૪

મન વશ કરવું, કેવીરીતે ઘટે છે ?

सदज्ञाप्रत्ययाढ्त्या वैतृष्ण्याद्बहिरर्थतः ।
एतच्च युज्यते सर्वं भावनाज्ञावितात्मनि ॥ २५ ॥

ભાવાર્થ—જેણે ઉપરની ચાર ભાવનાઓ મનમાં ભાવેલી છે, તેને સરખા વિશ્વાસના આવરણથી, અને બાહેરના પદાર્થો ઉપર થયેલા તૃષ્ણાના અભાવથી, એ મન વશ કરવાની સર્વ બાબત ઘટે છે. ૨૫

વિશેષાર્થ—જે જ્ઞાન દર્શન, ચારિત્ર અને વૈરાગ્યની ચાર ભાવનાઓને ભાવે છે, તેને સર્વમાં સમાન વિશ્વાસ આવી જાય છે. અને તે સાથે બાહેરના સર્વ પદાર્થો ઉપરથી તેની તૃષ્ણા વિરામ પામી જાય છે, તેથી મન વશ કરવા વગેરે સર્વ બાબતો તેનામાં ઘટે છે, એટલે યોગ મેળવવાની સર્વ ક્રિયાઓ તેને સંભવે છે. ૨૫

યતિઓને ધ્યાન સમયે કેવું સ્થાન જોઇએ ?

स्त्रीपशुक्लीबदुःशीलवर्जितस्थानमागमे ।
सदा यतीना माज्ञप्तं ध्यानकाले विशेषतः ॥ २६ ॥

ભાવાર્થ—શાસ્ત્રમાં સદા યતિઓને માટે સ્ત્રી, પશુ, નપુંસક અને દુઃશીલ-દુરાચારી લોકોથી વર્જિત એવું સ્થાન રહેવાને કહેલું છે. તેમાં ધ્યાન સમયે તે વિશેષતાથી કહેલું છે. ૨૬

વિશેષાર્થ—યતિઓને રહેવાને માટે શાસ્ત્રમાં એવું સ્થાન કહેલું છે, કે જેમાં સ્ત્રી પશુ, નપુંસક અને દુરાચારી લોકો રહેતાં ન હોય. તેમાં પણ ધ્યાન કરવાને સમયે તો તેવું સ્થાન વિશેષતાથી રાખવું. ૨૬

કેવો પ્રદેશ ધ્યાતાને માટે યોગ્ય છે ?

स्थिरयोगस्य तु ग्रामे विशेषः कानने वने ।
तेन यत्र समाधानं स देशो ध्यायतो मतः ॥ २७ ॥

ભાવાર્થ—સ્થિર યોગ વાળાને ગામમાં અથવા વિશેષપણે વગડામાં કે વનમાં રહેવું, અને ધ્યાન કરનારાને જ્યાં પોતાનું ચિત્ત સમાધાનીમાં રહે તેવા પ્રદેશમાં ધ્યાન કરવું સંમત છે. ૨૭

વિશેષાર્થ—જેને યોગ સ્થિર થયો હોય, તેવા પુરૂષે ગામમાં રહેવું; તો પણ વિશેષપણે વગડામાં કે વનમાં રહેવું અને જેને

યોગસ્થિર થયો ન હોય, તેવા ધ્યાન કરનારા પુરૂષને જ્યાં પોતાનું ચિત્ત સમાધાનીમાં રહે તેવા સ્થાનમાં રહેવું. ૨૭

ધ્યાનીને કેવો કાળ ઇષ્ટ છે ?

यत्र योगसमाधानं कालोऽपीष्टः स एव हि ।
दिनरात्रिक्षणादीनां ध्यानिनो नियमस्तु न ॥ २८ ॥

ભાવાર્થ—જેમાં યોગનું સમાધાન થાય, તેજ કાળ ધ્યાનીને ઇષ્ટ છે. ધ્યાની પુરૂષને દિવસ, રાત્રિ, કે ક્ષણ વગેરેનો નિયમ નથી. ૨૮

વિશેષાર્થ—ધ્યાની પુરૂષે કયે કાળે ધ્યાન કરવું ? તે નિયમ નથી. જે કાળે તેના યોગનું સમાધાન થાય, એટલે જે કાળે યોગ સ્થિર થાય, તે કાળ તેને ધ્યાનને માટે ઇષ્ટ છે. વળી ધ્યાની પુરૂષે દિવસે ધ્યાન કરવું, કે રાત્રે ધ્યાન કરવું, કે અમુક ક્ષણે ધ્યાન કરવું, એવો કાંઇ નિયમ નથી, જ્યારે ચિત્ત સમાધાની પામે,ત્યારે ગમે તે કાળે ધ્યાન કરવું ઉચિત છે. ૨૮

અમુક સ્થિતિમાંજ ધ્યાન ધરવું, એવો કાંઇ નિયમ નથી.

यैवावस्था जिता यातु नस्याद्ध्यानोपघातिनी ।
तया ध्यायेन्निषण्णो वा स्थितो वा शयितोऽथवा ॥२९॥

ભાવાર્થ—ધ્યાતા પુરૂષે જે અવસ્થા જીતેલી છે, તે અવસ્થા તેના ધ્યાનનો ઉપઘાત કરનારી થતી નથી. તેવી અવસ્થાએ બેઠાં, ઉભા રહેતાં કે સુતાં ધ્યાન કરવું. ૨૯

વિશેષાર્થ—ધ્યાતા પુરૂષે પ્રથમ પોતાની અવસ્થા-સ્થિતિ જીતવી જોઇએ. જ્યારે તે અવસ્થા જીતવામાં આવી, એટલે પોતાને કબજે કરવામાં આવી, તો પછી તેની તે અવસ્થાથી તે ધ્યાતા પુરૂષના ધ્યાનનો ઉપઘાત થતો નથી. જ્યારે અવસ્થા જીતવામાં આવે, ત્યારે પછી તે અવસ્થામાં બેઠાં, ઉભા રહેતાં કે સુતાં ધ્યાન કરી શકાય છે. એટલે જીતાવસ્થ યોગી ગમે તે કાળે, અને ગમેતેવી રીતે, ધ્યાન કરી શકે છે. ૨૯

ખરા યોગીને કોઇ અવસ્થાનો નિયમ નથી.

सर्वासु मुनयो देशकालावस्थासु केवलम् ।
प्राप्तास्तन्नियमो नासां नियता योगसुस्थिता ॥ ३० ॥

ભાવાર્થ—સર્વ દેશકાળની અવસ્થાઓમાં રહેલા મુનિઓને પછી એ સ્થિતિઓનો કાંઇ નિયમ નથી. કારણ કે, તેઓ નિયમિતપણે યોગમાં રહેલા છે. ૩૦

વિશેષાર્થ—જે મુનિઓ યોગ સિદ્ધ થઇ, દેશકાળની સર્વ અવસ્થાઓમાં કેવળ રહેલા છે, તેમને પછી તે અવસ્થાઓનો કાંઇ નિયમ નથી. એટલે અમુક દેશમાં કે અમુક કાળમાંજ ધ્યાન થાય, એવો કાંઇ નિયમ નથી. કારણ કે તેઓની યોગને વિષે સ્થિરતા નિયમિત થયેલી છે. ૩૦

ધ્યાનના આલંબનો કયાં છે ?

वाचना चैव पृच्छाच परावृत्त्यनुचिंतनम् ।
क्रियाचालंबनानीह सधर्मावश्यकानि च ॥ ३१ ॥

ભાવાર્થ—વાચના, પૃચ્છના, પરાવર્ત્તના, અનુચિંતના, ક્રિયા અને ધર્મની આવશ્યક કરણી એ શુભ ધ્યાનનાં આલંબનો છે. ૩૧

વિશેષાર્થ—વાચના એટલે વાંચવું, પૃચ્છતા એટલે શંકા પડે ત્યાં પુછવું, પરાવર્ત્તના એટલે વારંવાર આવર્ત્તન કરવું, અનુચિંતન એટલે અનુપ્રેક્ષા—મનમાં ચિંતવન કરવું, અને ધર્મની આવશ્યક કરણી તથા ક્રિયા, એ શુભ ધ્યાનનાં આલંબનો છે. ૩૧

ધ્યાનનું આરોહણ આલંબનને આશ્રીને છે.

आरोहति दृढद्रव्यालंबनो विषसंपदम् ।
तथारोहति स ध्यानं सूत्राद्यालंबनाश्रितः ॥ ३२ ॥

ભાવાર્થ—દૃઢ એવા દ્રવ્યનાં આલંબન વાળો પુરૂષ વિષરૂપ સંપત્તિ ઉપર આરોહણ કરે છે. તેજ સૂત્રાદિકનાં આલંબનને આશ્રિત થયેલો, ધ્યાનપર આરોહણ કરે છે. ૩૨

વિશેષાર્થ—પુરૂષને જેવું આલંબન હોય, તેવું તેને આરોહણ થાય છે. જે પુરૂષ દૃઢતાથી દ્રવ્યનું આલંબન કરનારો છે, તે વિષરૂપ સંપત્તિ પર આરોહણ કરે છે. એટલે તેને વિષના જેવી

દુઃખદાયક સંપત્તિ મળે છે, તેજ પુરૂષ જો સૂત્ર વગેરેનું આલંબન કરે છે, તો તે ધ્યાનપર આરોહણ કરે છે. ૩૨

શુદ્ધ આલંબનથી યોગીઓને ધ્યાનારોહણથી ભ્રષ્ટતા થતી નથી.

आलंबनादरोद्भूतप्रत्यूहक्षययोगतः ।
ध्यानाद्यारोहणभ्रंशो योगिनां नोपजायते ॥ ३३ ॥

ભાવાર્થ—આલંબનના આદરથી ઉત્પન્ન થયેલ વિઘ્નોના ક્ષયનો યોગથી યોગીઓને ધ્યાનાદિકના આરોહણનો ભ્રંશ થતો નથી. ૩૩

વિશેષાર્થ—આલંબન ઉપર અતિ આદર કરવાથી અનેક જાતનાં વિઘ્નો ઉત્પન્ન થાય છે; પણ તે વિઘ્નોનો ક્ષય થવાથી, યોગીઓને ધ્યાનાદિકનાં આરોહણથી ભ્રંશ થતો નથી. એટલે આલંબનનાં વિઘ્નોનો ક્ષય થવાથી, ખરા યોગીઓ ધ્યાનાદિકનાં આરોહણથી ચલિત થતા નથી. ૩૩

જિનદર્શન તેમ અન્ય દર્શનોમાં ધ્યાનનો તફાવત છે.

मनोरोधादिको ध्यानप्रतिपत्तिक्रमो जिने ।
शेषेषु तु यथा योगसमाधानं प्रकीर्त्तितम् ॥ ३४ ॥

ભાવાર્થ—મનનો નિરોધ કરવા વગેરે ધ્યાન ધરવાનો ક્રમ જિનદર્શનમાં કહેલ છે, અને બાકીનાં અન્ય દર્શનોમાં જેમ ઇચ્છા હોય, તેમ યોગ સમાધિ કરવાનું કહેલ છે. ૩૪

વિશેષાર્થ—મનનો નિરોધ કરવા વચેરે ધ્યાન ધરવાનો ક્રમ જિનદર્શનમાં કહેલ છે. એટલે ધ્યાનનો જે ખરો ક્રમ છે, તે જૈન-દર્શનમાં છે. બાકીનાં દર્શનમાં તો, યોગસમાધિ કરવાનું ઇચ્છા પ્રમાણે કરવાને કહેલ છે, તેથી જૈનદર્શન શિવાય બાકીનાં દર્શનોમાં યોગનો ક્રમ ઉત્તમ નથી, એમ દર્શાવ્યું છે. ૩૪

ધ્યાનના ચાર ભેદ.

आज्ञापायविपाकानां संस्थानस्य च चिंतनात् ।
धर्मध्यानोपयुक्तानां ध्यातव्यं स्याच्चतुर्विधम् ॥ ३५ ॥

ભાવાર્થ—ધર્મધ્યાનમાં ઉપયુક્ત થયેલા પુરૂષોને, આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનના ચિંતનથી ચાર પ્રકારનું ધર્મધ્યાન થાય છે. ૩૫

વિશેષાર્થ—ધર્મધ્યાનના ચાર ભેદ છે, આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાન. તે ચારનું ચિંતવન કરવાથી, એ ધર્મધ્યાન ચતુર્વિધ કહેવાય છે. ૩૫

પહેલા આજ્ઞાધ્યાનનું સ્વરૂપ.

नयभंगममाणाढ्यां हेतूदाहरणान्विताम् ।
आज्ञां ध्यायेज्जिनेंद्राणामप्रमाणयाक्षांकिताम् ॥ ३६ ॥

ભાવાર્થ—નયભંગના પ્રમાણથી ભરપૂર, હેતુ તથા ઉદાહરણથી યુક્ત, અને અપ્રમાણિકતા રૂપ કલંકથી રહિત, એવી જિનેંદ્ર ભગવંતની આજ્ઞાનું ધ્યાન કરવું. ૩૬

વિશેષાર્થ—શ્રી જિનેંદ્ર પ્રભુની આજ્ઞાનું ચિંતવન કરવું, તે ધર્મધ્યાનનો આજ્ઞા નામે પ્રથમ ભેદ છે. એ આજ્ઞા ધ્યાનમાં પ્રભુની આજ્ઞાનું જ ચિંતવન થાય છે. તે પ્રભુની આજ્ઞા કેવીરીતે ચિંતવવી ? જિનેંદ્રપ્રભુની આજ્ઞા સાત નયની સપ્તભંગી અને ચાર પ્રમાણવાળી છે, તેમજ તે હેતુઓ અને ઉદાહરણોથી યુક્ત છે, એટલે પ્રભુએ જે પ્રરૂપ્યું છે, તે હેતુ તથા ઉદાહરણ આપી પ્રરૂપ્યું છે, તે માટે અપ્રમાણરૂપ કલંકથી રહિત છે, એટલે પ્રભુએ પ્રરૂપેલી દરેક વાત પ્રમાણથી સિદ્ધ કરેલી છે. આવી આજ્ઞાનું ચિંતવન કરવું, તે આજ્ઞાધ્યાન નામે ધર્મધ્યાન કહેવાય છે. ૩૬

બીજા અપાય ધર્મધ્યાનનું સ્વરૂપ.

रागद्वेषकषायादिपीडितानां जनुष्मताम् ।
ऐहिकामुष्मिकांस्तांस्तान्वानापायान् विचिंतयेत् ॥ ३७ ॥

ભાવાર્થ—રાગ, દ્વેષ અને કષાય વગેરેથી પીડિત એવા પ્રાણીઓના આ લોક તથા પરલોકના તે તે અપાયોનું ચિંતવન કરવું. ૩૭

વિશેષાર્થ—ધર્મધ્યાનનો બીજો ભેદ અપાય છે, તે અપાય ધ્યાનમાં રાગ, દ્વેષ, અને કષાય વગેરેથી પીડિત એવાં પ્રાણીઓના આ લોકના અને પરલોકના અપાયોનું ચિંતવન થાય છે, તે ધર્મધ્યાનનો બીજો ભેદ અપાયધ્યાન કહેવાય છે. ૩૭

ધર્મધ્યાનના ત્રીજા વિપાકભેદનું સ્વરૂપ.

ધ્યાયેત્કર્મ વિપાકંચ તં તં યોગાનુભાવજમ્ ।
પ્રકૃત્યાદિચતુર્ભેદં શુભાશુભ વિભાગતઃ ॥ ૩૮ ॥

ભાવાર્થ—યોગના અનુભવથી થયેલ કર્મોના વિપાકનું ચિંતવન કરવું, તે ધ્યાન પ્રકૃતિ વગેરેથી અને શુભ અશુભ વિભાગથી ચાર પ્રકારનું થાય છે. ૩૮

વિશેષાર્થ—યોગના અનુભવથી થયેલ કર્મોના વિપાકનું ચિંતવન કરવું, તે વિપાક નામે ત્રીજું ધર્મધ્યાન કહેવાય છે. તે પ્રકૃતિ, સ્થિતિ, રસ તથા પ્રદેશના બંધથી શુભ–અશુભ વિભાગ વડે ચાર પ્રકારનું થાય છે. તે વિપાક નામના ધર્મધ્યાનમાં કર્મોના વિપાક એટલે પરિણામ કેવાં કેવાં થાય છે? તેનું ચિંતવન કરવાનું છે. ૩૮

ધર્મધ્યાનના ચોથા સંસ્થાનધ્યાનનું સ્વરૂપ.

ઉત્પાદસ્થિતિભંગાદિપર્યાયૈર્લક્ષણૈઃ પૃથક્ ।
ભેદૈર્નામાદિભિર્લોકસંસ્થાનં ચિંતયેદ્ ભૃતમ્ ॥ ૩૯ ॥

ભાવાર્થ—ઉત્પત્તિ, સ્થિતિ અને વ્યય વગેરે ભાંગાના પર્યાયોથી–લક્ષણોથી અને જુદાં જુદાં નામાદિક ભેદોથી ભરેલા એવા આ લોક સંસ્થાનનું ચિંતવન કરવું. ૩૯

વિશેષાર્થ—સંસ્થાન એ ધર્મ ધ્યાનનો ચોથો ભેદ છે. તેમાં આલોકસંસ્થાનનું ચિંતવન કરવામાં આવે છે. જ્યારે એ ચિંતવન કરવામાં આવે, ત્યારે ઉત્પત્તિ, સ્થિતિ અને વ્યય વગેરે ભાંગાના પર્યાયો, લક્ષણો અને જુદાં જુદાં નામાદિક ભેદોથી આ લોકસંસ્થાન ભરપૂર છે, એમ ચિંતવન કરવું. ૩૯

લોકસંસ્થાનમાં શું ચિંતવવું ?

चिंतयेत्तत्र कर्त्तारं भोक्तारं निजकर्मणाम् ।
अरूपमव्ययं जीवमुपयोगस्य लक्षणम् ॥ ४० ॥

ભાવાર્થ—તે સંસ્થાન ધ્યાનમાં પોતાનાં કર્મોનો કર્ત્તા, ભોક્તા, અરૂપી, અવિનાશી અને ઉપયોગનાં લક્ષણ રૂપ એવા આત્મા-જીવનું ચિંતવન કરવું. ૪૦

વિશેષાર્થ—તે લોક સંસ્થાન નામે ચોથા ધર્મધ્યાનમાં જીવ-આત્માનું ચિંતવન કરવું. જે આત્મા પોતાનાં કર્મોનો કર્ત્તા અને ભોક્તા છે, તે અરૂપી અને અવિનાશી છે, તેમજ ઉપયોગ રાખવારૂપ લક્ષણવાળો છે; આવા આત્માનું તેમાં ચિંતવન કરવું. ૪૦

તેમાં આ સંસારરૂપ સમુદ્રનું ચિંતવન કરવું.

तत्कर्मजनितं जन्मजरामरणवारिणा ।
पूर्णं मोहमहावर्त्तकामावैर्नक्रभीषणम् ॥ ४१ ॥

आशामहानिलापूर्णं कषायकलशोच्छलत् ।
असद्विकल्पकल्लोलचक्रं दधतमुद्धतम् ॥ ४२ ॥

हृद्विस्रोतसिकावेलासंपतद्दुरतिक्रमम् ।
प्रार्थनावल्लिसंतानं दुःपूरविषयोदरम् ॥ ४३

अज्ञानदुर्दिनं व्याप द्विद्युत्पातोज्झवज्रयम्।
कदाग्रहकुवातेन हृदयोत्कंपकारिणम् ॥ ४४ ॥

विविधव्याधिसंबंधमत्स्यकच्छपसंकुलम् ।
चिंतयेच्च भवांभोधिं चलद्दोषाद्रिदुर्गमम् ॥ ४५ ॥

ભાવાર્થ—આ સંસારરૂપ સમુદ્ર કે જે તે જીવનાં કર્મથી ઉત્પન્ન થયેલો છે, જન્મ, જરા અને મરણ રૂપ જળથી પરિપૂર્ણ છે, મોહરૂપી મોટા આવર્ત્તક અને કામરૂપી વડવાનળથી તે ભયંકર છે. આશારૂપી મોટા પવનથી પૂર્ણ કષાયરૂપ કલશમાંથી ઊછળતા, અને ઊદ્ધત એવા નઠારા સંકલ્પ રૂપ કલ્લોલના ચક્રને તે ધારણ કરેછે. હૃદયના પ્રવાહ રૂપ વેલા–મર્યાદાના સંપાતથી તે દુર્લંઘ્ય છે. તેમાં પ્રાર્થનારૂપી વેલોની પરંપરા છે, દુઃખે પૂરી શકાય એવા વિષયરૂપ તેનો મધ્યભાગ છે. તે અજ્ઞાનરૂપી દુર્દિનવાળો છે. આપત્તિરૂપ વિદ્યુતના પડવાથી તે ભયંકર છે. કદાગ્રહ રૂપ નઠારા પવન વડે તે હૃદયને કંપાવનારો છે, વિવિધ જાતના વ્યાધિઓના સંબંધ રૂપ મત્સ્યો અને કાચબાઓથી તે આકુળ વ્યાકુળ છે, અને ચાલતા એવા દોષરૂપી પર્વતથી તે દુઃખે જઈ શકાય તેવો છે. એવા સંસારરૂપી સમુદ્રનું ચિંતવન કરવું. ૪૧ ૪૨–૪૩–૪૪–૪૫.

વિશેષાર્થ—લોકસંસ્થાન નામના ચોથા ધર્મધ્યાનમાં આ સંસાર રૂપ સમુદ્રનું ચિંતવન કરવાનું છે. અહિં સંસારને સમુદ્રનું રૂપક આપી વર્ણન કરેછે. આ સંસારરૂપી સમુદ્ર જીવનાં કર્મોથી ઉત્પન્ન થયેલો છે, એટલે પૂર્વ કર્મ ભોગવવાને માટે જીવને આ સંસારમાં આવવું પડેછે. સમુદ્રમાં જેમ અગાધ જળ ભર્યું છે, તેમ આ સંસાર રૂપી સમુદ્રમાં જન્મ, જરા અને મરણ રૂપ જળ ભરેલું છે. એટલે જ્યાં સુધી જીવ સંસારમાં આવેછે, ત્યાં સુધી તેને જન્મ, જરા અને મરણ થયા કરેછે. જેમ સમુદ્રમાં આવર્ત્ત (જલની ઘુમરી) થયા કરેછે, તેમ આ સંસારરૂપ સમુદ્રમાં મોહરૂપી મોટા આવર્ત્ત થયા કરેછે. જેમ સમુદ્ર વડવાનળથી ભયંકર છે, તેમ આ સંસારરૂપી સમુદ્ર કામદ્વેષરૂપ વડવાનળથી ભયંકર છે. સમુદ્ર જેમ પવને પૂરેલા, કળશમાંથી ઊછળતા અને ઊદ્ધત એવા કલ્લોલનાં ચક્રને ધારણ કરે છે, તેમ આ સંસાર રૂપી સમુદ્ર આશા રૂપી પવને પૂરેલા અને કષાયરૂપી કળશમાંથી ઊછળતા, નઠારા સંકલ્પ રૂપ કલ્લોલનાં ઊદ્ધત ચક્રને ધારણ કરે છે, જેમ સમુદ્ર વેળા તટના પ્રવાહના પડવાથી ઊલ્લંઘન કરી શકાય નહીં તેવો છે, તેમ સંસારરૂપી સમુદ્ર હૃદયના મનોરથરૂપ વેળાતટના પ્રવાહના પડવાથી ઊલ્લંઘન કરી શકાય નહીં તેવો છે. જેમ સમુદ્ર ઉપર વેલાઓની પરંપરા હોય છે, તેમ આ સંસાર રૂપ સમુદ્ર ઊપર પ્રાર્થનારૂપી વેલાઓ છે. જેમ સમુદ્રનો મધ્ય ભાગ દુઃખે પૂરી શકાય તેવો છે, તેમ આ સંસારરૂપ સમુદ્રનો મધ્ય ભાગ વિષયોથી દુઃખે પૂરી શકાય તેવો છે. જેમ સમુદ્રમાં દુર્દિન હોય છે, તેમ સંસાર સમુદ્રમાં અજ્ઞાનરૂપી દુર્દિન હોય છે. જેમ સમુદ્રમાં વિદ્યુત્પાત થવાથી ભય થાય છે, તેમ આ સંસાર

સમુદ્રમાં વિપત્તિરૂપ વિદ્યુતપાત્ થવાથી ભય થાય છે. જેમ સમુદ્રમાં નઠારો પવન વાવાથી હૃદયને કંપારો થઈ જાય છે, તેમ આ સંસાર સમુદ્રમાં કદાગ્રહરૂપ નઠારો પવન વાવાથી હૃદયને કંપારો થઈ જાય છે. જેમ સમુદ્ર મત્સ્યો અને કાચબાઓથી આકુળ હોય છે, તેમ સંસાર સમુદ્ર વિવિધ પ્રકારના વ્યાધિઓના સંબંધ રૂપ મત્સ્યો અને કાચબાઓથી આકુળ વ્યાકુળ છે, જેમ સમુદ્ર વચમાં આવેલા પર્વતો–ખડકોને લઈને દુર્ગમ છે, તેમ સંસાર સમુદ્ર મોટા દ્વેષરૂપી પર્વતો–ખડકોને લઈને દુર્ગમ છે. આવા સંસારરૂપ સમુદ્રનું ચિંતવન સંસ્થાન નામના ચોથા ધર્મધ્યાનમાં થાય છે. ૪૧–૪૨–૪૩–૪૪–૪૫

તે સંસારરૂપ સમુદ્રને તરવાને ચારિત્રરૂપ નાવમાં બેસવું જોઇએ.

तस्यसंत चरणोपायं सम्यक्तदृढबंधनम् ।
बहुशीलांगफलकं ज्ञाननिर्यामिकान्वितम् ॥ ४६ ॥
संवरास्ताश्रवच्छिद्रंगुप्तिगुप्तंसमंततः ।
आचारमंरूपोद्दीप्तापवादोत्सर्गभूद्वयम् ॥ ४७ ॥
असंख्यैर्दुर्धरैर्योधैर्दुःप्रधृष्यं सदाशयैः ।
सद्योगरूपस्तंभाग्रन्यस्ताध्यात्मसितांशुकम् ॥ ४८ ॥
तपोनुकूलपवनोद्भूतसंवेगवेगतः ।
वैराग्यमार्गपतितं चारित्रं वहनं श्रिताः ॥४९ ॥
सद्भावनाख्यमंजूषान्यस्तसच्चित्तरत्नतः ।
यथाविघ्नेन गच्छंति निर्वाणनगरे बुधाः ॥ ५० ॥

ભાવાર્થ—તે સંસારરૂપ સમુદ્રને તરવાના ઉપાયરૂપ ચારિત્રરૂપી વાહાણ છે. જે સમ્યકત્વરૂપ દ્રઢ બંધનવાળું છે, ઘણાં શીલનાં અંગરૂપ તેના પાટીઆં છે. તે જ્ઞાનરૂપી ખલાસીથી યુકત છે. સંવરથી તેનાં આશ્રવરૂપ છિદ્રો પૂરાએલાં છે. ચારે તરફ તે પાંચ ગુપ્તિઓથી રક્ષિત છે. આચારરૂપી મંડપવડે અપવાદ અને ઉત્સર્ગ રૂપ તેની બે ભૂમિકાઓ પ્રદીપ્ત થયેલી છે. દુર્ધર એવા સદાશયરૂપ અસંખ્ય યોદ્ધાઓથી તે ધર્ષણ કરી શકાય તેવું નથી. તેના સારા યોગરૂપ સ્તંભના અગ્રભાગે અધ્યાત્મરૂપી શ્વેત વાવટો મુકવામાં આવ્યો છે, તપરૂપ અનુકૂળ પવનમાંથી ઉત્પન્ન થયેલ સંવેગરૂપ વેગથી તે વૈરાગ્યરૂપ માર્ગે ચડેલું છે, તેવા ચારિત્રરૂપ વહાણને આશ્રિત થયેલા પ્રાજ્ઞ પુરૂષો સારી ભાવનારૂપ પેટીમાં શુભ ચિત્ત રૂપ રત્નને મુકી નિર્વિઘ્ને મોક્ષરૂપ નગરે પહોંચે છે. ૪૬-૪૭ ૪૮-૪૯-૫૦

વિશેષાર્થ—ગ્રંથકાર પ્રથમ સંસારને સમુદ્રનું રૂપક આપી, હવે તેને તરવાને માટે ચારિત્રને વહાણનું રૂપક આપી વર્ણવે છે. ચારિત્રરૂપી વહાણ તે સંસારરૂપ સમુદ્રને તરવાના ઉપાયરૂપ છે. વહાણને જેમ દ્રઢ બંધન હોય છે, તેમ ચારિત્રરૂપી વહાણને સમ્યકત્વરૂપી દ્રઢ બંધન છે. વહાણમાં જેમ ઘણાં પાટીઆં હોય છે, તેમ ચારિત્રરૂપી વહાણને શીલનાં અઢાર હજાર અંગરૂપ પાટીઆં હોય છે. જેમ વહાણને ચલાવનાર ખલાસી હોય છે, તેમ ચારિત્ર વહાણને જ્ઞાનરૂપ ખલાસી છે. જેમ વહાણનાં છિદ્રો બંધ કરવામાં આવે છે, તેમ ચારિત્રનાવનાં આશ્રવરૂપ છિદ્રો સંવરથી બંધ કરવામાં આવે છે. વહાણ જેમ ચારે તરફ ગુપ્તિથી રક્ષિત હોય છે, તેમ ચારિત્રનાવ ચારે તરફ પંચગુપ્તિઓથી રક્ષિત છે. જેમ વહાણમાં

આજળ મંડપ અને તેની બાજુ ઉપર બે ભૂમિકા (માળ) હોય છે, તેમ ચરિત્ર નાવમાં આચારરૂપ મંડપ છે, અને તેની ઉપર અપવાદ અને ઉત્સર્ગરૂપ બે ભૂમિકાઓ છે. જેમ વહાણ મજબૂત હોય તો, અસંખ્ય યોદ્ધાઓથી તેનું ધર્ષણ થઇ શકતું નથી, તેમ ચારિત્રનાવ સદાશય (સારા આશય) રૂપ અસંખ્ય યોદ્ધાઓથી ધર્ષણ કરી શકાય તેવું નથી. જેમ વહાણ ઉપર સ્તંભના અગ્રભાગે શ્વેત વાવટો ચડાવેલો હોય છે, તેમ ચારિત્ર નાવ ઉપર સદ્યોગરૂપ સ્તંભના અગ્રભાગે અધ્યાત્મરૂપ શ્વેત વાવટો ચડાવેલો છે. જેમ વહાણ અનુકૂળ પવનના વેગથી માર્ગે ચડેલું હોય છે, તેમ ચારિત્રનાવ તપરૂપી અનુકૂળ પવનના સંવેગરૂપી વેગથી વૈરાગ્યમાર્ગે ચડેલું છે. જેમ વહાણમાં માણસો પોતાની પેટીમાં રત્નો રાખી નિર્વિઘ્ને ધારેલ નગરે પહોંચેછે, તેમ પ્રાજ્ઞ પુરૂષો ચારિત્ર રૂપી નાવમાં બેસી સદ્ભાવના રૂપ પેટીમાં શુભચિત્ત રૂપ રત્નને રાખી, મોક્ષરૂપ નગરે નિર્વિઘ્ને પહોંચે છે. ૪૬—૪૭—૪૮ ૪૯–૫૦

ચારિત્રરૂપ નાવના ખબર જાણી તેને લુંટવાને કોણ આવે છે ?

यथा च मोहपद्वीशे लब्धव्यतिकरे सति ।
संसारनाटकोच्छेदाशंकापंकाविले मुहुः ॥ ५१ ॥
सज्जीकृतस्वीचन्नटे नावं दुर्बुद्धिनामिकाम् ।
श्रिते दुर्नीतिनौवृंदं रूढशेष न्नटान्विते ॥ ५२ ॥
आगच्छत्यथ धर्मेशन्नटौघे रणमंरुपम् ।
तत्त्वचिंतादिनाराचसज्जीभूते समाश्रिते ॥ ५३ ॥

मिथो लग्ने रणावेद्ये सम्यग्दर्शनमंत्रिणा ।।
मिथ्यात्वमंत्रिविषमा प्राप्यते चरमा दशा ।। ५५ ।।

ભાવાર્થ—તે ચારિત્ર નાવના ખબર સાંભળી મોહરૂપી પલ્લીપતિ કે જે આ સંસાર નાટકના ઉચ્છેદના શંકારૂપ કાદવથી વારંવાર વ્યાપ્ત છે. તે પોતાના સુભટોને સજજ કરી દુર્બુદ્ધિ નામની નાવિકા ઉપર બેસી દુર્નીતિ રૂપ નાવિકાઓના વૃંદ ઉપર આરૂઢ થયેલા બાકીના સુભટોને લઈ આવે છે. તે વખતે ધર્મરૂપી રાજાના સુભટોનો સમૂહ તેની સામે રણમંડપમાં આવે છે, તે રાજા તત્વચિંતા વગેરે બાણોથી સજજ થયેલા સુભટો સાથે રાખે છે, પછી પરસ્પર તેમની વચ્ચે રણસંગ્રામ થતાં સમ્યગ્ દર્શન રૂપ મંત્રી સામાવાળાના મિથ્યાત્વ રૂપી મંત્રીને છેલ્લી દશાએ પહોંચાડે છે. ૫૧–૫૨–૫૩–૫૪

વિશેષાર્થ—જેમ ચાંચીયા લોકો કોઇ વહાણના ખબર સાંભળી તેને લુંટવાને આવે છે, તેમ મોહરૂપી પલ્લીપતિ ચારિત્ર નાવના ખબર સાંભળી તેને લુંટવાને આવે છે. જેમ વહાણનો લુંટારો પલ્લીપતિ કાદવથી ખરડાએલો રહે છે, તેમ મોહરૂપી પલ્લીપતિ આ સંસાર રૂપી નાટકોનો ઉચ્છેદ થવાની શંકા રૂપ કાદવથી ખરડાએલો રહે છે. વહાણનો લુંટારો પોતાના સુભટોને વહાણ ઉપર બેસારી સજજ કરી લાવે છે, અને બાકીના સુભટોને બીજાં વહાણોમાં સાથે રાખે છે. તેમ મોહરૂપી પલ્લીપતિ પોતાના સુભટોને તૈયાર કરી દુર્બુદ્ધિનામની નાવિકા ઉપર બેસી આવે છે, અને બાકીના સુભટોને દુર્નીતિરૂપ નાવિકાઓના વૃંદ

ઉપર બેસારી સાથે લાવે છે. જેમ વહાણ ઉપર આવેલા લુંટારાઓને પોતાનું વહાણ બચાવવાને બીજો રાજા સામો થાય છે; અને પોતાના સુભટોને બાણોથી સજજ થયેલા સાથે લાવે છે, તેમ ચારિત્ર નાવનો બચાવ કરવાને ધર્મરૂપી રાજા પોતાના સુભટોને લઇ, તેની સાથે રણભૂમિમાં આવે છે; તેના સુભટો તત્ત્વચિંતા રૂપી બાણોથી સજજ થયેલા છે, પછી મોહ અને ધર્મની વચ્ચે યુદ્ધ થાય છે. જેમ રણસંગ્રામ થતાં પરસ્પર મંત્રીઓનું યુદ્ધ થાય છે, તેમ ધર્મરૂપી રાજાનો સમ્યગ્ દર્શન નામે મંત્રી છે. તે મોહ રાજાના મિથ્યાત્વ રૂપી મંત્રીને છેલ્લી દશામાં પહોંચાડે છે, એટલે તેનો નાશ કરે છે. ૫૧—૫૨—૫૩—૫૪

મોહરાજાના બાકીના સુભટોની ધર્મ રાજાના સુભટોએ કરેલી હાર.

लीलयैव निरुध्यंते कषायचरटा अपि ।
प्रशमादिमहायोधैः शीलेन स्मरतस्करः ॥५५॥

ભાવાર્થ—પ્રશમ વગેરે મોટા યોદ્ધાઓ કષાયરૂપી ચોરોને પણ લીલામાત્રમાં અટકાવી દેછે; અને શીલ કામદેવરૂપી ચોરને અટકાવે છે. ૫૫

વિશેષાર્થ—કષાય રૂપી ચોરોને પ્રશમ વગેરે યોદ્ધાઓ અટકાવે છે, અને શીલ કામદેવ રૂપ ચોરને અટકાવે છે. કહેવાનો આશય એવો છે કે, જયાં પ્રશમ વગેરે ગુણો હોય, ત્યાં કષાયો ટકી

શકતા નથી. અને જ્યાં શીલવ્રત હોય, ત્યાં કામદેવ ટકી શકતો નથી. ૫૫

हास्यादिषट्कलुंटाकवृंदं वैराग्यसेनया ।
निद्रादयश्च तार्क्ष्यंते श्रुतयोगादिभिर्भटैः ॥ ५६ ॥

ભાવાર્થ—હાસ્ય વગેરે છ લુંટારાના ટોળાને વૈરાગ્યની સેના મારે છે, અને શ્રુતયોગ વગેરે સુભટો નિદ્રાદિકને મારે છે. ૫૬

વિશેષાર્થ—હાસ્ય, રતિ વગેરે છ લુંટારાઓને વૈરાગ્યની સેના મારે છે, એટલે જ્યાં વૈરાગ્ય વગેરે હોય, ત્યાં હાસ્યાદિ છ લુંટારાઓ રહેતા નથી, અને શ્રુતયોગ વગેરે સુભટો નિદ્રાદિકને મારે છે, એટલે શ્રુત-શાસ્ત્રનો યોગ હોય તો, નિદ્રાદિ રહેતાં નથી. ૫૬

भटाभ्यां धर्मशुक्लाभ्यामार्त्तरौद्रानिधौ भटौ ।
निग्रहेणेंद्रियाणां च जीयतेऽागसंयमः ॥ ५७ ॥

ભાવાર્થ—ધર્મ અને શુકલ ધ્યાનરૂપ સુભટો આર્ત્ત અને રૌદ્ર ધ્યાનરૂપ સુભટોને જીતે છે, અને ઇંદ્રિયોનો નિગ્રહ તત્કાળ અસંયમને જીતીલે છે. ૫૭

વિશેષાર્થ—ધર્મ અને શુકલ ધ્યાનરૂપ સુભટો આર્ત્ત તથા રૌદ્ર ધ્યાનરૂપ સુભટોને જીતે છે, એટલે ધર્મ તથા શુકલ ધ્યાન ધ્યાવાથી આર્ત્ત અને રૌદ્ર ધ્યાન નાશ પામી જાય છે. અને ઇંદ્રિયોનો નિગ્રહ અસંયમને જીતીલે છે, એટલે ઇંદ્રિયોનો નિગ્રહ કરવાથી અસંયમ રહેતો નથી; પણ સંયમ રહે છે. ૫૭

ક્ષયોપશમનચક્ષુર્દર્શનાવરણાદયઃ ।
નશ્યત્યશાતસૈન્યં ચ પુણ્યોદયપરાક્રમાત્ ॥ ૫૮ ॥

ભાવાર્થ—ક્ષયોપશમ રૂપ સુભટ ચક્ષુર્દર્શનાવરણ વગેરે સુભટોને મારે છે, અને પુણ્યોદયનાં પરાક્રમથી અશાતાનું સૈન્ય નાશ પામે છે. ૫૮

વિશેષાર્થ—ક્ષયોપશમરૂપ સુભટ ચક્ષુર્દર્શનાદિક સુભટોને મારે છે, એટલે જ્યારે ક્ષયોપશમ પ્રાપ્ત થાય છે, ત્યારે ચક્ષુર્દર્શનાવરણીય પ્રમુખ નાશ પામે છે. અને પુણ્યોદયનાં પરાક્રમથી અશાતાનું સૈન્ય નાશ પામે છે, એટલે પુણ્યોદય થાય છે, ત્યારે અશાતા રહેતી નથી. ૫૮

છેવટે ધર્મરાજા મોહરાજાને મારે છે.

સહદ્વેષાજેંદ્રેણ રાગકેસરિણા તથા ।
સુતેન મોહનૃપોઽપિ ધર્મનૃપેન હન્યતે ॥ ૫૯ ॥

ભાવાર્થ—દ્વેષરૂપી ગજેંદ્ર અને રાગકેશરી પુત્ર સાથે મોહરાજાને પણ ધર્મરાજા હણી નાંખે છે. ૫૯

વિશેષાર્થ—છેવટે મોહરાજાને તેના દ્વેષરૂપી ગજેંદ્ર અને રાગ કેશરીરૂપ પુત્ર સાથે ધર્મરાજા મારે છે. એટલે ધર્મરાજાનો વિજય થાય છે. જ્યાં ધર્મરાજાનું પ્રબળ હોય, ત્યાં રાગ, દ્વેષ અને મોહ રહેતા નથી. ૫૯

તે પછી ચારિત્રધારી સાધુરૂપ વેપારીઓ કૃતાર્થ થાય છે.

ततः प्राप्तमहानंदा धर्मभूपप्रसादतः ।
यथा कृतार्था जायंते साधवो व्यवहारिणः ॥ ६० ॥

ભાવાર્થ—તેમ થયા પછી ધર્મરાજાના પ્રસાદથી જેમને મહાન્ આનંદ પ્રાપ્ત થયો છે, એવા સાધુરૂપી વ્યાપારીઓ કૃતાર્થ થાય છે. ૬૦

વિશેષાર્થ—તેમ થયા પછી એટલે જ્યારે, ધર્મધ્યાને મોહરાજાને માર્યો, ત્યારે ધર્મરાજાના પ્રસાદથી જેમને મહાન્ આનંદ પ્રાપ્ત થયો છે, એવા સાધુરૂપ વ્યાપારીઓ કૃતાર્થ થાય છે. એટલે જેમ વહાણવટી વેપારીઓ કોઇ રાજાની સહાયથી લુંટારાઓનો નાશ થતાં કૃતાર્થ થાય છે,તેમ ધર્મધ્યાનના પ્રસાદથી સાધુરૂપ વ્યાપારીઓ આનંદ પામી કૃતાર્થ થાય છે. ૬૦

ધર્મધ્યાન કરનારાએ પછી શું ચિંતવવું જોઇએ ?

विचिंतयेत्तथा सर्वं धर्मध्यानानिवेदधीः ।
ईदृगन्यदपि न्यस्तमर्थजातं यदागमे ॥ ६१ ॥

ભાવાર્થ—ધર્મધ્યાન ઉપર જેની બુદ્ધિ આરોપિત થઇ છે, એવા પુરૂષે આગમને વિષે એના જેવા બીજા અર્થોના સમૂહ આરોપિત કરેલ છે, તે સર્વને તથારીતે ચિંતવવા. ૬૧

વિશેષાર્થ—ધર્મધ્યાન ઉપર જેની બુદ્ધિ લાગેલી છે, એવા પુરૂષે બીજા એના જેવા આગમને વિષે રહેલા પદાર્થોનું ચિંતવન કરવું. ૬૧

ધર્મધ્યાનનો ધ્યાતા કેવો હોવો જોઇએ?

मनसश्चेंद्रियाणां च जयाद्यो निर्विकारधीः ।
धर्मध्यानस्य स ध्यांता शांतो दांतः प्रकीर्त्तितः ॥ ६२ ॥

ભાવાર્થ—મન અને ઇંદ્રિયોનો જય કરવાથી જે નિર્વિકાર બુદ્ધિવાળો, શાંત, અને દાંત છે, તે ધર્મધ્યાનનો ધ્યાતા કહેલો છે. ૬૨

વિશેષાર્થ—ધર્મધ્યાનનો ધ્યાતા પુરૂષ મન અને ઇંદ્રિયોનો જય કરવાથી નિર્વિકારી બુદ્ધિવાળો હોયછે, એટલે જ્યારે મન અને ઇંદ્રિયોનો જય થાયછે, ત્યારે બુદ્ધિ નિર્વિકારી બને છે. તેમ વળી તે પુરૂષ શાંત અને ઇંદ્રિયોનું દમન કરનારો હોયછે. ૬૨

જે સ્થિતપ્રજ્ઞનું લક્ષણ પરદર્શનીઓ કહેછે, તે બધું તેમાં ઘટેછે.

परैरपि यदिष्टं च स्थितप्रज्ञस्य लक्षणम् ।
घटते ह्यत्र तत्सर्वं तथा चेदं व्यवस्थितम् ॥ ६३ ॥

ભાવાર્થ—અન્યદર્શનીઓએ પણ જે સ્થિતપ્રજ્ઞ પુરૂષનું લક્ષણ કહેલું છે, તે સર્વ અહિં ઘટે છે, અને અહિં તેની વ્યવસ્થા કરેલી છે. ૬૩

વિશેષાર્થ—જે અન્યદર્શનીઓએ સ્થિતપ્રજ્ઞ પુરૂષનું લક્ષણ પોતાના આગમમાં કહેલું છે, તે સર્વ અહિં ઘટેછે, અને તેની વ્યવસ્થા અહિં કરેલી છે. ૬૩

સ્થિતપ્રજ્ઞ કોને કહેવો ? તે કૃષ્ણે ગીતામાં અર્જુનને કહેલ છે.

प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मसंतुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ ६४ ॥

ભાવાર્થ—હે અર્જુન ! જે પુરૂષ જ્યારે સર્વ મનોગત એવા કામને છોડી દેછે, અને પોતાના આત્માને વિષે સંતુષ્ટ રહેછે, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ૬૪

વિશેષાર્થ—કૃષ્ણ અર્જુનને કહેછે. હે અર્જુન ! જ્યારે પુરૂષ પોતાના મનની અંદર રહેલા મનોરથોને છોડી દે, અર્થાત્ નિષ્કામ વૃત્તિએ રહે, અને પોતાના આત્માને વિષેજ સંતુષ્ટ થઈને રહે, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ૬૪

दुखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ६५ ॥

ભાવાર્થ—દુઃખોમાં જેનું મન ઉદ્વેગ ન પામે, સુખોમાં જે નિઃસ્પૃહ રહે. અને રાગ, ભય અને ક્રોધ જેના નાશ પામે, તે સ્થિતપ્રજ્ઞ મુનિ કહેવાય છે. ૬૫

વિવેચનાર્થ—જે મુનિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે, તેનું મન દુઃખોમાં ઉદ્વેગ વાળું રહે છે. તે હમેશાં સુખોમાં નિઃસ્પૃહ રહે છે, એટલે દુઃખમાં ઉદ્વગ અને સુખમાં સ્પૃહા તેને હોતી નથી, તેમ તેનામાં રાગ, ભય અને ક્રોધ હોતાં નથી. ૬૫

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनदति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६६ ॥

ભાવાર્થ—જે સર્વત્ર સ્નેહ રાખે નહીં, અને જે શુભ કે અશુભ પ્રાપ્ત કરી, તે પર ખુશી થાય નહીં, તેમ દ્વેષ કરે નહીં, તેની બુદ્ધિ સ્થિત કહેવાય છે. ૬૬

વિવેચનાર્થ—જેને સર્વત્ર સ્નેહ હોતો નથી, એટલે કોઇ પર જેની આસક્તિ હોતી નથી. તેમ જે શુભ મેળવીને હર્ષ પામે નહીં, અને અશુભ મેળવીને નાખુશ થાય નહીં, તેની પ્રજ્ઞા સ્થિત છે, એટલે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ૬૬

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६७ ॥

ભાવાર્થ—કાચબો જેમ પોતાનાં અંગોને સર્વ રીતે સંકોચે, તેમ જ્યારે જે ઇંદ્રિયોને વિષયોમાંથી સંકોચે, ત્યારે તેની પ્રજ્ઞા-સ્થિત કહેલી છે. ૬૭

વિશેષાર્થ—જેમ કચ્છપો પોતાના શરીરના અવયવોમાં સર્વ રીતે ચકિત થે, તેમ જ્યારે મુનિ પોતાની ઇંદ્રિયોમાં વિષયોથી ચકિત થે, એટલે વિષયોથી નિવૃત્ત કરે, ત્યારે તે સ્થિત પ્રજ્ઞ કહેવાય છે. ૬૭

સિદ્ધનો જે સ્વભાવ તેજ સાધકની યોગ્યતા છે.

शांतो दांतो नमेदृङ्गात्मारामतया स्थितः ।
सिद्धस्य हि स्वभावो यः सैव साधकयोग्यता ॥ ६८ ॥

ભાવાર્થ—શાંત, દાંત, અને એવા આત્મારામપણે રહેલો જે સિદ્ધનો સ્વભાવ છે, તેજ સાધકની યોગ્યતા છે. ૬૮

વિશેષાર્થ—સિદ્ધનો સ્વભાવ શાંત એટલે શાંતિવાળો, દાંત એટલે ઇંદ્રિયોને દમન કરનારો, અને આત્મારામપણે રહેલો છે. એટલે પોતાના આત્માની અંદરજ આરામ પામી રહેલો છે, આવો જે સિદ્ધનો સ્વભાવ તેજ સાધકની યોગ્યતા છે. એટલે જ્યારે એવો સ્વભાવ પ્રાપ્ત થાય, ત્યારે સાધક ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત કરી શકેછે. તેથી ઉપર કહેલ સ્વભાવ પ્રાપ્ત કરવો જોઈએ. ૬૮

શુકલ ધ્યાનના ધ્યાતા કેવા થઇ શકે છે?

ध्यातायमेव शुक्लस्याप्रमत्तः पादयोर्द्वयोः ।
पूर्वविद् योग्ययोगीव केवली परयोस्तयोः ॥ ६९ ॥

ભાવાર્થ—શુકલ ધ્યાનના બે પાયાનો ધ્યાતા પુરૂષ અપ્રમત્ત હોઇ પૂર્વધર યોગી હોય, અથવા અયોગી પણ કેવળીપણે હોવા પછી, બાકીના બે પાયાનો ધ્યાતા થાય છે. ૬૯

વિશેષાર્થ—શુકલ ધ્યાનના બે પાયાનો ધ્યાતા પુરૂષ જો પ્રમાદ રહિત હોય તો, તે પૂર્વધર યોગી ગણાય છે. અથવા અયોગી પણ કેવળીપણે હોવા પછી,બાકીના બે પાયાનો ધ્યાતા થાયછે.૬૯

ધ્યાનનો ઉપરમ થાય તોપણ, અનિત્યતા વગેરે ભાવના ભાવવી.

अनित्यत्वाद्यनुप्रेक्षा ध्यानस्योपरमेऽपि हि ।
जावयेन्नित्यमत्रांतः प्राणा ध्यानस्य ताःखलु ॥ ७० ॥

ભાવાર્થ—ધ્યાનનો ઉપરમ થાય તોપણ, નિત્યે અનિત્યતાદિ ભાવના ભાવવી. કારણકે, તે ભાવના ધ્યાનના પ્રાણરૂપ છે. ૭૦

વિશેષાર્થ—ધ્યાનનો ઉપરમ થાય, એટલે જ્યારે ધ્યાન વિરામ કરવામાં આવે, ત્યારે પણ અનિત્યતા વગેરે બાર ભાવનાઓ ભાવવી. તે ભાવનાઓ ધ્યાનનાં પ્રાણરૂપ છે, એટલે ધ્યાનનું જીવન છે. જો ભાવનાઓ ભાવવામાં ન આવે તો ધ્યાન કરી શકાતું નથી. ૭૦

ધ્યાનના સંબંધમાં ત્રણ લેશ્યાઓ કહે છે.

तीव्रादिज्ञेदजाजः स्युर्लेश्यास्तिस्र इहोत्तरा ।
लिंगान्यत्रागमश्रद्धा विनयः सद्गुणस्तुतिः ॥ ७१ ॥

ભાવાર્થ—અહિં ઉત્તરકાળે તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ એવી ત્રણ લેશ્યાઓ થાય છે, આગમ ઉપર શ્રદ્ધા, વિનય અને સદ્‌ગુણોની સ્તુતિ કરવી, એ તેમનાં લિંગો છે. ૭૧

વિશેષાર્થ—અહિં ઉત્તર કાળે એટલે એ ધર્મ ધ્યાનને ઉત્તર કાળે તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ એવી ત્રણ લેશ્યાઓ થાય છે. તે લેશ્યાઓનાં ત્રણ લિંગો-ચિન્હો છે. શાસ્ત્ર ઉપર શ્રદ્ધા વિનય અને સદ્ગુણોની સ્તુતિ કરવી તે ત્રણ લેશ્યાના એ ત્રણ ગુણો છે. ૭૧

ધર્મ ધ્યાન કરનારને પુણ્યાનુબંધી સ્વર્ગનું ફળ પ્રાપ્ત થાય છે.

शीलसंयमयुक्तस्य ध्यायतो धर्ममुत्तमम् ।
स्वर्गप्राप्तिफलं प्राहुः प्रौढपुण्यानुबंधनम् ॥ ७२ ॥

ભાવર્થ—શીલ તથા સંયમથી યુકત થઇ, ધર્મધ્યાન કરનારાને પ્રૌઢ એવા પુણ્યને અનુબંધ કરનાર સ્વર્ગની પ્રાપ્તિ થવારૂપ ફળ મળે છે, એમ કહે છે. ૭૨

વિશેષાર્થ—શીલ તથા સંયમથી યુકત થઈ ધર્મધ્યાન કરનારને પ્રૌઢ પુણ્યાનુબંધી એવું સ્વર્ગ પ્રાપ્તિનું ફળ પ્રાપ્ત થાયછે. એટલે શીલ પાળી તથા સંયમને ધારણ કરી, ધર્મ ધ્યાન કરનારા મુનિને પુણ્યાનુબંધી એવું સ્વર્ગ પ્રાપ્તિનું ફળ મળે છે. ૭૨

શુકલ ધ્યાનનું સ્વરૂપ.

ध्यायेच्छुक्लमथ क्षांतिमृदुत्वाजीवमुक्तिज्ञिः ।
द्वयस्थोऽणौ मनो धृत्वा व्यपनीयमनोजितः ॥ ७३ ॥

ભાવાર્થ—છદ્મસ્થ પણે પોતાના મનને જીતી લેમે આત્માને વિષે ધારણ કરી, ક્ષમા, કોમળતા અને જીવનમુક્ત પણા વડે શુક્લ ધ્યાન ધાવું. ૭૩

વિશેષાર્થ—શુક્લ ધ્યાન ધ્યાવામાં કેવીરીતે વર્તવું જોઈએ? એ ગ્રંથકાર આશ્લોકથી દર્શાવે છે. છદ્મસ્થ પણામાં રહેલા જીવે શુક્લ ધ્યાન ધરતાં પ્રથમ મનને આત્માને વિષે જોડી દેવું. સે મનને રાગ દ્વેષને જીતી વશ કરવું કે, જેથી તે મન આત્માને વિષે સ્થિર રહી શકે. વળી શુક્લ ધ્યાન ધ્યાતી વખતે ત્રણ ગુણો ધારણ કરવા. પ્રથમ ક્ષમા રાખવી, બીજે ગુણ કોમળતા રાખવી, અને ત્રીજે ગુણ જીવનમુક્ત થવું. એ ત્રણ ગુણોથી શુક્લ ધ્યાન કરી શકાય છે. ૭૩

શુક્લ ધ્યાનના ચાર પ્રકાર માંહેલા પ્રથમ પ્રકારનું સ્વરૂપ.

सवितर्कं सविचारं सपृथक्त्वं तदादिमम् ।
नानानयाश्रितं तत्र वितर्कपूर्वकश्रुतम् ॥ ७४ ॥
अर्थव्यंजनयोगानां विचारोऽन्योन्यसंक्रमः ।
पृथक्त्वं द्रव्यपर्यायगुणांतरगतिः पुनः ॥ ७५ ॥
त्रियोगयोगिनः साधोर्वितर्काद्यन्वितं ह्यदः ।
ईषच्चलत्तरंगाब्धेः क्षीणाशावदशानिजम् ॥ ७६ ॥

ભાવાર્થ—સવિતર્ક, સવિચાર, સપૃથક્ત્વ નામે શુક્લ ધ્યાનનો પહેલો પ્રકાર છે. એટલે પહેલો પાયો છે. સે વિવિધ પ્રકારના

નયને આશ્રિત છે. તેમાં વિતર્ક પૂર્વક શાસ્ત્ર પ્રાપ્ત છે. અર્થ, વ્યંજનના યોગનો પરસ્પર સંક્રમવાળો તેમાં વિચાર છે. અને દ્રવ્ય પર્યાય ગુણની અંતર ગતિનું પૃથક્પણું છે. એવી રીતે સવિતર્ક, સવિચાર અને સપૃથકત્વ એવું તે પ્રથમ શુકલ ધ્યાન મન, વચન અને કાયાના યોગવાળા મુનિને પ્રાપ્ત થાય છે. તે વિતર્ક વગેરેથી મુક્ત હોવાથી જેના તરંગો જરા ચળાયમાન થયેલા એવા સમુદ્રના ક્ષોભના અભાવની દશા જેવું તે ધ્યાન છે. ૭૪-૭૫-૭૬

વિશેષાર્થ—શુકલ ધ્યાનનો પહેલો પાયો સવિતર્ક, સવિચાર, સપૃથકત્વ છે. તે ધ્યાનમાં વિવિધ પ્રકારના નયને આશ્રિને શાસ્ત્રના વિતર્કો કરવામાં આવે છે; તેથી તે સવિતર્ક છે. અર્થ તથા વ્યંજનોના યોગનો પરસ્પર સંક્રમ થવાનો વિચાર કરવામાં આવે છે, તેથી તે સવિચાર છે. અને દ્રવ્યપર્યાય તથા બીજા ગુણોના અંતરની ભિન્નતા જોવામાં આવે છે; તેથી તે સપૃથકત્વ છે. મન, વચન અને કાયાના યોગવાળા મુનિને વિતર્કાદિ સહિત તે ધ્યાન પ્રાપ્ત થાય છે. જેના તરંગો જરા ચળાયમાન છે, એવા સમુદ્રની ક્ષોભના અભાવવાળી જેવી દશા હોય, તેવી દશા આ ધ્યાનની છે. ૭૪ ૭૫-૭૬

શુકલ ધ્યાનના બીજા પાયાનું સ્વરૂપ.

एकत्वेन वितर्केण विचारेण च संयुतम् ।
निर्वातस्थप्रदीपाभं द्वितीयं त्वेकपर्ययम् ॥ ७७ ॥

ભાવાર્થ—એકત્વ વિતર્ક વિચાર નામે શુકલ ધ્યાનનો બીજો પ્રકાર—પાયો છે. એક પર્યાયવાળો તે પાયો પવન વગરના દીવા જેવું ધ્યાન છે. ૭૭

વિશેષાર્થ—એકત્વ વિતર્ક વિચાર નામે શુકલ ધ્યાનનો બીજો પાયો છે. તે ધ્યાનમાં એકજ પર્યાય છે, અને તેની સ્થિતિ પવન વગરના દીવાના જેવી સ્થિર છે. ૭૭

શુકલ ધ્યાનના ત્રીજા પાયાનું સ્વરૂપ.

सूक्ष्मक्रियानिवृत्ताख्यं तृतीयं तु जिनस्य तत् ।
अर्द्धरुद्धांगयोगश्च रुद्धयोगे द्वयस्य च ॥ ७८ ॥

ભાવાર્થ—સૂક્ષ્મ ક્રિયા નિવૃત્ત નામે શુકલ ધ્યાનનો ત્રીજો પાયો છે. તે કેવળીને હોય છે. તેમાં બાદરકાય યોગને અર્ધ રૂંધવામાં આવે છે, અને મન તથા વચન એ બે યોગને સર્વ રીતે રૂંધવામાં આવે છે. ૭૮

વિશેષાર્થ—સૂક્ષ્મ ક્રિયા નિવૃત્ત નામે શુકલ ધ્યાનનો ત્રીજો પાયો છે. એ ધ્યાન કેવળીનેજ હોઇ શકે છે. બીજાને હોઈ શકતું નથી. તે ધ્યાનમાં બાદરકાય યોગને અર્ધ રીતે રૂંધવામાં આવે છે, અને મન તથા વચન એ બે યોગને પૂરી રીતે રૂંધવામાં આવે છે. અર્થાત્ સૂક્ષ્મ ક્રિયા નિવૃત્ત નામના શુકલ ધ્યાનમાં મનોયોગ અને વચન યોગ પૂરા, અને કાળયોગ અર્ધો રૂંધવામાં આવે છે. ૭૮

ચતુર્વિધ શુકલ ધ્યાનનાં ચારે પાયાના ફળ.

एतच्चतुर्विधं शुक्लध्यानमत्र द्वयोःफलम् ।
आद्ययोः सुरलोकाप्तिरंत्ययोस्तु महोदयः ॥ ७९

ભાવાર્થ—એ ચાર પ્રકારનાં શુકલ ધ્યાનના પહેલા બે પાયાનું ફળ સ્વર્ગલોકની પ્રાપ્તિ છે, અને છેલ્લા બે પાયાનું ફળ મોક્ષ છે ૭૯

વિશેષાર્થ—શુકલ ધ્યાનના પહેલા બે પાયાનું ફળ સ્વર્ગ લોકની પ્રાપ્તિ છે. એટલે શુકલ ધ્યાનના પહેલા બે પાયાનું ધ્યાન ધરતાં કાળ કરે તો, સ્વર્ગલોક મળે છે, અને છેલ્લા બે પાયાનું ફળ મોક્ષ છે. એટલે છેલ્લા બે પાયાનું ધ્યાન ધરતાં કાળ થાય તો, મોક્ષની પ્રાપ્તિ થાય છે. ૭૯

શુકલ ધ્યાન ઉપરામ થયા પછી શું કરવું?

आश्रवापायसंसारानुभवंभवसंततीः ।
अर्थे विपरिणामं वानुपश्येच्छुक्लविश्रमे ॥ ८० ॥

ભાવાર્થ—શુકલ ધ્યાનનો ઉપરામ થતાં આશ્રવનો નાશ, સંસારના અનુભવ, સંસારની પરંપરા અને પદાર્થને વિષે આત્માનો વિપરિણામ જોવો. ૮૦

વિશેષાર્થ—જ્યારે શુકલ ધ્યાન વિશ્રામ પામે છે, ત્યારે આશ્રવનો નાશ, સંસારનો અનુભવ, સંસારની પરંપરા અને અન્ય પદાર્થને વિષે આત્માનો વિપરિણામ-વિપરીત પરિણામ જોવાં; એટલે તે સંબંધી વિચાર કરવા. ૮૦

શુકલ ધ્યાનના ચારે પાયામાં લેશ્યાની પ્રવૃત્તિ કેવી રીતેછે?

द्वयोः शुक्ला तृतीये च लेश्या सा परमा मता ।
चतुर्थशुक्ली जेदस्तु लेश्यातीतः प्रकीर्त्तितः ॥ ८१ ॥

ભાવાર્થ—શુકલ ધ્યાનના પહેલા બે પાયામાં શુકલ લેશ્યા અને ત્રીજા પાયામાં ઉત્કૃષ્ટ એવી શુકલ લેશ્યા અને ચોથો પાયો લેશ્યાથી અતીત છે, એટલે તેમાં લેશ્યા જ થતી નથી. ૮૧

વિશેષાર્થ—શુકલ ધ્યાનના ચાર પાયા છે. તેમાં પહેલાબે પાયામાં શુકલ લેશ્યા અને ત્રીજા પાયામાં ઉત્કૃષ્ટ શુકલ લેશ્યા થાય, અને ચોથા પાયામાં કોઇ જાતની લેશ્યા ઉત્પન્ન થતીજ નથી. ૮૧

શુકલ ધ્યાનવાળાનાં ચિન્હો.

लिंगं निर्मलयोगस्य शुक्लध्यानवतोऽवधः ।
असंमोहो विवेकश्च व्युत्सर्गश्चाभिधीयते ॥ ८२ ॥

ભાવાર્થ—નિર્મલ યોગવાળા શુકલ ધ્યાનવાળાનાં અહિંસા, અસંમોહ, વિવેક અને ત્યાગ બુદ્ધિ રૂપ ચિન્હો કહેલાં છે. ૮૨

વિશેષાર્થ—શુક્લ ધ્યાનવાળા પુરૂષને યોગ નિર્મળ હોયછે. તેનામાં હિંસક બુદ્ધિ હોતી નથી. તેનામાં સંમોહ હોતો નથી. તેનામાં વિવેક અને ત્યાગ કરવાની બુદ્ધિ હોયછે, આ શુકલ ધ્યાનવાળાનાં ચિન્હો છે. એટલે જે શુકલ ધ્યાન કરનારો હોય, તે નિર્મળ યોગવાલો, અહિંસક, મોહરહિત, વિવેકી અને ત્યાગી હોય છે. ૮૨

શુકલધ્યાની પુરૂષ કેમ વર્તે છે ?

अबंधाद्युपसर्गेभ्यः कंपते न विन्नेति च ।
असंमोहान्न सूक्ष्मार्थे मायास्वपि न मुह्यति ॥ ८३ ॥

विवेकात्सर्वसंयोगाद्भिन्नमात्मानमीक्षते ।
देहोपकरणासंगो व्युत्सर्गाज्जायते मुनिः ॥ ८५ ॥

ભાવાર્થ—શુકલ ધ્યાની મુનિ અબંધને લઈને ઉપસર્ગોથી કંપાતો નથી, અને બ્હીતો નથી. સંમોહના અભાવને લઈને સૂક્ષ્મ અર્થમાં અને માયામાં મોહ પામતો નથી. વિવેકને લઈને પોતાના આત્માને સર્વ સંયોગથી ભિન્ન જુએ છે. અને વ્યુત્સર્ગને લઈને દેહ તથા ઉપકરણમાં આસક્તિ વગરનો રહે છે. ૮૩-૮૪

વિશેષાર્થ—શુકલધ્યાની પુરૂષની અંદર અબંધ, અસંમોહ, વિવેક અને વ્યુત્સર્ગ એ ચાર ગુણો ઉત્પન્ન થાય છે, તે અબંધ એટલે કોઇ જાતના બંધના અભાવને લઈને ઉપસર્ગોથી કંપતો નથી, તેમજ ભય પામતો નથી. બીજા અસંમોહ એટલે મોહના અભાવને લઈને તે સૂક્ષ્મ અર્થમાં અને માયામાં મુંઝાતો નથી. ત્રીજા વિવેક ગુણને લઈને પોતાનો આત્મા સર્વ પ્રકારના સંયોગથી ભિન્ન છે.-જુદો છે, એમ તે માને છે, અને ચોથા વ્યુત્સર્ગ એટલે ત્યાગના ગુણને લઈને તે દેહ તથા સર્વ ઉપકરણમાં આસક્તિ વગરનો થાય છે. ૮૩-૮૪

આ ધ્યાનનો ક્રમ જાણવાથી પુરૂષ સંપૂર્ણ અધ્યાત્મનો વેત્તા થાય છે.

एतद् ध्यानक्रमं शुद्धं मत्वा जगवदाज्ञया ।
यः कुर्यादेतदभ्यासं संपूर्णाध्यात्मविद्भवेत् ॥ ८५ ॥

અધિકાર ૧૭ મો.

ધ્યાનસ્તુત્ય ધિકાર.

કેવું ધ્યાન સેવવું ?

यत्र गच्छति परं परिपाकं पाकशासनपदं तृणकल्पम् ।
स्वप्रकाशसुखबोधमयं तद्ध्यानमेव भवनाशि भजध्वम् ॥१॥

ભાવાર્થ—જે ધ્યાન પરમ પરિપાકને પામતાં ઇંદ્રનું પદ પણ તૃણવત્ લાગે છે, તેવા સ્વપ્રકાશક, સુખરૂપ, બોધમય અને સંસારને નાશ કરનારા ધ્યાનનું સેવન કરો. ૧

વિશેષાર્થ—સોળમા અધિકારમાં ધ્યાનનું સ્વરૂપ કહી, હવે આ ધ્યાન સ્તુતિ નામના સત્તરમા અધિકારનો આરંભ કરેછે. આ અધિકારમાં ધ્યાનની સ્તુતિ કરવામાં આવી છે. જ્યારે આત્માના સ્વરૂપનો નિશ્ચય કરવામાં આવે, તે પહેલાં ધ્યાન જાણવાની આવશ્યકતા છે. કારણ કે, ધ્યાન કરવાની વસ્તુ આત્મસ્વરૂપ છે; તેથી પ્રથમ ગ્રંથકાર આ શ્લોકથી ધ્યાનનું સેવન કરવાની સૂચના કરે છે. જેમને આત્મસ્વરૂપનો નિશ્ચય કરવો હોય, તેમણે પ્રથમ ધ્યાનનું સેવન કરવું જોઇએ. તે ધ્યાન કેવું હોવું જોઇએ ? જ્યારે તે

ધ્યાન પરિપાક અવસ્થાને પામે, એટલે ધ્યાન કરવાનું સંપૂર્ણ જ્ઞાન થાય, ત્યારે તે ધ્યાતાને એવી ઉચ્ચતા પ્રાપ્ત થાય છે કે, જેથી તેને ઇંદ્રપદ પણ તૃણવત્ લાગે છે. તેમ વળી એ ધ્યાન સ્વ પ્રકાશક છે, એટલે સ્વ સ્વરૂપને દર્શાવનારૂં છે, તે સાથે સુખબોધમય છે. આવું ધ્યાન આ સંસારના જન્મ-મરણને નાશ કરનારૂં છે. આ-ધ્યાનનું સર્વદા સેવન કરવું જોઈએ, જેથી મનુષ્યને પોતાના આ-ત્મસ્વરૂપનો નિશ્ચય થાય છે. ૧

તેવો ધ્યાની પુરૂષ તૃપ્તિ પામી ફરીવાર રાગને પામતો નથી.

आतुरैरपि जडैरपि साक्षात् सुत्यजा हि विषया न तु रागः।
ध्यानवांस्तु परमद्य निदर्शी तृप्तिमाप्य न तमृच्छति भूयः ॥३॥

ભાવાર્થ—આતુર અને જડ એવા પુરૂષોને સાક્ષાત્ વિષયો ત્યજવા સહેલા છે, પણ રાગ ત્યજવો સહેલો નથી; પણ જે ધ્યાની પુરૂષ છે, તે ઉત્કૃષ્ટપણે પરમાત્માનું દર્શન કરનાર છે, તેથી તે તૃપ્તિને પામી ફરીવાર રાગને પામતો નથી. ૨

વિશેષાર્થ—આ જગતમાં જે પુરૂષો આતુર અને જડ જેવાં છે, તે પુરૂષો પણ સાક્ષાત્ વિષયોને સ્હેલાઈથી ત્યજી શકેછે; પણ તેઓને રાગ ત્યજી દેવો સ્હેલો નથી. અર્થાત્ વિષયોનો ત્યાગ થઇ શકે, પણ રાગનો ત્યાગ થવો મુશ્કેલ છે. પણ જે ઉત્કૃષ્ટ પણે ધ્યાન કરનારો છે, તે રાગને એવી રીતે ત્યજીદે છે, કે જેથી ફરીવાર

તેને રાગની પ્રાપ્તિ થતી નથી. એટલે તેનામાં રાગની ઇચ્છા ઉદ્ભવતી નથી. તેનું શું કારણ છે? તે દર્શાવે છે. તે ધ્યાની પુરૂષ પરમાત્માનું દર્શન કરી શકેછે. જ્યારે પરમાત્માનું દર્શન થયું, એટલે તેનામાં તૃપ્તિ થઈ આવેછે. એ તૃપ્તિને લઈને તેને પુનઃ રાગ કરવાની ઇચ્છા થતી નથી. કારણ કે, રાગ અતૃપ્ત પુરૂષમાં જ પ્રવેશ કરેછે. ૨

ધ્યાની પુરૂષને જાગ્રત અને સુષુપ્તિ અવસ્થા કયારે થાયછે?

या निशा सकलभूतगणानां
ध्यानिनो दिनमहोत्सव एषः ।
यत्र जाग्रति च तेऽज्ञिनिविष्टा
ध्यानिनो भवति तत्र सुषुप्तिः ॥ ३ ॥

ભાવાર્થ—સર્વ પ્રાણીઓની જે રાત્રિ છે, તે ધ્યાની પુરૂષને દિવસનો મહોત્સવ છે. અને તે વિષયના આવેશવાળાં પ્રાણીઓ જેમાં જાગે છે, તે ધ્યાની પુરૂષને સુષુપ્તિ અવસ્થા છે. ૩

વિવેચાર્થ—સર્વ પ્રાણીઓની જે રાત્રિ છે, તે ધ્યાની પુરૂષને દિવસનો મહોત્સવ છે. એટલે જ્યારે સર્વ પ્રાણીઓ નિશામાં નિદ્રા તથા પ્રમાદમાં પડી રહે છે, તે વખતે ધ્યાની પુરૂષ જાગે છે. અને વિષયના આવેશવાળાં પ્રાણીઓ જેમાં જાગે છે, તે ધ્યાની પુરૂષને સુષુપ્તિ અવસ્થા છે. એટલે જ્યારે સંસારી જીવ વિષય સેવન કરવામાં પ્રવર્ત્તે છે, તે વખતે ધ્યાની પુરૂષ સુષુપ્તિ અવસ્થામાં

સ્હે છે, અર્થાત્ સંસારી જીવોની પ્રવૃત્તિ તે ધ્યાનીની નિવૃત્તિ, અને તેમની નિવૃત્તિ એ ધ્યાનીની પ્રવૃત્તિ છે. ૩

પરમાર્થનું મૂળ કારણ ધ્યાનજ છે.

संप्लुतोदक इवांबुजलानां सर्वतः सकलकर्मफलानाम् ।
सिद्धिरस्ति खलु यत्र तदुच्चैर्ध्यानमेव परमार्थनिदानम्॥४॥

ભાવાર્થ—જેમ કુવાના જળની સિદ્ધિ તેની આવકના ઝરણાંમાં છે, તેમ સકળ કર્મોના ફળની સિદ્ધિ જેમાં ઉંચે પ્રકારે રહેલી છે, એવું ધ્યાનજ પરમાર્થનું મૂળ કારણ છે. ૪

વિશેષાર્થ—આ જગત્માં પ્રાણી જેટલાં કર્મો કરે છે, તે સર્વ કર્મનાં ફળની સિદ્ધિ ધ્યાનમાં રહેલી છે, એટલે બધી જાતનાં કર્મો ધ્યાન કરવાથી સફળ થાય છે. તે ઉપર દૃષ્ટાંત આપે છે, કુવાના બધા પાણીની સિદ્ધિ તેની અંદર જળની આવકની નીક ઉપર રહેલી છે, તેમ કર્મ ફળની સિદ્ધિ ધ્યાન ઉપર રહેલી છે. જળની આવકની નીકો બંધ થાય તો, કુવામાં જળ ભળતું નથી; તેમ જો ધ્યાન ન હોય તો સત્કર્મ ગમે તેટલાં કરે, તો પણ તેનું ફળ પ્રાપ્ત થતું નથી. ૪

ધ્યાની પુરૂષ આત્મામાંજ લીન થાય છે, તેથી તે કષાયોથી બંધાતો નથી.

बध्यते नहि कषायसमुत्थैर्मानसैर्नमितनूपनमद्भिः ।
अत्यनिष्ठविषयैरपि दुःखैर्ध्यानवान्निजतमात्मनि लीनः॥५॥

ભાવાર્થ—આત્માને વિષે અત્યંત લીન થયેલો ધ્યાની પુરૂષ જેમણે રાજાઓને નમાવ્યા છે, એવા કષાયમાંથી ઉત્પન્ન થયેલા માનસિક અતિ અનિષ્ટ વિષયોથી અને દુઃખોથી બંધાતો નથી. ૫

વિશેષાર્થ—આ જગત્માં જીવને બંધન કરનાર વિષયો અને દુઃખો છે, તેઓ ચાર કષાયમાંથી ઉત્પન્ન થાય છે, અને તે એવા બળવાન્ છે કે, જેઓ રાજાને પણ નમાવીદે છે; અને મનમાંથી ઉત્પન્ન થાય છે. એવા અતિ અનિષ્ટ વિષયો અને દુઃખો ધ્યાની પુરૂષને બાંધી શકતા નથી. અર્થાત્ ધ્યાની પુરૂષ તેવા વિષયોથી અને દુઃખોથી બંધાતો નથી. કારણ કે, તે આત્માને વિષે અત્યંત લીન થયેલો છે. ૫

જ્યાંસુધી નાસ્તિક ભાવ પ્રગટ થયો ન હોય, ત્યાંસુધી એ ધ્યાન મોક્ષને આપનારૂં છે.

स्पष्टदृष्टसुखसंभृतमिष्टं ध्यानमस्तु शिवशर्मगरिष्ठम् ।
नास्तिकस्तु निहतो यदि नस्यादेवमादिनयवाङ्मयदंडात् ॥६॥

ભાવાર્થ—જો પ્રથમ નયરૂપ શાસ્ત્રના દંડથી હણાઈને નાસ્તિક થયો ન હોય તો, તેને પ્રગટ સુખથી ભરપૂર, અને મોક્ષના સુખથી મોટું એવું ધ્યાન થાઓ. ૬

વિશેષાર્થ—જ્યારે પુરૂષ નય વાદવાળા ઇતર શાસ્ત્રરૂપી દંડથી હણાઈને નાસ્તિક બની જાય છે, ત્યારે તેને ધ્યાન થઈ શકતું નથી; તેથી ગ્રંથકાર કહે છે કે, જો પુરૂષ એ ગુંચવણવાળાં શાસ્ત્રો

ભણી અથવા સાંભળી નાસ્તિક ન થયો હોય તો, તેને ધ્યાનથીજ પ્રાપ્તિ થાએ. કારણ કે, તે ધ્યાન સ્પષ્ટ રીતે જોવામાં આવતાં સુખથી ભરપૂર છે, અને મોક્ષનાં સુખને આપનારૂં છે. ૬

ધ્યાનથી અંધકાર ભેદ પામી આત્મજ્યોતિને પ્રગટ કરનારનું રહસ્ય પ્રકાશી રહેછે.

यत्र नार्कविद्युतारकदीपज्योतिषां प्रसरतामवकाशः ।
ध्यानजिन्नतमसामुदितात्मज्योतिषां तदपि ज्ञाति रहस्यम् ॥७॥

ભાવાર્થ—જ્યાં પ્રસરતા એવા સૂર્ય, ચંદ્ર, તારા, અને દીવાની જ્યોતિનો અવકાશ રહેતો નથી, ત્યાં પણ ધ્યાનથી અંધકારને ભેદ કરનારા અને આત્મજ્યોતિને ઉદિત કરનારાઓનું રહસ્ય પ્રકાશે છે. ૭

વિશેષાર્થ—ધ્યાનથી અંધકારને ભેદ કરનારા એવા ઉદય પામેલા આત્મજ્યોતિનું રહસ્ય એવી રીતે પ્રકાશી નીકળે છે કે, જેમાં સૂર્ય, ચંદ્ર, તારા અને દીવાના જ્યોતિને અવકાશ મળતો નથી. અર્થાત્ સૂર્યાદિકના તેજથી પણ આત્મજ્યોતિ વધારે તેજસ્વી છે. ૭

ધ્યાન એ ખરેખરો મિત્ર છે.

योजयत्यमितकाल्पवियुक्तां प्रेयसीं शमरतिं त्वरितं यत् ।
ध्यानमित्रमिदमेव मतं नः किं परैर्जगति कृत्रिममित्रैः ॥८॥

ભાવાર્થ—જે અપરિમાણ કાળથી વિયુક્ત થયેલી શમ રતિરૂપ અતિ પ્રિય સ્ત્રીને ત્વરાથી મેળવી આપે છે, તે આ ધ્યાનરૂપી મિત્ર અમારે માનવા યોગ્ય છે. જગત્માં બીજા કૃત્રિમ મિત્રો શા કામના છે. ? ૮

વિશેષાર્થ—આ જગત્માં ખરો મિત્ર તે કહેવાય છે કે, જે પોતાને પ્રિય વસ્તુને મેળવી આપે છે, અથવા પ્રિય સ્ત્રીને મેળવી આપે છે. આ વાત ધ્યાન ઉપર ઘટે છે. ધ્યાન એ ખરેખરો મિત્ર છે કે જે ઘણા કાળથી વિયોગ પામેલ શમ રતિરૂપ પ્રિયાને મેળવી આપે છે; અર્થાત્ ધ્યાનને ધારણ કરવાથી, શમ ઉપર રતિ–પ્રીતિ થાય છે. તે શિવાય જગત્માં જે કૃત્રિમ મિત્રો છે, તે શા કામના છે ? માટે ધ્યાનરૂપી મિત્રનીજ મૈત્રી કરવી યોગ્ય છે. ૮

આત્મા ધ્યાનરૂપ મંદિરમાં રહી સુખ મેળવે છે.

वारितस्मरबलातपचारे शीलशीतलसुगंधिनिवेशैः ।
लब्धिभूतप्रशमतल्पनिविष्टो ध्यानधाम्नि लभते सुखमात्मा ॥९॥

ભાવાર્થ—શીલરૂપી શીતલ અને સુગંધી નિવેશથી કામદેવના બળરૂપ તડકાનો સંચાર જેમાં અટકાવ્યો છે, એવા ધ્યાનરૂપી મંદિરમાં પ્રશમરૂપ ઊંચી શય્યા પર બેઠેલો આત્મા સુખ મેળવે છે. ૯

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી ધ્યાનને મંદિરનું રૂપક આપે છે. જેમ કોઇ પુરૂષ શીતળ અને સુગંધી નિવેશથી તડકા વગરના ગૃહમાં ઊંચી શય્યા ઉપર સુવે તો, તે ઉત્તમ સુખ

મેળવે છે. તેવીરીતે આત્મા ધ્યાનરૂપી ધામમાં બેસી સુખને પ્રાપ્ત કરે છે. તે ધ્યાનરૂપી મંદિરમાં કામદેવના બળરૂપ તડકાનો સંચાર થતો નથી, અને તેમાં શીળરૂપી શીતળ અને સુગંધી નિવેશ રહેલા છે. વળી તેની અંદર પ્રશમરૂપ ઊંચી શય્યા આવેલી છે. કહેવાનો આશય એવો છે કે, આત્મા જ્યારે ધ્યાનને પ્રાપ્ત કરે છે, ત્યારે તેને કામદેવનું બળ નડી શકતું નથી. તેનામાં શીળનો ગુણ સ્ફુરે છે, અને પ્રશમ ગુણની તેને પ્રાપ્તિ થાય છે. ૯

ધ્યાનરૂપી મંદિરમાં આત્માની અતિથિ પૂજા થાયછે.

शीलविष्टरदमादकपीठे प्रातिहार्यशमतामधुपर्कैः ।
ध्यानधाम्नि जवति स्फुटमात्माहूतपूतपरमातिथिपूजा ॥१०॥

ભાવાર્થ—ધ્યાનરૂપી મંદિરને વિષે શીળરૂપી આસન, દમરૂપી જળનો બાજોઠ, તથા પ્રાતિહાર્ય અને શમતા રૂપ મધુપર્ક વડે આત્માની આ મંત્રથી પવિત્ર એવી અતિથિ પૂજા થાય છે. ૧૦

વિશેષાર્થ—જેમ કોઈ અતિથિ ઘેર આવે ત્યારે તેની આસન, જળપીઠ, અને મધુપર્ક વગેરેથી પૂજા થાય છે; તેમ આત્મા જ્યારે ધ્યાનરૂપી ઘરમાં આવે, ત્યારે તેની પણ અતિથિપૂજા થાય છે. તેને શીળરૂપી આસન આપવામાં આવે છે. ઇંદ્રિયોને દમન કરવારૂપ જળપીઠ તથા પ્રાતિહાર્ય આપવામાં આવેછે; અને શમતારૂપ મધુપર્ક દેવામાં આવે છે; અને તેની તે અતિથિપૂજા આ મંત્રથી પવિત્ર અને ઉત્કૃષ્ટ હોય છે. કહેવાનો આશય એવો છે કે, આત્મા જો ધ્યાનારૂઢ થાય છે તો, તેનામાં શીળ, દમ અને શમતાના ગુણો પ્રાપ્ત થાય છે. ૧૦

આત્મા અને પરમાત્માને માટે જે વિવાદ છે, તે ભેદ બુદ્ધિથી થયેલો છે. તેનો ધ્યાન વડે સંધિ થાય છે.

आत्मनो हि परमात्मनि योऽभूज्जेदबुद्धिकृत एव विवादः ।
ध्यानसंधिकृदमुं व्यपनीय द्रागभेदमनयोर्वितनोति ॥ ११ ॥

ભાવાર્થ—આત્માનો પરમાત્માને વિષે જે વિવાદ છે, તે ભેદ બુદ્ધિથી કરેલો છે. તે ધ્યાનરૂપી સંધિ કરનાર એ વિવાદને દૂર કરી, એ આત્મા અને પરમાત્માનો ભેદ તત્કાળ દૂર કરી બતાવે છે. ૧૧

વિશેષાર્થ—કેટલાએક આત્મા અને પરમાત્મામાં વિવાદ કરે છે; એટલે તેમને જુદા જુદા માનવાનો વાદ કરે છે, તે તેમનો વિવાદ ભેદબુદ્ધિથી થાય છે, એટલે આત્મા અને પરમાત્મામાં ભેદ માનવાથી થાય છે. પરંતુ જેઓ ધ્યાન રૂપી સંધિ કરે છે, એટલે ધ્યાન કરી, તે આત્મા અને પરમાત્માની વચ્ચે સંધિ કરાવે છે, તેથી આત્મા અને પરમાત્માની વચ્ચેના ભેદને દૂર કરી નાંખે છે. અર્થાત્ જેનામાં ધ્યાન કરવાનો ગુણ હોય છે તેને આત્મા અને પરમાત્માનો ભેદ રહેતો નથી. તે બંનેને એકજ રૂપે માને છે. ૧૧

ખરૂં અમૃત ધ્યાનમાંજ રહેલું છે.

कामृतं विषभृते फणिलोके क्व क्वचिण्यपि विधौ त्रिदिवेवा ।
काप्सरोरतिमतां त्रिदशानां ध्यान एव तदिदं बुधसेव्यम्॥१२॥

ભાવાર્થ—વિષથી ભરેલા સર્પલોકમાં અમૃત ક્યાંથી હોય ? નિત્ય ક્ષય પામનારા ચંદ્રમાં પણ અમૃત ક્યાંથી હોય ? અથવા અપ્સરાની પ્રીતિ વાળા દેવતાઓના સ્વર્ગને વિષે અમૃત ક્યાંથી હોય ? પણ દેવતાઓને સેવવા યોગ્ય એવું અમૃતતો ધ્યાનમાંજ રહેલું છે. ૧૨

વિશેષાર્થ—અમૃતને રહેવાનાં ત્રણ સ્થળો છે. સર્પલોક, ચંદ્ર અને સ્વર્ગ, સર્પલોક વિષથી ભરેલો છે, તેથી તેમાં અમૃત ક્યાંથી હોય ? ચંદ્ર કે જે ક્ષય પામનારો છે. તેમાં અમૃત ક્યાંથી? હોય ?તેમ અપ્સરાઓની પ્રીતિવાળા દેવતાઓના સ્વર્ગમાં પણ અમૃત ક્યાંથી હોય ? ખરૂં અમૃતતો ધ્યાનમાંજ છે. જે અમૃત બુધ એટલે વિદ્વાનો અથવા દેવતાઓને સેવવા યોગ્ય છે; અર્થાત્ ધ્યાન ધરવાથી પરમાત્મ સ્વરૂપ ખરા અમૃતનો સ્વાદ આપે છે. ૧૨

ધ્યાનીને ધ્યાનમાં કોઇ અદ્‌ભુત રસનો આનંદ આપે છે.

गोस्तनेषु च सितासु सुधायां
नापिं नापि वनिताधरबिंबे ।
तंरसं कमपि वेत्ति मनस्वी
ध्यानसंज्ञवधृतौ प्रथते यः ॥ १३ ॥

ભાવાર્થ—જે પુરૂષ ધ્યાનથી ઉત્પન્ન થયેલ ધૈર્યને વિષે પ્રખ્યાત થાય છે, તે મનસ્વી પુરૂષ એવા કોઇ રસને જાણે છે કે, તે

રસ ગાયના સ્તનમાં, સાકરમાં, અમૃતમાં અને સ્ત્રીના અધરબિંબમાં મળતો નથી. ૧૩

વિશેષાર્થ—જે પુરૂષ ધ્યાનમાં પ્રસિદ્ધ થાય છે, એટલે ધ્યાનને જાણે છે, તે પુરૂષ શ્રેષ્ટ મનવાળો બને છે, અને કોઇ અદ્ભુત રસને જાણે છે, જે રસ ગાયના સ્તનમાં, સાકરમાં, અમૃતમાં અને સ્ત્રીના હોઠમાં હોતો નથી, અર્થાત્ ધ્યાન કરવાથી કોઇ એવો અદ્ભુત રસ પ્રાપ્ત થાય છે કે, જે રસ ગાયના સ્તન વગેરેમાં હોતો નથી. ૧૩

ઉપસંહાર કરે છે.

इत्यवेत्य मनसा परिपक्वध्यानसंज्ञफलके गरिमाणम् ।
तत्र यस्य रतिरेन मुपैति प्रौढधामभृतमाशु यशः श्रीः ॥१४॥

ભાવાર્થ—આ પ્રમાણે પરિપકવ ધ્યાનની પ્રાપ્તિના ફળમાં ગૌરવ છે, એમ મનવડે જાણી, તે ધ્યાનમાં જે પુરૂષની પ્રીતિ થાય છે, તે પ્રૌઢ ધામથી ભરેલા પુરૂષને યશલક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૧૪

વિશેષાર્થ—ઉપર પ્રમાણે પરિપકવ ધ્યાનના ફળની મહત્તા મનવડે જાણી, તે ધ્યાન ઉપર પ્રીતિ કરવી. તેમ કરવાથી તે પુરૂષ પ્રૌઢ ધામ–તેજથી ભરપૂર થાય છે, એટલે તેનામાં પ્રૌઢ આત્મ-

જ્યોતિ પ્રગટ થાય છે. જેમાં આત્મજ્યોતિ પ્રગટ થાય છે, એવા ધ્યાનને વિષે જેની પ્રીતિ છે, તેવા પુરૂષને યશલક્ષ્મી પ્રાપ્ત થાય છે, ગ્રંથકર્ત્તાએ 'યશશ્રી' એવું પોતાનું નામ સૂચવ્યું છે. ૧૪

इति सप्तदशः ध्यानस्तुत्यधिकारः ।

इतिश्री महामहोपाध्याय श्रीयशोविजयगणि
विरचिते अध्यात्मसार प्रकरणे
पंचमः परिच्छेदः॥

अथ षष्टः प्रबंधः

आत्मनिश्चयाधिकारः

ધ્યાન ગુણ પ્રાપ્ત કર્યા પછી આત્મજ્ઞાનને માટે પ્રયત્ન કરવો જોઇએ.

आत्मध्यानफलं ध्यानमात्मज्ञानं च मुक्तिदम् ।
आत्मज्ञानाय तन्नित्यं यत्नः कार्यो महात्मना ॥ १ ॥

ભાવાર્થ—આત્મધ્યાનનું ફળ ધ્યાન છે, અને આત્મજ્ઞાન મુક્તિ આપનારૂં છે, તેથી મહાત્મા પુરૂષે આત્મજ્ઞાનને માટે પ્રયત્ન કરવો જોઇએ. ૧

વિશેષાર્થ—ધ્યાનનું ફળ આત્મધ્યાન છે, એટલે ધ્યાન ધરવાથી આત્માનું ધ્યાન થઇ શકે છે. અને તેથી આત્માનું જ્ઞાન થાય છે. જે આત્મજ્ઞાન મુક્તિને આપનારૂં છે. તેથી મહાત્મા પુરૂષે આત્મજ્ઞાન મેળવવાને માટે યત્ન કરવો જોઇએ. ૧

આત્મા જાણ્યા પછી જ્ઞાતવ્ય બાકી રહેતું નથી.

ज्ञाते ह्यात्मनि नो ज्ञूयो ज्ञातव्यमवशिष्यते ।
अज्ञाते पुनरेतस्मिन् ज्ञानमन्यन्निरर्थकम् ॥ २ ॥

ભાવાર્થ—આત્મા જાણ્યા પછી ફરીવાર જાણવાનું કાંઈ બાકી રહેતું નથી. અને આત્મા જાણ્યો ન હોય, અને બીજું જ્ઞાન હોય તો તે જ્ઞાન નિરર્થક છે. ૨

વિશેષાર્થ—જો આત્મસ્વરૂપ યથાર્થરીતે જાણવામાં આવ્યું, તો પછી બીજું કાંઇ જાણવાનું બાકી રહેતું નથી. એટલે જેણે આત્મા જાણ્યો, તેણે સર્વ જાણેલું છે, જ્યાં સુધી આત્માને જાણ્યો નથી, ત્યાંસુધી જો જ્ઞાન હોય તો તે નિરર્થક સમજવું. અર્થાત્ આત્મજ્ઞાન સિવાય જ્ઞાન નકામું છે. માટે અવશ્ય આત્મજ્ઞાન મેળવવું જોઇએ. ૨

નવતત્ત્વોનું જ્ઞાન પણ આત્મજ્ઞાનને માટેજ છે.

नवानामपि तत्त्वानां ज्ञानमात्मप्रसिद्धये ।
येनाजीवादयो ज्ञावाः स्वज्ञेदप्रतियोगिनः ॥ ३ ॥

ભાવાર્થ—નવતત્ત્વોનું પણ જ્ઞાન આત્માની પ્રસિદ્ધિને માટે છે, એટલે આત્મ જ્ઞાનને માટેજ છે; જેથી અજીવ વગેરે ભાવપદાર્થો છે, તે પોતાના ભેદના પ્રતિ યોગી-પ્રતિકૂળ છે, એટલે તે આત્મજ્ઞાનમાં સમાઇ જાય છે. ૩

વિશેષાર્થ—જીવ, અજીવ વગેરે નવતત્ત્વોનું જ્ઞાન પણ આત્મજ્ઞાનને માટે છે, એટલે તે જાણવું તે આત્મજ્ઞાનનું પ્રયોજન છે, અને અજીવ વગેરે પદાર્થો પણ આત્મજ્ઞાનમાં સમાય છે. ૩

આત્માનો અને પરનો અભેદ સ્વભાવથી કે ઉપદેશથી કોઈ જાણી શકે છે.

શ્રુતોઽપ્યાત્મપરાજ્ઞેદોઽનુભૂતઃ સંસ્તુતોઽપિ ચ ।
નિસર્ગાદુપદેશાદ્વા વેત્તિ ભેદં તુ કશ્ચન ॥ ૪ ॥

ભાવાર્થ—આત્મા અને પરનો અભેદ સાંભળ્યો અનુભવ્યો અને પરિચિત કર્યો હોય, તો પણ સ્વભાવથી અથવા ઉપદેશથી કોઇકજ તેનો ભેદ જાણે છે. ૪

વિશેષાર્થ—આત્મા અને પર એટલે આત્મા અને પરમાત્માનો અભેદ છે, એ સાંભળવામાં આવ્યું હોય, અનુભવવામાં આવ્યું હોય, કે પરિચયમાં આવ્યું હોય, પણ તેનો ભેદ કાંતો સ્વભાવથી અથવા ઉપદેશથી કોઇના જાણવામાં આવે છે. એટલે પૂર્વપુણ્યના યોગે સ્વભાવથી તે જાણી શકાય છે; અથવા કોઈ મહાત્માના ઉપદેશથી જાણી શકાયછે, તે શિવાય જાણી શકાતો નથી. ૪

ઐક્યતા અને ભિન્નતાથી આત્માનું ધ્યાન હિતકારીછે.

તદેકત્વપૃથક્ત્વાભ્યામાત્મધ્યાનં હિતાવહમ્ ।
વૃથૈવાજ્ઞનિવિષ્ટાનામન્યથા ધીર્વિડંબના ॥ ૫ ॥

ભાવાર્થ—એકત્વતા અને પૃથક્‌તાથી આત્માનું ધ્યાન હિતકારી છે, અને તેથી જુદીરીતે આગ્રહ રાખનારા પુરૂષોની જે બુદ્ધિ છે, તે વૃથા વિડંબના રૂપ છે. ૫

વિશેષાર્થ—એકત્વતા અને ભિન્નતાથી આત્માનું ધ્યાન હિતકારી છે, એટલે આત્માનું એકત્વ પણ માનવું, અને પૃથક્‌ત્વ પણ માનવું, અને તેમ માની ને આત્માનું ધ્યાન કરવું, તે હિતકારી છે, જેઓ તે શિવાય પોતાની બુદ્ધિ બીજીરીતે ચલાવે છે, એટલે એકાંતે આત્માને એક અથવા ભિન્ન માને છે, તેઓની તે બુદ્ધિ વૃથા વિડંબનારૂપ છે. ૫

જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં લક્ષણોથી પ્રતિપાદિત સ્વભાવસ્થ આત્મા એકજ છે.

एक एव हि तत्रात्मा स्वभावसमवस्थितः ।
ज्ञानदर्शनचारित्रलक्षणप्रतिपादितः ॥ ६ ॥

ભાવાર્થ—તેમાં સ્વભાવમાં રહેલ આત્મા એકજ છે. અને જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં લક્ષણોથી પ્રતિપાદિત થયેલ છે. ૬

વિશેષાર્થ—જે આત્મા પોતાના આત્મિક સ્વભાવ પણે રહેલ છે, તે એકજ છે. તેમાં કોઈ જાતનો ભેદ માનવાનો નથી. અને જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં લક્ષણોથી તેનું પ્રતિપાદન કરેલ છે. ૬

આત્મા અને જ્ઞાન, દર્શન તથા ચારિત્રની વચ્ચે ભેદ નથી.

प्रज्ञानैर्मल्यशक्तीनां यथा रत्नान्न भिन्नता ।
ज्ञानदर्शनचारित्रलक्षणानां तथात्मनः ॥ ७ ॥

ભાવાર્થ—જેમ કાંતિ અને નિર્મળતાની શક્તિને રત્નથી ભિન્નતા નથી, તેમ જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં લક્ષણોને આત્માથી ભિન્નતા નથી. ૭

વિશેષાર્થ—રત્નની અંદર કાંતિ અને નિર્મળતાની જે શક્તિઓ રહેલ છે, તે રત્નથી જુદી નથી; તેવી રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં લક્ષણો આત્માથી જુદાં નથી. તે એકજ છે. ૭

આત્મા અને લક્ષણોની ભિન્નતા વ્યવહારથી છે, નિશ્ચયથી નથી.

आत्मनो लक्षणानां च व्यवहारोहि भिन्नता ।
षष्ट्यादिव्यपदेशेन मन्यते नतु निश्चयः ॥ ८ ॥

ભાવાર્થ—આત્મા અને લક્ષણોની ભિન્નતા વ્યવહારથી, અને તે છઠ્ઠી વગેરે વિભક્તિના વ્યપદેશથી મનાય છે, પણ નિશ્ચયથી ભિન્નતા નથી. ૮

વિશેષાર્થ—આત્મા અને લક્ષણોની ભિન્નતા વ્યવહારની અપેક્ષાએ છે, એટલે આત્મા અને તેનાં લક્ષણો અથવા આત્મા અને

જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં લક્ષણોની ભિન્નતા વ્યવહારથી છે અને છઠ્ઠી વિગેરે વિભક્તિના વ્યપદેશથી મનાય છે, પણ નિશ્ચયથી તે ભિન્નતા મનાતી નથી. ૮

આત્મા અને ગુણોના ભેદની વાત દૃષ્ટાંતથી સમજાવે છે.

घटस्यरूपमित्यत्र यथाभेदो विकल्पजः ।
आत्मनश्च गुणानां च तथा भेदो न तात्त्विकः ॥ ९ ॥

ભાવાર્થ—'ઘડાનું રૂપ' એ ભેદ જેમ વિકલ્પથી છે, તેમ આત્મા અને ગુણોનો ભેદ વિકલ્પથી છે, તાત્વિક નથી. ૯

વિશેષાર્થ—આત્મા અને તેના જે ગુણો છે, તે વસ્તુતાએ અભિન્ન છે. છતાં વિકલ્પથી તેનો ભેદ માનવામાં આવે છે. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેમ ઘડાનું રૂપ છે, તેમાં ઘડો અને રૂપ વસ્તુતાએ એક છે, પણ ઘડો અને રૂપ એમ જે ભેદ માનવામાં આવે છે, તે વિકલ્પથી છે. ૯

આત્માનું શુદ્ધરૂપ નિશ્ચયથીજ અનુભવાય છે.

शुद्धं यदात्मनो रूपं निश्चयेनानुभूयते ।
व्यवहारो भिदाद्वारानुभावयति तत्परम् ॥ १० ॥

ભાવાર્થ—જે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, તે નિશ્ચયથી અનુભવાય છે, અને વ્યવહાર ભેદદ્વારા તેથી પર એવા રૂપનો અનુભવ કરાવે છે. ૧૦

વિશેષાર્થ—જે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, તે નિશ્ચયથી અનુભવાય છે, એટલે નિશ્ચય નયથી આત્મ સ્વરૂપનો અનુભવ થાયછે, વ્યવહારથી થતો નથી. વ્યવહાર તો ભેદદ્વારા આત્માથી પર એના શરીર વિગેરેનો અનુભવ કરાવે છે. ૧૦

વસ્તુતાએ ગુણોનું રૂપ આત્માથી જુદું નથી.

वस्तुतस्तु गुणानां तद्रूपं न स्वात्मनः पृथग् ।
आत्मा स्यादन्यथानात्मज्ञानाद्यपि जडं भवेत् ॥ ११ ॥

ભાવાર્થ—વસ્તુતાએ ગુણોનું જે રૂપ છે, તે આત્માથી જુદું નથી. જો તે જુદું હોય તો, આત્મા અનાત્મા થાય છે, અને જ્ઞાનાદિ પણ જડ થાય છે. ૧૧

વિશેષાર્થ—વસ્તુતાએ ગુણોનું રૂપ આત્માથી જુદું નથી, એટલે આત્મા અને તેના ગુણોનું એકજ રૂપ છે. જો ગુણોનું રૂપ જુદું હોય તો, આત્મા અનાત્મા થાય, એટલે આત્મા આત્મારૂપેજ રહે નહીં, અને જે આત્માના ગુણરૂપ જ્ઞાનાદિ છે, તે જડરૂપ છે.૧૧

સર્વ આત્માઓની એકયતા સામાન્યપણે ચૈતન્ય છે.

चैतन्यपरसामान्या सर्वेषामेकतात्मनाम् ।
निश्चिता कर्मजनितो भेदः पुनरुपप्लवः ॥ १२ ॥

ભાવાર્થ—સર્વ આત્માઓની એકયતા સામાન્યપણે ચૈતન્ય માં છે, એમ નિશ્ચય કરેલો છે, અને કર્મથી ઉત્પન્ન થયેલો ભેદ છે, તે વિડંબના રૂપ છે. ૧૨

વિશેષાર્થ—ચૈતન્યરૂપે સર્વ આત્માઓ એક છે. એટલે સામાન્યપણે સર્વ આત્માઓમાં એકજ ચૈતન્યધર્મ રહેલો છે અને જે આત્માના જુદા જુદા ભેદ જોવામાં આવે છે, તે કર્મને લઈને છે, કોઈ આત્મા સુખી, કોઈ દુઃખી અને કોઇ સામાન્ય સ્થિતિ ભોગવે છે, તે કર્મનાં ફળને અનુસરીને છે, એવો ભેદ માનવો એ વિડંબના રૂપ છે. ૧૨

તે વિષે વ્યવહાર નય ઘટાવી વિશેષ કહેછે.

मन्यते व्यवहारस्तु भूतग्रामादिभेदतः ।
जन्मादेश्च व्यवस्थातो मिथो नानात्वमात्मनाम् ॥ १३ ॥

ભાવાર્થ—ભૂતગ્રામ-જીવસમૂહ વગેરેના ભેદથી અને જન્મ પ્રમુખની વ્યવસ્થાથી આત્માઓનું પરસ્પર નાનાપણું વ્યવહારનયથી મનાય છે. ૧૩

વિશેષાર્થ—આત્માનું નાનાપણું મુખ્ય બે પ્રકારે છે. એક જીવ સમૂહથી, અને બીજું જન્માદિક અવસ્થાથી. જે જે જુદી જુદી જાતના જીવો જોવામાં આવેછે, તે જીવસમૂહથી છે, અને જન્મ પછી બાળ, યૌવન અને વૃદ્ધપણાથી જે ભેદ જોવામાં આવે છે, તે જન્માદિકની અવસ્થાથી છે. પણ આત્માનું નાનાપણું વ્યવહારનયથા છે, નિશ્ચયનયથી નથી. ૧૩

નિશ્ચયનયથી જીવસમૂહ વિષે શું છે ?

નચૈતન્નિશ્ચયે યુક્તં જન્તુગ્રામો યતોઽખિલઃ ।
નામકર્મપ્રકૃતિજઃ સ્વભાવો નાત્મનઃ પુનઃ ॥ ૧૪ ॥

ભાવાર્થ—જે આ બધો જીવસમૂહ છે, તે નામ કર્મની પ્રકૃતિથી થયેલ છે. તે આત્માનો સ્વભાવ નથી. અને નિશ્ચયનયમાં એ વાત ઘટતી નથી. ૧૪

વિશેષાર્થ—આ જગત્માં જે બધો જીવ-સમૂહ છે, તે નામ-કર્મની પ્રકૃતિથી થયેલો છે, એટલે નામકર્મને લઇને તેમના ભેદ જોવામાં આવેછે. આત્માનો એ સ્વભાવ નથી, પણ વિભાવ છે. અને નિશ્ચયનયમાં એ વાત ઘટતી નથી. વ્યવહારનયમાં ઘટેછે. ૧૪

જન્માદિ અવસ્થામાં કેવીરીતે ભેદ મનાય છે ?

જન્માદિકોઽપિ નિયતઃ પરિણામો હિ કર્મણામ્ ।
ન ચ કર્મકૃતો ભેદઃ સ્યાદાત્મન્યવિકારિણિ ॥ ૧૫ ॥

ભાવાર્થ—જે જન્માદિક અવસ્થા છે, તે કોઇ કર્મનો નિય-મિત પરિણામ છે. પરંતુ અવિકારી એવા આત્માને વિષે કર્મનો કરેલો ભેદ થતો નથી. ૧૫

વિશેષાર્થ—જીવને જે જન્માદિક, બાળ, યૌવન, વૃદ્ધ વગેરે અવસ્થા થાયછે, અથવા અમુક યોનિમાં જન્મ થાયછે, તે

કર્મનાં પરિણામ છે. અને તે કર્મોનો કરેલો ભેદ આત્માને વિષે થતો નથી. કારણ, આત્મા અવિકારી છે. જે અવિકારી હોય, તેમાં ભેદ થઇ શકતોજ નથી. ૧૫

આત્માને વિષે કર્મોએ કરેલી વિકૃતિને માનનારા પુરૂષો આ સંસારસાગરમાં ભમ્યા કરેછે.

आरोप्य केवलं कर्मकृतां विकृतिमात्मनि ।
भ्रमंति भ्रष्टविज्ञाना जीमे संसारसागरे ॥ १६ ॥

ભાવાર્થ—કેવળ કર્મોએ કરેલી વિકૃતિ આત્માને વિષે આરોપિત કરી, જ્ઞાનથી ભ્રષ્ટ થયેલા લોકો આ ભયંકર સંસાર સાગરમાં ભમ્યા કરે છે. ૧૬

વિવેચનાર્થ—જે લોકો કર્મોએ કરેલી વિકૃતિને આત્માને વિષે આરોપે છે, એટલે આત્મા નિર્વિકારી છે, છતાં તેને વિકારી માને છે, તેવા જ્ઞાનભ્રષ્ટ લોકો આ ભયંકર સંસારસાગરને વિષે ભમ્યા કરે છે; એટલે વારંવાર જન્મ–મરણ પામ્યા કરે છે, તેઓ મુક્તિને પામી શકતા નથી. ૧૬

મૂર્ખ માણસ કર્મકૃત ભેદને આત્માને વિષે માને છે.

उपाधिजेदजं जेदं वी (वे) तद्भः स्फटिकेयथा ।
तथा कर्मकृतं जेदमात्मन्येवाज्ञिमन्यते ॥ १७ ॥

ભાવાર્થ—જેમ મૂર્ખ માણસ સ્ફટિકમણિને વિષે ઉપાધિના ભેદથી થયેલા ભેદને સાચો ભેદ માનેછે, તેમ તે કર્મથી થયેલા ભેદને આત્માને વિષે માને છે. ૧૭

વિશેષાર્થ—જે આત્મા નિર્વિકારી અને ભેદરહિત છે, તેને મૂર્ખ માણસ કર્મના ભેદને લઈને તેનો ભેદ માનેછે, તે ઉપર દૃષ્ટાંત આપેછે. સ્ફટિકમણિ સ્વભાવે શુદ્ધ છે, પણ ઉપાધિના ભેદને લઈને એટલે બીજા રંગનાં પ્રતિબિંબ પડવાને લઈને, તે સ્ફટિકમાં ભેદ લાગે છે. તેવા ભેદને સાચો ભેદ માને તે મૂર્ખ છે. તેવીજ રીતે આત્મા અભેદ છે, છતાં મૂર્ખ માણસ કર્મના ભેદને આત્માને વિષે આરોપિત કરેછે. ૧૭

જે આત્માને વિરૂપ માનેછે, તેઓ શાસ્ત્રનાં વચનોનો લોપ કરેછે.

उपाधिःकर्मजो नास्ति व्यवहारात्स्वकर्मणः ।
इत्यागमवचो लुप्तमात्मवैरूप्यवादिना ॥ १८ ॥

ભાવાર્થ—જે આત્માને વિરૂપ માનનાર છે, તે 'ઉપાધિ કર્મથી થયેલ છે, પોતાનાં કર્મના વ્યવહારથી નથી,' આવાં આગમના વચનને લોપે છે. ૧૮

વિશેષાર્થ—'ઉપાધિ કર્મથી થયેલ છે, પણ પોતાનાં કર્મના વ્યવહારથી નથી,' એટલે જે જે ઉપાધિ જોવામાં આવે છે, તે કર્મને લઈને છે, કાંઇ કર્મના વ્યવહારથી નથી. આ પ્રમાણે આગમનું

વચન છે, તેને આત્માની વિરૂપતા માનનારા લોપે છે; તેથી તેઓ ખરેખરા અજ્ઞાની છે. ૧૮

એક ક્ષેત્રમાં રહેલો પણ આત્મા કર્મગુણના અન્વયમાં આવતો નથી.

एकक्षेत्रस्थितोऽप्येतिनात्मा कर्मगुणान्वये ।
यया भव्यस्वभावत्वा द्बुद्धो धर्मोस्तिकायवत् ॥ १९ ॥

ભાવાર્થ—ભવ્ય સ્વભાવને લઇને બોધ પામેલો આત્મા ધર્માસ્તિકાયની જેમ એક ક્ષેત્રમાં રહેલો હોય, તો પણ કર્મગુણના અન્વયમાં સંબંધમાં આવતો નથી. ૧૯

વિશેષાર્થ—આત્મા પોતાના ભવ્ય સ્વભાવને લઇને પ્રતિબોધ પામે છે. તે એક ક્ષેત્રમાં રહ્યો હોય, તો પણ કર્મ ગુણના સંબંધમાં આવતો નથી, એટલે આત્મા પોતાના ભવ્ય સ્વભાવને લઇને પ્રતિબુદ્ધ થઈ કર્મના સંબંધમાં કદિપણ આવતો નથી. તે ઉપર દૃષ્ટાંત આપે છે. જેમ ધર્માસ્તિકાય એક ક્ષેત્રમાં રહેલ હોય તો પણ તે પોતાના ચલન ધર્મને છોડતો નથી. ૧૯

કેવો પુરૂષ એક આત્માને અનેકરીતે માને છે ?

यथा तैमिरकश्चंद्रमप्येकं मन्यते द्विधा ।
अनिश्चयकृतोन्मादस्तथात्मानमनेकधा ॥ २० ॥

ભાવાર્થ—જે આંખમાં તિમિર રોગવાળો માણસ એક ચંદ્રને બે ચંદ્ર માને છે, તેમ નિશ્ચય વિના ઉન્માદને પામેલો પુરૂષ આત્માને અનેકરૂપી માને છે. ૨૦

વિશેષાર્થ—જેની આંખોમાં તિમિર નામનો રોગ થયો હોય, તે માણસ એક ચંદ્રને બે ચંદ્ર માને છે, એટલે તેની દૃષ્ટિએ એવું દેખાય છે. તેવીરીતે જેને નિશ્ચયપૂર્વક જ્ઞાન નથી, તે પુરૂષ ઉન્માદને પ્રાપ્ત કરી, આ એક આત્માને અનેકરૂપે માને છે. એટલે આત્મા અનેકરૂપે છે, એમ માને છે. ૨૦

આત્માને વિષે સ્વરૂપ અને સાદૃશ્યનું અસ્તિત્વ ઘટાવે છે.

यथानुन्नूयते ह्येकं स्वरूपास्तित्वमन्वयात् ।
सादृश्यास्तित्वमप्येकमविरुद्धं तथात्मनाम् ॥२१॥

ભાવાર્થ—જેમ આત્માનું એક સ્વરૂપથી અસ્તિત્વ અન્વય–સંબંધથી અનુભવાય છે, તેમ આત્માનું એક સદૃશપણાથી અસ્તિત્વ વિરોધ વગર અનુભવાય છે. ૨૧

વિશેષાર્થ—આત્માનું અસ્તિત્વ સ્વરૂપથી અને સદૃશપણાથી–એ બે પ્રકારે અનુભવાય છે. તેમાં સ્વરૂપથી અસ્તિત્વ છે, તે અન્વયથી–સંબંધથી અનુભવાય છે; અને સદૃશપણાથી–સરખાપણાથી અસ્તિત્વ છે, તે વિરોધ રહિતપણે અનુભવાય છે. એટલે

જે સંબંધથી આત્માનું એક અસ્તિત્વ છે, તે શુદ્ધ નથી, અને જે સરખાપણાથી અસ્તિત્વ છે, તે શુદ્ધ છે–અવિરોધી છે. ૨૧

શુદ્ધ નયજ એકતાને બતાવે છે.

सदसद्वादपिशुनान् संगोप्य व्यवहारतः ।
दर्शयत्येकतारत्नं सतां शुद्धनयः सुहृत् ॥ २२ ॥

ભાવાર્થ—શુદ્ધ નયરૂપી મિત્ર સારા અને નઠારા વાદરૂપી ચાડીઆને વ્યવહારથી ગોપવી, એકતારૂપી રત્ન સત્પુરૂષોને બતાવે છે. ૨૨

વિશેષાર્થ—આ શ્લોકમાં ગ્રંથકાર શુદ્ધ નયને એક મિત્રનું રૂપક આપી વર્ણવે છે. જેમ ઉત્તમ મિત્ર પોતાની વ્યવહાર કુશળતાથી ચાડીઆ લોકોને ગોપવી, સારૂં રત્ન બતાવે છે, તેમ શુદ્ધ નયરૂપી મિત્ર વ્યવહાર નયવડે સારા અને નઠારા વાદરૂપી ચાડીઆ લોકોને ગોપવી, સત્પુરૂષોને એકતારૂપી રત્ન બતાવે છે. અર્થાત્ જો શુદ્ધનયનો આશ્રય કરે તો, વ્યવહારથી ઉભા થયેલા વાદોને દૂર કરી, આત્માના શુદ્ધ સ્વરૂપની એકતા જણાઇ આવે છે. ૨૨

આત્મદ્રવ્ય કેવું છે ?

नृनारकादिपर्यायै रम्यं तन्न विनश्वरैः ।
जिनैर्जहाति नैकत्वमात्मद्रव्यं सदान्वयि ॥ २३ ॥

ભાવાર્થ—આત્મ દ્રવ્ય, નાશવંત એવા મનુષ્ય અને નારકી વગેરેના પર્યાયોથી રમણીય નથી. અને તે પર્યાયોના ભેદથી તે ઐકયતાને છોડતું નથી. તે સર્વદા અન્વયવાળું-સંબંધવાળું છે. ૨૩

વિશેષાર્થ—આત્મદ્રવ્ય એવું છે કે, તે મનુષ્ય, નારકી વગેરે નાશવંત પર્યાયોથી રમણીય લાગતું નથી, એટલે તેના તે પર્યાયો શાશ્વત ન હોવાથી, તે તેનાથી રમ્ય નથી, અને તે પર્યાયો ભેદવાળા હોવાથી, તે આત્મદ્રવ્ય પોતાની ઐકયતાને છોડતું નથી; એટલે તે સદા એકજ રહે છે. વળી તે દ્રવ્ય સદા અન્વયવાળું છે, એટલે સદા શાશ્વત છે. ૨૩

આત્મા મનુષ્ય, નારકી વગેરેમાં કેવીરીતે વર્ત્તે છે?

यथैकं हेम केयूरकुंडलादिषु वर्त्तते ।
नृनारकादिभावेषु तथात्मैको निरंजनः ॥ २४ ॥

ભાવાર્થ—જેમ સુવર્ણ, બાજુબંધ અને કુંડળ વગેરેમાં એકજ છે, તેમ આત્મા મનુષ્ય, નારકી વગેરેમાં નિરંજનપણે એકજ છે. ૨૪

વિશેષાર્થ—જેમ બાજુબંધ, કુંડલ વગેરે જુદાં જુદાં આભૂષણો છે, પણ તેઓમાં સુવર્ણ એકજ છે, જુદું જુદું સુવર્ણ નથી; તેવીરીતે મનુષ્ય, નારકી, વગેરે જુદી જુદી ગતિના જીવો છે, પણ તેનો નિરંજન એવો આત્મા એકજ છે. એટલે નિર્વિકારી એવું આત્મદ્રવ્ય એકજ છે. ૨૪

શુદ્ધ સાક્ષીરૂપ આત્માને પર્યાય હોતા નથી પણ કર્મને પર્યાય હોય છે.

કર્મણસ્તે હિ પર્યાયા નાત્મનઃ શુદ્ધસાક્ષિણઃ ।
કર્મ ક્રિયાસ્વભાવો યદાત્મા તુ ન સ્વભાવવાન્ ॥૨૫॥

ભાવાર્થ—તે બધા પર્યાયો કર્મને હોય છે, પણ શુદ્ધ સાક્ષી રૂપ એવા આત્માને હોતા નથી, પણ તે કર્મને પર્યાય હોય છે. કર્મ ક્રિયાના સ્વભાવવાળું હોય છે, પણ આત્મા એવો સ્વભાવવાળો હોતો નથી. ૨૫

વિશેષાર્થ—જે મનુષ્ય, નારકી વગેરે પર્યાયો છે, તે કર્મને હોય છે, આત્માને હોતા નથી. કારણ કે, આત્મા શુદ્ધ સાક્ષીરૂપ છે. જે શુદ્ધ સાક્ષીરૂપ હોય તે નિરંજન હોય છે; એટલે તેને તેવા પર્યાયો સંભવતા નથી. વળી કર્મ ક્રિયાસ્વભાવવાળું હોય છે, એટલે કર્મનો સ્વભાવ ક્રિયા છે, અને આત્મા પોતે તેવા સ્વભાવવાળો નથી. તેનો સ્વભાવ શુદ્ધ હોય છે. ૨૫

નવતત્વોની અંદર ભાવથી તે રહેલ છે.

નાણૂનાં કર્મણો વાસૌ ભવસર્ગઃ સ્વભાવજઃ ॥
એકૈકવિરહે ભાવાન્નવતત્ત્વાંતરં સ્થિતમ્ ॥ ૨૬ ॥

ભાવાર્થ—અથવા આ સંસારસર્ગ કર્મનાં પરમાણુઓનો છે, એમ નથી, પણ તે સ્વભાવથી થયેલ છે; અને તેમાં એક એકનાં વિરહથી ભાવવડે તે નવતત્ત્વોની અંદર રહેલ છે. ૨૬

વિશેષાર્થ—આ સંસારસર્ગ કર્મનાં પરમાણુંઓનો છે, એટલે કર્મનાં પરમાણુંઓથી આ સંસાર ઊદ્ભવ્યો છે, એમ નથી. પણ તે સ્વભાવથી પણ ઉપન્ન થાય છે, એટલે કર્મના સ્વભાવને લઈને સંસારની ઉપ્પત્તિ છે. જ્યારે તેમાં એક એકનો વિરહ થાય છે, એટલે એક એક ઓછા થતા જાય છે, ત્યારે ભાવથી નવતત્ત્વોની અંદર તેની સ્થિતિ થાય છે; એટલે નવતત્ત્વોની સાથે તેનો સંબંધ જોડાય છે. ૨૬

અનંત ભવની સત્યતાએ આ પ્રપંચ કેવીરીતે દેખાય છે ?

શ્વેતદ્રવ્યકૃતં શ્વૈત્યં ત્રિત્તિત્રાગે યથાદ્વયોઃ ।
ત્રાત્યનંતત્રવાત્સત્યં પ્રપંચોઽપિ તથેક્ષતામ્ ॥ ૨૭ ॥

ભાવાર્થ—જેમ બંને દિવાલોના ભાગમાં શ્વેતદ્રવ્યથી કરેલી ધોળાશ શોભી ઉઠે છે, તેમ આ પ્રપંચ સંસાર પણ અનંતભવની સત્યતાએ જોવો. ૨૭

વિશેષાર્થ—જેમ દિવાલના બંને ભાગમાં કરેલી ધોળાશ તેના પ્રદેશમાં જણાઈ આવે છે, તેવીરીતે આ સંસાર પણ અનંત ભવની સત્યતાએ જણાઇ આવે છે; એટલે એક સંસાર ઉપરથી અનંત સંસારની સાબીતિ જણાઈ આવે છે. ૨૭

જ્ઞાની વ્યવહારમતે સ્વર્ગને જોતા નથી.

યથા સ્વપ્નાવબુદ્ધોઽર્થો વિબુદ્ધેન ન દૃશ્યતે ।
વ્યવહારમતે સર્ગો જ્ઞાનિના ન તથેક્ષતે ॥ ૨૮ ॥

ભાવાર્થ—જેમ સ્વપ્નમાં જોયેલો અર્થ જાગ્રત થયેલાને જોવામાં આવતો નથી, તેમ જ્ઞાની પુરૂષને વ્યવહાર મતમાં સર્ગ (સંસાર) જોવામાં આવતો નથી. ૨૮

વિશેષાર્થ—જે અર્થ-પદાર્થ સ્વપ્નામાં જોવામાં આવે છે, તે જાગ્રત થયા પછી જોવામાં આવતો નથી. એટલે જે માણસે સ્વપ્નામાં જે જોયું હોય,તે જાગ્રત થયા પછી તેના જોવામાં આવતું નથી. તેમ જ્ઞાની પુરૂષને આ સંસાર (સર્ગ) વ્યવહારનયના મતમાં જોવામાં આવતો નથી. ૨૮

સંયોગથી થયેલો સર્ગ મિથ્યા છે.

मध्याह्ने मृगतृष्णायां पयःपूरो यथेक्षते ।
तथा संयोगजः सर्गो विवेकख्यातिविप्लवे ॥ २९ ॥

ભાવાર્થ—જેમ મધ્યાહ્નકાળે ઝાંઝવામાં પાણીનું પૂર દેખાય છે,તેમ સંયોગથી થયેલો સર્ગ વિવેકની ખ્યાતિના વિપ્લવમાં મિથ્યા દેખાય છે. ૨૯

વિશેષાર્થ—જેમ મધ્યાહ્ન સમયે ઝાંઝવામાં પાણીનું પૂર ખોટું દેખાય છે, તેમ જ્યારે વિવેકની ખ્યાતિનો વિપ્લવ થાય છે, ત્યારે સંયોગથી થયેલો આ સર્ગ-સૃષ્ટિ (સંસાર) ખોટો લાગેછે, અર્થાત્ કહેવાનો આશય એવો છે કે, જ્યારે વિવેક ગુણ પ્રગટ થાય છે, ત્યારે આ સંસારનું મિથ્યા સ્વરૂપ ભાસે છે. ૨૯

તેજ વિષયને બીજા દૃષ્ટાંતથી સમજાવે છે.

गंधर्वनगरादीनामंबरेऽंबरो यथा ।
तथा संयोगजः सर्वो विलासो वितथाकृतिः ॥ ३० ॥

ભાવાર્થ—જેમ આકાશમાં ગંધર્વ નગર વગેરેનો આડંબર મિથ્યા આકૃતિવાળો જણાય છે, તેમ સંયોગથી થયેલો સર્વ વિલાસ મિથ્યા આકૃતિવાળો દેખાય છે. ૩૦

વિશેષાર્થ—કોઇ કોઇ વાર આકાશમાં ગંધર્વ નગરના જેવો દેખાવ થાય છે. એટલે વાદળાથી એવો દેખાવ બને છે કે, જાણે કોઇ નગર વસ્યું હોય. એ દેખાવ ગંધર્વ નગરના નામથી ઓળખાય છે, અને તે દેખાવ ક્ષણવાર રહી પાછો વીખરાઈ જાય છે. તેવીજરીતે આ સંસારમાં સંયોગથી જે વિલાસ થાય છે, તે મિથ્યા આકૃતિ વાળો છે. ૩૦

શુદ્ધ નયની અપેક્ષાએ આત્માને વિષે એકત્વ પ્રાપ્ત થાય છે.

इति शुद्धनयायत्तमेकत्वं प्राप्तमात्मनि ।
अंशादिकल्पनाप्यस्य नेष्टा यत्पूर्णवादिनः ॥ ३१ ॥

ભાવાર્થ—એવી રીતે શુદ્ધ નયને આધીન એવું એકત્વ આત્માને વિષે પ્રાપ્ત થયેલું છે, અને તેની જે અંશ વગેરેની કલ્પના કરે છે, તે પૂર્ણ વાદીને ઇષ્ટ નથી. ૩૧

વિશેષાર્થ—શુદ્ધ નયની અપેક્ષાએ આત્માની અંદર ઐક્યતા સિદ્ધ થાય છે. કેટલાએક તે આત્માને અંશ વગેરેની કલ્પના કરે છે તે ખોટી છે. કારણ કે, જે પૂર્ણવાદી છે, એટલે જે આત્માને પૂર્ણ માનનારા છે, તેઓને એ કલ્પના ઇષ્ટ નથી. ૩૧

આત્મા એકજ છે, એવો સૂત્રનો આશય છે.

एक आत्मेति सूत्रस्याप्ययमेवाशयो मतः ।
प्रत्यग् ज्योतिषमात्मानमाहुः शुद्धनयाः खलु ॥ ३२ ॥

ભાવાર્થ—'આત્મા એકજ છે,' એવો સૂત્રનો આશય માનેલો છે. અને શુદ્ધનયો આત્માને પ્રાગ્જ્યોતિષ-તેજ રૂપ કહે છે. ૩૨

વિશેષાર્થ—આગમમાં સૂત્રનો આશય એવો છે કે, 'આત્મા એકજ છે,' એટલે પર્યાય કે અંશ કોઇ પણ આત્માની સાથે સંબંધ ધરાવતા નથી. આત્મા એકજ છે, અને તેથી શુદ્ધ નયો તેને જ્યોતિ રૂપ કહે છે. જે જ્યોતિરૂપ હોય, તે નિર્વિકારી હોય છે. ૩૨

આત્માના શુદ્ધ રૂપની પ્રાર્થના.

प्रपंचसंचयक्लिष्टान्मायारूपाद्विनेमिते ।
प्रसीद भगवन्नात्मन् शुद्धरूपं प्रकाशय ॥ ३३ ॥

ભાવાર્થ—હે ભગવન્ આત્મા, પ્રપંચના સમૂહથી ક્લેશવાળા એવા તમારા માયા રૂપથી હું બ્હીઉં છું. માટે તમે પ્રસન્ન થાઓ, અને તમારા શુદ્ધ રૂપને પ્રકાશો. ૩૩

વિશેષાર્થ—મુમુક્ષુ પુરૂષ આત્માને વિજ્ઞાપ્તિ કરે છે કે, હે ભગવન્ આત્મા! તમારા માયા રૂપથી હું ભય પામું છું, કારણ કે, તે પ્રપંચના સમૂહના ક્લેશથી ભરપૂર છે. એથી હું તે રૂપને જોવાની ઇચ્છા કરતો નથી. તમે તમારા શુદ્ધ રૂપનો પ્રકાશ કરો, કે જેથી હું તેના દર્શન કરી મારા આત્માને શાંતિ આપું. ૩૩

કેવળ વ્યવહાર નયને જાણનારો પુરૂષ આત્માને દેહની સાથે ઐક્યતા માને છે.

देहेन सममेकत्वं मन्यते व्यवहारवित् ।
कथंचिन्मूर्त्ततापत्तेर्वेदनादिसमुद्भवात् ॥ ३४ ॥

ભાવાર્થ—વ્યવહાર નયને માનનારો પુરૂષ કોઇ રીતે મૂર્ત્તિમાન્ દેખાતી વેદના વગેરેના ઉદ્ભવથી આત્માને દેહની સાથે ઐક્યતા માને છે. ૩૪

વિશેષાર્થ—જે પુરૂષ વ્યવહાર નયને માને છે. તે પુરૂષ આત્માને દેહની સાથે ઐક્યતા માને છે; એટલે આત્મા અને દેહ એકજ છે એમ માને છે. કારણ કે, શરીરની અંદર જે મૂર્ત્તિમાન્ વેદના જોવામાં આવે છે, તે ઉપરથી તે વ્યવહારનયને આધારે તેમ માને છે. ૩૪

નિશ્ચય નયનો અપેક્ષાએ શું મનાય છે.

तन्निश्चयो न सहते यदमूर्त्तो न मूर्त्तताम् ।
अंशेनाप्यवगाहेत पावकः शीततामिव ॥ ३५ ॥

ભાવાર્થ—જેમ અગ્નિ શીતલતાને પામે નહીં, તેમ જે અમૂર્ત્ત છે, તે મૂર્ત્તતાને અંશવડે પણ પામે નહીં–તે નિશ્ચય નય સહન કરી શકેજ નહીં. ૩૫

વિશેષાર્થ—જે અમૂર્ત્ત પદાર્થ છે, તે મૂર્ત્તપણાને એક અંશે પણ પામે નહીં. જેમ અગ્નિ શીતળતાને કદિ પણ પામતો નથી, તેમ અમૂર્ત્ત પદાર્થ મૂર્ત્તતાને કદિ પણ પામતો નથી. અમૂર્ત્ત પદાર્થ મૂર્ત્તતાને એક અંશે પણ પામે, એ વાત નિશ્ચય નય સહન કરી શકતો નથી. અર્થાત્ નિશ્ચય નયની અપેક્ષાએ એવો સિદ્ધાંત છે કે, અમૂર્ત્ત પદાર્થ મૂર્ત્ત થતોજ નથી. તે વાત આત્માની ઉપર ઘટાડવી. ૩૫

અમૂર્ત્ત આત્માને મૂર્ત્ત માનવો, એ ભ્રમ છે.

उष्णस्याग्नेर्यथा योगाद् घृतमुष्णमिति भ्रमः ।
तथा मूर्त्तांगसंबंधादात्मा मूर्त्त इति भ्रमः ॥ ३६ ॥

ભાવાર્થ—ઉષ્ણ અગ્નિના યોગથી જેમ ઘી ઉષ્ણ છે, એવો ભ્રમ થાયછે, તેમ મૂર્ત્તિમાન્ અંગના સંબંધથી આત્મા મૂર્ત્તિમાન્ છે, એવો ભ્રમ થાયછે. ૩૬

વિશેષાર્થ—આત્મા અમૂર્ત્ત છે, પણ તેને મૂર્ત્તિમાન્ શરીરના સંબંધથી મૂર્ત્તમાન્ માનેછે તે ભ્રમ છે. વસ્તુતાએ આત્મા અમૂર્ત્ત છે, અને તેની સાથે શરીરનો સંબંધ છે જ નહીં. તે વાત દૃષ્ટાંતથી સમજાવે છે. ઉષ્ણ અગ્નિના યોગથી લોકો ઘીને પણ ઉષ્ણ કહેછે. વસ્તુતાએ ઘીની અંદર જે ઉષ્ણતા છે, તે અગ્નિથી છે, ઘીની નથી. પણ અગ્નિના સંબંધથી ઘીમાં ઉષ્ણતા ગણવામાં આવેછે. તેવી રીતે આત્મા અને શરીરના સંબંધમાં જાણી લેવું. ૩૬

આત્માને મૂર્ત્તિમાન્ પણું કોઇ રીતે ઘટતું નથી.

न रूपं न रसो गंधो न न स्पर्शो न चाकृतिः ।
यस्य धर्मो न शब्दो वा तस्य का नाम मूर्त्तता ॥ ३७ ॥

ભાવાર્થ—જે આત્માને રૂપ નથી, રસ નથી, ગંધ નથી, સ્પર્શ નથી, આકૃતિ નથી, ધર્મ નથી, અને શબ્દ નથી; તે આત્માને મૂર્ત્તિમાન પણું શી રીતે હોય? ૩૭

વિશેષાર્થ—જેનામાં મૂર્ત્તિપણું હોય, તેનામાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ, ધર્મ અને શબ્દ હોયછે, અને જે અમૂર્ત્ત હોય, તેનામાં રૂપાદિક હોતાં નથી. આત્મામાં તે રૂપાદિક નથી, માટે તે અમૂર્ત્ત છે. ૩૭

જેનું રૂપ સ્વપ્રકાશ હોય, તેનામાં મૂર્ત્તપણું કેમ ઘટે?

दृश्यादृश्यं हृदाग्राह्यं वाचामपि न गोचरः ।
स्वप्रकाशं हि यद्रूपं तस्य का नास मूर्त्तता ॥ ३८ ॥

ભાવાર્થ—જેનું રૂપ દૃશ્યને અદૃશ્ય છે, હૃદયથી ગ્રાહ્ય છે, વાણીને પણ અગોચર છે, અને સ્વપ્રકાશ છે; તેની મૂર્ત્તતા શી રીતે હોય? ૩૮

વિશેષાર્થ—જે મૂર્ત્ત હોય, તે દૃશ્ય વસ્તુને દૃશ્ય થાયછે, તે હૃદયને ગ્રાહ્ય થતું નથી. વાણીને ગોચર હોયછે, અને પર પ્રકાશ હોયછે, અને જે અમૂર્ત્ત હોય, તે તેથી ઉલટું હોયછે. આત્માનું સ્વરૂપ તેવું છે. આ જગતૂના દૃશ્ય પદાર્થોને તે દૃશ્ય થતું નથી. તે વાણીના વિષયમાં આવી શકતું નથી. તે હૃદયથી ગ્રાહ્ય, અને સ્વપ્રકાશ છે. તેવા આત્માને મૂર્ત્તતા કદિ પણ ઘટતી નથી. ૩૮

આત્મા કેવો છે?

आत्मा सत्यश्चिदानंदः सूक्ष्मात्सूक्ष्मः परात्परः ।
स्पृशत्यपि च मूर्त्तत्वं तथा चोक्तं परैरपि ॥ ३९ ॥

ભાવાર્થ—આત્મા મૂર્ત્ત પણાનો સ્પર્શ કરે તો પણ તે સત્ય છે; ચિદાનંદ રૂપ છે, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, અને પરથી પણ પર છે. તેમ બીજા દર્શનીઓએ પણ કહેલું છે. ૩૯

વિશેષાર્થ—આત્મા શરીરાદિ મૂર્ત્ત વસ્તુનો સ્પર્શ કરતો દેખાય છે, પણ તે સત્ય છે, તે ચિદાનંદ છે, એટલે ચૈતન્ય રૂપ અને આનંદ રૂપ છે. તે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે, અને પરથી પર છે, એટલે અણુથી પણ અણુ છે, અને ઉત્કૃષ્ટથી પણ ઉત્કૃષ્ટ છે. આવો આત્મા મૂર્ત્ત થઈ શકતો નથી. ૩૯

તે વિષે કૃષ્ણે કરેલો અર્જુનને બોધ.

इंद्रियाणि पराण्याहुरिंद्रियेभ्यः परंमनः ।
मनसोऽपि पराबुद्धिर्यो बुद्धेः परमस्तुसः ॥ ४० ॥

ભાવાર્થ—સર્વમાં ઇંદ્રિયો પર છે, ઇંદ્રિયોથી પર મન છે, મનથી પર બુદ્ધિ છે, અને બુદ્ધિથી પર તે આત્મા છે. ૪૦

વિશેષાર્થ—કૃષ્ણે અર્જુનને આપેલો ઉપદેશ અહિં પ્રમાણ રૂપે આપે છે. સર્વમાં ઇંદ્રિયો પર છે, ઇંદ્રિયોથી પર મન છે, મનથી પર બુદ્ધિ છે, અને બુદ્ધિથી પર આત્મા છે. આત્મા સર્વથી પર છે. એ વાતમાં અન્યદર્શનીનું પ્રમાણ આપેલું છે. ૪૦

આત્માને મૂર્ત્ત કહેવામાં કેવો ભ્રમ છે ?

विकले हंत लोकेऽस्मिन्नमूर्त्ते मूर्त्तताभ्रमात् ।
पश्यत्याश्चर्यवदज्ञानी वदत्याश्चर्यवद्वचः ॥ ४१ ॥

ભાવાર્થ—અજ્ઞાની લોકમાં આ અમૂર્ત્ત આત્માને વિષે જે મૂર્ત્તતા માનવામાં આવે છે, તે ભ્રમથી છે. અજ્ઞાની પુરૂષ આશ્ચર્યવત્ જુએ છે, અને આશ્ચર્યવાળું વચન બોલે છે. ૪૧

વિશેષાર્થ—આત્મા અમૂર્ત્ત છે, છતાં તેનામાં જે મૂર્ત્તતા માનવામાં આવે છે, તે અજ્ઞાની લોકનો ભ્રમ છે, તે અજ્ઞાની આશ્ચર્યવત્ જુએ છે, એટલે અમૂર્ત્ત ને મૂર્ત્તરૂપે જુએ છે, અને આ

શ્રૃર્યવત્ વચન બોલે છે, એટલે આત્મા અમૂર્ત્ત છતાં તેને મૂર્ત્ત કહેવાનું વચન બોલે છે. ૪૧

આત્માને વિષે મૂર્ત્તનો વેદનાનો આરોપ કરે છે.

वेदना येन मूर्त्तत्व निमित्ता स्फुटमात्मनः ।
पुद्गलानां तदापत्तेः किंत्वशुद्धस्वशक्तिजा ॥ ४२

ભાવાર્થ—જો આત્માને મૂર્ત્તપણા નિમિત્તે વેદના હોય, તો પુદ્ગલોને પણ તે વેદના થવી જોઇએ. કેમકે તે આત્માની અશુદ્ધ શક્તિથી થયેલી છે. ૪૨

વિશેષાર્થ—જેઓ આત્માને શરીરનો સંબંધ જાણી મૂર્ત્તતા માને છે, અને તે નિમિત્તે આત્માને વેદના થતી માને છે; તો શરીરની સાથે પુદ્ગલોનો પણ સબંધ છે, તો તે વેદના પુદ્ગલોને થવી જોઇએ. પણ ખરી રીતે તે વેદનાનો અનુભવ આત્માને અશુદ્ધ શક્તિથી થાય છે, શુદ્ધ શક્તિમાં થતો નથી. ૪૨

વેદનાનો અનુભવ કેવીરીતે થાય છે ?

अक्षद्वारा यथा ज्ञानं स्वयं परिणमत्ययम् ।
तथेष्टानिष्टविषयस्पर्श द्वारेण वेदनां ॥ ४३ ॥

ભાવાર્થ—જેમ જ્ઞાન પોતે ઇંદ્રિયદ્વારા પરિણામ પામે છે, તેમ આ આત્મા ઇષ્ટ તથા અનિષ્ટ વિષયના સ્પર્શદ્વારા વેદનાને અનુભવે છે. ૪૩

વિશેષાર્થ—જેમ જ્ઞાન ઇંદ્રિયદ્વારા પરિણામ પામે છે, એટલે જ્ઞાનનું સ્વરૂપ ઇંદ્રિયદ્વારા જણાય છે, તેમ આત્મા ઇષ્ટ તથા અનિષ્ટ વિષયોના સ્પર્શદ્વારા વેદનાને અનુભવે છે. એટલે આત્માને ઇષ્ટ તથા અનિષ્ટ વિષયોનો સ્પર્શ થાય છે, તે સ્પર્શને લઈને વેદનાનો અનુભવ થાય છે. ૪૩

વેદનાનો પરિણામ શાથી થાય છે ?

विपाककालं प्राप्यासौ वेदना परिणामभाक् ।
मूर्त्तं निमित्तमात्रं नो घटे दंडवदन्वयि ॥ ४४ ॥

ભાવાર્થ—એ વેદના વિપાક કાળને પામીને પરિણામ પામે છે. તેમાં ઘડામાં દંડની જેમ નિમિત્તમાત્ર એવી મૂર્ત્ત વસ્તુ અન્વયી–સંબંધી હોતી નથી. ૪૪

વિશેષાર્થ—એ વેદના વિપાકકાળને પામીને પરિણામ પામે છે. તેમાં મૂર્ત્તિમાન પદાર્થ નિમિત્તમાત્ર છે. તે સંબંધ ધરાવતું નથી. જેમ માટીનો ઘડો બનાવવામાં ચક્ર ફેરવવાનો દંડ નિમિત્તમાત્ર છે, પણ ઘડાની સાથે તેનો સંબંધ નથી. ૪૪

વેદના એ શું છે ?

ज्ञानाख्या चेतना बोधः कर्मारव्या द्विष्टरक्तता ।
जंतोः कर्मफलाख्या सा वेदनाव्यपदिश्यते ॥ ४५ ॥

ભાવાર્થ—જ્ઞાન નામની જે ચેતના તે બોધ કહેવાય છે, કર્મ નામે રાગ, દ્વેષ, કહેવાય છે. અને પ્રાણીને કર્મનું જે ફળ થાય, તે વેદનાને નામે ઓળખાય છે. ૪૫

વિશેષાર્થ—બોધ એ પણ જ્ઞાન નામની ચેતના છે. રાગ અને દ્વેષ એ કર્મને નામે છે, એટલે રાગ તથા દ્વેષ, તે એક જાતનાં કર્મ કહેવાય છે. અને જે કર્મનું ફળ છે, તે પ્રાણીને વેદનાના નામથી ઓળખાય છે. તેથી તે વેદના આત્માની સાથે મુખ્ય સંબંધ ધરાવતી નથી. ૪૫

આત્મામાં અમૂર્ત્તતા અને ચેતના છે, એથી તેને દેહની સાથે ઐકયતા નથી.

नात्मा तस्मादमूर्त्तत्वं चैतन्यं चातिवर्त्तते ।
अतो देहेन नैकत्वं तस्य मूर्त्तेन कर्हिचित् ॥ ४६ ॥

ભાવાર્થ—તેથી આત્મા અમૂર્ત્તતા અને ચૈતન્યનું અતિક્રમણ કરતો નથી, એથીજ તેને મૂર્ત્ત એવા દેહની સાથે ઐકયતા કદિ પણ છેજ નહીં. ૪૬

વિશેષાર્થ—આત્મા અમૂર્ત્તતા અને ચૈતન્યનું અતિક્રમણ કરતો નથી, એટલે આત્મા પોતાના અમૂર્ત્તતા અને ચેતનાનો ગુણ છોડતો નથી. એથી તે અમૂર્ત્ત આત્માને મૂર્ત્તિમાન્ દેહની સાથે ઐકયતા કદિ પણ સંભવતી નથી. ૪૬

આત્માની ભિન્નતા બીજીરીતે પણ છે.

संनिकृष्टान्मनोवाणीकर्मादेरपि पुद्गलात् ।
विप्रकृष्टाच्च नादेश्च ज्ञाव्यैवं भिन्नतात्मनः ॥ ४७ ॥

ભાવાર્થ—નજીક એવાં મન, વાણી અને કર્માદિકથી અને દૂર એવાં ધનાદિક પુદ્ગલથી આત્માની ભિન્નતા જાણી લેવી. ૪૭

વિશેષાર્થ—મન, વાણી અને કર્માદિક એ આત્માને નજીક છે, અને ધનાદિક જે પુદ્ગલ છે, તે આત્માથી દૂર છે. તે ઉપરથી આત્મા પુદ્ગલિક એવાં શરીરથી ભિન્ન છે, એમ ખાત્રી થાયછે. ૪૭

જિનેશ્વરો આત્મદ્રવ્યને પુદ્ગલોથી ભિન્ન કહેછે.

पुद्गलानां गुणो मूर्त्तिरात्मा ज्ञानगुणः पुनः ।
पुद्गलेभ्यस्ततो भिन्नमात्मद्रव्यं जगुर्जिनाः ॥ ४८ ॥

ભાવાર્થ—પુદ્ગલોનો ગુણ મૂર્ત્તિ છે, અને આત્માનો ગુણ જ્ઞાન છે, તેથી આત્મ દ્રવ્ય પુદ્ગલોથી ભિન્ન છે, એમ જિનેશ્વરો કહેછે. ૪૮

વિશેષાર્થ—જે પુદ્ગલો છે, તેનો ગુણ મૂર્ત્તિ છે, એટલે પુદ્ગલોથી મૂર્ત્તિ ઉત્પન્ન થાયછે; અને આત્માનો ગુણ જ્ઞાન છે, તે ઉપરથી સિદ્ધ થાયછે કે, ‘ આત્મદ્રવ્ય પુદ્ગલોથી જુદું છે. ’ ૪૮

આત્મદ્રવ્ય ધર્માસ્તિકાયથી ભિન્ન છે.

ધર્મસ્ય ગતિહેતુત્વં ગુણો જ્ઞાનં તથાત્મનઃ ।
ધર્માસ્તિકાયાત્તદ્ભિન્નમાત્મદ્રવ્યં જગુર્જિનાઃ ॥ ૪૯ ॥

ભાવાર્થ—ધર્માસ્તિકાયનો ગતિ હેતુ છે, ચલન ધર્મ છે, અને આત્માનો ગુણ જ્ઞાન છે, તેથી આત્મદ્રવ્ય ધર્માસ્તિકાયથી ભિન્ન છે, એમ જિનેશ્વરો કહેછે. ૪૯

વિશેષાર્થ—ધર્માસ્તિકાયનો હેતુ ગતિ છે, એટલે ધર્માસ્તિકાય ચલન ધર્મી છે, અને આત્માનો ગુણ જ્ઞાન છે, તેથી આત્મદ્રવ્ય ધર્માસ્તિકાયથી ભિન્ન છે. જ્ઞાન ગુણવાળા આત્માને ચલન ધર્મ હોતો નથી, તેથી તેનામાં ધર્માસ્તિકાય પણું આવતું જ નથી. ૪૯

આત્મ દ્રવ્ય અધર્માસ્તિકાયથી પણ જુદું છે.

અધર્મે સ્થિતિહેતુત્વં ગુણો જ્ઞાનગુણોઽસુમાન્ ।
તતોઽધર્માસ્તિકાયાન્યમાત્મદ્રવ્યં જગુર્જિનાઃ ॥ ૫૦ ॥

ભાવાર્થ—અધર્માસ્તિકાયનો હેતુ સ્થિરતા છે, અને આત્મા જ્ઞાન ગુણવાળો છે, તેથી આત્મદ્રવ્ય અધર્માસ્તિકાયથી જુદું છે, એમ જિનેશ્વરો કહેછે. ૫૦

વિશેષાર્થ—અધર્માસ્તિકાયનો ધર્મ સ્થિરતા છે, એટલે સ્થિર રહેવાનો ધર્મ છે, અને આત્માનો ગુણ જ્ઞાન છે, તેથી આત્મા અધર્માસ્તિકાયથી ભિન્ન છે, એમ શ્રી જિનેશ્વરો કહેછે. ૫૦

આકાશાસ્તિ કાયથી પણ આત્મ દ્રવ્ય ભિન્ન છે.

अवगाहो गुणो व्योम्नो ज्ञानं खल्वात्मनो गुणः ।
व्योमास्तिकायात्तद्भिन्नमात्मद्रव्यं जगुर्जिनाः ॥ ५१ ॥

ભાવાર્થ—આકાશાસ્તિ કાયનો ગુણ અવગાહના છે, અને આત્માનો ગુણ જ્ઞાન છે, તેથી આત્મ દ્રવ્ય આકાશાસ્તિકાયથી ભિન્ન છે, એમ જિનેશ્વરો કહે છે. ૫૧

વિશેષાર્થ—આકાશાસ્તિકાયનો ગુણ અવગાહના છે, એટલે આકાશાસ્તિકાય દરેક પદાર્થમાં અવગાહના કરે છે, અને આત્માનો ગુણ જ્ઞાન છે, તેથી આત્મા આકાશાસ્તિકાયથી ભિન્ન છે, એમ જિનેશ્વરો કહે છે. ૫૧

કાળથી પણ આત્મદ્રવ્ય ભિન્ન છે.

आत्मा ज्ञानगुणः सिद्धः समयो वर्त्तनागुणः ।
तद्भिन्नं समयद्रव्यादात्मद्रव्यं जगुर्जिनाः ॥ ५२ ॥

ભાવાર્થ—સમય-કાળનો ગુણ વર્ત્તના છે, અને આત્મા-જ્ઞાન ગુણવાલો સિદ્ધ છે, તેથી કાળ દ્રવ્યથી આત્મદ્રવ્ય ભિન્ન છે, એમ જિનેશ્વરો કહે છે. ૫૨

વિશેષાર્થ—કાળનો ગુણ વર્ત્તના છે, અને આત્માનો ગુણ જ્ઞાન છે અને સિદ્ધ રૂપ છે, તેથી કાળને અને આત્માને બીલકુલ સંબંધ નથી. ૫૨

અજીવતત્ત્વને અને આત્માને સંબંધ નથી.

आत्मनस्तदजीवेभ्यो विभिन्नत्वं व्यवस्थितम् ।
व्यक्तिभेदोन वा देशादजीवत्वमपीष्यते ॥ ૬૩ ॥

ભાવાર્થ—અજીવ પદાર્થોથી આત્માનું ભિન્નપણું રહેલું છે, અને વ્યક્તિના ભેદથી અથવા દેશથી અજીવપણું પણ ઇચ્છાયછે. ૫૩

વિશેષાર્થ—જે અજીવપણું છે, તે કોઇ વ્યક્તિ (૬૫) ના ભેદથી અથવા દેશથી જણાઇ આવે છે. તે ઉપરથી આત્મા અજીવથી ભિન્ન છે, એમ સિદ્ધ થાય છે. ૫૩

પ્રાણભાવપ્રાણની અપેક્ષા વિના અજીવ છે, અને દ્રવ્ય પ્રાણની અપેક્ષા વિના સિદ્ધ છે.

अजीवा जन्मिनः शुद्धभावप्राणव्यपेक्षया ।
सिद्धाश्च निर्मलज्ञाना द्रव्य प्राणव्यपेक्षया ॥ ૬૪ ॥

ભાવાર્થ—શુદ્ધ એવા ભાવપ્રાણની અપેક્ષા રહિત અજીવ પ્રાણીઓ છે, અને દ્રવ્યપ્રાણની અપેક્ષા રહિત, અને નિર્મળ જ્ઞાન વાળા સિદ્ધના જીવો છે. ૫૪

વિશેષાર્થ—પ્રાણના ભાવ અને દ્રવ્ય એવા બે પ્રકાર પાડી શકાય છે. તેમાં જે અજીવ પ્રાણી છે, તેમાં શુદ્ધ ભાવપ્રાણ હોતા નથી; અને જે સિદ્ધના જીવો છે, તેમાં દ્રવ્યપ્રાણ હોતા નથી. કારણ કે, તેનામાં નિર્મળ જ્ઞાન હોય છે. ૫૪

દ્રવ્યપ્રાણના ચાર ભેદ છે.

इंद्रियाणि बलं श्वासोच्छ्वासो ह्यायुस्तथापरं ।
द्रव्यप्राणा श्चतुर्भेदाः पर्यायाः पूद्गलाश्रिताः ॥ ९९ ॥

ભાવાર્થ—ઇંદ્રિયો, બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય–એમ દ્રવ્યપ્રાણ ચાર પ્રકારના છે, અને તેમના પર્યાઓ પૂદ્ગલોને આશ્રીને છે. ૫૫

વિશેષાર્થ—દ્રવ્યપ્રાણના ચાર પ્રકાર છે. ઇંદ્રિયો, બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય–તે શિવાય તેમના બીજા પર્યાયો છે, તે પુદ્ગલોને આશ્રીને રહેલા છે. ૫૫

પર્યાયોને આત્માની સાથે તાદાત્મિક સંબંધ નથી.

निनास्ते ह्यात्मनोऽत्यंतं तदेतैनास्ति जीवनम् ।
ज्ञान धैर्यसदाश्वासनित्यस्थिति विकारिन्निः ॥ ९६ ॥

ભાવાર્થ—જે પર્યાયો આત્માથી અત્યંત ભિન્ન છે. તેમનાથી આત્માનું કાંઇ જીવન નથી. કારણ કે તેઓ જ્ઞાન, ધૈર્ય, સદા આશ્વાસ, અને નિત્ય સ્થિતિવડે વિકારી છે–વર્જિત છે. ૫૬

વિશેષાર્થ—જે પુદ્ગલોને આશ્રીને પર્યાયો છે, તેઓ આત્માથી અત્યંત જુદા છે. તેમનાથી આત્માનું કાંઇ જીવન નથી. કારણ કે, જ્ઞાન, ધૈર્ય, સદા આશ્વાસન અને નિત્ય સ્થિતિથી તેઓ વર્જિત છે. અને આત્માની અંદર જ્ઞાન, ધૈર્ય વગેરે ગુણો રહેલ છે. ૫૬

શુદ્ધ દ્રવ્ય નયનો સ્થિતિ કેવી છે ?

एतत्प्रकृतिभूताभिः शाश्वतीभिस्तु शक्तिभिः ।
जीवेतात्मा सदेत्येषा शुद्धद्रव्यनयस्थितिः ॥ ५७ ॥

ભાવાર્થ—એ પ્રકૃતિરૂપ શાશ્વત શક્તિઓથી આત્મા સદા જીવે, એ શુદ્ધ દ્રવ્ય નયની સ્થિતિ છે. ૫૭

વિશેષાર્થ—આત્માની એ પ્રકૃતિ રૂપ શાશ્વત હમેશાં રહેનારી શક્તિઓ છે. તેવડે આત્મા સદા જીવન મેળવે છે, અને એજ શુદ્ધ દ્રવ્યનયની સ્થિતિ છે. એટલે આત્માનું પોતાની શાશ્વતી પ્રકૃતિ રૂપ શક્તિથી જે જીવન છે, તે શુદ્ધ દ્રવ્યનયની સ્થિતિ કહેવાય છે. ૫૭

જીવાત્માનું વિચિત્ર ચરિત્ર.

जीवो जीवति न प्राणैर्विना तैरेव जीवति ।
इदं चित्रचरितं को हंत पर्यनुयुज्यताम् ॥ ५८ ॥

ભાવાર્થ—જીવ પ્રાણ વિના જીવતો નથી, અને તે પ્રાણથી પણ જીવે છે. આવું જીવનું વિચિત્ર ચરિત્ર જાણી કોણ આશ્ચર્ય નહીં પામે ? ૫૮

વિશેષાર્થ—જીવ પ્રાણ વિના જીવતો નથી, એટલે સ્થૂલ શરીરમાં પ્રાણ હોય, ત્યારે જીવનું જીવન લાગે છે. અને જીવ પ્રાણ વિના પણ જીવે છે, એટલે શરીર વિના આત્મરૂપે તે પ્રાણ વિના પણ સદા વર્ત્તે છે; આવું જીવનું વિચિત્ર ચરિત્ર કોને આશ્ચર્યકારી નહીં લાગે ? અર્થાત્ સર્વને આશ્ચર્યકારી લાગે છે. ૫૮

પુણ્ય અને પાપ આત્મા નથી.

नात्मा पुण्यं नवापापमेते यत्पुद्गलात्मके ।
आद्यबाह्यशरीरस्योपादानत्वेन कल्प्यते ॥ ९९ ॥

ભાવાર્થ—આત્મા પુણ્ય નથી, તેમ પાપ નથી. તે પાપ અને પુણ્ય પુદ્ગલરૂપ છે. અને તેમને પહેલાનાં બાળ શરીરનાં કારણરૂપે કલ્પે છે. ૫૯

વિશેષાર્થ—આત્મા પુણ્ય કે પાપ નથી, એટલે પુણ્ય અને પાપ આત્માથી જુદાં છે. તેઓ પુદ્ગલરૂપ છે. પ્રથમ બાળ રૂપે જે શરીર છે, તેના ઊપાદાન કારણ રૂપ પાપ પુણ્ય કલ્પાય છે. બાળ શરીરના બંધ થવામાં તે પાપ પુણ્ય મૂળ કારણ રૂપે કલ્પાય છે. ૫૯

પાપ પુણ્ય એ શુભાશુભ કર્મ છે.

पुण्यं कर्म शुभं प्रोक्तमशुभं पापमुच्यते ।
तत्कथं तु शुभं जंतून् यत्पातयति जन्मनि ॥ ६० ॥

ભાવાર્થ—પુણ્ય એ શુભ કર્મ કહેવાય છે, અને પાપ એ અશુભ કર્મ કહેવાય છે. ત્યારે શુભ કર્મ પણ પ્રાણીઓને સંસારમાં કેમ પાડે છે ? ૬૦

વિશેષાર્થ—પુણ્ય શુભ કર્મ કહેવાય છે, અને પાપ એ અશુભ કર્મ કહેવાય છે. એટલે શુભ કર્મનું ફળ પુણ્ય છે, અને અશુભ કર્મનું ફળ પાપ છે. અહિં ઉત્તરાર્દ્ધમાં પ્રશ્ન રૂપે કહે છે કે, શુભ કર્મ પણ પ્રાણીઓને સંસારમાં કેમ પાડે છે? એટલે શુભ કર્મ કરવાથી પ્રાણી પુણ્ય ભોગવવાને માટે સંસારમાં આવેછે. ૬૦

શુભ અને અશુભકર્મ પ્રાણીને શું કરે છે?

न ह्यायसस्य बंधस्य तपनीयमयस्य च ।
पारतंत्र्या विशेषेण फलत्नेदोऽस्ति कश्चन ॥ ६१ ॥

ભાવાર્થ—લોઢાનો બંધ અને સોનાનો બંધ પણ પરતંત્ર પણામાં સરખો છે, તેમાં કોઇ જાતના ફળનો ભેદ નથી. ૬૧

વિશેષાર્થ—કદિ પગમાં લોઢાની બેડીનો બંધ કરે, અથવા સોનાની બેડીનો બંધ કરે, પણ બંનેમાં પરતંત્રતા સરખી; એટલે પ્રાણીને બંધથી પરતંત્રતા સરખીજ ભોગવવી પડે છે. આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું કે, પ્રાણીને અશુભ કર્મ તે લોઢાની બેડી છે, અને શુભ કર્મ તે, સોનાની બેડી છે. પરતંત્રતા તો બંનેમાં સરખી છે. એટલે શુભ અને અશુભ કર્મ બંને સંસાર આપે છે, પણ તે ભોગવવામાં લોઢા અને સોના જેટલો તફાવત છે. ૬૧

સુખ દુઃખથી પુણ્ય પાપનો ભેદ નથી.

फलान्यां सुखदुःखान्यां न नेदः पुण्यपापयोः ।
दुःखान्न जिद्यते हंत यतः पुण्यफलं सुखम् ॥ ६२ ॥

ભાવાર્થ—પુણ્ય અને પાપના ફળરૂપ સુખ અને દુઃખમાં કાંઇ ભેદ નથી, પુણ્યનું ફળ સુખ છે, પણ તે દુઃખથી ભેદ પામતું નથી. ૬૨

વિશેષાર્થ—પુણ્યનું ફળ સુખ છે, અને પાપનું ફળ દુઃખ છે; પણ તેમાં કોઇ જાતનો ભેદ નથી. કારણ કે, સુખ પણ દુઃખથી જુદું પડતું નથી. સુખ ભોગવતાં દુઃખ આવી પડે છે, અથવા સુખને લઇને વિષય સેવન કરવામાં આવતાં પાછું દુઃખ રૂપ કર્મ બંધાય છે, તેથી સુખ અને દુઃખમાં ભેદ ગણેલો નથી. ૬૨

દુઃખના ઉપાયમાં સુખ પણાની બુદ્ધિ મૂઢ લોકોને થાય છે.

सर्वं पुण्यफलं दुःखं कर्मोदयकृतत्वतः ।
तत्र दुःखप्रतीकारे विमूढानां सुखत्वधीः ॥ ६३ ॥

ભાવાર્થ—પુણ્યનું સર્વ ફળ દુઃખ રૂપ છે; કારણ કે, તે કર્મના ઉદયથી થયેલું છે. તેમાં દુઃખનો ઉપાય કરી, સુખ પણાની બુદ્ધિ મૂઢ પુરૂષોને થાય છે. ૬૩

વિશેષાર્થ—પુણ્યનું ફળ સુખ છે, પણ તે દુઃખ રૂપજ છે. અને તે દુઃખને દૂર કરવામાં ઉપાયો ચોજી સુખ મેળવવા ઇચ્છા કરવી, તે મૂઢતા છે. એટલે દુઃખમાં સુખની જે ઇચ્છા રાખવી તે મૂઢ પુરૂષોને થાય છે, વિદ્વાનોને થતી નથી. સુજ્ઞ પુરૂષો તો, સુખને પણ દુઃખ રૂપજ માને છે. ૬૩

પુણ્યથી થયેલું સુખ કેવી રીતે દુઃખ રૂપ છે ?

परिणामाच्च तापाच्च संस्काराच्च बुधैर्मतम् ।
गुणवृत्तिविरोधाच्च दुःखं पुण्यजवं सुखम् ॥ ६४ ॥

ભાવાર્થ—પરિણામથી, પરિતાપથી, સંસ્કારથી અને ગુણ વૃત્તિના વિરોધથી પુણ્યથી થયેલું સુખ, દુઃખ રૂપ છે. એમ વિદ્વા નોએ માનેલું છે. ૬૪

વિશેષાર્થ—પુણ્યથી થયેલું સુખ ચાર કારણોને લઈને દુઃખ રૂપ છે. પરિણામથી એટલે સુખને લઈને અનેક વિષય-કષાયો સે-વાય છે, તેથી પરિણામે નઠારાં કર્મ બંધાતાં છેવટે દુઃખ પ્રાપ્ત થાય છે. પરિતાપથી એટલે સુખની તૃપ્તિ ન થતાં વિશેષ સુખ મે-ળવવાને હૃદયમાં પરિતાપ રહ્યા કરે છે, તેથી પણ દુઃખ છે. સંસ્કા-રથી એટલે સુખના સંસ્કારો એવા લાગી જાયછે કે, જેથી દુઃખ રહ્યા કરે છે, અને ગુણવૃત્તિના વિરોધથી એટલે સુખને લઈને બીજા આત્માના ગુણોનો વિરોધ થાય છે, એટલે પરિણામે દુઃખ થાય છે. એ ચાર કારણોથી પુણ્યથી થયેલું સુખ પણ દુઃખરૂપ બને છે. ૬૪

શરીરની પુષ્ટિનો પરિણામ અતિ ભયંકર છે.

देहपुष्टैर्नरामर्त्यनायकानामपि स्फुटम् ।
महाजपोषणस्येव परिणामोऽतिदारुणः ॥ ६५ ॥

ભાવાર્થ—મનુષ્ય અને દેવતાના નાયકોને મોટા બકરાના પોષણની જેમ દેહની પુષ્ટિથી અતિ ભયંકર પરિણામ આવે છે. ૬૫

વિશેષાર્થ—જે મનુષ્ય કે દેવ પોતાના શરીરનું પોષણ કરવામાં સુખ માનતા હોય તો, જેમ મોટા બકરાને પોષણ કરવાથી તેનું ભયંકર પરિણામ આવે છે, તેમ શરીરને પુષ્ટ કરવાથી અતિ ભયંકર પરિણામ આવે છે, એટલે અતિ પોષણ કરી પુષ્ટ કરેલો બકરો ઘણો મારકણો થાય છે, તેથી તેનું અહિં દૃષ્ટાંત આપ્યું છે. ૬૫

વિષય ભોગવનારા પણ અંતે ભયંકર દશામાં આવી પડે છે.

जलौकाः सुखमानिन्यः पिबंत्यो रुधिरं यथा ।
भुंजाना विषयान् यांति दशामंतेऽतिदारुणाम् ॥ ६६ ॥

ભાવાર્થ—રૂધિરનું પાન કરતી જળો જેમ સુખ માને છે, પણ અંતે અતિ ભયંકર દશાને પામે છે, તેમ વિષયોને ભોગવનારા પુરૂષો સુખ માને છે, પણ અંતે ભયંકર દશાને પામે છે. ૬૬

વિશેષાર્થ—જળો રૂધિરને પીએ છે, ત્યારે પોતાને સુખ માને છે; પણ તે અતિપુષ્ટ થઇ મરણ સ્થિતિએ પહોંચે છે. તેવીજ રીતે વિષયોને ભોગવનારાં પ્રાણીઓ અંતે ભયંકર દશાને પામે છે. અહિંસુધી પરિણામથી સુખ દુઃખરૂપ થાય છે, એ વાત ગ્રંથકારે દર્શાવી છે. ૬૬

હવે તાપથી સુખ દુઃખરૂપ છે, તે વાત દર્શાવે છે.

तीव्राग्निसंगसंशुष्यत्पयसामयसामिव ।
यन्नौत्सुक्यात्सदाक्षाणां तप्तता तत्र किं सुखम् ॥ ६७ ॥

ભાવાર્થ—તીવ્ર અગ્નિના સંગથી જળને સુકાવનારા લોઢાના જેવી, જ્યાં ઉત્સુકપણાથી ઇંદ્રિયોને સદા તપ્તતા [તાપ]ર હ્યા કરે છે, ત્યાં શેનું સુખ હોય ? ૬૭

વિશેષાર્થ—હમેશાં ઇંદ્રિયો પોત પોતાના વિષયો મેળવવાને ઉત્સુક રહ્યા કરે છે. તેવા ઉત્સુકપણાથી હૃદયને પરિતાપ થયા કરે છે. એવો પરિતાપ જ્યાં હોય, ત્યાં સુખ ક્યાંથી હોય ? તે પરિતાપ ને માટે દૃષ્ટાંત આપે છે. તીવ્ર અગ્નિના સંગથી પાણીને શોષી લેનારા લોઢાની જેવી તપ્તતા હોય છે, તેવી ઇંદ્રીયોના વિષયોની ઉત્કંઠાની તપ્તતા હોય છે. ૬૭

प्राक्पश्चाच्चारतिस्पर्शात्पुटपाकमुपेयुषिः ।
इंद्रियाणां गणे तापव्यापएव न निर्वृतिः ॥ ६८ ॥

ભાવાર્થ—ઇંદ્રિયોનો ગણ જ્યારે પૂર્વ અને પાછળ અરતિના સ્પર્શથી પુટપાક–પરિપાકને પામે છે, ત્યારે તાપજ વ્યાપે છે, સુખ થતું નથી. ૬૮

વિશેષાર્થ—ઇંદ્રિયોને જ્યારે અરતિ ઉપન્ન થાય છે; એટલે પોતાને ઇષ્ટ વિષય ન મળવાથી આતુરતા પ્રાપ્ત થાય છે, ત્યારે હૃદયમાં પરિતાપજ વ્યાપે છે. આ વખતે સુખ ક્યાંથી હોય ? આવી રીતે તાપથી પુણ્યનું સુખ દુઃખ રૂપ થાય છે. ૬૮

તાપ થવાનું કારણ દ્વેષ પણ છે.

सदा यत्र स्थितो द्वेषोल्लेखः स्वप्नतिषंथिषु ।
सुखानुन्नवकालेऽपितत्र तापहृतं मनः ॥ ६९ ॥

ભાવાર્થ—જ્યાં પોતાના વિરોધી ઉપર સદા દ્વેષનો ઉલ્લાસ રહ્યા કરે છે, ત્યાં સુખના અનુભવના વખતમાં પણ મન તાપથી હણાએલું રહે છે. ૬૯

વિશેષાર્થ—જ્યારે માણસ પોતાના વિરોધી ઉપર સદા દ્વેષ રાખ્યા કરે છે, તેવે વખતે સુખનો અનુભવ થતો હોય, તો પણ મનમાં પરિતાપ થાય છે. આવી રીતે તાપથી પુણ્યનું સુખ દુઃખ રૂપ થાય છે. ૬૯

સંસ્કારથી પુણ્યજનિત સુખ કેવી રીતે દુઃખ રૂપ થાય છે ?

स्कंधात्स्कंधांतरारोपे भारस्येव न तत्त्वतः ॥
अह्लादेऽपि सुखस्य संस्कारोऽपि निवर्त्तते ॥ ७० ॥

ભાવાર્થ—જેમ એક ખાંધ ઉપરથી બીજે ખાંધે લેતાં ભાર ઓછો લાગે છે, પણ વસ્તુતાએ ઓછો થતો નથી, તેમ ઇંદ્રિયોને આનંદ થતાં સુખ લાગે છે, પણ દુઃખનો સંસ્કાર નિવૃત્ત થતો નથી. ૭૦

વિશેષાર્થ—જેમ કોઈ મજુર ખાંધ ઉપર ભાર લઇ જતો હોય, તેને જ્યારે ભાર લાગે છે, ત્યારે તે બીજા ખાંધ ઉપર ભાર મુકે છે. આથી તેને જરા સુખ લાગે છે, પણ વસ્તુતાએ તે ભારનું દુઃખ ઓછું થતું નથી. તેવી રીતે ઇંદ્રિયોને આનંદ આપનારા વિષયોથી માણસને સુખ લાગે છે, પણ વસ્તુતાએ દુઃખનો સં-

સ્કાર નિવૃત્ત થતો નથી. આ રીતે સંસ્કારથી સુખ દુઃખરૂપ થાય છે. ૭૦

ગુણવૃત્તિના વિરોધથી પુણ્યજનિત સુખ કેવી રીતે દુઃખરૂપ થાય છે ?

સુખં દુઃખં ચ મોહશ્ચ તિસ્રોઽપિ ગુણવૃત્તયઃ ।
વિરુદ્ધા અપિ વર્ત્તંતે દુઃખજાત્યનતિક્રમાત્ ॥ ૭૧ ॥

ભાવાર્થ—સુખ, દુઃખ અને મોહ–એ ત્રણે ગુણની વૃત્તિઓ છે. તે દુઃખની જાતિને ઊલ્લંઘન કરી શકતી નથી, તેથી વિરૂદ્ધ પણ વર્ત્તે છે. ૭૧

વિશેષાર્થ—સુખ, દુઃખ અને મોહ–એ ત્રણ ગુણની વૃત્તિઓ છે, તે દુઃખની જાતિનું ઉલ્લંઘન કરતી નથી, એટલે વિરૂદ્ધ વર્ત્તે છે, આથી ગુણ વૃત્તિના વિરોધથી પણ પુણ્યજનિત સુખ દુઃખરૂપ થાય છે. ૭૧

ભોગનો વિલાસ કેવો છે ?

ક્રુદ્ધનાગફણાજોગોપમો ભોગોદ્ભવોઽખિલઃ ।
વિલાસશ્ચિત્રરૂપોઽપિ ભયહેતુર્વિવેકિનામ્ ॥ ૭૨ ॥

ભાવાર્થ—વિચિત્ર રૂપવાળો એવો ભોગનો વિલાસ ક્રોધ પામેલા સર્પની ફણાના આટોપ જેવો છે. તેથી તે વિવેકી પુરૂષોને ભયના કારણરૂપ છે. ૭૨

વિશેષાર્થ—આ સંસારના ભોગનો વિલાસ વિચિત્ર પ્રકારનો છે, પણ તે ક્રોધ પામેલા સર્પની ફણના જેવો ભયંકર છે. તે વિવેકી પુરૂષોનેજ ભયંકર છે, એટલે જેઓ ભવ્યપણાને લઈ શાસ્ત્રનો બોધ મેળવી વિવેકી થયેલા છે, તેઓને તે વિશેષ ભયંકર લાગે છે, અને જેઓ અજ્ઞાની છે, તેઓને તે ભયંકર લાગતો નથી. તેઓને તેનું ફળ મળતાં ભયંકર લાગે છે, તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. ૭૨

ફલિતાર્થ કહે છે.

इत्थमेकत्वमापन्नं फलतः पुण्यपापयोः ।
मन्यते यो न मूढात्मा नांतस्तस्य भवोदधेः ॥ ७३ ॥

ભાવાર્થ—એવી રીતે ફળની અપેક્ષાએ પાપ પુણ્યની એકતા પ્રાપ્ત થાય છે. જે મૂઢ પુરૂષ એને માનતો નથી, તેને આ સંસાર સાગરનો અંત આવતો નથી. ૭૩

વિશેષાર્થ—પુણ્ય અને પાપનું ફળ જે સુખ અને દુઃખ છે, તે વસ્તુતાએ એકજ છે; એટલે સુખ અને દુઃખ બંને દુઃખ રૂપજ છે, એમ જે માનતો નથી, તે મૂઢ પુરૂષ છે; અને તેવા મૂઢ પુરૂષને આ સંસાર સાગરનો અંત આવતો નથી. ૭૩

તે દુઃખરૂપ એવા પુણ્ય પાપથી આત્મા ભિન્ન છે

दुःखैकरूपयोर्भिन्नस्तेनात्मा पुण्यपापयोः ।
शुद्धनिश्चयतः सत्यश्चिदानंदमयः सदा ॥ ७४ ॥

ભાવાર્થ—તેથી દુઃખ એકજ જેમનું રૂપ છે, એવા પુણ્ય પાપના શુદ્ધ નિશ્ચયથી સત્ય અને સદા ચિદાનંદમય એવો આત્મા ભિન્ન છે. ૭૪

વિશેષાર્થ—એવી રીતે શુદ્ધ નિશ્ચયથી જણાય છે કે, પુણ્ય અને પાપ દુઃખરૂપજ છે. તેથી તેમનાથી આત્મા ભિન્ન છે–જુદો છે. કારણ કે, આત્મા સત્ય અને ચિદાનંદમય છે. સત્ય અને ચિદાનંદમય આત્માને સુખ દુઃખનો સંબંધ હોઇ શકતો નથી. ૭૪

તે આત્માનું તુરીય [ચોથી] દશામાં વ્યંગ રૂપ શોભી ઉઠે છે.

तत् तुरीयदशाव्यंगरूपमाचरणान्वयात् ।
नात्युष्णोद्योतशीलस्य घननाशाद्रवेरिव ॥ ७५ ॥

ભાવાર્થ—જેમ વાદળાનો નાશ થવાથી ઉષ્ણ ઉદ્યોત કરનારા સૂર્યનું સ્પષ્ટ રૂપ શોભે છે, તેમ આચરણના અન્વય–સંબંધથી તુરીય–ચોથી દશાનું સ્પષ્ટ રૂપ શોભે છે. ૭૫

વિશેષાર્થ—જ્યારે શુદ્ધ આચરણનો સંબંધ આત્મા સાથે થાય છે, તે વખતે સુખ દુઃખ રૂપથી મુક્ત થયેલો આત્મા તુર્યદશામાં આવે છે. ત્યાં તેનું સ્પષ્ટ રૂપ શોભી ઉઠે છે. તે વિષે દૃષ્ટાંત આપે છે. જેમ વાદળાં નાશ થવાથી સૂર્યનું સ્પષ્ટ સ્વરૂપ શોભી નીકળે છે, તેમ સુખ દુઃખનો નાશ થવાથી આત્માની તુરીય અવસ્થાનું સ્પષ્ટ રૂપ શોભી નીકળે છે. જેમ ઉષ્ણ ઉદ્યોતને કરવાનો સૂર્યનો સ્વભાવ છે, તેમ તુર્યદશાનો ઉદ્યોગ કરવાનો આત્માનો સ્વભાવ છે. ૭૫

ચિદાનંદ રૂપ કેવું છે ?

जायंते जाग्रतोऽक्षेभ्यश्चित्रार्थेसुखवृत्तयः ।
सामान्यं तु चिदानंदरूपं सर्वदशान्वयि ॥ ७६ ॥

ભાવાર્થ—જીવને જાગ્રતીમાં ઇંદ્રિયોના વિચિત્ર સુખની વૃત્તિઓ થાય છે, અને ચિદાનંદ રૂપ તો સામાન્ય અને સર્વ દશામાં સંબંધવાળું છે. ૭૬

વિશેષાર્થ—જીવ જ્યારે જાગ્રત હોય છે. ત્યારે તેને વિચિત્ર એવી ઇંદ્રિયોના સુખની વૃત્તિઓ ઉત્પન્ન થાય છે; અને જે ચિદાનંદ રૂપ છે, તે સામાન્ય અને સર્વ દશામાં એક સરખા સંબંધવાળું છે. કહેવાનો આશય એવો છે કે, જીવ જાગ્રત હોય, ત્યારે ઇંદ્રિયોની વિચિત્ર સુખની વૃત્તિઓ થયા કરે છે; આત્માને તેમ થતું નથી, તે તો સામાન્ય ચિદાનંદ રૂપ છે, અને સર્વ દશામાં એકજ જાતનો સંબંધ રાખનાર છે. કોઈ જાતની વિચિત્રતા નથી. ૭૬

આત્માને ઇંદ્રિયોની વૃત્તિઓનો અનુભવ અને પરાભવ થતો નથી.

स्फुलिंगै र्न यथावन्हिर्दीप्यते ताप्यतेऽथवा ।
तथानुभूतिपराभूति र्नैवैताभिः किलात्मनः ॥ ७७ ॥

ભાવાર્થ—જેમ અગ્નિ તણખાથી પ્રદીપ્ત થતો નથી, અને તપતો નથી, તેમ આત્માને ઇંદ્રિયોની વૃત્તિઓનો અનુભવ અને પરાભવ થતો નથી. ૭૭

વિશેષાર્થ—જેમ અગ્નિ તણખાથી પ્રદીપ્ત થતો નથી, તેમ તપતો નથી, એટલે અગ્નિને પ્રદીપ્ત કરવામાં કે તાપવામાં તણખા ની સહાયની જરૂર નથી, તેમ તેમનો સંબંધ નથી, તેવી રીતે ઇંદ્રિયોની વૃત્તિઓનો આત્માને સંબંધ નથી; તેથી તેનો અનુભવ કે પરાભવ આત્માને થતો નથી. ૭૭

શુદ્ધ વિવેકથી આત્મસ્વરૂપનું ભાન થાય છે.

साक्षिणः सुखरूपस्य सुषुप्तौ निरहंकृतेः ।
यथा ज्ञानं तथा शुद्धविवेके तदतिस्फुटम् ॥ ७८ ॥

ભાવાર્થ—સાક્ષી, સુખરૂપ અને અહંકારથી રહિત એવા આત્માનું જેવું સુષુપ્તિમાં ભાન થાય છે, તેવું શુદ્ધ વિવેકમાં અતિ સ્ફુટ ભાન થાય છે. ૭૮

વિશેષાર્થ—આત્મા સાક્ષીરૂપ છે, સુખરૂપ છે અને અહંકાર રહિત છે. તેનું સુષુપ્તિમાં જેમ ભાન થાય છે, તેનાથી શુદ્ધ વિવેકમાં અતિ સ્પુટ ભાન થાય છે. એટલે દરેકને સુષુપ્તિ અવસ્થામાં સાક્ષીરૂપ, સુખરૂપ અને અહંકાર રહિત એવા આત્માના સ્વરૂપનું ભાન થાય છે; પણ જો શુદ્ધ વિવેક પ્રગટ થાય તો, આત્મસ્વરૂપનું અતિ સ્ફુટ ભાન થાય છે. ૭૮

શુદ્ધ નિશ્ચય અને અશુદ્ધ નિશ્ચયથી આત્મા શેનો ભોક્તા છે ?

सच्चिदानंदज्ञावस्थ जोक्तात्मा शुद्धनिश्चयात् ।
अशुद्धनिश्चयात्कर्मकृतयोः सुखदुःखयोः ॥ ७९ ॥

ભાવાર્થ—શુદ્ધ નિશ્ચયથી આત્મા સચ્ચિદાનંદ ભાવનો ભોક્તા છે. અને અશુદ્ધ નિશ્ચયથી કર્મે કરેલાં સુખ દુઃખનો ભોક્તા છે. ૭૯

વિશેષાર્થ—શુદ્ધ અને અશુદ્ધ–એમ બે પ્રકારના નિશ્ચય છે. તેમાં શુદ્ધ નિશ્ચયથી આત્મા સચ્ચિદાનંદ ભાવનો ભોક્તા છે, એટલે શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા સચ્ચિદાનંદ ભાવરૂપ દેખાય છે, અને અશુદ્ધ નિશ્ચયથી કર્મે કરેલાં સુખ દુઃખનો ભોક્તા થાય છે. એટલે અશુદ્ધનયની અપેક્ષાએ આત્મા કર્મે કરેલાં સુખ દુઃખનો ભોક્તા છે. એટલે અશુદ્ધ નિશ્ચયને લઈને એ વાત સિદ્ધ થાય છે. ૭૯

આ વિષે નૈગમાદિકની વ્યવસ્થા કેવી રીતે ભાવવી ?

कर्मणोऽपि च भोगस्य स्रगादेर्व्यवहारतः ।
नैगमादिव्यवस्थापि भावनीयानया दिशा ॥ ८० ॥

ભાવાર્થ—કર્મના અને પુષ્પમાળા વગેરેના ભોગના વ્યવહારથી નૈગમ વગેરે નયની વ્યવસ્થા પણ આ રીતીથી ભાવવી. ૮૦

વિશેષાર્થ—આત્માની સાથે કર્મનો અને તેના પુષ્પમાળા વગેરે ભોગનો સંબંધ નથી. તે સંબંધ કેવીરીતે લાગુ પડતો નથી તે વિષે નૈગમાદિ નયની વ્યવસ્થા આજ રીતીએ કરવી. એટલે નૈગમાદિ નય ઘટાવીને તેની યોજના કરવી. ૮૦

આત્મા વિષે શુદ્ધ નયવાળો શું માને છે ?

कर्त्तापि शुद्धभावानामात्मा शुद्धनयाद्विभुः ।
प्रतीत्य वृत्तिं यद्वीर्यच्छुद्धक्षणानामेष मन्यते ॥ ८१ ॥

ભાવાર્થ—શુદ્ધ નયથી આત્મા શુદ્ધ ભાવનો કર્તા અને વિભુ-સમર્થ છે, અને જ્યારે તે શુદ્ધ પરિણામી છે, ત્યારે તે સમર્થ વીર્ય વૃત્તિને આશ્રીને શુદ્ધ ભાવનો કર્ત્તા છે, એમ શુદ્ધ નયવાળો માને છે. ૮૧

વિશેષાર્થ—શુદ્ધ નયવાળો એમ માને છે કે, આત્મા શુદ્ધ નયથી શુદ્ધ ભાવનો કર્ત્તા છે. જ્યારે તે શુદ્ધ પરિણામી છે, એટલે શુદ્ધ પરિણામ વાળો છે, ત્યારે તે તેના સામર્થ્ય ભરેલા વીર્યને આશ્રીને છે, અને એ શુદ્ધ નયનું વીર્ય ફોરવીને શુદ્ધ ભાવનો ઉત્પાદક બને છે. આમ શુદ્ધ નયવાળો માને છે. ૮૧

આત્મા શુદ્ધ ભાવને ઉત્પન્ન કરવામાં કયારે પ્રવર્તે છે ?

अनुपप्लवसाम्राज्ये विघ्नागमपरिक्षये ।
आत्मा शुद्धस्वभावानां जननाय प्रवर्त्तते ॥ ८२ ॥

ભાવાર્થ—અંતરાય રહિત એવું સામ્રાજ્ય કે જેમાં દુષ્ટ ભાવનો ક્ષય થાય છે, ત્યારે આત્મા પોતાના શુદ્ધ સ્વભાવનો ઉત્પાદક બને છે. ૮૨

વિશેષાર્થ—જયારે આત્મા પોતાના સામ્રાજ્યમાં અંતરાય રહિત પ્રવર્તે, અને તેની અંદર સર્વ દુષ્ટ ભાવનો ક્ષય થઈ જાય

એટલે કોઇ જાતનો અંતરાય તથા સર્વ દુષ્ટ ભાવનો નાશ થઇ જાય ત્યારે આત્મા પછી શુદ્ધભાવનોજ ઉત્પાદક બને છે. ૮૨

સંસારનો અંત કયારે કહેવાય ?

चित्तमेव हि संसारो रागादिक्लेशवासितम् ।
तदेव तैर्विनिर्मुक्तं भवांत इति कथ्यते ॥ ૮૩ ॥

ભાવાર્થ—રાગાદિ કલેશથી વાસિત એવું ચિત્ત તેજ સંસાર છે. જ્યારે તે ચિત્ત તે રાગાદિકથી મુક્ત થાય છે, ત્યારે આ સંસારનો અંત કહેવાય છે. ૮૩

વિશેષાર્થ—રાગ, દ્વેષ વગેરેના કલેશથી વાસિત એવું ચિત્ત તે સંસાર કહેવાય છે. એટલે જ્યારે ચિત્તમાં રાગ, દ્વેષ વગેરે ઉત્પન્ન થાય છે, ત્યારે સંસાર ગણાય છે. તે ચિત્ત જ્યારે રાગાદિકથી મુક્ત થાય, ત્યારે આ સંસારનો અંત આવે છે. અર્થાત્ જો સંસારનો અંત લાવવો હોય તો, ચિત્તને રાગાદિકથી મુક્ત કરવું. ૮૩

આત્માનું રૂપ બીજાથી વિકાર પામતું નથી.

यश्च चित्तक्षणक्लिष्टो नासावात्मा विरोधतः ।
अनन्यविकृतं रूपमित्यर्थत्वं ह्यदः पदम् ॥ ૮૪ ॥

ભાવાર્થ—રાગાદિક કલેશ વડે વાસિત ચિત્ત હોય, તે આત્મા નહીં, પણ સંસાર છે. કારણ કે, આત્માનું રૂપ અન્યથી વિ-

કરવાળું હોતું નથી, અને એવું આત્માનું રૂપ, તેજ મુક્તિ કહેવાય છે. ૮૪

વિશેષાર્થ—કહેવાનો આશય એવો છે કે, જ્યારે ચિત્ત રાગાદિ કલેશ વડે વાસિત હોય, ત્યારે સંસાર કહેવાય છે; અને અને ચિત્ત રાગાદિક કલેશથી મુકત થાય તે મોક્ષ કહેવાય છે. ૮૪

આત્મા શુદ્ધરૂપી છે, એમ શબ્દનયો કહે છે.

શ્રુતવાનુપયોગશ્ચેત્યેત ન્મિથ્યા યથા વચઃ ।
તથાત્મા શુદ્ધરૂપશ્ચેત્યેવં શબ્દનયા જગુઃ ॥ ૮૫ ॥

ભાવાર્થ—આત્માનો ઉપયોગ શ્રુતવંત છે. એ વચન જેમ મિથ્યા છે, તેમ આત્મા શુદ્ધ રૂપી નથી, એ પણ ખોટું છે, એમ શુદ્ધનયો કહે છે. ૮૫

વિશેષાર્થ—આત્માનો ઉપયોગ શ્રુતવંત છે, એટલે આત્માનો ઉપયોગ શ્રુત ઉપરથી થાય છે, એ વાત ખોટી છે, તેવીજ રીતે આત્મા શુદ્ધરૂપ નથી, એ વાત પણ ખોટી છે, એમ શુદ્ધનયો કહે છે. ૮૫

એમાં તાત્વિક શું છે ?

શુદ્ધપર્યાયરૂપસ્તદાત્મા શુદ્ધસ્વભાવકૃત્ ।
પ્રથમાપ્રથમત્વાદિન્નેદોઽપ્યેવં હિ તાત્વિકઃ ॥ ૮૬ ॥

ભાવાર્થ—શુદ્ધ પર્યાય રૂપ એવો આત્મા શુદ્ધ સ્વભાવને કરનારો છે, અને એવી રીતે તેનો પૂર્વ તથા પશ્ચાત્ પણાનો ભેદ પણ તાત્વિક છે. ૮૬

વિશેષાર્થ—શુદ્ધ સ્વભાવવાળો આત્મા ક્યારે ગણાય છે? કે જ્યારે તે શુદ્ધ પર્યાયરૂપ હોય ત્યારે. અને તેરીતે પૂર્વ તથા પશ્ચિમ વગેરે તેનો ભેદ વસ્તુતાએ સત્ય છે. ૮૬

તે વિષે દિગંબરીઓ શું કહેછે?

ये तु दिक्पटदेशीयाः शुद्धद्रव्यतयात्मनः ।
शुद्धस्वभावकर्त्तृत्वं जगुस्तेऽपूर्वबुद्धयः ॥ ૮૭ ॥

ભાવાર્થ—જે દિગંબર મતવાળા છે, તેઓ શુદ્ધ દ્રવ્ય પણાને લઇને આત્મા શુદ્ધ સ્વભાવનો કર્ત્તા છે, એમ કહેછે. તેઓ અપૂર્વ બુદ્ધિવાળા છે. ૮૭

વિશેષાર્થ—ગ્રંથકાર તે વિષે દિગંબર મત દર્શાવે છે. દિગંબરીઓ આત્માનો શુદ્ધ સ્વભાવ શુદ્ધ દ્રવ્યને લઇને છે, એમ કહેછે; તેથી તેઓ અપૂર્વ બુદ્ધિવાળા છે. એટલે પૂર્વ વિચાર કર્યા વગર તેમનું એ કથન છે. ૮૭

તે વિષે સિદ્ધસેન દિવાકરનો મત દર્શાવે છે.

द्रव्यास्तिकस्य प्रकृतिः शुद्धा संग्रहगोचरा ।
येनोक्ता संमतौ श्रीमत्सिद्धसेनदिवाकरैः ॥ ૮૮ ॥

ભાવાર્થ—દ્રવ્યાસ્તિક નયની પ્રકૃતિ સંગ્રહ નયની અપેક્ષાએ શુદ્ધ છે. જેને માટે શ્રીસિદ્ધસેન દિવાકરે સંમતિગ્રંથમાં કહેલું છે. ૮૮

વિશેષાર્થ—સિદ્ધસેન દિવાકર પોતાના સંમતિ ગ્રંથમાં લખેછે કે, દ્રવ્યાસ્તિક નયની પ્રકૃતિ સંગ્રહ નયની અપેક્ષાએ શુદ્ધ છે. ૮૮

તે મત પ્રમાણે આત્મા કેવો ઠરે છે ?

तन्मते च न कर्तृत्वं भावानां सर्वदान्वयात् ।
कूटस्थः केवलं तिष्ठत्यात्मा साक्षित्वमाश्रितः ॥ ૮૯ ॥

ભાવાર્થ—તે મત પ્રમાણે સર્વદા સંબંધને લઈને આત્માને ભાવનું કર્ત્તા પણું નથી, આત્મા તો કેવળ કૂટસ્થ અને સાક્ષી પણાને આશ્રીને રહેછે. ૮૯

વિશેષાર્થ—સિદ્ધસેન દિવાકરના મત પ્રમાણે સર્વદા સંબંધને લઈને આત્મા ભાવનો કર્ત્તા થતો નથી. તે કેવળ કૂટસ્થ-નિર્વિકારી અને સાક્ષી રૂપે રહેછે. ૮૯

આત્મા કર્મ સાથે કેવી રીતે લેપાતો નથી ?

कर्तुं व्याप्रियते नायमुदासीन इव स्थितः ।
आकाशमिव पंकेन लिप्यते न च कर्मणा ॥ ૯૦ ॥

ભાવાર્થ—એ આત્મા કાંઈ કરવાનો વ્યાપાર કરતો નથી, તે ઉદાસીની પેઠે રહેલો છે; અને જેમ કાદવથી આકાશ લેપાતું નથી, તેમ તે કર્મથી લેપાતો નથી. ૯૦

વિશેષાર્થ—આત્મા કોઇ જાતનો વ્યાપાર કરતો નથી, એટલે કોઈ જાતની ક્રિયા કરતો નથી. તે ઉદાસીની જેમ રહેછે. એવો ઉદાસીવત્ રહેલો આત્મા કાદવથી જેમ આકાશ લેપાતું નથી, તેમ તે કર્મથી લેપાતો નથી એટલે તે અવ્યાપારી, ઉદાસી અને નિર્લેપ છે. ૯૦

આત્મ સ્વરૂપ કેવળ જ્ઞાતવ્ય છે, કર્ત્તવ્ય નથી.

स्व स्वरूपं न कर्त्तव्यं ज्ञातव्यं केवलं स्वतः ।
दीपेन दीप्यते ज्योतिर्नित्यपूर्वं विधीयते ॥ ९१ ॥

ભાવાર્થ—જેમ દીવાથી જ્યોતિ દીપે છે, અને નિત્ય પૂર્વે કરવામાં આવેછે, તેમ પોતાનું સ્વરૂપ નવીન કરવું નહીં; પણ પોતે પોતાની મેળે જાણી લેવું. ૯૧

વિશેષાર્થ—દીવાથી જેમ જ્યોતિ દીપે છે, અને તે નિત્ય પૂર્વે કરવામાં આવેછે. તેવી રીતે પોતાના રૂપને નવીન કરવાનું નથી, પણ માત્ર પોતાનાથી કેવળ જાણી લેવાનું છે. કારણ નિત્ય, શાશ્વત, આત્મા સ્વપ્રકાશ હોવાથી પોતે પોતાને પ્રકાશે છે. ૯૧

નહીં તો, આત્માને અનાત્મતા થાય, અને અનાત્માને આત્મતા થાય છે.

अन्यथा प्रागनात्मा स्यात्स्वरूपाननुवृत्तितः ।
नवहेतुसहस्रेणाप्यात्मता स्यादनात्मनः ॥ ९२ ॥

ભાવાર્થ—જો ઉપર પ્રમાણે ન કરવામાં આવે, અથવા ન માનવામાં આવે તો સ્વરૂપને ન અનુસરવાથી અનાત્મા આત્મા થાય છે, અને સંસારના હજાર હેતુથી પણ અનાત્મતા થાય છે. ૯૨

વિશેષાર્થ—એમ આત્માને સ્વપ્રકાશ અને શાશ્વત અંગીકાર કરવામાં ન આવે, અને તેને પરપ્રકાશ અને કર્તૃત્વ સિદ્ધ માનવામાં આવે તો, પૂર્વે અનાત્મ પણું અંગીકાર કરવું પડશે. કારણ કે, ક્રિયાવડે ઉત્પન્ન થયેલા પદાર્થનું પૂર્વનું રૂપ જુદું જ હોય છે, એવો નિયમ છે. એવી રીતે આત્માની ઉત્પત્તિની પૂર્વે આત્માને અનાત્મ માનવું પડશે, અને ક્રિયા વડે આત્માનું રૂપાંતર થાય છે એમ માનીએ, તો આત્માની આવૃત્તિ અંગીકાર કરવી પડશે; અને આવૃતિ અંગીકાર કરવાથી સંસાર સંબંધી હજારો કૃત્ય રૂપ હેતુ વડે હજારો રૂપ બદલાશે, ત્યારે પૂર્વ પૂર્વ રૂપ અનાત્મ, અને ઉત્તર ઉત્તર ક્રિયાજન્ય રૂપ આત્મા માનવો પડશે; અને એમ કર્યાથી છેવટે અનવસ્થા દોષ પ્રાપ્ત થશે. ૯૨

આત્માનું કર્ત્તાપણું લોકમાં કેવી રીતે ઇચ્છાય છે?

नये तेनेह नो कर्त्ता किंत्वात्मा शुद्धभावभृत् ।
उपचारात् तु लोकेषु तत्कर्तृत्वमपीष्यते ॥ ९३ ॥

ભાવાર્થ—તેથી નયને વિષે આત્મા કર્ત્તા નથી, પણ તે આત્મા શુદ્ધ ભાવને ધારણ કરનારો થાય છે; અને લોકોમાં ઉપચારથી આત્માને કર્ત્તાપણું ઇચ્છાય છે. ૯૩

વિશેષાર્થ—તે માટે નયને વિષે આત્માનું કર્ત્તાપણું ઘટતું નથી, કેમકે, આત્મા શુદ્ધ ભાવને ધરનારો છે, અને લોકો જે તેને કર્ત્તા તરીકે જાણેવેછે, તે ઉપચારથી છે, વસ્તુતાએ આત્મા કર્ત્તા નથી. ૯૩

જ્ઞાની પુરૂષો આત્માને ધર્મોની ઉત્પત્તિ રૂપ માને છે.

उत्पत्तिमात्रं धर्माणां विशेषग्राहिणो जगुः ।
अव्यक्तिरावृतेस्तेषां नाभावादिति का प्रमा ॥ ९४ ॥

ભાવાર્થ—વિશેષ ગ્રાહી એટલે જ્ઞાની પુરૂષો ' આત્મ ધર્મોની ઉત્પત્તિ રૂપ છે, ' એમ કહે છે. અને તે ધર્મોના અભાવથી આવૃતિની વ્યક્તિ થતી નથી. તેમાં શું પ્રમાણ છે ? ૯૪

વિશેષાર્થ—વિશેષ ગ્રાહી એટલે જ્ઞાની પુરૂષો, તે પૂર્વોક્ત રીતે આત્માને ક્રિયાસિદ્ધ માનતા નથી, કિંતુ આત્માના ધર્મો ની ઉત્પત્તિ માને છે. અહિં કોઈને શંકા થાય કે, જેમ આત્મા અવ્યકત છે. તેમ આત્માના ધર્મ પણ અવ્યકત છે; તો જ્યારે આત્માની ઉત્પતિ માનતા નથી, ત્યારે તેના ધર્મની ઉત્પત્તિ પણ કેમ મનાય ? તેના સમાધાનમાં કહે છે કે, કેટલીએક અવ્યકત વસ્તુઓ આકાશની પેઠે જેમ તેમ રહે છે, અને કેટલીએક રૂપાંતરને પામે છે; અને આત્મા શાશ્વત અવ્યકત છે, માટે તેઓની આવૃત્તિ થાય છે. કારણ કે, જેમ આત્માની અનાવૃત્તિમાં ઘણાં પ્રમાણો છે, તેમ આત્માના ધર્મની આવૃત્તિ ન થવામાં કોઇ પ્રમાણ નથી. તેથી આત્માની પુનરાવૃત્તિ થતી નથી. પણ આત્માના ધર્મોની પુનરાવૃત્તિ થાય છે, એમ સિદ્ધ થયું. ૯૪

આત્મા ઉત્પત્તિ રહિત છે, તે દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે.

सत्वं च परसंताने नोपयुक्तं कथंचन ।
संतानिनामनित्यत्वात्संतानोपि न च ध्रुवम् ॥ ९५ ॥

ભાવાર્થ—પરના સંતાનમાં કદિપણ કોઇ રીતે સત્વ ઉપયુકત થતું નથી, અને સંતાનવાળાઓની અનિત્યતા છે, તેથી સંતાન પણ ધ્રુવ નથી. ૯૫

વિશેષાર્થ—આત્માનું ઉત્પત્તિરહિતપણું દૃષ્ટાંત આપી દૃઢ કરે છે. જેમ પિતા પુત્રરૂપ પરિવારની ઉત્પત્તિમાં પૂર્વ પૂર્વ પિતારૂપ કારણથી, ઉત્તર ઉત્તર પુત્રરૂપ કાર્યની ઉત્પત્તિ થવાથી પિતાપણાનો અભાવ અને પુત્રપણાનો ભાવ થાય છે, એમ સાંકળ લાંબી ચાલતાં જેમ પિતાનો નાશ, તેમ પુત્રનો પણ નાશ થાય છે, તેમ અનાત્માથી આત્માની ઉત્પત્તિરૂપ પ્રવાહથી, પૂર્વનો અભાવ અને ઉત્તરનો ભાવ થતાં પૂર્વની પેઠે ઉત્તરના નાશનો પણ સંભવ સિદ્ધ થાય છે; એથી આત્મા અશાશ્વત અને નાશરૂપ ઠરશે. ૯૫

આત્મા અચળ છે, એ વાત દૃષ્ટાંત પૂર્વક જણાવેછે.

व्योमाव्युत्पत्तिमत्तत्तदवगाहात्मना ततः ।
नित्यतानात्मधर्माणां तद्दृष्टांतबलादपि ॥ ९६ ॥

ભાવાર્થ—આકાશવત્ આત્માની ઉત્પત્તિ નથી, અને અચળતા તથા તે તે અવગાહનારૂપે આત્માના ધર્મોની નિત્યતા નથી, ચપળતા છે, તે દૃષ્ટાંતના બળથી સિદ્ધ થાય છે. ૯૬

વિશેષાર્થ—આકાશના દૃષ્ટાંતવડે આત્માનું અચળપણું અને આત્માના ધર્મોનું ચપળપણું સિદ્ધ કરે છે. જેમ આકાશ ઉત્પત્તિ રહિત છે, તેથી તેનું રૂપાંતર થતું નથી; તેમ આત્મા પણ ઉત્પત્તિ રહિત હોવાથી તેનું રૂપાંતર થતું નથી, અને આત્માના ધર્મ ઉત્પત્તિવાન્ છે, તેથી તેનું રૂપાંતર થાય છે. અહિં પણ આકાશનું વ્યતિરેકપણે દૃષ્ટાંત લેવું. જે વસ્તુ આકાશની પેઠે ઉત્પત્તિ રહિત હોતી નથી, તેનું રૂપાંતર થાય છે. ૯૬

આત્માનું રૂપાંતર ન થવાથી, પરિણામ ભાવનો ઉચ્છેદ થાય છે, એવો શંકાનો ઉત્તર આપે છે.

ऋजुसूत्रनयसूत्रः कर्तृतां तस्य मन्यते ।
स्वयं परिणमत्यात्मा यं यं भावं यदा यदा ॥ ૯૭ ॥

ભાવાર્થ—ઋજુસૂત્ર નયવાળો માનેછે કે, જ્યારે જ્યારે આત્મા જે જે ભાવના પરિણામને પામે છે, ત્યારે ત્યારે તે તે ભાવરૂપ કર્મવડે પરિણામરૂપ ઉત્પત્તિ માને છે. ૯૭

વિશેષાર્થ—જ્યારે આત્માનું રૂપાંતર થતું નથી, ત્યારે પરિણામ વાદ ઉડી જાય છે. એવી શંકા થતાં તેનો ઉત્તર આપે છે.

ઋજુસૂત્રનય માનનારો જ્યારે જ્યારે આત્મા જે જે ભાવના પરિણામને પામે છે, એટલે આત્મા નું જે જે ભાવમાં રૂપાંતર થાય છે. ત્યારે ત્યારે તે તે ભાવરૂપ કર્મવડે આત્માની પરિણામરૂપ ઉત્પત્તિ થાય છે, તેથી પરિણામ વાદ તદ્દન ઉડી જતો નથી. ૯૭

તે વિષે જૈનમત શું દર્શાવે છે ?

कर्त्तृत्वं परभावानामसौ नाऽभ्युपगच्छति ।
क्रियाद्वयं हि नैकस्य द्रव्यस्याऽभिमतं जिनैः ॥ ૯૮ ॥

ભાવાર્થ—એ આત્માને પરભાવનું કર્ત્તાપણું હોતું નથી. કેમકે, એક દ્રવ્યને બે ક્રિયા હોતી નથી, એમ જિન-તીર્થંકરોનો મત છે. ૯૮

વિશેષાર્થ—તથાપિ આત્માને કર્ત્તાપણે બીજા ભાવની પ્રાપ્તિ થતી નથી. કેમકે, એક દ્રવ્યમાં બે ક્રિયા સંભવે નહીં એવો જિન ભગવંતનો મત છે. ૯૮

તે વિષે વિશેષ વિવેચન કરે છે.

भूतिर्याहि क्रिया सैव स्यादेकद्रव्यसंततौ ।
न साजात्यं विना च स्यात् परद्रव्यगुणेषु सा ॥ ૯૯ ॥

ભાવાર્થ—જે ભૂતિ તેજ એક દ્રવ્યની સંતતિમાં ક્રિયા થાય છે, અને તે સજાતિપણા વિના પરદ્રવ્ય ગુણમાં ન થાય. ૯૯

વિશેષાર્થ—ભૂતિ એટલે ભાવ, અને ક્રિયા એ બંનેનો એક અર્થ છે. તે એક દ્રવ્યની સંતતિને વિષે સામાન્ય વિના ન થાય, અને દ્રવ્યના ગુણને વિષે પણ ન થાય. કેમકે, કોઇપણ દ્રવ્ય અપર ભાવનો કર્ત્તા હોતું નથી. ૯૯

તે વિષે ઉઠેલી શંકાનું સમાધાન.

नचैवमन्यज्ञावानां न चेत्कर्त्ता परो जनः ।
तदा हिंसा दयादानहरणाय व्यवस्थितः ॥ १०० ॥

ભાવાર્થ—તેમ આત્માને વિષે અન્ય ભાવનું કર્ત્તાપણું નથી, અને એમ માનવાથી હિંસા, દયા, દાન અને હરણની વ્યવસ્થા રહેતી નથી. ૧૦૦

વિશેષાર્થ—એકજ આત્માને વિષે અન્ય ભાવ–બીજા ભાવનું કર્ત્તાપણું નથી. ત્યારે અહિં શંકા ઉઠે કે, જો એમ હોય તો, હિંસા, દયા, દાન અને હરણની વ્યવસ્થા શીરીતે રહે? તેના સમાધાનમાં કહેવાનું કે, આત્મા અન્યભાવનો કર્ત્તા નથી; એટલે અન્યભાવની સાથે આત્માનો સંબંધ નથી. ૧૦૦

તે ઉપરની શંકાના સમાધાનમાં કહેછે.

सत्यं पराश्रयं न स्यात्फलं कस्यापि यद्यपि ।
तथापि स्वगतं कर्म स्वफलं नाऽतिवर्त्तते ॥ १०१ ॥

ભાવાર્થ—જો કે કોઈ કર્મનું પણ ફળ સ્વત્વ અને પરના આશ્રય વાળું ન થાય, તોપણ જે કર્મ સ્વગત છે, તે પોતાનાં ફલનું ઉલ્લંઘન કરતું નથી. ૧૦૧

વિશેષાર્થ—ઉપરની શંકાના ઉત્તરમાં વિશેષ કહેછે કે, કોઇ ને પણ પરાશ્રયે ફળ થતું નથી. તથાપિ પોતાને વિષે રહેલું કર્મ તે પોતાનાં ફળને વિષે પ્રવર્ત્તતું નથી. ૧૦૧

તે વિષે નિશ્ચય કહેછે.

हिनस्ति न परं कोऽपि निश्चयान्न च रक्षति ।
न चायुः कर्मणो नाशो मृतिर्जीवनमन्यथा ॥ १०२ ॥

ભાવાર્થ—નિશ્ચયથી કોઇપણ બીજાને મારતો નથી, તેમ કોઇ કોઇનું રક્ષણ કરતો નથી, આયુષ્ય કર્મનો નાશ થતો નથી, અને મૃત્યુ તથા જીવન અન્યથા થતું નથી. ૧૦૨

વિશેષાર્થ—નિશ્ચય નયથી વિચારીએ તો, કોઇ પણ કોઇ બીજાને મારતો નથી, તેમ કોઇ કોઇનું રક્ષણ કરતો નથી, એટલે કોઇને મારવું કે કોઇનું રક્ષણ કરવું, એ કોઇના તાબામાં નથી. કારણ કે, આયુઃ કર્મનો નાશ થતો નથી, એટલે આયુઃકર્મ મટી શકતું નથી. જો આયુઃકર્મનો નાશ થાય તો, કોઈ કોઇને મારે કે રક્ષણ કરે, અને મૃત્યુ તથા જીવન અન્યથા થતું નથી. એટલે મરણ અને જીવન એ કદિ પણ ફરતાં નથી. ૧૦૨

હિંસા તથા દયાના વિકલ્પથી પુરૂષ કેવું ફળ પામેછે?

હિંસાદયાવિકલ્પાભ્યાં સ્વમતાભ્યાં તુ કેવલમ્ ।
ફલં વિચિત્રમાપ્નોતિ પરાપેક્ષાં વિના પુમાન્ ॥ ૧૦૩ ॥

ભાવાર્થ—પોતે માનેલા હિંસા અને દયાના વિકલ્પોથી પુરૂષ બીજાની અપેક્ષા વિના વિચિત્ર ફળને પામે છે. ૧૦૩

વિશેષાર્થ—હિંસા અને દયા કે જે પોતાના મત પ્રમાણે કલ્પેલા હોય, તેનાથી પુરૂષ વિચિત્ર ફળ પ્રાપ્ત કરે છે; અને તેની અંદર બીજાની અપેક્ષા રહેતી નથી. એટલે હિંસા અને દયાની માત્ર કલ્પના કરવી.અને તે પોતાના મત પ્રમાણે કરવી, તો પરની અપેક્ષા વિના પુરૂષને વિચિત્ર ફળ પ્રાપ્ત થવું જોઈએ. ૧૦૩

પ્રમાદી જીવને હિંસા વગર પણ હિંસા થાય છે.

શરીરી ત્રિયતાં મા વા ધ્રુવં હિંસા પ્રમાદિનઃ ।
દયૈવ યત્નમાનસ્ય વધેઽપિ પ્રાણિનાં ક્વચિત્ ॥ ૧૦૪ ॥

ભાવાર્થ—જીવોનો ઘાત થાય, અથવા ન થાય, તો પણ જે પ્રમાદી જીવ છે, તેને નિશ્ચે હિંસા થાય છે. અને દયાવાન્ પ્રાણી છે, તેને હાથે કદાચ કોઈ જીવનો ઘાત થઈ જાય, તો પણ તેને હિંસા લાગતી નથી. ૧૦૪

વિશેષાર્થ—પ્રમાદી પુરૂષ જીવની હિંસા કરે, અથવા ન-કરે, તો પણ તેને અવશ્ય હિંસાનો દોષ લાગે છે. કારણ કે, તે

પ્રમાદી છે, અને જે દયાળુ છે-અ પ્રમાદી છે, તેને હાથે કદાચ કોઈ જીવની હિંસા થઇ જાય, તો પણ તેને હિંસાનો દોષ લાગતો નથી, કારણ કે, તે દયાને લઇ તે અપ્રમાદી છે-ઉપયોગ રાખી વર્તનારો છે. ૧૦૪

આત્માને દાન અને હરણ કેવીરીતે લાગે છે ?

परस्य युज्यते दानं हरणं वा न कस्यचित् ।
न धर्मसुखयोर्यत्ते कृतनाशादिदोषतः ॥ १०५ ॥

ભાવાર્થ—બીજાને દાન અપાતું નથી, તેમ કોઇનું હરણ કરાતું નથી, અને ધર્મ તથા સુખને વિષે દાન તથા હરણનો સંભવ નથી; એમ થવાથી કૃતનાશ અને કૃતાગમ દોષનો પ્રસંગ આવે છે. ૧૦૫

વિશેષાર્થ—કોઇ બીજાને દાન દેતો નથી, અને બીજાની પાસેથી કોઇ કાંઇ હરણ કરી લેતો નથી, ધર્મ અને સુખને વિષે પણ દાન તથા હરણનો સંભવ નથી, કેમકે કૃતનાશ અને અકૃતનો પ્રસંગ ઇત્યાદિ દોષ પ્રાપ્ત થશે. જેમ દાન કર્યું તેનો નાશ થાય તેને કૃતનાશ કહે છે; અને જે બીજાને આપ્યું નથી તેનું હરણ કરવું, તે અકૃતાગમ પ્રસંગ કહેવાય છે. એવા દોષ આત્માને વિષે પ્રાપ્ત થશે. ૧૦૫

દાન અને હરણ વિષે વિશેષ સમજાવે છે.

भिन्नाभ्यां भक्तवित्तादि पुद्गलाभ्यां च ते कुतः ।
स्वत्वापत्तिर्यतो दानं हरणं सत्वनाशनम् ॥ १०६ ॥

ભાવાર્થ—ભોજન, દ્રવ્ય વગેરે જે પુદ્ગલો આત્માથી ભિન્ન છે, તેમાં આત્માની પોતાપણાની પ્રાપ્તિ ક્યાંથી થાય ? માટે દાન અને હરણ તેનો પોતાથીજ નાશ છે. ૧૦૬

વિશેષાર્થ—ભોજન અને દ્રવ્ય વગેરે પુદ્ગલ છે, તે આત્માથી જુદાં છે; તો તેમાં આત્માનું પોતાપણું ક્યાંથી આવે ? તેથી કરીને દાન-કોઇને આપવું, અને હરણ-કોઇનું લઇ લેવું, એનો પોતાથીજ નાશ છે. ૧૦૬

દાન અને હરણ કર્મના ઉદયથી છે, તો તેમાં પુરૂષનો પ્રયાસ શો છે ?

कर्मोदयाच्च तद्दानं हरणं वा शरीरिणाम् ।
पुरुषाणां प्रयासः कस्तत्रोपनमति स्वयम् ॥१०७॥

ભાવાર્થ—પ્રાણીઓને કર્મના ઉદયથી દાન અને હરણ થાય છે, તો તેમાં પુરૂષોનો શો પ્રયાસ છે ? તે તો પોતાની મેળેજ ઉદય પામે છે. ૧૦૭

વિશેષાર્થ—પ્રાણીઓને કર્મના ઉદયથી દાન અને હરણ થાય છે; એટલે જ્યારે પ્રાણીઓને દાન આપવાનું કર્મ ઉદય આવે, ત્યારે દાન થાય છે; અને હરણ થવાનું કર્મ ઉદય આવે, ત્યારે હરણ થાય છે, તો તેમાં પુરૂષોનો પ્રયાસ તદ્દન નકામો છે. તે તો પોતાની મેળેજ ઉદય આવે છે. ૧૦૭

પોતામાં રહેલા દાન અને હરણના ભાવથી અનુગ્રહ અને ઉપઘાત થાય છે.

स्वागताभ्यां तु भावाभ्यां केवलं दानचौर्ययोः ।
अनुग्रहोपघातौस्तःपरापेक्षा परस्य न ॥ १०८ ॥

ભાવાર્થ—પોતાનામાં રહેલ દાન તથા હરણના ભાવ વડે કેવળ દાન અને હરણના અનુગ્રહ તથા ઉપઘાત થાય છે, કારણ પરને પરની અપેક્ષા હોતી નથી. ૧૦૮

વિશેષાર્થ—પોતાનામાં રહેલ દાન અને હરણના ભાવ કે જેમાંથી એકથી એટલે દાનથી અનુગ્રહ-ઉપકાર થાય છે, અને હરણ-ચોરીથી ઉપઘાત-હાનિ થાય છે. ત્યાં પરની અપેક્ષા પરને રહેતી નથી. ૧૦૮

કર્ત્તાપણાના અભિમાનથી અજ્ઞાની કર્મવડે બંધાય છે, અને જ્ઞાની નિર્લેપ રહે છે.

पराश्रितानां भावानां कर्त्तृत्वाद्यभिमानतः ।
कर्मणा बध्यतेऽज्ञानी ज्ञानवांस्तु न लिप्यते ॥ १०९ ॥

ભાવાર્થ—પરને આશ્રિત એવા ભાવના કર્ત્તાપણા વગેરેના અભિમાનથી અજ્ઞાની કર્મવડે બંધાય છે, અને જ્ઞાની કર્મથી લેપાતો નથી. ૧૦૯

વિશેષાર્થ—જેટલા ભાવ પરને આશ્રીને રહેલા છે, તેવા ભાવનો કર્ત્તા આત્મા છે. આદિ શબ્દથી તેનો લોકતા આત્મા છે, એવું અભિમાન થાય છે. આ અભિમાનને લઈને અજ્ઞાની પુરૂષ કર્મથી બંધાય છે. કારણ કે, તેનામાં કર્તા લોકતાનું અભિમાન જાગ્રત થાય છે, અને જે જ્ઞાની છે, તે નિર્લેપ રહે છે. કારણ કે, તેનામાં કર્ત્તા લોકતાનું અભિમાન હોતું નથી. ૧૦૯

તે ઉપર આત્માનું કર્ત્તાપણું જણાવે છે.

कर्त्तैवमात्मनो पुण्यपापयोरति कर्मणोः ।
रागद्वेषाशयानां तु कर्त्तेष्टानिष्टवस्तुषु ॥ ११० ॥

ભાવાર્થ—આત્મા પુણ્ય પાપ કર્મનો કર્ત્તાજ છે, અને ઈષ્ટ તથા અનિષ્ટ વસ્તુઓમાં રાગ દ્વેષના આશયોનો કર્ત્તા છે. ૧૧૦

વિશેષાર્થ—આત્મા પુણ્ય પાપ રૂપ કર્મોનો કર્ત્તા છે, એટલે કરેલાં પુણ્ય પાપનું કર્ત્તાપણું આત્માને લાગુ પડેછે, અને ઈષ્ટ તથા અનિષ્ટ વસ્તુઓમાં જે રાગ દ્વેષના આશયો છે, તેનો કર્ત્તા પણ આત્મા છે. એટલે ઈષ્ટ વસ્તુ ઉપર રાગ, અને અનિષ્ટ વસ્તુ ઉપર દ્વેષના જે આશયો પ્રગટ થાયછે, તે કર્ત્તા પણ આત્મા છે. એટલે તેની સાથે આત્માનો સંબંધ હોઇ શકેછે. ૧૧૦

આત્મામાં કર્મ ભમેછે, એ વાત ક્યારે ઘટે છ ?

रज्यते द्वेष्टि चार्थेषु तत्तत्कार्यविकल्पतः ।
आत्मा यदा तदा कर्म भ्रमदात्मनि युज्यते ॥ १११ ॥

ભાવાર્થ—આત્મા જ્યારે તે તે કાર્યના વિકલ્પથી પદાર્થ તરફ રાગ કરેછે, અને દ્વેષ કરેછે, ત્યારે આત્માને ભમતું કર્મ બંધાયછે. ૧૧૧

વિશેષાર્થ—જ્યારે આત્મા તે તે કાર્યના વિકલ્પથી પદાર્થ તરફ રાગ કરે છે, એટલે આત્મા કોઈ કાર્ય પોતાને ઇષ્ટ ગણે છે, ત્યારે તે તરફ રાગ કરે છે; અને જ્યારે આત્મા તે તેકાર્યના વિકલ્પથી પદાર્થ તરફ દ્વેષ કરે છે, એટલે આત્મા કોઈ કાર્ય પોતાને અનિષ્ટ ગણે છે, ત્યારે તેરફ દ્વેષ કરે છે. આવા રાગ તથા દ્વેષના પ્રસંગે આત્માને કર્મ લાગે છે, એ વાત ઘટિત છે. એટલે રાગ દ્વેષને લઈનેજ આત્માને કર્મ લાગે છે. ૧૧૧

આત્માને કર્મબંધ કેવી રીતે થાયછે, એ વાત દૃષ્ટાંત પૂર્વક સમજાવે છે.

स्नेहाभ्यक्ततनौ रंगं रेणुना श्लिष्यते यथा।
रागद्वेषानुविद्धस्य कर्मबंधस्तथात्मनः ॥ ११२ ॥

ભાવાર્થ—જેમ તેલથી ચોળેલા શરીર ઉપર રજ વડે રંગ લાગે છે, તેમ રાગ દ્વેષથી યુકત એવા આત્માને કર્મનો બંધ થાયછે. ૧૧૨

વિશેષાર્થ—જ્યારે શરીર ઉપર તેલ ચોળે, પછી તે પર મેલ લાગવાથી જેમ રંગ ચોંટેછે–લાગેછે, તેવી રીતે આત્માને રાગ, દ્વેષ લાગે છે ત્યારે તેને કર્મનો બંધ થાય છે. એ ઉપરથી સમ-

જવાનું છે કે, જેવી રીતે રંગનો શરીરની સાથે સંબંધ થાયછે, તેવી રીતે કર્મનો આત્માની સાથે સંબંધ જોડાય છે. ૧૧૨

આત્માનો વ્યાપાર ભાવ કર્મમાં છે, દ્રવ્ય કર્મમાં નથી.

आत्मा न व्यावृतस्तत्र रागद्वेषाशयं सृजन् ।
तन्निमित्तोपनम्रेषु कर्मोपादानकर्मसु ॥ ११३ ॥

ભાવાર્થ—રાગ તથા દ્વેષના આશયને કરતો આત્મા તે નિમિત્તે પ્રાપ્ત થતાં કર્મના ઊપાદાન કારણરૂપ કર્મને વિષે વ્યાપાર વાળો થતો નથી. ૧૧૩

વિશેષાર્થ—આત્મા પોતે કોઇ ક્રિયા કરતો નથી, પણ રાગ દ્વેષ કરે છે; તે નિમિત્તે પ્રાપ્ત થયેલાં કર્મના નિમિત્તે તેને કર્મનું કર્ત્તાપણું છે, પણ ત્યાં આત્મા તો, રાગ દ્વેષરૂપ કર્મને મુકનારો છે; એટલે આત્મા ભાવકર્મના વ્યાપારવાળો નથી. ૧૧૩

રાગી અને દ્વેષી આત્માને કર્મ આકર્ષીને મળે છે.

लोहं स्वक्रियया न्येति ग्रामकोपलसंनिधौ ।
यथा कर्म तथा चित्रं रक्तद्विष्टात्मसंनिधौ ॥ ११४ ॥

ભાવાર્થ—જેમ લોહું ચુંબક પાષાણની પાસે પોતાની ક્રિયા થી ખેંચાય છે, તેમ રાગી અને દ્વેષી આત્માની પાસે કર્મ વિચિત્ર રીતે આકર્ષાઇને આવે છે. ૧૧૪

વિશેષાર્થ—જ્યારે આત્મામાં રાગ દ્વેષ બંધાય છે, ત્યારે પોતાની મેળે લોહચુંબકની પાસે લોઢું ખેંચાઇને આવે, તેમ કર્મ ખેંચાઈને આવે છે. ૧૧૪

ભાવકર્મને બનાવતો આત્મા પુદ્‌ગલ કર્મને કરનારો થાય છે.

વારિવર્ષન્ યથાંભોદો ધાન્યવર્ષી નિગદ્યતે ।
ભાવકર્મ સૃજન્નાત્મા તથા પુદ્‌ગલકર્મકૃત્ ॥ ૧૧૫ ॥

ભાવાર્થ—જળને વર્ષાવતો મેઘ જેમ ધાન્યને વર્ષાવનારો કહેવાય છે, તેમ ભાવકર્મને સ્રજતો આત્મા પુદ્‌ગલ કર્મને કરનારો કહેવાય છે. ૧૧૫

વિશેષાર્થ—મેઘ જળને વર્ષાવે છે, કાંઇ ધાન્યને વર્ષાવતો નથી, પણ તે ધાન્યને વર્ષાવનારો કહેવાય છે. કારણ કે, ધાન્ય અને જળની વચ્ચે સંબંધ હોઇ તે સંબંધ મેઘની સાથે રહેલો છે. તેવી રીતે આત્મા ભાવકર્મને સ્રજે છે, પણ પુદ્‌ગલ કર્મને કરનારો ગણાય છે. કારણ કે, ભાવકર્મ અને પુદ્‌ગલ કર્મની વચ્ચે સંબંધ છે, અને તેનો આત્માની સાથે સંબંધ છે. ૧૧૫

આત્મા કર્માદિકનો કર્ત્તા છે, એમ નૈગમ અને વ્યવહાર નય કહે છે.

નૈગમવ્યવહારૌ તુ બ્રૂતઃ કર્માદિકર્તૃતામ્ ।
વ્યાપારઃ ફલપર્યંતઃ પરિદૃષ્ટો યદાત્મનઃ ॥ ૧૧૬ ॥

ભાવાર્થ—નૈગમ અને વ્યવહારનય આત્માને કર્માદિકનો કર્ત્તા કહે છે. જે આત્માનો વ્યાપાર કર્મનાં ફળ પર્યંત જોવામાં આવે છે. ૧૧૬

વિશેષાર્થ—સાતનયોમાં નૈગમનય અને વ્યવહારનય, એ બંને આત્માને કર્મનો કર્ત્તા માને છે. એટલે આત્મા કર્મનો કર્ત્તા છે, એમ સિદ્ધ કરે છે. કારણ કે, તે કર્મના કર્ત્તારૂપ આત્માનો વ્યાપાર તે કર્મનું ફળ મેળવવા સુધી જોવામાં આવે છે. ૧૧૬

અન્યોઅન્ય મળેલા નયનો ભેદ કેવી રીતે છે ?

अन्योन्यानुगतानां का तदेतदिति वा भिदा ।
यावच्चरमपर्यायं यथा पानीयदुग्धयोः ॥ ११७ ॥

ભાવાર્થ—પરસ્પર મળેલા એવા નયોનો 'તે આજ છે,' એવો ભેદ શી રીતે જણાય ? જેમ પાણી અને દુધનો ભેદ જણાતો નથી, તેમ તેમને છેલ્લા પર્યાય સુધી ભેદ જણાતો નથી.૧૧૭

વિશેષાર્થ—સાત નયો પરસ્પર મળેલા છે. તેઓમાં 'તે આજ છે,' એવો ભેદ જાણી શકાતો નથી. વળી તેમને છેલ્લા પર્યાય સુધી પાણી અને દુધની જેમ તેમનો યોગ થાય છે, એટલે તેમનો ભેદ શી રીતે જાણી શકય ? ૧૧૭

એ નયોની કલ્પના આત્માને વિકૃતિ આપતી નથી.

नात्मनो विकृतिं दत्ते तदेषा नयकल्पना ।
शुद्धस्य रजतस्यैव शुक्तिर्धर्मप्रकल्पना ॥ ११८ ॥

ભાવાર્થ—એ નયોની કલ્પના આત્માને વિકૃતિ આપતી નથી. તે કલ્પના ચોખા રૂપાને છીપના ધર્મની કલ્પના જેવી છે. ૧૧૮

વિશેષાર્થ—એ સાત નયોની કલ્પના આત્માને વિકૃત આવતી નથી; એટલે શુદ્ધ નયવાળો કહે છે કે, આત્માને વિકાર નથી, એવી નૈગમ તથા વ્યવહાર નયની કલ્પના છે. તે નયોની કલ્પના ચોખ્ખા રૂપામાં જેમ છીપના ધર્મની કલ્પના થાય,તેવીછે.૧૧૮

મૂર્ખ લોકો પુદ્ગલ કર્મમાં રહેલ વિક્રિયાનો આત્માને વિષે ઉપચાર કરે છે.

मुषितत्वं यथा पांथगतं पथ्युपचर्यते ।
तथा पुद्गलकर्मस्था विक्रियात्मनि बालिशैः ।। ११९ ।।

ભાવાર્થ—જેમ મુસાફરની લુંટનો રસ્તામાં ઉપચાર થાય છે, તેમ મૂર્ખ લોકો પુદ્ગલ કર્મની વિક્રિયાનો આત્માની અંદર ઉપચાર કરે છે. ૧૧૯

વિશેષાર્થ—જેમ કોઇ મુસાફર લુંટાય તો લોકો 'માર્ગ લુંટાયો' એમ કહે છે, પણ વસ્તુતાએ માર્ગ લુંટાતો નથી, પણ એવો ઉપચાર થાય છે. તેવી રીતે જે વિકારો થાય છે, તે પુદ્ગલ કર્મને લઇને થાય છે; પણ મૂર્ખ લોકો તેનો આત્માને વિષે ઉપચાર કરે છે, એટલે આ વિકારો આત્માના છે, એમ માને છે.૧૧૯

આત્મા પુણ્ય પાપના સંસર્ગથી રાગી અને દ્વેષી જણાય છે.

कृष्णश्चोणोऽपि चोपाधेर्नाशुद्धः स्फटिको यथा ।
रक्तो द्विष्टस्तथैवात्मा संसर्गात्पुण्यपापयोः ॥ १२० ॥

ભાવાર્થ—સ્ફટિકમણિ અશુદ્ધ નથી, તે છતાં ઉપાધિને લઈને કૃષ્ણ અને રક્ત દેખાય છે; તેમ આત્મા પુણ્ય પાપના સંસર્ગથી રાગી અને દ્વેષી દેખાય છે. ૧૨૦

વિશેષાર્થ—સ્ફટિકમણિ જાતે શુદ્ધ છે,–ઉજ્વળ છે, પણ તે બીજા રંગની ઉપાધિને લઈને કાળો અને રાતો દેખાય છે. તેવીરીતે આત્મા જાતે નિર્મળ છે–નિર્વિકારી છે, પણ પુણ્ય–પાપના સંસર્ગથી રાગી અને દ્વેષી દેખાય છે; એટલે પુણ્યના યોગથી રાગી અને પાપના યોગથી દ્વેષી દેખાય છે; પરંતુ વસ્તુતા એ જેમ સ્ફટિકમણિ ઉજ્વળ છે, તેમ આત્મા નિર્વિકારી–શુદ્ધ છે. ૧૨૦

તેનું રૂપ કલ્પનામાં આવી શકે તેવું નથી.

सेयं नटकला तावत् यावद्विविधकल्पना ।
यद्रूपं कल्पनातीतं न तु पश्यत्यकल्पकः ॥ १२१ ॥

ભાવાર્થ—જ્યાંસુધી વિવિધ કલ્પના છે, ત્યાંસુધી તેજ નટકળા છે. અને જે કલ્પનાથી અતીતરૂપ છે, તેને કલ્પના વગરનો માણસ જોઇ શકતો નથી. ૧૨૧

વિશેષાર્થ—જ્યાંસુધી વિવિધ પ્રકારની કલ્પના હોય, ત્યાંસુધી તે નટકળા છે; એટલે વિવિધ પ્રકારની કલ્પના કરવી, તે નટકળા જેવી છે. અને જે કલ્પનાથી અતીત છે, એટલે કલ્પનામાં આવી શકે તેવો નથી, તે રૂપને કલ્પના વગરનો માણસ જોઇ શકતો નથી. જે કલ્પના કરનાર હોય, તે દેખી શકે છે. ૧૨૧

કલ્પનાથી મોહ પામેલો પ્રાણી ધોળાને કાળું દેખે છે.

कल्पनामोहितो जंतुः शुक्लं कृष्णं च पश्यति ।
तस्यां पुनर्विलीनायामशुक्लं कृष्णमीक्षते ॥ १२२ ॥

ભાવાર્થ—કલ્પનાથી મોહ પામેલો પ્રાણી ધોળાને કાળું દેખે છે, અને જ્યારે તે કલ્પના વિલય પામે છે, ત્યારે કાળાને કાળું દેખે છે. ૧૨૨

વિશેષાર્થ—કલ્પના એવી વસ્તુ છે કે, તેનાથી પ્રાણીને મોહ ઉત્પન્ન થાય છે; અને મોહથી ત ધોળાને કાળું દેખે છે, એટલે જે સ્વરૂપમાં જે વસ્તુ હોય, તેને તેથી વિપરીતરૂપે દેખે છે; અને જ્યારે તે કલ્પના વિલય પામી જાય છે, એટલે કલ્પનાનો નાશ થઇ જાય છે, ત્યારે તે વસ્તુનું જે યથાર્થ સ્વરૂપ હોય, તેને દેખે છે. એથી કલ્પના અનાદરણીય છે. ૧૨૨

શુદ્ધ પરમાત્માના યથાર્થરૂપનું ચિંતવન કરવું તે, તેનું ધ્યાન, સ્તુતિ, અને ભક્તિ કહેવાયા છે.

तद् ध्यानं सा स्तुतिर्नेक्तिः सैवोक्ता परमात्मनः ।
पुण्यपापविहीनस्य यद्रूपस्यानुचिंतनम् ॥ १२३ ॥

ભાવાર્થ—પુણ્ય પાપથી રહિત એવા પરમાત્માના રૂપનું જે ચિંતવન કરવું, તે તેનું ધ્યાન, તે તેની સ્તુતિ અને તે તેની ભક્તિ કહેલ છે. ૧૨૩

વિશેષાર્થ—પુણ્યપાપથી રહિત એટલે નિર્વિકારો, ચિદાનંદ, અને શુદ્ધ પરમાત્માના રૂપનું ચિંતવન કરવું, તેજ પરમાત્માનું ધ્યાન, સ્તુતિ અને ભક્તિ છે. ૧૨૩

પરમાત્માની નિશ્ચય અને વ્યવહારથો બે પ્રકારે સ્તુતિ કહેલી છે.

शरीररूपलावण्यवप्रच्छत्रध्वजादिभिः
वर्णितैर्वीतरागस्य वास्तवी नोपवर्णना ॥ १२४ ॥

व्यवहारस्तुतिः सेयं वीतरागात्म वर्त्तिनाम् ।
ज्ञानादीनां गुणानां तु वर्णना निश्चयस्तुतिः ॥ १२५ ॥

ભાવાર્થ—શરીર, રૂપ, લાવણ્ય, વપ્ર, (ઠિલ્લો) છત્ર, અને ધ્વજ, વગેરે વર્ણવવાથી શ્રી વીતરાગ પ્રભુની વાસ્તવિક સ્તુતિ થતી નથી, તેતો વ્યવહાર સ્તુતિ છે, અને જે વીતરાગ પ્રભુના આત્મિક એવા જ્ઞાનાદિ ગુણોની વર્ણના છે, તે નિશ્ચયથી સ્તુતિ છે. ૧૨૪–૧૨૫

વિશેષાર્થ—પ્રભુના શરીર, રૂપ, લાવણ્ય, ઠિલ્લો, છત્ર, ધ્વજ વગેરેની જે વર્ણના તે વ્યવહાર સ્તુતિ છે, અને વીતરાગ પ્રભુના આત્માની સાથે સંબંધ ધરાવનારા જે જ્ઞાનાદિ ગુણો છે, તેની વર્ણના તે નિશ્ચય સ્તુતિ છે. વ્યવહાર સ્તુતિથી નિશ્ચય સ્તુતિ

ઉત્તમ છે. તેનાં બીજાં નામ દ્રવ્યસ્તુતિ અને ભાવસ્તુતિ પણ કહેવાય છે. ૧૨૪-૧૨૫

ઉપરની વાતને લૌકિક દૃષ્ટાંતથી સમજાવે છે.

पुरादिवर्णनाद्राजा स्तुतः स्याद्युपचारतः ।
तत्त्वतः शौर्यगांभीर्यधैर्यादिगुणवर्णनात् ॥ १२६ ॥

ભાવાર્થ—નગર વગેરેના વર્ણનથી રાજાની સ્તુતિ કરવી તે ઉપચારથી સ્તુતિ કહેવાય છે; અને ધૈર્ય, ગાંભીર્ય, અને શૌર્ય વગેરે રાજાના ગુણોનું વર્ણન કરવાથી તત્વથી સ્તુતિ કહેવાય છે. ૧૨૬

વિશેષાર્થ—રાજાની પણ બે પ્રકારે સ્તુતિ થાય છે. નગર વગેરેનું વર્ણન કરવાથી રાજાની ઉપચારથી સ્તુતિ, અને શૌર્ય, ગાંભીર્ય, ધૈર્ય વગેરે તેના ગુણોનું વર્ણન કરવાથી તત્વથી સ્તુતિ કહેવાય છે. તેવી રીતે આત્માને પણ શરીર વગેરેના વર્ણનથી તેની ઉપચારથી સ્તુતિ કહેવાય છે, અને તેના આત્મિક જ્ઞાનાદિ ગુણોનું વર્ણન કરવાથી તેની તત્વથી સ્તુતિ કહેવાય છે. ૧૨૬

કેવી સ્તુતિ ચિત્તને પ્રસન્ન કારક થતી નથી.

मुख्योपचारधर्माणामविज्ञानेन या स्तुतिः ।
न सा चित्तप्रसादाय कवित्वं कुकवेरिव ॥ १२७ ॥

ભાવાર્થ—મુખ્ય એવા ઉપચાર ધર્મોની વિભાગ કર્યા વગરની જે સ્તુતિ છે, તે નઠારા કવિના કવિત્વની જેમ ચિત્તની પ્રસન્નતાને માટે થતી નથી. ૧૨૭

વિશેષાર્થ—કોઇ પણ વસ્તુના મુખ્ય ઉપચાર ધર્મની સ્તુતિ કરવી, તે નઠારા કવિની કવિતાની જેમ હૃદયને આનંદ આપતી નથી, તેવી રીતે આત્માના ઉપચાર ધર્મ એટલે શરીર વગેરેની સ્તુતિ કરવી, તે હૃદયને આનંદ આપતી નથી; તેથી તેના જ્ઞાનાદિ આત્મિક ધર્મોની સ્તુતિ કરવી જોઇએ, કે જેથી ચિત્ત પ્રસન્ન થાય છે. ૧૨૭

જો ઉપચાર સ્તુતિ આગ્રહથી કરવામાં આવે તો, તે અનર્થને કરનારી થાય છે.

अन्यथाभिनिवेशेन प्रत्युतानर्थकारिणी ।
सुतीक्ष्णखड्गधारेव प्रमादेन करे धृता ॥ १२८ ॥

ભાવાર્થ—અન્યથા રીતે કદાગ્રહથી જો તે સ્તુતિ કરવામાં આવે તો, પ્રમાદથી હાથમાં ધારેલી તીક્ષ્ણ ખડ્ગની ધારની જેમ ઉલટી અનર્થ કરનારી થાય છે. ૧૨૮

વિશેષાર્થ—અન્યથા એટલે ઉલટીરીતે કદાગ્રહથી જો ઉપચાર ધર્મની સ્તુતિ કરવામાં આવે તો, જેમ પ્રમાદથી હાથમાં રાખેલા ખડ્ગની ધારા અનર્થને ઉત્પન્ન કરનારી થાય છે; એટલે હાથમાં રાખનારનેજ નુકશાન કરનારી થાય છે; તેમ તે સ્તુતિ

અજ્ઞાનતા ઊભન્ન કરી, દુર્ગતિમાં લઇજવા રૂપ અનર્થ ઉભન્ન કરે છે. તેથી તેવી સ્તુતિનો સર્વથા ત્યાગ કરવોજોઇએ. ૧૨૮

આત્માનું જ્ઞાન કેવીરીતે થાય છે ?

मणिप्रभामणिज्ञानन्यायेन शुभकल्पना ।
वस्तुस्पर्शितया न्याय्या यावन्नान्यजनप्रथा ॥ १२९ ॥

ભાવાર્થ—મણિની પ્રભાથી જેમ મણિનું જ્ઞાન થાય છે, એ ન્યાયે સત્ય વસ્તુને સ્પર્શ કરનાર–શોધનારપણાથી શુભ કલ્પના કરવી તે ત્યાંસુધી ન્યાયરૂપ છે કે, જ્યાંસુધી અન્ય જનની પ્રથા થતી નથી. ૧૨૯

વિશેષાર્થ—શુભ કલ્પના એ સત્ય વસ્તુને બતાવનારી છે, અને તેનાથી જેમ મણિની કાંતિ ઉપરથી મણિનું જ્ઞાન થાય છે, તેમ શુભ કલ્પનાથી આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય છે. અને જ્યાંસુધી આત્માના નિરંજન સ્વરૂપની પ્રથા થતી નથી, ત્યાંસુધી કર્મ છે. ૧૨૯

શુદ્ધ નયની સ્થિતિ કેવી છે ?

पुण्यपापविनिर्मुक्तं तत्त्वतस्त्वविकल्पकम् ।
नित्यं ब्रह्म सदा ध्येयमेषा शुद्धनयस्थितिः ॥ १३० ॥

ભાવાર્થ—પુણ્ય પાપથી રહિત, તત્ત્વથી વિકલ્પ વગરનું અને નિત્ય એવું બ્રહ્મ સદા ધ્યાન કરવા યોગ્ય છે. અને શુદ્ધનયની સ્થિતિ પણ એજ છે. ૧૩૦

વિશેષાર્થ—હમેશાં બ્રહ્મનું ધ્યાન કરવું જોઈએ. એ બ્રહ્મ પુણ્ય પાપથી રહિત છે, અને વસ્તુતાએ નિર્વિકલ્પ છે; તે સાથે શાશ્વત છે. એવા બ્રહ્મનું ધ્યાન કરવું, એજ શુદ્ધનયની સ્થિતિ છે. એટલે જ્યારે શુદ્ધનયની સ્થિતિથી જોવામાં આવે, ત્યારે એ બ્રહ્મનું ધ્યાન પ્રાપ્ત થાય છે. ૧૩૦

આશ્રવ અને સંવર આત્માની અંદર નથી.

आश्रवः संवरश्चापि नात्मा विज्ञानलक्षणः ।
यत्कर्मपुद्गलादानरोधावाश्रवसंवरौ ॥ १३१ ॥

ભાવાર્થ—આશ્રવ અને સંવર એ આત્માને નથી. આત્મા તો વિજ્ઞાનરૂપ છે, અને જે કર્મનાં પુદ્ગલોનું ગ્રહણ અને રોધ, તે આશ્રવ તથા સંવર કહેવાય છે. ૧૩૧

વિશેષાર્થ—જો કોઈ આશ્રવ અને સંવરને આત્માના સંબંધમાં કહે તો, તે તેનો સંભ્રમ છે. વસ્તુતાએ આત્માની સાથે તેનો સંબંધ છેજ નહીં. કારણ, આત્માતો વિજ્ઞાનરૂપ છે, અને આશ્રવ અને સંવર કર્મનાં પુદ્ગલો ઉપર રહેલાં છે, કર્મનાં પુદ્ગલોનું ગ્રહણ તે આશ્રવ, અને તેનો રોધ, તે સંવર કહેવાય છે. ૧૩૧

તે વાત વિશેષ રીતે સમજાવે છે.

आत्मादत्ते तु यज्ञावैः स्वतंत्रः कर्मपुद्गलान् ।
मिथ्यात्वाविरती योगाः कषायास्ते तदाश्रवाः ॥१३२॥

ભાવાર્થ—સ્વતંત્ર એવો આત્મા જે ભાવથી કર્મનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે ભાવ મિથ્યાત્વ, અવિરતિ, યોગ અને કષાયો છે, તેઓજ આશ્રવ છે. ૧૩૨

વિશેષાર્થ—આત્મા પોતે સ્વતંત્ર છે, પણ જે ભાવોથી તે કર્મોનાં પુદ્ગલો ગ્રહણ કરે છે, તે ભાવ આશ્રવ છે. આશ્રવ રૂપ ભાવ તે મિથ્યાત્વ, અવિરતિ, મન, વચન અને કાયાના યોગ અને ચાર કષાયો છે. તેમનાથી કર્મના બંધ થાય છે. તેથી તે કર્મની આવક રૂપ આશ્રવ કહેવાય છે. આ ઉપરથી સિદ્ધ થયું કે, આત્મા પોતે સ્વતંત્ર છે, તેની સાથે કોઇનો સંબંધ નથી. જ્યારે મિથ્યાત્વ વિગેરે ભાવોનો યોગ થાય, ત્યારે તે તેમની મારફત કર્મનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે. ૧૩૨

આત્માને આશ્રવનો ઉચ્છેદ કરનાર કયા કયા ધર્મો છે ?

भावनाधर्मचारित्रपरीषहजयादयः ।
आश्रवोच्छेदिनो धर्मा आत्मनो भावसंवराः ॥ १३३ ॥

ભાવાર્થ—ભાવના ધર્મ, ચારિત્ર, પરિષહોનો જય વગેરે આશ્રવને ઉચ્છેદ કરનારા ધર્મો છે. તે આત્માના ભાવસંવર કહેવાય છે. ૧૩૩

વિશેષાર્થ—ભાવના એટલે સારી ભાવના ભાવવી, અથવા સારાં પરિણામ રાખવાં, ચારિત્ર એટલે પંચ મહાવ્રત પાળવાં અને પરિષહોનો જય ઇત્યાદિ ધર્મો આશ્રવનો ઉચ્છેદ કરનારા છે,

એટલે તે ભાવના વગેરે આચરવાથી કર્મોના આશ્રવ બંધ થાય છે. તે આત્માના ભાવસંવર કહેવાય છે. ૧૩૩

આશ્રવ અને સંવર વિષે ભેદ.

आश्रवः संवरो नस्यात्संवरश्चाश्रवः क्वचित् ।
नवमोक्षफलाभेदोऽन्यथा स्याच्चेतुसंकरात् ॥ १३४ ॥

ભાવાર્થ—આશ્રવ સંવર થતો નથી, પણ કવચિત્ સંવર આશ્રવ થાય છે. જો એમ ન બને તો, હેતુ— કારણોનું મિશ્રણ થવાથી સંસાર અને મોક્ષના ફળનો ભેદ ન પડે. ૧૩૪

વિશેષાર્થ—જે આશ્રવ છે, તે સંવર ન થાય અને સંવર તે આશ્રવ ન થાય. હેતુસંકર એટલે એ બે જો કદાપિ એકરૂપ થાય તો, સંસાર અને મોક્ષ એ બેનાં ફળ પણ એક થાય. તેમાં હેતુનો ભેદ રહે નહીં, એટલે જ્યાં આશ્રવે કરીને સંવરનું સંક્રમણ થાય ત્યાં મોક્ષફળ પ્રાપ્ત થાય અને જ્યાં આશ્રવનું સંક્રમણ થાય ત્યાં સંસાર ફળ થાય, એમ જાણવું. ૧૩૪

આત્મા પરની અપેક્ષા કરતો નથી.

कर्माश्रवांश्च संवृण्वन्नात्मा निजैर्निजाशयैः ।
करोति न परापेक्षामलंभूष्णुःस्वतः सदा ॥ १३५ ॥

ભાવાર્થ—કર્મના આશ્રવને સંવર કરતો આત્મા પોતાના નિજ આશયોથી પરની અપેક્ષા કરતો નથી. કારણ કે, તે સદા સમર્થ છે. ૧૩૫

વિશેષાર્થ—આત્મા આશ્રવ ભાવને સંવર કરી દે છે, એટલે આશ્રવને સંવર રૂપ બનાવી દે છે; અને આશ્રવો આત્માથી પોતાના ભિન્ન આશય વડે આત્માને પરની અપેક્ષા રહેતી નથી કારણ કે, તે સ્વતંત્ર અને સમર્થ છે. સ્વતંત્ર અને સમર્થ આત્મા પોતાના આશ્રવને સંવર રૂપ કરી દે છે, તેમાં તે બીજાની દરકાર રાખતો નથી. ૧૩૫

હિંસા-અહિંસા વગેરે પણ આત્માના નિમિત્ત રૂપછે.

निमित्तमात्रभूतास्तु हिंसाहिंसादयोऽखिलाः ।
ये परप्राणिपर्याया न ते स्वफलहेतुवः ॥ १३६ ॥

ભાવાર્થ—હિંસા અને અહિંસા વગેરે જે બધા બીજાં પ્રાણીના પર્યાયો છે, તે આત્માને નિમિત્ત રૂપ છે, પણ તેને પોતાને ફળના હેતુરૂપ થતાં નથી. ૧૩૬

વિશેષાર્થ—હિંસા અને અહિંસા વગેરે બધા પર પ્રાણીના પર્યાયો છે તેનો આત્માની સાથે સંબંધ નથી. માત્ર તેઓ આત્માને નિમિત્ત ભૂત છે, તેને પોતાને ફળ હેતુ નથી, એટલે તે આત્માને ફળ આપવાના કારણ રૂપ થતાં નથી. જો ફળનાં કારણ રૂપ થતાં હોય તો, તેનો આત્માનીસાથે સંબંધ ઘટી શકેછે; પણ જ્યારે આત્માની સાથે તેમનો સંબંધ નથી, તો પછી તે તેનાં ફળનાં કારણ થતાં નથી; માત્ર નિમિત્ત કારણ ભૂત છે. ૧૩૬

જે તે પર્યાયોને હેતુ રૂપે માને છે, તે વ્યવહારમૂઢ છે.

व्यवहारविमूढस्तु हेतूंस्तानेव मन्यते ।
बाह्यक्रियारतस्त्वांतस्तत्त्वं गूढं न पश्यति ॥ १३७ ॥

ભાવાર્થ—તે પર પર્યાયને જે હેતુરૂપ માનેછે, તે વ્યવહારમાં મૂઢ પુરૂષ છે; અને બાહેરની ક્રિયામાં તત્પર એવો તે પુરૂષ ગૂઢ એવા અંતરના તત્વને જોઇ શકતો નથી. ૧૩૭

વિશેષાર્થ—તેપર પર્યાય આત્માને ફળના હેતુરૂપ નથી, તે છતાં જે એમ માને છે, તે પુરૂષ વ્યવહારમાં મૂઢ છે, અને તે મૂઢ પુરૂષ બાહેરની ક્રિયામાં આસક્ત રહે છે; તેથી તે અંદરના ગૂઢ તત્વને જોઇ શકતો નથી. એ વેને મોટી હાનિ થાય છે. ૧૩૭

જેટલા આશ્રવ કહ્યા છે, તેટલા પરિશ્રવો છે.

हेतुत्वं प्रतिपद्यंते नैवेति नियमस्पृशः ।
यावंत आश्रवाः प्रोक्तास्तावंतो हि परिश्रवाः ॥ १३८॥

ભાવાર્થ—પરપર્યાયો હેતુપણાને પામતા નથી, એવા નિયમને સ્પર્શ કરનારા જેટલા આશ્રવો કહેલા છે, તેટલા પરિશ્રવો કહેલા છે. ૧૩૮

વિશેષાર્થ—હિંસાદિ અને અહિંસાદિ જે પરપર્યાય છે, તે હેતુરૂપ થતા નથી, એવા નિયમને સ્પર્શ કરનારા જેટલા આશ્રવો છે, તેટલા પરિશ્રવ એટલે સંવર થાય છે. ૧૩૮

આત્માજ આશ્રવ અને સંવરરૂપ છે.

तस्मादनियतं रूपं बाह्यहेतुषु सर्वथा ।
नियतौ भाववैचित्र्यादात्मैवाश्रवसंवरौ ॥ १३९ ॥

ભાવાર્થ—તેથીજ બાહ્ય એવા હેતુઓને વિષે સર્વથા અનિયતરૂપ છે, અને ભાવના વિચિત્રપણાથી આત્માજ આશ્રવ અને સંવરરૂપ છે. ૧૩૯

વિશેષાર્થ—તેથીજ એટલે ઉપર કહેવા પ્રમાણે હોવાથીજ જે બાહેરના હેતુઓ-કારણો છે, તેને વિષે સર્વથારૂપ અનિયત છે, એટલે નિયમિતરૂપ નથી. અને ભાવના વિચિત્રપણાથી આત્માજ આશ્રવ અને સંવરરૂપ છે, એટલે ભાવ એકરૂપે હોતો નથી, તે વિચિત્રરૂપે હોય છે, તેથી આશ્રવ અને સંવર આત્માજ છે, એમ સમજવું. ૧૩૯

આત્મા શાસ્ત્રોથી મુકાતો નથી, પણ જ્ઞાનથી મુકાય છે.

अज्ञाता विषयासक्तो बध्यते विषयैस्तु सः ।
ज्ञानाद्धि मुच्यते चात्मा न तु शास्त्रादिपुद्गलात् ॥१४०॥

ભાવાર્થ—અજ્ઞાની અને વિષયોમાં આસક્ત એવો તે આત્મા વિષયોથી બંધાય છે, અને જ્ઞાનથી તે મુક્ત થાય છે. પણ કાંઈ શાસ્ત્ર વગેરે પુદ્ગલોથી મુક્ત થતો નથી. ૧૪૦

વિશેષાર્થ—આત્માને અજ્ઞાન અને વિષયો બંધન આપે છે. અને જ્ઞાન મુક્તિ આપે છે, જ્ઞાન વિના કેવળ શાસ્ત્રનો અભ્યાસ કરે, તો તે શાસ્ત્રનાં પુદ્ગલોથી મુક્તિ થતી નથી. શાસ્ત્રમાંથી જ્ઞાન સંપાદન કરે ત્યારે મુક્ત થવાય છે; તેથી ભવ્ય જીવે અજ્ઞાનને દૂર કરી, વિષયોમાં આસક્ત થવું નહીં. ૧૪૦

સંવરના અંગો કયા છે ?

शास्त्रं गुरोश्च विनयं क्रियामावस्यकानि च ।
संवरांगतया प्राहु व्यवहारविशारदाः ॥ १४१ ॥

ભાવાર્થ—વ્યવહારમાં ચતુર એવા પુરૂષો શાસ્ત્ર, ગુરૂનો વિનય, ક્રિયા અને આવશ્યકોને સંવરના અંગ રૂપે કહે છે. ૧૪૧

વિશેષાર્થ—શાસ્ત્ર, ગુરૂનો વિનય, ક્રિયા અને આવશ્યકો સંવરના અંગ છે, એમ વ્યવહાર વેત્તાઓ કહે છે, એટલે શાસ્ત્ર ભણવાથી, ગુરૂનો વિનય કરવાથી, ધર્મની શુદ્ધ ક્રિયા આચરવાથી અને આવશ્યક કરવાથી સંવર થાય છે. તેથી તે સંવરનાં અંગ ગણાય છે. જેનામાં શાસ્ત્રાદિકનો યોગ નથી તેને સંવરનો યોગ પણ થતો નથી. ૧૪૧

જે જ્ઞાનાદિ ભાવ છે, તે સંવરપણાને પામે છે.

विशिष्टा वाक्तनुस्वांत पुद्गलास्ते फलावहाः ।
ये तु ज्ञानादया भावाः संवरत्वं प्रयांति ते ॥ १४२ ॥

ભાવાર્થ—વચન, કાયા અને મનના વિશિષ્ટ એવાં પુદ્ગલો, તે ફલને આપનારાં થાય છે, અને જે જ્ઞાનાદિ ભાવ છે, તેઓ સંવર પણાને પામે છે. ૧૪૨

વિશેષાર્થ—મન, વચન અને કાયાએ કરી પ્રવર્ત્તવું, તેનાં પુદ્ગલો ફલદાયક થાય છે; અને જે પ્રવૃત્તિ છે, તેનાથી ફળની

પ્રાપ્તિ થાય છે. તે શુભાશુભ ફળ આપે છે, અને જ્ઞાનાદિ ભાવ છે, તે સંવરપણાને પામે છે, એટલે જ્ઞાનાદિક ભાવથી સંવર પ્રાપ્ત થાય છે. અર્થાત્ મન, વચન અને કાયાની પ્રવૃત્તિથી આશ્રવ છે, અને જ્ઞાનાદિકથી સંવર છે. ૧૪૨

વ્યવહારી જીવો શાથી હર્ષ પામે છે.

જ્ઞાનાદિભાવયુક્તેષુ શુભયોગેષુ તદ્ગતમ્ ।
સંવરત્વં સમારોપ્ય સ્મયંતે વ્યવહારિણઃ ॥ ૧૪૩ ॥

ભાવાર્થ—વ્યવહારી જીવો જ્ઞાનાદિભાવથી યુક્ત એવા શુભ યોગને વિષે રહેલા સંવરપણાને આરોપિત કરી હર્ષ પામે છે. ૧૪૩

વિશેષાર્થ—વ્યવહારમાં પ્રવર્ત્તેલા જીવો જ્ઞાનાદિ ભાવથી યુક્ત એવા શુભ યોગને વિષે સંવર પણાને આરોપિત કરીને હર્ષ પામે છે, એટલે જ્ઞાનાદિભાવવાળા શુભ યોગ છે, તેની અંદર જે સંવરત્વ છે, તેને આરોપિત કરી તેઓ ખુશી થાય છે. ૧૪૩

તેઓ ફળનો ભેદ શા આધારે કહે છે ?

પ્રશસ્તરાગયુક્તેષુ ચારિત્રાદિગુણેષ્વપિ ।
શુભાશ્રવત્વમારોપ્ય ફલભેદં વદંતિ તે ॥ ૧૪૪ ॥

ભાવાર્થ—શ્રેષ્ઠ રાગથી યુક્ત એવા ચારિત્રાદિ ગુણોમાં પણ શુભ આશ્રવપણાનો આરોપ કરી, તેઓ ફળના ભેદને જણાવે છે. ૧૪૪

વિશેષાર્થ—જે ફળમાં તેઓ ભેદ દર્શાવે છે, તેઓ ચારિત્ર વગેરે ગુણોમાં પણ શુભ આશ્રવનો આરોપ કરે છે. જે ચારિત્ર વગેરે ગુણો શ્રેષ્ઠ રાગવડે યુકત છે. ૧૪૪

સંસાર અને મોક્ષનાં કારણોમાં વસ્તુતાએ ફેરફાર નથી, છતાં તેમાં અજ્ઞાની મુંઝાય છે, અને જ્ઞાની મુંઝાતો નથી.

ભવનિર્વાણહેતૂનાં વસ્તુતો ન વિપર્યયઃ ।
અજ્ઞાનાદેવ તદ્જ્ઞાનાં જ્ઞાની તત્ર ન મુહ્યતિ ॥ ૧૪૫ ॥

ભાવાર્થ—સંસાર અને મોક્ષનાં કારણોને વસ્તુતાએ વિપર્યય નથી, અજ્ઞાનને લઇને તેમાં વિપર્યય ભાવ દેખાય છે. પરંતુ તેમાં જ્ઞાની પુરૂષ મુંઝાતો નથી. ૧૪૫

વિશેષાર્થ—જે સંસારના કારણો છે, અને જે મોક્ષનાં કારણો છે, તે વસ્તુતાએ વિપર્યય વગરનાં છે; પણ અજ્ઞાની પુરૂષને તેમાં વિપર્યય ભાસે છે. પરંતુ જે જ્ઞાની પુરૂષ છે, તે તેમાં મોહ પામી મુંઝાતો નથી. ૧૪૫

તીર્થંકર નામકર્મનું કારણ શું છે ?

તીર્થકૃન્નામહેતુત્વં યત્સમ્યકત્ત્વસ્ય વર્ણ્યતે ।
ચારિત્રમોહહેતુત્વં સંયમસ્યાતિજાયિનઃ ॥ ૧૪૬ ॥

ભાવાર્થ—સમ્યક્ત્વને તીર્થંકર નામકર્મના હેતુ રૂપે જે વર્ણવે છે, તે અતિશાયી એવા સંયમના આહારક શરીરનું હેતુ પણું છે. ૧૪૬

વિશેષાર્થ—સમ્યક્ત્વ, તીર્થંકર નામકર્મનો હેતુ છે, એમ વર્ણન કરવામાં આવે છે; એટલે સમ્યક્ત્વને શુદ્ધ રીતે પાળવાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે, એમ શાસ્ત્રમાં વર્ણવેલું છે. તે અતિશાયી એવા સંયમના આહારક શરીરને હેતુરૂપે છે. કહેવાનો આશય એવો છે કે, જિન નામકર્મનો હેતુ જે સમકિતને વર્ણવામાં આવે છે, તે ઉપચારથી કહેવાય છે; અને આહારક શરીરનો હેતુ જે અતિશય લબ્ધિવંત સંયમી મુનિ છે, તે પણ ઉપચારથી કહેવાય છે. ૧૪૬

તે વાત તપ અને સંયમને વિષે ઘટાવે છે.

तपः संयमयोः स्वर्ग हेतुत्वं यच्च पूर्वयोः ।
उपचारेण तद्युक्तं स्याद् घृतं दह्यतीतिवत् ॥ १४७ ॥

ભાવાર્થ—જે પૂર્વનાં તપ અને સંયમ સ્વર્ગના હેતુ રૂપ છે, તે જેમ 'ઘી બળે છે,' તેમ ઉપચારથી ઘટે છે. ૧૪૭

વિશેષાર્થ—પૂર્વે તપ અને સંયમ કરેલાં હોય, તેનાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, તેથી તે તપ અને સંયમ સ્વર્ગના હેતુ રૂપ થાય છે, તે વાત ઉપચારથી ઘટે છે, વસ્તુતાએ તો સર્વ પરિણામે છે. જેમ 'ઘી બળે છે,' એ વાત ઉપચારથી કહેવાય છે,

વસ્તુતાએ તો અગ્નિ બળે છે, ઘી બળતું નથી, તેવીજ રીતે અહિં પણ સમજવું. ૧૪૭

આશ્રવ અને સંવર કેવી રીતે ઓળખાય છે ?

येनांशेनात्मनो योगस्तेनांशेनाश्रवो मतः ।
येनांशेनोपयोगस्तु तेनांशेनास्य संवरः ॥ १४८ ॥

ભાવાર્થ—જે અંશ વડે આત્માનો યોગ થાય, તે અંશ વડે આશ્રવ કહેવાય છે; અને જે અંશ વડે આત્માને ઉપયોગ થાય, તે અંશ વડે સંવર કહેવાય છે. ૧૪૮

વિશેષાર્થ—જે અંશ વડે આત્માનો યોગ થાય, એટલે જે અંશે કરી આત્મા યોગવર્ત્તી થાય, તે અંશે આશ્રવ કહેવાય છે અને જે અંશે આત્માને ઉપયોગ થાય, એટલે આત્મા ઉપયોગી થાય, તે અંશે સંવર કહેવાય છે. ૧૪૮

આશ્રવ અને સંવરના અંશો વડે આત્મા કેવો શોભે છે ?

तेनासावंशविश्रांतौ बिभ्रद्राश्रवसंवरौ ।
नात्यादर्श इव स्वच्छास्वच्छ नागरूपः सदा ॥ १४९ ॥

ભાવાર્થ—તેથી એ આત્મા, અંશને વિષે વિશ્રાંત થયેલા આશ્રવ અને સંવરને ધારણ કરી, જેનો ભાગ સ્વચ્છ અને બીજો ભાગ અસ્વચ્છ છે, એવા દર્પણની જેમ સદા શોભે છે. ૧૪૯

વિશેષાર્થ—જેમ દર્પણનો એક ભાગ પડને લઈને મલિન હોય છે, અને બીજો કાચ તરફનો ભાગ સ્વચ્છ હોય છે, તેવી રીતે આત્માના એક અંશમાં આશ્રવ અને બીજા અંશમાં સંવર રહેલ છે; તેથી તે આત્મા દર્પણના જેવો દેખાય છે. ૧૪૯

જ્ઞાન ધારા અને યોગ ધારા ક્યારે પ્રવર્ત્તે ?

शुद्धैव ज्ञानधारा स्यात्सम्यक्त्व प्राप्य नंतरम् ।
हेतुभेदाद्विशेषे तु योगधारा प्रवर्त्तते ॥ १५० ॥

ભાવાર્થ—સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી શુદ્ધ એવી જ્ઞાન ધારા હોયછે, અને હેતુના ભેદથી વિશેષમાં યોગ ધારા પ્રવર્ત્તે છે. ૧૫૦

વિશેષાર્થ—જ્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, ત્યારે તે પછી જ્ઞાનની ધારા પ્રવર્ત્તે છે; એટલે સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અને તે હેતુ–કારણના ભેદથી વિશેષે કરીને યોગની ધારા પ્રવર્ત્તે છે, એટલે કારણભેદને લઈને જ્ઞાનની ધારા પ્રાપ્ત થયા પછી, યોગની ધારા પ્રવર્ત્તે છે. ૧૫૦

સમકિતીનું શુદ્ધપણું શેમાં છે ?

सम्यगदृष्टो विशुद्धत्वं सर्वास्वपि दशास्वतः ।
मृदुमध्यादि भावस्तु क्रियावैचित्र्यतो भवेत् ॥ १५१ ॥

ભાવાર્થ—સમ્યગ્દૃષ્ટિ પુરૂષને સર્વ દશાઓમાં પણ શુદ્ધ પણું છે, અને જે મૃદુ, મધ્ય, વગેરે ભાવ દેખાય છે, તે ક્રિયાના વિચિત્રપણાથી થાય છે. ૧૫૧

વિશેષાર્થ—જે પુરૂષ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી સમ્યગ્દૃષ્ટિ થયો છે, તે પુરૂષને સર્વ દશાઓમાં એટલે સર્વ પ્રકારની સ્થિતિઓમાં શુદ્ધપણું છે, અને મૃદુ-લઘુ, મધ્યમ અને ઉત્તમ ભાવ લેવામાં આવે છે, તે ક્રિયાના વિચિત્રપણાને લઈને થાય છે. એટલે જેવી જેવી ક્રિયા કરવામાં આવે, તે ઉપરથી લઘુ, મધ્યમ અને ઉત્તમ ભાવ જણાય છે. ૧૫૧

ઉપર કહેલ એ ધારાની જ્યારે શુદ્ધિ થાયછે, ત્યારે સર્વ સંવર થાય છે.

यदा तु सर्वतः शुद्धिर्जायते धारयोर्द्वयोः ।
शैलेशी संज्ञितस्थैर्यात्तदा स्यात्सर्व संवरः ॥ १५२ ॥

ભાવાર્થ—જ્યારે જ્ઞાન ધારા તથા યોગ ધારા અથવા યોગ-ધારા અથવા ઉપયોગ ધારાની સર્વ પ્રકારે શુદ્ધિ થાય છે, ત્યારે શૈલેશીકરણ નામની સ્થિરતાથી સર્વ સંવર થાય છે. ૧૫૨

વિશેષાર્થ—જ્યારે જ્ઞાન ધારા તથા યોગ ધારાની અથવા સર્વથી મન, વચન અને કાયાના યોગની તથા ઉપયોગની એ બે ધારાની શુદ્ધિ થાય છે, ત્યારે શૈલેશીકરણ ધ્યાન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. એ સામર્થ્યથી પ્રાપ્ત કરેલ સ્થિરતાથી સર્વ સંવર પ્રાપ્ત થાય છે. ૧૫૨

ઉપર કહેલી સ્થિતિમાં સંવરપણું અને આશ્રવપણું કયાંસુધી હોય છે ?

ततोऽर्वाग् यत्र यावद्वा स्थिरत्वं तावदात्मनः ।
संवरो योगयोर्यत्र यावत्तावत्स्रवोऽपि च ॥ १५३ ॥

ભાવાર્થ—તેથી પહેલાં, જ્યાં સુધી આત્માને સ્થિરતા છે, ત્યાં સુધી સંવર વર્ત્તે છે, અને જ્યાં સુધી યોગની ચંચળતા છે, ત્યાં સુધી આશ્રવ છે. ૧૫૩

વિશેષાર્થ—તેથી પહેલાં નીચેના ગુણઠાણે જ્યાં સુધી આત્માને સ્થિરતા પણું છે, ત્યાં સુધી આત્માને સંવર વર્ત્તે છે, અને જ્યાં સુધી મન, વચન અને કાયાના યોગની ચંચળતા છે, ત્યાં સુધી આત્માને આશ્રવપણું છે. તે યાવત્ શૈલેશીકરણ સુધી સમજવું. ૧૫૩

આત્માની સાથે નિર્જરાનો સંબંધ કેવી રીતે ?

निर्जरा कर्मणोत्सादो नात्मासौ कर्मपर्ययः ।
येत निर्जीयते कर्म स्वभावस्त्वात्मलक्षणः ॥ १५४ ॥

ભાવાર્થ—કર્મનું શાડવું, તે નિર્જરા કહેવાય છે. કાંઇ એ આત્મા પોતે કર્મના પર્યાયરૂપ નથી, તેથી જેનાથી કર્મની નિર્જરા થાય, તે આત્માનો સ્વભાવ છે. ૧૫૪

વિશેષાર્થ—કર્મનું શાડવું, એટલે કર્મને જરાવવા, તે નિર્જરા કહેવાય છે. આત્મા પોતે કર્મના પર્યાયરૂપ નથી. જેનાથી કર્મની નિર્જરા થાય છે, તે આત્માનો સ્વભાવ છે. એટલે કર્મ નિર્જરા રૂપ જે સ્વભાવ, તે આત્માનું લક્ષણ છે. ૧૫૪

કર્મ નિર્જરાનું કારણ તપ છે.

तत्तपो द्वादशविधं शुद्धज्ञान समन्वितम् ।
आत्मशक्ति समुत्थानां चित्तवृत्तिनिरोधकृत् ॥ १५५ ॥

ભાવાર્થ—શુદ્ધ જ્ઞાનવડે યુક્ત અને આત્મશક્તિમાં જાગ્રત થયેલાની ચિત્તવૃત્તિનો નિરોધ કરનારૂં તે તપ બાર પ્રકારનું છે. ૧૫૫

વિશેષાર્થ—શુદ્ધ જ્ઞાનવડે યુક્ત, એટલે જેમાં શુદ્ધ જ્ઞાન રહેલું છે, અને જેમનામાં આત્મશક્તિ જાગ્રત થઇ હોય, તેવા પુરૂષોની ચિત્ત વૃત્તિને અટકાવનારૂં એવું તે તપ બાર પ્રકારનું છે, એટલે તે તપના બાર પ્રકાર છે. છ પ્રકારનું બાહ્ય તપ, અને છ પ્રકારનું આંતર તપ; એમ બાર પ્રકાર થાય છે. ૧૫૫

શુદ્ધ તપનું સ્વરૂપ.

यत्र रोधः कषायाणां ब्रह्मध्यानं जिनस्य च ।
ज्ञातव्यं तत्तपः शुद्धमवशिष्टं तु लंघनम् ॥ १५६ ॥

ભાવાર્થ—જેમાં કષાયનો રોધ કરવામાં આવે, બ્રહ્મચર્ય પાળવામાં આવે, અને જિનભગવાન્નું ધ્યાન કરવામાં આવે, તે શુદ્ધ તપ જાણવું; અને બાકીનું તપ તો, લાંઘણ કરવા જેવું છે. ૧૫૬

વિશેષાર્થ—ક્રમાદિ ચાર કષાયોનો જેમાં રોધ કરવામાં આવે, યથાર્થ રીતે બ્રહ્મચર્ય પાળવામાં આવે, અને શુદ્ધ વૃત્તિથી શ્રી જિનભગવાન્નું ધ્યાન કરવામાં આવે, તે તપ સમજવું; તે શિવાય એટલે કષાયનો રોધ, બ્રહ્મચર્યનું પાલન અને જિન ભગવાન્નું ધ્યાન કર્યા શિવાય તપ કરે, તે માત્ર લાંઘણ કર્યા જેવું છે. એવું લાંઘણવાળું તપ કરવાથી કાંઈપણ ફળ મળતું નથી. ૧૫૬

તપનું શરીર શું છે ?

બુભુક્ષા દેહકાર્શ્યં વા તપસો નાસ્તિ લક્ષણમ્ ।
તિતિક્ષા બ્રહ્મગુપ્ત્યાદિ સ્થાનં જ્ઞાનં તુ તદ્વપુઃ ॥૧૫૭ ॥

ભાવાર્થ—ક્ષુધાથી દેહને કૃશ કરવો, એ તપનું લક્ષણ નથી પરીષહ સહન કરવા, બ્રહ્મચર્યની ગુપ્તિ વગેરેનું સ્થાન રૂપ જે જ્ઞાન, તે તપનું શરીર (લક્ષણ)છે. ૧૫૭

વિશેષાર્થ—પરિષહો સહન કરવા, અને બ્રહ્મચર્યની ગુપ્તિ (નવવાડ) વગેરે જેનાથી સમજાય છે, એવું જ્ઞાન તે તપનું લક્ષણ છે; અને તેજ તપનું શરીર કહેવાય છે. બાકી જે ભુખ વેઠી દેહને દુર્બળ કરવો, એ તપનું લક્ષણ નથી. ૧૫૭

તે તપનું ફળ નિર્જરા છે.

જ્ઞાનેન નિપુણેનૈક્યં પ્રાપ્તં ચંદનગંધવત્ ।
નિર્જરામાત્મનો દત્તે તપો નાન્યાદૃશં ક્વચિત્ ॥ ૧૫૮ ॥

ભાવાર્થ—ચંદન અને સુગંધની જેમ નિપુણ એવા જ્ઞાનની સાથે ઐક્યતાને પામેલું તપ, આત્માને નિર્જરા આપેછે. તેવિના નું તપ કયારે પણ નિર્જરા આપતું નથી. ૧૫૮

વિશેષાર્થ—જેમ ચંદનની સાથે તેની સુગંધ ઐક્યતાને પામેલ છે, તેમ નિપુણ એવા જ્ઞાનની સાથે તપ ઐક્યતાને પામેલું અર્થાત્ જ્ઞાન અને તપને પૂરેપૂરો સંબંધ છે. જ્ઞાન વગરનું તપ અને તપ વગરનું જ્ઞાન ઉપયોગી નથી. એ જ્ઞાનયુક્ત તપ આપે

સ્વથી આત્માને કર્મની નિર્જરા થાય છે. એટલે એવા તપથી આત્મા કર્મને ખપાવી શકે છે. તે શિવાયનું એટલે જ્ઞાન શિવાયનું તપ કદિ પણ આત્માને કર્મનિર્જરા આપતું નથી, તે તો કેવળ લંઘનરૂપ થાય છે. ૧૫૮

શી રીતે તપસ્વી આત્મા બહુ પુણ્યને પ્રાપ્ત કરી મુક્ત થાય છે ?

तपस्वी जिनभक्त्याच शासनोद्भासनोत्यया ।
पुण्यं बध्नाति बहुलं मुच्यते तु गतस्पृहः ॥ १५९ ॥

ભાવાર્થ—તપસ્વી આત્મા (પુરૂષ) શાસનને ઉન્નતિ કરવામાં ઉત્પન્ન થયેલી જિન ભક્તિવડે ઘણું પુણ્ય બાંધે છે, અને પછી નિઃસ્પૃહ થઇને મુકત થાય છે. ૧૫૯

વિશેષાર્થ—ઉપર કહેલા જ્ઞાન યુકત એવા બાર પ્રકારનાં તપને આચરનારો પુરૂષ, પોતાના શાસનની ઉન્નતિ થાય તેવી રીતે શ્રી જિનેશ્વરની ભકિત કરે છે; તો તે ભકિતથી તે ઘણું પુણ્ય બાંધે છે. અને પછી નિઃસ્પૃહ થઇ કર્મમાંથી મુકત થઇ જાય છે. કહેવાનો આશય એવો છે કે, જ્ઞાનયુકત તપ, શાસનની ઉન્નતિ, અને જિનેશ્વરની ભકિતથી ઘણું પુણ્ય બંધાય છે, અને છેવટે નિઃસ્પૃહપણાથી મુકિત મળે છે. ૧૫૯

કેવળ પુણ્ય નિર્જરાને આપનારી શકતો નથી.

कर्मतापकरं ज्ञानं तपसन्वौष नेति वः ।
प्राप्नोतु स तपस्वांतो विमुक्तां निर्जरां बलात् ॥ १६० ॥

ભાવાર્થ—કર્મને તાપ કરનાર જ્ઞાન અને તપને જે પુરૂષ જાણતો નથી, તે હૃદય વગરનો પુરૂષ વિશાળ એવી નિર્જરાને કેવી રીતે પ્રાપ્ત કરે ? ૧૬૦

વિશેષાર્થ—જ્ઞાન અને તપ કર્મના તાપને કરનારાં છે, એ ટલે જ્ઞાન તથા તપથી કર્મનો નાશ થાય છે. આ પ્રમાણે જે જાણતો નથી, તે પુરૂષ હૃદય વગરનો છે. આવા હૃદય વગરના પુરૂષને કર્મની નિર્જરા શી રીતે થાય ? ૧૬૧

અજ્ઞાની અને જ્ઞાનીના તપમાં શો ફેર છે ?

अज्ञानी तपसा जन्मकोटिभिः कर्म यन्नयेत् ।
अंतं ज्ञानतपोयुक्तस्तत्क्षणेनैव संहरेत् ॥ १६१ ॥

ભાવાર્થ—અજ્ઞાની પુરૂષ કોટી જન્મ તપ કરી જે કર્મને ખપાવે છે, તેને જ્ઞાન અને તપવાળો પુરૂષ તત્કાળ ખપાવે છે.૧૬૧

વિશેષાર્થ—અજ્ઞાની પુરૂષ કોટી જન્મ સુધી તપ કરી જે કર્મ ખપાવે છે; તે કર્મને જ્ઞાની પુરૂષ તપ કરીને તત્કાળ ખપાવે છે. અર્થાત્ જ્ઞાન રહિત તપ ગમે તેટલું કરે, તો પણ તે કર્મ નિર્જરા કરી શકતું નથી; અને જ્ઞાન યુક્ત તપ તત્કાળ કર્મની નિર્જરાને કરી શકે છે. ૧૬૧

જ્ઞાન યોગ તપથી નિકાચિત કર્મનો પણ ક્ષય થાયછે.

ज्ञानयोगस्तपः शुष्कमित्याहुर्मुनिपुंगवाः ।
तस्मान्निकाचितस्यापि कर्मणो युज्यते क्षयः ॥ १६२ ॥

ભાવાર્થ—' જ્ઞાનનો યોગ એ શુદ્ધ તપ છે,' એમ ઉત્તમ મુનિયો કહે છે. અને તેવા તપથી નિકાચિત કર્મનો પણ ક્ષય થવો ઘટે છે. ૧૬૨

વિશેષાર્થ—જે જ્ઞાનનો યોગ તે શુદ્ધ તપ કહેવાય છે, એમ ઉત્તમ મુનિઓ કહે છે. એટલે જ્યારે જ્ઞાનનો યોગ થાય, ત્યારે તે શુદ્ધ તપ કહેવાય છે. અર્થાત્ જ્ઞાન યોગ વગરનું તપ, એ શુદ્ધ તપ નથી–અશુદ્ધ તપ છે તેવા જ્ઞાન યોગ રૂપ તપથી નિકાચિત કર્મનો પણ ક્ષય થઇ જાય છે. ૧૬૨

તેવા તપમાં રહેવાથી પૂર્વ કર્મોનો ક્ષય થાય છે?

यदिहापूर्वाकरणश्रेणिः शुद्धा च जायते ।
ध्रुवः स्थितिक्षयस्तत्र स्थितानां प्राच्यकर्मणाम् ॥१६३॥

ભાવાર્થ—જે તપના યોગથી શુદ્ધ એવી અપૂર્વ કરણ શ્રેણી ઉત્પન્ન થાય છે, અને તેની અંદર રહેલા પૂર્વનાં કર્મોની સ્થિતિનો ક્ષય નિશ્ચળ થાય છે. ૧૬૩

વિશેષાર્થ—ઉપર કહેલા જ્ઞાનયોગ-તપના યોગથી શુદ્ધ એવી અપૂર્વ કરણ સ્થિતિ થાય છે, અને તેના યોગે પૂર્વકર્મની સ્થિતિનો નિશ્ચે ક્ષય થાય છે. ૧૬૩

તેવા તપસ્વીને ભાવ નિર્જરા થાય છે.

तस्माद् ज्ञानमयः शुद्ध स्तपस्वी भावनिर्जरा ।
शुद्ध निश्चयतस्त्वेषा शुद्धाशुद्धस्य कापि न ॥१६४॥

ભાવાર્થ—તે જ્ઞાનયોગ તપથી તપસ્વી જ્ઞાનમય અને શુદ્ધ થાય છે, અને તેને ભાવનિર્જરા થાય છે, એ ભાવનિર્જરા શુદ્ધ-નિશ્ચયથી શુદ્ધ હોય છે, અને અશુદ્ધ નિશ્ચયથી કોઇપણ નિર્જરા થતી નથી. ૧૬૪

વિશેષાર્થ—તે જ્ઞાનયોગ તપથી તપસ્વી થયેલો પુરૂષ જ્ઞાનમય અને શુદ્ધ હોય છે. કારણકે, જ્ઞાનયોગ તપથી તેનું હૃદય જ્ઞાનમય અને શુદ્ધ બને છે. આવા જ્ઞાનમય અને શુદ્ધ એવા તપસ્વીને ભાવનિર્જરા થાય છે, એટલે ભાવકર્મની નિર્જરા થાય છે. એ ભાવનિર્જરા શુદ્ધ નિશ્ચયથી શુદ્ધ થાય છે, અને અશુદ્ધ નિશ્ચયથી તો જરાપણ ભાવનિર્જરા થતી નથી. ૧૬૪

આત્મા સાથે કર્મનો બંધ દ્રવ્ય અને ભાવથી કેવીરીતે છે ?

बंधः कर्मात्मसंश्लेषो द्रव्यतः स चतुर्विधः ।
तद्धेत्वध्यवसायात्मा भावतस्तु प्रकीर्त्तितः ॥ १६५ ॥

ભાવાર્થ—કર્મની સાથે આત્માનો બંધ દ્રવ્યથી ચાર પ્રકારનો છે. અને ભાવથી તે હેતુ અને અધ્યવસાયથી છે. ૧૬૫

વિશેષાર્થ—કર્મની સાથે આત્માનો બંધ, એટલે કર્મની સાથે આત્માનું મળવું; તે દ્રવ્યથી ચાર પ્રકારે છે. અને ભાવથી તે હેતુ અને અધ્યવસાયે છે. એટલે તેનું કારણ અને તેના અધ્યવસાય સાથે તેનો સંબંધ છે. ૧૬૫

આત્માને કેવીરીતે બંધ થાય છે ?

वेष्टयत्यात्मनात्मानं यथा सर्पस्तथा पुमान् ।
तत्तद्भावैः परिणतो बध्ना त्यात्मानमात्मना ॥ १६६ ॥

ભાવાર્થ—જેવી રીતે સર્પ પોતાની મેળે પોતાની જાતને વીંટી દે છે તેવી રીતે આત્મા પણ લે તે ભાવમાં પરિણમવાના કારણે પોતે પોતાની મેળે કર્મથી બંધાય છે. ૧૬૬

વિવેચન–પોતાના દેહને વીંટાળવામાં સર્પ પોતેજ જેમ હેતુભુત છે, તેમ વિવિધ પ્રકારના બંધોમાં પડી તે તે પ્રકારના કર્મના દળીયા ગ્રહણ કરવામાં આત્મા પોતેજ હેતુરૂપ થાય છે. ૧૬૬

बध्नाति स्वंबध्ना यथा कोशकारकीटः स्वतंतुभिः ।
आत्मनः स्वगतैर्भावैर्बंधने सोपमा स्मृता ॥ १६७ ॥

ભાવાર્થ—જેમ રેશમનો કીડો પોતાના તંતુઓથી પોતાનેજ બાંધે છે, તે ઉપમા આત્માને પોતાના ભાવથી પોતાના બંધનમાં ઘટે છે. ૧૬૭

વિશેષાર્થ—જેમ રેશમનો કીડો પોતાના તુંતુઓથી પોતાને બાંધે છે, તેવી રીતે આત્મા પોતાના સ્વગત ભાવ એટલે રાગાદિ પરિણામથી પોતાને બાંધે છે—પોતે બંધાય છે. એ ઉપમા તે વિષે યથાર્થ ઘટે છે. ૧૬૭

આ વિષે ઈશ્વરનું કર્ત્તાપણું ઘટતું નથી.

जंतूनां सापराधानां बंधकारी नहीश्वरः ।
तद्बंधनानवस्थाना दबंधस्या प्रवृत्तितः ॥ १६८ ॥

ભાવાર્થ—અપરાધી એવા જીવોને બંધકર્ત્તા ઈશ્વર નથી. કારણ કે, ઈશ્વરને તેના બંધકર્ત્તાપણાની અવસ્થાથી અબંધનીય એવા આત્માને વિષે પ્રવૃત્તિ નથી. એટલે આત્માને સ્વભાવેજ બંધની નિવૃત્તિ છે; તેથી ઈશ્વરને કર્ત્તાપણું ઘટતું નથી. ૧૬૮

તે વાત સ્પષ્ટ રીતે સમજાવે છે.

તત્ત્વજ્ઞાન પ્રવૃત્ત્યર્થે જ્ઞાનવન્નોદના ધ્રુવા ।
અબુદ્ધિપૂર્વકાર્યેષુ સ્વપ્નાદૌ તદદર્શનાત્ ॥ ૧૬૯ ॥

ભાવાર્થ—જે જ્ઞાનવંતની પ્રેરણા છે, તે તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિને અર્થે ધ્રુવ છે. કારણ કે, અબુદ્ધિ પૂર્વક કાર્યોને વિષે સ્વપ્નાદિકમાં તે દેખાતું નથી. ૧૬૯

વિશેષાર્થ—જ્ઞાની પુરૂષ જ પ્રેરણા કરે છે, તે તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિને અર્થે છે; એટલે જ્ઞાની પુરૂષની પ્રેરણા તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિને માટેજ હોય છે. જે સ્વપ્ન વગેરે અબુદ્ધિપૂર્વક કાર્ય છે, તેને વિષે એ જ્ઞાનની પ્રેરણા કાંઇ દેખાતી નથી. તે ઉપરથીજ સિદ્ધ થાય છે કે, તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિને અર્થેજ જ્ઞાની પુરૂષની પ્રેરણા છે. ૧૬૯

ભવ્યતાને લઇને પ્રાણીની કેવી પ્રવૃત્તિ થાય છે ?

તથા ભવ્યતયા જંતુર્નોદિતશ્ચ પ્રવર્ત્તતે ।
બધ્નન્ પુણ્યં ચ પાપં ચ પરિણામાનુસારતઃ ॥ ૧૭૦ ॥

ભાવાર્થ—ભવ્યતાથી પ્રેરાએલો જંતુ પરિણામને અનુસારે પુણ્ય તથા પાપને બાંધતો તે પ્રમાણે પ્રવર્ત્તે છે. ૧૭૦

વિશેષાર્થ—જે પ્રાણીમાં ભવ્યતા હોય છે, તે ભવ્યતા પ્રાણીને પ્રેરણા કરે છે. તે પ્રેરણાથી તે ભવ્ય પ્રાણી રાગ દ્વેષના પરિણામને અનુસારે પુણ્ય પાપને બાંધતો, તેવી પ્રવૃત્તિમાં જોડાય છે. એટલે પુણ્યને બાંધવાથી સારી પ્રવૃત્તિમાં જોડાય છે, અને પાપને બાંધવાથી નઠારી પ્રવૃત્તિમાં જોડાય છે. ૧૭૦

શુદ્ધ નિશ્ચયથી આત્મા બંધાતો નથી, પણ તેને બંધની શંકા આવે છે.

शुद्धनिश्चयतः स्वात्मा न बद्धो बंधशंकया ।
भयकंपादिकं किंतु रज्जावहिपतेरिव ॥ १७१ ॥

ભાવાર્થ—આત્મા શુદ્ધ નિશ્ચયથી બંધાએલો નથી, પણ રજ્જુમાં સર્પની જેમ બંધની શંકાથી તેને ભય, કંપ વગેરે થાય છે. ૧૭૧

વિશેષાર્થ—જો શુદ્ધ નિશ્ચય હોય તો, આત્માને બંધ થતો નથી, પણ તેને બંધની શંકા રહે છે, તે શંકાને લઈને રજ્જુમાં સર્પની શંકાથી જેમ ભય-કંપ વગેરે થાય છે, તેમ તેને ભય-કંપ વગેરે થાય છે. ૧૭૧

ભવસ્થિતિને અનુસારે બંધ છે.

રોગસ્થિત્યનુસારેણ પ્રવૃત્તી રોગિણો યથા ।
ભવસ્થિત્યનુસારેણ તથા બંધોઽપિ વર્ણ્યતે ॥ ૧૭૨ ॥

ભાવાર્થ—રોગની સ્થિતિને અનુસારે જેમ રોગીની પ્રવૃત્તિ હોય છે, તેમ સંસારની સ્થિતિને અનુસારે બંધની પ્રવૃત્તિ વર્ણન કરેલી છે. ૧૭૨

વિશેષાર્થ—રોગી પુરૂષ જે પ્રવૃત્તિ કરે છે, તે તેના રોગને અનુસારે કરે છે. તેવી રીતે આત્માને સંસારની સ્થિતિને અનુસારે કર્મનો બંધ છે. કહેવાનો આશય એવો છે કે, જે કાળે આ શરીર ઉત્પન્ન થયું, તે કાળે સર્વ રોગનો સ્થિતિઓ શરીરમાં ઉત્પન્ન થયેલ છે; પણ જ્યારે રોગી કુપથ્ય સેવે છે, ત્યારેજ રોગ પ્રકટ થઇ આવે છે. તેજ પ્રમાણે આત્મા કર્મની સ્થિતિને અનુસારે રહેલ છે, પણ જ્યારે તે રાગ દ્વેષના પરિણામ પ્રગટ કરે છે. ત્યારે તેને કર્મના બંધ થાય છે. વસ્તુતાએ આત્મા તેનાથી ભિન્ન છે. ૧૭૨

કેવા પુરૂષો અધ્યાત્મ શાસ્ત્ર સાંભળવાને ઇચ્છે છે?

દૃઢાજ્ઞાનમયી શંકામેનામપનિનીષતઃ ।
અધ્યાત્મ શાસ્ત્રમિચ્છંતિ શ્રોતું વૈરાગ્યકાંક્ષિણઃ ॥ ૧૭૩ ॥

ભાવાર્થ—એ દૃઢ અજ્ઞાનમય શંકાને દૂર કરવાની ઇચ્છા રાખનારા અને વૈરાગ્યની આકાંક્ષા રાખનારા પુરૂષો અધ્યાત્મ શાસ્ત્ર સાંભળવાને ઇચ્છે છે. ૧૭૩

વિશેષાર્થ—જે પુરૂષો પોતાના હૃદયની અંદર દૃઢ એવી અજ્ઞાનમય શંકાને દૂર કરવાની ઇચ્છા રાખતા હોય, એટલે શંકા, કાંક્ષા વગેરે દોષથી દૂર રહેનારા હોય, અને હૃદયમાં વૈરાગ્યની ઇચ્છા ધરાવતા હોય, તેવા પુરૂષો અધ્યાત્મ શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા કરે છે, એટલે શંકા રહિત અને વૈરાગ્યની ઇચ્છાવાળા પુરૂષો અધ્યાત્મ શાસ્ત્રને શ્રવણ કરવાના અધિકારી છે. ૧૭૩.

કેવો પુરૂષ પ્રત્યક્ષ શંકાનો નાશ કરતો નથી ?

दिशामदर्शकं शाखाचंद्रन्यायेन तत्पुनः ।
प्रत्यक्षविषयां शंकां न हि हंति परोक्षधीः ॥ १७४

ભાવાર્થ—પરોક્ષ બુદ્ધિવાળો પુરૂષ દિશાને દર્શાવનાર શાખાચંદ્રના ન્યાયથી પ્રત્યક્ષ વિષયની શંકાનો નાશ કરતો નથી. ૧૭૪

વિશેષાર્થ—જે પુરૂષ પરોક્ષ બુદ્ધિવાળો છે, તે જેમ નિર્મળ ચક્ષુ છતાં ગ્રહણ ઘેલા જેવી નજર થઈ જાય, તો તેથી તે એક ચંદ્રની પાસે બીજો ચંદ્ર દેખે છે, એ ન્યાયે અધ્યાત્મ શાસ્ત્ર દિશાને દેખાડે છે, પણ તેમાં જો પરોક્ષ બુદ્ધિ હોય, તો તે પ્રત્યક્ષ વિષયની શંકાને ટાળી શકે નહીં. એટલે અધ્યાત્મનો વિષય પ્રત્યક્ષપણે નથી, પણ પરોક્ષપણે છે; માટે સ્વભાવે જે અધ્યાત્મ શાસ્ત્ર છે, તે પરોક્ષ બુદ્ધિ છે, પણ અનુભવે તો સાક્ષાત્ પ્રત્યક્ષપણાને હણી શકે નહીં; એટલે આત્માનુભવી પુરૂષો પોતાના અનુભવે કરી, આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરે છે. ૧૭૪

શાસ્ત્રજ્ઞાન છતાં પણ મિથ્યા બુદ્ધિ અને સંસ્કારથી બંધની બુદ્ધિ થાય છે.

शंखश्चैत्यानुमानेऽपि दोषात्पीतत्वधीर्यथा ।
शास्त्रज्ञानेऽपि मिथ्याधीः संस्काराद्बंधधीस्तथा ॥१७५॥

ભાવાર્થ—જેમ પુરૂષ શંખને ઉજ્વલ જાણે છે, તોપણ રોગના દોષથી તે શંખમાં પીળાપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે; તેમ શાસ્ત્રનું જ્ઞાન છતાં પુરૂષને સંસ્કારથી મિથ્યાત્વની બુદ્ધિ, અને બંધની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ૧૭૫

વિશેષાર્થ—જેમ તિમિર અથવા મધુરાના રોગવાળો પુરૂષ શંખને ઉજ્વળ જાણે છે, પણ તે રોગના દોષથી તે શંખની અંદર પીળા વર્ણની બુદ્ધિ ઉત્પન્ન થાય છે; તેવી રીતે શાસ્ત્રથી પુરૂષ આત્માની નિર્મળતા જાણે છે, પણ મિથ્યાત્વના સંસ્કારથી આત્માની અંદર બંધની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. એટલે આત્માને રાગી, દ્વેષી બંધ રૂપ જે દેખે છે, તે અનુભવ વિના દેખે છે. ૧૭૫

કેવા પુરૂષોને આત્મા અબદ્ધ પ્રકાશિત થાયછે ?

श्रुत्वा मत्वा मुहुः स्मृत्वा साक्षादनुभवंति ये ।
तत्त्वं न बंधधीस्तेषामात्मा बद्धः प्रकाश्यते ॥ १७६

ભાવાર્થ—જે પુરૂષો તત્ત્વને સાંભળી, મનન કરી અને વારંવાર સ્મરણ કરી, સાક્ષાત્ અનુભવે છે, તેઓને બંધની બુદ્ધિ

ઉત્પન્ન થતી નથી; અને તેમને આત્માના અબંધનો પ્રકાશ થાય છે. ૧૭૬

વિશેષાર્થ—જે પુરૂષો તત્ત્વને સાંભળે છે, તેનું મનન કરે છે, અને પછી વારંવાર તેનું સ્મરણ કરે છે, તેઓને તત્ત્વનો સાક્ષાત્ અનુભવ થાય છે. તેવા પુરૂષોને પછી બંધની બુદ્ધિ ઉત્પન્ન થતી નથી; એટલે તેમને આત્માનો બંધ જણાતો નથી. તેમને 'આત્મા અબદ્ધ છે' એવો પ્રકાશ થાય છે. તેથી ઉત્તમ પુરૂષે તત્ત્વનું શ્રવણ, મનન અને સ્મરણ કરવું જોઇએ. ૧૭૬

દ્રવ્યમોક્ષ અને ભાવમોક્ષનું સ્વરૂપ

द्रव्यमोक्षः क्षयः कर्म द्रव्याणां नात्मलक्षणम् ।
भावमोक्षस्तु तद्धेतुरात्मा रत्नत्रयान्वयी ॥ १७७ ॥

ભાવાર્થ—કર્મદ્રવ્યનો ક્ષય એ દ્રવ્યમોક્ષ કહેવાય છે, તે આત્માનું લક્ષણ નથી, અને તેના હેતુ રૂપ આત્મા, જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્ન વાળો થાય, તે **ભાવમોક્ષ** કહેવાય છે. ૧૭૭

વિશેષાર્થ—જે દ્રવ્ય કર્મનો ક્ષય, તે દ્રવ્ય મોક્ષ કહેવાય છે. પણ તે કાંઇ આત્માનું લક્ષણ નથી. માત્ર તે દ્રવ્ય કર્મનો ક્ષય, તે મોક્ષનો હેતુ થાય છે. પણ જ્યારે આત્મા, જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્નની પરિણતિ રૂપ બને, તે ભાવમોક્ષ કહેવાય છે. અને તેને જે દ્રવ્યકર્મનો ક્ષય છે, તે ઉપચારથી મોક્ષનો હેતુ કહેવાય છે. પણ તે વસ્તુતાએ તત્વબુદ્ધિથી કહેવાતો નથી. ૧૭૭

જ્યારે આત્માની એકતા પ્રાપ્ત થાયછે, ત્યારે શું થાય છે ?

ज्ञानदर्शन चारित्रै रात्मैक्यं व्रजते यदा ।
कर्माणि कुपितानीव भवंत्याशु तदा पृथग् ॥ १७८ ॥

ભાવાર્થ—જ્યારે આત્મા, જ્ઞાન, દર્શન અને ચારિત્રથી એકતાને પામે છે, ત્યારે જાણે કર્મ કોપ પામ્યાં હોય, તેમ તત્કાળ જુદા થઇ જાય છે. ૧૭૮

વિશેષાર્થ—જ્યારે આત્મા, જ્ઞાન, દર્શન અને ચારિત્રની સાથે એકતા પામે છે, એટલે આત્મા, જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ બને છે, ત્યારે તેના કર્મો તેનાથી જુદાં થઇ જાય છે. તે ઉપર ગ્રંથકર્તા ઉત્પ્રેક્ષા કરે છે કે, જાણે તે કર્મ કોપ પામ્યા હોય, તેમ જુદાં થઈ જાય છે. કોપ પામેલો માણસ જુદો પડે, એ લૌકિક વ્યવહાર છે. ૧૭૮

એ ઉપરથી સિદ્ધ થાય છે કે, રત્નત્રયીજ મોક્ષરૂપ છે.

अतो रत्नत्रयं मोक्षस्तदभावे कृतार्थता ।
पाखंडिगणालिंगैश्च गृहलिंगैश्च कापि न ॥ १७९ ॥

ભાવાર્થ—એથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્નોજ મોક્ષરૂપ છે. અને તેના અભાવે પાખંડીઓના સમૂહનાં લિંગોથી અને ગૃહલિંગોથી કોઈ જાતની કૃતાર્થતા નથી. ૧૭૯

વિશેષાર્થ—જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપજ મોક્ષ છે. એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે, અને તેના અભાવે પાખંડીનાં લિંગ ધારણ કરી, ફરનારાઓ અને ગૃહસ્થનાં લિંગ લઇ ફરનારાઓને કોઇ જાતની કૃતાર્થતા થતી નથી; એટલે તેથી કોઇ રીતે મોક્ષ પ્રાપ્ત થતો નથી. ૧૭૯

સિદ્ધાંતના સારને કયા પુરૂષો જાણતા નથી?

પાખંડિગણલિંગેષુ ગૃહલિંગેષુ યેરતાઃ ।
ન તે સમયસારસ્ય જ્ઞાતારો બાલબુદ્ધયઃ ॥ ૧૮૦ ॥

ભાવાર્થ—જે પુરૂષો પાખંડિના સમૂહનાં લિંગોને વિષે અને ગૃહસ્થનાં લિંગોને વિષે આસક્ત રહે છે, તે બાળ બુદ્ધિવાળા પુરૂષો સિદ્ધાંતના સારને જાણનારા હોતા નથી. ૧૮૦

વિશેષાર્થ—પાખંડિઓના સમૂહનાં લિંગોને વિષે અને ગૃહસ્થનાં લિંગોને વિષે જેઓ આસક્ત રહે છે, તે પુરૂષો બાળબુદ્ધિવાળા છે; તેથી તેઓ સિદ્ધાંતના સારને જાણી શકતા નથી. તેથી પાખંડી અને ગૃહસ્થનાં લિંગો ધારણ કરવામાં મુનિઓએ આસક્ત થવું ન જોઇએ. ૧૮૦

લિંગસ્થ અથવા ગૃહસ્થો કયારે સિદ્ધિને પામે છે?

જાવલ્લિંગરતા યે તુ સર્વસારવિદો હિ તે ।
લિંગસ્થા વા ગૃહસ્થા વા સિધ્યંતિ ધુતકલ્મષાઃ ॥ ૧૮૧ ॥

ભાવાર્થ—જેઓ ભાવલિંગને ધારણ કરવામાં તત્પર છે, તેઓ સર્વ સારને જાણનારા છે. તેઓ લિંગસ્થ હોય, અથવા ગૃહસ્થ હોય, તો પણ પાપ રહિત થઇ સિદ્ધ થાય છે. ૧૮૧

વિશેષાર્થ—જે પુરૂષો ભાવલિંગને ધારણ કરવામાં તત્પર છે, અર્થાત દ્રવ્યલિંગથી રહિત છે, તેઓ સર્વ સારને જાણનારા થાય છે. તેઓ સાધુલિંગે હોય, અથવા ગૃહસ્થના લિંગે હોય તોપણ સર્વ પાપકર્મને દૂર કરી, સિદ્ધિપદને પામે છે. ૧૮૧

ભાવલિંગ શેનું અંગ છે ?

भावलिंगं हि मोक्षांगं द्रव्यलिंग मकारणम् ।
द्रव्यं नात्यंतिकं यस्मान्नाप्येकांतिक मिष्यते ॥ १८२ ॥

ભાવાર્થ—ભાવલિંગ એ મોક્ષનું અંગ છે, અને દ્રવ્યલિંગ મોક્ષનું અકારણ છે, તેથી અત્યંત પણે અને એકાંતે દ્રવ્યને ઇચ્છાતું નથી. ૧૮૨

વિશેષાર્થ—ભાવલિંગ એ મોક્ષનું અંગ છે, એટલે ભાવલિંગથી મોક્ષ પ્રાપ્ત થાયછે, અને દ્રવ્ય લિંગ અકારણ છે, એટલે દ્રવ્યલિંગ મોક્ષનું કારણ થતું નથી. તેથી અત્યંત પણે અને એકાંતે દ્રવ્યલિંગને ઇચ્છવું ન જોઇએ. એટલે જેઓ ભાવલિંગી છે, તેઓ એકાંતે દ્રવ્યલિંગને ઇચ્છતા નથી. ૧૮૨

તે વિષે વિશેષ વિવેચન કરે છે.

यथा जात दशालिंगमर्था दव्यजिचारि चेत् ।
विपक्षबाधकाभावात् तद्धेतुत्वे तु का प्रमा ॥ १८३ ॥

ભાવાર્થ—જેવી રીતે પ્રાપ્ત થયેલી ઇચ્છાનું લિંગ જો અર્થથી અવ્યભિચારી હોય, તો વિપક્ષના બાધકના અભાવથી તેના હેતુપણામાં શું પ્રમાણ છે ? ૧૮૩

વિશેષાર્થ—અહીં કોઇ શંકા કરે કે, નગ્નપણામાં મોક્ષ છે. તેના ઉત્તરમાં કહે છે કે, જો એ અર્થથી વાત ખરી હોય તો, આત્માને મોહ બાધક છે, તે મોહનો અભાવ થાશે. અને જો નગ્નપણે મોક્ષ હોય તો, મોહને ટાળવાનું શું પ્રમાણ છે ? ત્યારે તો મોહને ટાળવાની કાંઇ જરૂર ન રહે. ૧૮૩

वस्त्रावधारणेच्छा चेद्बाधिका तस्य तां विना ।
धृतस्य न किमस्थाने करादेरिव बाधकम् ॥ १८४ ॥

ભાવાર્થ—જો વસ્ત્રને ધારણ કરવાની ઇચ્છા તેની બાધક ન હોય તો તે ઇચ્છા વિના ધારણ કરેલાને હાથ વગેરેની જેમ તે સ્થાને બાધક કેમ ન હોય ? ૧૮૪

વિશેષાર્થ—વસ્ત્રને ધારણ કરવામાં એટલે ઇચ્છા વિના પણ જો, વસ્ત્ર રાખતાં મોક્ષની બાધકતા છે, તો ઇચ્છા વિના જે હાથ પ્રમુખ અંગ ધર્યા છે, તે પણ મોક્ષનાં બાધક થશે. એટલે દિગંબર લોકો કહે છે કે, વસ્ત્ર રાખવાં એ મોક્ષનાં બાધક છે, તે વાત નિર્મૂળ છે. ૧૮૪

स्वरुपेण च वस्त्रं चेत्केवलज्ञानबाधकम् ।
तदा दिग्पटमीत्यैव तत्तदावरणं भवेत् ॥ १८५ ॥

ભાવાર્થ—જો વસ્ત્ર સ્વરૂપથી કેવળ જ્ઞાનને બાધા કરનારૂં હોય, તો દિગંબરની નીતિ પ્રમાણે પણ વસ્ત્રાવરણ થાય. ૧૮૫

વિશેષાર્થ—જો પરમાર્થથી વસ્ત્ર કેવળજ્ઞાનનું બાધક હોય, તો દિગંબરની રીતે કેવળજ્ઞાનાવરણીને ઠેકાણે વસ્ત્રાવરણી થયું એમ જાણવું જોઈએ. અને દિગંબરીઓ વસ્ત્રાવરણી કર્મ કહેતાં નથી, એ તેમની મોટી ભૂલ છે. ૧૮૫

इत्थं केवलिनस्तेन मूर्ध्नि क्षिप्तेन केनचित् ।
केवलित्वं पलायंते त्यहो किमसमंजसम् ॥ १८६ ॥

ભાવાર્થ—આવી રીતે કેવળીના મસ્તક પર કોઈ વસ્ત્ર ઓઢાડે, ત્યારે કેવલજ્ઞાનને નાશી જવું જોઇએ, એ કેવી અઘટિત વાત કહેવાય ? ૧૮૬

વિશેષાર્થ—દિગંબરીના મત પ્રમાણે તો કેવળજ્ઞાનીના મસ્તક પર કોઈ વસ્ત્ર ઓઢાડે, તો તેના કેવલ જ્ઞાનને નાશી જવું જોઇએ. પણ કેવળીને વસ્ત્ર ઓઢાડવાથી કેવલજ્ઞાન નાશી જતું નથી, તેથી તે દિગંબરીઓ કેવું અઘટિત બોલે છે ? અર્થાત્ તેમનું એ કથન તદ્દન અઘટિત છે. ૧૮૬

તેથી ભાવલિંગથી મોક્ષ થાય એ વાત સિદ્ધ થાય છે.

भावलिंगात्ततो मोक्षो भिन्नलिंगेष्वपि ध्रुवः ।
कदाग्रहं विमुच्यैतद् भावनीयं मनस्विना ॥ १८७ ॥

ભાવાર્થ—ભિન્નલિંગ છતાં પણ ભાવલિંગથીજ નિશ્ચેજ મોક્ષ થાય છે; તેથી કદાગ્રહને છોડીને શ્રેષ્ટ મનવાળા પુરૂષે એ ભાવના કરવી. ૧૮૭

વિશેષાર્થ—કદિ લિંગ જુદાં જુદાં હોય, તો પણ ભાવલિંગથીજ મોક્ષ થાય છે, એ સિદ્ધાંત છે. માટે શ્રેષ્ટ મનવાળા પુરૂષે કદાગ્રહ છોડીને એજ વિચારવું જોઈએ. ૧૮૭

આત્માને બંધ અને મોક્ષ અશુદ્ધ નયથી છે, શુદ્ધ નયથી નથી.

અશુદ્ધનયતો હ્યાત્મા બદ્ધો મુક્ત ઇતિ સ્થિતિઃ
ન શુદ્ધનયતસ્ત્વેષ બધ્યતે નાપિ મુચ્યતે ॥ ૧૮૮ ॥

ભાવાર્થ—આત્મા અશુદ્ધ નયથી બદ્ધ અને મુક્તની સ્થિતિમાં ગણાય છે; અને શુદ્ધ નયથી એ આત્મા બંધાતો નથી, તેમ મુકાતો નથી. ૧૮૮

વિશેષાર્થ—જે આત્મા કર્મ સાથે બંધાએલો છે અને કર્મથી મુકાએલો છે, એવી સ્થિતિ અશુદ્ધ નયથી દેખાય છે; પણ જ્યારે શુદ્ધ નયથી જોવાય છે, ત્યારે એ આત્મા બંધાતો નથી, તેમ મુકાતો નથી, એમ દેખાય છે. તેથી શુદ્ધ નયથી આત્માવલોકન કરવું જોઈએ. ૧૮૮

વિચક્ષણ પુરૂષે નવતત્ત્વોથી આત્મતત્ત્વનો વિચાર કરવો.

અન્વયવ્યતિરેકાભ્યામાત્મતત્ત્વવિનિશ્ચયમ્ ।
નવભ્યોઽપિ હિ તત્ત્વેભ્યઃકુર્યાદેવં વિચક્ષણઃ ॥૧૮૯॥

ભાવાર્થ—વિચક્ષણ પુરૂષે અન્વય અને વ્યતિરેકથી નવ તત્ત્વોવડે આત્મતત્ત્વનો એવી રીતે નિશ્ચય કરવો. ૧૮૯.

વિશેષાર્થ—એવી રીતે એટલે પ્રથમ દર્શાવ્યા પ્રમાણે વિચક્ષણ પુરૂષે અન્વય એટલે સંબંધથી અને વ્યતિરેક એટલે અભાવથી જીવાજીવાદિ નવતત્ત્વો વડે આત્મતત્ત્વનો નિશ્ચય કરવો. ૧૮૯.

એજ પરમ અધ્યાત્મ, અમૃત, પરમ જ્ઞાન, અને પરમ યોગ છે.

इदं हि परमध्यात्मममृतं ह्यद एव च ।
इदं हि परमं ज्ञानं योगोऽयं परमः स्मृतः ॥ १९० ॥

ભાવાર્થ—આ જ પરમ અધ્યાત્મ છે, આ જ પરમ અમૃત છે, આ જ પરમ જ્ઞાન છે અને આ જ પરમ યોગ છે. ૧૯૦

વિશેષાર્થ—એ આત્મ તત્ત્વનો નિશ્ચય તેજ પરમ અધ્યાત્મ છે, તેજ પરમ અમૃત છે, તેજ પરમ જ્ઞાન છે, અને તેજ પરમ યોગ છે. એટલે આત્મતત્ત્વનો નિશ્ચય થવાથી ઉકૃષ્ટ અધ્યાત્મ, ઉત્કૃષ્ટ અમૃત, ઉત્કૃષ્ટ જ્ઞાન, અને ઉત્કૃષ્ટ યોગ પ્રાપ્ત થાય છે. ૧૯૦

આ ગુહ્ય તત્ત્વ અલ્પબુદ્ધિવાળાઓને આપવું નહીં.

गुह्याद्गुह्यतरं तत्त्वमेतत्सूक्ष्मनयाश्रितम् ।
न देयं स्वल्पबुद्धीनां तर्ह्येतस्य विडंबिका ॥ १९१ ॥

ભાવાર્થ—ગુહ્યથી અતિશય ગુહ્ય એવું આ તત્ત્વ સૂક્ષ્મનયને આશ્રિત રહેલું છે, તે અલ્પ બુદ્ધિવાળાઓને આપવું નહીં. જો તેમને આપવામાં આવે, તો તે તત્ત્વની વિડંબના છે. ૧૯૧

વિશેષાર્થ—જે તત્વ ગુહ્યથી પણ ગુહ્ય છે, તે તત્વ સૂક્ષ્મનયને આશ્રીને રહેલું છે. એવા શુદ્ધ તત્ત્વનો ઉપદેશ અલ્પ બુદ્ધિવાળા પુરૂષોને કરવો નહીં. કારણ કે, તેઓ તેના અધિકારી નથી. જેઓ પરિપૂર્ણ બુદ્ધિવાળા છે, તેમનેજ એ તત્ત્વનો ઉપદેશ આપવો. અલ્પ બુદ્ધિવાળાઓને એવાં સૂક્ષ્મ તત્વનો ઉપદેશ કરવાથી તે તત્ત્વની વિડંબના થાય છે. ૧૯૧

અલ્પ બુદ્ધિવાળા પુરૂષોને એ તત્ત્વ હિતકારી નથી.

जनानामल्पबुद्धीनां नैतत्तत्वं हितावहम् ।
निर्बलानां क्षुधार्त्तानां नोजनं चक्रिणो यथा ॥ १९२ ॥

ભાવાર્થ—ક્ષુધાથી પીડિત એવાં નબળાં જનોને જેમ ચક્રવર્ત્તીનું ભોજન હિતકારી નથી, તેમ અલ્પ બુદ્ધિવાળા પુરૂષોને એ તત્ત્વ હિતકારી નથી. ૧૯૨

વિશેષાર્થ—શરીરે નબળા એવા લોકો ક્ષુધાતુર થયા હોય, તેમને જેમ ચક્રવર્ત્તીનું ભોજન હિતકારી થતું નથી, તેમ અલ્પ બુદ્ધિવાળા પુરૂષોને એ તત્ત્વ હિતકારી નથી. શરીરે નબળો માણસ ચક્રવર્ત્તીનું ભારે ભોજન જમી અજીર્ણથી પીડાય છે. તેવી રીતે અલ્પ બુદ્ધિવાળો માણસ તત્ત્વ જાણવા પ્રયત્ન કરે, પણ તેની બુદ્ધિમાં એ તત્ત્વ ગ્રાહ્ય ન થવાથી, તે વિપરીત પણે થાય છે; તેથી વિશાળ બુદ્ધિવાળા પુરૂષે જ તત્ત્વજ્ઞાન મેળવવું જોઈએ. ૧૯૨

એ તત્ત્વ કેવા પુરૂષોને અનર્થ કરનારૂં થાય છે ?

ज्ञानांशकुर्विदग्धानां तत्त्वमेतदनर्थकृत् ।
अशुद्धमंत्रपाठस्य फणिरत्नग्रहो यथा ॥ १९३ ॥

ભાવાર્થ—મંત્રના અશુદ્ધ પાઠને જાણનારા પુરૂષને જેમ સર્પની ફણાના રત્નનું ગ્રહણ અનર્થ કરનારૂં છે, તેમ જ્ઞાનનો એક અંશ મેળવી પંડિત બનેલા પુરૂષને એ તત્ત્વ અનર્થ કરનારૂં થાય છે. ૧૯૩

વિશેષાર્થ—જે પુરૂષ જ્ઞાનનો અંશ મેળવી, પંડિત બની જાય છે, તેવા અર્ધદગ્ધ પુરૂષોને આ તત્ત્વ અનર્થ કરનારૂં છે. કારણ કે, તેવા પુરૂષોની બુદ્ધિમાં એ તત્ત્વ ગ્રાહ્ય થતું નથી. એટલે તે અર્થનો અનર્થ કરી વિપરીત પ્રરૂપણા કરે છે. તે ઉપર દ્રષ્ટાંત આપે છે. જેમ અશુદ્ધ સર્પનો મંત્ર પાઠ જાણનારો પુરૂષ સર્પની ફણાના રત્નને લેવા જાય, તો તેમાંથી તેને અનર્થ થાય છે. ૧૯૩

વ્યવહાર નયમાં અકુશળ એવા પુરૂષને નિશ્ચય-નય જાણવાની ઇચ્છા વિપરીત ફળ આપનારી થાય છે.

व्यवहारविनिष्णातो यो ज्ञीप्सति विनिश्चयम् ।
कासारतरणाशक्तः सागरं स तितीर्षति ॥ १९४ ॥

ભાવાર્થ—વ્યવહારનયમાં અકુશળ એવો જે પુરૂષ નિશ્ચય નય જાણવાની ઇચ્છા કરે છે, તે પુરૂષ સરોવરને તરવામાં અશક્ત છતાં, સમુદ્રને તરવાની ઇચ્છા કરે છે. ૧૯૪

વિશેષાર્થ—જે પુરૂષ વ્યવહાર નયમાં કુશલ નથી, છતાં નિશ્ચય નય જાણવાની ઇચ્છા કરે છે, તે પુરૂષ સરોવરને તરવા અશકત છે છતાં સમુદ્રને તરવાની ઇચ્છા કરે છે. અર્થાત્ વ્યવહાર નય જાણ્યા વિના નિશ્ચયનય જાણવાની ઇચ્છા કરવી તે તદ્દન અનુપયોગી છે. વ્યવહાર વિના નિશ્ચયનું જ્ઞાન કદિ પણ પ્રાપ્ત થતું નથી. ૧૯૪

હવે ઉપસંહાર કરી, પરમ સમતાની પ્રાપ્તિ કહે છે.

व्यवहारं विनिश्चित्य ततः शुद्धनयाश्रितः ।
आत्मज्ञानरतो भूत्वा परमं साम्यमाश्रयेत् ॥ १९५ ॥

ભાવાર્થ—વ્યવહાર નયનો નિશ્ચય કર્યા પછી શુદ્ધ નયને આશ્રિત થયેલા પુરૂષે આત્મજ્ઞાનને વિષે તત્પર થઇ, પરમ સમતાનો આશ્રય કરવો. ૧૯૫

વિશેષાર્થ—પ્રથમ વ્યવહાર નયનો નિશ્ચય કરવો. તે પછી શુદ્ધ નયનો આશ્રય કરવો. જ્યારે શુદ્ધ નયનો આશ્રય થાય, એટલે તેનામાં આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે. પછી આત્મજ્ઞાનમાં તત્પર એવા તે પુરૂષે પરમ સમતાનો આશ્રય કરવો. કહેવાનો આશય એવો છે કે, વ્યવહાર નય જાણ્યા પછી શુદ્ધ નયનું જ્ઞાન થાય છે; અને તે પછી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી, પરમ સમતા મેળવી શકાય છે. ૧૯૫.

इति अष्टादश आत्मनिश्चयाधिकारः ।

અધિકાર ૧૯ મો.

જૈન મત સ્તુત્યધિકાર.

શ્રી જૈન શાસન રૂપ સમુદ્ર શિવાય હું પર-નો આશ્રય કરતો નથી.

उत्सर्पद्व्यवहारनिश्चयकथाकल्लोलकोलाहल-
त्रस्यद्दुर्नयवादिकच्छपकुलं भ्रश्यत्कुपक्षाचलम् ।
उद्यद्युक्तिनदी प्रवेशसुभगं स्याद्वादमर्यादया
युक्तं श्री जिनशासनं जलनिधिं मुक्त्वापरं नाश्रये ॥ १ ॥

ભાવાર્થ—શ્રી જિનશાસન રૂપી સમુદ્ર, કે જેની અંદર દુર્નયવાદી રૂપ કાચબાઓના સમૂહ, ઊછળતા વ્યવહાર તથા નિશ્ચય નયની કથા રૂપ કલ્લોલના કોલાહલથી ત્રાસ પામી રહ્યા છે. નઠારા પક્ષ રૂપી પર્વતો જેમાં પડી જાય છે, ઉદય પામતી યુક્તિ-રૂપી નદીઓના પ્રવેશથી જે સુંદર છે અને જે સ્યાદ્વાદ રૂપ મર્યાદાથી યુક્ત છે, તેવા જિનશાસન રૂપ સમુદ્ર વિના હું બીજાનો આશ્રય કરતો નથી. ૧

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી શ્રીજિન શાસનને સમુદ્રનું રૂપક આવી વર્ણવે છે. જેમ સમુદ્રના કલ્લોલથી કાચ-

બાઓ ત્રાસ પામે છે તેમ જિન શાસન રૂપ સમુદ્રના વ્યવહાર તથા નિશ્ચયનયરૂપ કલ્લોલના કોલાહલથો, દુર્નયવાદીરૂપ કાચબાઓ ત્રાસ પામે છે. જેમ સમુદ્રમાં આવેલા પર્વતો કલ્લોલના મારાથી પડી જાય છે, તેમ જિનશાસન રૂપ સમુદ્રના કલ્લોલના મારાથી કુપક્ષ—નઠારા પક્ષ રૂપ પર્વતો તુટી પડી જાય છે. સમુદ્ર જેમ નદીઓના પ્રવેશથી સુંદર છે. તેમ જિનશાસન રૂપ સમુદ્ર યુક્તિ રૂપ નદીઓના પ્રવેશથી સુંદર છે, જેમ સમુદ્ર મર્યાદાથી યુકત છે, તેમ જિનશાસન રૂપ સમુદ્ર સ્યાદ્વાદ રૂપ મર્યાદાથી યુકત છે. એ જિન શાસન રૂપ સમુદ્ર સિવાય હું બીજાનો આશ્રય કરતો નથી. ૧

સ્યાદ્વાદને કલ્પવૃક્ષનું રૂપક આપે છે.

पूर्णपुण्यनयप्रमाणरचनापुष्पैः सदास्थारसै
स्तत्त्वज्ञानफलैः सदा विजयते स्याद्वादकल्पद्रुमः ।
एतस्मात्पतितैः प्रवादकुसुमैः षड्दर्शनारामभ्
र्यैः सौरभ्य मुद्गमत्यभिमतैर ध्यात्मवार्त्तांशवैः ॥ २ ॥

ભાવાર્થ—પૂર્ણ અને પવિત્ર એવા નય પ્રમાણની રચનારૂપ પુષ્પોથી, સત્ આસ્થા રૂપ રસોથી, અને તત્ત્વજ્ઞાન રૂપ ફળોથી, સ્યાદ્વાદ રૂપી કલ્પવૃક્ષ સદા વિજય પામે છે જે કલ્પવૃક્ષ ષદ્દર્શન રૂપ આરામમાં ઊત્પન્ન થઇ, પોતામાંથી પડેલા પ્રવાદ રૂપ પુષ્પોથી અને અભિમત એવા અધ્યાત્મની વાર્તાઓના અંશોથી સુગંધને પ્રગટ કરે છે. ૨

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી સ્યાદ્વાદને કલ્પવૃક્ષનું રૂપક આપે છે. જેમ કલ્પવૃક્ષમાં પુષ્પ, રસ અને ફળ હોય છે, તેમ સ્યાદ્વાદ રૂપી કલ્પવૃક્ષમાં સાત નય પ્રમાણ રૂપ પુષ્પો છે, ઉત્તમ આસ્થા રૂપ રસ છે, અને તત્ત્વજ્ઞાન રૂપ ફળો છે. એ સ્યાદ્વાદ રૂપી કલ્પવૃક્ષ ષટ્ દર્શન રૂપ ઉદ્યાનમાં થયેલું છે. જેમ ઉત્તમ ઉદ્યાનનું વૃક્ષ પોતાના પુષ્પોમાંથી સુગંધને પ્રગટ કરે છે, તેમ સ્યાદ્વાદ રૂપી કલ્પવૃક્ષ પોતાનામાંથી પડેલા પ્રવાદ રૂપ પુષ્પોથી અને અધ્યાત્મ વાર્ત્તા રૂપ ફળોથી સુગંધને પ્રગટ કરે છે. ૨

જૈનાગમને મેરૂ પર્વતનું રૂપક આપે છે.

चित्रोत्सर्ग शुभापवाद रचनासानुश्रियालंकृतः
श्रद्धानदन चंदनद्रुमनिजप्रज्ञोल्लसत्सौरभैः ।
भ्राम्यद्भिः परदर्शनग्रहगणैरासेव्यमानः सदा
तर्कस्वर्ण शिलोच्छ्रितो विजयते जैनागमो मंदरः ॥ ३ ॥

ભાવાર્થ—જૈનાગમ રૂપી મેરૂ પર્વત સદા વિજય પામે છે. જે પર્વત વિચિત્ર ઉત્સર્ગ અને શુભ અપવાદની રચના રૂપ શિખરોની લક્ષ્મીથી અલંકૃત છે. શ્રદ્ધા રૂપ નંદન વનના ચંદન વૃક્ષ જેવી બુદ્ધિ રૂપ જેની સુગંધ ચારે તરફ પ્રસરે છે, ભમતા એવા પરદર્શન રૂપ ગ્રહોના સમૂહથી જે નિરંતર સેવાય છે અને તર્ક રૂપી સુવર્ણની શિલાઓથી જે ઊન્નત છે. ૩

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી જૈન આગમને મેરૂ પર્વતનું રૂપક આપે છે. મેરૂપર્વત શિખરોની શોભાથી જેમ અલં

કૃત છે, તેમ જૈનાગમ રૂપી મેરૂપર્વત વિચિત્ર એવા ઉત્સર્ગ તથા શુભ અપવાદની રચનારૂપ શિખરોની લક્ષ્મીથી અલંકૃત છે; એટલે જૈનાગમમાં વિચિત્ર ઉત્સર્ગો અને શુભાપવાદો રહેલા છે. જેમ મેરૂપર્વત ઉપર નંદનવનનાં ચંદન વૃક્ષો આવેલા છે, તેમ જૈનાગમ રૂપ મેરૂપર્વત ઉપર શ્રદ્ધા રૂપી નંદનવન છે, અને તેમાં ચંદનનાં વૃક્ષ રૂપ પ્રજ્ઞા—બુદ્ધિ છે; એટલે શ્રદ્ધા અને પ્રજ્ઞાથી જૈનાગમ સુશોભિત છે, અને તની સુગંધ ચારે તરફ પ્રસરે છે. જેમ મેરૂપર્વતની આસપાસ ગ્રહ–તારાઓ ફરે છે, અને તેનાથી તે સેવાય છે, તેમ જૈનાગમ રૂપ મેરૂ પર્વતની આસપાસ અન્ય દર્શન રૂપ ગ્રહોના ગણો ફરે છે, અને તેનાથી તે સેવાય છે. જેમ મેરૂપર્વત સુવર્ણની શિલાઓથી ઊન્નત છે, તેમ જૈનાગમ તર્ક રૂપી સુવર્ણની શિલાઓથી ઊન્નત છે. આવો જૈનાગમ રૂપી મેરૂ પર્વત સદા વિજય પામે છે. ૩

જૈન આગમને સૂર્યની સાથે સરખાવે છે.

स्याद्दोषापगमस्तमांसि जगति क्षीयंत एवक्षणा
द्ध्वानो विशदीभवंति निबिडा निद्रादृशोर्गच्छति ।
यस्मिन्नभ्युदिते प्रमाणदिवसप्रारंभकल्याणिनी
प्रौढत्वं नयगीर्दधाति स रवि र्जैनागमो नंदतात्॥ ४ ॥

ભાવાર્થ—તે જૈનાગમ રૂપી સૂર્ય આનંદ પામો કે, જે ઊદય પામતાં દોષા–રાત્રિનો નાશ થાય છે, ક્ષણવારમાં જગત્‌ની અંદર અંધકારનો ક્ષય થઇ જાય છે, માર્ગો ચોખ્ખા દેખાય છે,

નેત્રોમાંથી ગાઢ નિદ્રા ચાલી જાય છે, અને પ્રમાણ રૂપ દિવસના પ્રારંભથી કલ્યાણ રૂપ એવી નયની વાણી પ્રૌઢતાને ધારણ કરે છે. ૪

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર જૈનાગમને સૂર્યનું રૂપક આપી, વર્ણવે છે. તે જૈનાગમ રૂપી સૂર્ય આનંદ પામો, જેમ સૂર્યના ઉદયથી દોષા–રાત્રિનો નાશ થઇ જાય છે, તેમ જૈનાગમ રૂપી સૂર્યનો ઉદય થવાથી દોષનો નાશ થઇ જાયછે. જેમ સૂર્ય ના ઉદયથી તત્કાળ જગત્‌નું અંધકાર ક્ષીણ પામી જાય છે, તેમ જૈનાગમ રૂપી સૂર્યના ઉદયથી અજ્ઞાન રૂપ અંધકારનો ક્ષય થઇ જાય છે. સૂર્ય ના ઉદયથી જેમ રસ્તાઓ ખુલ્લા દેખાય છે, તેમ જૈનાગમ રૂપી સૂર્ય ના ઉદયથી ધર્મના માર્ગો સ્પષ્ટ દેખાય છે. સૂર્યના ઉદયથી જેમ નેત્રોમાંથી ગાઢ નિદ્રા ચાલી જાય છે, તેમ જૈનાગમ રૂપી સૂર્યના ઉદયથી પ્રમાદ રૂપો ગાઢ નિદ્રા ચાલો જાય છે. સૂર્યના ઉદયથી જેમ દિવસનો પ્રારંભ થઇ લોકોની વાણી પ્રૌઢ બને છે તેમ જૈનાગમરૂપી સૂર્યના ઉદયથી પ્રમાણ રૂપ દિવસના આરંભથી કલ્યાણ રૂપ એવી સાત નયની વાણી પ્રૌઢતાને ધારણ કરે છે. ૪.

શ્રી જિન શાસનને ચંદ્રની ઉપમા આપે છે.

अध्यात्मामृतवर्षिभिः कुवलयोल्लासं विलासैर्गवां
तापव्यापविनाशिभिर्विंतनुते लब्धोदयोयः सदा।
तर्क स्थाणुशिरःस्थितः परिवृतः स्फारैर्नयैस्तारकैः
सोऽयं श्रीजिनशासनामृतरुचिः कस्यैति नोरुच्यताम् ॥५॥

ભાવાર્થ—તે શ્રી જૈનાગમ રૂપી ચંદ્ર કોને રૂચિકર ન થાય? જે જૈનાગમ રૂપી ચંદ્ર ઉદય પ્રાપ્ત કરી, તાપની વ્યાપકતાને નાશ કરનારા અને અધ્યાત્મ રૂપ અમૃતને વર્ષાવનારા પોતાના ગો (વાણી અને કિરણો) ના વિલાસથી કુવલય (પૃથ્વી મંડળ અને પોંયણા) ને ઉલ્લાસ કરે છે, અને જે તર્ક રૂપી શંકરના મસ્તક પર રહી નય રૂપ મોટા તારાઓથી પરિવૃત થઇ રહ્યો છે. ૫

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર જૈનાગમને ચંદ્રનું રૂપક આપી વર્ણવે છે. શ્રી જૈનાગમ રૂપી ચંદ્ર કોને રૂચિકર થતો નથી? અર્થાત્ સર્વને રૂચિકર થાય છે. જેમ ચંદ્ર ઉદય પામી તાપની વ્યાપકતાને નાશ કરનારા અને અધ્યાત્મ રૂપ અમૃતને વર્ષાવનારાં પોતાનાં કિરણોના વિલાસથી કુવલય-પૃથ્વીના મંડળને અથવા પોયણાને ઉલ્લાસિત કરે છે, તેમ જૈનાગમ રૂપી ચંદ્ર ઉદય પામી સૂર્યના તાપની વ્યાપકતાને નાશ કરનારા અને અધ્યાત્મ રૂપ અમૃતને વર્ષાવનારા વાણીના વિલાસોથી પૃથ્વીના મંડલને ઉલ્લાસિત કરે છે. જેમ ચંદ્ર શંકરના મસ્તક ઊપર રહી સ્પષ્ટ તારાઓથી પરિવૃત થઇ રહે છે, તેમ જૈનાગમ રૂપી ચંદ્ર તર્કરૂપી શંકરના મસ્તક ઊપર રહી સાત નય રૂપ સ્પષ્ટ તારાઓથી પરિવૃત થઇ રહે છે. એવો જૈનાગમ રૂપી ચંદ્ર કોને રૂચિકર ન થાય? ૫

સર્વ નયમય જૈન દ્રષ્ટિ સારરૂપે પ્રત્યક્ષ દેખાય છે.

बौद्धानामृजुसूत्रतो मतमभू द्वेदांतिनां संग्रहात्
सांख्यानां तत एव नैगमनयाद् योगश्च वैशेषिकः।
शब्दब्रह्मविदोऽपि शब्दनयतः सर्वैर्नयैर्गुंफिता
जैनीदृष्टिरितीह सारतरया प्रत्यक्षमुद्रीक्षते ॥ ६ ॥

ભાવાર્થ—ઋજુસૂત્ર નયથી બૌદ્ધ લોકોનો મત ઉત્પન્ન થયો, સંગ્રહ નયથી વેદાંતિઓનો તથા સાંખ્યનો મત પ્રગટ થયો, નૈગમ નયથી યોગ અને વૈશેષિક મત ઉત્પન્ન થયો અને શબ્દ નયથી શબ્દ બ્રહ્મ–મીમાંસાનો મત પ્રગટ થયો. એવી રીતે સર્વનય વડે ગુંથાએલી જૈન દૃષ્ટિ અતિશય સાર રૂપે પ્રત્યક્ષ દેખાયછે. ૬

વિશેષાર્થ—આ શ્લોકથી ગ્રંથકાર જૈન દર્શનમાંથી સર્વ દર્શનોની ઉત્પત્તિ દર્શાવી, જૈન દર્શનને સાર રૂપે બતાવે છે. જૈન દર્શન સાત નય માનેછે. તે સાત નયોમાંથી જુદા જુદા નયને આશ્રીને બીજાં દર્શનો થયેલાં છે. ઋજુસૂત્ર નયથી બૌદ્ધ લોકોનો ક્ષણિક મત ઉત્પન્ન થયો છે. સંગ્રહ નયમાંથી વેદાંતિઓનો અદ્વૈત મત અને સાંખ્યોનો સેશ્વર તથા નિરીશ્વર મત પ્રગટ થયોછે. નૈગમ નયમાંથી પતંજલિનો યોગ મત તથા વૈશેષિકનો મત આવિર્ભૂત થયોછે, અને શબ્દ નયથી મીમાંસાનો મત પ્રગટ થયો છે. એવી રીતે સર્વનય વડે ગુંથાએલી જૈન દૃષ્ટિ–જૈન દર્શન અતિશય સાર રૂપે પ્રત્યક્ષ દેખાય છે. ૬

જૈનાગમને તોડવાને કોઈ સમર્થ નથી.

उष्मा नार्कमपाकरोति दहनं नैव स्फुलिंगावली
नाब्धिं सिंधुजलप्लवः सुरगिरिं ग्रावा न वाऱ्यापतत् ।
एवं सर्वनयैकभावगरिमस्थानं जिनेंद्रागमं
तत्तद्दर्शनसंकथांशरचनारुपं न हंतुं क्षमाः ॥ ७ ॥

ભાવાર્થ—જેમ ગરમી સૂર્યને, તણખાની પંક્તિ અગ્નિને, નદીના જળનો પ્રવાહ સમુદ્રને, અને પાષાણ મેરૂ પર્વતને, હઠાવી

દૂર કરી શકતા નથી, તેમ સર્વનયના એક ભાવના ગૌરવનું સ્થાન રૂપ અને તે તે દર્શનની કથાના અંશની રચના રૂપ એવા જિનેંદ્રના આગમને હણવાને કોઇ સમર્થ થઇ શકતા નથી. ૭

વિશેષાર્થ—જેમ ગરમી સૂર્યને, તણખાની પંક્તિ અગ્નિને, નદીના જળનો પ્રવાહ સમુદ્રને, અને પાષાણ મેરૂને હઠાવી શકે નહીં, તેમ કોઇ જિનેંદ્રના આગમને તોડવાને સમર્થ થતું નથી. કારણ કે, તે જિનેંદ્રનો આગમ સાત નયના એક ભાવના ગૌરવથી પરિપૂર્ણ છે. એટલે સાત નયો તેમાં યુક્તિથી ઘટાવી શકાય છે. તેમજ તે ષટ્ દર્શનોની કથાઓના અંશની રચનાવાળો છે, એટલે તેની અંદર ષટ્ દર્શનો પણ જુદા જુદા નયથી આવી શકેછે. એવા જિનેંદ્રના આગમને તોડવાને કોઇ પણ સમર્થ નથી. ૭

જિનમતમાં કેવો ઉપક્રમ હિતકારી નથી ?

દુઃસાધ્યં પરવાદિનાં પરમતક્ષેપં વિના સ્વંમતં
તક્ષેપે ચ કષાયપંકકલુષં ચેતઃ સમાપદ્યતે ।
સોઽયં નિઃસ્વનિધિગ્રહવ્યવસિતૌ વેતાલકોપક્રમો
નાયં સર્વહિતાવહો જિનમતે તત્ત્વપ્રસિદ્ધ્યર્થિનામ્ ॥ ૮ ॥

ભાવાર્થ—અન્ય દર્શનીઓને બીજાના મતનો આક્ષેપ કર્યા વિના પોતાનો મત દુઃસાધ્ય છે, અને બીજાના મતનો આક્ષેપ કરવામાં ચિત્ત કષાય રૂપ કાદવથી ડોળાઇ જાયછે. નિર્ધનના ભંડારને લેવામાં ઉદ્યુક્ત થયેલા વેતાળના જેવો આ ઉપક્રમ તત્ત્વની

પ્રસિદ્ધના અર્થી એવા પુરૂષોને હિતકારી નથી; તેથી તે ઊપક્રમ જૈન મતમાં રહેલ નથી. ૮

વિશેષાર્થ—અન્યદર્શનીઓ બીજાના મત ઉપર આક્ષેપ કર્યા વિના પોતાનો મત સાધ્ય કરી શકતા નથી. અને બીજાના મત પ્રત્યે આક્ષેપ કરવાથી તેમના ચિત્તમાં કષાયનો ઊદય થયા વિના રહેતો નથી. તેથી આ ઊપક્રમ નિર્ધન પુરૂષના ભંડારને લેવા તૈયાર થયેલા વેતાળના જેવો છે. અર્થાત્ તે નકામો છે. તે ઊપક્રમ જૈન મતમાં છેજ નહીં. કારણ કે, તત્ત્વની સિદ્ધિના અર્થી એવા પુરૂષોને તે હિતકારી નથી. ૮

જિનેંદ્રના આગમમાં લીન થયેલું ચિત્ત બીજા મતની વાર્ત્તાઓમાં પ્રવર્ત્તતું નથી.

वार्त्ताः संति सहस्रशः प्रतिमतं ज्ञानांशबंधक्रमा
श्चेतस्तासु ततः प्रयाति न तमां लीनं जिनेंद्रागमे ।
नोत्सर्पंति लताः कति प्रतिदिशं पुष्पैः पवित्रा मधौ
ताभ्यो नैति रतिं रसालकलिकारक्तस्तु पुंस्कोकिलः ॥९॥

ભાવાર્થ—પ્રત્યેક મતમાં જ્ઞાનના અંશના બંધના ક્રમવાળી હજારો વાર્ત્તાઓ છે; પણ જિનેંદ્રના આગમમાં લીન થયેલું ચિત્ત તેની અંદર જતું નથી. વસંતઋતુમાં પુષ્પોથી પવિત્ર એવી કેટલીએક લતાઓ પ્રત્યેક દિશામાં પ્રસરે છે, પણ આમ્રકલિની અંદર રક્ત થયેલો પ્રૌઢ કોકિલ તે લતાઓમાં પ્રીતિ કરતો નથી. ૯

વિશેષાર્થ—ષટ્ દર્શનોમાં જ્ઞાનના અંશના ક્રમવાળી હજારો વાર્ત્તાઓ છે; પણ જિનેંદ્રના આગમમાં લીન થયેલું ચિત્ત તે વાર્ત્તાઓ તરફ જતું નથી. કારણ કે, તે દર્શનોમાં પૂર્ણ જ્ઞાન નથી, પણ જ્ઞાનના અંશ છે; તેથી પૂર્ણ જ્ઞાનવાળા જિનમતમાં રમેલું ચિત્ત તે વાર્ત્તાઓમાં કેમ લીન થાય? તે વાત દૃષ્ટાંતથી સિદ્ધ કરેછે. વસંતઋતુમાં પુષ્પોથી સુશોભિત એવી હજારો લતાઓ દરેક દિશામાં પ્રસરે છે, પણ આમ્રવૃક્ષની કલિમાં આસક્ત થયેલા કોકિલ પક્ષીનું ચિત્ત બીજી લતાઓમાં કેમ લીન થાય? અર્થાત્ ન થાય. ૯

બીજા મતોમાં સંદેહનો શંકુ છે, અને જૈન મતમાં તે નથી.

શબ્દો વા મતિરર્થ એવ વસુ વા જાતિઃ ક્રિયા વા ગુણઃ
શબ્દાર્થઃ કિમિતિ સ્થિતિઃ પ્રતિમતં સંદેહશંકુર્યથા ।
જૈનેંદ્રે તુ મતે ન સા પ્રતિપદં જાત્યંતરાર્થે સ્થિતિઃ
સામાન્યં ચ વિશેષમેવચ યથા તાત્પર્યમન્વિચ્છતિ ॥૧૦॥

ભાવાર્થ—બીજા દરેક મતમાં શબ્દ, બુદ્ધિ, અર્થ, વસુ-વસ્તુ, જાતિ, ક્રિયા, ગુણ અને શબ્દાર્થના સંદેહ રૂપ બીકો રહેલો છે, અને જૈન મતમાં તો પ્રત્યેક પદે તે જાતિના અંતરના અર્થની સ્થિતિ નથી, તેમ સામાન્ય કે વિશેષ નથી; તેથી તે મત તાત્પર્યમાંજ વિરામ પામેછે. ૧૦

વિશેષાર્થ—બીજાં દર્શનોમાં શબ્દાદિકના સંદેહ હોયછે, એટલે આ શબ્દ છે, કે બુદ્ધિ છે? અથવા આ અર્થ છે, વસ્તુ છે, કે જાતિ છે? તેમ આ ક્રિયા છે, ગુણ છે, કે શબ્દાર્થ છે? ઇત્યાદિ સંદેહ રૂપી બીલો તેમાં રહેલ છે. અને જૈન મતમાં તે નથી. તેમાં દરેક પદે જાત્યંતર અર્થના સ્થિતિ છે, તેથી સામાન્ય અને વિશેષ પદાર્થના યથાર્થ નિશ્ચયવાળા તાત્પર્યને તે ભજે છે; અર્થાત્ જૈન મતમાં સામાન્ય તથા વિશેષ પદાર્થનો યથાર્થ નિશ્ચય છે, તેથી જિનમતમાં સંદેહ રૂપ બીલો નથી. ૧૦

તે સ્યાદ્વાદ શૈલી રૂપ મુદ્રાની અમે સ્તુતિ કરીએ છીએ.

यत्रानर्पितमादधाति गुणतां मुख्यं तु मस्त्वर्पितं
तात्पर्यानवलंबने न तु नवेद् बोधः स्फुटं लौकिकः ।
संपूर्णं त्ववभासते कृतधियां कृत्स्नाभिवक्षाक्रमात्
तां लोकोत्तरभंगपद्धतीपदं स्याद्वादमुद्रां स्तुमः ॥ ११ ॥

ભાવાર્થ—જેમાં અર્પણ નહીં કરેલી વસ્તુ ગુણપણાને ધારણ કરે છે, અને અર્પણ કરેલ વસ્તુ મુખ્યતાને ધારણ કરે છે. જેમાં તાત્પર્યનું અવલંબન કર્યા શિવાય લૌકિક બોધ સ્ફુટ રીતે થતો નથી, અને જેમાં કૃતાર્થ બુદ્ધિવાળા પુરૂષોની કહેવાની ઇચ્છાના સમગ્ર ક્રમથી સંપૂર્ણ વસ્તુ જણાય છે, એવી લોકોત્તર રચનાની પદ્ધતીના સ્થાન રૂપ સ્યાદ્વાદ મુદ્રાને અમે સ્તવીએ છીએ. ૧૧

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી સ્યાદ્વાદ સિદ્ધાંતની પ્રશંસા કરે છે. સ્યાદ્વાદ રૂપ જૈન મુદ્રાની અમે સ્તુતિ કરીએ

છીએ. જેની અંદર વસ્તુને અર્પણ કરી ન હોય, છતાં પણ તે વસ્તુ ગુણતાને પ્રાપ્ત કરે છે; અને વસ્તુને અર્પણ કરતાં છતાં પણ તે મુખ્ય ભાવને પામે છે. અને જેના તાત્પર્ય વાળા અર્થનું અવલંબન કર્યા સિવાય, લૌકિક બોધ પ્રગટ પણે થતો નથી, એટલે તાત્પર્યનું અવલંબન કરે તોજ લૌકિક બોધ સ્ફુટ થાય છે. અને જેમાં નિપુણ બુદ્ધિવાળા પુરૂષો સર્વ કહેવાની ઇચ્છા ધરાવતા હોય તો, તેમને સંપૂર્ણ બોધનો પ્રકાશ થાય છે, વળી તે સ્યાદ્વાદ મુદ્રા લોકોત્તર એવી રચનાની પદ્ધતિના સ્થાન રૂપ છે, એટલે તેની અંદર વિવિધ પ્રકારના ભાંગાઓની લોકોતર રચના રહેલી છે. ૧૧

તે જૈનાગમને પ્રાપ્ત કરવાથી કોઇ જાતનો વ્યાક્ષેપ રહેતો નથી.

आत्मीयानुभवाश्रयार्थविषयोऽप्युच्चैर्यदीयक्रमो
म्लेच्छानामिवसंस्कृतं तनुधियामाश्चर्य मोहावहः ।
व्युत्पत्ति प्रतिपत्ति हेतुवितत स्याद्वाद वाग् गुंफितं ।
तं जैनागम माकलय्य न वयं व्याक्षेपजाजः क्वचित् ॥१२॥

ભાવાર્થ—જેનો આત્માના અનુભવને આશ્રીને રહેલા અર્થનો ક્રમ મ્લેચ્છોને, સંસ્કૃતની જેમ અલ્પ બુદ્ધિવાળાઓને ઉંચે પ્રકારે આશ્ચર્ય તથા મોહને આપનારો છે, અને જે વ્યુત્પત્તિ ને પ્રતિપાદન કરનારા હેતુઓથી વિસ્તારવાળા સ્યાદ્વાદની વાણીથી ગુંથેલો છે, એ વાતે જૈન આગમને પ્રાપ્ત કરી, અમે ક્યારે પણ વ્યાક્ષેપને પામતા નથી. ૧૨

વિશેષાર્થ—જૈન આગમ કે જેનો ક્રમ આત્માના અનુભવને આશ્રીને રહેલા અર્થવાળો છે, એટલે જેની અંદર અધ્યાત્મનો વિષય ઊચ્ચ પ્રકારનો છે, જે વિષય, મ્લેચ્છોને જેમ સંસ્કૃત વિદ્યા આશ્ચર્ય તથા મોહ આપે છે, તેમ અલ્પ બુદ્ધિવાળાને આશ્ચર્ય અને મોહ આપનારો છે. અને જે સ્યાદ્વાદની વાણીથી ગુંથેલો છે, કે જે સ્યાદ્વાદની વાણી વ્યુત્પત્તિનું પ્રતિપાદન કરનારા હેતુઓથી વિસ્તાર વાળી છે, તેવા જૈનાગમને પ્રાપ્ત કરી, અમારા ચિત્તમાં કોઈ જાતનો વ્યાક્ષેપ રહેતો નથી. ૧૨

વળી જૈનેશ્વરનું શાસન કેવું છે ?

मूलं सर्ववचोगतस्य विदितं जैनेश्वरं शासनं ।
तस्मादेव समुत्थितै र्नयमतै स्तस्यैव यत्खंडनम् ।
एतत्किंचन कौशलं कलिमलच्छन्नात्मनः स्वाश्रितां ॥
शाखां छेत्तुमिवोद्यतस्य कटुकोदर्काय तर्कार्थिनः ॥१३॥

ભાવાર્થ—જૈન શાસન સર્વ વચનનું મૂળ છે. તેમાંથી ઉત્પન્ન થયેલા નય મતવડે તેનું જે ખંડન કરવામાં આવે છે, તે કલિકાળના મળથી છવાએલા આત્માવાળા તર્કી પુરૂષની તેમાં શી કુશળતા છે ? તે તો પોતાને આશ્રય આપનારી શાખાને છેદવા તૈયાર થયેલા પુરૂષની જેમ કટુ પરિણામને માટે થાય છે. ૧૩

વિશેષાર્થ—શ્રી જૈનશાસન સર્વવચનનું મૂળ છે, એટલે સર્વ વાણીના વિષયનું મૂળ છે, તેમાંથી બધા નય–મતો ઉત્પન્ન

થયેલા છે. તે વડે જે તેનું ખંડન કરવા પ્રવર્ત્તે છે, તે કલિકાળના મળથી છવાએલા કુતર્કી છે. તેઓની તેમાં કાંઇ પણ કુશળતા નથી, તે તો પોતાને આશ્રય આપનારી શાખાને છેદવાને તૈયાર થયેલા પુરૂષની જેમ કટુ ફળને માટે થાય છે, એટલે તે ખંડન કરનારાઓને કટુફળ ભોગવવું પડે છે. ૧૩

સર્વ નયવાળા જૈન આગમમાં પ્રીતિ પામેલા પુરૂષને બીજા આગમમાં પ્રીતિ થતા નથી.

त्यक्त्वोन्मादं विजज्य वादरचना माकर्ण्य कर्णामृतं
सिद्धांतार्थ रहस्यवित् क्व लभतामन्यत्र शास्त्रे रतिम् ।
यस्यां सर्वनया वसंति न पुनर्व्यस्तेषु तेष्वेव या
माला्यां मणयो लुठंति न पुनर्व्यस्तेषु तेष्वेवसा ॥ १४ ॥

ભાવાર્થ—ઉન્માદને છોડી, વાદરચનાનો ત્યાગ કરી, અને કર્ણામૃતને શ્રવણ કરી, સિદ્ધાંતના અર્થનું રહસ્ય જાણનારો પુરૂષ બીજાં શાસ્ત્રમાં ક્યાં પ્રીતિ મેળવે ? જે જૈનવાણીને વિષે સર્વનયો વસે છે, તેઓ જુદા જુદા છતાં પણ, માળામાં જેમ મણિઓ રહે છે, તેમ તેની અંદર રહે છે. ૧૪

વિશેષાર્થ—ઉન્માદને છોડી, વાદરચનાનો ત્યાગ કરી, અને કર્ણામૃતનું શ્રવણ કરી, જૈન સિદ્ધાંતના અર્થના રહસ્યને જાણનારો પુરૂષ પછી કોઇ પણ શાસ્ત્ર ઉપર પ્રીતિ ધરાવતો નથી. કારણકે, જૈન સિદ્ધાંતની વાણીમાં માળામાં જેમ મણિઓ રહે તેમ સાત નયો રહે છે. અને જો તે મણિઓ છુટા પડેછે, તો પછી માળા કહેવાતી નથી; તેમ જુદા જુદા છુટા નયમાં જૈનવાણી કહેવાતી નથી. ૧૪

ગ્રંથકાર પોતાનું નામ દર્શાવી આ અધિકારનો ઉપસંહાર કરેછે.

अन्योन्य प्रतिपक्षभावविततान् स्वस्वार्थसत्यान्नया
नापेक्षा विषयग्रहै र्विजनजते माध्यस्थ्यमास्थाययः ।
स्याद्वादे सुपथे निवेश्य हरते तेषां तु दिग्मूढतां
कुंदेंदुप्रतिमं यशोविजयिनस्तस्यैव संवर्द्धते ॥ १५ ॥

ભાવાર્થ—જે પુરૂષ મધ્યસ્થભાવને ગ્રહણ કરી પરસ્પર વૈર ભાવથી અસત્ય એવા પોત પોતાના મતના અર્થમાં સત્ય એવા નયોને અપેક્ષા વિષયનુ ગ્રહણ કરી વિભક્ત કરેછે, અને તેમને સ્યાદ્વાદના સન્માર્ગમાં સ્થાપી તેમની દિગ્મૂઢતાને હરેછે, તેવા વિજયી પુરૂષનું યશ ડોલરનું પુષ્પ અને ચંદ્રના જેવું વધેછે. ૧૫

વિશેષાર્થ—જે પુરૂષ મધ્યસ્થ ભાવને ગ્રહણ કરી, પરસ્પર વૈર ભાવથી અસત્ય એવા અને પોત પોતાના અર્થથી સત્ય એવા સર્વ નયોને અપેક્ષા વિષયના ગ્રહણથી, એટલે જ્યાં જેની અપેક્ષા હોય, ત્યાં ગ્રહણ કરીને તેને વિભક્ત કરેછે, અને તેમને પછી સ્યાદ્વાદના સન્માર્ગમાં પ્રવેશ કરાવી, તેમની દિગ્મૂઢતાને હરેછે, તેવા પુરૂષનું યશ, ડોલરના પુષ્પ અને ચંદ્રના જેવું વધે છે. ગ્રંથકારે 'यशोविजयिनः' એ પદ મુકી પોતાનું 'यशोविजय' એ નામ દર્શાવી આપ્યું છે. ૧૫

इति जैनमतस्तुत्यधिकारः

અધિકાર ૨૦ મો.

अनुभवाधिकारः

અનુભવનું રહસ્ય કયારે અને કોને પ્રગટ થાયછે?

शास्त्रोपदर्शित दशा गलिता सद्ग्रह कषाय कलुषाणाम् ।
प्रियमनुभवैकवेद्यं रहस्यमाविर्जवति किमपि ॥ १ ॥

ભાવાર્થ—શાસ્ત્રે બતાવેલી દશાથી જેમના કદાગ્રહ તથાકષાયની મલિનતા દૂર થઇ છે, એવા પુરૂષોને અનુભવથીજ જાણવા યોગ્ય એવું કાંઇ પણ પ્રિય રહસ્ય પ્રગટ થાયછે. ૧

વિશેષાર્થ—શાસ્ત્રે દર્શાવેલી દિશાથી એટલે શાસ્ત્રે ઉપદેશ કરેલા માર્ગથી જેમનો કદાગ્રહ તથા કષાયોની મલિનતા ગળી ગઇ છે, એટલે શાસ્ત્રે બતાવેલા માર્ગે ચાલવાથી કદાગ્રહ અને કષાયથી દૂર રહેલા પુરૂષોને અનુભવથી જાણી શકાય તેવું પ્રિય રહસ્ય પ્રગટ થાયછે; એટલે તેમને અનુભવ જ્ઞાન ઉત્પન્ન થાયછે. ૧

મનનો સ્વભાવ કેવો છે ?

प्रथमाभ्यासविलासा दालिर्भृंगीव यत्क्षणाद्वीनम् ।
चंचलतरुणीविभ्रमसमं सुतरत्नमनः कुरुते ॥ २ ॥

ભાવાર્થ—પ્રથમના અભ્યાસના વિલાસથી ભમરીની જેમ રહસ્યમાં લીન થયેલા મનને ચંચળ સ્ત્રીના વિલાસની જેમ તત્કાળ ચપળ કરે છે. ૨

વિશેષાર્થ—મનુષ્ય પ્રથમના અભ્યાસના વિલાસને યોગે પ્રથમ અનુભવના રહસ્યમાં લીન થયેલા મનને પુનઃ ચંચળ કરે છે. તે વાત દ્રષ્ટાંતથી સિદ્ધ કરે છે. જેમ ચંચળ સ્ત્રી પોતાના વિલાસને યોગે કાંઇક સુખમાં લીન થાય છે, પછી તે સ્ત્રી પાછી જેવીને તેવી ચંચળ રહે છે. તેમ ભમરી ક્રીડાને ચટકો ભરાવે છે, તેના ધ્યાને કરી તલ્લીન થઈ જાય છે, અને પછી જ્યારે ભમરી પોતાના ચટકાનો ઉદ્યોગ છોડી દેછે, ત્યારે તે સર્વ ભુલી જઇ પોતાનો મૂળ સ્વભાવ ધારણ કરે છે; તેવી રીતે અનુભવના રહસ્યને વિષે પણ જાણી લેવું. ૨

મનના પાંચ પ્રકાર.

सुविदितयोगैरिष्टं क्षिप्तं मूढं तथैव विक्षिप्तम् ।
एकाग्रं च निरुद्धं चेतः पंचप्रकारामति ॥ ३ ॥

ભાવાર્થ—ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂદ્ધ એમ પાંચ પ્રકારે યોગવેત્તાઓએ મનને કહેલું છે ૩

વિશેષાર્થ—યોગને જાણનારા પુરૂષો ક્ષિપ્ત. મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂદ્ધ એમ પાંચ પ્રકારનું મન કહે છે. ૩

ક્ષિપ્ત મનનું સ્વરૂપ.

विषयेषु कल्पितेषु च पुरः स्थितेषु च निवेशितं रजसा ।
सुखदुःख युग्बहिर्मुख मायातं क्षिप्तमिह चित्तम् ॥ ४ ॥

ભાવાર્થ—પોતાની સન્મુખ રહેલા અને કલ્પેલા વિષયોમાં રજોગુણે સ્થાપેલું અને સુખ તથા દુઃખ સાથે યુકત થઇ બહિર્મુખ થયેલું ચિત્ત **ક્ષિપ્ત** કહેવાય છે. ૪

વિશેષાર્થ—પોતાની આગળ રહેલા અને કલ્પેલા વિષયોમાં રજોગુણ સ્થાપેલું, એટલે રજોગુણને લઈ કલ્પેલા વિષયોની અંદર પેઠેલું મન પછી સુખ દુઃખ સાથે જોડાઈ બહિર્મુખ થાય છે, તેવું મન **ક્ષિપ્ત** કહેવાય છે. ૪

વિક્ષિપ્ત મનનું સ્વરૂપ.

ક્રોધાદિભિર્નિયમિતવિરુદ્ધ કૃત્યેષુ યત્તમોનુદ્રાગ ।
કૃત્યાકૃત્યવિભાગાસંગતમેતન્મનો મૂઢમ્ ॥ ૫ ॥

ભાવાર્થ—તમોગુણે ક્રોધ વગેરેથી નિયમિત એવા વિરૂદ્ધ કાર્યોમાં સત્વર સ્થાપેલું, અને કાર્યાકાર્યના વિભાગ સાથે નહીં મળેલું મન **મૂઢ** કહેવાય છે. ૫

વિશેષાર્થ—તમોગુણે ક્રોધ વગેરેથી નિયમિત એવા વિરૂદ્ધ કાર્યોમાં મનની સ્થાપના કરે, એટલે મનને તમોગુણ વિરૂદ્ધ કાર્યોમાં પ્રેરે, તેથી મન કાર્યાકાર્યનો વિભાગ જાણવામાં અશકત બની જાય છે, તેવું મન **મૂઢ** કહેવાય છે, ૫

વિક્ષિપ્ત ચિત્તનું સ્વરૂપ.

સત્વોદ્રેકાપરિહૃતદુઃખનિદાનેષુ સુખનિદાનેષુ
શ્રદ્ધાદિષુપ્રવૃત્તં તદેવ ચિત્તં તુ વિક્ષિપ્તમ્ ॥ ૬ ॥

ભાવાર્થ—સત્વ-ધૈર્યના વધારાથી દુઃખ તથા સુખના મૂળ કારણ રૂપ એવા શબ્દાદિકમાં પ્રવર્તેલું મન વિક્ષિપ્ત કહેવાય છે. ૬

વિશેષાર્થ—જ્યારે સત્વ—ધૈર્યનો વધારો થાય છે, ત્યારે મન સુખ દુઃખના કારણ રૂપ એવા શબ્દાદિક વિષયોમાં પ્રવર્તે છે, તેવા મનને વિક્ષિપ્ત કહે છે. એટલે સત્વ વધી જવાથી જે મન શબ્દાદિ વિષયોમાં પ્રવર્તે તે વિક્ષિપ્ત મન કહેવાય છે. ૬

એકાગ્ર મનનું સ્વરૂપ.

અદ્વેષાદિગુણવતાં નિત્યં ખેદાદિષટ્કપરિહારાત્ ।
સદૃશપ્રત્યયસંગતમેકાગ્રં ચિત્તમામ્નાતમ્ ॥ ૭ ॥

ભાવાર્થ—અદ્વેષ વગેરે ગુણવાળા પુરૂષોને નિત્ય ખેદ વગેરે છ દોષનો પરિહાર થવાથી સરખા—યોગ્ય કાર્યોમાં મળેલું મન એકાગ્ર કહેવાય છે. ૭

વિશેષાર્થ—જે પુરૂષોમાં અદ્વેષ વગેરે ગુણો હોયછે, તેવા પુરૂષોને ખેદ વગેરે છ દોષો રહેતા નથી. પછી તેમનું મન યોગ્ય એવાં કાર્યો કરવામાં પ્રવર્તે છે. તે પ્રવર્તેલું મન એકાગ્ર કહેવાય છે. ૭

નિરૂદ્ધ ચિત્તનું સ્વરૂપ.

ઉપરતવિકલ્પ વૃત્તિક મવગ્રહાદિ ક્રમચ્યુતં શુદ્ધમ્ ।
આત્મારામમુનીનાં ભવતિ નિરુદ્ધં સદા ચેતઃ ॥ ૮ ॥

ભાવાર્થ—જેની સંકલ્પ વિકલ્પની વૃત્તિ ઉપરામ પામી છે, અને જે અવગ્રહ વગેરેના ક્રમથી રહિત થયેલું છે, એવું ચિત્ત **નિરૂદ્ધ** કહેવાય છે. તેવું ચિત્ત આત્મારામ મુનિઓને હોયછે. ૮

વિશેષાર્થ—જ્યારે ચિત્તમાંથી સંકલ્પ-વિકલ્પની વૃત્તિ ઉપરામ પામી જાય, એટલે ચિત્તમાં સંકલ્પ-વિકલ્પો ઉઠે નહીં, અને અવગ્રહ વગેરેનો ક્રમ ચિત્તમાંથી દૂર થઈ જાય, એવા ચિત્તને **નિરૂદ્ધ** કહેછે. તેવું ચિત્ત જે આત્મારામ મુનિઓ હોય, તેમને હોયછે; બીજાઓને હોતું નથી. ૮

ચિત્તની ત્રણ દશાઓ થાયછે.

न समाधावुपयोगं तिस्रश्चेतो दशा इह व्रजंते ।
सत्वोत्कर्षात् स्थैर्या च्चुने समाधिसुखातिशयात् ॥ ए ॥

ભાવાર્થ—ચિત્તની બે દશા સત્વના ઉત્કર્ષથી અને સ્થૈર્ય ગુણથી બે દશા થાયછે, અને એક દશા સમાધિ સુખના અતિશયથી થાયછે. એ ત્રણે દશાઓ સમાધિમાં ઉપયોગને પામતી નથી. ૯

વિશેષાર્થ—જ્યારે ચિત્તમાં સત્વનો ઉત્કર્ષ થાય અથવા સ્થૈર્ય ગુણ વધી જાય, ત્યારે ચિત્તની તે બે દશા થાય છે, અને સમાધિના અતિશયથી ત્રીજી દશા થાય છે. તે ત્રણ દશાઓ સમાધિની અંદર ઉપયોગમાં આવતી નથી. ૯

કેવા મનમાં યોગનો આરંભ થાય છે, અને કેવા મનમાં વ્યુત્થાન દશા થાય છે ?

योगारंभस्तु भवेद्विक्षिप्ते मनसि जातसानंदे ।
क्षिप्ते मूढे वास्मिन् व्युत्थानं भवति नियमेन ॥ १० ॥

ભાવાર્થ—જેને આનંદ ઉત્પન્ન થયો છે, એવા વિક્ષિપ્ત મનમાં યોગનો આરંભ થઇ શકે છે, અને ક્ષિપ્ત અથવા મૂઢ મનમાં ચિત્તની નિયમવડે વ્યુત્થાન દશા થાય છે. ૧૦

વિશેષાર્થ—જ્યારે ચિત્તમાં આનંદ ઉત્પન્ન થાય છે, તે ચિત્ત વિક્ષિપ્ત કહેવાય છે. તેના વિક્ષિપ્ત ચિત્તમાં યોગનો આરંભ થઇ શકે છે; એટલે વિક્ષિપ્ત ચિત્ત યોગનો આરંભ કરવાને અધિકારી છે. અને ક્ષિપ્ત તથા મૂઢ મનમાં ચિત્ત વ્યુત્થાન દશાને પામે છે, એટલે ક્ષિપ્ત અથવા મૂઢ મન વ્યુત્થાન દશાનું અધિકારી છે. ૧૦

ચપળ મન અભ્યાસથી સારૂં ક્યારે બને છે?

विषयकषायनिवृत्तं योगेषु च संचरिष्णु विविधेषु ।
गृहखेलद्बालोपममपि चलमिष्टं मनोऽभ्यासे ॥ ११ ॥

ભાવાર્થ—વિષય કષાયથી નિવૃત્ત થયેલું અને વિવિધ યોગમાં સંચાર કરતું મન, ઘરમાં ખેલતા બાળકના જેવું ચપળ હોય તો પણ અભ્યાસને વિષે ઇષ્ટ છે–સારૂં છે. ૧૧

વિશેષાર્થ—મન જ્યારે વિષય કષાયથી નિવૃત્ત થયેલું હોય છે, અને વિવિધ પ્રકારના યોગમાં સંચાર કરતું હોય છે, તે મન ઘરમાં ખેલતા બાળકના જેવું ચપળ હોય, તો પણ અભ્યાસથી સારૂં બને છે, એટલે મનને જો અભ્યાસમાં જોડ્યું હોય તો, તે બાળકના જેવું ચપળ હોય, તો પણ તે સ્થિર થઇ શકે છે. પરંતુ એ વિષય કષાયથી રહિત હોવું જોઇએ. ૧૧

અભ્યાસ દશામાં ચિત્ત નિર્દોષ હોય છે.

वचनानुष्ठानगतं यातायातं च सातिचार मपि ।
चेतोऽभ्यासदशायां गजांकुशन्यायतोऽदुष्टम् ॥ १२ ॥

ભાવાર્થ—વચનના અનુષ્ઠાનમાં રહેલું, જતું આવતું અને અતિચાર સહિત એવું, પણ ચિત્ત અભ્યાસ દશામાં હસ્તી અંકુશના ન્યાયથી અદુષ્ટ છે. ૧૨

વિશેષાર્થ—જે ચિત્ત વચનના અનુષ્ઠાનમાં રહેતું હોય, અને જ્યાં ત્યાં જતું આવતું હોય, તેવું ચિત્ત જેમ હાથી અંકુશથી વશ થાય છે, તેમ અભ્યાસ દશામાં નિર્દોષ થઇ વશ થાય છે. ૧૨

ચિત્તનો ગ્રાહ શી રીતે કરવો ?

ज्ञानविचाराभिमुखं यथा यथा भवति किमपि सानंदम् ।
अर्थैः प्रलोभ्य बाह्यैरनुगृह्णीयात्तथा चेतः ॥ १३ ॥

ભાવાર્થ—જ્ઞાનના વિચારની સન્મુખ થયેલું ચિત્ત જેમ જેમ આનંદવાળું થાય છે, તેમ તેમ બાહેરના અર્થોથી તે ચિત્તને લોભાવીને તેનો અનુગ્રહ-ગ્રાહ કરવો. ૧૩

વિશેષાર્થ—જ્યારે ચિત્ત જ્ઞાનના વિચારની સન્મુખ થાય છે, ત્યારે તે આનંદવાળું થાય છે, તે આનંદવાળું ચિત્ત થાય ત્યારે, તેને બાહેરના પદાર્થોથી લોભાવવું, અને પછી તેને ગ્રહણ કરી લેવું-વશ કરી લેવું. ૧૩

તે ચિત્તનું આલંબન શું કહેવાય છે ?

अभिरूपजिनप्रतिमां विशिष्टपदवाक्यवर्ण रचनांच ।
पुरुषविशेषादिकमप्यत एवालंबनं ब्रुवते ॥ १४ ॥

ભાવાર્થ—એથીજ અભિરૂપ એવી જીનની પ્રતિમા, વિશિષ્ટ પદવાળા વાકય તથા વર્ણની રચના, અને પુરૂષ વિશેષ વગેરે તેનું આલંબન કહે છે. ૧૪

વિશેષાર્થ—એ ધ્યાન કરવામાં ચિત્તને ત્રણ આલંબન કહેલાં છે. પ્રથમ સુંદર જિન પ્રતિમા, બીજું વિશિષ્ટ પદવાળાં વાકય અને વર્ણની રચના, અને ત્રીજું કોઈ બહુશ્રુત-ગીતાર્થ મુનિ-એ ત્રણ તેનાં આલંબન કહેલ છે. ૧૪

યોગીએ મનને શુભ આલંબનવાળું કરવું.

आलंबनैः प्रशस्तैः प्रायोज्ञानः प्रशस्त एव यतः ।
इति सालंबनयोगी मनः शुभालंबनं दध्यात् ॥ १५ ॥

ભાવાર્થ—પ્રાયે કરીને શ્રેષ્ટ એવા આલંબનોથી શ્રેષ્ટ ભાવજ થાય છે. એથી આલંબન સહિત એવા યોગીએ મનને શુભ-આલંબનવાળું કરવું. ૧૫

વિશેષાર્થ—ધ્યાન કરવામાં જો શ્રેષ્ટ આલંબન હોય તો, પ્રાયે કરીને શ્રેષ્ટ ભાવજ ઉત્પન્ન થાય છે. સાલંબન યોગવાળા પુરૂષે મનને શુભ આલંબનમાં જોડવું. ૧૫

કેવા અનુભવથી યોગી સદા નિરાલંબ થાય છે?

सालंबनं क्षणमपि क्षणमपि कुर्यान्मनो निरालंबम् ।
इत्यनुभव परिपाका दाकालं स्यान्निरालंबः ॥ १६ ॥

ભાવાર્થ—ક્ષણવાર આલંબનવાળું અને ક્ષણવાર નિરાલંબન મન કરવું. એવા અનુભવના પરિપાકથી યોગી સદાકાળ નિરાલંબ થાય છે. ૧૬

વિશેષાર્થ—યોગીએ જો સદા કાળ નિરાલંબ થવું હોય તો, તેણે પોતાના મનને ક્ષણવાર સાલંબન અને ક્ષણવાર નિરાલંબન કરવું જોઇએ. ૧૬

ચિત્ત શાંત કયારે થાય છે?

आलंब्यैक पदार्थं यदा न किंचिद्वि चिंतये दन्यत् ।
अनुपनतेंधन वन्हिवदुपशांतं स्यात्तदा चेतः ॥ १७ ॥

ભાવાર્થ—એક પદાર્થનું આલંબન કરી, જ્યારે બીજું કાંઇપણ ચિંતવે નહી, ત્યારે ઇંધણા વગરના અગ્નિની જેમ ચિત્ત શાંત થાય છે. ૧૭

વિશેષાર્થ—ધ્યાનમાં એક પદાર્થનું આલંબન કરી, પછી બીજું કાંઇપણ ચિંતવવું નહીં, ત્યારે ઇંધણા વગરના અગ્નિની જેમ ચિત્ત શાંત થઇ જાય છે, ૧૭

પછી શાંત મનવાળા પુરૂષોને સાક્ષાત્ અનુભવ થાય છે.

શોકમદ મદન મત્સર કલંહ કદાગ્રહ વિષાદ વૈરાણિ ।
ક્ષીયંતે શાંત હૃદામનુજ્ઞવ એવાત્ર સાક્ષાત્તઃ ॥ ૧૮ ॥

ભાવાર્થ—શાંત હૃદયવાળા પુરૂષોને પછી શોક, મદ, કામ, મત્સર, કલંહ, કદાગ્રહ, ખેદ અને વૈર ક્ષય પામી જાય છે, અને સાક્ષાત્ અનુભવજ થાય છે. ૧૮

મન શાંત થવાથી જ્યોતિ પ્રકાશે છે, અને મોહાંધકાર લય પામે છે.

શાંતે મનસિ જ્યોતિઃ પ્રકાશતે શાંત માત્મનઃ સહજં ।
ભસ્મીભવત્યવિદ્યા મોહધ્વાંતં વિલયમેતિ ॥ ૧૯ ॥

ભાવાર્થ—મન શાંત થવાથી આત્માનું સહજ એવું શાંત જ્યોતિ પ્રકાશે છે, અવિદ્યા ભસ્મ થાય છે, અને મોહાંધકાર લય પામે છે. ૧૯

વિશેષાર્થ—જ્યારે મન શાંત થાય છે, ત્યારે આત્માનું જે સહજ–સ્વાભાવિક જ્યોતિ છે તે પ્રકાશે છે. અવિદ્યા–અજ્ઞાન ભસ્મ થઈ જાય છે, અને મોહરૂપી અંધકાર લય પામી જાય છે. ૧૯

ધ્યાનથી પરમાત્મા સાનિધ્યમાં આવે છે.

બાહ્યાત્મનોઽધિકારઃ શાંતહૃદામંતરાત્મનાં ન સ્યાત્ ।
પરમાત્માનુધ્યેયઃ સંનિહિતો ધ્યાનતો ભવતિ ॥ ૨૦ ॥

ભાવાર્થ—શાંત હૃદયવાળા અંતરાત્માઓને બાહ્ય આત્માનો અધિકાર હોતો નથી. તેમને તો ધ્યાનથીજ પરમાત્મા ધ્યેય રૂપ થઇ સંનિધિમાં આવે છે. ૨૦

વિશેષાર્થ—જેમનું હૃદય શાંત હોય છે, તેવા અંતરાત્માઓને પછી બાહ્ય આત્માનો અધિકાર હોતો નથી; એટલે તેઓ બાહ્ય વસ્તુઓથી ભિન્ન રહે છે. ધ્યાન કરવાથી ધ્યેય રૂપે થયેલ પરમાત્મા ધ્યાતાની નજીક આવે છે. ૨૦

બહિરાત્મા અને પરમાત્મા કોને કહેવાય ?

कायादिर्बहिरात्मा तदधिष्ठानांतरात्मनामेति ।
गत निःशेषोपाधिः परमात्मा कीर्त्तितस्तद्ज्ञैः ॥ २१ ॥

ભાવાર્થ—કાયાદિ એ બહિરાત્મા કહેવાય છે. તે તેના અધિષ્ઠાન રૂપ એવા અંતરાત્માપણાને પામે છે, અને જેની સર્વ ઉપાધિ ગયેલ છે એવો પરમાત્મા કહેવાય છે, એમ આત્મવેત્તાઓ કહે છે. ૨૧

વિશેષાર્થ—આ શરીર વગેરે તે બહિરાત્મા કહેવાય છે. તે તેના અધિષ્ઠાન રૂપ એવા અંતરાત્મપણાને પામે છે, એટલે બહિરાત્મા અંતરાત્મા થઇ શકે છે. અને જ્યારે તે સર્વ ઉપાધિઓથી મુક્ત થાય છે, ત્યારે તે **પરમાત્મા** કહેવાય છે. આત્મવેત્તાઓએ આ વાત શાસ્ત્રમાં દર્શાવેલ છે. ૨૧

બહિરાત્મા કયારે સ્પષ્ટ થાય છે ?

विषयकषायावेशः तत्त्वाश्रद्धागुणेषु च द्वेषः ।
आत्माज्ञानं च यदा बाह्यात्मा स्यात्तदा व्यक्तः ॥ ૨૨ ॥

ભાવાર્થ—જ્યારે વિષય કષાયમાં આવેશ થાય, તત્વ ઉપર શ્રદ્ધા ન રહે, ગુણ ઊપર દ્વષ થાય, અને આત્માનું જ્ઞાન ન થાય ત્યારે બહિરાત્મા સ્પષ્ટ થાય છે. ૨૨

વિશેષાર્થ—બહિરાત્મા કયારે સ્પષ્ટ થાય છે ? તેને માટે ગ્રંથકાર લક્ષણો બતાવે છે. બહિરાત્માની અંદર વિષય કષાયનો આવેશ થાય છે. તત્વ ઉપર શ્રદ્ધા આવતી નથી, ગુણ ઉપર દ્વેષ થાય છે, અને આત્માનું જ્ઞાન હોતું નથી. એ લક્ષણો ઊપરથી બહિરાત્માની સ્પષ્ટતા જાણી લેવી. ૨૨

અંતરાત્મા કયારે સ્પષ્ટ થાય છે ?

तत्त्वश्रद्धाज्ञानं महाव्रतान्यप्रमादपरता च ।
मोहजयश्च यदा स्यात् तदांतरात्मा ज्ञवेद् व्यक्तः ॥ ૨૩ ॥

ભાવાર્થ—જ્યારે તત્વ ઉપર શ્રદ્ધા, જ્ઞાન, મહાવ્રતો, પ્રમાદ ઉપર તત્પરતા નહીં, અને મોહનો જય થાય છે, ત્યારે અંતરાત્મા સ્પષ્ટ થાય છે. ૨૩

વિશેષાર્થ—અંતરાત્મા સ્પષ્ટ થવાનાં લક્ષણો કહે છે. જયારે અંતરાત્મા સ્પષ્ટ થાય છે, ત્યારે તત્વ ઊપર શ્રદ્ધા આવે છે.

જ્ઞાન પ્રાપ્ત થાય છે, મહાવ્રતો લેવાની ઇચ્છા થાય છે, પ્રમાદનો ત્યાગ થાય છે, અને મોહનો જય થાય છે. ૨૩

પરમાત્મા ક્યારે સ્પષ્ટ થાય છે?

ज्ञानं केवलसंज्ञं योगनिरोधः समग्रकर्म्महतिः ।
सिद्धि निवासश्च यदा परमात्मा स्यात्तदा व्यक्तः ॥ २४ ॥

ભાવાર્થ—જ્યારે કેવળજ્ઞાન, યોગનો નિરોધ, સર્વ કર્મનો નાશ, અને સિદ્ધિમાં વાસ પ્રાપ્ત થાય છે, ત્યારે પરમાત્મા સ્પષ્ટ થાય છે. ૨૪

વિશેષાર્થ—પરમાત્મા સ્પષ્ટ થવાનાં લક્ષણો આ પ્રમાણે છે. જેનામાં પરમાત્મા સ્પષ્ટ થાય છે, તેને કેવળજ્ઞાન હોય છે, તે મન વચન અને કાયાના યોગનો નિરોધ કરે છે. તેનાં સર્વ કર્મનો નાશ થાય છે, અને તેનો સિદ્ધિના સ્થાનમાં વાસ થાય છે. ૨૪

બ્રહ્મભાવને કોણ પામે છે?

आत्मानंतो गुणवृत्ति विंविच्य यः प्रतिपदं विजानाति ।
कुशलानुबंधयुक्तः प्राप्नोति ब्राह्मभूयमसौ ॥ २५ ॥

ભાવાર્થ—જે પુરૂષ અનંત અને ગુણ વૃત્તિવાળા આત્માને પ્રત્યેક પદે જાણેછે, તે કુશલાનુબંધી પુણ્યથી યુક્ત થઇ બ્રહ્મ-ભાવને પામેછે. ૨૫

વિશેષાર્થ—આત્મા અનંત છે, અને ગુણ વૃત્તિ-ગુણ રૂપ છે, એમ જે પ્રત્યેક પદે જાણેછે, તે પુરૂષ કુશલાનુબંધી પુણ્યવાળો

થાયછે; એટલે પુણ્યાનુબંધી પુણ્ય બાંધેછે, અને બ્રહ્મ ભાવને–પરબ્રહ્મને પામેછે, અર્થાત્ મોક્ષ પામેછે. ૨૫

બ્રહ્મવેત્તાઓનાં વચનથી અમે બ્રહ્મના વિલાસોને અનુભવીએ છીએ.

બ્રહ્મસ્થો બ્રહ્મજ્ઞો બ્રહ્મ પ્રાપ્નોતિ તત્ર કિં ચિત્રમ્ ।
બ્રહ્મવિદાં વચસાપિ બ્રહ્મવિલાસાનનુભવામઃ ॥ ૨૬ ॥

ભાવાર્થ—બ્રહ્મ-ચર્યમાં રહેલ અને બ્રહ્મને જાણનાર બ્રહ્મને પ્રાપ્ત કરે, તેમાં શું આશ્ચર્ય છે? પરંતુ અમે તો બ્રહ્મવેત્તાઓનાં વચનથી બ્રહ્મના વિલાસોને અનુભવીએ છીએ. ૨૬

વિશેષાર્થ—જે પુરૂષ બ્રહ્મચર્યમાં રહેલ છે, અને બ્રહ્મને જાણેછે, તે પુરૂષ બ્રહ્મને પ્રાપ્ત કરે, તેમાં શું આશ્ચર્ય? પરંતુ એ બ્રહ્મવેત્તાઓનાં વચનથી બ્રહ્મના વિલાસોને અનુભવીએ છીએ. જ્યારે માત્ર બ્રહ્મવેત્તાનાં વચનથી બ્રહ્મનો આનંદ લેવાય છે, તો પછી બ્રહ્મ પ્રાપ્ત કરવાથી તેનો આનંદ મેળવાય તેમાં શું આશ્ચર્ય? ૨૬

પરમ બ્રાહ્મણ અને પૂર્ણ યોગી કોણ કહેવાય છે?

બ્રહ્માધ્યયનેષુ મતં બ્રહ્માષ્ટા દશ સહસ્રપદ ન્યાવઃ ।
યેનાપ્તં તત્પૂર્ણં યોગી સ બ્રાહ્મણઃ પરમઃ ॥ ૨૭ ॥

ભાવાર્થ—અધ્યયનોને વિષે બ્રહ્મ સંમત છે, અને બ્રહ્મ-બ્રહ્મચર્યના અઢાર હજાર પદના ભાવ છે. જેણે એ બ્રહ્મ પ્રાપ્ત કરેલું છે, તે પરમ બ્રાહ્મણ અને યોગી કહેવાય છે. ૨૭

વિશેષાર્થ—અધ્યયનોને વિષે બ્રહ્મ સંમત છે, એટલે સર્વ અધ્યયનોમાં બ્રહ્મને માનેલું છે, અને બ્રહ્મનાં અઢાર હજાર અંગ છે. એવા બ્રહ્મને જેણે પ્રાપ્ત કરેલું છે, તે પરમ બ્રાહ્મણ અને પરમ યોગી કહેવાય છે. ૨૭

એજ બ્રહ્મ રૂપ આત્મા ધ્યેય, સેવ્ય અને ભજનીય છે.

ધ્યેયોઽયં સેવ્યોઽયં કાર્યા ભક્તિઃ સુકૃતધિયા સૈવ ।
અસ્મિન્ ગુરુત્વબુદ્ધ્યા સુતરઃ સંસાર સિંધુરપિ ॥ ૨૮ ॥

ભાવાર્થ—એ બ્રહ્મ–આત્મા ધ્યાન કરવા યોગ્ય, અને સેવવા યોગ્ય છે, અને તેનીજ ભક્તિ કરવાની છે. એને વિષે ગુરૂપણાની બુદ્ધિ રાખવાથી આ સંસાર સાગર તરવો સુગમ છે. ૨૮

વિશેષાર્થ—એ બ્રહ્મ રૂપ આત્મા ધ્યાન કરવા યોગ્ય, સેવા કરવા યોગ્ય, અને ભક્તિ કરવા યોગ્ય છે. તે આત્માને વિષે ગુરૂપણાની બુદ્ધિ રાખવાથી આ સંસાર રૂપ સમુદ્ર તરવો સુગમ થઇ પડે છે. ૨૮

અમે તો ભક્તિથી પરમ મુનિઓની પદવીને અનુસરીએ છીએ.

અવલંબેચ્છાયોગં પૂર્ણાચારા સહિષ્ણવશ્ચ વયમ્ ।
ભક્ત્યા પરમમુનીનાં તદીયપદવીમનુસરામઃ ॥ ૨૯ ॥

ભાવાર્થ—અવલંબનની ઇચ્છાના યોગને અને પૂર્ણ આચારને નહીં સહન કરનારા અમે ભક્તિથી પરમ મુનિઓની પદવીને અનુસરીએ છીએ. ૨૯

વિશેષાર્થ—અવલંબનની ઇચ્છાના યોગને, અને પૂર્ણ આચારને નહીં સહન કરનારા, એટલે અવલંબન તથા પૂર્ણ આચારને અમે સહન કરી શકતા નથી; તેથી અમે તે પરમ મુનિઓની ભક્તિ કરી, તેમની પદવીને અનુસરીએ છીએ. ૨૯

આત્મભાવનું વિવેચન અજ્ઞાન વિષયવાળું છે.

अल्पापि यत्र यतना निर्दम्भा सा शुभानुबंधकरी ।
अज्ञान विषयं यत्तद्विवेचनं चात्मभावानाम् ॥ ३० ॥

ભાવાર્થ—જેમાં અલ્પ પણ યતના દંભ વગરની હોય, તે પુણ્યાનુબંધ કરનારી થાય છે; અને તે આત્મભાવનું વિવેચન છે, તે અજ્ઞાન ભરેલું છે. ૩૦

વિશેષાર્થ—જેમાં અલ્પ પણ યતના દંભ વગરની—કપટ વગરની હોય, તે પુણ્યાનુબંધ કરનારી થાય છે; એટલે દંભ વગરની યતના કરવાથી પુણ્ય બંધાય છે. અને તે શિવાય આત્મભાવનું જે વિવેચન છે, તે અજ્ઞાનથી ભરપૂર છે, એમ સમજવું. ૩૦

અમારા દર્શનનો પક્ષ આ પ્રમાણે છે.

सिद्धांत तदंगानां शास्त्राणां यः सुपरिचयः शक्त्या ।
परमालंबन भूतो दर्शनपक्षोऽयमस्माकम् ॥ ३१ ॥

ભાવાર્થ—સિદ્ધાંત અને તેનાં અંગભૂત એવાં શાસ્ત્રોનો જે શક્તિ પ્રમાણે પરિચય છે, તે પરમ આલંબન રૂપ અમારો દર્શન પક્ષ છે. ૩૧

વિશેષાર્થ—સિદ્ધાંતનાં અંગભૂત શાસ્ત્રોનો પરિચય રાખવો, એ પરમ આલંબનરૂપ થાય છે, ગ્રંથકાર કહેછે કે, અમારા દર્શનનો પણ એજ પક્ષ છે—અમે શાસ્ત્રના આધાર ઉપર વર્ત્તવા ઇચ્છીએ છીએ. ૩૧

ઉત્કૃષ્ટ સિદ્ધાંત શું છે ?

विधि कथनं विधिरागो विधिमार्ग स्थापनं विधेरिच्छा ।
अविधि निषेधश्चेति प्रवचनभक्तिः प्रसिद्धांतः ॥ ३२ ॥

ભાવાર્થ—વિધિનું કથન, વિધિ ઉપર રાગ, વિધિમાર્ગનું સ્થાપન, વિધિની ઇચ્છા, અને અવિધિનો નિષેધ-એ પ્રવચન-શાસ્ત્રની ભક્તિ અને ઉત્કૃષ્ટ સિદ્ધાંત છે. ૩૨

વિશેષાર્થ—વિધિનું કથન એટલે કોઇને વિધિ બતાવવી. વિધિ ઉપર પ્રીતિ રાખવી, વિધિ માર્ગનું સ્થાપન, એટલે વિધિ-માર્ગનું પ્રતિપાદન કરવું. વિધિની ઇચ્છા એટલે વિધિ આચરવાને માટે ઇચ્છા રાખવી, અને અવિધિનો નિષેધ કરવો, એટલે જે શાસ્ત્ર વિહિત વિધિ ન હોય, તેનો ત્યાગ કરવો. એ પ્રવચન-આગમની ભક્તિ છે, અને એજ ઉત્કૃષ્ટ સિદ્ધાંત છે. ૩૨

આત્માની શુદ્ધિ કરવાના બે ઉપાય છે.

अध्यात्म भावनोज्वल चेतो वृत्योचितं हितं कृत्यम् ।
पूर्णक्रियाभिलाष श्चेति द्वयमात्म शुद्धिकरः ॥ ३३ ॥

ભાવાર્થ—અધ્યાત્મ ભાવના વડે ઉજ્વળ એવી મનોવૃત્તિને યોગ્ય એવું હિતકારી કાર્ય કરવું, અને ક્રિયા ઉપર પૂર્ણ અભિલાષ રાખવો. એ બે આત્માને શુદ્ધિ કરનારા ઉપાય છે. ૩૩

વિશેષાર્થ—કાર્ય એવું કરવું કે, જેમાં અધ્યાત્મની ભાવના રહેલી હોય; જે પોતાની મનોવૃત્તિને યોગ્ય હોય, તે છતાં પરિણામ હિતકારી હોય અને ધર્મની ક્રિયા ઉપર પરિપૂર્ણ ઇચ્છા રાખવી. એ બંને આત્માની શુદ્ધિ કરનારા ઉપાયો છે. એટલે એ પ્રમાણે વર્ત્તવાથી આત્મા શુદ્ધ થાય છે. ૩૩

અનુભવનો માર્ગ.

द्वयमिह शुभानुबंधः शक्यारंभश्च शुद्धपक्षश्च ।
अहितो विपर्ययः पुनरित्यनुभवसंगतः पंथाः ॥ ३४ ॥

ભાવાર્થ—એક શક્ય કાર્યનો આરંભ, અને બીજો શુદ્ધ પક્ષ એ બંને શુભાનુબંધી છે; અને તેથી વિપર્યય-ઉલટો, તે અહિતકારી છે, એ અનુભવનો માર્ગ છે. ૩૪

વિશેષાર્થ—જે બની શકે તેવા કાર્યનો આરંભ કરવો. અને જે શુદ્ધ પક્ષ હોય, તેનો સ્વીકાર કરવો એ શુભાનુબંધી છે; અને તેથી ઉલટો એટલે અશક્ય કાર્યનો આરંભ, અને અશુદ્ધ પક્ષનો સ્વીકાર એ અહિતકારી છે; એ અનુભવનો ખરો માર્ગ છે. ૩૪

કેવા પુરૂષો જ્ઞાની કહેવાતા નથી ?

ये त्वनुभवाविनिश्चितमार्गाश्चारित्रपरिणतिभ्रष्टाः ।
बाह्यक्रियया चरणाञ्जिमानिनो ज्ञानिनोऽपि न ते ॥३५॥

ભાવાર્થ—જેઓને અનુભવના માર્ગનો નિશ્ચય નથી, જેઓ ચારિત્રની પરિણતિથી ભ્રષ્ટ થયેલા છે, અને જેઓ બાહેરની ક્રિયા વડે ચરણ—ચારિત્રના અભિમાની છે,તેઓ જ્ઞાની કહેવાતા નથી. ૩૫

વિશેષાર્થ—જેઓને અનુભવના માર્ગનો નિશ્ચય નથી. એટલે જેઓને નિશ્ચય પૂર્વક અનુભવ થયો નથી; જેઓ ચારિત્રની પરિણતિથી ભ્રષ્ટ થયેલા છે, એટલે જેમનામાં ચારિત્રનાં પરિણામ નથી, અને જેઓ બાહેરની ક્રિયા વડે ચરણ—ચારિત્રના અભિમાની છે, એટલે જેઓ માત્ર બાહેરની ક્રિયા કરી, ચારિત્રનું અભિમાન રાખે છે, તેવા પુરૂષો **જ્ઞાની** કહેવાતા નથી. ૩૫

શ્રદ્ધા વિના કાંઇ પ્રમાણ નથી.

लोकेषु बहिर्बुच्छिषु विपणिकानां बहिः क्रियासु रतिः ।
श्रद्धां विना न चैताः सतां प्रमाणं यतोऽत्रिहितम् ॥३६॥

ભાવાર્થ—બહિર્બુદ્ધિવાળા લોકોને વિષે વેપારીના જેવી બાહેરની ક્રિયા દેખી તેમાં પ્રીતિ થાય છે; પણ શ્રદ્ધા વિના એ બાહેરની ક્રિયા સત્પુરૂષોને પ્રમાણભૂત થતી નથી, એમ કહેલું છે. ૩૬

વિશેષાર્થ—જેઓ બાહ્ય દૃષ્ટિવાળા છે, તેઓને વેપારીની જેમ બાહેરની ક્રિયાઓમાં પ્રીતિ થાય છે; એટલે મૂર્ખ લોકો બાહેરની ક્રિયા દેખી, તેમાં રાગ ધરે છે, પણ એવી ક્રિયાઓ શ્રદ્ધા વિના સત્પુરૂષોને પ્રમાણભૂત હોતી નથી, એમ શાસ્ત્રમાં કહેલું છે. ૩૬

બાળ, મધ્યમ અને પંડિતની પરીક્ષા કરવી.

बालः पश्यति लिंगं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥ ३७ ॥

ભાવાર્થ—બાળ જીવ લિંગને જુએ છે, મધ્યમ બુદ્ધિવાળો જીવ આચરણનો વિચાર કરે છે, અને પંડિત સર્વ યત્નવડે શાસ્ત્રના તત્ત્વની પરીક્ષા કરે છે. ૩૭

વિશેષાર્થ—જે બાળજીવ હોય છે, તે માત્ર વેષને જુએ છે, સારો વેષનો આડંબર હોય તો તેને માન આપે છે. મધ્યમ બુદ્ધિવાળો જીવ આચરણનો વિચાર કરે છે, એટલે આચાર કેવો છે? તેનો વિચાર કરે છે, અને પંડિત પુરૂષ સર્વ યત્નથી આગમતત્ત્વની પરીક્ષા કરે છે; એટલે શાસ્ત્રના તત્ત્વનું જ્ઞાન કેવું છે, તેની તપાસ કરે છે. ૩૭

ત્યારે શું કરવું જોઇએ?

निंद्यो न कोपि लोके पापिष्ठेष्वपि भवस्थितिश्चित्या ।
पूजा गुणगरिमाढया धार्यो रागो गुणल्लवेऽपि ॥ ३८ ॥

ભાવાર્થ—લોકમાં કોઇની નિંદા કરવી નહીં, પાપી પુરૂષોમાં પણ સંસારની સ્થિતિનો વિચાર કરવો, ગુણના ગૈરવની પૂજા કરવી, અને ગુણનો માત્ર લવ હોય, તે ઉપર પણ રાગ ધારણ કરવો. ૩૮

વિશેષાર્થ—લોકમાં કોઈની નિંદા કરવી નહીં, કદિ પાપી પુરૂષો હોય, તોપણ તેમને વિષે દ્વેષ ધરવો નહીં; પણ તેમને માટે સંસારની સ્થિતિનો વિચાર કરવો, એટલે આ સંસાર એવો છે કે, જેમાં બીચારા જીવ કર્મને વશ થઇ પાપ કરે છે, એવું ચિંતવન કરવું. જ્યાં ગુણોનું ગૈારવ હોય, ત્યાં પૂજા બુદ્ધિ ધારણ કરવી, એટલે ગુણી પુરૂષોની પુજા કે બહુમાન કરવું, અને એક અંશ માત્ર ગુણ હોય ત્યાં રાગ ધારણ કરવો. આ પ્રમાણે ઉત્તમ વર્ત્તન રાખવું જોઇએ. ૩૮

યોગીએ શો પ્રયત્ન કરવો જોઇએ ?

निश्चित्यागमतत्वं तस्मादुत्सृज्य लोकसंज्ञां च।
श्रद्धाविवेकसारं यतितव्यं योगिना नित्यम् ॥ ३९ ॥

ભાવાર્થ—આગમ તત્વનો નિશ્ચય કરી, તે નિશ્ચયથી લોક સંજ્ઞાને છોડી, શ્રદ્ધા અને વિવેક પુર્વક યોગીએ નિત્યે યત્ન કરવો જોઇએ. ૩૯

વિશેષાર્થ—યોગીએ પ્રથમ આગમ તત્વનો નિશ્ચય કરવો. તે નિશ્ચય કર્યા પછી લોક સંજ્ઞાને છોડી દેવી. એટલે લોક વ્યવહારનો ત્યાગ કરવો. તે પછી શ્રદ્ધા અને વિવેક પૂર્વક નિત્યે યત્ન કરવો. ૩૯

ઉપદેશ વચનો.

ગ્રાહ્યં હિતમપિ બાલાદાલાપૈર્દુર્જનસ્ય ન દ્વેષ્યમ્ ।
સત્યા વાચઃ પરાશા પાશા ઇવ સંગમા જ્ઞેયાઃ ॥ ૪૦ ॥

ભાવાર્થ—બાળક પાસેથી પણ હિતનું ગ્રહણ કરવું, દુર્જનનાં વચનોથી દ્વેષ ન રાખવો, સત્ય વાણી બોલવી, અને પારકી આશા તથા સંગમ, પાશના જેવાં જાણવાં. ૪૦

વિશેષાર્થ—બાળક પાસેથી પણ હિતનું ગ્રહણ કરવું. એટલે બાળક જો હિતવચન કહેતું હોય, તો તે માનવું. દુર્જનોના બોલવા ઉપરથી તેમની ઉપર દ્વેષ રાખવો નહીં. સત્ય વાણી બોલવી, અને પારકી આશા તથા સંગમને પાશાની જેમ બંધનરૂપ સમજવાં. ૪૦

સ્તુત્યા સ્મયો ન કાર્યઃ કોપોઽપિ ચ નિંદયા જનૈઃ કૃતયા ।
સેવ્યા ધર્માચાર્યાસ્તત્ત્વં જિજ્ઞાસનીયં ચ ॥ ૪૧ ॥

ભાવાર્થ—સ્તુતિ કરવાથી ગર્વ કરવો નહીં. લોકોએ કરેલ નિંદાથી કોપ કરવો નહીં, ધર્માચાર્યોની સેવા કરવી, અને તત્ત્વની જીજ્ઞાસા રાખવી. ૪૧

વિશેષાર્થ—કોઇ સ્તુતિ કરે તેથી ગર્વ કરવો નહીં; અને લોકો નિંદા કરે, તેથી કોપ કરવો નહીં. ધર્માચાર્યોની સેવા કરવી, અને તત્ત્વ જાણવાની ઇચ્છા રાખવી. ૪૧

શૌચં સ્થૈર્યમદંભો વૈરાગ્યં ચાત્મનિગ્રહઃ કાર્યઃ ।
દૃશ્યા ન્વગતદોષાશ્ચિંત્યં દેહાદિવૈરૂપ્યમ્ ॥ ૪૨ ॥

ભાવાર્થ—શૌચ રાખવું, સ્થિરતા કરવી, દંભ ન રાખવો, વૈરાગ્ય કરવો, આત્મનિગ્રહ કરવો, સંસારના દોષ જોવા અને દેહાદિકની વિરૂપતા ચિંતવવી. ૪૨

વિશેષાર્થ—શૌચ-મન અને શરીરની પવિત્રતા રાખવી, દંભ ન કરવો; સાંસારિક પદાર્થો ઉપર વૈરાગ્ય રાખવો, આત્મા-મનનો નિગ્રહ કરવો, આ સંસારની અંદર રહેલા દોષો જોવા,અને આ દેહ વગેરે વિરૂપ છે, એમ ચિંતવવું. ૪૨

ભક્તિર્ભગવતિ ધાર્યા સેવ્યો દેશઃ સદા વિવિક્તશ્ચ ।
સ્થાતવ્યં સમ્યત્વે વિશ્વાસ્યો ન પ્રમાદરિપુઃ ॥ ૪૩ ॥

ભાવાર્થ—ભગવાન્ ઉપર ભક્તિ કરવી, એકાંત દેશ-સ્થાન સેવવું, સમ્યક્ત્વની અંદર રહેવું, અને પ્રમાદરૂપી શત્રુનો વિશ્વાસ કરવો નહીં. ૪૩

વિશેષાર્થ—શ્રી જિન ભગવાન્‌ની ભક્તિ કરવી, સદા એકાંત સ્થાન સેવવું, સમ્યક્ત્વ ઉપર રહેવું, એટલે સમકિત રાખી વર્ત્તવું, અને પ્રમાદરૂપી શત્રુનો વિશ્વાસ ન કરવો, અર્થાત્ પ્રમાદ સેવવો નહીં. ૪૩

ધ્યેયાત્મબોધનિષ્ઠા સર્વત્રૈવાગમઃ પુરસ્કાર્યઃ ।
ત્યક્તવ્યાઃ કુવિકલ્પાઃ સ્થેયં વૃદ્ધાનુવૃત્ત્યા ચ ॥ ૪૪ ॥

ભાવાર્થ—આત્મબોધની નિષ્ઠા ચિંતવવી, આગમને સર્વ સ્થળે આગળ કરવો, નઠારા વિકલ્પો છોડી દેવા, અને વૃદ્ધોને અનુસરીને રહેવું. ૪૪

વિશેષાર્થ—આત્મબોધની નિષ્ઠા ચિંતવવી, એટલે આત્મબોધનો વિચાર કરવો. સર્વ પ્રસંગે શાસ્ત્રને આગળ કરવું, એટલે શાસ્ત્ર પ્રમાણે સર્વરીતે વર્ત્તવું, હૃદયમાં નઠારા સંકલ્પ-વિકલ્પો કરવા નહીં, અને વૃદ્ધ પુરૂષોને અનુસરીને રહેવું. ૪૪

साक्षात्कार्यं तत्त्वं चिद्रूपानंदमेदुरैर्ज्ञाप्यम् ।
हितकारी ज्ञानवतामनुभववेद्यः प्रकारोऽयम् ॥ ૪૫ ॥

ભાવાર્થ—તત્ત્વનો સાક્ષાત્કાર કરવો, અને ચિદ્રૂપ-ચૈતન્ય રૂપ આનંદથી પ્રફુલ્લિત રહેવું. જ્ઞાની પુરૂષોને અનુભવગમ્ય એવો આ હિતકારી પ્રકાર છે. ૪૫

વિશેષાર્થ—તત્ત્વનો સાક્ષાત્કાર કરવો, એટલે તત્ત્વને યથાર્થ જાણવું. ચિદ્રૂપ આનંદથી પ્રફુલ્લિત રહેવું, એટલે ચિદાનંદમાં મગ્ન રહેવું, ઉપર પ્રમાણે જે ઉપદેશનો પ્રકાર દર્શાવ્યો છે, તે જ્ઞાની પુરૂષોને અનુભવગમ્ય છે, એટલે જ્ઞાનીઓના અનુભવમાં આવી શકે તેવો છે, તેમજ સર્વને હિતકારી છે. ૪૫

इति अनुभवाधिकारः



અધિકાર ૨૧ મો.

सज्जनस्तुत्यधिकारः

સત્પુરૂષો પ્રસન્ન મનવાળા થાએ.

येषां कैरवकुंदवृंदशशभृत्कर्पूरशुभ्रा गुणा
माल्लिन्यं व्यपनीय चेतसि नृणां वैशद्यमातन्वते ।
संतः संतु मयि प्रसन्नमनसस्ते केऽपि गौणीकृत
स्वार्था मुख्यपरोपकारविधयोऽत्युच्छृंखलैः किं खलैः ॥१॥

ભાવાર્થ—પોયણું, કોલરનાં પુષ્પોનો સમૂહ, ચંદ્ર અને કર્પૂરના જેવા જેમના ઉજ્વળ ગુણો, મનુષ્યોના ચિત્તની અંદર મલિનતાને દૂર કરી ઉજ્વળપણાને વિસ્તારે છે, એવા તે કોઇ સત્પુરૂષો મારી ઉપર પ્રસન્ન થાએ, જે સત્પુરૂષો સ્વાર્થને ગૌણ કરનારા અને પરોપકારની વિધિને મુખ્ય કરના છે, તો પછી ઉચ્છૃંખલ એવા ખળ પુરૂષોની શી જરૂર છે ? ૧

સજ્જનોની મહત્તા કેવી છે ?

ग्रंथार्थान् प्रगुणीकरोति सुकविर्यत्नेन तेषां प्रथा
मातन्वंति कृपाकटाक्षलहरी लावण्यतः सज्जनाः ।

माकंद द्रुममंजरीं वितनुते चित्रां मधुश्रीस्ततः
सौभाग्यं प्रथयंति पंचमचमत्कारेण पुंस्कोकिलाः ॥ २ ॥

ભાવાર્થ—સારો કવિ યત્નવડે ગ્રંથના અર્થોને તૈયાર કરેછે, અને સજ્જનો કૃપા કટાક્ષની લહરીના લાવણ્યથી તે ગ્રંથના અર્થોને ફેલાવે છે. જેમ વસંતની લક્ષ્મી આમ્ર વૃક્ષની વિચિત્ર મંજરીને પ્રગટ કરે છે, પણ તેનું સૌભાગ્ય કોકિલ પક્ષીઓ પંચમ સ્વરના ચમત્કારથી વિસ્તારે છે. ૨

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી સજ્જનોની પ્રશંસા કરે છે. ઉત્તમ કવિ યત્ન કરી નવો ગ્રંથ રચે છે, પણ તેના ખુબીભરેલા અર્થને સજ્જનો ફેલાવે છે, તે વાત દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે. વસંતઋતુ આંબાની વિચિત્ર મંજરીને પ્રગટ કરે છે, પણ તેના સૌભાગ્યને કોકિલાઓ પોતાના પંચમ સ્વરના ચમત્કારથી વિસ્તારેછે. ૨

સજ્જનોની કરૂણારૂપ દિવ્ય ઔષધીની આગળ દુર્જનોનો જિવ્હારૂપ સર્પ કાંઇ કરી શકતો નથી.

दोषोल्लेखविषः खलाननबिलादुत्थाय कोपाज्ज्वलन्
जिह्वाहिर्ननु किं गुणान्न गुणिनां वा स क्षयं नापयेत् ।
तस्माच्चे त्प्रबलप्रभावजनवं दिव्यौषधीसंनिधौ
शास्त्रार्थप्रतिपद्विदां शुभहृदां कारुण्यपुण्यप्रथा ॥ ३ ॥

ભાવાર્થ—દોષનો ઉલ્લેખ કરવારૂપ વિષ વાળો જિવ્હારૂપી સર્પ દુર્જન પુરૂષના મુખરૂપી રાફડામાંથી બાહેર નીકળી કોપથી

પ્રજ્વલિત થતો, ગુણી જનોના ગુણોને શું ક્ષય ન પમાડે? અર્થાત્ અવશ્ય પમાડે. તેથી પ્રબળ એવા પ્રભાવના સ્થાનરૂપ એવી શાસ્ત્રાર્થના પ્રતિપાદનને જાણનારા સજ્જનોની કરૂણાના પુણ્યને પ્રસિદ્ધ કરનારી દિવ્ય ઔષધી જો પાસે હોય તો, એ સર્વ ઠાંઇ કરી શકશે નહીં. ૩

વિશેષાર્થ—ગ્રંથકાર દુર્જનોની જિવ્હાને સર્પનું રૂપક આપે છે, અને સજ્જનોની કરૂણાને દિવ્ય ઔષધીનું રૂપક આપે છે. જેમ સર્પ ઝેરવાળો હોય છે, અને જ્યારે ગુસ્સે થાય, ત્યારે રાફડામાંથી બાહેર નીકળે છે, તેવી રીતેદુર્જનોની જીવ્હા એક સર્પરૂપ છે,તેનામાં દોષ બતાવવારૂપ ઝેર રહેલુંછે અને તે ક્રોધથી દુર્જનના મુખરૂપી રાફડામાંથી બાહેર નીકળી ગુણીજનોના ગુણોનો ક્ષય કરે છે. સર્પના વિષને ઊતારવા માટે જેમ દિવ્ય ઔષધી જોઇએ,તેમ દુર્જનોના જિહ્વારૂપી સર્પના દોષને પ્રગટ કરવા રૂપ ઝેરને ઊતારવાને માટે સજ્જનોની કરૂણારૂપ દિવ્ય ઔષધી રાખવી જોઇએ. જો એ દિવ્ય ઔષધી પાસે હોય, તો તે વિષ રહી શકતું નથી, અને ગુણીજનોના ગુણનો ક્ષય થતો નથી, એ સજ્જનો શાસ્ત્રાર્થને પ્રતિપાદન કરવાને જાણનારા છે. ૩

સજ્જનોની વ્યવસ્થા કેવી ઊત્તમ છે?

उत्तानार्थगिरां स्वतोऽवगमनान्निःसारतां मेनिरे
गंभीरार्थसमर्थने बत खला: काठिन्यदोषं दधुः ।
तत्को नाम गुणोस्तु कश्च सुकविः किं काव्यमित्यादिकां
स्थित्युच्छेदमतिं हरंति नियतां दृष्टाः व्यवस्थाः सताम् ४॥

ભાવાર્થ—જો ઉંચી જાતના સમજાય તેવા અર્થવાળી વાણીને ગ્રંથમાં ગોઠવીએ, તો પોતાનાથી સમજાય ત્યારે, તેને દુર્જનો

સાર વગરની કહેવી અને ગંભીર અર્થવાળી વાણી ગોઠવીએ તો, દુર્જનો તેમાં કઠિનતાનો દોષ આરોપે છે, પણ સત્પુરૂષોની વ્યવસ્થા એવી છે કે, કાવ્યમાં ગુણ શો છે ? કવિ કોણ છે, અને કાવ્ય શું છે ? ઇત્યાદિ સ્થિતિને ઉચ્છેદ કરનારી તેમની બુદ્ધિને હરે છે. ૪

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી દુર્જનોની ગ્રંથ પરત્વે કેવી બુદ્ધિ છે, તેનું વર્ણન કરે છે. જો ગ્રંથની વાણી સુગમ કરવામાં આવે તો, દુર્જનો તેને સમજી શકે, તેથી તેઓ તેને સાર વગરની કહે છે. અને જો ગંભીર અર્થવાળી વાણી કહેવામાં આવે, તો દુર્જનો તેની ઉપર કઠિનતાનો દોષ આરોપે છે. પણ સજ્જનોની વ્યવસ્થા એવી ઉત્તમ છે કે, કાવ્યમાં ગુણ શો છે? કવિ કોણ છે, અને કાવ્ય શું છે ? ઇત્યાદિ સ્થિતિને ઉચ્છેદન કરનારી દુર્જનોની બુદ્ધિને હરે છે. એટલે કવિના ગુણને જાણનારી સજ્જનોની વ્યવસ્થા ઉત્તમ પ્રકારની છે. ૪

સત્પુરૂષો અધ્યાત્મરૂપ અમૃતને વર્ષાવનારી કથાનું પાન કરી, સુખ મેળવે છે.

अध्यात्मामृतवर्षिणीमपि कथामापीय संतः सुखं
गाहंते विषमुद्गिरंति तु खला वैषम्यमेत त्कुतः ।
नेदं चाद्भुतमिंदुदीधितिपिबाः पीताश्चकोरा भृशं
किं न स्युर्बत चक्रवाकतरुणास्त्वत्यंत खेदातुराः ॥ ५ ॥

ભાવાર્થ—અધ્યાત્મરૂપ અમૃતને વર્ષાવનારી કથાનું પાન કરી સત્પુરૂષો સુખને પામે છે; અને દુર્જન પુરૂષો વિષને બાહેર

કાઢે છે, એ વિષમતા શામાટે છે ? એમાં કાંઇ આશ્ચર્ય નથી. કારણકે, ચંદ્રના કિરણોને પાન કરી, ચકોર પક્ષીઓ અત્યંત તૃપ્ત થાય છે, અને તરૂણ ચક્રવાક પક્ષીઓ શું અતિ ખેદાતુર નથી થતાં ? ૫

વિશેષાર્થ—અધ્યાત્મરૂપ અમૃતને વર્ષાવનારી કથાનું પાન કરી, સત્પુરૂષો સુખ પામે છે, અને દુર્જન પુરૂષો વિષને પ્રગટ કરે છે; એટલે અધ્યાત્મનું શ્રવણ જેવું સત્પુરૂષોને સુખકારી લાગે, તેવું દુર્જનોને લાગતું નથી. તે વાત દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે. ચંદ્રનાં કિરણોનું પાન કરી, ચકોર પક્ષીઓ તૃપ્ત થાય છે, અને તરૂણ ચક્રવાક પક્ષીઓ નાખુશ થાય છે, એ વાત લોક પ્રસિદ્ધ છે. એમાં કાંઇ આશ્ચર્ય નથી. ૫

ઉત્તમ ગ્રંથની વસ્તુને જોઇ સત્પુરૂષોને મહાન્ ઉત્સવ થાય છે.

किंचित्साम्यमवेक्ष्य ये विदधते काचेंऽद्रनीलाश्मनिदां
तेषां न प्रमदावहा तनुधियां गूढा कवीनां कृतिः ।
ये जानंति विशेषमप्यविषमे रेखोपरेखांशतो
वस्तुन्यस्तु सतामितः कृतधियां तेषां महानुत्सवः ॥ ६ ॥

ભાવાર્થ—જેઓ કાચ અને ઇંદ્રનીલ મણિમાં કાંઇક મળતાપણું જોઇ ભેદ કરે છે, તેવા અલ્પ બુદ્ધિવાળા પુરૂષોને કવિઓની ગૂઢ કૃતિ હર્ષદાય થતી નથી. પણ જેઓ અવિષમ વસ્તુને વિષે રેખા તથા ઉપરેખાના અંશથી વિશેષને જાણે છે તે બુદ્ધિમાન્ સત્પુરૂષોને મહાન્ ઉત્સવ થાએ. ૬

વિશેષાર્થ—જે પુરૂષો કાચ અને ઇંદ્રનીલમણીને સરખા ગણે છે, અને તેમનામાં કાંઇ ભેદ જાણતા નથી, તેવા અલ્પબુદ્ધિ વાળા પુરૂષોને કવિઓની ગુપ્ત કૃતિ હર્ષકારક થતી નથી. અને જેઓ અવિષમ–સરખી વસ્તુઓમાં રેખા અને ઉપરેખાના અંશથી વિશેષ જાણે છે, એટલે કાવ્યની વસ્તુને યથાર્થ ઓળખી શકે છે, તેવા સત્પુરૂષોને તો આવા ગ્રંથને જોઈ મહાન્ ઉત્સવ થયા વિના રહેતો નથી.૬

અધ્યાત્મ પદાર્થની ઘટના પંડિતોની જેમ અલ્પ બુદ્ધિવાળાઓને ચમત્કારી લાગતી નથી.

पूर्णाध्यात्मपदार्थसार्थघटना चेतश्चमत्कारिणी
मोहच्छन्नदृशां भवेत्तनुधियां नो पंडितानामिव ।
काकुव्याकुलकामगर्वगहनप्रोद्दामवाक्चातुरी
कामिन्याः प्रसभं प्रमोदयति न ग्राम्यानविदग्धानिव ॥७॥

ભાવાર્થ—પૂર્ણ અધ્યાત્મના પદાર્થના સમૂહની ઘટના પંડિતોને જેમ ચિત્તને ચમત્કાર કરનારી થાય છે તેમ મોહથી આચ્છાદિત દૃષ્ટિવાળા અલ્પમતિ પુરૂષોને થતી નથી. કામિની સ્ત્રી ના કાકુસ્વરથી વ્યાકુળ અને કામદેવને ગહન રીતે જાગ્રત કરનારી વાણીની ચાતુરી ચતુર પુરૂષોને જેવી હર્ષકારક થાય છે તેવી ગામડીયા લોકોને હર્ષકારક થતી નથી. ૭

વિશેષાર્થ—પુર્ણ અધ્યાત્મના પદાર્થની ઘટના જેવી રીતે પંડિત પુરૂષોના હૃદયને ચમત્કાર આપે છે, તેવી રીતે મોહથી

જેમની દ્રષ્ટિ આચ્છાદિત થયેલી છે, એવા અલ્પ બુદ્ધિવાળા પુરૂષોના ચિત્તને ચમત્કાર આપતી નથી; એટલે અધ્યાત્મ શાસ્ત્ર પંડિત પુરૂષોને આનંદ આપનારૂં છે. મૂર્ખ લોકોને આનંદ આપનારૂં નથી, તે ઉપર લૌકિક દૃષ્ટાંત આપે છે. કામદેવને પ્રગટ કરનારી કામિનીની વચન ચાતુરી જેવી રીતે શહેરના ચતુર પુરૂષોને આનંદ આપે, તેવી રીતે ગામડાના પુરૂષોને આનંદ આપતી નથી. ૭

અમે એવા સજ્જનોને નમસ્કાર કરીએ છીએ.

स्नात्वा सिद्धांतकुंडे विधुकरविशदाध्यात्मपानीयपूरै
स्तापंसंसारदुःखं कलिकलुषमलं लोभतृष्णां चहित्वा ।
जाता ये शुद्धरूपाः शमदमशुचिताचंदनालिप्तगात्राः
शीलालंकारसाराः सकलगुणनिधीन्सज्जनांस्तान् नमामः ८

ભાવાર્થ—સિદ્ધાંતરૂપી કુંડમાં ચંદ્રનાં કિરણોના જેવા ઉજ્વળ અધ્યાત્મરૂપ જળના પૂરવડે સ્નાન કરી, તાપ–સંસારનું દુઃખ, કળિકાળના પાપનો મળ, લોભ અને તૃષ્ણાને છોડી, જે લોકો શુધ્ધ રૂપવાળા, શમ, દમ તથા શૌચરૂપ ચંદનવડે ગાત્રને લીંપનારા અને શીલરૂપ અલંકારથી શ્રેષ્ટ થયેલા છે, તે સર્વ ગુણોના નિધિરૂપ સજ્જનોને અમે નમસ્કાર કરીએ છીએ. ૮

વિશેષાર્થ—જે સજ્જન લોકો સિદ્ધાંતરૂપી કુંડમાં ચંદ્રનાં જેવા ઊજ્વળ અધ્યાત્મરૂપી જળવડે સ્નાન કરી, સંસારનાં દુઃખના તાપને, કળિકાળના મળને અને લોભ–તૃષ્ણાને ત્યજે છે, તેવા સ્નાનથી શુદ્ધ થઈ શમ, દમ અને શૌચરૂપ ચંદન શરીરે લગાડે છે, અને શીલરૂપ અલંકારને ધારણ કરે છે, એવા સર્વ ગુણનિધિ સજ્જનોને અમે નમસ્કાર કરીએ છીએ. ૮

ગ્રંથકર્ત્તાના ગ્રંથ ઉપર સજ્જનો કેવો પ્રેમ રાખે છે?

પાથોદઃ પદ્યબંધે વિપુલરસભરં વર્ષતિ ગ્રંથકર્ત્તા
પ્રેમ્ણાં પૂરૈસ્તુ ચેતઃ સર ઇહ સુહૃદાં પ્લાવ્યતે વેગવદ્ભિઃ ।
ત્રુટ્યંતિ સ્વાંતબંધાઃ પુનરસમગુણદ્વેષિણાં દુર્જનાનાં
ચિત્રં ભાવજ્ઞનેત્રાત્ પ્રણયરસવશાન્નિઃસરત્યશ્રુનીરમ્ ॥૯॥

ભાવાર્થ—ગ્રંથકર્ત્તારૂપી મેઘ પદ્યબંધમાં ઘણા રસનો ભાર વર્ષે છે, અને તેથી વેગવાળા પ્રેમના પુરથી સજ્જનોનું ચિત્તરૂપી સરોવર ઊભરાઈ જાય છે, અને તેથી અનુપમ ગુણના દ્વેષી એવા દુર્જનોના હૃદયના બંધ તુટી જાય છે, પણ આશ્ચર્ય છે કે, ગ્રંથના ભાવને જાણનારા પુરૂષના નેત્રથી સ્નેહરસને લઈને અશ્રુજળ નીકળે છે. ૯

વિશેષાર્થ—ગ્રંથકાર આ શ્લોકથી ગ્રંથકર્ત્તાને મેઘનું રૂપક આપી વર્ણવે છે. જેમ મેઘ જળનાં પુરને વર્ષે, અને તેથી સરોવર ઉભરાઈ જાય છે, અને બંધ તુટી જાય છે, તેવી રીતે ગ્રંથકાર રૂપી મેઘ પદ્યબંધમાં ઘણા શૃંગારાદિ રસને વર્ષે છે, અને તેના વેગવાળા પ્રેમના પુરથી સજ્જનોનું ચિત્તરૂપી સરોવર ઉભરાઈ જાય છે. જ્યારે મેઘની વિશેષ વૃષ્ટિ થાય, ત્યારે જેમ કોઇ સરોવરના કે નદીના બંધ તુટી જાય છે, તેમ ગ્રંથકર્ત્તારૂપી મેઘની વૃષ્ટિ થવાથી દુર્જનોના હૃદયના બંધ તુટી જાય છે. કારણકે, તે દુર્જનો અનુપમ ગુણના દ્વેષી હોય છે, પણ અહિં એટલું આશ્ચર્ય છે કે, ગ્રંથના ભાવને જાણનારા પુરૂષનાં નેત્રથી સ્નેહરસને લઈને અશ્રુજળ નીકળે છે, કારણ કે, વૃષ્ટિના સમયમાં અશ્રુજળ નીકળવું ન જોઇએ, તેથી આશ્ચર્ય છે. ૯

કવિઓના ગ્રંથને ક્ષીર સમુદ્રનું રૂપક આપે છે.

उद्दामग्रंथभावप्रथनभवयशः संचयः सत्कवीनां
क्षीराब्धिर्मथ्यते यः सहृदयविबुधैर्मेरुणा वर्णनेन ।
एतद्भिंडीरपिंडीभवति विधुरुचेर्मंडलं विष्वुषस्ता
स्ताराः कैलासशैलादय इह दधते वीचिविक्षोभलीलाम् १०

ભાવાર્થ—સહૃદય વિદ્વાનો વર્ણનરૂપ મેરૂ પર્વતવડે સત્કવિઓના ઊંચા ગ્રંથના ભાવમાંથી ઉત્પન્ન થયેલ યશના સંચયરૂપ ક્ષીરસમુદ્રનું જે મથન કરે છે, તેમાંથી ચંદ્રનુ મંડળ માંખણુના પિંડરૂપ થાય છે; અને તે તે તારાઓ તથા કૈલાશ વગેરે પર્વતો તેના કલ્લોલના ક્ષોભની લીલાને ધારણ કરે છે. ૧૦

વિશેષાર્થ—ગ્રંથકાર ઉત્તમ કવિઓના ઉચ્ચ ગ્રંથના ભાવમાંથી ઉત્પન્ન થયેલા, યશઃપુંજને ક્ષીરસાગરનું રૂપક આપી વર્ણવે છે. જેમ દેવતાઓએ મેરૂપર્વતનો મંથનદંડ કરી, ક્ષીરસાગરનું મથન કર્યું હતું, તેમ સહૃદય વિદ્વાનો સત્ કવિઓના ઉત્તમ ગ્રંથના ભાવના યશના સમૂહરૂપ ક્ષીરસમુદ્રનું વર્ણનરૂપ મેરૂપવતવડે મથન કરી, તેમાંથી ચંદ્ર મંડળરૂપ માંખણને કાઢે છે, અને જે તારાઓ તથા કૈલાશ પર્વત વગેરે પર્વતો છે, તે તેના તરંગો થાય છે. અર્થાત્ વિદ્વાના કવિઓના ગ્રંથના યશને ફેલાવે છે. ૧૦

ઉત્તમ કવિઓનું કાવ્ય જોઇ, સજ્જનને શું થાય છે?

काव्यं दृष्ट्वा कवीनां हृतममृत मिति स्वः सदापान शंकी
खेदं धत्ते तु मूर्ध्नी मृदुतर हृदयः सज्जनो व्याधुतेन ।
ज्ञात्वा सर्वोपभोग्यं प्रसृमरमथ तत्कीर्त्ति पीयूषपुरं
नित्यं रक्षापिधाना नियतमतितरां मोदत च स्मितेन॥११॥

ભાવાર્થ—કવિઓનું કાવ્ય જોઈ 'આ અમૃત હરેલું છે' એથી દેવતાઓ તેનું પાન કરી જશે, એવી શંકા રાખનાર સજ્જન પુરૂષ અત્યંત કોમળ હૃદયને લઈને મસ્તક વડે ખેદ ધારણ કરી, મસ્તક ધુણાવે છે. પછી તે કવિઓની કીર્ત્તિરૂપ અમૃતનું પૂર પ્રસરતું અને સર્વને ઉપભોગ કરવા યોગ્ય છે, એવું જાણી, અત્યંત તેની રક્ષા કરવારૂપ ઢાંકણ દઈ હાસ્ય કરી ખુશી થાય છે. ૧૧

વિશેષાર્થ—કવિઓનું કાવ્ય જોઇ, સજ્જન પુરૂષ મનમાં શંકા કરે છે કે, 'આ અમૃત હરેલું છે, તેથી દેવતાઓ તેનું પાન કરી લેશે;" તેથી મનમાં ખેદ ધારી તે મસ્તક ધુણાવે છે. પછી તે સજ્જન જાણે છે કે, આ તો તે કવિની કિર્ત્તિરૂપ અમૃતનું પ્રસરતું પૂર છે, તે સર્વને ઉપભોગ કરવા યોગ્ય છે; તેથી ઢાંકણું દઈ તેની રક્ષા કરવી જોઇએ. આથી તેઓ હર્ષવડે ખુશી થાય છે. કહેવાનો આશય એવો છે કે, ઉત્તમ કવિની કવિતા જોઇ, સજ્જન ખુશી થઇ, પોતાનું મસ્તક ધુણાવે છે, અને તેની તે કાવ્યની કીર્ત્તિ સાચવવાને માટે આનંદ ધરે છે. ૧૧

કવિઓને કુંભારનું રૂપક આપે છે.

निष्पाद्य श्लोककुंभं निपुणनयमृदा कुंभकाराः कवींद्रा
दार्ढ्यं चारोप्य तस्मिन् न किमपि परिचयाच्छून्यराक्षार्क न्यासम्।
पक्वं कुर्वंति बाढं गुणहरणमिति प्रज्वल द्दोष दृष्टि
र्ध्वाल्लामाल्लाकराढ्ये खलजनवचनज्वालजिव्हे निवेश्य ॥१२॥

ભાવાર્થ—કવિ રૂપી કુંભકારો નિપુણ નયરૂપ મૃત્તિકાવડે શ્લોકરૂપી કુંભને બનાવી, તેને પરિચયથી દૃઢ કરી, અક્ષરપદ વગેરે સુધારવારૂપ સૂર્યને તડકે મુકી, પછી ગુણનું હરણ થવારૂપ

પ્રજ્વલિત એવી દોષ દૃષ્ટિવાળા દુર્જનનાં વચન રૂપ જ્વાળાથી પ્રજ્વલિત એવા તેની જિવ્હારૂપ જ્વાળાવાળા અગ્નિમાં પકવે છે.૧૨

વિશેષાર્થ—જેમ કુંભકાર પ્રથમ ઘડાને મૃત્તિકાથી બનાવી તેને ટીપી, તડકામાં સુકવી, અગ્નિમાં નાંખી પકવે છે, તેમ કવિરૂપી કુંભાર નિપુણનયરૂપ મૃત્તિકાવડે શ્લોકરૂપી ઘડાને બનાવી, પછી પરિચયથી અક્ષરપદ વગેરે ટપણાથી ટીપી, અને તડકામાં રાખી, દુર્જનની જિવ્હારૂપી અગ્નિમાં પકવે છે. ૧૨

કવિતારૂપી દ્રાક્ષાસવનું મદ્ય બનાવી, સત્પુરૂષો તેનું પાન કરે છે.

ઇક્ષુદ્રાક્ષારસૌઘઃ કવિજનવચનં દુર્જનસ્યાગ્નિયંત્રા
ન્નાનાદ્રવ્ય પ્રયોગાત્સમુપચિત ગુણો મદ્યતાં યાતિ સદ્યઃ।
સંતઃ પીત્વા યદુચ્ચૈર્દધતિ હૃદિ મુદં ઘૂર્ણયં ત્યક્ષિયુગ્મં
સ્વૈરં હર્ષ પ્રકર્ષા દપિ ચ વિદધતે નૃત્યગાન પ્રબંધમ્ ॥ ૧૩ ॥

ભાવાર્થ—કવિજનનાં વચન રૂપ શેલડી તથા દ્રાક્ષારસનો સમૂહ દુર્જનના મુખ રૂપ અગ્નિના યંત્રમાંથી વિવિધ દ્રવ્યના પ્રયોગ વડે ગુણ પ્રાપ્ત કરી તત્કાળ મદ્યપણાને પામે છે. સત્પુરૂષો તેનું પાન કરી, હૃદયમાં ઊંચે પ્રકારે હર્ષ ધારણ કરે છે. બે નેત્રોને ઘુમાવે છે, અને હર્ષના ઉત્કર્ષથી સ્વેચ્છાએ નૃત્યગાન કરે છે. ૧૩

વિશેષાર્થ—જેમ શેલડી અને દ્રાક્ષારસને અગ્નિના યંત્રમાંથી કાઢી, તેમાં વિવિધ જાતનાં દ્રવ્યો નાંખી તની મદિરા બનાવવામાં આવે છે, અને પછી તનું પાન કરી, પુરૂષો હૃદયમાં ખુશાલી પ્રાપ્ત

કરી, નેત્રોમાં ઘેન મેળવી, હર્ષથી નાચે છે, તેમ કવિજનનાં વચનરૂપ શેલડી તથા દ્રાક્ષારસનો સમૂહ દુર્જનના મુખ રૂપ અગ્નિયંત્રમાંથી વિવિધ કાવ્ય વસ્તુના પ્રયોગ વડે મદ્ય રૂપ થાય છે. સત્પુરૂષો તેનું પાન કરી, હૃદયમાં હર્ષ પામે છે, અને તેથી તેમના બે નેત્રો ઘેનમાં ઘુમે છે, અને પછી તેઓ હર્ષના ઉત્કર્ષથી નૃત્યગાન કરે છે. ૧૩

ગ્રંથકાર પોતાની આ કૃતિને માટે કહે છે.

नव्योऽस्माकं प्रबंधोप्यनणुगुणभृतां सज्जनानां प्रभावा
द्विख्यातः स्यादिति सुहित करण विधौ प्रार्थनीया न किंनः।
निष्णाता श्च स्वतस्ते रविरुचय इवां भोरुहाणां गुणाना
मुल्लासे पेक्षणीया न खलु पररुचा क्वापि तेषां स्वभावः॥ १४॥

ભાવાર્થ—અમારો આ નવીન પ્રબંધ પણ મોટા ગુણવાળા સજ્જનોના પ્રભાવથી વિખ્યાત થાય, એમ હિત કરવાની વિધિમાં અમે શું પ્રાર્થના કરવા યોગ્ય નથી? તેઓ કમળોને ઉલ્લાસ કરવાને સૂર્યની કાંતિઓની જેમ ગુણોનો ઉલ્લાસ કરવામાં પોતે પારંગત થયેલા છે, તે બીજાઓની કાંતિની કયાંઇ અપેક્ષા રાખતા નથી; પરંતુ તેઓનો તે સ્વભાવ છે. ૧૪

વિશેષાર્થ—ગ્રંથકાર કહે છે, અમારો આ નવીન પ્રબંધ સજ્જનોના પ્રભાવથી વિખ્યાત થાય, એવી અમારી ઇચ્છા છે, કારણ કે, અમારી પ્રવૃત્તિ હિત કરવામાં છે, વળી તે સજ્જનોનો એવો સ્વભાવ છે કે, તેઓ ગુણોનો ઉલ્લાસ પોતાની કાંતિથી કરે છે, તેમાં પરની અપેક્ષા રાખતા નથી. ૧૪

ગ્રંથકાર પોતાના ગુરૂની પ્રશંસા કરે છે.

यत्कीर्त्तिस्फूर्त्तिगानावहितसुरवधूवृंदकोलाहलेन
प्रक्षुब्धस्वर्गसेतोः पतितजलभरैः क्षालितः शैत्यमेति ।
अश्रांतभ्रांतकांतग्रहणसुकिरणैस्तापवान् स्वर्णशैलो
व्राजंते ते मुनींद्रा नयविजय बुधाः सज्जनव्रातधुर्याः ॥१५॥

ભાવાર્થ—અશ્રાંતપણે ભમેલા સૂર્ય તથા ગ્રહોના કિરણોવડે તપી ગયેલો મેરૂ પર્વત જેમની કીર્ત્તિના સ્ફુરણના ગાનમાં તત્પર એવી દેવીઓના વૃંદના કોલાહલવડે ક્ષોભ પામેલ સ્વર્ગની ગંગાના પડી ગયેલા જળના ભારવડે ધોવાઇને શીતળ થાય છે, તે સજ્જનોના સમૂહમાં અગ્રેસર એવા નયવિજય મુનીંદ્રો પ્રકાશે છે. ૧૫

વિશેષાર્થ—આ ગ્રંથથી ગ્રંથકાર શ્રી યશોવિજયજી ઉપાધ્યાય પોતાના ગુરૂ શ્રી નયવિજયજીની પ્રશંસા કરે છે. મુનીંદ્ર નયવિજયજી એવા શોભે છે કે, જેમની કીર્ત્તિને દેવતાઓની સ્ત્રીઓ ઊંચે સ્વરે ગાય છે, તે ગાયનનો એટલો બધો કોલાહલ થાય છે કે, જેથી સ્વર્ગની ગંગા ક્ષોભ પામે છે, અને તેમાંથી જળની ધારાઓ પડે છે; તે પડવાથી સૂર્ય તથા ગ્રહોનાં કિરણોથી તપી ગયેલો મેરૂપર્વત શીતળ થઇ જાય છે. અર્થાત્ તે ગુરૂની એવી ભારે કીર્ત્તિ છે. ૧૫

આ અધ્યાત્મસાર પ્રકરણ સજ્જનોને આનંદકારક થાઓ.

चक्रे प्रकरणमेतत्तत्पदसेवापरो यशोविजयः ।
अध्यात्मधृतरुचीनामिदमानंदावहं भवतु ॥ १६ ॥

ભાવાર્થ—તે મુનિ નયવિજયજીના ચરણની સેવામાં તત્પર એવા શ્રી યશોવિજયજીએ આ અધ્યાત્મસાર પ્રકરણ રચેલું છે. તે અધ્યાત્મ ઊપર પ્રીતિ ધરનારા પુરૂષોને આનંદકારક થાએા. ૧૬

વિશેષાર્થ—તે મુનિ નયવિજયજીના ચરણની સેવામાં તત્પર એવા આ ગ્રંથકાર યશોવિજયજીએ આ અધ્યાત્મસાર પ્રકરણ રચેલું છે. તે અધ્યાત્મ વિદ્યા ઊપર રૂચિ ધરાવનારા પુરૂષોને આનંદકારક થાએા. એટલે આ અધ્યાત્મસાર ગ્રંથ અધ્યાત્મ વિદ્યા ઊપર પ્રીતિ ધરનારા પુરૂષોને ઊપયોગી છે. આ ગ્રંથના અધિકારી તેએાજ છે. માટે તેમને આ ગ્રંથ વાંચવાથી આનંદ પ્રાપ્ત થશે. માટે આ ગ્રંથ તેમનેજ આનંદકારક થાએા, એમ ગ્રંથકાર વાચકોને આશીષ આપે છે. ૧૬

इति सप्तम प्रबंधः समाप्तः

इति महोपाध्याय श्री कल्याणविजयजी शिष्य मुख्य
पंडित श्री लाभविजयजीगणि शिष्य मुख्य पंडित
श्री जितविजयजीगणि तच्छिष्य मुख्य पंडित
श्री नयविजयजीगणि चरण कमल चंचरी-
केण पंडित श्री पद्मविजयगणि सहोदरेण
पंडित श्री यशोविजयेन विरचिते
अध्यात्मसारःसमाप्तः

